:: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૮ | ૨૫ | **'શ્રી સમરાઈચ્ચ કહા'** | ૧ |
| ૨. | ૮ | ૨૭ | લોભ ત્યજવા સદ્‌વિચારના આલંબન કરો | ૧૫ |
| ૩. | ૮ | ૨૭ | ધનકુમાર શ્રાવસ્તીના નાકે | ૧૭ |
| ૪. | ૮ | ૨૭ | જૂઠને ચોરીના નુકશાન | ૨૦ |
| ૫. | ૮ | ૨૮ | ભાગ્ય જીવની સામે હસે છે | ૨૩ |
| ૬. | ૮ | ૨૮ | ધનકુમારની જડતી | ૩૦ |
| ૭. | ૮ | ૨૯ | ગુણિયલતા બિન શરતે | ૩૨ |
| ૮. | ૮ | ૩૦ | ગુણનો દુકાળ અને પુણ્યની દુર્બળતા | ૪૧ |
| ૯. | ૮ | ૩૧ | કલુષિત મનને ધર્મ નીરસ લાગે છે | ૫૧ |
| ૧૦. | ૮ | ૩૨ | જીવનમાં ઘૂંટવાના ૩ મહાન કર્તવ્ય | ૫૮ |
| ૧૧. | ૮ | ૩૨ | ઈષ્ટદેવનું સ્મરણ | ૬૦ |
| ૧૨. | ૮ | ૩૨ | વિષયરાગ ત્યજો | ૬૧ |
| ૧૩. | ૮ | ૩૩ | ત્રીજું કર્તવ્ય ધર્મ સ્વીકાર | ૬૬ |
| ૧૪. | ૮ | ૩૩ | ભક્તિ-ઉદારતાની કલ્પના | ૭૨ |
| ૧૫. | ૮ | ૩૪ | પુણ્યનો ચમત્કાર | ૭૫ |
| ૧૬. | ૮ | ૩૫ | ભક્તિભરી વિચારણા | ૮૧ |
| ૧૭. | ૮ | ૩૫ | નવકાર મહામંત્ર | ૮૬ |
| ૧૮. | ૮ | ૩૬ | ચંડાળનું ભવ્ય ઈચ્છિત | ૯૨ |
| ૧૯. | ૮ | ૩૬ | પરિહિતચિંતાના બે મોટા લાભ | ૯૬ |
| ૨૦. | ૮ | ૩૭ | સુકૃતનું રોકડું ફળ | ૧૦૪ |
| ૨૧. | ૮ | ૩૮ | મૈત્રી આદિ ભાવનારૂપી રત્નો | ૧૦૯ |
| ૨૨. | ૮ | ૩૮ | નવકારમંત્રની રટણા એક મહારત્ન | ૧૧૦ |
| ૨૩. | ૮ | ૪૧ | સંવાદિતાના લાભ | ૧૨૩ |
| ૨૪. | ૮ | ૪૧ | આત્મામાં કયા કયા રોગ ? | ૧૨૯ |
| ૨૫. | ૮ | ૪૨ | માનવભવ કિંમતી અનેક કારણે | ૧૩૦ |
| ૨૬. | ૮ | ૪૨ | પરિવ્રાજકનો પરિચય | ૧૩૬ |
| ૨૭. | ૮ | ૪૩ | પરભવમાંથી છૂટવા શું કરવું ? | ૧૪૫ |
| ૨૮. | ૮ | ૪૪ | સ્વાર્થાંધતા ટાળવા પરાર્થરસિકતા | ૧૪૯ |
| ૨૯. | ૮ | ૪૬ | જ્ઞાની પાસેથી કયા રત્નો મળે ? | ૧૬૧ |
| ૩૦. | ૯ | ૧ | સહજ ઈચ્છા એટલે ? | ૧૬૫ |
| ૩૧. | ૯ | ૨ | નિષ્ઠુરતાની ઓળખ | ૧૭૨ |
| ૩૨. | ૯ | ૩ | મનુષ્ય ભવ ગુમાવ્યો, એટલે શું ગુમાવ્યું ? | ૧૭૫ |
| ૩૩. | ૯ | ૩ | વ્યાખ્યાન શા માટે સાંભળો છો ? | ૧૭૯ |
| ૩૪. | ૯ | ૫ | ધનકુમારનો છૂટકારો | ૧૯૧ |
| ૩૫. | ૯ | ૫ | સુખ-દુઃખના વારંવાર પલટા કેમ ? | ૧૯૫ |
| ૩૬. | ૯ | ૬ | ધનને રત્નકંઠી પર વિચાર | ૧૯૭ |
| ૩૭. | ૯ | ૮ | મહાત્મા યશોધરની વિશેષતાઓ | ૨૧૦ |
| ૩૮. | ૯ | ૮ | ધર્મોપકરણ એ પરિગ્રહ કેમ નહિ ? | ૨૧૧ |
| ૩૯. | ૯ | ૯ | સંસાર એ ઉદ્વેગનું કુલઘર | ૨૧૮ |
| ૪૦. | ૯ | ૧૦ | વૈરાગ્ય ક્યાં જોઈએ ? | ૨૨૭ |
| ૪૧. | ૯ | ૧૦ | યશોધર મુનિની આત્મકથા | ૨૨૮ |
| ૪૨. | ૯ | ૧૧ | જીવનકર્તવ્ય | ૨૪૨ |
| ૪૩. | ૯ | ૧૨ | અનુમોદના અને પ્રાર્થનાનું શું એવું મહત્ત્વ છે ? | ૨૪૪ |
| ૪૪. | ૯ | ૧૨ | સ્ત્રી જાતિની વિવિધ ઓળખ | ૨૫૨ |
| ૪૫. | ૯ | ૧૬ | સુરેન્દ્રદત્ત મંત્રીઓને દીક્ષાનું કહે છે | ૨૬૭ |
| ૪૬. | ૯ | ૧૭ | આજની હિંસા | ૨૭૩ |
| ૪૭. | ૯ | ૧૭ | શાંતિકર્મ સાચું કયું ? | ૨૭૯ |
| ૪૮. | ૯ | ૧૯ | ધર્મપ્રવૃત્તિની જીવન પર અસર | ૨૯૬ |
| ૪૯ | - | - | વાચના-પ્રબોધ | ૩૦૮ |

# 'શ્રી સમરાઈચ્ચ કહા'

**કયા વીમાનું પ્રિમિયમ ભરી રહ્યા ? :-**

દુનિયા સામું જોઈ રહ્યે ધર્મ સાધવાની પ્રેરણા નહિ મળે. દુનિયા તો સારાસારીમાં લહેર કરી લેનારી છે; તપ, જપ, ને ધર્મનાં કષ્ટ કરનારને આશ્ચર્યથી જોનારી છે. જો એ પૂછે કે 'આમ કેમ ?' તો કહેજો, 'અરે ! આ તો હું જરા વીમો ઊતરાવું છું ! જેવો વીમો ઊતરાવ્યો હોય તેવું મળે !' કહો તો, કયા વીમાનું પ્રીમિઅમ્ ભરી રહ્યા છો ? સદ્‌ગતિના વિમાનું કે દુર્ગતિના ? આ જીવને સુખનો કાળ આશ્ચર્યનો કાળ છે ! થોડો પણ સ્વાધીનતાનો કાળ તે આશ્ચર્યનો ! કેમકે વિધિ હંમેશા જાણે ચોંટ ધરી બેઠું છે કે આબાદીવાળાની બરબાદી, ને સ્વતંત્રને ભયંકર પરતંત્ર કરવા ! સુખના કોળિયા ઝૂંટવી લઈને દુઃખના પહાડ વરસાવી દેવા ! આવું વિધિ છે. આ સાવધાનીમાં હજુ વિધિનો અવળો પંજો પડ્યો નથી એ આશ્ચર્ય છે. હવે જો વિવિધ ધર્મ સાધી લેતા નથી તો સરાસર મૂઢ અજ્ઞાન દશા ગણાશે. જો દેવ-ગુરુની કૃપામય વાણીને જીવનમાં ઉતારીને ભવિષ્યને સદ્ધર બનાવીએ, તો જ સજ્ઞાન દશા ગણાય.

**ધર્મ ક્યારે કરવાનો અને શા માટે કરવાનો ?**

આ પ્રશ્નના સાચા ઉત્તરને દિલમાં ખૂબ જ રમતો-ઊછળતો કરી દેવાનો છે. સાચો ઉત્તર એટલે કે વસ્તુસ્થિતિનો દર્શક ઉત્તર આ છે કે-

ધર્મ તો હંમેશા જ કરવાનો છે, પણ સુખના કાળમાં વિશેષ કરી લેવાનો છે. ધર્મ શા માટે કરવાનો ? ભવિષ્યમાં દૈવનું નખરું ખડું થાય, દેવનો પ્રકોપ જાગે, ત્યારે આત્માની સ્થિતિ સદ્ધર રહે એ માટે; અને ધર્મ વધતાં વધતાં દૈવથી સદાનો છૂટકારો મળે એ સારું ધર્મ કરવાનો.

જંબૂકુમારે નવાણું ક્રોડ સૌનેયાને છોડી દીધા છે પલકારામાં ! એવી વાત સાંભળનાર અમે જો ચારિત્રની વાત આવતા ભડકીએ છીએ, તો ખ્યાલમાં આવે છે કે ધર્મ ક્યારે કરવાનો માન્યો ? સંયમ મનુષ્ય-જીવન સિવાય બીજે ક્યાંય મળવાનું છે ? જરા વિચારવાની જરૂર છે કે જે સંયોગ અને પરિસ્થિતિમાં ઊભા છો, તે સ્થિતિ ને સંયોગો કેવા મહાસરસ છે ! તેની કલ્પના નથી માટે ખોટાં રોદણાં છે, જોગી સલાહ આપે છે !



**ઘરવાસ=કલેશ+શ્રમ** ''આ ભાગ્ય હંમેશાં સાવધાન છે ! શેમાં ? ચઢેલાને નીચે પાડવામાં ! લક્ષ્મી મહા ચંચળ છે ! ઊભી ન રહે તેવી છે ! માટે તારે બહુ શોક કરવા જેવો નથી, કેમકે તારી પાસે જે સુખ હતું તે વિધિની ગફતલમાં એક આશ્ચર્ય હતું, અને ચંચળ જ સ્વભાવનું હતું. પણ આમાંથી માપી લેવા જેવું છે કે ઘરવાસ કેટલો બધો કલેશ, દુઃખ, અને મજૂરીથી ભરેલો છે કે તારા જેવા કલ્પવૃક્ષસમા ગૃહસ્થને પણ આ દિવસો જોવાના આવ્યા ! સ્વાર્થી હોય, કૃપણ હોય, કંઈકનું લૂંટનારો હોય, તેવાનું અવસરે બધું સાફ થઈ જાય, તો લોકોને લાગે કે આ કંઈ અજુગતું નથી થયું; બન્યું છે તે એના પાપે બન્યું છે ! પણ તું તો પરોપકાર કરવામાં ખડે પગે તૈયાર ! ને તારી આ સ્થિતિ ? પણ ના, આશ્ચર્ય નથી, ગમે તેવો તું પરોપકારી સજ્જન, પણ રહેલો તો ઘરવાસમાં ને ? બસ, સમજાય છે કે ઘરવાસ એટલે દુઃખ અને મજૂરી જ ? એ સિવાય બીજું જોવા મળે નહિ.''

સામાને કડવું લાગે નહિ ને જોરદાર પ્રેરણા મળે તેવી એની વાણી છે. તો તમે કહેશો કે 'એ કહેનારો જોગી છે, માટે એને એ બોલતાં આવડે છે. એ પણ જો ઘરબારી હોત તો જોઈ લેત.' ના, ઘરબારી ય નિર્મળ વિવેકભરી દૃષ્ટિથી જુએ તો આ જ સમજાય કે ઘરવાસ કલેશ અને મજૂરીથી ભરેલો છે. એને છોડતાં નથી એ વાત જુદી, પણ હકીકત તો એ જ છે ને ? ઘરવાસમાં મધુબિંદુ જેવા સુખ જોતાં હશો પણ તેની સાથે દુઃખ અને મજૂરીનાં ભારે સંમિશ્રણો ભેગાં થયેલાં છે ! બીજું દૈવ ગુસ્સે થઈને બેઠું હોય ત્યાં જીવનની ઉન્નતિ ક્યાંથી ટકે ? જેને આ ભાન નથી હોતું કે ઘરવાસ એટલે દુઃખ અને મજૂરી, એ ઘરવાસમાં રહ્યો છતાં નઘરોળની જેમ ઊંઘે છે ! તેથી જ એને ધર્મમાં ઉલ્લાસ ઊછળતો નથી ! નહિતર તો કદાચ ચારિત્ર સુધી ન પહોંચે પણ ઘરમાંય ધર્મ-જાગૃતિ અવલ કોટિની હોય ! શા માટે ? એટલા જ માટે કે જે ઘરવાસ લઈને બેઠો છું તેમાં અમારો આત્મા ઠરતો નથી ! તો જ્યાં આત્મા ઠરે તેનો ઉપયોગ કેમ ન કરવો ? તપાસો જીવ ઠરે છે ક્યાં ? નવકારવાલીમાં કે બજારમાં ? શેઠ સાહેબ કહેનાર મળે ત્યાં, કે અમારા જેવા કહે કચરાઈ રહ્યા છો ત્યાં ? પૈસા મળવામાં કે પરમાત્મા મળવામાં ? ક્યાં ઠરે છે ?

જમે-ઉધાર ઊંધા જ માંડે ત્યાં કંપનીનું દેવાળું જ નીકળે કે બીજું કાંઈ ? જ્યાં ઠરવાનું છે ત્યાં ઠરો નહિ, અને જ્યાં આકુળવ્યાકુળ અને ઊભગેલા થવાનું છે ત્યાં ઠરીઠામ બેસો, શાંતિ અને નિશ્ચિન્તતા અનુભવો, એનો અર્થ તો એ જ ને કે લાવેલું પુણ્ય બધું સાફ કરી નાખવાનું અને પાપ ભરી લેવાનું ?

**ધર્મ ક્યારે ગમે ? :-**

તપ કરવો કેમ નથી ગમતો ! ખાનપાનમાં જીવ ઠરે છે માટે ! ત્યાં અકળામણ થાય તો તપમાં દોડીને જવાનું મન થાય. દાનમાં બે પૈસા ખર્ચવામાં અકળામણ કેમ છે ? કેમકે પૈસાથી રંગરાગ ઉડાડવામાં જીવ ઠરે છે, તેથી દાનમાં ઠરવાની વાત આ જીવનમાં નહિ ! જે જન્મારે પરિગ્રહમાં ઠરવાની વાત છે તે જન્મારે દાનમાં ઠરવાની વાત કેવી ? જે કાળમાં કુટુંબ પરિવારમાં આત્મા ઠરે છે, તે કાળમાં ચતુર્વિધ સંઘમાં આત્મા ઠરે તે વાત કેવી ? કહો ને, કે અમારે તો બંને ઠેકાણે અમારું દિલ ઠરે છે ! એટલે પુત્રનું અને સાધર્મિકનું ગજવું ભરી દઈએ છીએ ! કેમ ખરું ને ? પછી પુત્રનું નોટોથી ભરે, અને સાધર્મિકનું ટોણાંથી ભરે તો વાંધો નહિ ! ટોણાંથી નહિ તો અરુચિથી !

**ધીરતાનું મહત્ત્વ :- જે ઘરવાસ કેવળ મજૂરી ને દુઃખથી ભરેલો છે ત્યાં આત્મા જ્યાં સુધી આકુળ-વ્યાકુળ નહિ થાય, ત્યાંસુધી ધર્મની વાતમાં ઠરી શકશે નહિ.** જોગીના બોલ ગોખી રાખવા જેવા છે, આપત્તિના અવસરે બરાબર ધીર બનાવી શકે તેવા છે ! ત્યારે મહત્ત્વ પણ ધીરતાનું છે. આપત્તિ કાંઈ આવી એવી જાય એમ નથી હોતી. એકલી જાતમાં શું. આખી દુનિયામાં જુઓ તો આ દેખાશે કે આપત્તિઓ કેટલી સહેલાઈથી આવે છે, ને દૃઢતાથી ટકે છે. માત્ર એમાં ધીરતા રાખો એનું મહત્ત્વ છે. ધીરને આપત્તિ સંતાપતી નથી. જોગીનો કહેવાનો ભાવ એ છે કે 'હું ચઢેલો હતો અત્યારે પડ્યો છું' એ નસીબનું નખરું છે ! 'પણ અમે આવા દુનિયા તરફ ભલા, ને અમારા પર આવું દુઃખ વરસે ?' આ દલીલની સામે વિચાર કે તું ગમે તેવો ગુણિયલ હોય, ને ભલો પણ હોય, છતાં તું રહ્યો છું ક્યાં ?' સંસારી જીવનમાં ને ? બસ, સંસારી જીવન એટલે કષ્ટ અને મજૂરીનું ઘર ! ગુણિયલ હતો તે સારું, પણ જેટલી સુખની આશાથી સાંસારિક મહેનત તું કરે તેના શીરપાવમાં અંતે સંસાર કલેશ અને દુઃખના સિવાય બીજું કંઈ જ ન દેખાડે ! તું પરોપકારમાં રક્ત કલ્પવૃક્ષ જેવો ! તે તારી આ દશા થાય તેમાં આશ્ચર્ય ન કર.

**ધીર બનવા બીજો વિચાર ? :-**

જોગી કહે છે, 'જો, દુનિયામાં અમાસના દહાડે તદ્દન ક્ષીણ થયેલો ચંદ્રમા તે પાછો પૂનમના દહાડે ક્યાં પૂર્ણ નથી થતો ? માટે ચિંતા ન કરીશ. જગતમાં સમ-વિષમ સ્થિતિ ચાલ્યા જ કરે છે ! ઓટમાં ગયેલો સમુદ્ર ભરતી પામે છે ! સુકાયેલાં વૃક્ષો વસંતઋતુમાં ભરપૂર પાનથી સમૃદ્ધ બને છે. એમ તારે પણ હાલ જે પડતી દશા છે તે કાંઈ બેસી રહેવાની નથી. એ ય પલટાશે. 'પણ મને આવી



અવદશા આવી જ કેમ ?'- એવું મનને ઓછું લાવવા જેવું નથી; એવો વિચાર કરવા જેવો નથી, કેમકે મોટા દેવતાઓને પણ વિષમ દશા અને કષ્ટ આવે છે ! તો પછી મૃત્યુલોકવાસીની તો શું ગણત્રી ? માટે કોઈ સંતાપ ન કરીશ.

**મહાપુરુષ કોણ ? :-** જો, આપત્તિ એ નવાઈની જ્યારે વસ્તુ નથી, ત્યારે ધ્યાન એટલું જ રાખવાનું કે એ અવસરે આપણે ઉત્તમ પુરુષની કોટિમાં આવીએ, અધમ કોટિમાં નહિ ! જે આત્માઓ આપત્તિમાં વજ્ર જેવા કઠણ બને છે, તે મહાપુરુષ ગણાય છે. જે રોતડ, આકુળવ્યાકુળ અને નબળા બને છે તે તો પ્રાકૃત જન ગણાય ! તો તારે અત્યારે વજ્ર જેવું હૃદય બનાવવાનું છે. આપણું દિલ જો કાબૂમાં, તો બધું જ આપણી પાસે છે; પણ દિલ જો કાબૂમાં નથી તો જગત બધું પાસે છતાં કંઈ નથી ! બહારનું બધું છે, પણ દિલ સ્વસ્થ નથી, દિલમાં ભય, શોક, આકુળતા છે, તો બહારનું મળેલું શું કરવાનું ? ગમે તેવી આપત્તિ વખતે હૈયું કઠિન કરો, આપત્તિથી પીગળી ન જાઓ. તમારા આત્માના ઓજસ આગળ આપત્તિને મહત્ત્વની ન બનવા દો. સોનું ભડભડતા અગ્નિમાં ઝીકાય છે, પણ ત્યાં પોતાના તેજને જરાય ઝાંખુ નથી પડવા દેતું. તેમ **મહાપુરુષનું આત્મતેજ આપત્તિમાં પણ ઝગમગતું રહે છે.** આપત્તિ કઈ મોટી ચીજ છે કે જે અમને તેજહીન બનાવે ?-એવી આપત્તિની પ્રત્યે અવગણના જોઈએ.

**યોગ અને ભોગ :-**

જોગીનું આશ્વાસન વિચારતા જજો. એક વખતનો જુગારી, અને દીનહીનપણે ધનકુમાર પાસે આવેલો, એ હવે જોગી બન્યા પછી કેટલો વિવેકી બની ગયો છે ! કેવી તત્ત્વદૃષ્ટિવાળો થયો છે !

**જોગ એટલે યોગ; એ ચીજ જ એવી છે કે જે તત્ત્વદૃષ્ટિમાં રમાડે. ત્યારે ભોગ અજ્ઞાન દૃષ્ટિમાં ડૂબાડૂબ રાખે છે.** ભોગી એટલે કે ભોગમાં બેઠેલા છતાં હૃદય જો જોગનું, જોગીનું બનાવતાં આવડે તો તત્ત્વદૃષ્ટિનો રંગ આવી શકે. મૂળમાં વાત આ, કે આત્માની ભાવશત્રુ એવી જે ઈન્દ્રિયો, એના સુંવાળા ભોગમાં અનુકૂળતા નહિ પણ પ્રતિકૂળતા માનવાની છે. એનો પક્ષપાત નથી કરવાનો, પણ એને તુચ્છ ગણવાના છે. મનને નિશ્ચિત બનાવી દેવું જોઈએ કે 'ભાવશત્રુભૂત ઈન્દ્રિયોના ઈષ્ટ ભોગને તો પશુ બહુ માને, માનવ નહિ. માનવ તો એને તુચ્છ ગણે. માટે હું એની કોઈ કિંમત આંકું નહિ.'

મહેશ્વરદત્ત જોગીનું પરિવર્તન તો હજીય ઊંચી વિચારસરણી કરાવનારું બન્યું છે. આર્યદેશની આધ્યાત્મિકતાનો પ્રભાવ કરાવનારું બન્યું છે. આર્યદેશની આધ્યાત્મિકતાનો આ પ્રભાવ છે કે આત્માને ઊંચી ઊંચી સાત્ત્વિક પ્રેરણા અને

સત્ત્વખીલવણી આવે છે. આત્મા છે, કર્મ છે, પુરુષાર્થનું બળ છે, વગેરે સિદ્ધ હકીકતો ઉપર આધ્યાત્મિક ઉપદેશ ચાલે છે. ધનકુમારને અત્યાર સુધી જોગીએ જે કહ્યું તે સામાન્ય જીવને પણ ગ્રાહ્ય થાય તેવું કહ્યું. હવે જરા ઊંચી ફિલસૂફી બતાવે છે ! ઊંચી કોટિના જીવને ઊંચીકક્ષા બતાવવાની હોય. કેવી ઊંચી કક્ષા ? 'દુઃખ આવ્યું છે, ભાઈ ! શાંતિથી સહન કરો,- આ તો સામાન્ય જીવ પણ કરે. ઊંચા જીવે આગળ વધવાનું છે, આટલેથી બેસી રહેવાનું નથી ! આગળની કક્ષા કેવી છે ? દુઃખ આવ્યું છે ? બહુ આનંદ-હર્ષની વાત ! માટે શાંતિ રાખો તેટલું જ નહિ પણ ખુશી માનો. દુઃખ અળખામણું લાગે છે તે વાત હૈયામાં ઊભી થવા ન દો.

પણ આ શી રીતે બને ? વહાણમાંથી પત્નીએ ફેંકી દીધો. વહાણ ગયેથી બધું ગયું ! ત્યાં માત્ર શાંતિ રાખવાની નહિ, પણ ખુશી ? 'હા, જે થયું તે બરાબર છે.' એની ચાવી હવે બતાવે છે. પાપનો ભય રાખીને પણ શાંતિ તો રાખી શકાય, 'બહુ આકુળવ્યાકુળ થઈશું તો પાપ બંધાશે ! કર્મ આપણે કર્યા છે માટે ભોગવો. ! પણ આ તો આગળ ઓજસ્ ખીલવવાની વાત કરે છે.' એ કહે છે કે આપત્તિના કાળમાં, જે મહાપુરુષ તરીકે છે, તે આત્માઓ વજ્ર જેવા કઠણ હૃદયવાળા છે. એટલા માટે એ સમજે છે કે આપદા તો ઉપકારિણી છે !

**આપત્તિ ઉપકારિણી શી રીતે ? :-**

એનું કારણ એ છે કે આપત્તિ આવે ત્યારે એ સમજવાનો અવસર મળે છે ખરેખર

(૧) કોણ સજ્જન છે, અને કોણ અસજ્જન છે;

(૨) કોણ અનુરાગી છે ને કોણ નથી;

(૩) આપણાં નસીબ કેવાં છે; અને

(૪) મહત્ત્વની વાત તો એ છે કે આપત્તિ વખતે અંદરમાં ગુપ્ત-સુષુપ્ત રહેલો પુરુષાર્થ પરાક્રમ બહાર વિકસી ઊઠે છે.

તાત્ત્વિક સમજુતી અને પરાક્રમ જગાવી આપનાર આપત્તિએ તો આત્મા પર અપકાર નહિ, બગાડવાનું નહિ, પણ ઉપકાર કર્યો, લાભ કરી આપ્યો. ફક્ત એનું તત્ત્વ સમજતાં આવડવું જોઈએ.

**તત્ત્વજ્ઞાનની આ મહાન ઉપયોગિતા છે કે નુકસાનમાં જતી વસ્તુને લાભમાં ઉતારી આપે.** માટે જ માનવભવમાં તત્ત્વજ્ઞાન તો ખાસ મેળવતાં ચાલવું જોઈએ. અહીં મળેલી બુદ્ધિ શક્તિનું આ ખરેખરું કર્તવ્ય છે. બુદ્ધિથી પૈસા ઊભા કરશો, પ્રતિષ્ઠા જમાવશો, સત્તા અજમાવશો, પણ સમજી રાખો કે એ બધું વિનશ્વર, સંતાપવર્ધક, ગુણરોધક અને દોષપોષક હોઈ સરવાળે સ્વાત્માના લાભમાં નહિ,



નુકસાનમાં ઊતરનાર છે. ત્યારે તત્ત્વજ્ઞાન આત્માને અને બીજાને પણ નીતરતો લાભ કરાવે છે. એથી મન ફોરું-ફૂલ ને પવિત્ર બનતું આવે છે.

જોગી મહેશ્વરદત્ત આ તત્ત્વજ્ઞાન આપે છે કે આપત્તિ તો ઉપકાર કરનારી છે, ગુણ કરનારી છે, માટે એ ન ગમતી હોય તો પણ એને કડવી દવા અને ફિક્કા લાગતા મગના પાણી જેવી સમજવાની છે. આ ગોખી રાખવા જેવું છે કે,

**આપત્તિ એટલે કડવી દવા :-**

**આપત્તિ આપણા પર કડવી દવાની જેમ ઉપકાર કરનારી છે.** પણ જેવી રીતે અજ્ઞાન છોકરું, દવા કડવી છે તેથી મોં બગાડીને દવા ટાળવા લાતાલાતી કરે છે, કેમકે તેને દવાના ગુણની ખબર નથી, એમ આપણા પર આપત્તિ આવે, દુઃખ આવે, પરંતુ જો તેના ગુણની ખબર નથી તો આપત્તિ ટાળવા ભારે મથીએ છીએ. હજીય મોં બગડે પણ દવા ઢોળફોળ વિના પી જાય તો છોકરો સમજુ ગણાય છે. એમ આપણે સમજુ હોઈએ તો મોઢું બગાડીએ તે વાત જુદી, પરંતુ આપત્તિ વધાવી તો લઈએ ને ? એના ગુણને, એના ઉપકારને સમજીને વધાવવાની છે. શું ઉપકાર છે ત્યારે આપદાનો ? આ વિચારવાનું છે.

આપત્તિના કાળમાં જેના પર આપત્તિ આવી તેને, બીજા આત્મા સજ્જન છે કે નહિ, તેનું માપ જડે છે. આપત્તિવાળા પ્રત્યે એ લોકોના વાણી વર્તાવ પહેલાં જેવા છે કે જુદા, એ જોવાથી કયાસ નીકળે છે. ઉપરાંત વિશેષ એ જુઓ કે પોતાની સજ્જનતા અસજ્જનતાનું પણ માપ નીકળે છે.

**પ્રભુ કલ્યાણકર શાથી ? આપત્તિમાં પોતે સારો બન્યો રહે તો, પોતે સજ્જન ગણાય.** પ્રભુને કેમ યાદ કરીએ છીએ ? '**પાર્શ્વનાથઃ શ્રિયેઽસ્તુ વ :**-પ્રભુ કલ્યાણ માટે હો' કેમ વારુ ? એટલા જ માટે કે '**પ્રભુસ્તુલ્યમનોવૃત્તિઃ**'- પ્રભુ ભક્ત કે વૈરી પર તુલ્ય મનોવૃત્તિવાળા છે. માટે તે તમારું કલ્યાણ કરો ! પણ જો તુલ્ય વૃત્તિવાળા ન હોત તો કલ્યાણ કરી શકે ? દુશ્મન કે ભક્ત પર ન રોષ ન તોષ, આવી તુલ્ય વૃત્તિવાળા ન હોય, તે દેવ બીજાનું કલ્યાણ કરી શકે નહિ. ક્યાંક બીજાનું કલ્યાણ થઈ જતું હોય તો તે પોતાની યોગ્યતાની રૂએ. ભગવાનને કલ્યાણ કરનારા માનીએ છીએ તે, ભગવાન દુશ્મન અને ભક્ત પર તુલ્ય વૃત્તિવાળા છે માટે. તુલ્ય વૃત્તિવાળા ક્યાં ? ચંડકોશિયો સાપ વીરપ્રભુને પગે ડસે છે. કમઠ તાપસદેવ બનીને પાર્શ્વપ્રભુ પર ઘોર ઉપસર્ગ કરે છે, છતાં પ્રભુ એની પ્રત્યે ભક્તના જેવી મનોવૃત્તિવાળા છે. એના તરફથી ઘોર આપત્તિ આવવા છતાં પોતાની સજ્જનતા, ઉત્તમતા છોડવાની વાત નથી. ઉત્તમતા આ કે કોઈના પર રોષ નહિ, તોષ નહિ, પણ ઉદાસીન ભાવ.

**વીતરાગ શી રીતે કલ્યાણ કરે ? :-**

વીતરાગ જિનેશ્વર ભગવાનની આ ખૂબી છે કે એમને ભક્ત પર આકર્ષણની વૃત્તિ નથી, અને દુશ્મન ઉપર ઈતરાજી, દ્વેષની વૃત્તિ નથી, છતાં ભક્તનું પાછું કલ્યાણ કરનારા એ છે ! વિરોધાભાસ જેવું લાગે છે ને આ ? પ્રશ્ન થશે કે ભક્ત ઉપર રાજીપાની મનોવૃત્તિવાળા નથી તો એનું જ કલ્યાણ કરનારા અને દુશ્મનનું કલ્યાણ કરનારા નહિ, એ શી રીતે ? પણ વ્યવહારમાં જુઓ, અગ્નિ કોઈના ઉપર રાજીપો કે નારાજી કરતું નથી, કેમકે એ જડ છે. છતાં એનું ટાઢમાં વિધિપૂર્વક સેવન કરનારને એ ગરમાવો આપે છે, તેમ રસોઈમાં હેતુભૂત બને છે. એમ, ચિંતામણિ કે કલ્પવૃક્ષ કોના ઉપર ખુશી-નાખુશી ધરાવતા નથી, છતાં એના ઉપાસકને સુખ આપે છે; ઉપાસના ન કરે તેને નહિ, એમ વીતરાગ તીર્થંકર પ્રભુ રાગ-દ્વેષ ન કરવા છતાં ઉપાસકનું કલ્યાણ કરનારા છે. અહીં પ્રશ્ન ઊઠે છે-

**પ્ર.**- વીતરાગ તો કશું કરે નહિ પછી એ કલ્યાણ કરનારા શી રીતે ? કલ્યાણ તો ઉપાસકની ઉપાસનાથી થતું કહેવાય ને ? વીતરાગે શી રીતે કલ્યાણ કર્યું ?

**ઉ.**- આ પ્રશ્ન ઘણાને મૂંઝવે છે પરંતુ અહીં જુઓ કે બે વસ્તુ છે, એક ઉપાસનાની ક્રિયા, અને બીજી વસ્તુ જેની ઉપાસના કરાય છે, તે ઉપાસનાના વિષયભૂત વીતરાગ પરમાત્મા. હવે આ બેમાં વિશેષતા કોની છે એ તપાસો.

**તમારી ઉપાસનાનું મહત્ત્વ છે ? કે ઉપાસ્ય દેવાધિદેવનું મહત્ત્વ છે ? અથવા બે ય સમાન છે ?**

ઉપાસના અને દેવ, બે સમાન છે એમ કહેતા નહિ; નહિતર ઉપાસના એટલે શું ? આપણી જ એક અવસ્થા ને ? અર્થાત્ આપણે. તો આપણે શું દેવાધિદેવના સમાન મહત્ત્વવાળા છીએ ? ના, દેવાધિદેવ ક્યાં, અને આપણે ક્યાં ?

બીજી રીતે જુઓ કે ઉપાસનાનું મહત્ત્વ હોય તો તે ગમે તે દેવને ભજી લઈએ રાગી-દ્વેષીને અને અજ્ઞાન મોહમૂઢને ભજી લઈએ, કેમ કલ્યાણ થતું નથી ? ન થાય. એવાની ગમે તેટલી તમે કડક કષ્ટમય ઉપાસના કરો ને કલ્યાણ ન થઈ શકે, વીતરાગ અરિહંતને ભજો, તો જ કલ્યાણ થાય. એ સૂચવે છે કે કલ્યાણ શ્રી વીતરાગ પ્રભુ કરે છે. કલ્યાણ થવામાં મહત્ત્વ વીતરાગ પ્રભુનું મુખ્ય છે, ઉપાસનાનું તો ગૌણ. અગ્નિ પાસે બેસીને તાપો. એમાં ગરમી-હૂંફ મળી તે અગ્નિના પ્રભાવે. ચિંતામણિ-કલ્પવૃક્ષની ઉપાસનાથી મન માન્યું મળે એ ચિંતામણિ અને કલ્પવૃક્ષે આપ્યું કહેવાય, ઉપાસનાએ નહિ.

વળી એ પણ વાત છે કે ગુણિયલ આત્મા કૃતજ્ઞ હોય છે. એ પોતાની



હોશિયારી ન જોતાં સામાનો ઉપકાર જુએ છે, સામાની દયા, સામાનો પ્રભાવ માને છે. એથી ય ઉપાસનાનો આપણો પુરુષાર્થ છતાં ઉપાસ્ય અરિહંત પરમાત્માનો ઉપકાર અને પ્રભાવ માનીએ એ આપણી કૃતજ્ઞતા છે. જો આ કૃતજ્ઞતા ન ભાવીએ, જો એ દેવાધિદેવની અનંત કૃપા ન માનીએ, તો તો સ્તોત્રો-સ્તવનો અને પ્રાર્થનાઓમાં એમને જે વિનંતિ કરીએ છીએ કે 'પ્રભુ તું તારનારો છે, તું મોક્ષદાતા છે, માટે તું અમારા ભવના બંધન કાપ, અમને સદ્બુદ્ધિ આપ, અમારું કલ્યાણ કર...' વગેરે એ કહેવું દેખાવનું બની જાય, ઉપચાર ભાષા થાય, મુખ્ય વાસ્તવિક કથન નહિ. કલ્યાણ કરતા ન હોય તો 'કલ્યાણ કર' કહેવું નિરર્થક જ ને ?

આમ અનેક રીતે વિચારતાં સિદ્ધ થાય છે કે આપણું કલ્યાણ અરિહંત પ્રભુ કરે છે. શાસ્ત્ર પણ કહે છે **'अचिंतसत्तिजुता हि ते महाणुभावा परमतिलोगनाहा' 'लोगहिआ, लोगनाहा.....'** વગેરે.

અરિહંત પ્રભુ જે આ કલ્યાણ કરે છે તે પોતે વીતરાગ છે, શત્રુ-મિત્ર પર તુલ્ય મનોવૃત્તિવાળા છે, માટે શત્રુ આપત્તિ આપે છતાં પ્રભુ તો જરાય રોષ ન કરતાં પોતાની સજ્જનતા અખંડ રાખે છે. આપત્તિમાં પોતાનું સજ્જનપણું જાણે વધુ વિકસાવે છે.

**આપણી લાયકાત ન છોડવી :-**

દુશ્મન પર ભગવાને રાખી તેવી વૃત્તિ ક્યારે આવે ? આપત્તિ આવે ત્યારે ને ? આપણે આપણી સજ્જનતા દાખવવી છે, ગુમાવવી નથી, એ લક્ષ રહે એટલે દુશ્મન પર ભક્ત જેવી તુલ્ય વૃત્તિ રહે. શું તમારી સજ્જનતા ? એજ કે સામો એની લાયકાત છોડતો નથી તમે તમારી સજ્જનપણાની લાયકાત છોડો નહિ ! સામો તમારા પર દુઃખના ડુંગરા વરસાવે છે તો તમારે સજ્જન બનવાનું ? હા જરૂર.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૨૬,તા.૧૯-૩-૧૯૬૦

કહો કે અમે તો તત્ત્વદર્શી છીએ, એટલે અમે આગન્તુક નિમિત્તને જોનાર નથી, અમે તો મૂળ નિમિત્તને જોનાર છીએ ! આ આપત્તિનું મૂળ એ દુશ્મન નથી. આપત્તિનું મૂળ-નિમિત્ત કર્મ છે. અને બીજું નિમિત્ત અમારો સંસારવાસ છે ! મોક્ષમાં હોઈએ તો કોઈ દુઃખ આપી શકે ? ના ! દુઃખ શા માટે આપે છે ? સંસારમાં છો માટે.

**સંસાર જ દુઃખનું કારણ છે.** સંસારમાં દુઃખ સ્વાભાવિક છે. આ હકિકત

છે. ત્યાં આત્માની લાયકાત શા માટે ગુમાવવી ?

એટલે પેલો જોગી કહે છે મહાપુરુષો વજ્ર જેવા કઠિન હૃદયવાળા હોય છે તેથી હૃદય કાઠું કરીને એ માને છે કે આપત્તિમાં તો આપણી સજ્જનતાને ફલીભૂત કરવાનો અવસર મળ્યો ! સજ્જનતા આવા ટાણે સફળ થાય. બાકી આપણને સોનાના પાટલે માનભેર બેસાડી ઘી-કેળાં જમાડનાર પ્રત્યે સજ્જનતા રાખીએ તેમાં શી નવાઈ ? પણ જ્યારે લાત મારીને ઊભો રહે ત્યારે તેની સામે સજ્જનતા બતાવીએ તે ખરી !

વળી આપત્તિ ઉપકારિણી છે કે એ આવ્યા પછી ખબર પડે છે કે આપણું કોણ ને પરાયું કોણ ? દીકરો મારો બહુ સારો, તે ક્યાં સુધી ? દુઃખ ન હોય ત્યાં સુધીને ? આપત્તિ તો ટેસ્ટ ટ્યુબ છે ! આપત્તિ ઊભી થાય ત્યારે માપ નીકળે કે આપણા કોણ ? ખરેખર ! આપણે પરાયામાં બેઠા છીએ, કે આપણામાં ? આપણી આપત્તિમાં એ અળગા થાય ત્યારે કોઈ જ આપણું નથી એ ખબર પડી જાય છે. આ રીતે ઓળખાણ થાય એટલે આપણે સાવધાન બની જઈએ. પછી આપણો વર્તાવ ખૂબ જ ચીવટ ને ચોક્સાઈ ભર્યો હોય. મદારીને ખબર પડી ગઈ કે આ નાગ ભારે છે ! તો કદાચ છોડી ન દે પણ સાવચેતીથી તો કામ લે ને ? તેમ ખબર પડી ગઈ કે આ સ્નેહી આપણા નહિ ! પછી ભલે એને છોડી ન દઈએ, પરંતુ મન સાબૂત રાખી જાગતા રહીને કામ લેવાય ને ?

તો હવે મનમાં બેસે છે તમને ? કે, 'આપણે હવે ચોક્સાઈથી કામ રાખો ગણત્રીબંધ વ્યવહાર રાખો.' અત્યાર સુધી ભાન નહોતું એટલે આંખ મીંચીને હૈયું, હેત અને પુણ્યાઈ, બધું ત્યાં ઠાલવતા ! હવે ખબર પડી ગઈ માટે ઠાલવવાનું માપસર રાખો, એ સાવધાની આવી ગઈ ! ચોક્સાઈથી વ્યવહાર રાખીએ એ આપત્તિ આવ્યે ઓળખાણ પડ્યાથી બને છે; માટે કહો આ લાભ આપત્તિએ કરી આપ્યો !

ખરા વૈદ્યો તાવને ઉપકારી માને છે, કેમકે આ તાવ આવ્યો ત્યારે ખબર પડી કે અંદરમાં બગડ્યું છે. તાવ બહાર ન દેખાતો હોત ને અંદર બગડતું જતું હોત તો ? બગાડો વધી જાત ! જે રોગના રૂપક બહાર પડે છે એ રોગો ઓછા ભયંકર છે; જેના રૂપક બહાર નથી પડતા તે વધુ ભયંકર છે ! અરે, આ લોહી ગળામાંથી કેમ નીકળે છે ? કંઈક લાગે છે અંદર ! તો એ વખતે લોહી પર ધમધમાટ ન થાય ! અંદરના મૂળ રોગની ખબર પડી ગઈ માટે સાવધાન બની જવાય છે. પણ અંદરઘટ્ટ લોહી ન નીકળતું હોય, ને અંદરમાં જ આંતરડાનો કેન્સર થઈ ગયો તો ? રોગની આછી પણ બહાર અસર ન દેખાય તો ? અંદરનો રોગ



અજાણમાં વધતો જ જાય ને ? માટે તાવ જેવું બહાર દેખાય તો સમજદાર માણસ તાવ પર ગુસ્સે નહિ થાય, તાવ પ્રત્યે આકુળ વ્યાકુળ નહિ થાય. તાવ ઉપર જે આકુળ વ્યાકુળ થાય તે ગાંડો કહેવાય. તાવ તો અંદરના રોગને જણાવનાર પણ છે અને રોગને પકવનાર પણ છે. એમ આપત્તિ આવી તે જણાવે છે કે ખરેખર આપણા અનુરાગી કોણ અને પારકા કોણ.

એટલું જ નહિ આપત્તિ એ એમને એમ નથી બની, એતો પૂર્વકર્મની પાકેલી પરિસ્થિતિ છે. એ ભાન કરાવે છે કે કેવા પ્રકારના કર્મનો ઉદય છે. માણસ બહાર જવા માટે ઊભો થવા ગયો, ધોતિયાનો છેડો પગમાં આવતાં પડવા જાય, છતાં આગળ વધ્યો, ને ઉંબરાની ધારે અંગુઠાની ઠોકર લાગી આ શું થયું ? અપશુકન. સારું કામ કરવા ઊભા થયા ને પહેલાં જ અડબડિયું, ઠોકર માટે અપશુકન ? એણે જણાવ્યું કે હમણાં જવામાં પરિણામ સારું નથી આવવાનું. છતાં જો એના પર બેપરવાઈ કરીને જઈએ તો સફળતા તો નહિ, પણ નુકસાની મળે ! આ નુકસાની કોણે આપી ? અડબડિયાએ ? ઠોકરે ? ના ! આપણા પાપના ઉદયે ! પણ પાપના ઉદયમાં પેલું નિમિત્ત ગણાય કે નહિ ? ના, નહિ એ તો વાત છે ત્યારે ઠોકર શું છે ? પાપના ઉદયની આગાહી કરનાર નિશાની છે ! 'જો, અડબડિયું ખાધું, ઠોકર ખાધી, ભભૂતિયો માણસ સામે મળ્યો, માટે સમજી જા, આ તારા નસીબની આગાહી છે ! આગળ પર જે નુકસાન થાય છે તે આ ઠોકરે નથી આપ્યું ! ઠોકરે તો કહ્યું કે 'ચેતી જા ! હમણાં તારું નસીબ વાંકુ છે !' ત્યારે શું બેસી જાય તો નસીબ કામ નહિ કરે ? અહીં એ સમજવાનું છે કે કેટલાંક નસીબ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સંયોગની અપેક્ષા રાખે છે. તેથી બેસી ગયા, અને અમુક સંયોગ ન આવ્યા તો નસીબ ઉદયમાં ન ય આવે. ઠોકર ખાવાની આપત્તિએ ખરાબ નસીબની આગાહી કરી આપી. જો માણસ ડાહ્યો હોય તો ઊભો રહી જાય, અને નુકસાનથી બચીય જાય.

તાત્પર્ય, અપશુકન આપત્તિની આગાહી કરે છે માટે અપશુકન પર ગુસ્સે ન થવાય, એમ આપત્તિ પૂર્વનાં અશુભ કર્મનું સૂચન કરે છે, એના પર ગુસ્સો ન કરાય. એ તો સજ્જનતા-સ્નેહિતાને ઓળખાવે છે, પુરુષાર્થ પ્રગટાવે છે, માટે ઉપકારી છે.

આ જોગી કેટલો ફિલોસોફર બની ગયો છે ? આપત્તિને ઉપકારી દર્શાવે છે. એટલે ઉપકારી મલે ત્યારે શોક હોય કે શાન્તિ હોય ? બજારમાં ઠર-ઠેકાણું ન હોય ને કોઈ ઉપકારી આવીને કહે 'લ્યો આ પાંચશો ગાંસડીનો સોદો કરો, દલાલી લઈ જજો !' આવો ઉપકારી મલે ત્યારે શું થાય છે, 'ઓ હો હો...!' બસ આપત્તિ

આવે ત્યારે પણ 'ઓ હો હો' કરવાનું છે ! કરોડોની કિંમતની આ સલાહ છે. આ સલાહને ચક્રવર્તી ન અનુસરે તો તેના કરોડો-અબજો નકામા છે ! કેમકે એ આપત્તિનું દુઃખ નહિ મિટાવે. એને પણ આંતરિક આપત્તિઓ ચાલુ હોય છે. ઈન્દ્રને પણ આંતરિક આપત્તિઓ હોય. ત્યાં જો આ ચાવીઓ ન મલી હોય તો ખેલ ખલાસ ! આ ચાવીઓ તમને મફતમાં મલે છે તેની શું કદર કરશો ? પૈસા નથી જોઈતા અમારે. એ તો બેરિસ્ટરો પડાવે. કદર એ જોઈએ છે કે આપત્તિને ખરેખર ઉપકારી માની પ્રભુશાસનના સાચા અનુયાયી સ્વયં બનો, બીજાને બનાવો. જબરદસ્ત કોટિની આ સલાહ છે ! કોઈ દુઃખ ધસી આવ્યું તેને ઉપકારી માનવું ! આ કળા આપણને આવડી જાય તો આપણે વર્તાવ કેવો રહે ? 'ઓ હો સરસ, મારે તો સંપત્તિ કરતાં આપત્તિ ભલેરી ! સંપત્તિમાં તો હું બેભાન બની જાઉં છું.

**આપત્તિ**

૧. મને સાવધાન બનાવે છે,

૨. મારી સજ્જનતાને તીક્ષ્ણ બનાવે છે,

૩. બીજાની સજ્જનતા, સ્નેહિતા ઓળખાવે છે,

૪. મારા નસીબની પિછાણ આપે છે,

૫. વળી આપત્તિ ને સંકટ અંદરના ગુપ્ત પુરુષાર્થને જગાવે છે ! કયો પુરુષાર્થ ? આત્માનો સહન કરવાનો પુરુષાર્થ. ભૂખને પણ સહન કરી શકવી. તરસને પણ સહન કરી શકવી. આ પુરુષાર્થ જગાડવાનો મોકો ક્યારે મળે ? ચાર કલાકે ભૂખ લાગતી હોય તેના બદલે બબ્બે કલાકે હાજર થતું હોય ત્યાં સહન કરવાનો પુરુષાર્થ શું ખીલવી શકાય ?

**આપત્તિ તો જાણે હાકલ કરે છે કે તારું સત્ત્વ હવે બહાર કાઢજે !** તગડો હોય ત્યારે તો હસતો-ખીલતો રહે છે, પણ પાંચ ડિગ્રી તાવ હોય, ને હસતો-ખીલતો રહે તો તારી બહાદુરી ગણાશે ! આપત્તિ વખતે આપણા સૂતેલા પુરુષાર્થને જગાવવાનો, સત્ત્વ પ્રગટાવવાનો આત્માના નૂર વધારવાનો ખરેખરો અવકાશ મળે છે, તક મળે છે.

શ્રી મહાવીર પરમાત્મા જેમ જેમ કષ્ટભર્યું ચારિત્ર પાળતા ગયા, તેમ-તેમ એમનું નૂર વધતું ચાલ્યું ! ક્યાં સુધી ? સાડાબાર વર્ષના અંતે કેવળજ્ઞાનનાં નૂર પ્રગટ્યા ત્યાં સુધી, પણ કેવી રીતે ? એ ચારિત્રના કાળમાં આપત્તિઓ આપતી ગઈ એટલે કે નૂર વધારવાની તક મલતી ગઈ, ને સહનવૃત્તિના પુરુષાર્થથી નૂર ખીલવતા ગયા, તેથી સત્ત્વને વધુને વધુ વિકસિત કરતા ગયા, તો પરિણામ એ આવીને ઊભું કે ઋજુવાલુકા નદીના તીરે જુગજૂના કાળથી આત્મા પરનો જામી



પડેલો કર્મ પડદો હટી ગયો, ને અનંતો જ્ઞાનપ્રકાશ ઝળઝળી ઊઠ્યો, લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાનના નૂર પ્રગટી ગયા ! નૂર ખીલવવા પુરુષાર્થની વાર હતી ! કેવળ શાંતિથી નૂર ન ખીલે ! આપત્તિમાં મુડદાલિયા શાંતિ રાખી હોત તો આપત્તિ ટાળવાના પ્રસંગે કેઈ રાગ-દ્વેષ થાત ! આપત્તિ ટાળનાર પર હૈયું ઓવારી જાત ! ચાહે ચંડકોશિયો હોય, કે ઈન્દ્ર હોય બંને કૌશિક ! બંને કેવા ! બંને ચરણને અડનારા ! નામ પણ સરખાં, ને પગે સ્પર્શવાનાં કામ પણ સરખાં ! પરંતુ એક બચકું ભરી સ્પર્શે છે, બીજો શિરોનમનથી અડે છે, કેટલો બધો તફાવત ? એક ભયંકર દુશ્મન, બીજો મહાન ભક્ત, છતાં બંને પ્રત્યે પ્રભુ સમાન વલણવાળા હતા ! પ્રભુને બચકું ભરાયું એ પ્રતિકૂળ નથી લાગતું, નમન કરાયું એ અનુકૂળ નથી લાગતું. પછી રોષ-તોષ કરવાનો ક્યાં રહે ? એ તો બંને પર સમાન ઉદાસીન ભાવ. સમાન મનવાળી સ્થિતિ રાખવાનું મહત્ત્વ શું છે ? એ માત્ર મુડદાલિયા શાંતિ નહોતી. પણ એમાં સહર્ષ સહવાનું ધૈર્ય યાને આત્મતેજ વધતું હતું, આત્માનો અઢળક પુરુષાર્થ કૂદકે ને ભૂસકે વધતો જતો હતો ! જગતના અજ્ઞાન જીવના બધા પુરુષાર્થ અંજાઈ જાય, એવો સજ્ઞાન જીવનો આપત્તિને સહર્ષ વધાવવાનો પુરુષાર્થ ખીલતો જાય છે ! શું કરે છે આપત્તિને ? ફરીથી યાદ કરો ચાર ઉપકાર થયા.

૧. આપણામાં સજ્જનતા છે કે નહિ તેનું માપ કઢાવે,

૨. આપણા કોણ ને પારકા કોણ ? તેનો ખ્યાલ આપે,

૩. આપણા નસીબનું ચક્ર કેવું ચાલે છે તેની એંધાણી આપે,

૪. આત્માને આંતરિક પુરુષાર્થ જગાવવાની તક આપે છે.

આ કારણોથી આપત્તિ એવો સુંદર ઉપકાર કરે છે કે જે સામો કરોડોનું ધન કે રાજપાટ આપી દે તો ય ન કરે. તેના કરતાં પણ વધુ ઉપકારી છે આપત્તિ !

આના પર વિસ્તારથી વિચાર એટલા માટે કરીએ છીએ કે આ સંસારમાં આપત્તિ, કષ્ટ અને પ્રતિકૂળ સંયોગ તો હાલતાં ને ચાલતાં ઉપસ્થિત થાય છે. હવે જો આપત્તિ એ ખરેખર ઉપકારિણી છે એ વાત મનમાં બરાબર બેસી જાય, તો આપત્તિ, કષ્ટ અને પ્રતિકૂળ સંયોગ તો હાલતાં ને ચાલતાં ઉપસ્થિત થાય છે. જો આપત્તિ વખતે પણ પ્રફુલ્લિતતા અને સ્વસ્થતા સારી જળવાઈ રહેશે. જીવનની મઝા પણ એમાં છે.

જોગીના કહેવાનો ભાવ એ છે કે દરિયામાં પડવું પડ્યું, વહાણ ગયું, એકલ-દોકલ બની ગયો, પણ મુંઝાતો નહીં. સત્ત્વ ખીલવજે ! આપત્તિ તો ભારે ઉપકારિણી છે ! ખબર છે તને ? દશાંગ ધૂપ ગમે તેટલો મઘમઘતો, પણ એની

સુવાસ ક્યારે પ્રસરે ? સળગતા અગ્નિનો યોગ થાય ત્યારે ! જાતે સળગીને સુવાસ વહેતી કરી દે છે ! આપત્તિનો તાપ સહીએ તો શુભ ભાવની સુગંધ મઘમઘે ! સોનું પણ સો ટચનું અગ્નિમાં પડ્યાં પછી થાય છે ! ખાર-પુટ પાકથી સંશોધન થાય ત્યારે સો ટચનું બને ! ચંદન આપણને શીતળતાનો લાભ આપનાર બને છે, પણ ક્યારે ? ચંદનને ઘસો તો શીતળતા મળે છે ! આપણે પણ આપત્તિથી ઘસાઈએ તો આપણે આપણી સમતા-શાંતિની પ્રભાવના કરી શકીએ.

યોગી આગળ કહે છે, છતાં તું સંસારી જીવ છે ! માટે તને આપત્તિનું જીવન જરા કઠિન લાગે, પણ મને લક્ષણ ઉપરથી લાગે છે કે આપત્તિ લાંબો વખત રહેશે નહિ ! વળી તારા વૈભવમાં મારો ભાગ કર્યો તેમ આજે તને અલ્પ કાળનો સમજી લેજે હવે તો મેં સર્વસંગનો ત્યાગ કર્યો છે. પીડાકારી કલેશ છે, તેમાં પણ મારો ભાગ છે. તારા વૈભવની જેમ તારી આપત્તિ પણ મારી જ છે. હું તેમાં સાથે જ ઊભો છું. માત્ર હાલ તો હું સર્વસંગનો ત્યાગી બન્યો છું એટલે તને હું શો ઉપકાર કરું ? મારી પાસે ધનમાલ હોત તો તો તને એ આપી દઈને હું બહુ ખુશી થાત. પણ ફિકર નહિ, મારી પાસે એક મંત્ર છે, એ તને હું આપું, તે તું જરૂર સ્વીકારી લે. ભગવાન વિનતાનંદને રચેલો આ ગારૂડમંત્ર છે, ને તે બોલવા માત્રથી સિદ્ધ થઈને મોટા સર્પના ઝેર ઉતારી નાખે છે, નાગના વિષથી મરતાંને જીવતદાન કરે છે. તે મંત્ર તું ગ્રહણ કર. પૈસાની જેમ એનાથી પણ તું પરમાર્થ કરી શકશે.

યોગીના આ બોલ પર ધનને વિચાર આવે છે કે 'જુઓ તો ખરા કે જગતમાં મુનિજનો જે હોય છે તે કેવા અકારણવત્સલ હોય છે ! અકારણવત્સલ એટલે સામાએ કંઈ ઉપકાર ન કર્યો હોય છતાં હેત વરસાવનારા આમની આ કેવી અકારણવત્સલતા છે !'

જગતમાં તો સોદાનાં દર્શન થાય છે ! 'તમે અમારું કરો તો અમે તમારું કરીએ !' તમે અમારી કાળજી કરો તો અમે તમારી કરીએ ! અરે ! આટલુંય બધે નથી એથીય વધુ ખરાબ સ્થિતિ દેખાય છે કે 'તમે અમારી સંભાળ રાખો છતાં અમે તમારી સંભાળ ન રાખીએ !' દાખલા રૂપે આજના છોકરાઓ છે ને ? માબાપે એનું વર્ષો સુધી કર્યું, પણ એ હવે એમનું કહેલું કરવા તૈયાર નથી ! પણ એથી ઠીક એ એવું કે 'તમે અમારું કરો તો અમે તમારું કરીએ !' પછી ચાહે નિકટના સ્નેહીઓ હોય ! પણ એ દેખે કે એમણે આપણું બીજું નથી કર્યું તો 'આપણે એમની શી સાડાબાર છે ?' દુનિયામાં આવું દેખાય છે તેથી ધનને થાય છે કે આવા કોઈક જ મહાનુભાવો નિઃસ્વાર્થ ઉપકાર કરનારા હોય છે. સામાએ એમનું કશું ભલું નથી કર્યું છતાં એ સામાનું ભલું કરવા તૈયાર હોય છે ! હોય,



મુનિજનો તો જગતના દુઃખીજનોના બાંધવો હોય ! માટે એ તો કહે, પણ મારાથી કેમ લેવાય ? કેમકે મેં તો એમને કંઈ પણ આપ્યું નથી.' ધનના હૃદયનો વિકાસ કેવો છે તે જો જો, તે પણ અત્યારે એની દશા કયી છે ? સર્વસ્વ ગુમાવ્યાની ! સર્વસ્વ તો ગુમાવ્યું પણ કોઈ ખબર પૂછનાર છે એની ? સામે કોણ છે ? ત્યાગી, સંન્યાસી, કેવળ શુદ્ધ હૃદયથી શિખામણ આપનાર ! એ આપે છે મંત્ર કે જેમાં એને કંઈ ઓછું થવાનું નથી, વળી એ કિંમતિ મંત્ર છે. અને આપે છે તે પાડ ચઢાવવા નહિ, પણ દિલની દયાથી, પણ આ શું માને છે ? એ જ કે મેં એમનું કંઈ ભલું કર્યું નથી તો મારાથી એ લેવાય શી રીતે ? કોઈની પાસેથી લેવા જવાનું મન થાય ત્યારે વિચારવું જોઈએ કે મેં એમનું શું ભલું કર્યું છે ? ધર્મના નામ પર આપે છે, તો મેં ધર્મની શું સેવા કરી છે ? આ ધનકુમાર સાવ ચીંથરેહાલ સ્થિતિમાં છે છતાં મદદ લેવી એને ખપતી નથી !

'મુનિજનો તો નિઃસ્વાર્થ ઉપકાર કરનારા હોય છે; પરંતુ એમની કાંઈ પણ સેવા કર્યા વિના મારાથી એમનું કેમ લેવાય ?'- એ વિચારથી ધનકુમાર કહે છે !

**'भयवं ! अणुग्गिहीओ म्हि;'**

**भगवन् ! अनुगृहीतोऽस्मि;**

'ભગવંત ! આપે તો મારા પર મહેરબાની કરી છે. આપે જે મારા ભલાનો વિચાર કર્યો, જે ઉત્તમ ઉપદેશ મને આપ્યો, તે આપનો મારા પર પરમ ઉપકાર છે. તપસ્વી જનની કૃપા પામેલાનું અકલ્યાણ થતું નથી. તેથી હવે મારે બીજું આપની પાસેથી કંઈ જોઈતું નથી.' મહાન મંત્ર સહેજે મળે છતાં લેવાની ના કહી દે છે ! ભવોભવના અગ્નિ કસોટીના પુરુષાર્થ ન ખેડ્યા હોય તો આ નિઃસ્પૃહા જોવા મળે ?

**જીવન એક ધમણ કે આત્મહિત યંત્ર ?**

જ્ઞાનીઓ પૂછે છે, 'જીવન જીવો છો, પણ તે ધમ્મણની જેમ ? કે પ્રતિપળ આત્મહિત સાધતું ? જેવું જ જીવન જીવાય તો તે મનુષ્યપણાને નાલેશી સમાન છે ! જીવન તેવું જીવવું જોઈએ કે જ્યાં આત્મા શુદ્ધિ અને પુષ્ટિના માર્ગે આગળ ને આગળ વધતો જતો હોય !'

ધનકુમારની સ્થિતિએ પહોંચવા જેટલા કદાચ આપણે આગળ ન વધ્યા હોઈએ, 'કોઈ કાંઈ આપવા માગે છે છતાં મેં એનું ભલું કર્યું નથી, તો આટલી કોટિની આપત્તિના ભયંકર કાળમાં પણ એના તરફથી મદદ નહિ લેવી' આવી ટેક ન રાખી શકીએ અને સહાય ન લેવાનો પુરુષાર્થ ન કેળવી શકીએ, છતાં 'ચાલુ સારા સંયોગોમાં મફતિયું ન લેવું, દેવપૂજન આદિમાં સાધારણ ખાતાનું મારે ન

વાપરવું, ઊલટું યથાશક્તિ બીજાને મારે ઉપયોગી થવું,' વગેરે વગેરે સામાન્ય પુરૂષાર્થના પાયા તો નાખવા જોઈએ ને ? માત્ર પેટ ભરી જાણવાનું જીવન નથી જીવવાનું ! એવી રીતે કીડીની જેમ સંગ્રહ કરી જાણવાનું જીવન નથી જીવવાનું. આ ધનકુમારના જીવનમાં જે વિકાસ થાય છે, તેના પાયા નાખવા પડશે ! તે કેમ નખાય ? સામાન્ય બાબતોમાં તો એના જીવનનું અવશ્ય અનુકરણ કરીએ તો.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૨૭,તા.૨૬-૩-૧૯૬૦

## લોભ ત્યજવા સદ્‌વિચારના આલંબન કરો :-

જીવનમાં વાતવાતમાં જડ વસ્તુના લાભ દેખાય ત્યાં લોભાઈ જવાનું હોય તો આવા વિકાસ સાધવા મુશ્કેલ છે. એ તો લોભાવાનું થોડે થોડે અંશે પણ બંધ કરવું પડે.

જડ વસ્તુના લોભ મૂકવા હોય તો અનેક સદ્‌વિચારના આલંબન મોજુદ છે. જુઓ, જોગીએ કંઈક આપવાની ઇચ્છા દર્શાવી ત્યારે ધનકુમારે કયા આલંબને ના પાડી ? આ કે 'તમે જે મને સુંદર ઉપદેશ આપ્યો છે, મારું હિતચિંતન કર્યું છે, તે ઘણો ઉપકાર કર્યો છે; અને તપસ્વી પુરુષોની મહેરબાની મળ્યા પછી કોઈ દુઃખ આવતું નથી, આત્માનું કોઈ અહિત થતું નથી.' હિતોપદેશ મળવો એ કમ નથી.

**જગતની તુચ્છ વસ્તુઓ મળે તો લઈ લેવાની અધીરાઈ જે મનમાં ઊઠે છે, તેજ મનમાં ધીરતા સ્થાપિત કરી શકાય છે; પણ ધીરતા પોતાની ચીજ લાગે તો. જીવને લત લાગી ગઈ છે કે અધીરાઈ સ્થાપવી તે જાણે સ્વદેશી માલ છે, ને ધીરતા જાણે પરદેશી માલ છે !**

એટલો બધો સાત્ત્વિક પુરુષ છે ધનકુમાર, સાત્ત્વિકતા એને સહજ બની ગઈ છે ! તેથી હૃદય ફોરું રાખીને મંત્ર પણ લેવાની ના કહી શકે છે.

ખૂબી જુઓ કે જોગીએ મંત્રનો લાભ બતાવ્યો છે કે 'તે અવસરે તમને કામ લાગશે, સંભવ છે કે જેમ વૈભવથી તેમ આનાથી તમે પરોપકાર કરી શકશો.' પરંતુ ધનકુમાર એ ન લેવામાં એક બીજો હેતુ એ કહે છે કે મંત્ર એટલે દેવાધિષ્ઠિત વસ્તુ હોય છે ને અમે તો ગૃહસ્થો તેથી પ્રમાદી ! એટલે ભૂલ પણ થઈ જાય. જ્યારે મંત્ર દેવતાઓ કડક હોય છે.

કેમ આમ કહે છે ? ગૃહસ્થને મનુષ્ય-દેવતાઓની ઉપાસના હોય છે, તેથી પેલા દેવને ભૂલી પણ જાય ! છૈયાં-છોકરાં-પરિવાર તે મનુષ્ય-દેવનો ! એથી મોહમાયામાં કદાચ મંત્રદેવતાની આશાતના-અવગણના કરી ય નાખે. એવું થાય



પછી તો દેવતાનું કામ ! જો એની બરાબર આરાધના કરી તો તો ન્યાલ કરે પણ આશાતના થઈ તો ઉગ્ર મંત્ર દેવતા કોપ કરે, દંડ કરે, તે અસહ્ય હોય છે ! લેવું નથી તે એક વાત છે, અને સંપત્તિના લોભમાં જતાં આપત્તિના ખાડામાં ન પડાય તે પણ જોવું છે ! નથી લેવું માટે પણ આ બોલવાની રીત છે.

અહીં જોગી કહે છે, 'આ મંત્ર દેવતા તે સૌમ્ય દેવ છે, ઉગ્ર નહિ. માટે એ અનર્થ કરે એમ નથી.'

ત્યારે ધનને તો મૂળ પહેલા કારણ જોઈતું જ નથી તેથી કહે છે 'તો પણ મારે ખપ નથી.'

આ જોગી વિચારે છે 'શું આ સાર્થવાહ પુત્રની મહાનુભાવતા ! કે હું ખુશીથી ચમત્કારિક વસ્તુ આપું છું, વગર માગ્યે આપું છું, એના આગ્રહ-દબાણ કર્યા વગર આપું છું, ને એને લેવી નથી ! ત્યારે મને દેખાય છે કે આની ઘણી ઉત્તમતા છે. પણ ચોક્કસ છે કે એણે મને ઓળખ્યો નથી. એથી 'ત્રાહિત માણસ પર ઉપકાર કર્યા વગર એની પાસેથી કેમ લૂંટણ બાજી ચલાવાય ?' એમ કરીને દાક્ષિણ્ય સ્વભાવથી એ લેતો નથી. માટે એને મારી ઓળખાણ કરાવવા દે. એથી મારા પર ભારે ઉપકાર એણે કર્યો છે તે એને યાદ આવે' એમ ચિંતવીને કહે છે.

'સાર્થવાહ પુત્ર ! તેં મને ન ઓળખ્યો ? તામલિપ્તિનગરીમાં જુગારના પ્રસંગથી મુક્ત કરાયેલા મહેશ્વરદત્ત તરીકે મને યાદ કર; અને બીજા-ત્રીજા વિચાર ન કર. હવે તો આ મંત્ર તું સ્વીકારી લે; નહિતર મને દુઃખ થશે.'

જોગીએ શું કહ્યું ? એના કહેવાનો ભાવ એ છે કે 'તે હું મહેશ્વરદત્ત જુગારી છું કે જેને તામલિપ્તિ નગરીમાં તેં આશરો આપ્યો હતો, અને મારું દેવું ફેડ્યું હતું ! ઉપરાંત સંપત્તિ પણ તું આપવા તૈયાર થયો હતો ! તે જ હું છું ! આજે મારે કહેવાનો અવસર છે કે આ જે દુઃખ છે તને, તે આપણા બેનું સાધારણ છે ! જેમ તું તારા સુખમાં મારો ભાગ રાખતો હતો તેમ હવે આ દુઃખમાં પણ મને ભાગીદાર બનાવ. મેં તારું ધન ન લીધું, પણ પછી મને વૈરાગ્ય આવી ગયો એટલે કાપાલિકનાં વ્રત મેં અંગીકાર કર્યા; તેથી હું આ સ્થિતિમાં છું. હવે તો તું સમજી ગયો છે ! માટે ઉપકારના બદલામાં આ લઈ લે, જો તું નહિ લે તો મારા દિલમાં દુઃખ થશે ! તું જાણે છે, આમેય સજ્જનને પરોપકારની તક સાંપડી હોય, ને સંયોગ મળે ને પરોપકાર ન થાય તેથી દુઃખ થાય છે. એમાંય ઉપકારીનો બદલો ન વાળી શકે તો અત્યંત દુઃખ થાય !'

સજ્જનતા-દુર્જનતાના ભેદ આમજ પડે છે. સજ્જન હોઈએ તો કોઈએ આપણા પર ઉપકાર કર્યો, તેનો આપણે બદલો ન વાળીએ તો જંપ ન વળે. દેવ-

ગુરુ-ધર્મનો આપણા પર પૂર્વ ભવનો કેટલો બધો ઉપકાર છે. તો ત્રણેય પ્રત્યે પ્રત્યુપકાર આ જન્મમાં વાળવો જ જોઈએ. એ ન વાળીએ તો કૃતજ્ઞ બનીએ કે કૃતઘ્ન ? દેવ-ગુરુ-ધર્મની ભારોભાર સેવા કરી લેવા માટે આવા અનેક સદ્વિચારો છે.

**એમની પ્રત્યે કૃતજ્ઞતા દાખવવી જ જોઈએ,**

**ભવિષ્યમાં એમની જ ઓથ રહેવાની છે, જગતમાં એજ સર્વશ્રેષ્ઠ સેવ્ય છે,**

**અસાર સંસારમાં એ જ સાર છે, પૂર્વના ઉત્તમ પુરુષોએ એમને જ સેવ્યા છે,**

વગેરે કેટલીય વિચારણા છે.

જોગીએ જ્યારે યાદ કરાવ્યું ત્યારે ધનકુમારને ખ્યાલ આવ્યો કે 'જુગારીને છોડાવ્યો તો હતો ! હવે જો આ વસ્તુ લઉં તો એ એની જાતને કૃતાર્થ માને છે, ને ન લઉં તો એને મોટું દુઃખ થાય છે ! માટે મારે હવે એનો મંત્ર ન લેવાનો આગ્રહ રાખવાની જરૂર નથી.'

એમ વિચારીને એ કહે છે, "ભગવંત ! જેવી તમારી આજ્ઞા !"

ધનકુમાર ગૃહસ્થ છે, ને પેલો જોગી છે, તેથી પૂજ્ય માનીને એ બહુમાનથી કહે છે. જોગીએ ગારુડમંત્ર શીખવાડ્યો અને ધને વિનયપૂર્વક ગ્રહણ કર્યો. ત્યાં અનનસ ફળથી પોતાનું પેટ ભર્યું, મહેશ્વર સાથે એક દિવસ રહ્યો. પછી પ્રણામ કરી પોતાના દેશ તરફ ચાલ્યો.

શું ખાય રસ્તામાં ? નારંગી વગેરેના ફળોથી પેટ ભરે છે; હીરાની કંઠીને વસ્ત્રમાં છુપાવી રાખી છે; ને એમ કરતાં શ્રાવસ્તી નગરીએ પહોંચ્યો.

નશીબ બે ડગલાં આગળ ! સારું કે નરસું ! આપણે જાણીએ કે સીધા મેલ્માં કે વિમાનમાં પહોંચી જઈએ. પણ નસીબ કહે છે કે હું તારમાં પહોંચી જાઉં છું ! ને આપણે તારથી પહોંચવા માગીએ તો નસીબ ટેલિફોનથી આગળ પહોંચી જાય છે. ધનકુમાર જાણે કે હું મૂલ્યવાન હીરાની કંઠી સાથે જાઉં છું, ફિકર નથી. પરંતુ એનું અવળું ભાગ્ય, જુઓ, આગળ પહોંચી જઈ શું કરે છે.

### ધનકુમાર શ્રાવસ્તીના નાકે :-

રત્નનો હાર મળે તો થાય ને કે સારું શહેર આવતાં આનું વેચાણ કરતાં નાણાં મેળવીને વેપાર કરી ઘરે પહોંચી જઈશ ? પછી મન માન્યો પરોપકાર કરીશ...' ધનકુમાર આ ધારણામાં હશે, પણ શ્રાવસ્તીના દરવાજા આગળ જ કોલાહલ સંભળાયો ! શું છે ? એ શહેરનો રાજા વિચારધવલ ! એનો એજ રાત્રિએ ભંડાર ચોરાયો છે ! આને કંઠી મલી છે. તે ઘણી રાત પૂર્વે ! ગમે તેમ પણ ત્યાં આગળ દરવાજે કોટવાળો શોધમાં પડ્યા છે. જે કોઈ માણસ એવા દેખાય તેને પકડે છે. બાવા-જોગીઓને પણ પકડે છે, 'લાવો માલ દેખાડો !' કંઈપણ



વહેમ લાગે તો જેલખાનામાં નાખે છે. વાતો નગરદરવાજે ચાલી રહે છે ! તે આને સંભળાઈ, તેથી આ પાછો વળી ગયો અને દિશા બદલી. એટલે દરવાજા ઉપરના ચકોર માણસો સમજી ગયા. ડાઘા જેવી આંખો ફાડીને જોતા હોય ત્યાં આ શી રીતે નજરમાંથી છૂટી શકે ? ઝટ એને બોલાવે છે; પણ જોજો હોં, વિનયથી બોલાવે છે, કેમકે માણસો વિનયી છે. રાજા જેનો સારો તેના માણસો અને પ્રજા સારી હોય એ સહજ છે. અને રાજામાં વાંધો તો બધામાં વાંધો ! સારો રાજા એટલે જાતે પ્રામાણિક એટલું જ નહિ; રાજા પ્રામાણિક હોય તો પ્રજા પણ પ્રામાણિક હોવી જોઈએ ? ના, એકલો પ્રામાણિક નહીં, પણ અપ્રમાણિકતા ન ચાલે તે માટે જાતે ચોક્સાઈ રાખનારો ! એવા રાજાઓના રાજ્ય ચાલતાં હતાં !

કહે છે ધનકુમારને ! "ભદ્ર ! તમે ક્યાંથી આવ્યા ?"

આ કહે છે, "સુશર્મ નગરથી."

"હવે ક્યાં જાઓ છો ?"

"પાછો ઘરે જાઉં છું."

"તો જુઓ તમે અમારા પર ગુસ્સો ન કરતા, અમારે તમને કહેવાની જરા ફરજ પડી છે, કે આજે રાજાનો ભંડાર ચોરાયો છે, એ પરથી જે કોઈ પરદેશી, બાવા, જોગી હોય તેને લઈ આવવા માટે અમને મૂકવામાં આવ્યા છે. માટે આપ પણ પરદેશી છો તો આપને જે કહેવું હોય તે સુખેથી કહેજો. અમે તો ચિઠ્ઠિના ચાકર."

**ઘરનું રાજ્ય છતાં સુરાજ્ય નહિ ! :-** કોટવાલો વિનયપૂર્વક કહે છે ! પણ વાતચીત નહિ ને સીધું ઘસડવા માંડે, એમ નહિ. એને સુરાજ્ય કહેવાય, સુરાજ્યમાં સીધી ઘસડપટ્ટી, ખોટો જુલમ, ખોટું અપમાન છાજતાં નથી. સુરાજ્યમાં ન છાજે તો ઘરના રાજ્યમાં તો છાજેજ શાનું ? તમારા જ ઘરમાં તમારા નોકરના હાથે તમારા છોકરાનું અપમાન થતું હોય તો તમે એને સાંખી શકો ? ના, તો શું કહો નોકરને ? "ખબર છે તને ? કોને તું અપમાને છે ? એ તારો નાનો શેઠ છે ! એને તું હડધૂત કરે છે." એજ રીતે નોકર વર્ગ પ્રજાને રંજાડતો હોય તો રાજાની કે આજના કાળે વડા પ્રધાન વગેરેની શી ફરજ ? લોકશાસન એટલે પ્રજાનું રાજ્ય; માટે પ્રજા એ રાજા છે ! એની સામે નોકરોનો જોર જુલમ ? પણ આવું રોકે કોણ ? એ જવાબદારીનું પાલન નહિ, એટલે કહેવાય ઘરનું રાજ્ય, ને ઘરના જ માણસો પોક મૂકે છે ! પૂર્વ કાળે ઘરનું રાજ્ય નહિ ! પણ સુરાજ્ય જરૂર હતું ! આજે કહેવાય છે ને, કે સ્વરાજ્ય મલ્યું તો છે, પણ હવે સુરાજ્ય બનાવો ! કોણ બનાવશે ! આજની કેળવણી, આજની જીવનપદ્ધતિ, આજના આદર્શ, આજની

સમાજ રચના વગેરે વગેરેમાં ઊંડા ઊતરીને જુઓ. 'સુરાજ્યને યોગ્ય તત્ત્વો કેટલાં પોષાય છે ?' સમજી રાખો,

**અર્થ-કામને જ જ્યાં મહત્ત્વ અપાય ત્યાં સુરાજ્યને યોગ્ય તત્ત્વ સ્થાન નહિ પામી શકે.**

આ નોકરો વિનીત છે. માટે બહુ મૃદુ ભાષામાં કહે છે, 'આપને મંત્રીને ત્યાં ચાલવું પડશે !' ધનકુમારની ત્યાં જવાની આંતરિક ઇચ્છા નથી, કેમકે પાસે કંઠી છે ! તેથી ફફડાટ છે ! વળી તે પોતાનો હાર નથી ! આજ મોટી પંચાતી કે ચોરીના માલ માટે ફફડાટ !

ધનકુમાર ગલ્લાં-તલ્લાં કરે છે, "ભાઈ મારે ત્યાં આવવાનું શું કામ છે ? હું તો પરદેશથી આવું છું ! હજુ તો શરીર પર ધૂળ ચઢી ગઈ છે ! તો મને ત્યાં લઈ જઈને શું કરશો ?"

તમારી વાત તદ્દન સાચી, અમારે ફેંસલો આપવાનો હોત, તો અમે છોડી દેત; પણ અમારું તે કામ નથી, અમને તો આટલો હુકમ છે, અજાણ્યાને લઈ આવો.'

અનિચ્છાએ પણ ધનકુમારને જવું પડ્યું. કોટવાળાએ એને ઊભો કર્યો મંત્રી સામે ! 'આ ભાઈ પરદેશથી આવતા હતા, તેમને અત્રે અમે લાવ્યા છીએ.'

**ધનકુમાર મંત્રી આગળ :-**

'મંત્રી ધનકુમારની મુદ્રા જોઈ લે છે ! ચહેરો ઉત્તમ આત્માનો લાગે છે, તેથી પૂછે છે 'ક્યાંથી આવો છો ?'

ધનકુમાર પાસે તો એજ ઉત્તર છે કે 'સુશર્મનગરથી આવું છું.'

મંત્રી આગળ પૂછે છે.

'ક્યાં જવાના ?'

'આગળ ગયો હતો, હવે પાછો ત્યાં જ જવાનો !'

'તમારી પાસે કંઈ ભાતું કે બીજું કાંઈ છે ?'

એટલે ? નથી તો જમવા બેસી જાઓ, એમ ? ના, એ હોય તો તપાસી લઈએ,' એ વાત છે. અહીં સાચું કહી દેવાનો અવસર આવ્યો પણ લોભ અને અજ્ઞાને એ વખતે ધનકુમારને પકડીને ફાંસો દીધો ! હવે શું થાય ? સાણસામાં પકડ આવી ગઈ પછી ગૂંગળાવાનું ! એટલે શું ? જે પોતાના અંદરના ભાવ છે, તેનાથી જ ગૂંગળાવાનું !

**લોભ અને અજ્ઞાન ભાવ જીવને ગૂંગળાવે છે. પછી ત્યાં સરળતા-નિખાલસતાદિ ચૈતન્ય આવરાઈ જાય છે.**



ધનકુમારને લોભ-અજ્ઞાને જકડ્યો એટલે પરિણામનો વિચાર કર્યા વગર કહે છે, 'આપને શંકા લાવવા જેવું મારી પાસે કંઈ નથી !'

કહી તો દીધું, પણ તે જુઠું હતું ! કોણે તે બોલાવ્યું ? લોભ ને અજ્ઞાને અજ્ઞાન પાપનું અને પરિણામનું. લોભ શાનો ? કંઠીનો.

**લોભના લંગરથી જૂઠ :-** લોભ ચીજ એવી છે કે એ જીવની સામે ખડો થાય છે, ત્યારે તેના લંગરો સાથ ખડો થાય છે ! શેખચલ્લીની વાત આવે છે ને ? લોભ ખડો થયો તે એના લંગર સાથે ! આને લોભ લાગ્યો, હાર કિંમતી છે, નાણાં સારાં ઊપજશે ! ને વેપાર મોટો ખેડાશે ! પછી કમાઈ થયેથી મન માન્યું થશે. આટલો લોભ ખડો થયો ! ત્યારે સમજવું જોઈએ કે

**નાનકડા જૂઠમાંથી ય બચવું ઘણું ઘણું કપરું છે, કેમકે એનો કારણભૂત લોભ પોતાના લંગરો સાથે ખડો થાય છે.** આ દુનિયામાં મામૂલી અસત્ય જાળવવું કેમ કઠીન ? આજ માટે. લોભ ગળ્યો એટલે ગળું ગલચટું થાય; તે ગલચટા ગળામાં સત્યની વાત ઊતરે શી રીતે ? 'જૂઠ બોલીએ તો આટલો લાભ !' આ ગળચટા આગળ સત્યનો કોળિયો લુક્ખો અને કર્કશ લાગે છે ! એનો અર્થ એ કે જો સત્ય જોઈએ, જૂઠ નહિ, તો મનને સમજાવી દો કે જે જૂઠના પાછળ લોભના લંગર ચાલે છે. તેવા લોભની હવે જરૂર નથી. એના વિના ચલાવી લઈશ તે હા ! પણ જૂઠ નહિ બોલું. જૂઠથી માનવભવ કલંકિત થાય છે, કથીરનો થાય છે, સત્યનું સેવન એ મહાકિંમતી છે ! તેની સામે આ લોભ કિંમતી નથી ! આ હોય એટલે સત્ય ન મૂકાય ! નાના બચ્ચાને પણ જૂઠ બોલતા અટકાવવા માટે આવું કોઈ શિક્ષણ આપવું જોઈએ ! બાકી તો એ એકલી સજા કરે નહિ માને. એમાં તો એકવાર સજા થઈ એટલે એ હિસાબ માંડશે કે હવે જૂઠ-ચોરી એવી સફાઈથી કરવી કે બાને કે બાપાજીને ખબર ન પડે ! આજે સરકાર ગમે તેટલા કાયદા સજા કરે પણ ગુના કેમ અટકતા નથી ? કેમ 'આપણે સાવચેતી એટલી રાખવાની કે આપણો ગુનો સરકારમાં સાબિત થાય નહિ,' આવું માનસ બન્યું છે ! આટલા કાયદા, પોલિસ વગેરે છતાં ગુના વધતા કેમ ચાલે છે ? એકલા કાયદા કે કોર્ટ ગુનો અટકાવવા સમર્થ નથી. **આત્માના બચાવ માટે આત્માનાં સારાં ઘડતર જ સમર્થ છે !** એટલે,

**જૂઠ ને ચોરીના નુકશાન :-**

બચ્ચાને સમજાવવું પડે, 'તને ખબર છે, એનાથી નુકશાન કેટલું ? કયા કુળમાં તું જન્મ્યો છે ? તારા દાદા, બાપા કોણ ? તારું કુટુંબ કયું ? તને જગત કેવું ઓળખે છે ? તેં કામ કેવું કર્યું ? પેલા વાઘરીના છોકરા જેવું ? લે, ચાર પૈસાને બદલે આઠ પૈસા લઈજા ! પણ જોજે ધ્યાન રાખજે, આ જૂઠ બોલવું,

ચોરીનું પાપ કરવું, એ ભયંકર છે ! ચોરીથી પાપ લાગે, તેથી બીજા ભવમાં હાથ કપાય, બીજા ભારે દુઃખ પડે. અહીં આબરૂ જાય, કોઈ વિશ્વાસ ન કરે, કોરટની સજા થાય. વગેરે વગેરે કેટલાં નુકશાન ! માટે નક્કી કર, કે લાખ રૂપિયાનો દલ્લો હોય પણ મારે આંખ મીંચીને ચાલ્યા જવું !'

જૂઠ ને ચોરીથી બચવું એ લાખ રૂપિયા કરતાં વધારે કિંમતી છે ! લાખ ન મળે તો ઘેર ગયા, લોભના લંગરોનો લાભ જતો કરાય તો જ સત્યમાં ટકી શકાય, તો જ ન્યાય-નીતિમાં ટકી શકાય. હૈયે ઠસી જવું જોઈએ કે જે પવિત્ર ભૂમિમાં, જે મહર્ષિઓના ઘોષવાળા દેશમાં અમે જન્મ્યા છીએ, તે દેશમાં લાખો-કરોડોની જે કિંમત નથી તે કિંમત સત્ય અને નીતિ જાળવવાની છે. અમારે ત્યાં વિશેષતા છે સત્ય ને નીતિમાં ચુસ્ત રહેવાની ! લોભનાં લંગર મૂકો, તો સત્ય ને નીતિનો સંગાથ થાય ! નહિતર તેનું કામ નહિ ! ધનને એક તો લોભે જૂઠ તરફ પેર્યો ને બીજો અજ્ઞાન દોષે ! અહીં જેમ લોભમાં મોટા-મોટા લાભ દેખાય છે, તેમ અજ્ઞાનમાં જતાં મોટા આલોક-પરલોકના ભય દેખાતા નથી, માટે જૂઠ બોલાય છે ! હમણાં આંખ આગળ દેખાય કે આ જૂઠ બોલ્યો ને જીભ કપાઈ કે જડ થઈ ગઈ, આ આંખ આગળ દેખાય તો થાય કે હવે ચોરી ને જૂઠ નથી સેવવાં - પણ એ બનતું નથી, ને અજ્ઞાન એ પરલોકના ભય દેખાવા દેતું નથી !

જૂઠ અને અનીતિ જે આજે કરાય છે તે ફોરાં હૃદયથી કે ભારે હૃદયે ? ગંભીર ભૂલ દેખાય છે કે સામાન્ય સમજીને ? કસાઈને જ આપણે કહીએ કે આ બકરું કાપે છે તું ? તો એ કહેશે 'અરે ! એ તો અમારે રોજનો વ્યવહાર થઈ ગયો.' જૂઠ ને ચોરીનું પાપ કરતાં, વિચાર નથી માટે, વાત મામુલી ! ને હલકા દિલથી !

**જે પાપ ફોરા દિલથી હૃદયના જરા પણ આંચકા વગર કરતાં શીખી ગયા, તે પાપથી છૂટકારો એક જન્મમાં નહિ, અનેક જન્મમાં થવો પણ મુશ્કેલ !** મામુલી પાપ માને એટલે સહેજે કેમ છૂટે ? રાત્રિભોજન કરનારા, કંદમૂળ ખાનારા, અકૃત્યને આચરનારા જે મામુલી માનીને કરે છે, તે ઝટ ન છૂટે ! પાપ મામુલી માને છે માટે જિંદગી સુધી એ પાપથી બહાર નીકળવાનો નહિ. ને ભવો સુધી છૂટકારો મળવાનો નહિ ! આજના યુગની આ ભયંકરતા છે કે પાપ તો વધ્યાં તો વધ્યાં, પણ પાપ કરતી વખતે દિલનું ભારેપણું ય ન રહ્યું. ઉત્તમ આર્યસંસ્કૃતિ મળી છે, પણ વિચાર નથી કરવો કે 'જે પાપ સેવું છું એના કેટલાં ભયંકર પરિણામ છે ? એકેન્દ્રિય વગેરે યોનિઓ મહામુશીબતે વટાવી આ માનવ જીવનની ઊંચી સપાટી પર આવ્યો. કુસંસ્કારો અને પાપબુદ્ધિઓને તોડવાનું જીવન તે એ કુસંસ્કારોને દઢ



કરી રહ્યું છે ! એકલી લક્ષ્મી જ જૂઠું બોલાવે છે, પાપ કરાવે છે એમ નહિ, પણ પૂર્વની વાસનાઓ લઈને જ આવ્યો છે, અને અહીં વિચાર નથી કરતો, માટે પાપમાં પ્રેરાય છે ! તેમાં વળી જૂઠ ને અનીતિ હાલતાં ચાલતાં કરતાં શીખ્યો એટલે પેલી નબળી બનવા આવેલી વાસનાઓ ગાઢ ને પુષ્ટ બને છે; ઘણાં કુસંસ્કાર ને ઊંડા કુસંસ્કાર થાય છે ! ઘણા કુસંસ્કાર એટલે ઘણા ક્ષેત્રોમાં જીવનનાં પાપ કરાવે ! ને ઊંડા એટલે ચમરબંધી ગુરુ મળે પણ એને ઉખેડી શકે નહિ ! સિમેન્ટ-કોંક્રિટના પાયા નંખાઈ ગયા ! બસ હવે વીતરાગની જોરદાર વાણી પણ એને ઉખેડવા સમર્થ ન બને ! જૂઠ અને ચોરી-અનીતિની ટેવ એ એવી જાલિમ દુર્ગુણ છે કે એ હોંશપૂર્વક સેવાય છે, હૃદયને ભારે અપવિત્ર કરે છે, અને આત્મામાં ઊંડી જડ ઘાલે છે.

**અસત્ય અને અનીતિના ખતરનાક પરિણામો** જરા વિચારો.

(૧) પરલોકના ભવો કેવા ભયંકર સર્જાય ?

(૨) કુસંસ્કારો કેવા દઢ અને દીર્ઘાયુષ્ક થાય ?

(૩) બીજા કેટલા દોષો પોષાય ? (૪) કુટેવોની પરંપરા કેવી ચાલે ?

(૫) આબરૂના કેવા કાંકરા થાય ? (૬) જંપ નહિ, પણ ચિંતાની હોળી કેવી ?

આ ઘોર આપત્તિઓ આંખ સામે રાખીએ એટલે જૂઠ-ચોરીની સામે જોવાનું મન ન થાય. આ ધનકુમાર લાભના લોભના લંગરમાં પડ્યો ને આ આપત્તિઓના અજ્ઞાનમાં પડ્યો એટલે કહે છે 'આપને રાખવા જેવું મારી પાસે કાંઈ છે નહિ.'

મંત્રી કહે છે, 'સ્પષ્ટ કહે.'

આ કહે છે ઓહો ! શું આપને કંઈ ફેરફાર બોલાય ? એનો અર્થ, જે આપ તપાસ કરવા બેઠા છો તે અંગે કંઈ તપાસ કરવા જેવું નથી.' બસ અહીં તો પાસા પોબાર !

મંત્રીઓ એને છૂટો કર્યો. પોતે પણ હૃદયમાં ટાઢક અનુભવી ! જીવની અજ્ઞાન દશા શું કામ કરે છે ! ઘડી પછી ભારે આપત્તિ આવવાની હોય, પણ ભાવીના ગર્ભમાં શું છે એની ખબર નથી, એનું અજ્ઞાન છે, માટે વર્તમાન મનગમતાથી હર્ષમાં રાચે છે, હોંશમાં માચે છે, અને હોશિયારીમાં નાચે છે ! બાકી તો જો જોવા જાય તો દેખાય કે જૂઠ બોલ્યા પછી કે ચોરી કર્યા પછી એવા કેટલાય મુદ્દા ઉપસ્થિત થાય છે કે ત્યાં એક યા બીજી રીતે પકડાવાનું, ફસાવાનું બને છે. ધન જાણે છે કે માલ ઉપાડ્યો છે, પકડવામાં આવ્યો છે, કદાચ જૂઠું બોલી લે તો પણ જડતી લેવાનો સંભવ છે. જડતી લે તો છૂપું ક્યાં રહે ? પણ લોભ ને અજ્ઞાન એવી ચીજ છે કે આશામાં ને આશામાં જીવને નાશના માર્ગે દોરી જાય છે. તત્કાલ

લાભ દેખાય પણ પરિણામે વિનાશ !

**ધનને જવા દે છે, પણ :-** 'મારી પાસે કંઈ શંકા કરવા જેવું નથી, આ તમારી આગળ કાંઈ જૂઠ કહેવાય ?' એમ કહ્યું એટલે મંત્રીએ કહ્યું. 'જાઓ !' પણ ક્યાં જાય ? એ બહાર નીકળવા જાય છે ત્યાં જ મંત્રીના ઘરના આંગણામાં એક વાંદરો બંધાએલો હતો, તે અચાનક છૂટ્યો ! વાંદરાની જાત, પરદેશીને દેખીને એને ચોંટ્યો ! એનું કપડું ચીર્યું ! ચીરાયું એવું કે હીરાની કંઠી સપ્તર્ષિ તારાની માળાની નીચે પડી ! હીરાની કંઠીનો ચારેકોર પ્રકાશ પથરાઈ ગયો. તેવી તે કિંમતી અને તેજસ્વી હતી ! એક બાજુ હજુ વાંદરો વળગેલો છે, બીજી બાજુ કંઠી પડી છે. તે લઈ લેવાની વાત તો દૂર, પણ વાંદરાને છોડાવવો મુશ્કેલ થઈ પડ્યો છે !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૨૮,તા.૨-૪-૧૯૬૦

### ભાગ્ય જીવની સામે હસે છે :-

વિચારજો, મંત્રીએ સજ્જનતાથી કપડાંની જડતી લીધા વિના જવા દીધો છે, હવે આપત્તિની કોઈ બીક રહે ? મંત્રી જવા દે એટલે કોટવાળ તો પછી કશું પૂછે જ શાના ? 'બસ, ચાલો આફત ટળી, માલ પચ્યો !'- એમ લાગે ને ? પણ કહો એવું મનને લગાડેલું શા કામનું ? ભાગ્ય જાણે જીવની સામે હસે છે, 'મૂર્ખ ! ભલે તારી કોઈ ધારણા દુઃખની ન હોય, તું ચાલાકીથી છેલ્લી આપત્તિમાંથી છૂટ્યો માનતો હોય, પરંતુ અલકમલકના અવનવા સર્જનાર મને તું ક્યાં ઓળખે છે ? તું ક્યાં મારી ગણત્રી રાખે છે ? પરંતુ નાદાન છે તું; જોઈ લે કોઈ અણચિંત્યા નિમિત્તથી ફસાઈ જવાનો.'

**બધાની ગણત્રી, માત્ર ભાગ્યની નહિ :-**

વાત સાચી છે, માણસ બધું લેખામાં લે છે, માત્ર ભાગ્ય નહિ. આટલી હોશિયારીથી આટલું મળે; આટલી લાગવગથી આટલું કામ થાય; આવી દુકાન, આવો વેપાર, આવા ને આટલા ગુમાસ્તાઓ,-એનાથી આટલી આવક થાય; આવી સારી પત્ની, પુત્રો વગેરેથી આવું આવું સુખ મળે...' વગેરે વગેરે કેઈ વસ્તુઓની ગણત્રી કરે છે, માત્ર ભાગ્યની નહિ. ખરી રીતે બધાની ઉપરવટ થઈને છેલ્લું લેખું ભાગ્યનું ચાલે છે. એનીજ ગણત્રી નહિ ?

**પ્ર.**- એવા ભાગ્યની ગણત્રી રાખ્યા કરવાની હોય તો તો પછી બીજું કશું કરવું જ ન જોઈએ.

**ઉ.**- કોણ ના પાડે છે ? પાપ-આરંભ કશું કરવા જેવું નથી. પણ એમ કાંઈ



તમે થોડાં જ અટકો એવા છો ? ઠમઠોક પ્રવૃત્તિ કરવાના. ત્યાં અમારું એટલું કહેવું છે કે ભાગ્યની મુખ્ય ગણત્રી રાખ્યા કરો. જેથી અસત્ય-અનીતિ કરી ભેગું કરવાનું મન ન થાય, એ રીતે સાચવવાનું મન ન થાય. કેમકે 'એવું સંઘરેલું-સાચવેલું, ભાગ્ય, બીજી રીતે પડાવી લેશે તો ?' આવી ભાગ્યની ગણત્રી રાખવાની છે. એમ, સત્ય-નીતિ જાળવવા છતાં પૈસા ખોયા, તો ભાગ્યની ગણતરી આશ્વાસન આપશે કે 'હોય, ભાગ્ય અવળું હોય તો આમેય બને. એમાં ચિંતા શી ? સંતાપ કોણ કરે ?' ભાગ્યની ગણત્રી તો ઈર્ષ્યા, વેરઝેર દગોફટકો, હાયવોય, વગેરે કેટલાય દોષોથી બચાવી લે છે; ને મનને દૃઢ, સાત્ત્વિક, પ્રફુલ્લિત રાખે છે,

ધનકુમાર હીરાની કંઠીની માયામાં ભાગ્યની ગણત્રી ચૂક્યો. મંત્રીને સમજાવીને હવે નીકળવા જાય છે ત્યાં વાંદરે પોકળ ખુલ્લું પાડ્યું. કંઠી નીચે પડી ને મંત્રીએ લીધી, અને ધનને વાંદરાની પકડમાંથી છોડાવ્યો. કંઠી જોતાં એના દિલમાં આઘાત લાગે છે ! રાજાને ત્યાં જે ચોરી થઈ તેમાંનો આ માલ નથી. નહિતર શાનો આઘાત લાગી જાય ? હવે તો વસ્તુ મળી તો આનંદ થાય પણ મંત્રીને આઘાત થયો ? શાથી ? એને લાગે છે કે 'ખરે જ રાજપુત્રીનું કોઈ ભયંકર અમંગળ થયું લાગે છે ! અકુશળ થયું લાગે છે ! નહિતર આ માળા આની પાસે ક્યાંથી હોય.'

**इदं तृतीयं वस्तु** નીકળી ! વાત તો ચોરીના માલની ચાલતી હતી, એના બદલે હવે એનાથી પણ ગંભીર વાત ઉપસ્થિત થઈ !

'આ કંઠી તો રાજકન્યાના ડોકમાં રહે; તે આના હાથમાં આવી શી રીતે ?' રાજકુમારી પર ભયંકર આપત્તિની આગાહી કરે છે, એટલે તરત પૂછે છે, 'કેમ ભાઈ ! આ તમારી પાસે ક્યાંથી ?'

મંત્રી ડાહ્યો છે, પુરું જાણ્યા વિના જહાંગીરશાહી ચલાવે એમ નથી.

**મોટા તંત્ર જેને ચલાવવાં હોય તેનામાં મોટી ગંભીરતા જોઈએ.** પૂરી તપાસ કર્યા વિના ઊછળી પડવાનું હોય નહિ, નહિતર ન્યાય ને બદલે અન્યાય થઈ જાય, અને ઊછળી પડવાની પણ જરૂર પણ શી ? માલ હાથમાં આવ્યો છે, શંકાસ્પદ ગુનેગાર હાથમાં છે, હવે નરમાશથી પૂછવામાં શું જાય ?

મંત્રી નરમાશથી પૂછે છે, 'હે કલ્યાણ પુરુષ ! આ માળા તારી પાસે ક્યાંથી આવી ?'

ધનના હૃદયમાં સંકોચ ઊભો થઈ ગયો છે. ડૂબતો માણસ તણખલાનું આલંબન લે તેવું આ આલંબન લઈ રહ્યો છે.

એ કહે છે, 'વહાણ લઈને ક્યારેક હું મહાકટાહ દ્વીપ પર ગયો હતો. ત્યાં મેં એ કંઠી ખરીદી હતી. પછી ત્યાંથી હું પાછો ફરતો હતો, એમાં વહાણ ભાંગી

ગયું, ને દૈવયોગે માત્ર માળા મારી પાસે રહી ગઈ. આટલી જ સંપત્તિ બચી ગઈ, બીજું બધું ગયું સમુદ્રમાં.'

એક જૂઠ શરૂ કર્યું, હવે એની પરંપરા માટે તૈયાર થઈ જાઓ ! અંગ્રેજીમાં કહેવાય છે, 'one who tells a lie has to be ready for a score of lies' એક અસત્ય બોલ્યો કે કોડી અસત્ય માટે તૈયાર થઈ રહેવું પડે છે ! પહેલે તબક્કે જ ખોટી રજુઆત કરી ! અહીંયાં સત્ય બોલ્યો હોત તો પ્રાયઃ વાંધો ન આવત. 'દરિયા-કાંઠેથી આ વસ્તુ મને મલી છે,' એમ કહી શકાત. જીવનમાં પ્રસંગ એવા આવે છે કે જે કોઈ વેળા જીવને ધર્મ સંયોગોએ મળીને સંસારને ટૂંકો કરવાની સ્થિતિ ઊભી કરી હોય, પણ જગતનો પ્રસંગ એને પહોળો કરી આપે છે ! 'કિંમતી માલ છે. સાચું શી રીતે કહેવાય ? પકડાયા, તો પણ એની કબુલાત કેમ કરાય ?' કંઠીનો લોભ અને શાહુકારી બજાવવાની ધગશ એવો વિચાર કરાવે છે કે 'એમ કહીએ કે મેં ખરીદેલી હતી, એટલે કંઠી રહેશે અને શાહુકારી દેખાશે.'

**લોભ-અજ્ઞાનના ચક્રાવે ભમવાનું :-**

મોહાંધતા મનુષ્યને કેટલા ચક્રાવામાં ભમાવે છે ! માલનો લોભ, પાછો શાહુકારીનો લોભ, અને દુર્ભાગ્યની રમતનું અજ્ઞાન અગર બિન ગણત્રી, આ બધું લોભ-અજ્ઞાનના ચક્રાવે ભમવાનું છે. જીવનના એક જ પ્રસંગ અગર પદાર્થ ઉપર આવા ચક્રાવે ન ચઢે તો અનેક પ્રસંગો-પદાર્થો ઊભા છતાં સંસારને ટૂંકાવવાનું બને છે. સમ્યગ્દર્શન પામેલા ભાગ્યવાન આત્માઓ ઢગલાબંધ પ્રસંગ પર સંસારને ટૂંકો કરનારા બને છે. તમને આશ્ચર્ય સાથે પ્રશ્ન થશે કે,

**પ્ર.**- સાંસારિક વૈભવ અને આરંભ-સમારંભના પ્રસંગો પર સંસાર ટૂંકો કરવાનું બને ?

**ઉ.- હા, સમ્યકત્વની એ કળા છે કે તત્ત્વના સમ્યગ્દર્શનથી આરંભ-પરિગ્રહના પ્રસંગોને સ્વાત્માનો એક સનેપાત લેખાવે છે.** તે સનેપાત પણ અજાણપણે નહિ કિન્તુ જાણમાં કરી રહ્યો છે એમ એને ભાન છે. તેથી જ એવી સનેપાતની ક્રિયા અને સનેપાતના વિષયો પ્રત્યે લેશ પણ એને આસ્થા નથી, બહુમાન નથી, નિરાંત નથી, નિર્ભયતા નથી, એને તો સમ્યગ્દર્શનના યોગે આરંભ-પરિગ્રહ અને ઈન્દ્રિય-વિષયોના પ્રસંગો પ્રત્યે હૃદયની કટ્ટર અશ્રદ્ધા, અનાદર, ભય અને કંપ છે. એને જેમ જેમ એમાં સંડોવાવું પડે છે, તેમ તેમ આ સનેપાતની રમત પ્રત્યે ભારે જુગુપ્સા અને નિરારંભ-અપરિગ્રહી જીવનચર્યા પ્રત્યે ભારે આસ્થા-પ્રીતિ અને જિગૃષા અર્થાત્ સ્વીકારવાની તમન્ના જાગે છે. ત્યાં તત્ત્વચિંતન જાગતું અને વધતું રહે છે, શુભ અધ્યવસાયો ઊછળતા-વિકસતા રહે છે. શુભ ભાવનાઓ ઝગમગતી રહે છે.



તમને થશે 'હેં ? સમ્યકત્વની ભૂમિકામાં આટલું બધું ?' પણ સમજો કે સમ્યકત્વ એ તમે સમજતા હો એવું સરળ કે સહેલું નથી, એવું સામાન્ય શ્રદ્ધાનું નથી, એટલી બધી વિકાસવાળી આત્મદશા બનાવો, સમ્યકત્વની કળામાં પ્રવીણ થાઓ તો સમ્યકત્વનો અનુભવ થાય; પછી ઉપરના ગુણસ્થાનક સ્પર્શે, જીવનના આરંભ-પરિગ્રહ-વિષયોના પ્રસંગોની સામે ઝઝૂમે એવા તત્ત્વચિંતન, શુભ અધ્યવસાયો, શુભ ભાવનાઓ, વગેરે વિકસતા ચાલે, તો કેઈ કર્મોનો વિધ્વંસ થાય છે, અને સંસાર પરંપરા ચલાવનારા કર્મોના અનુબંધ વિચ્છેદ પામી જાય છે; તેથી સંસાર ટૂંકો થાય એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? સમ્યગ્દર્શનની આ તાકાત છે, કળા છે, ચતુરાઈ છે. કહો,

**સમ્યકત્વ એ કળા છે, મિથ્યાત્વ એ મૂઢતા છે.**

સમ્યકત્વની કળા આરંભ-પરિગ્રહાદિના અનેક પ્રસંગો ઉપર પણ સંસારને ટૂકાવી શકે છે ! ત્યારે મિથ્યાત્વની મૂઢતા એકાદ પ્રસંગ પર પણ સંસારનો વિસ્તાર કરે છે. બસ, મૂઢતા મૂકી કળા વાપરતાં આવડવું જોઈએ. જગતના રકમબંધ પ્રસંગોની પાછળ જૂઠ-અન્યાય, માયા-મમતા, સ્વાર્થાંધતા-મોહાંધતા, હર્ષ-ઉદ્વેગ વગેરેના વિસ્તાર કરવાનું છોડી દેવાય તો સંસારનો પણ વિસ્તારનો થતો અટકે. બાકી તો અનેક શું, એક પ્રસંગ પર પણ જો એ જૂઠ વગેરેના વિસ્તાર ચલાવ્યા તો સંસારનો વિસ્તાર થતો ચાલ્યો સમજો.

ભરત ચક્રવર્તી સમસ્ત ભરત ક્ષેત્રના સમ્રાટ રાજા, ચૌદ રત્ન અને નવ નિધાનનાં માલિક, એમને પ્રસંગો ઓછા ઊભા થયેલા ? છતાં અરીસા ભવનમાં કેવળજ્ઞાન પામવા જેટલી સ્થિતિએ શી રીતે પહોંચ્યા ? કહો પ્રસંગો બહારથી જેવા અને જેટલા છે એને પાછા મનની વિવિધ કુવૃત્તિઓથી વિસ્તારવાની વાત નહિ. ભરત ચક્રવર્તી એકલા જ નહિ, પણ એમની પછીની સાત પાટે રાજાઓ અરીસાભવનમાં કેવળજ્ઞાન પામ્યા ! આવેલા પ્રસંગને વિસ્તારવાને બદલે ટૂંકાવવાની કળા આવડવી જોઈએ. નહિતર મળવામાં તો માટીના ભાંડા હોય, ખાવામાં કોદરા હોય અને રહેવામાં ઝૂંપડા હોય, છતાં માનસિક કુવૃત્તિઓ લોભ-તૃષ્ણા-સ્વાર્થ-હર્ષ-ઉદ્વેગ વગેરેના વિસ્તારથી સંસાર લાંબોલચક વિસ્તરે.

ત્યારે પૂછો માનસિક કુવૃત્તિઓ કેમ વિસ્તરે છે ?

ઉત્તર એ છે કે આત્મા બહિરાત્મા બન્યો રહે છે અને અંતરાત્મદશા તરફ જોતો સરખો ય નથી તેથી લોભ-તૃષ્ણાદિ કુવૃત્તિઓ યથેચ્છ મહાલ્યા કરે છે. આ બહિરાત્મદશા અનાદિ અનંત કાળથી પોષાતી ચાલી આવી છે. આ ઉત્તમ ભવમાં ય, જુઓને, જન્મ્યા પછી એને કેટલી પોષી છે ! તેથી બહિરાત્મદશામાંથી

અંતરાત્મદશા ભારે ચીવટ અને ચોક્કસાઈપૂર્વક ઊભી કરવાની છે. 'હું કોણ ? મારા મિત્ર કોણ ? મારા અંદરના દુશ્મનો કોણ છે ? મારી આંતર મૂડી કેમ વધે ? આવો આવો આ વિચાર હોય તે **અંતરાત્મા.** 'હું જાતે કોણ છું,' વગેરે જોવાને બદલે 'હું રૂપાળો દેખાઉ છું કે કાળો ? મારી મૂડી બેંક કે પેઢીમાં કેટલી છે ? મારા બહાર દુશ્મન કેટલા ? આ બધા વિચાર જેના મનમાં રમે છે તે **બહિરાત્મા** છે ! અંતરાત્મા એટલે અંદરમાં રમતો આત્મા !

બહિરાત્મા એટલે બહાર રઝળતો આત્મા ! બહારની પૈસા-પરિવાર-પ્રતિષ્ઠા વગેરે વસ્તુમાં જ ડૂબી ગયેલો ! અંતરાત્માને એ જોયા કરે છે, 'આ જીવનમાં જન્મ્યા ત્યારે આપણી પાસે કષાયનો ભાર કેટલો હતો ને આજ શું સ્થિતિ છે ? પુણ્યનો સ્ટોક વધાર્યો કે પુણ્ય ખાઈ ગયા ?' સમકિત આવે ત્યારે તો આ વિચારણા તાત્ત્વિક થઈ જાય. એનો અર્થ એ કે અંદરમાં જોવાનું હોય તો જ જાણેલાની શ્રદ્ધા ખરી, નહિતર નામની શ્રદ્ધા ! બહાર રખડવામાં શ્રદ્ધા પોકળ ! શ્રદ્ધાને વ્યાજબી ઠરાવવી હોય તો અંદરમાં રમતા શીખો !

સમકિતી આત્મા બહાર જાય છે ખરો પણ એની નજર એ છે કે આ જરા થોડું ઘણું સાચવી લઉં પછી મારું જ્ઞાન-ધ્યાન-સામાયિક થઈ શકે, આત્મહિત સાધી શકાય. પૈસા કમાય પણ ભવિષ્યમાં પૈસા ઓછા કરવાની વિચારણામાં હોય ! ખાય ખરો પણ ભવિષ્યમાં તપ કરવા માટે ! પૈસા કમાવાના એના એ પણ દૃષ્ટિમાં ફરક છે એકને એમ છે કે 'પૈસાની કિંમત છે' માટે કમાવા જઈએ છીએ ! બીજાને એમ છે કે 'ચોરી કે યાચના ન કરવી પડે માટે પૈસા કમાવા જઈએ છીએ !' મધ્યાહ્ન કાળની પ્રભુ પૂજા કરીને જમીને પછી જાય કમાવા, બહિરાત્માને એ ચિંતા નથી. એને તો 'બસ, પૈસા લાવો-ઊડાવો.'

'ઘરમાં રહીને ધર્મ થાય ? હા, તેનાથી મોક્ષ મળે ? હા !' આવું બતાવી દો ને કે દીક્ષા લેવી ના પડે ને કામ થઈ જાય ! ના, આવો વિચાર ન રાખતા, એવો વિચાર રાખશો તો ધર્મ નહિ થાય ! ઘરમાં પણ એમ લાગવું જ જોઈએ કે 'ક્યારે એવી સોનેરી ઘડી આવે કે હું જીવ સંહારમય સંસાર છોડી ચારિત્ર લઈ લઉં' એ પાયો નખાય, પછી ઘરમાં રહ્યા પણ ધર્મની વૃત્તિ રાખી શકે !

શાની કળા ? જીવનના વિવિધ પ્રસંગો આવતા જાય ને બધામાંથી સંસારના સંકોચની તારવણી કાઢતો જાય. નહિતર તો એક જમવા બેઠા ત્યાંય સંસારનો સંકોચ પણ થાય ને વિસ્તાર પણ થાય ! લાલચુ એની એ થાળી પર વિચારશે 'આજે મિષ્ટાન્ન છે માટે સત્તર આની પેટ ભરો !' પણ જાગતો છે તે વિચારશે કે 'ભોજન ભારે છે આજે, માટે ઓછું રાખું જેથી વિકાર થઈને મન ન બગડે !'



**જેટલા પ્રસંગ આવે તેમાંથી તારવણી આ કઢાય કે મન ન બગડે એવું કર.**

જો નિંદામાં, કુથલીમાં, પાપકથામાં ઊતર્યો, તો સંસારની ખાડ ઊંડી ખણાય, પણ ધર્મકથા કહીએ તો સંસારનો સંકોચ થાય ! ધારો કે એક પ્રસંગ ઊભો થયો કે 'આ વખત કેવો આવ્યો ? વેપાર ધંધા તૂટી ગયા !' તો હવે અહીંયાં જો એમ ચલાવ્યું કે 'અરે, દુનિયામાં બધે લાહ્ય સળગી છે ! આ સરકાર તો શું કરવા બેઠી છે ! આપણે મોકલ્યા ધારાસભામાં એમને ચૂંટીને, એ જ સળગાવી નાંખે !' તો ઉપડ્યો, મોટો વિસ્તાર કર્યો એક પ્રસંગનો ! એની બદલીમાં જો પોક સાંભળી લઈને, મૌન રહી બોલનારની અજ્ઞાન દશામાં વિચારતાં હાલતાં થઈ જવાનું કરાય, અગર જવાબ આપતાં આવડે તો વિસ્તાર અટકી સંકોચ થાય. કહેવાય, 'અરે ! **કર્મની જોહુકમી એનું નામ કે આપણે લાખ વાતે ગુણિયલ હોઈએ છતાં આપણને બરબાદીમાં મૂકે !** આપણા પર પ્રતિકુળતાનો મેઘ વરસાવે, ડગલે ને પગલે તકલીફ આપી હેરાન કરે ! આમાં બીજાનો વાંક શું કાઢો છો ? અને કર્મનો ય વાંક કાઢી કાઢી રાંડીરાંડની જેમ રોદણાં શા રોવાં ? મરદ છો તો એ વિચારો આપત્તિ આવો ! 'સહવા તૈયાર છું. એથી કચરો જાય છે.'

**આપણે ગુણિયલ છતાં પૂર્વના કર્મ પીડે :-**

સીતાજીને સેનાપતિએ જંગલમાં ઉતારી નાખ્યા ! ને રામનો સંદેશો કહ્યો ત્યારે કર્મ સિદ્ધાન્ત સમજનારા સીતાજી સ્વસ્થતા રાખી કહી શકે છે, એમનો કોઈ દોષ નથી. દોષ મારા કર્મનો છે, પણ જો સીતાજીની જગાએ કોઈ કાચું-પોચું હોય તો પથરો લઈને માથું કૂટે ! ને નદીમાં દેહને હોમી દે ! તમને કલ્પનામાં આવતું નથી કે આ કેવો પ્રસંગ છે ? ચૌદ વર્ષ રામની સાથે વનમાં, પછી રાવણને ત્યાં કેદ ! પછી માંડ છૂટીને અયોધ્યામાં આવી મહારાણી પદે બિરાજ્યા ! પેટમાં ગર્ભ છે ને રાજરાણી જ્યારે માતા બને, ત્યારે ઉલ્લાસનો પાર ન હોય ! તે વખતે એકલા અટૂલા, ન કોઈ શહેર કે ગામડું, ભર જંગલમાં જવું પડે ! કહી દે છે સેનાપતિ કે રામનો હુકમ છે આપને અહીં એકલા મૂકી દેવાનો ! આવું બને ત્યારે કહેવાય સામે કે 'આ સંભળાવે છે તે સાથે તલવાર કાઢીને કાપી નાખ મારું માથું ! શું બોલે છે તું ? આમ તારા રામે કહ્યું ?' રામ 'મારા' નહિ, 'તારા' થઈ જાય ! જંગલમાં ય જીવતા તો રહેવા દે છે ને ? ના તે નહિ, મોત માગી લેવાનું મન થાય. તમારા સંસારમાં આવું બને કે નહિ ? અહીં રામની વાતમાં તો અછેરું છે, કેમકે સીતાજી મહાગુણિયલ સતી છે ! રામ ગુણનિધાન પુરુષ છે. છતાં રામ આ હુકમ કરે છે ! કોઈ દાસી વગેરે માણસ નહિ ! તમારે ને અમારે જાણે કાંઈ સંબંધ નથી તેવો વ્યવહાર ! સેનાપતિ એમજ ચાલી ગયો ? ના, સીતાજી એવા

રામને સેનાપતિ દ્વારા ધર્મનો સંદેશો સારી રીતે મોકલી શક્યા !

એવા ભયંકર સંયોગમાં એ ધૈર્ય તે શી રીતે રહી શકે ? રહી શકે આ સિદ્ધાંત પર કે આપણા કર્મની ખૂબી એનું નામ કે આપણે લાખ વાતે ગુણિયલ હોઈએ છતાં આપણા પર એ પ્રતિકુળતાના મેઘ વરસાવે ! કર્મ જાણે સીતાને કહે છે, 'તારા ગુણની કોઈ કદર નથી જો મારો ઉદય થયો છે તો. તારા ખાસ સ્નેહી પતિ તને જંગલમાં મૂકી દે એવું કરું છું, પણ જો જીવ કહી દે, તે હું ઓળખું છું તને, તો પછી રોવાનું કંઈ નહિ ! કર્મની ખૂબીનો આ સિદ્ધાંત જો જીવનમાં અપનાવીએ તો પછી કયું દુઃખ છે કે જે વિહ્વળ બનાવી શકે ?

**'આપણું દુઃખ એટલે આપણા પાપનો પરિપાક'** આ સનાતન સિદ્ધાંત છે !

'જો એને મારું નુકશાન જ કરવું છે, ને મારા લાખ ગુણ પર એને શાબાશી માનવી નથી તો ભલે એ લાખ ગુણ પર એક ઓર પ્રસન્નતાપૂર્વક **સહિષ્ણુતા ગુણનો ઉમેરો કરીશ. સહર્ષ સહન કરીને એ કર્મના મૂળભૂત મારા દોષનાં બીજ બાળી નાખીશ.'**

**ભગવાન કેટલાં ગુણવાળા ? અને તમે ?**

કર્મનો ઉદય જાગ્યા પછી તીર્થંકર ભગવાન પણ એને હાથ દઈ શકતા નથી. જગદ્‌ગુરુ વીર પરમાત્માને પણ અશાતા પાપનો ઉદય જાગ્યો ત્યારે ગોશાલાની તેજોલેશ્યાએ એમને દઝાડ્યા. તેમને પણ છ મહિના રુધિરના ઝાડા થયા ! કેવળજ્ઞાની એટલે શું ? અનંત ગુણનો ખજાનો ! જીવને પૂછો 'એવો ખજાનો છે તારી પાસે ? ત્યાં તો અનંત ગુણોનો આવિર્ભાવ થયો છે છતાં એ ગુણોની પણ પાપને શરમ નથી ! તો તારી શી શરમ ?

પાપનો ઉદય એટલે દુઃખ; એને આપણા લાખો ગુણોની શરમ નહિ ! ત્યાં આપણું કર્તવ્ય છે કે એનામાં જો ફેરફાર નથી કરી શકતા તો ઉદાસીન ભાવે રહેવું. એના તરફ ટટાર રહેવું, કહી દેવું એને, કે **'તું તારું બજાવ, હું મારું બજાવું છું.'** ઘરમાં લાહ્ય લાગી હોય ને જોયું કે અહીં બચાય તેમ નથી, તો લાહ્યને કહેવાય છે કે 'તારે સળગાવવું હોય તેટલું સળગાવ, હું મારે મારો કિંમતી ડબો લઈને જાઉં છું !' બસ, પાપની લાહ્યમાં એવું આત્મ ધન રક્ષણ કરી લેવાનું છે ! પાપના ઉદયને આ કહી દેવાનું કે 'તું તારું બજાવ, હું મારું બજાવું !' ક્યારે કહો છો ? સવારે કે સાંજે ? રવિવારે કે સોમવારે ?

**ભયંકર આપત્તિમાં જો મહાન સ્વસ્થતા રાખવી હોય તો આટલું વિચારો.**

૧. 'કર્મના ઉદયને આપણા ગમે તેટલા ગુણો કે લાયકાતની શરમ નથી. એવા નફ્ટની સામે દુઃખ શું કરવું ?'



૨. 'કર્મના ઉદય ભોગવ્યા વિના એ કર્મ આત્મા પરથી છૂટા થતાં નથી, ને ભોગવ્યાનો અર્થ જ એ, કે એ હવે ચાલતાં થાય છે. પછી દુઃખ શા માટે માનવું ?'

૩. 'કર્મના ઉદયને કહી દો કે તું તારું બજાવ, હું મારું બજાવું છું, હું મારું આત્મધન સાચવી લઉં છું.'

૪. 'કર્મના ઉદય આત્માના શુદ્ધ સ્વરૂપને મૂળમાં કાંઈ જ આંચ કરી શકતા નથી. મારો આત્મા અવિકારી અછેદ્ય-અભેદ્ય છે, મારે શા સારું વિકાર અનુભવવો ?'

૫. 'આપત્તિ એ અગ્નિ પરીક્ષા છે, એમાં આત્મારૂપી સુવર્ણને કસાવાનો-શુદ્ધ થવાનો અવસર છે, તો દુઃખ શું કરવું ?'

અંતરાત્મ ભાવનો પ્રકાશ ઝગમગવાથી આવી-આવી વિચારણા રાખવા દ્વારા જીવનના પ્રસંગોને સંસાર ટૂંકાવવામાં ઉપયોગી બનાવી શકીએ છીએ.

**ધનકુમારની જડતી :-**

પ્રસંગ એ ચાલે છે કે ધનકુમાર ભૂલો પડી ગયો, ધ્યાન રાખ્યું નહિ ! એક જૂઠા પછી બીજું જૂઠ ! કંઈ વિચાર ન કર્યો ! લોભને વશ માની લીધું કે એક જૂઠું પોબાર થઈ ગયું એટલે બીજું પણ જૂઠું પોબાર થઈ જશે ! સહેજે વાત બની હોય તેમ દ્વીપ પર માળા ખરીદ્યાનું કહી દે છે. આ તો સામે મંત્રી છે ! તે પૂછે છે. 'વારું તમે એ માળા ક્યારે ખરીદેલી ?' એને અંકોડો મેળવવો છે કે આ માળા રાજકુમારીની છે, તો અહીંથી તે કુમારીના પરદેશ ગયા પછી ખરીદી આણે કે પહેલાં ?

'એક વર્ષ થયું ?' ધનકુમાર કહે છે.

ઝટ મંત્રીના મનમાં વિચાર આવ્યો 'અરે ! આ શું કહે છે ? આ હીરાની કંઠી કુમારીને આપ્યે જ ત્રણ માસ થયા છે ને તેને ગયે તો બે માસ થયા છે, તો કંઈ જોગ ખાતો નથી ! ગમે તેમ પણ હીરાની કંઠી એ જ છે. એમાં ફેરફાર નથી ! પણ આ બોલે છે વિચિત્ર ! માટે લાગે છે કે આ કંઈ ઠીક નથી બોલતો ! અપલાપ કરી રહ્યો છે ! હવે આ માણસ વિશ્વાસ કરવા લાયક એ વાત નહિ ! માટે રાજાને જ જણાવવી ! જઈને જણાવી રાજાને; રાજા સાંભળીને આકુળ વ્યાકુળ થઈ ગયો !

**રાજકુમારી પર આપત્તિની શંકા :-**

'ઓહો ! તો તો દીકરીનું શું થઈ ગયું હશે !' મંત્રીએ માળા રાજાને આપી ! રાજાએ ખજાનચીને બોલાવી પૂછ્યું, 'જુઓ તો ત્રણ માસ પહેલાં કન્યાને

કંઠી આપી હતી તેજ આ છે, કે બીજી ?

'મહારાજ એજ !' ખજાનચી કહે છે. રાજા ધૂંઆપૂંઆ થઈ કહે છે, 'બસ બસ ! કોણ છે એ માળા લાવનારો ?'

'આ છે પરદેશી !'

'બસ, કાં એણે રાજકન્યાને લૂંટીને લઈ લીધી કાં એને મારીને લઈ લીધી. રાજકન્યા કાંઈ વેચવા જાય નહિ, માટે આ જે વાત કરે છે તે ખોટી છે !' એમ વિચારતાં રાજાને ક્રોધ આવી ગયો ! 'શું કરી નાખું, એમ થઈ ગયું પણ પાછો ન્યાયી રાજા છે. ન્યાયી એટલે સામાન્ય ન્યાયી નહિ ! અત્યંત ન્યાયી એવો કે ક્યાંય અન્યાય ન થઈ જાય એની ખૂબ ચીવટવાળો.

વળી પાછું પૂછે છે. 'બોલ આ હીરાની કંઠી તારી પાસે ક્યાંથી આવી ?'

અહીં તો એના એના એજ ઉત્તરો ! ફરી પાછી રાજાએ હીરાની કંઠી તપાસી ! ભંડારી પાસે તપાસરાવી ! પણ એજ કંઠી છે.

હવે પૂછે છે ધનને, કે 'બોલ તારે કંઈ કહેવું છે ?'

ના,

**ધનને વધની સજા :-**

**બસ જાઓ એને ચંડાળને સોંપી દો, એનો વધ કરાવી દો !'** બસ, રાજાએ જોઈ લીધું કે આમાં અન્યાય થતો નથી; 'રાજકુમારીનો પત્તો નથી, ને આ એની પાસે છે. વળી આ કબૂલ નથી કરતો !' વધની સજા ફરમાવી પરલોકમાં તો ખરાબી જે થાય તે ખરી, પણ અહીં તો દેહાંત દંડની, જીવતાં કપાઈ મરવાની સજા આવી પડી !

**ધાર્યું ક્યાં પાર પડે :-**

હવે અહીં ધનકુમારનો બચાવ કરનાર કોણ ? વિચારો, જન્મ ક્યાં, અને ઘરે કેવી શ્રીમંતાઈ ! બાપ કુબેરની મૂર્તિ સમો મહાન ધનપતિ ! ત્યારે એનાજ પુત્રની આજે આ દશા ! ઘણા કોડ સાથે મોટું વહાણ માલથી ભરીને નીકળેલો, તે વહાણ ક્યાં ! પોતે સમુદ્રમાં કેવો પટકાયો એમાંથી માંડ બચવા છતાં એક હીરાની કંઠી ખાતર આજ કેવી વધની સજા ! માણસનું ધારેલું શું પાર પડે છે ? હા, આત્મોન્નતિ માટેની સાધના ધારી હોય તો તે પાર પડે; યાવત્ મોક્ષપ્રાપ્તિ સુધીની ધારણા પાર પડે છે, પરંતુ એવી ધારણા તો તમારે કરવી ક્યાં છે ? શક્યતા હોય એટલું ય ધારવાનું નહિ ! અને એમાં ય નજીવું વિઘ્ન દેખાય કે મૂક ! પછી બૂમ મારવી છે કે ધાર્યું ક્યાં થઈ શકે છે ? આત્મહિતની સાધના તો મુખ્યતયા પુરુષાર્થને આધીન છે, એટલો પુરુષાર્થ જોરદાર હોય તો ધારણા પાર



પડી શકે છે, જ્યારે, સાંસારિક બાબતો મુખ્યતયા ભાગ્યાધીન છે, તેથી ભાગ્ય પ્રતિકૂળ ઊભું થાય એટલે ધારણાને નિષ્ફળ કરી દે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૨૯,તા.૯-૪-૧૯૬૦

**ગુણિયલતા બિન શરતે :-**

ધનકુમારનું ભાગ્ય અવળું ઊભું થયું છે, એટલે એના પર ઠેઠ વધની સજા ફરમાવાઈ ગઈ ! અલબત્ત એની ભૂલ થયેલી છે, પરંતુ સાથે દુર્ભાગ્ય કામ કરી રહ્યું છે. આવા ગુણિયલ પુરુષને ય કર્મ વેઠવાં પડે છે. એ સૂચવે છે કે ગુણ સંપન્ન બન્યા રહેવું હોય તો શરત ન મૂકશો કે મારે બધું અનુકૂળ હોય, મારે પુણ્યનો ઉદય હોય, તોજ ગુણિયલ બન્યા રહેવાય. સામો શાંતિથી વાત કરતો હોય તોજ ક્ષમા રાખી શકાય. શ્રીમંત હોઈએ તોજ ઉદાર બની શકીએ. કૌટુંબિક નિરાંત હોય તોજ સાધર્મિક ભાઈ પ્રત્યે ભક્તિ-બહુમાન રાખી શકીએ. મનમાં આવી-આવી શરત નહિ સેવતાં, નહિતર ગુણ કમાણીનો અવસર ગુમાવશો.

**સાધર્મિક-બહુમાન કેમ નથી ?**

કહો જો આજે કયા કયા સાધર્મિક પ્રત્યે બહુમાન છે ? જે તમારું ગૌરવ કરતા હોય, જે તમને સહાયક થતા હોય, જે મોભાદાર હોય, એવા એવાનું જ ને ? એનો અર્થ તો એ થયો કે સમકિતીનો મહાન ગુણ સાધર્મિકની પ્રશંસા, સ્થિરીકરણ અને વાત્સલ્ય, એ તો જ ખપે કે જો સામા પાસેથી કંઈક આશા ફળે એવી હોય ! બસ, આ શરત થઈ, ત્યારે સમજી રાખો કે શરતી ગુણ એ તો કદાચ ગુણ નહિ પણ સોદામાં જશે.

**માનવ જીવન એ સાચા બિનશરતી ગુણ કમાઈ લેવા માટેની સુંદર મોસમ છે.**

સાધર્મિકની પ્રત્યે વાત્સલ્ય અને બહુમાન તો હૈયે ઊભરાતા રહેવા જોઈએ. એમની પ્રશંસા વાણીમાં રમતી રહેવી જોઈએ. ધર્મશ્રદ્ધા અને ધર્મપ્રવૃત્તિમાં એ ઢીલા પડતા હોય તો એમનું તન-મન-ધનથી સ્થિરીકરણ કરવું ઘટે. આ મહાન ગુણ છે, એની કાળજી રાખનારમાં જ સમ્યગ્દર્શન ઝળહળી શકે છે; એની ઉપેક્ષા કરનારો સમ્યક્ત્વ માટે અયોગ્ય બની જાય છે. જો તમને ધર્મી પર માન નથી તો ધર્મ પર માન શું ? ધર્મીના જો થોડા પણ ગુણની પ્રશંસા નથી ખપતી, તો ધર્મની પ્રશંસા શું આવડી ? ત્યારે ભૂલશો નહિ કે ધર્મપ્રશંસા એ તો ધર્મનું બીજ છે. એ જો ગુમાવ્યું તો ફળરૂપે ધર્મ ખરેખર નહિ પામી શકો. બાકી ધર્મ પામ્યાનું પોતાના મનથી માની લો, તેથી કાંઈ ખરેખર ધર્મસ્પર્શના થઈ ન ગણાય.

**સાધર્મિક-અનાદર પાછળ ઘોર દુર્દશા :-**

દુઃખની વાત છે કે આજે જૈન ભાઈ પ્રત્યે ઊછળતો પ્રેમ-બહુમાન તો દૂર, પણ ઊલટું ઈર્ષ્યા, દ્વેષ અને ચડાચડી જોવામાં આવે છે, તો શું ભાવી ભવોમાં જૈનભાઈ જોવા ન મળે, સાધર્મિક તરીકે ન મળે એવું કરવું છે ? ને નથીને એવું થયું તો દશા કઈ ? પછી તો કાં અધર્મીઓ કે મિથ્યાધર્મીઓ જ મળવાના ને ? એ શું પરખાવશે ? એવાઓ જ સ્નેહી-સંબંધી તરીકે મળે એનો અર્થ તો એ જ ને કે તમે પોતે પણ તેવા કુળમાં જન્મ્યા હો ? અને એવા જન્મમાં શું વીતરાગ પ્રભુએ કહેલી જીવદયા, તત્ત્વો, વ્રતો, આચાર, વિચાર વગેરે મળશે ? આ બધો વિચાર કરવા જેવો છે, ને એવી ઘોર દુર્દશામાં ન મૂકાઈ જઈએ એ માટે જૈન ભાઈમાત્ર પર હેત અને આદર જોરદાર કેળવવા જેવા છે, પછી ત્યાં વાતવાતમાં ચડાચડી, એની નિંદા, એની ઈર્ષ્યા એના પ્રત્યે હલકી દૃષ્ટિ વગેરે નહિ ચલાવી લેવાય. એ બધા મહાદુર્ગુણો બંધ કરી દેવા જોઈશે.

**દુનિયામાં જૈનો કેટલા ?**

જુઓ તો ખરા કે આ દુનિયામાં 'મારા નાથ તો શ્રી જિનેશ્વરદેવ, મારા પૂજ્ય તો પંચ પરમેષ્ઠી, મારો તારક શ્રી નવકાર મંત્ર' એવું માનનારા કેટલા છે ? કેટલા પ્રમાણમાં છે ? આજની સવા બસો ક્રોડ એટલે કે ૨૨,૫૦૦ લાખની માનવ વસતિમાં પૂરા ૨૫ લાખ પણ એવા નહિ જડે. એવા દુર્લભ જૈનોનો યોગ થયા પછી એમની પ્રત્યે જ અનાદર અને તુચ્છ દૃષ્ટિ સૂઝે છે ? એમની નિંદા-ઈર્ષ્યા સૂઝે છે ? જૈનો એ તો આપણને વહાલા દેવ-ગુરુ-ધર્મના પ્રશંસક છે, શાસન પરંપરાના ટકાવનારા છે; એમના પ્રત્યે પ્રેમ અને બહુમાન ધરીએ તો જ ભવ પાર કરી શકાશે, નહિતર નહિ. એ ગુણ બિનશરતી ધરવો જોઈએ. ધનકુમાર બિનશરતી ગુણ ધરનારો છે, તેથી વધ સુધીની આપત્તિ આવી ઊભી છતાં જુઓ એની ઉત્તમતા.

**મન કેમ ન બગાડવું ?**

અહીંયાં કયો પ્રસંગ ઊભો થઈ ગયો છે ? જગતના એક પ્રસંગ પર સંસારનો વિસ્તાર તો દૂર, પણ આ જીવનમાં જ આપત્તિ આવી ગઈ ! આ સર્વોત્તમ જીવનનો નાશ એમ જ થઈ જવાની આપત્તિ ? શાના પર ? એક હીરાની માળા પર આ પ્રસંગ ઊભો થયો, કે રાજાએ વધની આજ્ઞા ફરમાવી ! સાચું બોલીને જો માળા જપ્ત કરાવી હોત, અથવા તો પારકો માલ લીધો જ ન હોત તો કશી હાનિ થાત ? ને આજે કઈ નુકશાની થશે ? શિખવાનું આ છે કે દુનિયાના પ્રલોભક પ્રસંગો ગમે તે આવે, પણ તેમાં તમે ચળવિચળ ન થાઓ, પાપની કાળાશ વધારો



નહિ, જો તમે મનુષ્ય છો, જૈન છો, તો આ વિશેષતા હોવી જોઈએ કે ગમે તે પ્રસંગો આવે પણ મન બગાડીએ નહિ, આત્માને કાળો ન થવા દઈએ. સારા ખાનપાનનો ય અવસર આવે, ને ભૂખ પર રહેવાનો ય પ્રસંગ આવે ! કોઈની સલામ ઝીલવાનો ય પ્રસંગ આવે, ને ગાળ ખાવાનો પણ પ્રસંગ આવે ! મન ઉન્મત્ત કે રાંકડું, ગર્વિષ્ઠ કે માયાવી, વગેરે ન બને એ ખાસ ધ્યાન રાખવાનું છે.

**પુણ્ય-પાપના ઉદયને એનું સ્વરૂપ દેખાડવા દો, આપણે આપણું નિર્મળ સ્વરૂપ સાચવી લ્યો ! એટલે કે આપણે આપણા દિલને કષાયો કે કુવિચારોથી કાળું થવા દેવું નહિ.** શા માટે ? એટલા જ માટે કે દિલ આપણું છે, મન આપણું છે, આત્મા આપણો છે. બીજાના વાંકે આપણી ચીજને શા માટે બગાડવી ?

ધનકુમારે સાવધાની ન રાખી, ને રાજાએ વધની સજા ફરમાવી !

**વધસ્થાને લઈ જવાનો વરઘોડો :-**

રાજાના માણસોએ બહાર લઈ જઈને શરીરે મેંશ ચોપડી ગળામાં તુચ્છ પત્રપુષ્પની માળા પહેરાવી ઢોલ બજાવતાં શહેરની વચ્ચેથી એને વધ-સ્થાન પર લઈ જવામાં આવે છે ! જાણે વરઘોડો કાઢ્યો ! કેવો સંયોગ ઊભો થઈ ગયો ! પરદેશી તરીકે આવ્યો હતો. કોઈ આબરૂ નહોતી તેમ બેઆબરૂ પણ નહોતી ! પણ હવે બેઆબરૂ થવાનો પ્રસંગ આવ્યો ! રાજમાર્ગની વચ્ચેથી લઈ જવામાં આવે છે; ને લોકોને બતાવવું છે કે આણે શું કર્યું છે; તે માટે એક ટોપલીમાં કંઠી મૂકી છે ને જાહેર ઘોષણા કરવામાં આવે છે કે આણે કુમારીની કંઠી ચોરી છે માટે એનો વધ કરવામાં આવશે.

**હીરાની માળા ઊપડી જાય છે :-**

રાજમાર્ગે આ વરઘોડો ચાલી રહ્યો હતો ત્યાં આકાશમાંથી એક પક્ષી જતું હતું તેણે પેલી કંઠી ઉપાડી લીધી ને ઊડવા માંડ્યું ! હવે જે કંઠી ગઈ તે કોના પ્રમાદથી ગઈ ? એમાં ધનકુમારનો ગુનો છે ? પણ રાજાના માણસો ધનકુમાર પર વધુ કોપાયમાન થઈ ગયા ! પહેલા સારી રીતે ચાલતા હતા, હવે ધનને ઘસડે છે, કાયર માણસો, નિઃસત્ત્વ માણસો, નિર્બળ ઉપર શૂરા થાય છે. નબળો માટી (પતિ) બૈયર પર શૂરો, કહે છે ને ? આપણે ક્યાં શૂરાતન બતાવીએ છીએ, એના પરથી આપણું માપ નીકળે છે. જ્ઞાની પુરુષ સ્વાત્મા પ્રત્યે શૂર બને છે.

અહીં હાહાકાર મચ્યો ! માલ ઊપડી ગયો. રાજા અને મંત્રીને પણ ખબર પડી કે પંખી માળા ઉપાડી ગયું ! ઉકેલ કંઈ સમજાતો નથી ! બધું ભ્રમમય બની ગયું ! ને વચ્ચે આ માણસ કૂટાય છે ! રાજપુરુષો એને મસાણ-ભૂમિમાં લઈ ગયા !

**મસાણભૂમિમાં કાવ્યરસ :-**

મસાણ-ભૂમિમાં શિયાળીઆની ચીસો, ને કાગડાનો કાકારવ છે ! અડધાં બળેલાં મડદાંની ભયંકર આકૃતિઓની દુર્ગંધ ! એની સામે ગીધડાંઓનાં ટોળાં ફરી વળ્યાં છે ! રસ્તામાં હાડપિંજરો અને શરીરનાં અવશેષો રખડી રહ્યા છે ! જેને કાવ્યના નવ રસમાંનો ભયંકર રસ પોષવો હોય તેને અહીં સારો રસ મળે એવું છે ! ભયાનકતાનું જાણે સંગ્રહસ્થાન છે ધનકુમારને એવા મસાણમાં ખડો કરવામાં આવ્યો ! ત્યાં મસાણમાં એક **લોહિત** નામનો ચંડાલ રહેતો હતો એને સાદ પાડીને બોલાવ્યો, ને કહી દીધું કે 'રાજા સાહેબનો હુકમ છે કે આ માણસને ખલાસ કરી દે જે.' રાજ-પુરુષો ગયા. આ તો ચંડાલ ! રાતદિ' ધંધો એ કરવાનો ! એ ધનને વધ કરવાની જગાએ લઈ ગયો.

હવે કોઈ બચવાની બારી છે ? બારી દેખાતી નથી, મગજ શૂન્ય થઈ જાય એવું છે, પણ એ એટલો ધીર છે કે કર્મનો ઉદય આમાં કામ કરી રહ્યો છે, તેમજ પ્રત્યક્ષમાં પરાયો માલ લેવાનું, અને જૂઠ બોલવાનું આ ફળ છે. હવે ? જે થાય તે જોવાનું. કર્મની વિચિત્રતા જગતમાં ન હોત તો જગતમાં આવી અઘટિત દેખાતી ઘટનાઓ બનત ખરી ? ત્યારે કેટલીય અઘટિત દેખાતી ઘટનાઓમાં જો આપણે રહ્યા છીએ, તો ત્યાં આપણી શું સાવધાની જોઈએ ? ધ્યાનમાં રહે કે કર્મની વિચિત્રતાને લીધે સ્થિતિ બગડવા માંડે છે ત્યારે કોઈની સહાય કામ લાગતી નથી. ત્યાં આકુળ-વ્યાકુળતા નકામી. સમભાવ જ રાખવો પડે, એમ સમજીને કે,

**ધર્મીને મન જ્યાં સુધી ધર્મ પાસે છે ત્યાં સુધી સદા મંગળ છે. આ માન્યતા જેને ન હોય તે ભાગ્યવાન ધર્મના ઊંચા મૂલ્ય સમજ્યો શું ?**

મારો ધર્મ એ એવું પ્રબળ મંગળ મારી પાસે છે કે એથી મહાન વિઘ્નો દૂર થઈ જાય છે, અને કદાચ કોઈ આપત્તિ રહી હોય તો ય એનાથી ભારે આપત્તિઓને આ ધર્મમંગળ હરાવી રહ્યું છે.

**ચંડાલને ચમકારો :-**

મસાણમાં વધ કરવાની ભૂમિ તરફ ચંડાલ આને લઈ જાય છે. થોડેક સુધી લઈ ગયો પણ હવે એને જોતાં જ ચંડાલના રોમાંચ ખડા થવા માંડ્યા ! વધનાં કામ તો આજ સુધી ઘણાં કર્યાં હશે, પણ આજે એને ચમકારો થાય છે. એને વિચાર થઈ પડે છે કે 'વધ કરવા સોંપાયેલો આ જે મનુષ્ય કે જેની ભવ્ય આકૃતિ હું જોઈ રહ્યો છું, તે એવું અકાર્ય કરનારો હોય જ કેમ ?' ચંડાલની વિચારણા જે છે, તે હૃદયના ઊંડાણમાંથી ઊઠતી વિચારણા છે, ખાલી મનમનામણું નહિ ! એનું સીધું નિમિત્ત ધનકુમારની અદ્‌ભુત આકૃતિ પર તરવરી રહેલું કોઈ વિશિષ્ટ ઓજસ છે.



ચંડાલને નિર્દોષતા તરી રહી દેખાય છે. સંતપુરુષ જેવી આકૃતિ દેખાય છે. માટે ચંડાલ વિચાર કરે છે કે આ માણસ આવું અકાર્ય કરે નહિ.

**'आकृतिः गुणान् कथयति,'** જો સામાના ગુણ નજરે ન દેખાય તો પહેલી પરીક્ષા એની મુદ્રા કેવી છે, એ જોવાનું. એના પરથી કંઈક ખ્યાલ આવે, જેનો ચહેરો બહુ રોફથી ભરેલો હોય છે, તો લાગે છે કે આ બહુ અભિમાની હોવો જોઈએ. ચહેરા ઉપર સમભાવ દેખાય તો લાગે કે એના દિલમાં પાપ નથી. એવી સમભાવવાળી આકૃતિ બનાવવી. તે પણ જીવનની વિશેષતા છે. આ જે બને છે તે પુરુષાર્થથી આંજવાની વાત નથી. આ તો સામાના દિલને હચમચાવી નાખવાની વાત છે. જોતાં જ લાગે છે કે આ પવિત્ર માણસ છે. આજે ઘણા લોકો પરખી લે છે કે ફલાણાની આંખ કેવી ? અંદરમાં કામુકતા છે, તો એ આંખમાં આવી જવાની. જે સુશીલ હોય છે, તેની આંખ નિર્મળ હોય છે. અલબત્ત કેટલીક જગાએ દંભ પણ હોય છે, પરંતુ સામાન્ય નિયમથી અંદરના ગુણોની છાયા મુખાકૃતિ પર પડે છે. માટે તામસી પ્રકૃતિના માણસોનો ચહેરો જોઈને જ બીજાઓ એનાથી આઘા રહે છે. અંતરમાં ધમધમતો રોષ મુખને પણ આવરી લે છે. ન હોય તો બહાર ક્યાંથી આવે ? અંદરમાં કંઈ પ્રીત છે માટે બહાર આવે છે, પેટમાં પાપ ન હોય તો મોઢા ઉપર એવા ખરાબ ભાવ શા માટે આવે ? ચંડાલ વિચારે છે 'આવો માણસ આવું અકાર્ય ન કરે.' પણ એ પાછો વિચારે છે કે 'ઊભો રહે, હું તો હુકમનો અમલ કરનારો છું, હું કઈ હુકમ કરનાર નથી. મારા હાથમાં તંત્ર નથી. હું જો સજા કરતો હોઉં તો વિચાર કરવાનો રહે. પણ મને તો રાજાની આજ્ઞા છે, તે મારે બજાવવાની.' આવું મન વાળી લઈ યમગંડિકામાં એને બેસાડ્યો. શું યમગંડિકા ! યમરાજ પાસે પહોંચાડવાનું સ્થાન. એમાં ધનને બેસાડ્યો.

પછી ચંડાળ એને કહે છે. 'મિત્ર આર્ય ! તારે જીવન જેટલું જીવાઈ ગયું એટલું ઠીક જીવાઈ ગયું માન. હવે તારા જીવનનો આ રીતે અંત આવે છે, એમ સમજી લે.' એમ માની સમજી લેવાની શી જરૂર છે ? જરૂર છે. પહેલેથી આશ્વાસન રહે. તો પછી બહુ શોક ન થાય. થોડુંક જીવી ગયા તેટલું તો ઠીક જીવી ગયા. જેમ બજારમાં ગયા તો જેટલું કમાયા તેટલું તો ખરું ! જન્મીને તરત મરી ગયા હોત તો આટલુંય ક્યાં જોવાનું હતું ? માટે જેટલું જીવ્યા અને જોયું તેટલું ભલું આવું વિચારવામાં આવે તો અકાળે, અણધારી પળે મૃત્યુ આવીને ઊભું રહે તો શોક થાય નહિ. સ્વચ્છતાથી મૃત્યુને ભેટી શકાય. ચંડાળ જેવો ચંડાળ પણ કેવી ભૂમિકા બાંધી આપે છે ! એ કહે છે.

**આગળથી કલ્પેલું દુઃખ ઓછું પીડે છે :-**

'આ જીવનનો અંત આ રીતે આવે છે !' એમ માની લે. કેમ ? આવતા દુઃખની કલ્પના માણસ જો પહેલેથી રાખી લે, તો દુઃખનો ત્રાસ ઓછો પડે ! ડૉક્ટર એમને એમ ઈંજેક્શન આપે તો ખટ ચમકારો થાય, પણ કહીને આપે તો ? માત્ર સહેજ લાગે. એ દુઃખ આવવાની કલ્પના પણ જો દુઃખ કરતાં ય વધુ કરીએ, તો ચમકારો ઘણો ઓછો થાય છે. ત્યારે જો દુઃખની કલ્પના જ નથી, તો ઓર દુઃખ વધે છે. દુઃખની કલ્પનાને બદલે સુખની કલ્પના રાખી એટલે મગજ જ ગેપ ! ડોક્ટર ઈંજેક્શન મારવા આવ્યો ને આપણે કલ્પના કરીએ કે 'સોય આંગળી જેટલી જાડી પણ મારે ભોંકાવવી છે,' પછી એ દોરા જેવડી જાડી સોય ભોંકે તોય કાંઈ નહિ લાગે.

પહેલેથી આપણી જાતને માત્ર સુખના હકદાર માની રાખીએ છીએ તેથી દુઃખ આવતાં પોક મૂકીએ છીએ. જાતને દુઃખનું પણ પાત્ર હોવાનું સમજી રાખીએ, દુઃખ આવવાનું જ છે એવું ધારી રાખીએ તો પછી એ આવ્યે પીડા ઓછી લાગશે. હાય વોય અને આકુલતા ઓછી રહેશે.

**પાપકર્મના ઉદયે દુઃખ આવવાના તે આવવાના જ; પણ તે દુઃખના ગુણાકાર કે ભાગાકાર કરવા તે આપણા હાથની વાત છે.** મોક્ષમાં જનારાઓ દુઃખના ભાગાકાર કરે છે, અને ધર્મમાં જનારા બાદબાકી કરે છે. આ શું કરે છે ? ચામડી ઉતારે છે. ભલે એ ચામડી ઉતારે એટલે મારા કર્મ નીચે ઊતરે છે. ઉતારને ભાઈ પહેલો જ દુઃખનો ભાગાકાર કરી નાખ્યો હતો તો ચમકારો નીકળી ગયો. અથવા આ દુઃખ શું વિસાતમાં છે ? નરકમાં લોખંડના ખાણિયામાં કુટાયો છું વારંવાર મારા પર ટીપાતા મોગરથી તો છૂંદો થઈ ગયો હતો, પણ બીજા શસ્ત્રોય પાછા વેઠવાના તૈયાર જ રહેતા ! એ દુઃખની આગળ આ તો કંઈજ નથી.

આપણા સુખદુઃખના ભાગાકાર-બાદબાકી કરવાનું કોના હાથમાં છે ? કહો, આપણા જ હાથમાં છે; આપણી સમજ શક્તિમાં એ તાકાત છે. આપણી લાયકાત પકવાન્ન પામવાની આપણે માનતા હતા, ને સામાએ પવાલું પાણી પાઈને પતાવ્યું, એ વખતે આપણી સમજ શક્તિ જેવી હોય તે મુજબ સુખદુઃખ લાગવાનું. આપણે જો ત્યાં વિચારીએ કે 'આપણી લાયકાત આપણે ખોટી માપી હતી; આ તો આપણને કશું ય ન મળે એની જગ્યાએ આપણને પાણી પાયું એ ઘણું થયું' તો આપણે સુખી. એના બદલે આવા માણસોને આપણે પકવાન્ન ખવરાવીએ પણ તે નાદાનિયત કરે છે' એમ વિચારીએ તો એ આપણી કલ્પના ખોટી થઈ; ત્યાં દુઃખ થવાનું.



**કહો તમે દુઃખી છો કે સુખી ?**

અંદર પૂછો, અપેક્ષાવાદ નથી જોઈતો. 'ધર્મ મળ્યાની દૃષ્ટિએ સુખી છીએ અને પૈસાની દૃષ્ટિએ દુઃખી છીએ આમ કહો, તો ય ખરેખર દુઃખી જ છો ! કેમકે ધર્મ કોહિનૂરનું મૂલ્ય નથી સમજ્યા.' કોઈ કહે કે મને હીરા મલ્યા છે માટે સુખી ને રસ્તાના કાંકરા નથી મલ્યા માટે દુઃખી ?' આ ગમારી જ કહેવાય ને ?

**એવું, ધર્મકોહિનૂર મળ્યો, હવે કાંકરા તુલ્ય લક્ષ્મી વગેરે ઓછું મળ્યું છે તેના પર દુઃખ કરવું એ ગમારી છે.**

**લાયકાત મોટી વિચારો તો દુઃખ -**

ભિખારી આંગણે આવ્યો તો તે પોતાની યોગ્યતા સમજીને જ આવે છે; પણ જો પહેલેથી એમ સમજીને આવે કે 'મને લાડવા-પૂરી જ મળવા જોઈએ.' અને પછી ચોપડેલી રોટલી મળે તો પણ કંઈ મળ્યું નહિ, એમ માનીને દુઃખી થશે. ત્યારે જો લુખ્ખી રોટલીની શક્યતા માની, તો ચોપડેલી મળ્યા બદલ સુખી થશે. પહેલેથી આપણે ઊંચી લાયકાત માની લીધી હોય છે તેથી દુઃખી થવું પડે છે; કેમકે પુણ્ય તેવું છે નહિ, એટલે માન્યા પ્રમાણે મળતું નથી, સર્વજ્ઞનું સાયન્સ કહે છે કે કલ્પના પર જ સુખદુઃખની માપણી છે. અગિયાર વાગ્યા ને જમવા બેઠા ત્યાં થાળીમાં ધૂળ દેખીને જો માની લીધું હું તો ચાંદીના ચોક્ખા થાળી-વાડકાની લાયકાતવાળો છું,' તો, બસ, પછી લાયકાત મોટી વિચારી માટે દુઃખની રામાયણ શરૂ થઈ ગઈ. એ દુઃખના જોસમાં મોંઢેથી બફારા નીકળશે કે 'ભાન નથી ? આ થાળીમાં ખવરાવવાનું ? ધૂળ ખવરાવવાની ?' આને બદલે એમ માની લે કે 'થાળી બરોબર ગોઠવી છે, હા ટાઈમસર છે; ઓહો ! આ તો મારી ઘણી મહેમાનગીરી થાય છે કે જેને યોગ્ય હું નથી; તો કોઈ દુઃખ નહિ. કલ્પનાના ઘડતર પર પાપનાં પોટલાં બાંધવાના, ને એના પર જ પાપનાં પોટલા દૂર કરાવાના, **ઊંધી રાગદ્વેષની કષાયભરી વિચારણામાં ચઢો કે પાપનાં પોટલાં બંધાય. સીધી સમતાભરી કર્મ વિપાકનાં ચિંતનભરી વિચારણા કરો કે પાપના પોટલાં દૂર થાય.**

**ઘરમાં કલેશ કેમ ?:-**

આજે કેટલાય ઘરોમાં આવા કલેશ ચાલે છે કે ઘરના માણસે કેમ બરાબર સાચવ્યું નહિ. પણ ત્યાં મનને સમાધાન લેવું હોય તો વિચારી શકાય છે કે 'આજ દુનિયામાં બીજા એવા છે કે જેને થાળી પર બેસતાં જ પીરસનાર ક્યાં છે ? એવાય માણસ છે કે જેને લ્યો લ્યો કોણ કહે છે ? આની સામે મારી સ્થિતિ કેટલી બધી સારી છે ! તો કલેશ થાય ?

બીજાની સેવાની કે દેવ-ગુરુભક્તિની વાત આવે ત્યારે શક્તિની ચોરી !

પોતાની વાત આવે ત્યારે મહાશાહુકાર ! ૦ાા ડિગ્રી તાવ હોય ત્યારે કહી દે '૧ાા ડિગ્રી તાવ છે ! શરીર ધીખી જાય છે ! હમણાં ધર્મ શું થાય ?' પણ બજારની વાત આવે ત્યારે ટટાર ! 'મને કંઈ નથી' કહે છે. ધર્મ થોડો પણ કરવાનો હોય ત્યારે શું કહે ? 'શરીર ઠીક નથી, બેસણું ય તપ નહિ થાય. ધર્મમાં નહિ દેવાય, ખર્ચ ઘણો થઈ ગયો છે. ઉપાધિ બહુ છે, દેરાસર નહિ જવાય. ઘણી દોડાદોડ કરવી પડે છે ! ચોર છે ! દેવ-ગુરુ ધર્મની વાત આગળ ગણત્રીની વાત છે ! દેવગુરુનો વફાદાર સેવક નથી ! સાચું આન્તર નિરીક્ષણ કરો તો દેખાશે કે પવિત્ર ગુણો નથી, જગત ભલે બધું માને. મને ખબર છે કે હું કેવો છું ! એકાંત મલે તો હું શું કરું ? રસ્તા પર ક્યાં આંખ ભટકે છે ? યુવતી અને વૃદ્ધા પ્રત્યેના વ્યવહારમાં કેવા અંતર પાડું છે ? મારી ગફલતમાં આવી પડેલી ખોટી પાવલી પણ કેવી સીફતથી બીજાના ગળે બઝાડું છું.'

**લાયકાત ઊંચી ન કલ્પો :-**

બસ, મનનાં ધોરણ બદલવાનો પુરુષાર્થ આજથી જ આદરી દો. જાતનું બહુ પુણ્ય, બહુ લાયકાત, બહુ મોટાઈ માનવાનું રહેવા દો, પછી દુઃખ નહિ લાગે. 'આ તો મારું બહુ સચવાય છે, મારી મહેમાનગીરી થાય છે, તેની સામે પ્રત્યુપકાર મારી પાસે કંઈ નથી. વગેરે વિચારે તો શું દુઃખ છે હૃદયને ? આવી લાયકાત નથી આપણી એમ માની લે તો સુખ થયું કે દુઃખ ? પોતાની લાયકાતની વધારે પડતી કલ્પના એટલે બહુમાં પણ ઓછું લાગે છે; ને જાતની નીચી કલ્પના એટલે ઓછામાં ઘણું લાગે છે, 'ભાઈ, મારે તો ઘણું થઈ ગયું ! બસ.'

**ઓછું હોય છતાં ઘણાની કલ્પના કરે એટલે સુખી, ઘણું છે પણ જો ઓછાની કલ્પના કરે તો દુઃખી !** સુખી થવું હોય તો આ મિનિટે સુખી થવાય. વધારે હોવાની કલ્પના રાખો. મનને કોઈ વાતે ઓછું ન લાવો.

કોઈ પૂછે કે 'આ પહેરણ મેલું કેમ ?' તેને કહેવાનું 'અરે ! આ કાળું નથી' ભાઈ ! મારી લાયકાત તો કાળું પહેરવાની છે ! આ દુનિયા પર પણ ઘણા છે જે મહિના સુધી એનું એ પહેરનાર છે !' જ્યાં-જ્યાં ઓછું લાગે ત્યાં બહુ માનવાની આ દૃષ્ટિ રાખવાની.

**પ્ર.- દેખાય જ ઓછું, તો ઘણું શી રીતે માનવું ?** તપેલી પૂરી ભરેલી જોઈતી હોય ને અંદર આઠમો ભાગ પણ ન હોય તો ઘણું શી રીતે મનાય ?

ઉ.- મનાય ! એમાં શું ? ઓછા ભાગ મળ્યા, પાપ ઓછાં લાગશે એવું ચિંતવીને માની શકાય, અથવા, નજર સમક્ષ ચીંથરેહાલ માણસો રાખવા. નહિતર છેવટે સમુદ્રના માછલાંની દુર્દશા આંખ આગળ રાખવાની ! માછલાં ને હરણિયાં



મોટે ભાગે સ્થિર નહિ શા માટે ? શું એને દોડવાનું બહુ ગમે છે ? કેમ સ્થિર નહિ ? એના માટે કોઈ સુરક્ષિત સ્થાન નહિ ને શિકારીનો ભય મોટો ! ઉંદર તો પેસી શકે દરમાં, પણ હરણ ક્યાં પેસી જાય ? તેમ માછલાની કેવી દશા ? એ કઈ ગુફામાં સંતાઈ જાય ? ને શિકારી કેટલા ? ભય ઘણો ! એવો ભય વધતાં ઠેકડા માર્યા જ કરે. આ દુર્દશા સામે રાખીએ કે દેખાય કે એવા ભય તો નહિ પણ ઉપરથી તપેલીનો દશમો ભાગે ય છે ને ? હા ! ઘણું છે ! સુખ શરૂ થઈ ગયું ! આ જે સુખ ઊભુ કર્યું તે પરિણામે મહાસુખને લાવનાર છે ! ચોક્કસ અમુક માન્યતા કેટલી લાભદાયી છે ! કેવી સુંદર પરંપરા સર્જનારી છે ! દુનિયાની દૃષ્ટિએ થોડું, ને આપણી દૃષ્ટિએ ઘણું, એ કલ્પના સાક્ષાત્ સુખ તો દેખાડે પણ ભવાંતરમાંય મહા સુખના દરવાજા દેખાડે ! કેમકે હાયવોય કરવાની નહિ. તૃષ્ણા-મમતાની પકડમાં ઝીકાવાનું નહિ, ને તેથી મહાસમતા ! કઠિન કંઈ નથી.

ખરી વાત એ છે કે નાનપણથી આ સંસ્કાર નથી મળ્યા એ મોટી મુશ્કેલી છે. જન્મીને કોઈ બાએ-બાપાએ આ શિખવાડ્યું છે ? શું કોઈએ એમ શિખવાડ્યું કે તારે સુખી થવું હોય તો આ ચાવી છે,- 'ઓછામાં ઘણું માનજે, પચીસ માણસે સલામ ભરી, ને બેએ ન ભરી, તો ખોટું કેમ લાગે છે ? હું પચીસ નહિ પણ પાંચસોની સલામ લેવા લાયક છું, એમ માન્યું છે માટે. પણ એમ માન્યું હોત કે હું પચીસની પણ સલામી લેવાને યોગ્ય નથી, તો બે શું, બાવીસે સલામ ન ભરી હોત તોય દુઃખ ન લાગત. માણસ મળ્યું એ નથી જોતો, ને ન મળ્યા તરફ દૃષ્ટિ નાખે છે માટે દુઃખી થાય છે. રૂડો માનવજન્મ મળ્યો, ખાવાપીવા મળી ગયું, શ્રેષ્ઠ-દેવ-ગુરુ-ધર્મ મળ્યા આ બધું ઓછું મળ્યું છે ? જો વિચારે કે 'મારી યોગ્યતા કંઈ દેખાતી નથી ને આ મલી ગયું છે ઘણું, પછી બીજું ઓછું મળ્યું હોય તોય દુઃખ ટળ્યું ! આ લાગણી ઘેર લઈ જશો ને ? સ્થિર રહેશે ને ?

મનને સારું ઘડવાની જરૂર છે.

**મન અને આત્માને સારો ઘડવાની વાત રાખશો તો અનંત સુખના દરવાજા ખૂલશે; નહિતર અનંતા દુઃખના દરવાજા ખૂલ્લા થશે. !**

પહેલા મનને તૈયાર કરો પછી એ જ કહેશે કે પ્રવૃત્તિ ઓછી કરો. લાયકાત ઊભી કરવા માટે મનને મનાવવાનો ઘણા વરસોનો ઉદ્યમ જોઈશે. 'આ સુખ-સગવડ જે મને પીરસાય છે તે માટે મારી લાયકાત નથી. કેમકે મારા તેવા કોઈ સુકૃત નથી, ગુણોથી પણ દુબળો છું' ઘણાં ગુણો તો વ્યવહારથી દેખાડીએ છીએ. નહિતર અંતરથી ગુણ ક્યાં ખપે છે ? લાખની થેલી જંગલમાં જતાં પડેલી નજરે ચઢે તો શું થાય ? ગલગલિયાં થાય કે પછી દુઃખ થાય ? લેવાના ગિલગિલિયાં,

તો એનો અર્થ ગુણ નથી. શાહુકારીનો ગુણ વ્યવહાર પળાવે છે, સદાચારનો ગુણ વ્યવહાર પળાવે છે માટે. બાકી માનો કે વ્યવહાર કોઈ એવો ન ચાલતો હોત તો જેમ પરસ્ત્રી સાથે વાતચીત ચાલે છે એમ બીજું શું શું ન ચાલત ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૮,અંક-૩૦,તા.૧૬-૪-૧૯૬૦

**ગુણનો દુકાળ અને પુણ્યની દુર્બળતા :-**

અંતરમાં પહેલી તો ગુણની સાચી ભૂખ લાગવી જોઈએ. ધન કરતાં, દુન્યવી સુખો કરતાં, ગુણની લગની ભારે પ્રબળ વર્તે, તો પછી ગુણનો પ્રયત્ન અશક્ય નથી. બાકી સંયોગાધીન ગુણો તો હજી સરળ છે, ત્યારે સહજ ગુણોની દુર્બળતા નહિ, દુકાળ છે. ક્યાંક જોવા મળે પુણ્યની દુર્બળતા છે, દુકાળ નથી ગુણોનો દુકાળ તો સમજાય પણ પુણ્ય દુબળું શા માટે સંસારની મહેમાનગીરી મળે છે તે પુણ્યના હિસાબે. પુણ્ય ના હોય તો આ મળે ? તો સુખ સગવડ મળે છે છતાં પુણ્ય દુબળું ? હા ! દુબળુ ! એ સુખ સગવડ જે મળે છે તે કેટલો કલેશ-આયાસ, કેટલી દોડધામ, ને કેટલી સાવચેતી રાખીએ છીએ ત્યારે મળે છે ! પાછા એ મળેલામાં ય કેટલા વાંધા ? મળ્યા પછી પણ બીજી ઉપાધિઓ-ઉદ્વેગ કેટલા ? આ બધી પુણ્યની દુર્બળતા છે. સબળા પુણ્યવાળા પથરા ખાય તો પણ પચે ! ક્યાંક પૈસાની થેલી મૂકીને જાય તો પણ એને કોઈ હાથ ન લગાડે ! તમારે છે આવું ? ના ! તો સમજો પુણ્ય દુબળું છે, તેવી લાયકાત દેખાતી નથી છતાં જો મળે છે, તો માનો એ મારા દેવગુરુનો ખૂબ ઉપકાર છે માટે મળે છે ! હૈયું ભીનું થાય છે ! વિચારવા જેવું છે કે એક બાજુ પુણ્ય દુબળું, ને બીજી બાજુ ગુણનો દુકાળ, તથા સાચી લાયકાતનો અભાવ, એટલે ધાર્યું ન બન્યું કે ઘણું ન મળ્યું એમાં શા સારું શોક કરું ? ઉદ્વેગ કરું ? મારામાં શું એવું કૌવત છે ? કયું એવું નક્કર જ્ઞાન છે ? આ તો જે કાંઈ થોડું ય અનુકુળ થાય છે એમાં દેવ-ગુરુ-ધર્મનો પ્રભાવ છે, બાકી આ જગતમાં દેવ, ગુરુ ને ધર્મ જે જીવને ઊભો રાખનાર છે, તેમની મહેર ન હોય તો નિગોદ જેવી કનિષ્ઠ અવસ્થાને બદલે માનવ ભવ જેવી શ્રેષ્ઠ અવસ્થા શાની હોય ? જાતની વિશેષતા હોત તો શા માટે ત્યાં અનંતાનંત કાળ પડ્યો રહેત ? આજે એની મહેર છે તો કંઈક પામ્યો છું. એ મારા પરમ ઉપકારી છે. મારામાં લાયકાત નહિ છતાં આ મને જો ધર્મશાસન અને તત્ત્વ દેખાડ્યું તો એમને પળ પણ ન વીસરું. **'સુગુણ સનેહા રે કદી ય ન વીસરે.'**

સુગુણ સ્નેહી મારા દેવ મને કદી પણ ન વીસરે ! દિલના દર્દથી આ ક્યારે



બોલાય ? ત્યારે કે જ્યારે મનને એમ થાય કે મારી પાત્રતા નથી છતાં દેવે મારામાં સારું ઘણું ભરી દીધું છે.' આ રીતનો નમ્રભાવનો ઝુકાવ થાય તો હૃદય પીગળવા માંડે. પછી દેવ મુક્તિના વાસી છતાં હૈયાનાવાસી કરી લેતાં વાર નહિ. બાકી જો અભિમાન હોય કે મને તો મારી લાયકાતથી મલ્યું, અગર અજ્ઞાન હોય કે વીતરાગ -અરિહંત કશું આપે નહિ, તો 'સુગુણ સનેહા રે કદિય ન વીસરે' દિલના દર્દથી નહિ બોલાય.

હું પાત્ર નથી અને મને આટલી બધી સગવડ મળે છે,' એ વિચાર તો ઘણી હૂંફ આપે છે, સમાધિ આપે છે, પછી આપત્તિ આવે તો મન મુંઝાતું નથી, સમજી જ લે છે કે એકલા સુખની યોગ્યતા મારામાં હતી જ ક્યાં ? પહેલેથી જ આ સમજી લીધું હોય તો પછી દુઃખમાં મનથી વધારો ન થાય.

ધનને ચંડાળ પહેલેથી કહે છે, તારા જીવનનો અંત આ રીતે જ છે ! અને બીજું સાંભળ.

**ચંડાળને શ્રાવક મિત્ર :-** 'અમારે શ્રાવક મિત્રો છે' ચંડાળની વિશેષતા કેવી કે મિત્ર તરીકે દયાળુ શ્રાવક રાખ્યા ને એ શ્રાવકો કેવા કે જેમણે ચંડાળ પ્રત્યે આ રીતનો મૈત્રીભાવનો પ્રવાહ વહેવરાવ્યો !

**કહો શ્રાવક સારા જગત પર મૈત્રી અને પ્રેમનો પ્રવાહ વહેવરાવનાર હોય.** એ જવાબદારીવાળો શ્રાવક પોતાના દેવાધિદેવના સંતાન ગણાતા સાધર્મી પ્રત્યે પણ જો વાત્સલ્ય ન વહેવરાવે તો એનામાં શ્રાવકપણાનો ભાવ શી રીતે ટકે ? સાંભળ્યું સાધર્મી કષ્ટમાં છે, તો વિશેષ વાત્સલ્ય વહેવરાવો. એની પાછળ તન-મન-ધનનું બલિદાન આપવા તત્પર રહો.

**નિંદકને શું કહેવું ? :-** વાત્સલ્યના પૂર એવા વહે કે સાધર્મિકની કોઈ હલકી વાત કરતો આવે તો એ સાંભળવા તૈયાર ન હોય; સામાને કહેવાય કે,

**'મહાનુભાવ ! આ દુર્લભ માનવ જીભે સાધર્મિકના ગુણગાન કરવાનો અનુપમ દર્શનાચાર આરાધી લઈ મોક્ષના પાયાભૂત સમ્યગ્દર્શનને સ્થિર અને નિર્મળ કરવાને બદલે સાધર્મિકની નિંદા કરી સમ્યગ્દર્શનનો નાશ કરવાનું અને ઘોર સંસારમાં ભમાવનાર મિથ્યાત્વને નોતરવાનુ કાં કરી રહ્યા છો ?** શું દુનિયામાં દુષ્ટ તરીકે સાધર્મિક છે ?...' આવું કહેવાની તાકાત ન હોય તો ત્યાંથી ચાલ્યા જવાય, પણ એની નિંદા ન સંભળાય. પોતાના પુત્રની નિંદા સંભળાય ? વાત્સલ્યના વહેણ જગત પર વહેતા ન હોય તો પછી એક બીજાની કાપાકાપી ચાલે. ઈર્ષ્યા-અસહિષ્ણુતા તો કાતર છે, મોકો મલ્યે કે મેળવીને કાતરવાની જ વાત રખાવે ! આ શ્રાવક કેવા હશે ? ચંડાળ સુધી વાત્સલ્ય વહેવડાવે છે.

ચંડાળ કહે છે, 'જો ભાઈ ! મારે શ્રાવક મિત્રો છે ને એમના સંસર્ગથી અમે એટલા બધા ક્રૂર નહિ ! તું ન સમજતો કે અમે એકાંતે ક્રૂર દૃષ્ટિવાળા છીએ માટે તલવાર ચલાવીએ છીએ. એમ તો અમારા દિલમાં પણ દયાની લાગણી છે, પણ શું કરીએ ? રાજાનો હુકમ લખાઈ ગયો છે માટે અમારે અવશ્ય બજાવવું પડે છે !

**શ્રાવકની મિત્રતાની રૂએ કેવા બનવાનું ?**

આ બે વાતનો વિચાર કરો, એટલે આપણે શ્રાવક તરીકે બીજાને શું આપવાનું, અને બીજા શ્રાવક પાસેથી શું લેવાનું એનો ખ્યાલ આવે. ધ્યાન રાખજો કે આપણે આપવાની અને લેવાની બંને વાતમાં એ જાતમાં ઉતારવાનું સાથે જોઈશે. બીજાને શિખામણ મોટી આપીએ અને જાતે આચરવામાં દેવાળું હોય, અથવા બીજા ધર્મીની શિખામણ સાંભળી લઈએ પણ અમલમાં અખાડા હોય તો આપણને લાભ કેટલો ? અસ્તુ. વાત આ છે કે શ્રાવક શું આપે.

**નાગકેતુ અને શ્રાવક :-** નાગકેતુને પૂર્વે શ્રાવક મિત્ર મલ્યો હતો તો એહ ! નાગકેતુના જીવને શું આપ્યું ? એની ફરિયાદ છે કે જોને મારી સાવકી મા, એનો જુલમ છે જુલમ ? હું શું કરું ?' આ જૂનીનો છોકરો કહે છે કોની આગળ ? શ્રાવક મિત્રની આગળ ! તે શ્રાવક મિત્ર શાની લાણી આપે છે ? શું તે એવી કે તું નમાલો એવો, નહિતર દંડો લઈને ઊભા ન થઈએ ? તું ક્યાં કીકો છે ? લગાવી દે એક, પછી જો ઊભી થાય તો મને કહેજે ?' ના, જો શ્રાવક મિત્રની આ સલાહ હોય તો પછી ચંડાળની સલાહ શું હોય ? ચંડાળ પોતાના મિત્રને જે હિંસાદિ આપે, તે જ જો શ્રાવકમિત્ર આપે, તો પછી તે શ્રાવક કે સાવજ ?

**શ્રાવક એટલે પ્રસંગને હૃદયની કુણાશથી અપનાવનારો હોય; વૈર તોડીને પ્રેમ બાંધવાનું કહેનારો હોય; સામનો કરવાને બદલે ખમી ખાનારો હોય;** તમે ભલે આને બાયલાપણું કહેજો !

**કોણિકે બહાદુરી બતાવીને ?** ભગવાનને પૂછ્યું ભગવાન ? મારે મરીને ક્યાં જવાનું ?

ભગવાન કહે છે, તારે છઠ્ઠી નરકમાં જવાનું !'

કોણિક બહાદુરી બતાવે છે, 'હું' છઠીએ જાઉં ? છઠીએ તો બાયડીઓ જાય, હું તો મરદ ! સાતમીએ જઈશ !' કોણિક આમ તો ભગવાનનો ભક્ત છે. પ્રભુ પધાર્યા ત્યારે એણે મોટું સ્વાગત કર્યું છે. છતાં અભિમાનાદિ કષાયનો અંધાપો એવો છે કે આત્મહિત ન સૂઝવા દે; ઊલટું અહિતના માર્ગે દોડાવે. માટે જ આત્મહિતના અર્થીએ કષાયો પર ખૂબ નિગ્રહ રાખવો પડે. કોણિક કહે છે 'હું સાતમીએ જઈશ.' સાતમી નરકે કોણ જાય ? ચક્રવર્તી જેવા ! ચક્રવર્તી બનવાનો



કીમિયો કરીને વૈતાઢ્ય સુધી પહોંચ્યો, યુક્તિબાજ છે, કુનેહવાન છે, ચક્રવર્તીનાં કૃત્રિમ સાધન ઊભા કર્યા, ધમાધમ કરીને પહોંચ્યો ! ચક્રવર્તીનાં કૃત્રિમ રત્નો બનાવ્યાં ! સ્ત્રી જોઈએ. સ્ત્રીને વાળ સોનેરી જોઈએ તો એવો કલ્પ બનાવ ! કાકિણી રત્ન જોઈએ. તો તે ય કૃત્રિમ બનાવી દીધું ! પછી વૈતાઢ્યની પેલી બાજુ જવાના દ્વાર કોણ ખોલી આપે ? તોડી નાખો આ ગુફા ! દેવતા પ્રગટ થયો ! કોણિકને માર્યો ! મરીને છઠ્ઠીએ પહોંચ્યો ! તો બહાદુર ખરો કે નહિ ? આવી બહાદુરી જેને ખપતી હોય તેને ક્ષમા વગેરેમાં બાયલાપટ્ટી દેખાય ! ભયંકર દુર્ગતિમાં ભટકવાની જેને બહાદુરી હોય તેને ખામોશ રાખવામાં બાયલાપણું દેખાય ! રુડાં ખાનપાનમાં હોશિયારી સમજ તો હોય એને છતી શક્તિએ તપ કરવામાં બાયલાપણું દેખાય ! પણ સમજી રાખો કે એણે આ ભવચક્રમાં પોતાના આત્માની ઘૂમડીની તૈયારી રાખવાની !

શ્રાવક મિત્રે નાગકેતુના જીવને એ સલાહ આપી 'જો ભાઈ ! આ પૂર્વ જીવનમાં તેં તપ નથી કર્યો તેથી આવો પરાભવ સહન કરવો પડે છે, માટે હવે તું તપ કર.' એ સલાહ ઝીલી તો નાગકેતુ થયા અને મોક્ષે ગયા.

**વંકચૂલ** અલબત્ત પોતે વ્રત પાળવામાં મક્કમ હતો, છતાં, રાજાએ બોલાવી મંગાવેલા એના શ્રાવકમિત્રે વંકચૂલને શી સલાહ આપી ? એ નહિ કે 'હમણાં અવસર ઓળખી લે, પછી પ્રાયશ્ચિત્ત લઈ લેજે, જીવતો હોઈશ તો ઘણો ધર્મ કરી શકીશ આવી સલાહ નહિ; પણ એણે તો એ કહ્યું કે વ્રતમાં બરાબર મક્કમ રહેજે. વ્રત ભાંગતાં જે દુર્ગતિ પ્રયાણ શરૂ થાય છે, ત્યાં કોઈ બચાવવા નથી આવતું. ત્યારે વ્રત સાચવતાં મૃત્યુ પણ આવી ગયું તો તેવું મૃત્યુ જીવમાં જોરદાર ધર્મલેશ્યાના વજ્રપાયા નાખી આપે છે, જેના ઉપર ભવાંતરમાં અતિ પ્રબળ ધર્મસાધના ઊભી થાય છે, વગેરે,

શ્રાવકપણું તો ઘણી ઊંચી પદવી છે; એ પદવી પ્રાપ્ત થયા પછી મોટી જવાબદારી છે. તેથી વાણી-વિચાર-વર્તાવમાં અંકુશથી કાર્ય કરવું પડે. એકેક શબ્દ જોખીને બોલાય એવો, કે એ સામાને કષાયમાં ન ચઢાવી દે, કે દુરાચારાદિ પાપમાં ન પ્રેરે.

અહીં ચંડાલ કહે છે કે અમારે શ્રાવક મિત્ર છે. એના હિસાબે અમે એકાન્તે ક્રૂર દિલવાળા નથી. ત્યારે તમે પૂછો કે તો પછી રાજાને એ વિનવે નહિ કે અમારે આવું ઘાતનું કાર્ય નથી કરવું !

જરૂર વિનવે, પરંતુ જીવનની ઘટનાઓ બધી આપણા હાથમાં થોડી જ હોય છે કે આપણું ધાર્યું થાય, અહીં ચંડાલ રાજશાસનને પરાધીન છે; તેથી ઈચ્છા ન

હોય તો ય પ્રવૃત્તિ કરવી પડે છે. રાજાને એ વિનંતિ કરી ચુક્યા છે ! બીજી વિનંતિ તો એમની માને નહિ, પણ એ વિનંતિ કરી છે કે જેને અમારે મારવાનો હોય તેને **'બે ઘડી સમય આપવો' કેમ એનું ઇચ્છિત પૂરીએ તો એ મારવાનો હોય તે સારા પરિણામમાં મરે.**

આ સમજે છે ચંડાળ કે પરિણામ બગડ્યો તો મોત બગડ્યું. મરતાં જેને સમાધિ ના હોય તેનો પરલોક બગડે. ચંડાળને ચિંતા છે કે સામાના પરિણામ ન બગડી જાય !

**પરિણામ વિચારો,** આંખ ખોલ્યા વગર જે બારણું ખોલ્યું કે બંધ કર્યું ને ઉંદરડી એકાએક ચગદાઈ જાય, તો એ પશ્ચાત્તાપ થાય કે **'આ જીવ જે ખરાબ પરિણામમાં મર્યો, તે મરીને કેવી ઘોર દુર્ગતિમાં જશે;** મેં કેવું ભયંકર પાપ કર્યું ? એવા પાપોથી બચવા માટે હરવખત ને વિશેષ કરીને ચાતુર્માસમાં ખૂબ જયણા રાખવી જોઈએ ! એવી હરેક પળે જાગૃતિ જોઈએ !

ચંડાળ કહે છે, રાજાને અમે વિનંતિ કરી છે કે મારી નાખતાં એ બિચારો સારા પરિણામમાં મરે એટલા માટે એક મુહૂર્ત (બેઘડી) એનું ઇચ્છિત અમારે પૂરવું એ રજા આપો !

રાજા તરફથી 'લગાવ', ને આ ચંડાળ તરફથી 'બે ઘડી જીવવા મળો ! કેવો તફાવત ! બે ઘડી શા માટે ! એમાં એને સમજુતી અપાય, ભગવાનને યાદ કરવા તક દેવાય, ઇચ્છિત પૂછી શક્ય હોય તો એને સંતોષાય...વગેરે હેતુ છે; જેથી મરતાં બહુ આકુલવ્યાકુલ ન થાય. આ અમારે ગમતી વાત નથી એમ પેલાને લાગશે તો થશે કે 'આ માણસ સારો !' દુઃખી સાધર્મિ ઘરે આવ્યો ને જો કહો ઊતરી જાઓ નીચે નથી પૈસા ? એમ કહી નીચે ઉતારી મૂકે, અને જો એમ કહે કે 'આવો ભલે પધાર્યા, પણ હમણાં જોગવાઈ નથી,' તો બેમાં ફેર કેટલો ?

ચંડાળ આગળ કહે છે, રાજાએ અમારી માગણી મંજૂર કરી, તો એ મંજૂરીના હિસાબે હું તને પૂછું છું કે 'બોલ, હું તારું શું ભલું કરું ?'

જીવતા પંચેન્દ્રિય જીવોને મારી નાખવાનો જેનો ધંધો છે, તેના મોંઢાની આ વાતો છે ! અધમાધમ ચંડાળ કુળ અને ચંડાળગીરીનો ધંધો જેનો છે તેના દિલનો આ અવાજ છે ! કેવો અવાજ છે ? ઉપકારના સંગીતનો !

સાચું સંગીત આ છે કે જે માણસના હૈયામાં તાર હલાવી નાખે, સામાને આપત્તિ વખતે કહો કે 'કહો શી શી સેવા કરું ? જરૂર લાભ આપો;' તો એનાં હૈયાંને એ ઠારે કે મધૂરાં ગાયનના સંગીત ઠારે ?

આ ચંડાળ એકાન્તે ક્રૂર નહિ, તેના હિસાબે રાજાની રજા માગી લઈ આને



કહે છે, 'માગી લે તું !' મરતાં પરિણામ બગડે નહિ, એ રીતે મરનારનાં પરિણામનું મૂલ્ય આંકનાર ચંડાળ છે !

**બીજાના પરિણામ ન બગાડો.**

બહારથી રમકડું લઈ જાઓ ને પછી બાળકને બતાવીને ટીંગળાવો ખરા ? બસ, એ પરિણામ બગાડવાનો ધંધો છે ! પણ પરિણામની કિંમત કોને છે ? ઝટ લઈને કોઈની નિંદા ભસી મારી, બસ પછી ? સાંભળનારો જઈને પેલાને કહેશે તો આગ મૂકાશે ! પરિણામ એના બગડતાં વાર નહિ અને કર્મ બંધાવાનો આધાર આત્માના પરિણામ ઉપર છે. તેથી બગાડેલા પરિણામ પર અશુભ કર્મ બંધાવાના.

**પોતાના અને પરના આત્માના પરિણામનો વિચાર રાખવો એ મહાન જાગ્રતિ છે.** 'મારા માનસિક પરિણામ ન બગડો; બીજાના પરિણામ મારા નિમિત્તે ખરાબ ન થાઓ;' આ લક્ષ જો રાખવું હશે તો ક્રૂર નિષ્ઠુર કાર્યોથી પહેલાં દૂર રહેવું જોઈશે. તેમ ચાલુ જીવનના પાપ કર્મો, દા.ત. આરંભ-પરિગ્રહના કાર્યોમાં પણ તીવ્ર આસક્તિ, નિષ્ઠુરતાદિ ન આવે, તેમજ પાપભય ઊભો ને ઊભો રહે, એ દરેક પળે તકેદારી રાખવી પડે. આ બહુ કઠિન છે ? ના, સંસારની નિર્ગુણતા, મોટી સલ્તનતોની પણ વિનશ્વરતા, કર્મનું મહાસામ્રાજ્ય, સંબંધીઓની પણ સ્વાર્થ પટુતા, રાગદ્વેષાદિના ભયંકર વિપાક વગેરેને ચિંતનમાં રમતા રખાય તો એ સહેલું થયું એટલે માનસિક પરિણામ પોતાના ન બગાડવા દેવા પર અને બીજાના ન બગાડવા પર લક્ષ રહેવાનું.

કલુષિત પરિણામ એવી ખતરનાક વસ્તુ છે કે ઠેઠ ધર્મના ઊંચા હોદ્દે બેઠેલાને પણ નીચે પાડી દે. પછી ત્યાં ઊંચી ધર્મક્રિયાઓની કે લોકો ઉપર કરેલા મોટા ઉપકારોની પણ શરમ નથી નડતી.

મથુરામાં **આચાર્ય આર્ય મંગુ** માત્ર રસનાને પરવશતામાં મલિન પરિણામવાળા બન્યા તો હલકી કોટીનું દેવપણું-યક્ષપણું પામ્યા !

વીર પ્રભુના જીવ **વિશ્વભૂતિ અણગાર** રાજકુળના વૈભવના ત્યાગી, અને મહાસંયમી તથા માસખમણો સુધીના ઘોર તપ તપનારા છતાં પિતરાઈયાની મશ્કરી પર કલુષિત પરિણામવાળા બન્યા, તો સાતમી નરકનો અનુબંધ કરાવે એવાં કર્મ ઉપાર્જનારા બન્યા ! દેવ અને વાસુદેવ થઈ સાતમી નરકે સિધાવ્યા ! એટલે ય પત્યું નહિ, સાતમીના ઘોર સિતમ વેઠી સિંહ થઈ પાછા ચોથી નરકે ગયા ! ત્યાંથી નીકળીને ય સંસારમાં ઘણું ભમ્યા ! મનના પરિણામ બગાડવા પર આ કેવી ઉગ્ર અને દીર્ઘાતિદીર્ઘ કાળની દુર્દશા !

**ચંડકોશિક નાગ** શી રીતે થયો ? મૂળ સાધુભવમાં મનના પરિણામ બગાડવા

પર જ ને ? તે ય બગાડવાનું કેટલું ? દેડકીની વિરાધના યાદ કરાવનાર સાધુને માત્ર ડંડો ફટકારી દેવા જેટલું, પણ પછીના ભવોમાં એ મલિન પરિણામના ગુણાકાર કેવા થતા ચાલ્યા !

તમારે વિચારવા જેવું તો એ છે કે જેની પાછળ મહાન સંયમ, તપ અને જ્ઞાન ધ્યાનનું બળ હતું, વર્ષોની આરાધના હતી, ત્યાં પણ મનના બગડેલા પરિણામે મહાન દુર્દશા સર્જી તો આરાધનાનું એવું બળ નથી અને મનના પરિણામ વારંવાર બગાડવા જોઈએ છે એનું શું થવાનું ?

**પ્ર.**- પરિણામ બગડ્યા એટલે પૂર્વની આરાધના નકામી ગઈ ?

**ઉ.**- નકામી નહિ, એણે ય ફળ તો આપ્યું, પરંતુ એ ફળ મળેલું બગડેલા પરિણામને પોષવામાં ગયું. ત્યારે એવા ફળથી શું રીઝવાનું ? ઊલટી, પરિણામ વધુ બગાડી. દુર્ગતિ મોટી કરાવે. જીવ સાથે વિચાર, તો આ કરો કે 'મારી પાસે ધર્મસાધનાનું બળ નથી અને મનના પરિણામ ઘડીએ ને પલકે બગાડું છું, બગડેલા પરિણામને લાંબા કાળ સુધી ટકાવી રાખું છું, તો મારું થશે શું ?'

મનના પરિણામ બગાડવાનો કેવો ધીકતો ધંધો ચાલે છે ! બગાડનારા કેટકેટલા પદાર્થો અને પ્રસંગોનો પથારો પાથરી મૂક્યો છે ! ઘરમાં સારા-સારા ધર્મના ઉપકરણો મહા પુરુષોના ચિત્રો ઇત્યાદિ નથી, સારાંસારાં ફોટા-ફર્નિચર છે, એ જોઈ જોઈ શું થાય છે ? પરિણામ ચીકણા રાગના-આસક્તિના અને અભિમાનના કે બીજું કાંઈ ?

**માનવજીવન એ નાજુક જીવન છે,** એમાં મળેલી બુદ્ધિ શક્તિ અને સંયોગો એવા છે કે એમાં મનના પરિણામ સુધારો તોય એના ઊંડા પાયા નખાય છે, બગાડો તો એના પણ ઊંડા પાયા નખાય છે. ઉત્તમ પુરુષોના જીવનમાં જુઓ કે એમણે પરિણામ સુધાર્યા પછી ભૂતકાળના અનંતા ભવની સામે કેટલા અલ્પ ભવમાં ઉત્તરોત્તર વિકાસ સાધી અનંત કલ્યાણ પ્રાપ્ત કર્યા છે ! ત્યારે પરિણામ બગાડવા ઉપર ઠેઠ આટલા ઊંચા ભવે આવ્યા પછી પણ કેવાં અધઃપતન પ્રાપ્ત કર્યા છે !

આવા નાજુક ભવમાં મનના પરિણામ ન બગડે એની કેટલી બધી કાળજી રાખવી જોઈએ ? એ કાળજી રાખવા માટે શ્રી જૈન શાસન, જૈન શાસ્ત્રો અને પૂર્વના દૃષ્ટાન્તો આપણને મહાન સહાય કરે છે. આ સહાય, આ આલંબન, એટલી બધી કિંમતી વસ્તુ છે કે એની આગળ આપણને કર્માનુસાર મળતાં બીજા-ત્રીજા સંયોગો વિસાતમાં નથી. એની બહુ ગણત્રી ન રખાય, એનું બહાનું આગળ ન ધરાય કે 'શું કરું, મારે પરિણામ તો ઘણાય સારા રાખવા છે, પરંતુ સંયોગો ક્યાં અનુકુળ છે ?' શાસ્ત્રો, સદ્ગુરુઓ મોક્ષનો વિશુદ્ધ માર્ગ, એની કિંમત, એની કદર



ન કરવામાં આવે ત્યારે મુફલીસ બહાના આગળ ધરાય છે. પરંતુ ત્યાં ખબર નથી રહેતી કે 'એમ કરીને હું મનના પરિણામ બગાડી એના ઊંડા પાયા નાખી રહ્યો છું કે જેના ઉપર ભવિષ્યમાં દુર્ગતિના ભવોની ઈમારત રચાશે, દુઃખ, દુર્દશા અને એ મલિન પરિણામની પરંપરા ચાલશે !' વિચાર કેમ નથી કે **પરિણામ સુધારવાના આ ભવ અને આ ઉત્તમ જિનશાસનના સંયોગમાં હવે મનના પરિણામ બગાડાય જ કેમ ?**

પણ અફસોસની વાત તો એ છે કે આ તો જરા માન સારું મળ્યું, પૈસા-પરિવાર સારા મળ્યાં કે એના પર ગુમાન કરી બીજાને તુચ્છ દૃષ્ટિથી જોવાય છે ! અને એ ન મળ્યું તો એ પામેલાની સામે ઈર્ષ્યાની દૃષ્ટિથી જોવાનું કરાય છે ! બંનેમાં પરિણામ બગાડાય છે,

આજે અરસપરસ હોંશાતોંશી કેટલી ચાલી પડી છે ! બીજાનો એક સામાન્ય શબ્દ પણ ખમાતો નથી અને ઝટ મનના પરિણામ કાળા કરતાં આંચકો નથી આવતો, પોતાના ય પરિણામ બગાડાય છે અને સામાના પણ બગાડાય છે ! વિચાર કરવા જેવો છે કે કૂતરા ભેગા થાય ત્યારે તો ભસાભસ કરી મૂકે, પણ માણસોય ભેગા થઈને ચડા-ઊતરી કરે એ કેટલું બેહુદુ ! જીવન એવું જ પસાર કર્યું એટલે મનના પરિણામ એવા જ ઘડાઈ ગયા પછી મરીને કૂતરા થાય તો એવું જ કરે ને ?

મનુષ્ય જેવો મનુષ્ય એક બીજાની સાથે સલાહસંપી ન રાખે, શાન્તિથી કામ ન લે, સહિષ્ણુભાવ કેળવી બીજાનું ખમી ન ખાય, ઉદારભાવ રાખી ક્ષમા અને સ્નેહના વહેણ વહેતાં ન રાખે, એ ઉત્તમ રેશમી જરિયાન વસ્ત્રને કાદવમાં રગદોળવાની જેમ ઉચ્ચ માનવભવને કલુષિત આત્મ પરિણામ અને ચીકણાં પાપકર્મ રૂપી કીચડમાં રગદોળવા જેવું છે. એ કીચડના લેપના કરુણ અંજામની કથા સાંભળતાં પણ કમકમાટી છૂટે એવું હોય છે !

**દ્રૌપદીના જીવે :-** બહુ પૂર્વના બ્રાહ્મણીના ભવમાં સાધુ મહારાજને કડવી ઝેરી તુંબડીનું શાક વહોરાવવાના ક્રૂર પરિણામ કર્યા, તો પછીથી કેટલા બધા દુઃખ અને ત્રાસભર્યા અધમ ભવો કરવા પડ્યા !

**મેતાર્યે** પૂર્વે સાધુપણું લીધેલું અને સારું પાળેલું છતાં ત્યાં 'ગુરુ મહારાજે આ પરાણે ચારિત્ર આપ્યું તે ચારિત્ર સારું, પણ આમ ન અપાય; તેમ આમાં માત્ર નહાવાનું નહિ તે જરા ઠીક નહિ,' આટલા જ પરિણામ બગાડ્યા, તો મેતાર્ય ચરમ શરીરી તદ્ભવમુક્તિગામી છતાં ભંગણીના પેટમાં જન્મ્યા ! અને દેવતાના વર્ષોના પ્રયત્નમાં ય ચારિત્રના ભાવ ન જાગ્યા !

**લક્ષ્મણા સાધ્વી** વિધવા રાજપુત્રીપણામાંથી સમસ્ત સંસાર ત્યાગ કરી કઠોર ચારિત્ર લેવાના પરાક્રમમાં ચઢી ગયેલી ! છતાં ચકલા-ચકલીની ક્રીડા જોઈ મનના પરિણામ બગાડનારી બની; પાછી એના ઉપર ગુરુને ચોક્ખું કહું તો સ્વમાન હણાય, વગેરે મલિન પરિણામમાં ચડી સીધું પ્રાયશ્ચિત્ત ન લીધું, તો એનું પરિણામ શું આવ્યું ? પ્રાયશ્ચિત્ત રૂપે આપમેળે ૫૦ વરસ સુધી કઠોર તપ આચરવા છતાં ઍંશી ચોવીસી સુધી ઘોર સંસારમાં ભમી ! કેટલા ભવ થયા ? એક અવસર્પિણીમાં જ અસંખ્ય ભવ ગણતાં ૮૦ વાર અસંખ્ય ભવોના જન્મ-મરણ-રોગ-શોક ત્રાસ વગેરેની ઘોર વિટંબણા થઈ !

હૃદયમાં સેવેલા પાપવિચાર, શલ્ય, માનહાનિનો ભય, આ બધા આત્મપરિણામને કલુષિત કરે છે, ને એને દીર્ઘકાળ સુધી પોષે છે ! આત્મપરિણામનું ફળ અહીં પણ અશાંતિ, સંતાપ, અસ્વસ્થતા, યાવત ભયાનક દુષ્કૃત્યો અને ભવાંતરે મહાવિટંબણાઓ.

**જીવન તો જીવો છો, પણ વિચારક મનુષ્યનું જીવન જીવો, નિર્વિચાર પશુનું નહિ.** વિચારક મનુષ્ય તે કહેવાય કે જે દરેક વાણી, દરેક વિચાર અને દરેક વર્તાવમાં પોતાના મનના પરિણામ કલુષિત ન થાય એનો ખૂબ વિચાર રાખે, કાળજી રાખે. ન તો માનસિક પરિણામ બગાડીને વાણી-વિચાર-વર્તાવ પ્રવર્તાવે, કે ન તો એવા વચનાદિ કાઢે, ન એવી વિચારસરણીમાં ચઢે, યા ન એવી પ્રવૃત્તિ આદરે જે આત્માના પરિણામને બગાડનારા હોય. તમે પૂછો કે,

**પ્ર.**- આત્મ પરિણામ પહેલાં બગાડ્યા વિના તો એવા વાણી-વિચાર-વર્તાવ પ્રવર્તે જ શાના ?

**ઉ.**- પણ અહીં સમજવાનું છે કે કેટલીકવાર પહેલાં તો નિર્દોષ મનથી માત્ર જિજ્ઞાસા રૂપે એવી પ્રવૃત્તિ થાય છે, પણ એના પરિણામે માનસિક ભાવ બગડે છે. દા.ત. યુવતી જતી જોઈ એ જિજ્ઞાસા કરી કે આ કોણ છે; અને પછી એના સામે જોયું, ત્યાં એ સગી બેન કે માતા નથી તો સંભવ છે એનું સારું રૂપ જોઈને મનના ભાવ બગડવાના. ધ્યાન રાખજો કે 'આ સારી રૂપાળી છે, લષ્ટપુષ્ટ છે અગર નાજુક કાયાવાળી છે...' વગેરે વિચાર પણ મનના ભાવ બગાડે છે. બગડેલા માનસિક ભાવ એના ખાસ અંગો તરફ રાગ ભરી દૃષ્ટિ નખાવે છે. પછી કેટલુંય તોફાન આગળ વધે છે, જે આત્મપરિણામને મહા કલુષિત કરે છે.

**સિનેમા જોતાં કેવી ખરાબી ? :-**

એમ, જાતે મન નહિ છતાં સ્નેહી-સંબંધીની પ્રેરણા માત્રથી સિનેમા જોવા ગયા, ત્યાં પહેલાં તો માનસિક ભાવ એવા બગડેલા નહોતા, પણ સિનેમા જોતાં



જોતાં શું થવાનું ? એનો એકેક પ્રસંગ જોતાં જોતાં ભાવ બગડવાના. એવા એવા દૃશ્યો જોતાં મનમાં ક્રોધ ઊઠવાનો, મોહ ઊઠવાનો, લોભ લાલચ લાગવાની, ભભકાદાર વેશ અને લટકાવાળી સ્ત્રીઓ જોઈ એમ થવાનું કે 'આપણી સ્ત્રી ગામડિયણ, એને આવું આવડે નહિ',... ઈત્યાદિ કેઈ જાતના બિગાડા મનમાં પેસે છે. એક-બે કલાકના સિનેમા જોવામાં આત્મ પરિણામમાં પાર વિનાના બગાડા ઊભા થાય છે, જેના હિસાબે તત્કાલ ઢગલાબંધ ઘોર પાપકર્મ બંધાય છે. જોવા જતાં પહેલાં કદાચ કલુષિત મન નહોતું પણ પછી કલુષિત બને છે ને ? જીવનના આવા તો કેટલાય પ્રસંગો છે કે જ્યાં પરિણામે મનને કલુષિત ભાવોની લહાણી-પ્રભાવના મળે છે.

એવું જ વચનમાં પણ છે. એ બોલવા પહેલાં એવી કલુષિત ભાવ ન હોય, પણ બોલીને એ ઊભા થાય છે. કામના ગીત ગાતાં-સાંભળતાં શું થાય છે ? રાજકથાદિ કૂથલી કરતાં કરતાં હૈયામાં કયા આંદોલનો જાગે છે ? સારા કે નરસા ? રાગ-દ્વેષાદિના કે વૈરાગ્ય-ઉપશમના ? બીજાની ચાડી કરતાં મનના પરિણામ કેટલા તુચ્છ અને કષાયી બને છે ? વેપારની વાતો કરતાં મનમાં કેવા લોભ વગેરેના ઉછાળા ઊછળે છે ?

એવું વિચારસરણીમાં પણ છે. પહેલાં જે કલુષિત મન ન હોય તે અમુક જાતની વિચારસરણીમાં ચઢવાથી થાય છે. શેખચલ્લીના વિચારમાં જો ચઢ્યા તો મનમાં કેઈ કેઈ રાગના યા દ્વેષના તરંગો ઊછળવાના, એકાદું સારું રૂપ જોઈ એની આગળ કામની વિચારણામાં ચઢ્યા તો ભયંકર કલુષિતતા ઊભી થવાની. દુશ્મનની કે વિરોધીની પ્રત્યે અણગમાભરી વિચારણામાં ચઢતાં મનમાં દ્વેષના ભાવ જોરદાર બને છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૩૧,તા.૨૩-૪-૧૯૬૦

માટે, આ ખાસ ખ્યાલમાં રાખવાનું છે કે **સારું પણ મન અનુચિત વિચાર-વાણી-વર્તાવથી બગડી જશે.** આજના બાળકો એમજ બગડી રહ્યાં છે. એની આંખ સામે બિભત્સ ચિત્રો, વિલાસી સાધનો, ઉદ્ભટ ભૌતિક પ્રવૃત્તિઓ નજરે ચઢે છે, એના કાને રેડિયા-સિનેમાના હલકટ શ્રવણ ચઢે છે. એના વિદ્યાભ્યાસમાં વ્યામોહકારી વિજ્ઞાન વગેરેની અને અભક્ષ્યાદિના લાભની વાતો આવ્યા કરે છે. આવું બધું એના મનના પરિણામને ગટર-ક્લાસ કરી નાખે છે. મહાવિષય-કષાયના આવેશભર્યા કરી નાખે છે. ઉદ્ધતાઈ-ક્ષુદ્રતા-લોભિયાપણું વગેરેથી રંગાવી નાખે છે. પછી એ

પ્રજા દુરાચારી, જૂઠી અને અનીતિખોર પાકે એમાં શી નવાઈ ? બાળપણથી જ એના માનસિક ભાવ ન બગડે એ કાળજી ન રાખી તો પછી વસ્તુ પ્રાયઃ હાથ બહાર જાય છે. ખરું ભણાવવાનું તો પહેલું આ છે કે એના હાર્દિક ભાવ ખૂબજ પવિત્ર, પરોપકારી અને ઉદાર, વિનયશીલ, સત્યબદ્ધ અને નીતિબદ્ધ બનાવો. એ બધું પોષે એવું જ ભણાવો.

જેવું બાળક માટે, એવું પોતાના માટે પણ આ કાળજી પહેલી જોઈએ કે ન તો મનના ભાવ બગાડીને કાંઈ બોલું-ચાલું, કે ન એવું વર્તું, વિચારું કે કહું કે જેના લીધે મન બગડે. ધ્યાન રાખજો દ્વેષ-વૈર-ઈર્ષ્યા વગેરેની જેમ રાગ, આસક્તિ, લાલચ વગેરે પણ કલુષિત મનના પ્રકાર છે. બહુ પૈસા મળ્યા, અને ખિલ્યા તો એ પણ મન કલુષિત થયું. લક્ષ્મી અને વિષયોની બહુ ઇચ્છાઓ જાગી એ ય બગડેલા મનનો પ્રકાર છે.

**જીવન શુદ્ધ-આલોક સુખી અને પરલોક હિતકારી જીવવું હોય તો બંને પ્રકારની માનસિક કલુષિતતા ટાળવી જોઈએ,**

**કલુષિત મનને ધર્મ નીરસ લાગે છે :-**

ત્યારે એ પણ સમજી રાખો કે ધર્મનો સ્વાદ અનુભવવો હોય, ધર્મનો રસ લાવવો હોય તો મનના પરિણામને નિર્મળ રાખવા માટે પહેલું ધ્યાન રાખવું પડશે. એવા એવા વાણી-વિચાર-વર્તાવથી જ્યાં મન બગડેલું રહે છે, ત્યાં ધર્મક્રિયાઓ કૂચા જેવી લાગે છે, ધર્મ મળ્યે મોટું નિધાન મળ્યા જેવો આનંદ નથી આવતો માટે પરિણામ ન બગડવા દેવા પર પહેલું લક્ષ દેવું જોઈએ છે. મંદિરમાં વીતરાગની મોટી પૂજા કરી, પણ બહાર યથેચ્છપણે માનસિક પરિણામ ભારે રાગ, દ્વેષ, લોભ-લંપટતા, ઈર્ષ્યા-અભિમાન ક્ષુદ્રતા-દુરાગ્રહ વગેરેથી વ્યાપ્ત રાખવા છે, તો નિસ્તાર નહિ થાય; ઊલટું મહાફળદાયી એ પ્રભુપૂજાનાં ફળ બહુ સંકોચાઈ જશે; અગર જે ફળ મળશે તે પણ આ દોષોથી ઘેરાયેલા મળશે ! આમા આત્મા શી રીતે ભવ પાર કરી શકે ?

**માટે ધર્મસાધક બનો એવા ધર્માત્મા પણ સાથે બનો.** ધર્માત્મા બનવા માટે માનસિક નિર્મળ પરિણામની-હાર્દિક વિશુદ્ધ ભાવની ખાસ જરૂર છે; મનમાં કલુષિતતા ન પેસે એની સાવધાનીની બહુ અગત્ય છે. અને એ પણ સમજજો કે ધર્માત્માને સદ્ગતિનો જે હક છે, તરવાની જે ગેરંટી છે, તે માત્ર ધર્મ સાધકને નથી; કેમકે કોરો ધર્મસાધક માત્ર કાયામાં ધર્મ ઉતારનારો છે, ત્યારે ધર્માત્મા દિલમાં ધર્મ ઉતારે છે. દિલમાં ધર્મ ઉતારીને કાયામાં ઉતારનારની બલિહારી છે પણ દીલ કલુષિત હશે ત્યાં ધર્મ નહિ ઊતરી શકે.



**બીજાનાય પરિણામ ન બગાડો :-**

બસ, આ વાત છે કે મનના પરિણામની જાળવણી પર ખૂબ લક્ષ રાખો; કેમકે એ બગડવાથી આખો ભવ બગડે છે, પરલોક બગડે છે, અહીં મળેલી દેવ-ગુરુ-ધર્મની પ્રાપ્તિ એળે જાય છે. માટે જ બીજાના આત્માના પરિણામ તમારી પ્રવૃત્તિના યોગે ન બગડે એ પણ ખૂબ લક્ષ રાખો. એ લક્ષ રાખવામાં ઊંચી ભાવદયા છે. એમાં પહેલું તો કુટુંબમાં જ સાવધ રહેવું જોઈશે. 'હું એવું કાંઈ બોલું-ચાલું નહિ, વર્તું નહિ, અરે એવો આંખ-મુખનો દેખાવ પણ ન કરું કે જે મારા કુટુંબીના મનના ભાવ બગાડે,-આ સાવધાની જોઈએ. આજના પતિપત્નીના મોહભર્યા વર્તાવ જોઈ નાના છોકરા બગડી રહ્યા છે. આજના વડેરાના ક્રોધિલા સ્વભાવ પર કુટુંબીઓના મન ભારે વ્યથા અનુભવે છે, દુર્ધ્યાન કરે છે, ને એનું પરિણામ અહીં તો અશાંતિ ખરી, પણ પરલોક માટેય ભારે કર્મબંધ ! એમ કુટુંબીમાં જો ગંભીરતા નહિ, છીછરાપણું, તો એથી ય બીજાઓના મન ભારે બગડે છે.

પતિએ વર્ષોના વર્ષો ગંભીરતા સાચવી પણ એક વખત ગંભીરતા ગુમાવીને પુત્રને કહ્યું કે 'આ વહાલ બતાવનારી તારી માએ એક વખત મને કૂવામાં ફેંક્યો હતો.' બસ આ સાંભળી પત્નીના પરિણામ બગડ્યા પત્નીને આઘાત-હાર્ટફેલ ને દુર્ગતિ !

મનના પરીણામની કિંમત છે. સામાના આત્મ પરિણામ કે આપણા બગાડવા નહિ એ આપણા પુરુષાર્થથી શક્ય છે. પણ એ માટે લોભ અને અજ્ઞાન દૂર રાખવા જોઈએ; કેમકે એ જો મહાલતા રહે તો પછી આત્મ પરિણતિ બગડવાની કોઈ ચિંતા નથી રહેતી.

**બે ધારા :- એક કાબૂમાં, બીજી કાબૂ બહાર :-**

જગતના રળિયામણા પદાર્થો આપણને લોભ ને અજ્ઞાનમાં ખેંચે છે ને રાગી-દ્વેષી બનાવે છે; પછી નજીક-દૂરના પરિણામનો વિચાર નથી કરવા દેતા; અસત્ય-અનીતિ વગેરે અકાર્ય કરાવે છે. જગતના પદાર્થો કાંઈ સદ્બુદ્ધિ જગાડતા નથી, વિરાગી અને વીતરાગ નથી બનાવતાં, હિતાહિતનો વિચાર નથી કરવા દેતા. એના પરિણામે અહિતનું કાર્ય જોરશોરથી ચાલે છે. પરંતુ સુજ્ઞજનને એથી ઊલટું વિરાગ, તૃપ્તિ, સત્કાર્ય વગેરે તરફ પ્રેરે છે. આ એક ધારા લોભ-અજ્ઞાન વગેરે દોષો યા વિપરીત સદ્ગુણોની ચાલે.

બીજી ધારા પોતાના પુણ્ય-પાપના ઉદયની ચાલે છે એ શું કરે છે ? આ જગતમાં સારો નરસો લાભ દેખાડે છે, જગતમાં સૌભાગ્ય-દૌર્ભાગ્ય, જશ-અપજશ, શાતા-અશાતા વગેરે આપે છે.

આ બે ધારા ચાલે છે, તેમાં પહેલી આપણા કાબૂમાં છે, બીજી કાબૂ બહાર છે. હવે નિજના જીવનમાં તપાસો કોને અંગે ઝઝૂમાય છે.

**નિષ્ફળ મહેનત શા સારું કરવી ? :-**

ધારા બંને છે, પણ લોભ-અજ્ઞાનાદિની ધારાને અટકાવાય તો આત્માનું મહાન કલ્યાણ સિદ્ધ થાય છે; ત્યારે પૂર્વકૃત પાપના (અશુભ કર્મના) ઉદયની ધારા અટકાવવાથી કાંઈ વળતું નથી, અને અટકાવવાનું હાથમાં નથી. પાપના ઉદયની ધારાને અટકાવવાની તાકાત તીર્થંકરમાં પણ નહિ, તો આપણે પણ આ દુનિયાના પદાર્થો પાછળ ખેંચાવાની ધારાને લોભ-અજ્ઞાનની ધારાને, અકાર્યોની ધારાને અટકાવી શકીએ છીએ. પાપના ઉદયને અટકાવી શકતા નથી, અટકાવવા જતાં તો મહેનત રદ બાતલ જાય છે. એને અટકાવવાની મહેનતમાં રાચીને નિશ્ચિત મહાલાભકારી મહેનત ગુમાવવાનું થાય છે. એક માણસને પથરા જેવો છોકરો મળ્યો હોય, ઘણી મહેનત સુધારવાની કરી છતાં સુધરે એમ નથી. છતાં બીજા સારા છોકરા પાછળ મહેનત કરવાનું મૂકી આની પાછળ સવારમાં ઊઠીને રોજ લમણાં-ફોડ કરે તો પરિણામ ? ઘરવાળાને કહેવું પડે, 'આમાં કંઈ વળે એમ નથી ! ઊઠો ચાહ પી લ્યો !' મહેનત નકામી ગઈ, ને સાચી મહેનત ગુમાવી ! સામાયિક લઈને બેસાત, પાંચસો નવકારનો જાપ લઈને બેસાત, પણ એ ગુમાવ્યું, ને છોકરો એવો ને એવો રહ્યો. તેમ, **આપણી મહેનત જોઈએ લોભ-અજ્ઞાનની ધારાને અટકાવવાની, જગતના આકર્ષણની ધારાને રોકવાની, આ મહેનતનું ફળ આવે તેમ છે, છતાં એ ગુમાવવાનું થાય છે. ત્યારે પાપના ઉદયની જે ધારા-દુઃખ, તેને અટકાવવાની મહેનત કરવા છતાં એ નિષ્ફળ જાય છે ! ને પાપ પથરા એના એ ઊભા રહે છે !** એક બાજુ પરમાત્માનું ધ્યાન છે, બીજી બાજુ પથરા જેવો છોકરો છો ને એની સામે આપણી મહેનત છે. એ મહેનતને છોકરાને સુધારવામાં લગાડીએ તો ? નકામી જાય, પ્રભુના ધ્યાનની મહેનત ફળે. તેમ લોભ અજ્ઞાનને સુધારવાની અને પાપ કર્મ ટાળવાની મહેનત છે, તેમાં કર્મના ઉદયને ટાળવાની મહેનત માથે પડે છે, કેમકે કર્મના ઉદય તેવા જ રહે છે. ત્યારે જગતના આકર્ષણોને બંધ કરવાની જે મહેનત, દુષ્કૃતની આચરણાને બંધ કરવાની જે મહેનત, એની તક ગુમાવીએ છીએ. જિનેશ્વર-દેવનું શાસન પામ્યા છીએ, તો આ ઊભું કરવું જોઈએ કે 'પથરા સામેની મફતિયા મહેનત મારે કરવી નથી. જે મહેનત સારું ફળ પેદા કરે, એવી મહેનત મારે કરવી છે; અને તે મહેનત લોભ-અજ્ઞાન, રાગ-દ્વેષ, વગેરેની ધારા અટકાવવાની કરીશ.'

શાસ્ત્રો વાંચીને કે સાંભળીને અને ધર્મ ક્રિયાઓ તથા તપસ્યા કરીને આ ફળ લાવવાનું છે કે લોભ, મૂઢતા, ઈર્ષ્યા, અસહિષ્ણુતા વગેરેની ચાલી આવતી



ધારાને હવે અટકાવતા જઈએ.

ધનકુમારે હીરાની કંઠી હાથમાં આવતાં લોભ અને અજ્ઞાનની ધારા શરુ કરી અને અનિવાર્ય આવી પડેલી પાપના ઉદયની ધારા માથે પડી ! લોભની પાછળ અસત્યરૂપી દુષ્કૃતની ધારા શરૂ થઈ ! પરિણામ એ આવ્યું કે પાપની ધારા અટકી નહિ, ને રાજાએ સજા ફરમાવી કે 'જાઓ લઈ જાઓ એને વધ કરવા !' છતાં કાંક પુણ્યોદય, એટલે ચંડાળ વિચારણા સારી કરનાર મળ્યો ! પણ પાછો ચંડાળ વિચારે છે કે 'મારે શું, મારે તો રાજાનો હુકમ બજાવવાનો.'

**પુણ્ય-પાપના ઉદય સંધ્યાના રંગની જેમ ઘડી-ઘડીમાં પલટા લે છે !** ધનની સુંદર મુદ્રા જોઈ 'આ માણસ સારો લાગે છે; આ વિચાર ધનના પુણ્યોદયને લીધે; પણ 'મારે શું કામ છે ? મારે તો રાજાનો હુકમ બજાવવાનો,' એમ વિચારી જમખંડી પર મારવા લીધો, એ પાપોદય. પછી પાછા જે કોમળ શબ્દો ચંડાળ સંભળાવે છે તે ધનનો પુણ્યોદય ! આમ પુણ્ય-પાપના હિંચોળા કેવા ! જ્યાં પુણ્ય-પાપના ઉદય ઘડીમાં હસાવે ને ઘડીમાં રડાવે; આવા ઉદયથી ભરેલા જીવનમાં જીવની કેવી પામર દશા ! કોઈ સ્થિરતા છે ? ના. વંટોળિયો તણખલાને ઊંચું-નીચું કરે, એમ પુણ્ય-પાપના પલટાતા ઉદય જીવને ઘડી-ઘડીમાં ઊંચો નીચો કરે છે. આગળ વધીને રાજાને રંક અને શ્રીમંતને ભિખારી કરે છે ! નિરોગી, તગડેબાજને દરિદ્ર રાખે છે, અન્નના સાંસા કરે છે, ને તવંગર ને રોગિષ્ઠ અને અરુચિવાળો કરે છે ! ત્યારે ઠરીને વિચારો કે આવા સંસારમાં સાર શું છે ? સાર દેખાવો એ મૂર્ખાઈ છે ! સારું કમાઈ લઉં, ભોગવી લઉં, મહાન બનું, ભેગું કરી લઉં, આ કોડ સેવવા એ મૂર્ખાઈ છે, પુણ્યનો ઉદય સારું દેખાડશે પણ રંગ પલટાતાં તદ્દન જુદું દેખાડશે ! રંગ પલટાતાં એજ માણસ કહેશે કે 'ઝેર પડ્યું આમાં ! બળ્યું ખાવાનું ! બળ્યા પૈસા !' પાપના ઉદય જાગ્યા પછી જે પૂર્વે મીઠું ને હેમ જેવું લાગેલું, તે કડવું, બળ્યું અને ઝેર જેવું લાગશે !

ધનને એટલી મુંઝવણ નહોતી. એ વિચારે છે, 'આ ચંડાળની કેવી વિશેષતા ! કહે છે કે અમારે શ્રાવકમિત્રો માટે અમે એવા ક્રૂર દૃષ્ટિવાળા નહિ માટે છેલ્લી ઈચ્છા મરનારની પૂરી કરવી જોઈએ, જેથી એ શુભ પરિણામમાં મરે ! રાજા વધ કરાવવા જેના હાથમાં મોકલે, તેનામાં વળી આ સજ્જનતા હોતી હશે ? મારવાનું કામ કરે છે અને દયા ! પણ ખરેખર આ તો જન્મમાત્રથી ચંડાળ છે, જાતિચંડાળ છે પણ કર્મચંડાળ નથી; કેમકે એ દીનહીન જીવો પર વાત્સલ્ય ધરનારો છે, પાછો ખાલી પ્રેમ કરી, હેત બતાવી, બેસી રહેનારો નહિ, પરંતુ સામાનું ભલું કરવામાં રક્ત છે, વળી પોતાને અવશ્ય બજાવવા પડતાં આવા વધ જેવા ક્રૂર

કર્મની વચમાં હૃદયમાં દયાભાવ ધરનારો છે, દયાનો પ્રેમી છે, આવા જીવને ચંડાળ કોણ કહે ? આ તો ખરેખર સજ્જન છે, અને મારાં ય અહોભાગ્ય કે અત્યારે સજ્જનનાં દર્શન ન મળે એવા અકાળે આવા સજ્જનનો મને ભેટો થયો !'

**સજ્જનને સજ્જનતાનાં શિંગડાં નથી હોતાં; એ તો સદ્‌ગુણો અને ભલી લાગણીઓના આધારે સજ્જન ગણાય છે.** આ ચંડાળ પોતાને મારી નાખવાનો છે, એવું સમજવા છતાં ધનકુમારનું મહા સજ્જન દિલ એનો દુઃખી પ્રત્યે પ્રેમ, પરોપકારરક્તતા અને દયામાં આનંદ દેખીને સજ્જન તરીકે ઓળખે છે. જન તો જગતમાં કરોડો છે, પણ એમાં સજ્જન કેટલા ? ત્યારે 'માત્ર દુર્જન અને જન તરીકે જીવી-જીવીને તો અનંતા જન્મ ગુમાવ્યા, હવે આ જન્મને સજ્જન તરીકે જીવી કૃતાર્થ કરીએ.' એવું મનને થાય છે કે નહિ ? થતું હોય તો એના ગુણોનો ખપ ખાસ કરવો પડશે.

સજ્જનનો આવા મૃત્યુની કટોકટીના અવસરે પણ મેળાપ થયો તેથી ધન ખુશી થાય છે. ઇન્દ્રિયોના વિષયોના આનંદ ક્ષણિક અને તુચ્છ છે, ત્યારે સજ્જનનો મેળાપ, સત્સંગ વગેરેના આનંદ નક્કર અને મહાન હોય છે, એના અનુભવી એ જાણે છે.

ધનને એ અનુભવ છે; કિન્તુ હવે એને એમ થાય છે કે એકલો એ આનંદ માણ્યાથી શું ? એ વિચારે છે કે, એથી મારે શું ? એ સજ્જન છે, સારો છે, પરંતુ તેથી મારા જીવને શું લાભ ? કારણ કે પુરુષાર્થ કરવાનો જે કાળ મારી પાસે હતો તે તો ગયો ! અત્યારે પુરુષાર્થ માટે મારે કોઈ યોગ નથી ? નિષ્પુણિયા માણસને એ મળે પણ ક્યાંથી ?' એમ વિચારતા એ દીર્ઘ નિસાસો નાખે છે. પરોપકાર કરવાની, મહા દાન દેવાની મનમાં ઘણી ઇચ્છા હતી. પણ તે ગઈ બધી. હવે તો બચવાનો અવસર નથી તો બીજી-ત્રીજી વિચારણા પણ શા માટે કરવી ?

**જીવનમાં આપણા કાબૂ બહાર જે કાળે જેવું આવી પડે તેવું બજાવી લેવાનું સંકલ્પ-વિકલ્પોનું કામ નથી.**

માટે ધન કહે છે 'ભદ્ર ! તું તારે રાજાનો હુકમ બજાવી લે, બીજી વાત કરવાની શી જરૂર છે ? મારા માટે બીજું કાંઈ જ કરવું નથી.'

આ જે એની હિંમત અને વીરતા, એનાથી ચંડાળ આકર્ષાઈ ગયો, એને લાગ્યું કે 'આ સામાન્ય પુરુષ નથી, કોઈ મહાન પુરુષ હોવાનું સૂચિત થાય છે. તેથી જ લાગે છે કે એ અપરાધી પણ ન હોય, ને મારે આવા નિરપરાધીનો ઘાત કરવાનો !' કેટલી ભારે વિમાસણ આવી પડી. એના દિલને ભારે ખેદ થયો, અને એની આંખમાં પાણી આવી ગયા. 'અરે ! આવા નિર્દોષ લાગતા મહા પુરુષને



મારે મારવાનો ? અનુચિત કાર્ય કરવું પડશે એ વિચાર એના દિલને વલોવી નાખે છે. જાતનો ચંડાળ અને આ ખેદ, તો જાતના જૈન મહામાનવ એને અકાર્યનો ખેદ કેટલો હોય ? પરાધીનતામાં જે અકાર્ય કરવાનું આવે ત્યાં સજ્જન હૃદયના ટૂકડા થઈ જાય ! ધનકુમારની હિંમત જોઈને એ તાજુબ બની ગયો છે ! ધન કંઈ જ બોલતો નથી, એને કંઈ જ ખાવું-પીવું નથી, કંઈ જોઈતું નથી, એટલું જ કહે છે હુકમ બજાવી લે !' શી રીતે આવી હિંમત આવતી હશે ? સામે ચકચકતી તલવાર દેખાય ને હવે એ તરત પોતાના ગળે ઝીકાવાનું દેખાય ત્યાં આ ભારે હિંમત કે 'તારો હુકમ બજાવી લે,' આ શી રીતે આવે ?

સહેજ ભયનો પ્રસંગ આવતા 'મરી ગયો બાપરે' થાય છે. આવાને આ જીવનનું મોત તો પછી થાય, પણ આત્માનું મોત પહેલું થઈ જાય છે, બીકણ જીવો આત્માનું મોત પહેલાં કરી લે છે ! એક જીવનમાં એવા અનેક મૃત્યુ ભોગવે છે. આત્માનું મોત એટલે શું ? આત્માની હિંમત-ધીરતા-વીરતા, આત્માના શુભ પરિણામ, આત્માની સમાધિ, ને આત્માની દેવ-ગુરુ-ધર્મ મળ્યા પછી નિડરતા આ બધું આત્માનું મોત ! જીવનનું મોત હજુ પામ્યા નથી; પણ આજ સુધી એ મોત કેટલી વાર થયું ? 'હાય ! મારું શું થશે, બજાર બેસી ગયા !' દેવ-ગુરુ-ધર્મ મળ્યાની કદર નથી; નહિતર દેવ, વીતરાગ, નિર્ગ્રંથ ગુરુઓ ને કેવળી ભગવાનનો ધર્મ મળ્યા પછી નિડરતા રહેવી જોઈતી હતી ! અને કોણ સમજાવે, પુણ્ય પાપની ધારા અટકાવી અટકે એમ નથી, અને અજ્ઞાનની ધારા અટકાવી શકાય એમ છે, તો નાહક બાથોડિયા પાપના ઉદય રોકવા શા માટે મારે છે ? જેની મહેનત કરવા જેવી છે તે છોડીને બીજી શાને કરે ?

**જે અટકાવી અટકે એવી નહિ તેવી પાપની ધારા એ તો ભીંત, તેને સામે શા માટે માથું કૂટી તોડવા જાય ?**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૩૨,તા.૩૦-૪-૧૯૬૦

**મહેનત તો એ કર કે જે આત્માના એક ભવમાં જુગ જુગના પાપનો સંહાર કરી આપે છે ! ભવોની યાત્રા થંભાવી દે છે !** આ કરવું નથી ! તો મૂર્ખાઈ કે બીજું કંઈ ?

**જીવનનું મોત આવશે ત્યારે આવશે પણ જો આત્માને ધર્મ પામ્યાની ખુમારી નથી, ગૌરવ નથી, હૂંફ નથી, તો વારંવાર ભાવમૃત્યુ !** હૈયે તે જીવ બિચારો હાલતો ને ચાલતો મોત અનુભવી રહ્યો છે.

**જ્યાં હાય-વોય છે, જ્યાં શોક ને ઉદ્વેગ છે ત્યાં પાપથી ભારે થવાનો કોઈ હિસાબ નથી માપ નથી.**

આમ, હાય-વોયથી આત્માનું પળે પળે મોત એટલે પુણ્યના બંધ અટકાવવાના ને પાપનાં ઘોડાપૂર ખૂલ્લા કરવાના. નથી ને આવો જીવ ગુંડાના હાથમાં સપડાઈ ગયો તો શું થાય ? 'ભાઈસાબ ! મને મારીશ નહિ !' તો પેલો કહે બેસ-બેસ.' એ વખતે એમ મન નહિ થાય કે 'લાવ, હવે તો નવકાર ગણી લેવા દે ? મરવાનું છે જ પણ નવકાર મંત્ર એક વખત મરતાં મનમાં રહી જાય તો સદ્‌ગતિ મળે છે !' ના, એ તો જીવનભર જે કર્યું તે ત્યાં દેખાય. 'હાય ! ભાઈસાબ મરી ગયો !' ગુંડો નહિ ને રોગ આવ્યો મોત સામે દેખાયું તો ય હાયવોય જ ને ? જોઈએ છે આવું મોત ? નથી જોઈતું ! અને જીવનમાં ધંધો શું રાખવો છે ? હાય-વોયનો ! એના બદલે પુણ્ય-પાપનો વિચાર ન આવે ? હે વીતરાગ, હે અરિહંત ! યાદ ન આવે ? જગતમાં નક્કી થઈ ગયેલી આ વાતો છે કે પાપ બાંધ્યા પછી દુઃખ નક્કી ! સંસારનો ભવ લીધા પછી અંત નક્કી ! આ સિદ્ધ હકીકતો જાણતા હોઈએ ને હીનતા કરીએ એમાં ડહાપણ નથી. મન મજબૂત કરો, 'બધું નભાવીશ, હાયવોય નહિ. નહિ રહેવાય ત્યાં પણ અરિહંતને જ જપીશ, એમનું શરણ રાખીશ.' ચંડાળ ચકિત થઈ જાય છે ! 'મરવાની ઘડી છે છતાં ધનને દીનતા નથી ! બે ઘડીનો વિલંબ એને ખપતો નથી ! ઉપરથી કહે છે, તું તારે રાજાનો હુકમ બજાવી લે !' ચંડાળથી આ જોઈ શકાતું નથી ! જરૂર આ નિરપરાધી ચોરી કરે નહિ ? આવા નિરપરાધીને મારે મારવાનો ? હૈયું ભરાઈ આવ્યું, દિલમાં આઘાત થઈ ગયો, આ કાર્ય મારે ક્યાં કરવાનું આવ્યું' ! એટલો બધો શોક થયો કે એની આંખમાં આંસુ ઊભરાઈ ઊઠ્યાં, એ ગળગળો થઈ ગયો ! ધન પાછો કાંઈ ઈચ્છા બતાવતો નથી, અને રાજાનો હુકમ બજાવી લેવા કહે છે.

એટલે ચંડાલ કહે છે,

'ભાઈ ! જો એમ છે તો ખેર તું હવે તારા ઈષ્ટ દેવતાનું સ્મરણ કરી લે, વિષયનો રાગ મૂકી દે, ધર્મને સ્વીકારી લે, અને સ્વર્ગ સામું મોઢું રાખીને ઊભો રહી જા !' ગદ્‌ગદ સ્વરે દિલની દુભામણથી કપાતા કલેજે, આ ચંડાળ બોલી રહ્યો છે. શાસ્ત્ર જે અપુનર્બંધકના લક્ષણ બતાવે છે, તેમાં આ એક લક્ષણ છે **'पावं न तिव्वभावा कुणइ'** - પાપ તીવ્રભાવે નથી કરતો. એક ચંડાળ જેવામાં આ દેખાય છે ! જો શ્રાવક મિત્રના સંપર્ક માત્રમાં આમ, ત્યારે શ્રાવક કુળમાં જન્મીને શ્રાવકપણું જીવતો હોત તો તો કેટલા બધા ઊંચા ગુણોને ધરતો હોત ! **જૈનપણાનો મહાન હોદ્દો મળ્યો છે. તો એની જવાબદારી સમજો અને અદા કરો.**



## • જીવનમાં ઘૂંટવાના ૩ મહાન કર્તવ્ય :

## ૧. ઈષ્ટદેવ સ્મરણ : ૨. વિષયરાગનો ત્યાગ : ૩. ધર્મ સ્વીકાર •

**અકસ્માત માટે સાવધાની :-**

ચંડાળ છેડે છેડે ધનને મરણ-સમયનાં મહાન કર્તવ્ય બતાવે છે ! કોણ ? ચંડાળ ! મરણ પથારીએ પડેલાને મળવા જવાનું બને છે ને ? ત્યાં આ કહો ખરા ? બહુ યાદ રાખી લેવા જેવું છે હો ! નથીને કોઈ અકસ્માતમાં ફસાયા. દા.ત. બસમાં બેઠા હતા ને એ કાંઈક અથડાઈ લાગી કે ઝટ સાવધાન બની આ ત્રણ કરવાનું !

**(૧) ઈષ્ટ દેવતાનું સ્મરણ, (૨) વિષયના રાગનો ત્યાગ, અને (૩) ધર્મ સ્વીકાર.**

આ ચંડાળ શીખવાડે છે ! જે કાળમાં આવા ચંડાળ હશે તે કાળ વિકાસનો યુગ ? કે જે કાળમાં ઊંચા કુળવાળા અને ભણેલા પણ આવા નથી તે વિકાસનો યુગ છે ! રેડિયો, ટેલિફોન, વીજળી, એરોપ્લેન ! આપણા પૂર્વજોએ આમાંનું કાંઈ જોયું નથી, ને ભાઈને જોવા મળ્યું ! માટે ભાગ્યશાળી ! વગર મોતે મરવાનું મળ્યું તે માટે ભાગ્યશાળી ! આ જીવનમાંથી લેવાનો સાર હોય તો આ છે. બધું કરતા હોઈએ પણ એ બધાની વચ્ચે આ કર્તવ્ય યાદ રાખ્યા કરવાનું કે આપણા ઈષ્ટ દેવ- અરિહંત, ત્રિભુવનગુરુ, જગદ્દયાળુ, અનંત ગુણ સંપન્ન, અનંતઉપકારકારી-એમને એક ઘડી પણ વીસરવાના નહિ. બને તેટલું એમને ગદ્‌ગદ હૃદયે યાદ કરીએ, કૃતજ્ઞભાવે યાદ કરીએ. એવી રીતે ઈન્દ્રિયોના જે વિષયો-લક્ષ્મી, લલના, રંગરાગના સાધનો આપણને મળ્યાં છે અને નથી મળ્યાં એ બધા ઉપરની આસક્તિ, એની મમતા એનો રાગ મૂકી દઈએ. આપણો ધર્મ અહિંસા-સત્ય વગેરે, દાન-શીલ વગેરે, એને જીવનમાં ઉતારતા જઈએ, તારક દેવનું કદાપિ વિસ્મરણ નહિ. વિષયના રાગને પોષવા વધારવાની વાત નહિ. ધર્મના અમલ વિનાનો એક પણ દિવસ નહિ. ધર્મના અમલ વિનાની એક પણ ઘડી નહિ ! કેમકે છેવટે મનથીય ધર્મ સાધી શકાય છે.

જેમ જેમ ચંડાળ આ બધું બોલે છે તેમ તેમ ધનનું હૈયું વલોવાઈ જાય છે ! કેવોક છે આ ! શું એના શ્રાવક મિત્રે પમાડી દીધું છે ! રોજ દેહરે-ઉપાશ્રયે આવનારો છે ? કુળના રિવાજમાં આ બધું મળ્યું છે ? ના ! એવું મળ્યું છે કે રાજા મનુષ્યવધ કરવાનું એને ફરમાવે છે ! છતાં એનાં મનમાં આ ભર્યું લાગે છે કે 'જીવનમાં જીવવાનું હોય તો આ છે, કે પરમાત્મા ક્ષણ પણ વીસરવાના નહિ, વિષયરાગ કરવાનો નહિ, ને ધર્મને શરણે જઈ રહેવાનું.

**જીવન-ટ્રાન્સફર વખતે શું ?**

હૈયે હોયા વિના હોઠે આવે ? આ ચંડાળ તમને ઢોંગી તો નથી લાગતો ને એને હૈયામાં જૂદું અને બોલવાનું જૂદું ? કેટલી સરસ ત્રણ વાત કહી ! આ જીવનમાંથી બીજા જીવનમાં ટ્રાન્સફર થતી વખતે, બસ, મન ભમરો અરિહંત, વિરાગ અને ધર્મ એ ત્રણમાં ગૂંજતો થઈ જાય, તો શું દુર્ગતિની તાકાત છે કે જીવને ખેંચી શકે ? ત્યારે આ ત્રણને મૂકી કાયા, માયા અને કષાયોમાં જ ચોંટ્યો રહે તો શું મોત અટકે ? શું પૈસા-પરિવાર-પ્રતિષ્ઠા સાથે આવે ? શું વેદના મીટે ? કહો તો ખરા, કાયા-માયા-કષાયોમાં ચોંટ્યા રહેવાથી શો લાભ થાય ?

**જીવનભર જે ઘુંટ્યું, તે અંતકાળે ઘૂંટવાનું :-**

કદાચ કહેશો, 'બધું સમજીએ છીએ છતાં અવસરે ભૂલા પડી જવાય છે.' પણ જ્યાં જીવનભર કાયા-માયા-કષાયો છોડવાની વાત ન રાખી હોય, ત્યાં મૃત્યુ જેવા મહા કટોકટીના અવસરે એ શે'ભૂલાય ? બીજું શે' યાદ આવે ?

**મરણ વખતે જે રટણા જોઈતી હોય તે જીવતાં જીવતાં કેળવવા લાગો,** જાતને ભાગ્યશાળી સમજો કે મનુષ્ય થયા છો તો આટલું ય સમજી શકવાની તાકાત છે. કાગડા-કૂતરાના ભવમાં આટલું સમજવાનું ય ક્યાં હતું ? કે-

**ભવ-બદલી વખતે જે લગની જોઈતી હોય તેનો અભ્યાસ પહેલેથી કરી દેવો.**

ત્યાં આટલું સમજવાનું ય નહિ તો પછી અમલની વાતે ય ક્યાં ? માટે જો અહીં સદ્ભાગ્ય યોગે સમજવાની તક છે તાકાત છે તો એ સદ્ભાગ્યને ફોડી ન નાખો, સફળ કરો. સફળતા એ જ કે જીવન જીવતાં એ સમજનો અમલ જોરદાર જોઈએ. ત્યારે એમ તો નથી લાગતું ને કે જીવનભર કાયા-માયા-કષાયોને સંભાળ્યાં કરીશું તોય અંતકાળે એ ભૂલીને પરમાત્મા, વૈરાગ્ય અને ધર્મ યાદ આવી જશે ? ભૂલાવામાં પડતા નહિ, એવી ભ્રમણામાં રહેતા નહિ, કારણ કે અંતકાળે જીવ પીડામાં હોય છે. એવા અવસરે હૈયામાં જીવનભર જે કરી કરીને ભર્યું હોય છે, હૈયાને જેવું સંસ્કારિત અને વાસિત કર્યું હોય છે, તેવા જ સંવેદન પ્રાયઃ થાય છે. **પીડામય મૃત્યુ વખતે પૂર્વનું ઘુંટેલું ઘુંટાય છે.** આ સામાન્ય નિયમ છે. એમાં કોક અપવાદ બને. પણ તમે અપવાદમાં રહેશો એવું નક્કી છે ? ના, કદાચ સંભાવના એની કરશો, પણ જો એ લોટરી લગાવવા જેવું ન થાય ! અને આમાં હાર્યા એટલે કેટલા ભવ ગુમાવ્યા ? માત્ર આ એક ભવ સમજતા નહિ, ભવોની હાર હારમાં જશે ! માટે લોટરી લગાવવા જેવી નથી. અંતકાળ સૂધરે એ માટે આજથી જ પરમાત્મા, વૈરાગ્ય અને ધર્મની રટણા અને એની જ લગની કેળવવા ભારે જાગ્રતિ અને મહેનત રાખવાની છે.



## • ઈષ્ટદેવનું સ્મરણ •

**અરિહંતથી વધીને સુંદર કે સુખકારી કશું નથી.**

ઈષ્ટદેવ ભગવાન અરિહંત પરમાત્માનું સ્મરણ એવું શરૂ થઈ જાય કે બસ શું બેસતાં કે શું ઊઠતાં, શું હાલતાં કે શું ચાલતાં, અરિહંત મનમાં આવ્યા જ છે ! હરકોઈ કામ પહેલાં એમને સ્મરણમાં લાવવાના જ. હૃદયમાં અંકિત થવું જોઈએ કે અરિહંતથી વધીને કોઈ એવી સુંદર કે સુખકારી ચીજ નથી કે જે વિશેષ વિચારવા-સ્મરવા યોગ્ય હોય. આ અંકિત થઈ જાય તો વિચારસરણીમાં અરિહંત આવ્યા વિના રહે ? અથવા અરિહંતની વિચારણામાં, નામસ્મરણમાં વચ્ચે બીજું કાંઈ ઘૂસી શકે ખરું ?

અરિહંત પરમાત્માનું સ્વરૂપ જ જુઓ કેટલું નિર્દોષ અને અદ્ભુત છે ! સર્વજ્ઞ, વીતરાગ, નિષ્કષાય, કામ-ક્રોધ-લોભ-મોહ-મદ-મત્સર વગેરેથી રહિત, નિર્વિકાર, અનાસક્ત યોગીશ્વર એ છે. ત્યારે એમનું ચરિત્ર નિષ્કલંક અનુપમ ઉપકારભર્યું હોય છે. ઉપકાર કેટલો અને કેવો ? ઉપાધ્યાય મહારાજ કહે છે,

**'જબ ઉપકાર સંભારીએ, તબ ઊપજે આણંદપૂર'**

**'પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન સમાય.'**

આવા પ્રભુને જ્યારે જ્યારે મનમાં લાવીએ, તે પણ એમની એ વિશેષતાઓને યાદ કરીને મનમાં લાવીએ ત્યારે ત્યારે એ આપણા મનને નિર્મળ કરતું આવે છે. કપડામાં જેમ જેમ સાબુ ઘાલો તેમ તેમ એ ચોક્ખું થતું આવે છે ને ?

**અરિહંતનો નામ મંત્ર :-** સ્મરણ તો શું, પરંતુ અરિહંતનું નામ માત્ર પણ મહામંત્ર છે. જાંગુલિમંત્ર, ગારુડમંત્ર મોટા ફણીધરના ઝેર ઉતારી નાખે છે. એમ અરિહંતના નામનું ભક્તિ-શ્રદ્ધાભર્યા હૃદયમાં સ્મરણ કેઈ કર્મ અને મોહના ઝેર ઉતારી નાખે છે !

**મનનો પોકાર : મન ફોરું ફૂલ :-**

આવા અનંત પ્રભાવવંતા અરિહંતને જાણનારો કોણ ક્ષણ પણ એમને મનથી અળગા મૂકે ? મન પોકારતું હોય, 'અરિહંત નાથ ! જગત તો મારે ખોવાઈ જવાનું છે, પણ તું મારી અમર મૂડી છે ! દુનિયાના વિષયો તો મારણહાર છે, ત્યારે તું મને અનન્ય તારણહાર મલ્યો છે. ચંદનના વનમાં મોરની હાજરી માત્રથી સર્પો પલાયન થઈ જાય છે, તેમ મારા મનમાં તારી હાજરી માત્રથી દુષ્કર્મો નષ્ટ થઈ જાય છે ! તો તને હું કેમ પળ પણ વીસરૂં ?

'પલક ન વીસરો મન થકી રે, જેમ મોરાં મન મેહ'

મારે તો તુંજ શરણ, તુંજ આધાર તુંજ ત્રાતા, તુંજ ગતિ અને તુંજ મતિ છો.'

આ આ રીતે અરિહંતદેવને મનમાં લાવ્યા કરો, પછી જુઓ મન કેવું ફોરું ફૂલ બની જાય છે ! આપત્તિઓ કેવી નબળી પડી જઈને એના ભાર ઊતરી જાય છે !

**અરિહંત શું કરી આપે :-**

ધ્યાન રાખજો કે અરિહંતના મનમંદિરે પ્રતિષ્ઠા મોટા મોટા ઇન્દ્રોએ કરી છે ! ક્ષણમાં ચૌદ પૂર્વો સહિત દ્વાદશાંગી આગમોની રચના કરી શકે એવા ઉત્કૃષ્ટ બુદ્ધિ નિધાન શ્રી ગણધર ભગવંતો જેવાએ અરિહંતને મનમાં આરપાર ઉતારી દીધા છે ! ભક્તિભીનાં સ્મરણ એ કર્યે ગયા છે ! શું સમજીને એ ? એ જ કે અનંતા ભવની કેદમાંથી એ છોડાવે છે ! દુઃખસાગરથી પાર એ કરી આપે છે ! અનંત સુખના ખજાના એ ખોલી આપે છે ! અહીં પણ અપૂર્વ સ્ફૂર્તિ અને અથાગ આનંદ એ આપે છે !

**ચંદનબાળાએ** દિલમાં અરિહંતને ખૂબ વસાવ્યા હતા, તો એને ત્રણ દિવસ મુંડિત માથે, બેડીમાં જકડાયે, ભૂખ્યા તરસ્યા રહેવું પડ્યું. છતાં, એ જુલ્મ વરસાવનાર મૂળા શેઠાણીનો ઉપકાર માને છે કે 'વાહ ! મારા હૃદયદેવ અરિહંત મહાવીર પ્રભુનું એક ધારાએ સ્મરણ કરવાની કેવી સરસ સગવડ કરી આપી !'

**પ્રદેશી રાજા** નાસ્તિક હતો ત્યાં સુધી તો ઉન્મત્ત હતો, સૂર્યકાન્તા રાણીના રંગરાગમાં લંપટ હતો; પરંતુ એણે કેશી ગણી આચાર્ય મહારાજ પાસેથી ધર્મ અને અરિહંતને ઓળખ્યા, પછી તો જાણે ત્રણ લોકનું નિધાન મળ્યું સમજી અરિહંતને હૈયાથી ક્ષણ પણ દૂર મૂકતો નથી. અરિહંતના સ્મરણમાં ગુલતાન થઈ ગયો, અને એજ સૂર્યકાન્તાએ ઝેર આપ્યાથી કારમું મોત આવ્યું છતાં અરિહંતમાં તન્મય રહી એ **સૂર્યાભદેવ** થયો અને તરત પ્રભુ શ્રી મહાવીરદેવ પાસે આવી ભવ્ય નાટારંભથી ભક્તિ કરી ! શાસ્ત્રમાં એ જિનભક્તિનો આરાધક ગણાઈ ગયો. વિચારજો, નાસ્તિકપણામાં 'આત્મા-ધર્મ વગેરે હંબગ છે' એ સાબિત કરવા જીવતા માણસના ક્રૂર રીતે પ્રાણ લેનારો, મરીને મહાન અધિપતિ વૈમાનિક દેવતા થાય, શાસ્ત્રમાં પંકાય, ત્યારે એણે જગાવેલ અરિહંતનું સ્મરણ કેટલું બધું જોરદાર ? કેવુંક ચમત્કારિક !

અંત સમય સુધારનારી ત્રણ વાતમાં આ પહેલી વાત છે કે જીવનમાં પરમાત્માનું સ્મરણ વ્યાપક બનાવી દો.

## • વિષયરાગ ત્યજો •

બીજી વાત આ છે કે ઇન્દ્રિયોના મનગમતા વિષયોનો રાગ છોડો. આ વિષયોમાં



બધું આવશે, સારાં સારાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ તો ખરા જ, પણ રૂપાળી વસ્તુઓ, રસદાર વસ્તુઓ વગેરેય આવશે સાથે ધન-માલ-મિલકત પણ ખરી, બંગલા-બગીચા ય ખરા, અને સ્ત્રી-પુત્ર-પરિવાર પણ ખરો. આ બધા ય વિષય છે; એનો રાગ છોડતા આવવાનું છે, ઓછો કરતા આવવાનું છે. એકદમ તો વીતરાગ નહિ બનાય, પણ વિરાગી બની શકાય. એ માટે આંધળો રાગ પહેલાં હેઠો મૂકવો પડે. જગતના પ્રલોભક પદાર્થો ખતરનાક છે, આત્માની ક્રૂર વિટંબણા સર્જનારા છે, એ વાત હૈયે સજ્જડ અંકિત થઈ જવી જોઈએ. એ થાય એટલે નાભિના ઊંડાણમાં એની પ્રત્યે ભયનું વલણ, અકળામણની લાગણી, તિરસ્કારનો ભાવ રહેવાનો પછી કદાચ રાગ થશે, મમતા થશે, પણ તે મન વિનાનો; જેમ ડાહ્યા શરદીના દરદીને ઉનાળામાં કદાચ હવા આવી જાય તો થાય તેવો.

**વિષયો પરલોકમાં દુઃખકારી :-**

તમારા વિરોધીને ત્યાં પગ મૂકવાની ઇચ્છા ન હોય પણ સંયોગોના દબાણે એને ત્યાં ભાણું માંડવાનો પ્રસંગ આવે તો ભાણામાં આવેલ પકવાન્ન મીઠું તો લાગે, રાગ તો કરાવે, પણ કેવો રાગ ? હૈયાની ભારે બળતરાવાળોજ ને ? બસ, વિષયો પ્રત્યે આવી બળતરા ઊભી કરવાની છે; કેમકે એ પરલોકનાં દુઃખની ઘટના છે.

**વિષયોમાં પુણ્યમૂડી સાફ :-**

વેપાર બંધ થઈ ગયા હોય, અગર ખોટ જતી હોય અને મૂડીમાંથી ઘર ચલાવવું પડતું હોય તો એ ઘર ચલાવવામાં મનગમતા કુટુંબીઓની વચમાં સુખનો અનુભવ તો થાય, પણ એ સુખ મૂડી ખવાઈ રહીને ઊભું થયું છે માટે ભારે બળતરા હોય; એવી બળતરા વિષયો પ્રત્યે ઊભી કરવાની છે; કેમકે એમાં પુણ્યની અને શુભ ભાવનાઓની મૂડી ખવાઈ રહી છે.

**વિષયોમાં પાપ દેવું વધે છે :-** દેવું કરી કરીને ખર્ચા કાઢવામાં સંસાર સુખના અનુભવ તો મળે, પણ એ ઝેર જેવાં લાગે; તેમ વિષયના આનંદ ઝેર જેવા લાગે; કેમકે પાપનું દેવું વધી રહ્યું છે, આત્મામાં પાપની ભરતી થઈ રહી છે.

**વિષયો વિશ્વાસઘાતી છે :-** વિશ્વાસઘાતી મુનિમને કાઢી મુકાય એમ ન હોય, એ કમાણી કરી આપે એ કમાણીમાં આનંદ તો થાય, પણ ભય રહ્યા કરે, એમ વિષયના આનંદમાં ભય રહ્યા કરે; કેમકે એ વિશ્વાસઘાતી છે.

**વિષયો ભાડુતી છે :-** પારકાનાં ઘરેણાં પહેરી કોઈ ઉત્સવમાં જવું પડ્યું હોય, પણ એ ઠઠારાનો આનંદ કેવો ? નિસાસાભર્યો ને ? તેમ વિષયોનો રાગ નિસાસાભર્યો જોઈએ; કેમકે એ વિષયો ભાડુતી છે, આત્માની મિલકત નથી, માલિકની નથી.

આમ, વિષયો વિશ્વાસઘાતી છે, ભાડુતી છે, પાપની ભરતી કરનારા છે, પુણ્ય મૂડી સાફ કરનારા છે, દેવ-ગુરુ-ધર્મને ભૂલાવનારા છે, સંસારમાં ભટકાવનાર છે વગેરે વગેરે કારણે એના પર અણગમો, ભય, ખેદ તિરસ્કાર વગેરે રહ્યા કરે. તો જ એનો પ્રબળ રાગ હટ્યો ગણાય.

**વિષયરાગ છોડવામાં યોગબીજ**

એક વસ્તુ ખ્યાલમાં રાખવાની છે કે આ વિષયરાગ છોડવામાં આપોઆપ સંસાર પ્રત્યે ઉદ્વેગ આવી જાય છે. સંસાર પ્રત્યે ઉદ્વેગ યાને ભવોદ્વેગ એ યોગનું મહાન બીજ છે. યોગદૃષ્ટિ ગ્રન્થમાં યોગનાં પાંચ બીજ સંઘરવા કહ્યું છે તેમાં

**ભવોદ્વેગશ્ચ સહજો દ્રવ્યાભિગ્રહપાલનમ્**

-અર્થાત્ ભવોદ્‌વેગ અને ભાવવિરતિના કારણભૂત અભિગ્રહો નિયમો-પ્રતિજ્ઞાઓનું પાલન, એ બેને પણ ગણાવ્યાં છે. વૃક્ષનાં બીજ ઉપર વૃક્ષ ખડું થાય છે, તેમ આ યોગનાં બીજની ઉપર અધ્યાત્માદિ પાંચ યોગ પ્રગટે છે; અને યોગ જીવને ક્રમે કરીને મોક્ષ સાથે યોજી આપે છે. માટે કહો, ભવોદ્‌વેગ, સંસાર પર ઉદ્‌વેગ એ પરંપરાએ મોક્ષ પમાડે છે.

**મોક્ષની ઉતાવળ છે ? :-** મોક્ષ તો ઈચ્છો છો ને ? કહોને કોણ સુજ્ઞ ન ઈચ્છે ? આ ચતુર્ગતિમય સંસારમાં જન્મ-મરણ, રોગ-શોક, દુર્દશા-વિટંબણા-પરાધીનતા વગેરે વેઠવાનું કોને ગમે ? એનાથી મોક્ષ એટલે કે છૂટકારો જ પામવાની ઈચ્છા હોય. આટલે સુધી તો બરાબર; પણ હવે એ કહો કે શું મોક્ષ પામવાની ઉતાવળ છે ? કેમ જવાબ આપતાં ઊભા રહ્યા ? ઈચ્છા છે ને ઉતાવળ નથી ? પણ જીવનના ઢંગ એવા દેખાય છે કે મોક્ષની ઉતાવળ હોવાનું કબૂલી શકતા નથી. ત્યારે શું તમને લાગે છે કે ઉતાવળ આવ્યા વિના એ માટેનો જોરદાર પ્રયત્ન થવાનો છે ? દીકરીનું લગ્ન લેવાની ઉતાવળ લાગે છે ત્યારે ધમાધમ થાય છે. કોરટમાં જવાની કે ગાડી પકડવાની ઉતાવળ હોય છે તો ઝટપટ એની તૈયારી થાય છે. ત્યાં જરૂર પડ્યે બે ચીજ ખાવાની કે આરામ લેવાનો પણ છોડી દેવાય છે - એમ, મોક્ષ પામવાની ઉતાવળ હોય તો તો એની ભારે તૈયારી કરવા માંડો. પછી ત્યાં દુનિયાના બે સુખ-સગવડ જતાં કરતાં આંચકો નહિ આવે,-કેમકે મોક્ષે જવાની ઉતાવળ છે.

બસ, આ ઉતાવળવાળાએ ઘોર સંસાર પ્રત્યે ઉદ્‌વેગ ઝળહળતો રાખવો પડશે, અને એ માટે વિષયોનો રાગ છોડવો પડશે. અહીં ધનકુમારને ચંડાળ કહે છે વિષય રાગ મૂકી દે. ચંડાળનું તત્ત્વદર્શન કેવું !

**વિષયનો વિરાગ એ મહાન કલ્યાણ તત્ત્વ છે.** એના ઉપર આત્મામાં અનેક



ગુણો પ્રગટ થાય છે, અનેક દોષો ને દબાવું પડે છે. જુઓ ગુસ્સો ધમધમાટ કેમ થાય છે ? કોઈ વિષય ખાતર ને ? પણ જો વિષય જ અળખામણા લાગે છે, ભવવર્ધક લાગે છે, તો પછી એની ખાતર ગુસ્સો કરી નિજના આત્માને કાળો કોણ કરે ? એમ વિષયો ખતરનાક હોવાનું જાણ્યા પછી જીવન-જરૂરિયાત કરતાં વધુનો લોભ કોણ કરે ?

**દુર્ગુણો વિષયરાગના પાપે -**

ત્યારે જુઓ કે દુનિયામાં વૈર-વિરોધ, ખાર-ઈર્ષ્યા, રગડા-ઝગડા, એ બધું કોઈ ને કોઈ વિષય પાછળ હોય છે, વિષયો જ અકારા લાગે છે. પછી એ બધા વૈર વિરોધ વગેરેના તોફાન શા માટે કરવા ? કોઈ વધારે કમાઈ ગયો માટે ઈર્ષ્યા થાય છે ને ? પણ એ શા માટે ? જો કમાયેલ લક્ષ્મી વગેરે ઝેરી વિષયો છે તો એની કિંમત જ શા સારુ આંકવી ? એ આંકીએ જ નહિ તો ઈર્ષ્યાની પછી જરૂર જ નથી. પૈસા, પ્રતિષ્ઠા વગેરે વિષયોની જો ખરેખર કિંમત જ નથી, તો એની ખાતર અસત્ય અનીતિ વગેરે કરવાની શી જરૂર ? ધૂળ કાંકરાની જો કિંમત નથી માનતા તો એને માટે અસત્ય, અનીતિ વગેરે કોણ કરે છે ?

**દરદનું મૂળ જોયા વિનાની વાતો -**

આમાંથી એ ફલિત થાય છે કે દોષ દુર્ગુણો કોઈ ને કોઈ વિષયના લીધે સેવાય છે. તેથી જો એ ઓછા કરાવવા હોય તો પહેલાં વિષયો પ્રત્યે વિરાગ ઊભો કરાવવાની જરૂર છે. વિષયો પ્રત્યે આંધળો રાગ છે, અને હિંસા, જૂઠ, અપ્રામાણિકતા વગેરે દૂર કરવા છે, એ વાત બનવાની છે ? આજે આ શાસ્ત્ર ચાલ્યું છે, વિલાસ, મનોરંજન, ઉચ્ચ આર્થિક ધોરણ, સહેલ-સગવડો ઉદ્‌ભટ જીવન પદ્ધતિ વગેરે પૂરજોશથી ખીલવવામાં આવે છે, અને પ્રજાને ન્યાય, નીતિ સત્ય, ઉદારતા, માનવતા, દેશદાઝ વગેરે ગુણો કેળવવા માટે ભાષણો અપાય છે ! દરદનું મૂળ નથી જોવાતું અને દરદ કાઢવાની વાતો થાય છે ! પ્રજામાં આજે બહુ પ્રસરેલો વિષયરાગનો ઉન્માદ એજ મૂળ રોગ છે, એનો પ્રતિકાર કર્યા વિના ઉપરના જૂઠ, અન્યાય, સ્વાર્થ, ઈર્ષ્યા વગેરેના રોગ ક્યાંથી હટવાના હતા ?

**વિષયરાગથી સડેલા મનમાં દુર્ગુણોના કીડા :-**

આ બધા રોગો મૂળ મનમાંથી શરૂ થાય છે. માનસિક એની વિચારણા, એનાં વલણ વગેરે ચાલે છે પછી બહાર પ્રવૃત્તિમાં આવે છે, બોલવા-વર્તવામાં આવે છે. હવે એ મનને રોગનું ઘર બનાવનાર વિષયરાગ છે. એનાથી મન પાશવી બની જાય છે; ભારે કલુષિત અને કોહેલું-સડેલું બની જાય છે. પછી એમાં અનેક દુર્ગુણોના કીડા ઉત્પન્ન થાય એમાં શી નવાઈ ? માટે જ જુઓ કે જેમના વિષયરાગ ઓછા થઈ ગયા છે એમનામાં એવી પાપ ધાંધલ નહિ દેખાય. મનમાંથી ગંદવાડ ગયો પછી કીડા ક્યાંથી જન્મે ?

**વલણ ફરે તો દૃષ્ટિ ફરે :-**

**વિષયના રાગનું વલણ જ ફેરવવા જેવું છે.** એ ફરીને વિષયના વિરાગનું વલણ કેળવ્યા પછી તો જગતના પદાર્થો અને પ્રસંગો પ્રત્યે જોવાની દૃષ્ટિ જ ફરી જશે. વિષયનો રાગી ક્યાંક ઝગડો થતો હશે તો એને તમાશારૂપે અથવા એમાં એકના પ્રત્યે રાગની અને બીજા પ્રત્યે દ્વેષની દૃષ્ટિથી જોશે, ત્યારે વિરાગી દયાની દૃષ્ટિથી જોશે અર્થાત્ એને દયા આવશે કે આ બિચારા તુચ્છ માનપાનાદિ વિષયો ખાતર ઝગડી ઘોર પાપ બાંધી રહ્યા છે. આમ દૃષ્ટિમાં અંતર પડશે.

વિષયનો રાગી બંગલા-બગીચાને મહાન વૈભવ તરીકે દેખશે; ત્યારે વિરાગી એને વિટંબણા રૂપે દેખશે. વિષયનો રાગી લગ્નાદિને ઉત્સવ માનશે ત્યારે વિરાગી એને બેડી-બંધન તરીકે જોશે. વિષય વિરાગની જાગ્રતિવાળો ધન દેખશે તો એને ધર્મના સાત ક્ષેત્રમાં વરસાદ વરસાવવાનું સાધન જોશે, જાગ્રતિ નહિ હોય તો વિલાસનું સાધન દેખશે. સાર એ છે કે દુનિયાના પદાર્થોનાં આકર્ષણ છોડી દો. શાથી છૂટે ! વિષયરાગ સાથે લડાઈ લડવાથી ! સવારે લડો છો કે સાંજે ? સાતમે કે આઠમે ? આઠમ-ચૌદશ પણ લડો છો ? જ્ઞાનીઓએ બે તિથિ શાશ્વતી રાખી છે કે જ્યાં એકલો ધર્મ વ્યાપાર. આવા દિવસમાંય લડાઈ ન લઢી તો લડાઈ રોજ લડવાની વાત ક્યાં ? વિચાર નથી કે 'હું કેવી શક્તિનો માલિક ! કેવી પાપવૃત્તિઓની નીચે ચગદાઈ રહ્યો છું ! ક્યાં સુધી હું આ ડીંડવાણું ચલાવીશ. કાલ સવારથી હું મચાવું સંગ્રામ !' જીવનભરના સંગ્રામ ખેલવાના ! કોની સામે ? વિષયના રાગની સામે.

જીવનનું આ મહાન કર્તવ્ય મન, વચન, કાયાથી બજાવવાનું છે. લગની મનુષ્ય જીવનની એવી કે મોટા બંગલા પર નજર જતાં શું થાય 'અરે ! શું આણે



મોટી જેલ બાંધી છે ! બિચારો જકડાઈ જશે !' પૈસા ભરેલી મોટી તિજોરી જોઈને થાય ઓહો આણે બિચારાએ ઘણા એરુ ભેગા કર્યા લાગે છે ! એ બધા એને ડસી -ડસીને ખલાસ કરી નાખશે. મૂળમાં વિષયનું વલણ માટે દૃષ્ટિ ખોટી થાય છે. વિષયરાગની સાથે લડી-લડીને વિરાગનું વલણ અને દૃષ્ટિ ઊભી કરી શકાય છે. માટે એના જીવન સંગ્રામ મચાવો.

## • ત્રીજું કર્તવ્ય ધર્મ સ્વીકાર •

**ધર્મ શા માટે જરૂરી ? :-** વિષયરાગ છોડવાનો અભિલાષ તો થયો, અને ઉદ્યમ કરવો છે, પરંતુ જોયું કે એનું ઘર મન છે, અને મન નવરું તો બેસી રહેતું નથી. હજીય આંખ, કાન વગેરે નવરા બેસે, પણ મન નવરું જાણ્યું ? વિચારો કર્યા વિના એ નિષ્ક્રિય બેસી રહ્યું જોયું ? ના, તો **જો મનને બીજું સારું કાર્ય નહિ સોંપો તો એ અનાદિની ટેવ મુજબ વિષયોમાં ભટક્યા વિના નહિ રહે !**

તેમજ મન પણ વાણી-વર્તાવ પાછળ ઘસડાય છે. ગાળો બોલનારનું મન તેવું બને છે. એમ મારકૂટ કરનારનું મન પણ. તેથી જો મનને સારું રાખવું હોય, તંદુરસ્ત રાખવું હોય, તો વાણી-વર્તાવ પણ તેને યોગ્ય જોઈશે. એટલા જ માટે જીવનમાં ધર્મનો સ્વીકાર જરૂરી છે. મનથી, વચનથી અને કાયાથી એમ ત્રણે રીતે ધર્મ અપનાવવાનો છે.

**ધર્મનું આ મહત્ત્વ છે કે એમાં વચન-કાયાને યોજી દેવાથી મનને ધર્મમાં પરોવાવું સુલભ થઈ પડે છે.** ધર્મની ક્રિયાઓમાં, ધર્મના આચારોમાં અને ધર્મના વાંચનમાં, તથા ધાર્મિક સ્તોત્રાદિ, ધર્મ કથા વગેરેમાં પરોવાયા, એટલે ચિત્તમાં ધાર્મિક વિચારો ભાવનાઓ મનોરથો, ચિંતન વગેરે શરૂ થઈ જાય છે. ઉદ્યોગ એવી ચીજ છે કે એ રસ ઊભો કરી દે છે. પહેલ-પહેલાં મનમાં કચરાપટ્ટી વિચારો વગેરે ચાલતું હોય પરંતુ જેમ-જેમ ધાર્મિક વાણી-વર્તાવ શ્રવણ-વાંચન અને ધાર્મિક આચાર-અનુષ્ઠાનનો ઉદ્યોગ લગાવ્યો, તેમ તેમ મનને પણ એ વ્યવસાય હાથ લાગે છે. એનો અનુભવ કરનાર જાણે છે; અને જ્ઞાની ભગવંતો પણ મનના શુદ્ધીકરણ માટે એવા જ ભરચક ઉપાયો બતાવે છે.

**કાયા અને ઈન્દ્રિયોને વિષયોમાં પ્રવર્તાવવી છે, અને મનને નિર્મળ કરવું છે, એ વાત ત્રણ કાળમાં બને એવી નથી.**

**બાહ્ય ઉત્તમ ધાર્મિક વ્યવસાયો સતત ચાલુ હોય તોજ મનને માટે સારો ખોરાક મળી રહે છે.**

એમાં જેમ જેમ મન પલોટતાં જાય, તેમ તેમ વિષયના વિચારો હટતા જાય

છે; વિષયોની ઘૃણા-સૂગ-જુગુપ્સા પ્રગટે છે. એ રીતે મન વિષયરાગના કીચડથી મુક્ત બનતું આવે તો ઈર્ષ્યા-વિરોધ, સ્વાર્થ, હિંસા-અસત્ય વગેરે કીડા ઓછા ઉત્પન્ન થાય. એ કીડા મનમાંથી ખસે એટલે વાણી-વર્તાવમાંથી ખસવા માંડે છે.

**ધર્મ-સ્વીકારના મહાન લાભ :-**

સારાંશ, વિષયરાગ ત્યજવાના કર્તવ્યની જેમ મન-વચન-કાયામાં ધર્મને ઉતાર્યે જવાનું પણ અતિ આવશ્યક કર્તવ્ય છે. ત્યારે, ધર્મસ્વીકારની બલિહારી ઓર છે. એ જીવનને બાહ્ય મોટમોટા આનંદ કરતાં ઘણા ઊંચા આંતરિક આનંદમાં મગ્ન રાખે છે. ધર્મહીન પુરુષને આનંદ માટે બાહ્ય કેટલાય પદાર્થો-પ્રસંગો અને પ્રિય પ્રાણીઓની પરાધીનતા સેવવી પડે છે, એની અપેક્ષા રાખવી પડે છે, ત્યારે ધર્મદ્વારા પ્રાપ્ત થતા આંતરિક આનંદમાં એ અપેક્ષા-પરાધીનતા સેવવી પડતી નથી. છતાં પૌદ્ગલિક આનંદ કરતાં એ કેઈ ગુણો ઊંચો હોય છે.

**પુદ્ગલના આનંદ પહેલાં તો પુણ્યને પરાધીન; અંતે પુણ્ય અધૂરાં;** એટલે મળવામાં ત્રુટી રહેવાની, તેથી દુઃખ રહેવાનું. આમ આનંદ મળે તે દુઃખમિશ્રિત. ધર્મના આનંદમાં એ પંચાતી જ નહિ, ત્યાગધર્મ દ્વારા તો, જેટલો ત્યાગ કર્યો તેટલા પ્રમાણમાં નિર્ભય-નિર્ભેળ આનંદ જ મળવાનો.

બાકી તો ધર્મસ્વીકારના બીજા પણ અનેક લાભ છે. પરલોકમાં સદ્ગતિ મળવાની હૂંફ રહે છે, તેથી મૃત્યુ શોકદાયી નથી બનતું, અને આમેય ધર્મ સ્વીકાર્યો, એણે તો આ ક્રૂર સંસાર અટવીમાંથી મોક્ષ તરફ મોં ફેરવ્યું, પગલાં માંડ્યાં અને ક્રમશઃ એની નિકટતા વધારી.

**સંસાર શું ? એનો અંત હોય ? :-**

**પ્ર.-** મોક્ષ એટલે તો અનાદિ કાળથી ચાલી આવતા સંસારનો અંત; એ થવો શું સંભવિત છે ?

**ઉ.-** હા, જે કારણોએ સંસાર ચાલ્યા કરે છે, એ કારણોને છોડી એના વિરુદ્ધ કારણોને સેવવામાં આવે તો સંસારનો અંત કેમ ન આવે ? સંસાર શું છે ? બાહ્યથી કોઈ દેવાદિ ગતિ, કે અંતરથી કોઈ કષાય, યા કર્મના ઉદય જ ને ? ત્યારે આ સંસાર એ કોઈ એવી ચીજ તો નથી કે અનાદિની એક સ્વરૂપની અવસ્થા હોય, ક્યારેક દેવસંસાર, તો ક્યારેક મનુષ્ય સંસાર; ક્યારેક રાગ સંસાર, ત્યારે પછી વળી દ્વેષસંસાર, હમણાં ગરીબીનો સંસાર તો વળી શ્રીમંતાઈનો સંસાર,...આ બતાવે છે કે નવો નવો સંસાર જન્મ્યા કરે છે, પણ કોઈ એક સંસાર અનાદિસિદ્ધ નથી. ત્યારે જો એ ઉત્પન્ન થતો હોય તો એનાં કારણો હોય. એ કારણોને અટકાવો તો નવો સંસાર પેદા થવાનું બંધ, હવે આ સંસારને અટકાવનારા કારણ



એજ ધર્મ, એને સેવો તો મોક્ષ કેમ નજીક ન થાય ? કેમ ધર્મની પરાકાષ્ટાએ મોક્ષ ન મળે ?

**ધર્મ અનેક પ્રકારે કેમ ? :-**

એટલું ધ્યાન રાખવાનું છે કે સંસારનાં કારણો જુદાં જુદાં રૂપે ઓળખાય છે, માટે સ્વાભાવિક છે કે એને અટકાવનારાં વિરોધી કારણો પણ જુદાં જુદાં સ્વરૂપે ઓળખાવાના. તેથી જ શાસ્ત્રોમાં પ્રસંગે-પ્રસંગે ધર્મના પ્રકાર જુદી જુદી રીતે બતાવેલા મળે છે. દાખલા તરીકે,

**ધર્મ બે પ્રકારે, શ્રુતધર્મ (શાસ્ત્રજ્ઞાન ધર્મ) અને ચારિત્ર ધર્મ.** બીજા શબ્દોમાં કહીએ તો **જ્ઞાન-ક્રિયાભ્યાં મોક્ષઃ** જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે, એમ કહ્યું ત્યાં ધર્મ જ્ઞાન અને ક્રિયારૂપ બન્યો, હવે જુઓ કેમ આ બે પ્રકાર ? એટલા માટે કે સંસાર અજ્ઞાન, મિથ્યાજ્ઞાન અને અસત્ પ્રવૃત્તિથી જન્મે છે.

**એમ, ધર્મ ત્રણ પ્રકારે** - સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર, એટલા માટે કે સંસાર મિથ્યા દર્શન અર્થાત્ અતત્ત્વની રુચિ અને તત્ત્વની અરુચિ, તથા અજ્ઞાન-મિથ્યાજ્ઞાન તેમજ અસત્ ચારિત્ર ઉપર ઊભો થાય છે.

**એમ, ધર્મ ચાર પ્રકારે,** દાન-શીલ-તપ-ભાવ. કેમકે સંસાર પરિગ્રહ, વિષયો, આહાર અને કષાયોની સંજ્ઞા ઉપર જન્મે છે. અને દાનાદિ ક્રમશઃ એ દરેકને તોડે છે.

**અથવા ધર્મ ૪ પ્રકારે આ રીતે,** સંસારના ચાર કારણ આ પણ છે, મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. આની સામે ધર્મ સમ્યક્ત્વ, વિરતિ, ક્ષમાદિ ઉપશમ અને શુભ યોગ-અયોગ રૂપ કહેવાય.

**ધર્મ બે પ્રકારે આમ,** સંસાર ઇન્દ્રિય અને કષાયની પરવશતાથી થાય છે એમ પણ કહેવાય તો એનો વિરોધી ધર્મ ઇન્દ્રિયનિગ્રહ અને કષાય-નિગ્રહરૂપ બને.

**ધર્મને એક જ પ્રકારનો બતાવવો** હોય તો શુભ પરિણતિરૂપ કહેવાય ત્યાં સંસારનું પણ મુખ્ય એકજ કારણ અશુભ આત્મપરિણતિ કહેવાય. શુભ પરિણતિ એને મિટાવનાર છે.

**ધર્મ એ સંવર અને નિર્જરા એમ બે પ્રકારે** પણ કહેવાય, એ સંસારના બે કારણો આશ્રવ અને બંધ (એટલે બંધાયેલા કર્મ) એ બેનો અંત લાવે છે આ ધર્મ.

**વલણ ફેરવો :-** કહેવાનો સાર આ છે કે ધર્મ જે આ જુદી જુદી રીતે બતાવ્યો તેને જીવનમાં સ્વીકારવાનો છે, ઉતારવાનો છે, એમાં પહેલાં તો માનસિક વલણ ધર્મ તરફ ઢળતું બનાવવાની જરૂર છે. અનાદિના કુસંસ્કાર તો વલણ સંસારનું અને સંસારના કારણોનું રખાવે છે, આવા ઉચ્ચ ભવમાં પણ જો ત્યાંજ અટકી પડાય, તો શું લાગે છે કે અજ્ઞાન કીડા કે પશુપણાથી આગળ પ્રગતિ કરી

છે ? ના; માટે જ વિકાસ કરવો હોય, ઉચ્ચ ભવની સહાયથી ઉચ્ચતા તરફ ડગ ભરવા હોય તો વલણ ફેરવો. વલણ ધર્મનું બનાવો, ધર્મનું એટલે ? શાસ્ત્રબોધ અને ચારિત્રનું, દાન-શીલ-તપ-ભાવનું, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું, સંવર-નિર્જરાનું. આ બધાનું વલણ એટલે ? એ કે હવે એ જ કર્તવ્ય લાગે, એના પ્રત્યે ભારે બહુમાન, ઊંચી કદર, એનો જ પક્ષપાત... આ બધાનું દિલ બની જાય, વલણ આ ચોક્કસ થઈ ગયા પછી એનું સેવન કર્યા વિના ચેન નહિ પડે. તેમજ, જે ધર્મ થશે તે જાગતા થશે. જાગતા એટલે ? જ્યાં પાપનાં વલણ અને વિષયરાગનાં વલણની નિદ્રા ન ચાલતી હોય. જો આ ન હોય તો ધર્મને જાગતાનો ધર્મ કહેવાય નહિતર પછી સામાયિક લઈને બેસે છતાં ઊંઘણસી થઈ ધર્મ કર્યો ગણાય. કેવું આશ્ચર્ય કે ધર્મના સ્થાનમાં પણ ઊંઘણસી ! માટે શક્ય એટલી ધર્મસાધના કરી લેવાની છે. ધર્મ સ્વીકાર એ મહાન જીવન કર્તવ્ય.

ચંડાળે આ સંભળાવીને આ કહ્યું 'સ્વર્ગ સામે મુખ રાખીને ઊભો રહે, એટલે તને સ્વર્ગ મળે ! તલવાર ખાવાથી સ્વર્ગ નહિ પણ આ ત્રણ કર્તવ્યો અપનાવી લે માટે ! એ સ્વર્ગમાં ચાલવાના પ્રતિકરૂપ મોં સ્વર્ગ તરફ કર.'

**ધનને ખેદ બીજો :-**

ધનકુમારને આ ચંડાળના વચન પર ખેદ થાય છે ! શાનો ? અરે રે, આ તલવારના ઘા કેમ સહાશે, એનો નહિ ! ત્યારે ? ધર્માત્મા જેને કહીએ-આર્યજીવ જેને કહીએ એની આ વખતની ખેદની પરિસ્થિતિ જોવા જેવી છે ! એને ખેદ એ થાય છે કે નીકળ્યો હતો ધન કમાવા; આશા હતી કમાઈને જાઉં, ખૂબ દાનમાં ઉછાળું, દીનના દુઃખ ભાગી નાખું, પણ કંઈ ન થયું; ને આ નિર્ભાગી સ્થિતિમાં જીવનનો અંત આવે છે. એવા જીવનને ધિક્કાર છે કે જ્યાં હું પરમાર્થ-પરોપકાર કરી શક્યો નહિ !' આ ખેદ છે, હજુ જૈનધર્મ પામ્યો નથી. જૈનધર્મ પામ્યો હોત તો ? એમ થાત કે અરે રે ! ચારિત્ર વિના મરવાનું ! એ અહીં નથી થતું, છતાં હૃદય ઉત્તમ છે એટલે એમ થાય છે કે, પરોપકાર વિના મરવાનું !' વહાલા માતા પિતાનો વિયોગ; નાની ઉંમરમાં આ; પત્નીનો જુલ્મ; વગેરે અનેક કષ્ટ છે ! છતાં ખેદ એનો નહિ, પણ આ છે કે 'પરોપકાર કર્યા વિના રહી ગયો !' આનું નામ પશુભાવમાંથી ઉત્થાન. મોં સ્વર્ગ સામે કરી દીધું, ચંડાળે પણ જમરાજાની જીભ જેવી ચમચમતી તીક્ષ્ણ ધારવાળી તલવાર મ્યાનમાંથી બહાર કાઢીને પોતાના હાથ પર લગાડી જુએ છે, ને પછી આ પ્રમાણે એ જાહેરાત કરે છે.

**મારતાં પહેલાં જાહેરાત :-**

અરે લોકો ! આ પુરુષે ગમે તે રીતે રાજકન્યાને ઠગીને એની **ત્રૈલોક્ય સાર** નામની કંઠી લૂંટી લીધી છે આ અપરાધથી એને મારી નાંખવામાં આવે છે તેથી જો બીજો ય કોઈ આ રીતે રાજાની વિરુદ્ધ કાંઈ આચરણ કરશે તો તેને પણ અત્યંત તીક્ષ્ણ દંડથી સજા કરાશે.' મન કઠણ કરીને મારવા તૈયાર થઈ ગયો છે પણ જોવાનું છે કે મારી શકે છે ? ધનને તલવાર ખાવાનો ડર નથી, તેથી ત્યાંથી ખસવાની કે હાલવા ચાલવાની વાત નથી. મોઢું ઊંચું કર્યું છે, પણ પેલાની તલવાર દેખાઈ હશે કે નહિ ? દેખાઈ હશે પણ ડર નથી ! દુઃખ નથી ! દુઃખ પરોપકાર ન કરી શક્યાનું છે, કેટલી એણે પરમાર્થ વૃત્તિનો અભ્યાસ કર્યો હોય ત્યારે આ ભાવના જાગી હશે ? **'ક્યાં હું મારી લક્ષ્મીનો સદ્વ્યય કરી લઉં ?'** આ ભાવના સદા ભાવી હોય તો કટોકટીના પ્રસંગે એ ભાવના યાદ આવે. પૈસા ના હોય તો પણ એ ભાવના કરી શકાય કે 'મારી તાકાત એવી ક્યારે આવે કે બીજાને બધું મારું આપી દઉં.' જીવનમાં સારી ભાવનાના અભ્યાસ થાય નહિ, તો કટોકટીના પ્રસંગે સારી ભાવના નહિ આવે ! અને તે નહિ, તો કટોકટીના અવસરે તો એ પ્રસંગના હિસાબે મન ખૂબ જ બગડશે. સંભવ છે એવા રૌદ્ર પરિણામ મનના બની જાય કે જેને શાસ્ત્ર નરકે લઈ જનારા પરિણામ કહે છે. માટે જ જીવન સારી સારી ભાવનાઓથી ભર્યું ભર્યું જોઈએ. ચંડાળ તરવાર કાઢી ઊભો થઈ ગયો છે. છેલ્લી જાહેરાત પણ કરી કે જે આવો ગુનો કરશે તેને રાજા સખ્ત સજા કરશે. લુણ ખાય છે તેથી આ જાહેરાત કરવાની વફાદારી બજાવી રહ્યો છે, તેમજ બીજાઓ ગુના કરતા અટકે માટે ભય આપી રહ્યો છે.

**ચંડાળ પડી જાય છે :-** હવે તલવાર લગાવવા હાથ ઊંચો પણ કરી દીધો. ધનકુમારે તો ડોક તૈયાર રાખી છે, પરંતુ જ્યાં ઘા કરવા જાય છે ત્યાં જ તલવાર ગળાંને અડે તે પહેલાં ચંડાળનું મન શૂન્ય બની જાય છે, અને તલવાર એક બાજુ ફેંકાઈ જાય છે, તેમ પોતે ધરણીતલ પર પડી જાય છે.

એટલે ધન કહે છે; 'અરે ભાઈ, તું ગભરાઈશ નહિ, અને તારા હૃદયને આવા ભારે વલોપાતમાં નાખીશ માં ! ઊભો થઈ રાજાનો હુકમ બજાવી લે ! તું તો ચિઠ્ઠીનો ચાકર.'

**ચંડાળની ઉત્તમતા :-** ત્યારે ચંડાળ જવાબ આપે છે. 'અરે, આર્ય ! મેં કંઈ તારું ઇચ્છિત પૂર્યું નથી, એટલે પ્રહાર મારવાની મારી હામ નથી ! તારા પર કંઈ ઉપકાર કર્યા વિના મારો હાથ મારવા માટે નહિ ચાલે. માટે તારું શું અત્યંત પ્રિય કરું તે તું મને ફરમાવ.'

ધનકુમારને મારી નાખવા શસ્ત્ર ઉગામી ચૂકેલો ચંડાળ સંભ્રમથી એકાએક જમીન પર પટકાઈ જાય છે, અને ધનનું ઇચ્છિત પૂર્યા વિના એમને એમ મારી

નહિ શકવાનું કહે છે ! ત્યારે ધન અને એનું વધ કરવાનું કાર્ય બજાવી લેવા ઉત્સાહિત કરે છે ! બંનેની વિશેષતા કેવી ? ધનનું ઇચ્છિત પૂર્યા વિના રાજકાર્ય કરવા ચંડાળમાં હિંમત નથી, એ ચંડાળ કેવો ? અને જ્યાં જીવતાં કપાઈ જવાનું છે એમાં કાપનારો ચંડાળ એની મેળે પાછો પડે છે છતાં કાંઈ પણ સંભ્રમ-ગભરામણ કર્યા વિના એને કાર્ય કરી નાખવાનું કહેનાર ધન કેવો ?

નજર સામે બંનેનું ચિત્ર ખડું કરો. અને પછી વિચારો કે,

બીજાનું ભલું કરવાની ચંડાળ જેટલી પણ તમન્ના છે ખરી ? ચંડાળ કુળ નહિ પણ એથી ઘણા ઊંચા કુળમાં જન્મ્યા છો ને ? ત્યારે ધન જેવી હિંમત, ન્યાયપ્રિયતા અને મારવા-પીડવા આવનારા પ્રત્યે સહાનુભૂતિ છે ખરી ?

જાગતા નહિ તો સ્વપ્નમાં આવે છે ખરી ?

પણ સ્વપ્નામાંય આવે ક્યારે કે જાગતાં કદાચ અમલરૂપે ન બન્યું હોય પણ કલ્પના કરીને એના ઉમળકા સેવાય તો.

**કલ્પના શાસ્ત્ર** - તમને તો અમલશાસ્ત્ર તો નહિ, પણ કલ્પનાશાસ્ત્ર પણ નથી આવડતું. મનને એવા મનોરથ થાય કે નથી ને કદાચ હું આમ ફસાઈ પડ્યો હોઉં તો ધનકુમાર જેવી હિંમત-નિર્ભીકતા અને મારનારને પણ પ્રોત્સાહન આપવાનું મને ક્યારે મળે !'

(૧) શું મનોરથની બીક લાગે છે કે એ કહીએ ને કદાચ સાચે સાચ બની જાય તો ?

(૨) અથવા શું એવી હિંમત, એવી ન્યાયપ્રિયતા અને દુશ્મનને સહાનુભૂતિ જીવનમાં જરૂરી નથી લાગતી ? શું એ વાહિયાત લાગે છે ? માનતા નહિ એવું.

મોક્ષ માર્ગે દોડવું હશે તો એ હિંમત, ન્યાયપ્રિયતા, અને દુશ્મન પ્રત્યે ય સહાનુભૂતિ ખાસ જોઈશે.

(૩) તો શું એમ માનો છો કે મનોરથ કરવા માત્રથી શું ? સારા વિદ્યાર્થીને પૂછો કે તેં કેટલા મનોરથ સેવ્યા પછી પરીક્ષા માટેની જોરદાર મહેનત કરી હોય છે ? જેને એવા મનોરથ નથી એવા વિદ્યાર્થી તો ઠોઠ રહે છે, રેઢિયાળ રહે છે, મહેનતમાં સુસ્ત રહે છે. ઊંચા મનોરથ હોય છે અને શક્ય મહેનત થાય છે તો પૂરું નહિ તો ઓછું પણ પરિણામ આવે છે.

**ક્ષમા અને નિર્વિકારતાની કલ્પના**

દુનિયાના કલ્પનાશાસ્ત્ર છોડવા જેવા છે, પણ આત્મકલ્યાણના આ કલ્પનાશાસ્ત્ર રચવા જેવા છે, કલ્પનામાં લાવો કે 'પ્રભુ મહાવીર દેવને ઉપસર્ગ કરનાર સંગમ, ગોવાળિયો કે શૂલપાણિ યક્ષ મળ્યો એવો મને મળી ગયો છે, ક્રૂર



મોત સામે ખડું થઈ ગયું છે, પરંતુ હું નવકાર મંત્ર ગણતો ઊભો છું અને સામાને ક્ષમાથી નવરાવતો, એના ઘા હું સહર્ષ સહી રહ્યો છું ! શરીર કપાઈ રહ્યું છે પણ મારે અને શરીરને શું લાગે વળગે' ? લાવશો આવું કોઈવારેય કલ્પનામાં ? માત્ર ભાવના નથી ભાવવાની, પણ ખરેખર બની રહ્યું એવું કલ્પનામાં લાવવાનું છે. અને તે વખતે આત્મવીર્ય ઉલસાવવાનું છે. નિશ્ચિત મને એવું અંતરમાં પોકારવાનું છે કે

'છે શું ? ચામડા ઊખડી રહ્યા છે અગર સળગી રહ્યા છે, પરંતુ મારે ને એને કાંઈ નિસ્બત નથી. હું અક્ષય-અવિનાશી-અરૂપી આત્મા છું. મારા આત્માનો એક પ્રદેશ પણ કપાય કે બળે એવો નથી ! તેમ હું નિર્વિકાર છું, મને કોઈ પીડા દુઃખ કે રાગાદિનો વિકાર શાનો ?

આવી કોઈ કલ્પનાનો અભ્યાસ કરો તો એવું બળ મળે કે કમમાં કમ નાના-શા ઉપદ્રવમાં આત્મા ધીર-વીર રહી શકે.

## • ભક્તિ-ઉદારતાની કલ્પના •

**કલ્પનાની બલિહારી છે, એ એના વિષયની મમતા વધારે છે,** આજે જુઓ કે આત્મ ગુણોનાં ધોરણ નીચે કેમ ઊતરી ગયા છે ? કાં તો એની પડી નથી; અગર પડી છે તો અમલમાં લાવવામાં ભય, કાયરતા, શિથિલતા છે. અવસરે અવસરે મહા પુરુષોના ઊંચા પરાક્રમ પ્રસંગો પણ સાંભળવા મળે છે. એના પર શ્રદ્ધા પણ છે છતાં ગુણોનો અમલ કેમ નહિ ? દોષોનો ત્યાગ નહિ ? ત્યાં આ એક તત્ત્વ ખૂટે છે કે ગુણોના આદરના, અને દોષોના ત્યાગના મનોરથ કલ્પનામાં લવાતા નથી. સાંભળી લીધું કે **'દંડવીર્ય રાજાની** સાધર્મિક ભક્તિની ટેક પર ઇન્દ્રે સાત-સાત દિવસ સુધી પરીક્ષા કરી; સવારથી સાંજ સુધી સાધર્મિકો લાવ્યે રાખ્યા ! અહીં દંડવીર્યને એમની ભક્તિ કર્યા પછી જમવાની ટેક, તે ૭-૭ દિન સુધી જમવા ભેગા થયા જ નહિ ! છતાં ઇન્દ્રે એમનામાં લેશ માત્ર અપ્રસન્નતા દેખી નહિ, બલ્કે મહાન પ્રસન્નતા જોઈ !' આવું સાંભળી તો લીધું; પછી શું મનમાં કલ્પના ઊઠી કે 'મારે ક્યારે આવો ધન્ય અવસર આવે ? ક્યારે હું સાધર્મિક ભક્તિને પ્રાણ બનાવું ? કોઈ એવી ટેક મેં રાખી છે અને અવસર એવો આવી લાગ્યો કે મારે બધું એમાં ખર્ચી નાખવાનો અવસર આવ્યો તો પણ હું તૈયાર છું, મારી જાતને ધન્ય માનું છું. આવો અવસર નહોતો ત્યારે પકવાન્ન ખાતાં જે આનંદ નહોતો આવતો, તે આનંદ બધું ખર્ચી નાખ્યા પછી લૂખો રોટલો ખાવા રહ્યો તેમાં આવે છે' માત્ર કલ્પના છે પણ એમાંથી હૃદયમાં શક્ય કાંક કરવાના ઉલ્લાસ જાગે

છે, સત્ત્વ ખીલે છે, વિચારસરણી ચોક્ખી થતી આવે છે, અને નાના અવસરમાં તો એ પરાક્રમ સક્રિય બને છે.

આવી-આવી કલ્પનાઓ સત્યની, ઉદારતાની, ન્યાય સંપન્નતાની, ક્ષમા-નમ્રતાની, ત્યાગ-તપસ્યા-ઇત્યાદિની સેવવાની છે, ને એમાંય જે દોષો પોતાને વધારે પીડતા હોય એના પ્રતિપક્ષી ગુણોની કલ્પનાઓ મગજમાં લાવવાની છે. એથી એક પ્રકારનું આત્મિક બળ ઊભું થાય છે.

**સાંભળ્યું-જોયું સફળ ક્યારે :-**

દુનિયામાં કેટલુંય સાંભળવા-જોવા મળે છે, ત્યાં ત્યાં સારી કલ્પના-ભાવના કરો તો એ સાંભળ્યું કે જોયું સફળ થાય, સાંભળ્યું કે કોઈએ બહુ પૈસા ખોયા, હવે પોક મૂકે છે, ત્યાં એમ કલ્પના થાય કે 'નથીને મારે જ કોઈ આવો સંયોગ ઊભો થયો, તો ભલે થયો, હું લેશ માત્ર ખિન્ન નહિ, પણ ઉદાસીન ભાવે ઊભો છું, લક્ષ્મીનું અને કર્મનું નાટક તટસ્થ રીતે અવલોકું છું. જગતમાં આબરૂ જાય તો તેથી મારે શું ? આબરૂ તો લોકમાં ને ? લોકનો શો ભરોસો ? લોકનું જ્ઞાન કેટલું ? પૈસા જવા છતાં જ્ઞાનીની દૃષ્ટિએ હું નિર્દોષ છું, બિનગુનેગાર છું, તો જ્ઞાનીની દૃષ્ટિમાં આબરૂ સલામત છે; પછી શી ફિકર ?' આ બધી કલ્પનાની વાત ચાલે છે. મનમાં બીજી-ત્રીજી કેઈ કલ્પનાઓના ગોટા વાળો છો, પણ હવે એ બદલીને આવી કોઈ કલ્પનાઓ સેવવા માંડો,

કોઈનો બંગલો જોયો, મોટર જોઈ, સંપત્તિ-ઠકુરાઈ જોઈ, મન એના પર વિચારમાં ચઢવા જાય છે, તો એ કલ્પના કરો કે 'હું ય આવો કોઈ શ્રીમંત બની ગયો છું છતાં હું એ સંપત્તિનો ગુલામ બની એની વેઠ કરનારો નહિ, પણ એને ગુલામીમાં રાખી એનો સ્વામી બન્યો છું; એવો સ્વામી કે કાલે ઊઠીને કોઈ મોકો મળ્યો તો ધર્મક્ષેત્રમાં એને વરસાવી રહ્યો છું, અથવા એકાએક સંપત્તિ ગઈ તો જરાય અસ્વસ્થ બન્યા વિના આકાશના વાદળની જેમ એની ગતિ તટસ્થભાવે જોઈ રહ્યો છું. આ એટલા જ માટે કે જન્મતાં હું મારું શું લઈને આવ્યો હતો ? તેમ મરીને પણ ક્યાં એ મૂકવાની નથી ?'

**કલ્પનાનું ફળ :-**

આમ ક્ષમાની, સહિષ્ણુતાની, દાનની, સત્ય વચનની, ધર્મરક્ષાની, વગેરે વગેરેની કલ્પનાના આનંદ સાથે અભ્યાસ કરવાના છે. એથી જે બળ મળે છે, સત્ત્વ ખીલે છે, તેનો ઉપયોગ ચાલુ જીવનના નાના-નાના પ્રસંગોમાં સુંદર થાય છે. ત્યારે, જીવનમાં અનિષ્ટ પ્રસંગો ક્યાં ઓછા આવે છે ? એ પ્રસંગોને ધૈર્યથી, હિંમતથી, મન બગાડ્યા વિના, અને આનંદ સાથે સામા પ્રત્યે ઉકળાટ નહિ પણ



સહાનુભૂતિથી અપનાવી લેવા માટે સત્ત્વ જોઈશે. તે આવી કલ્પનાઓથી ખીલશે.

**શત્રુ પ્રત્યે સહાનુભૂતિના દાખલા :-**

**ધનકુમારની** સહાનુભૂતિ કેટલી ઊંચી હદની છે ! ચંડાળ મારી નાખવા તૈયાર થયો છે, એની પ્રત્યે પણ આ સહાનુભૂતિ કે 'તું શા સારું મૂંઝાય ? તારે તો રાજાનો હુકમ પાળવાનો. ચલાવ તલવાર !'

**મહાવીર પ્રભુની** ગોવાળિયા પ્રત્યે એ સહાનુભૂતિ કે એ કાનમાં ખીલો ઠોકે ને પોતે હાલે તો એને બરાબર ફાવે નહિ, માટે પોતે સ્થિર રહેવાનું !

**ખંધક મુનિએ** આવી જ સહાનુભૂતિથી ચામડી છોલી નાખવા આવેલાને કહ્યું ને કે,

**'બાધા રખે તુમ હાથે થાયે, કહો તિમ રહીએ હો ભાયા રે...'**

**સુવ્રત શેઠની** ચોરો પ્રત્યે સહાનુભૂતિ, તે રાજાને કહે છે કે 'આમને નહિ છોડી મૂકો ત્યાં સુધી મારે પારણું કરવાનું નથી.'

**કૃષ્ણ વાસુદેવે** જીવલેણ બાણ મારનારા જરાકુમાર પ્રત્યે એ સહાનુભૂતિ દાખવી કે 'તું જલદી ચાલ્યો જા, નહિતર મોટાભાઈ બળદેવ આવીને જોશે તો તને મારી નાખશે. માટે જા જલદી જા, અને આ કૌસ્તુભ મણિ લેતો જા, પાંડવોને એ એંધાણીરૂપે બતાવી મારા તરફથી કહેજે તને રાજ્ય આપશે.'

આવા તો કેઈ દાખલા છે. હવે આવી સહાનુભૂતિ આપણે ભિન્ન ભિન્ન પ્રસંગોમાં જાણે દાખવી રહ્યા છીએ એવી કલ્પનાઓ કરતા રહીએ તો આપણને કેટલું બધું આંતરિક બળ મળે ! કેવીક ક્ષમા, ઉદારતા, ભ્રાતૃભાવ ખીલે ! પછી ચાલુ જીવનમાં તો કાંઈ આટલા ભયંકર પ્રસંગ નથી આવતા, પણ જે કાંઈ સામાન્ય કે વિશેષ પ્રસંગો આવે, ત્યાં કેવીક સુંદર ક્ષમા, ઉદારતા, ભ્રાતૃભાવ વગેરે ગુણો દાખવી શકાય !

**તમારે અંદરનું કોઈ સારું દબાણ ખરું ? :-**

તો ધનકુમારની આ ઉચ્ચ સહાનુભૂતિની વિશેષતા વિચારી; ત્યારે ચંડાળની વિશેષતા જુઓ કે પરનું ભલું ન થઈ શકે એમ હોય તો એનો હાથ જ નથી ચાલતો ! એ કેવો હાથ છે ! અંદરનું દબાણ છે કે તું કોના પર હાથ ઉપાડે છે ? તેં એનું ભલું કર્યું ? શ્રાવક મિત્રે એને કેવુંક આપ્યું છે ! સામાનું ભલું કર્યા વિના નોકરીની ફરજ બજાવી શકતો નથી ! આપણા પર અંદરનું કોઈ આવું દબાણ ખરું ? અતિથિને આપ્યા વિના એક આર્ય પણ ખાઈ શકે નહિ ! પચીસ કમાઈ ગયો તો દાન કર્યા વગર જંપાય જ નહિ ! આ આજે પણ આપણે કરી શકીએ એમ છીએ, નકરા સ્વાર્થની દુનિયાદારી તો અધમ કોટિની છે જ. મનુષ્ય-

જીવનની કિંમત જ્ઞાનીઓ દુનિયાદારીથી સંપૂર્ણ બહાર નીકળી જવામાં માને છે, જે મનુષ્ય જીવનનો ઊંચો આદર્શ ચારિત્ર છે, તે જીવનમાં કમમાં કમ અંદરથી આવું દબાણ કેમ નહિ કે પરમાર્થ પહેલો સાધી લેવો ?

**સ્વાર્થની રમત તે સાપ સાથે રમત છે !** એ કરવી હોય તો પહેલાં થોડો ઘણો પરમાર્થ કરવો જોઈએ. એ શું ? એની દાઢમાંથી ઝેર કાઢી લેવું તે; કે જેથી આપણને તે ભયાનક ન બને. ધનકુમાર કહે છે 'મારે કંઈ ઇચ્છિત નથી.' તો પેલો કહે છે, મારાથી પ્રહાર થઈ શકે એમ નથી !'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૩૪,તા.૧૪-૫-૧૯૬૦

કેટલાં શાસ્ત્રો એણે વાંચ્યા હશે ? પેટ ભરવા માટેનો ધંધો છે તેય બજાવી શકતો નથી. જો સામો કંઈ ઉપકાર માગતો નથી ! રાજા ગુસ્સે થાઓ કે ના થાઓ એનો વિચાર નથી, હાથ નથી ચાલતો ! જો ચંડાળના હૃદયમાં શ્રાવક મિત્રે કોમળતા ઊભી કરી હોય તો જ ધનને અહીં છૂટકારો મલે ! નહિતર ક્યારનોય ખલાસ થઈ ગયો હોત ! હજુ ચંડાળે જતો કર્યો નથી છતાં કાયમી બચાવ જે મળવો જોઈએ, એમાં જો કોઈ નિમિત્ત બનનાર હોય તો આ છે કે શ્રાવકમિત્રે દયા, પરોપકાર શિખવાડેલા છે ! ને રાજાનો હુકમ બજાવવા પૂર્વે ધનની કાંઈ પણ ઇચ્છા પૂરી કર્યા વિના એનો હાથ ચાલતો નથી !

**પુણ્યનો ચમત્કાર :-**

આ પરિસ્થિતિમાં જુઓ કે ધનકુમારનું પુણ્ય કેવુંક જાગે છે ! અને અચિંત્ય ઘટના કેવીક બને છે ! પુણ્યને બચાવ કરવો હોય તો ગમે તે પ્રસંગ, ગમે તે સંયોગો સર્જીને બચાવ ઊભો કરી દે છે. બાકી તો પુણ્ય ન હોય અને કરવા માટે ગમે તેવા કાળાં કામ કરાય, કિલ્લેબંધી રચાય, પરંતુ પાપોદયને બગાડવું છે તો જીવની તાકાત નથી કે પોતાની ધારણા અને પ્રયત્નો જરાય સફળ થાય. અહીં ધનનો પુણ્યોદય જાગે છે.

**રાજપુત્રને સર્પ-દંશ :-**

અહીં બન્યું એવું કે રાજાનો પાટવી કુમાર ઉદ્યાનમાં ફરવા ગયો છે, ત્યાં એને અચાનક સર્પ ડંસે છે ! ઝેર એટલું બધું ઉગ્ર છે કે થોડી જ વારમાં રાજપુત્ર નિશ્ચેતન બની જાય છે. માણસો તરત જ એને ઉપાડીને રાજા પાસે લઈ આવે છે. અહીં રાજા કુંવરીનો પત્તો નથી તેની ચિંતામાં પડ્યો છે, ત્યાં આ ભયંકર આપત્તિ આવી પડી. તેથી બેબાકળો બની જાય છે.



**સદ્ગતિનાં સારાં જીવન ટકાવવાની કોઈ ચિંતા ? :-**

પણ આવા પ્રસંગમાં બેબાકળા બની સમય ગુમાવ્યે કેમ પાલવે ? તો તો કેસ ખતમ જ થઈ જાય ને ? પણ કહોને કે આવી જીવન-મૃત્યુ વચ્ચેની ફસામણ વખતે તો બરાબર સાવધાન બની તરત જ ઉપાય લઈએ છીએ. ત્યારે ખૂબી જુઓ કે આ ભવ અને પરભવની વચ્ચેની મહા ફસામણી વચ્ચે રહ્યા કોઈ બેબાકળા બનવું નથી, કાંઈ વિચાર કરવો નથી, ને કોઈ ચાંપતા ઈલાજ લેવા નથી. મોતની કટોકટીમાં તો જીવવાના ઉપાય કરવા માટે બીજા સત્તર મહત્ત્વના કાર્ય પડતાં મૂકાય છે, મહાન ચિંતાઓ પણ હેઠી મૂકાય છે, ત્યારે અહીં પરભવની કટોકટીમાં ભાવી દીર્ઘ કાળનાં સદ્ગતિનાં જીવન ટકાવવાની વાત આવે ત્યારે આ જીવનની ક્ષણિક ઉપાધિઓનું બહાનું આગળ કરવું છે ! આ કઈ સમજ ? કેવીક મૂર્ખતા ! **જે ઐહિક ઉપાધિઓ પોતાને કોઈ બચાવ આપી શકે એમ નથી. એની ખાતર પોતાનો જ નાશ !!** સદ્ગતિનાં સારાં જીવન નક્કી કરનારા ઉપાય તરીકે સત્ય-નીતિ-સરળતા વગેરે ગુણોની વાત આવે ત્યારે અહીંની મોંઘવારી અને બીજી તકલીફનાં બહાનાં આગળ કરવાં છે.

'ભાઈ સાથે, કુટુંબી સાથે, બીજા સાથે, કેમ ઝગડો છો ? કેમ વૈર રાખો છો ?'

તો કહે છે 'શું કરીએ ? અમારું એ બગાડે છે.'

પણ પછીના તમારા જ ભવોનું શું ? એનો વિચાર નથી કરવો.

ધન પાસેથી હીરાની કંઠી મળ્યાથી રાજાને દીકરીની મહાન ચિંતા થઈ પડી છે. પરંતુ રાજકુમારને સર્પ ડસ્યાથી મોતનો પ્રસંગ આવી ઊભો છે, એટલે રાજા પેલી ચિંતા તરત પડતી મૂકી તાબડતોબ માંત્રિકો અને જડી બુટ્ટીવાળાઓને બોલાવે છે. રાજાનો હુકમ એટલે તો પેલાઓ ય દોડતા આવ્યા. બેભાન રાજપુત્રને જોતાં એમને થાય છે કે 'અરે આની તો શુદ્ધિ જ ગયેલી છે ! બહુ ખિન્ન બને છે અને તરત મન્ત્ર, ઔષધિઓના પ્રયોગો અજમાવે છે; પણ નિશ્ચેષ્ટ બેભાન રાજપુત્રમાં કાંઈ જ ફરક પડતો નથી.

શું કરે હવે ? જાણકારી બધી અજમાવી લીધી, પણ એનો કોઈ ઉપયોગ થયો નહિ; હાથ હેઠા પડ્યા. રાજાને ખેદનો પાર નથી. છતાં પાટવી કુંવર ચીજ એવી છે કે ઠેઠ સુધી આશા મૂકવી નથી. રાજા વિચાર કરે છે કે-

**'अचिन्ताओ पुरिससत्तीओ' अचिन्त्याः पुरुषशक्तयः** આત્માની શક્તિઓ કલ્પનાતીત હોય છે. તો ભલે કદાચ આ માંત્રિકો નિષ્ફળ નિવડ્યા, પરંતુ હજીય કોઈ બીજો સારો સિદ્ધ કરેલ ગારુડમંત્રવાળો નરરત્ન મળી આવે ને આને કદાચ જીવતો કરી દે ! માટે હું ઘોષણા કરાવું.'

**આપણામાં દસ ગુણી શક્તિ છે.**

**'અચિન્તાઓ પુરિસસત્તીઓ-** કેવુંક સુંદર સૂત્ર ! 'આત્માની શક્તિઓ અચિંત્ય હોય છે, કલ્પનાતીત હોય છે' માત્ર આપણામાં છૂપી રહેલી અચિંત્ય શક્તિઓનો વિચાર નથી કરવો અને 'મારાથી શું બને' એવા રાંડીરાંડના રોદણાં કર્યે રાખવા છે. આજના અમેરિકન શોધકો કહે છે કે માણસમાં ધારે છે એના કરતાં દસ ગુણી શક્તિઓ ભરેલી છે. કહીને બેસી રહે છે એમ નહિ, પણ એવી શક્તિઓ પ્રગટ કરી દેખાડે છે. સભામાં શું, પણ ચારની વચમાં વાત કરવામાંય 'તતપ તતપ' થતું હોય એવાને હજારોની સભા ગજવનારા વક્તા તૈયાર કરે છે. દુબળા, માયકાંગલાઓને મોટી મોટી કંપની-કારખાનાનાં ભારે કુશળ વ્યવસ્થાપક બનાવે છે. એક નગરમાં પણ માલના અતિ અલ્પ પ્રચારની જગ્યાએ દેશવ્યાપી પ્રચાર કરનારા પ્રચારક બનાવી દે છે ! માનસશાસ્ત્ર, સાયકોલોજી (Psychology) ના આધાર પર એ કરે છે. આપણને તો પરમાત્માએ મહાન માનસશાસ્ત્ર આપ્યું છે દસગુણી શું સો-હજાર ગુણી શક્તિ આપણામાં છે. આત્મા અનંત શક્તિનો માલિક છે. માત્ર એને પ્રગટ અને કાર્યકર કરવો જોઈએ. એક નવકારશીની પોરસી કરવાની મુશ્કેલીવાળા આજે જીવનભર એકાસણાં સુખેથી કરી શકે છે ! મોટી-મોટી આંબેલની ઓળીઓ ઉપરાપર હોંશે કર્યે જાય છે ! કેમ ? શક્તિ હતી તે અભ્યાસ, ઉદ્યોગ અને હોંશ દ્વારા પ્રગટ કરી. જ્ઞાન, વિદ્યાની અચિંત્ય શક્તિ દેખવા મળે છે ને ? કોણે પ્રગટ કરી ? પહેલાં જે સાવ અજ્ઞાન હતા, અલ્પ શક્તિવાળા દેખાતા હતા એમણે ને ? કે જન્મથી મહાશક્તિ પ્રગટવાળા ? જન્મતાં તો શક્તિનું મીંડું દેખાતું હતું, પરંતુ ખંત, ઉદ્યોગ અને હોંશથી મહાશક્તિ પ્રગટ કરી. બસ, સન્માર્ગે આજ કરવાની જરૂર છે.

**રાજાની ઘોષણા :-**

રાજા વિચારે છે કે 'એવી મહાશક્તિવાળો કોઈ ગારુડી કદાચ મળી આવે માટે ચારે દિશાઓમાં ઢોલ પીટાવીને ઘોષણા કરાવું કે 'અરે ! આજે જ રાજપુત્ર સુમંગલ ઉદ્યાનમાં સર્પથી ડસાયો છે, તો જે એને ઝેર ઉતારી સાજો કરી દેશે, તે માગશે તે આપવામાં આવશે.'

**વધભૂમિ પાસે ઘોષણા :-**

કઈ પરિસ્થિતિ ઊભી થઈ ? ગમે તે આપો અને ઝેર ઉતારો. પછી મનમાન્યું માગી લો. જાણો છો ને કે ધનકુમારને મહેશ્વરદત્ત જોગીએ ગારુડિક મંત્ર આપેલો છે ? અહીં ચંડાળ અને ધનને રસાકસી ચાલે છે એકનું કહેવું છે 'તારું ઇચ્છિત પૂર્યા વિના મારાથી મારવાનું બને એવું નથી,' બીજો કહે છે 'મારે કાંઈ ઇચ્છિત નથી,



તું તારે રાજહુકમ બજાવી લે' આ રસાકસી ચાલે છે ત્યાં ઢોલ પીટનારાઓમાંનો એક નજીકમાં આવી ચઢ્યો; અને ઢોલ વગાડી ઘોષણા કરે છે.

**જુઓ પુણ્યનો ચમત્કાર !** જે રાજાએ ધનને ભારે અપમાન અને વધની પરિસ્થિતિમાં મૂક્યો છે, એ જ રાજાને આની આગળ દીનતા-આજીજી કરવાની પરિસ્થિતિમાં ધનનું પુણ્ય મૂકે છે. ચમત્કાર પુણ્યનો કેવો ? જ્યાં જીવવાની કોઈ આશા નહિ ત્યાં કેવી ઘટના બનીને માત્ર જીવન નહિ પણ મહા પરોપકાર અને મહા માન !

**આવા ચમત્કારના સ્વભાવવાળા પુણ્યને માનો છો ? ના; માનતા હો, તો**

(૧) સામાના પુણ્યનો વિચાર આવે, ને એને રંજાડવાનું, દબાવવાનું, ન બને. તેમ,

(૨) પાપના ઉદયમાં નિરાશ ન થવાય કે 'હાય ! મારે કેટલું બધું દુઃખ,' પણ હિંમત રખાય, ફરી પુણ્ય કેમ નહિ જાગે ?

(૩) નવું પુણ્ય ઊભું કરવાની રાત ને દિ' ચિંતા રહે, પ્રયત્ન કરાય, 'બીજું બધું પછી, પુણ્યકાર્ય પહેલું' આ ધગશ અને ધંધો રહે.

છે આ બધું ? ના, છતાં પુણ્યને માનીએ છીએ એમ કહો છો ! વાહ કેવા ઊંઠા ભણાવવાના !

અસ્તુ ! પણ પુણ્યની અહીં એક વિચિત્રતા જુઓ કે ધનના પુણ્યને ઉદયમાં આવવું છે, તો રાજપુત્રને સર્પદંશ અને રાજા વગેરેને મહાકલ્પાંત સર્જાય છે ! શું આ ? એ બધાનો પાપોદય, ત્યારે બીજા માંત્રિકોનો ઉપચાર સફળ નથી થતો એમના પાપોદય, તો એનો અર્થ તો એજ થયો ને કે બીજાના પાપોદય જાગે એના ઉપર ધનનો પુણ્યોદય જાગે ?

**શુભ કર્મની પણ આ કેવી વિચિત્રતા છે કે બીજા પાપોદયે દુઃખ-ત્રાસથી વિડંબાય એના પર જ આવાં શુભ કર્મ ઉદયમાં આવી સુખ દેખાડે !**

- બરાબર ગરમાગરમ રસોઈ મળવાનો પુણ્યોદય શાના પર જાગે ? એ જ કે અસંખ્ય સ્થાવર અને કદાચ અનેક ત્રસ જીવોનો પણ પાપોદય જાગી સંહાર થાય એના પર ! આ મૃત્યુ-ઉજાણી નહિ તો બીજું શું ?
- એમ, સટ્ટા બજાર જેવામાં બીજાને પાપોદયે ગુમાવવાનું થાય એના પર કોઈ પુણ્યોદયે કમાય ! આ લોહીના પૈસા કે બીજું કાંઈ ?
- નોકરને ચાકરી કરવાના પાપોદય ઉપર જ શેઠને શેઠાઈનો પુણ્યોદય ને ? તો એને વિડંબક શેઠાઈ સિવાય બીજું શું કહેશો ?

આવા પુણ્યોદયમાં રાચો-માચો છે ત્યાં શુ એ યાદ આવે છે કે આ તો

મૃત્યુની ઉજાણી, લોહીના લાડુ યા વિડંબક શેઠાઈ જેવું છે ? એ ભાસ મનમાં રમતો રહે તો પછી (૧) એવા પુણ્યોદયની સુખ સામગ્રી પર હાશ નહિ, હાય થાય ! તેમ, (૨) એનાથી પરોપકાર સેવી લેવાની ધૂન જાગે ! વળી (૩) એવી સુખ-સામગ્રી મેળવવા કાળાં કામ અને કાળાં હૈયાં ન કરાય. ત્યારે (૪) એ મળ્યા પર મિથ્યા અભિમાન, ક્ષુદ્રતા, ઝગડા, બીજાના તિરસ્કાર વગેરે કરતાં આંચકો આવે, (૫) એવી સામગ્રી ન મળવા પર દુઃખ ન થાય, પણ તમારે ક્યાં આવો બધો વિચાર કરવો છે ? જો જો કરતા ! નહિતર પછી દુનિયાનું બધું કડવું ઝેર જેવું લાગશે ! પણ ધ્યાન રાખજો કે એ સઘળું ઝેર જેવું લગાડ્યા વિના સદ્ધર્મમાં નંબર નહિ લાગે.

**સંસાર અસાર કેમ છે ?** આ પણ એક કારણ છે કે એના કેટલાય પુણ્યોદય બીજાના પાપોદયની રિબામણ ઉપર જાગે છે, જીવે છે, દયાળુ વિવેકી માણસ આ પસંદ ન કરે; આની પાછળ દુર્ગુણ-દુષ્કૃત્યોથી પોતાના આત્માને ન ખરડે.

ધનકુમારનો પુણ્યોદય સર્પથી રાજપુત્રના ડસાવા પર ઊભો થાય છે. ખૂબી જુઓ કે માંત્રિકોના પ્રયત્ન ઝેર પર અસર કેમ નથી કરતા ? રાજકુમારને બચવાનું પુણ્ય નથી એમ નહિ; પુણ્ય છે, પણ જો તેટલેથી જ કામ પતી જાય તો ધનકુમારના હાથે રાજપુત્રને અને તે દ્વારા ધનકુમારને બચાવ ન મળે ! જે પુણ્ય ચમત્કારિક રીતે આપણો અને બીજાનો બચાવ કરી આપે છે, તે પુણ્યને પગભર રાખવાની મહેનત કેટલી ? અને પાપવૃદ્ધિની મહેનત કેટલી ? અસલના વખતમાં જ નહિ, આજે પણ શાણા માણસો પુણ્યને મજબૂત કરવા માટે જીવનમાં પરોપકાર ભારે કરે છે,

**પણ જોજો પરોપકાર કેવી રીતે કરી શકે છે ?** જીવનમાં કરકસર રાખીને; જીવનમાં ખોટો ખર્ચ નહિ કરીને. બચાવ કર્યો હશે તો આગળ કામ લાગશે, ક્યાં ? પરમાર્થ કે પરોપકાર કરવામાં જાતના કે કુટુંબના ખર્ચામાં લાંબા-પહોળા થયા, પછી ધર્મની વાત આવતાં ? અકળામણ થશે, કીડીઓ ચઢવા જેવું થશે, ધર્મકાર્ય બજાવવામાં અખાડા કરાશે, 'સગવડ નથી, ખર્ચા ઘણા થઈ ગયા છે...'

**શુભની પેટી :-**

માટે એ વાત કરી હતી કે ઘરમાં એક શુભ ખાતાની પેટી રાખવાની. પહેલાં તો સવારે ઊઠતાં જ એમાં કંઈક નાખીને દાનધર્મથી દિવસ શરૂ કરવાનો. પછી દરેક સાંસારિક ખર્ચ વખતે કાંઈકને કાંઈક એમાં નાખતા રહેવાનું એવું કુટુંબને શીખવાડવાનું. આનો પાછો એ અર્થ ન કરતા કે તો પછી બીજા ખર્ચ ગમે તેટલા રખાય. જીવનમાં ખર્ચનો પથારો જો મોટો, તો ધર્મની વાતમાં હાથ ઘણો સંકૂચિત રહેશે. સવારે ઊઠીને દોઢ શેર દુધ પોતાને જ પીવાને જોઈએ, તો પછી બીજાનું



જોવાય જ શી રીતે ? **જેને જાતનો ખર્ચ ટૂંકો, તેને પરોપકારની સારી સગવડ.** પછી કેમ ? મુખ્ય કામ પરોપકારનું કરવાનું, ને પુણ્ય તેથી મજબૂત થતું જવાનું ! પુણ્યનો એક પ્રકાર દાનનો છે. જે શક્તિઓ પહોંચે તે શક્તિનો ઉપયોગ પુણ્યને પગભર બનાવવામાં કરવો જોઈએ.

ધનકુમારનું પુણ્ય મજબુત છે, રાજાએ ચારે કોર ઘોષણા કરાવી દીધી છે કે 'આજે અહીં રાજપુત્રને સાપ કરડ્યો છે, જે એને સાજો કરી આપશે, રાજા તેને જે માગશે તે આપશે !' તેવો ઘોષણા કરનારો એક માણસ આવ્યો અહીં ! અહીંયાં તો રસાકસી જામી છે,- એક કહે છે 'માગ' ને બીજો કહે છે 'માર' ! પેલો અવાજ સાંભળીને ધન સહર્ષ કહે છે ચંડાળને, 'ભદ્ર ! જો તારો આગ્રહ છે તો ઊભો રહે માગું'

'હા સરસ !'

તો આ કર; જા, રાજાને કહે કે આ માણસ સર્પે ડસાયેલા રાજપુત્રને જીવાડી આપશે બસ, આ મારી ઇચ્છા તું પૂરે એટલે તારું મન માન્યું પછી તો તારો હાથ ચાલશે ને ? તો પછી તું મને મારજે.'

**જીવનને આ માણસો શું સમજતા હશે ? નીતિના માર્ગ પર ચલાવવા માટે જીવન.** નહિતર જીવન તો કાગડાં-કૂતરાને ય ક્યાં નથી જીવાતા ? પોતાના મનમાં અંકિત છે કે મેં માલ ખોટો લીધો છે, તેથી રાજાએ સજા નક્કી કરી છે. તે મારે ભોગવવી જ જોઈએ. એ સજાના અમલની આડે ચંડાળની ખચકામણ નડતી હતી તે દૂર કરવા રાજપુત્રને જીવાડવાની વાત છે.

**દ્વેષ સુકૃતોને ગુમાવરાવે છે :-**

જુઓ રાજપુત્ર જેવાને જીવાડી આપે એના બદલામાં ય એને બચવાનું મન નથી, પહેલાં તો આવી શિક્ષા ફરમાવનાર રાજાના છોકરાને જીવાડવાનું મન જ શાનું થાય ? કેમકે અંતરમાં એટલો બધો દ્વેષ ધૂંધવાતો હોય ત્યારે એ શક્ય એવા કેટલાય સુકૃત નથી કરવા દેતો, દ્વેષ કેવો ભયંકર ! આને એવો કોઈ દ્વેષ છે નહિ, એટલે રાજપુત્રને જીવાડવાનું સહર્ષ કરવું છે, પણ એ કરીને ય પોતાનો વધ ટાળવો નથી, એનો અર્થ એ કે જીવાડ્યા પછી રાજા પૂછશે 'શું ઇચ્છા તમારી પૂરું ?' તો સજા રદ કરવા કહેવું એવી કોઈ કલ્પના નથી, મન નથી,

**આત્મહિતકર પરોપકારને જડ હિતકર ન બનાવવો :-**

ધ્યાનમાં લેવાનું છે કે અહીં રાજા પ્રત્યે કોઈ રીસ નથી કે રીસમાં ને રીસમાં મનને એમ થાય કે ભલે મરું પણ હવે નમતું ન જોખું ! કોઈ રીસ નથી, તેમ ખુમારી ય નથી. ત્યારે શું છે ? સહજભાવે આવી ઊભેલી પરિસ્થિતિને મચડવી

નથી, ગુનો કર્યો છે, તો સજા ભોગવવી જોઈએ એમાં આનાકાની કે છટકબારી શા માટે ? પણ ઊંચો પરોપકાર કરીએ પછી ય બદલો ન માગીએ ? ના, એ મહાન સુકૃત છે, એને વેચવાનું ન હોય, સોદો ન બનાવાય.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૩૫,તા.૨૧-૫-૧૯૬૦

**ભક્તિભરી વિચારણા :-**

ચંડાળ ચકિત થઈ જાય છે. એને વિચાર આવે છે કે રાજપુત્રને સર્પદંશ એટલે તો એના પર ભલભલા કારીગરોએ પ્રયત્ન અજમાવ્યા હોય છતાં કાંઈ લાભ નહિ થયો હોય ત્યારે જ આ ઢોલ પીટાવવું પડ્યું હશે. તો હવે એને જીવાડી આપવાનું આ ઉત્તમ પુરુષ કહે છે. કેવીક અચિંત્ય શક્તિ ! એ કરી આપે તો તો અમારા સ્વામી પર એક મોટું અહેસાન ચઢ્યું; અને અમારા સ્વામી નિર્લજ્જ નથી, દાક્ષિણ્યવાળા છે, એ કાંઈ આવા અહેસાનને નિષ્ફળ ન કરે, એની સામે તો આને મોટા ઈનામથી નવાજવાની વાત હોય, ત્યાં વધ કરાવવાનું તો ઊભું જ શાનું રહે ? વળી અમારો સ્વામી ગુણાનુરાગી છે, આ મહાન પુણ્યના આવા ઉચ્ચ ગુણો જોઈને તો આકર્ષાઈ જાય, એમને બહુમાન થાય, પછી વધ કરાવવાની વાત ઊભી જ શાની રહે ? એટલે આ તો સુંદર મોકો આવી મળ્યો. મને લાગે છે કે આવો ઉત્તમ પુરુષ ગુનેગાર હોય નહિ. ત્યાં હવે જે આ સર્પનું ઝેર ઉતારી આપવાનું કહે છે, એ આના બચાવમાં ઊતરશે !' આવો વિચાર કરી ખુશખુશ થયેલો ચંડાળ પેલા ઘોષણા કરનારાને બોલાવીને કહે છે.

'આ તો સ્વામીએ આમને વધની સજા ફરમાવી છે, પણ એ કહે છે રાજપુત્રનું ઝેર હું ઉતારી આપીશ.'

ઢોલ પીટનારાને હજી સુધી કોઈ કિમિયાગર મળતો નહોતો તે આ મળી જવાથી આશ્ચર્ય પામે છે ! ધનને પૂછે છે, 'હેં ! સાચી વાત ? આ ચંડાળ કહે છે એની પાછળ શું તત્ત્વ છે ?'

ધન જવાબ કરે છે, 'તત્ત્વ ? મારી પાસે મોટા ફણીધરનું ઝેર ઉતારવાનો મંત્ર છે. બાકી તો કોઈ પણ કાર્ય સિદ્ધ થવામાં ભાગ્ય બળવાન છે, વિધિ પ્રમાણ છે. પુરુષ પ્રયત્નનો એ વિષય નથી. છતાં મને આશા છે કે મંત્ર પ્રયોગથી રાજપુત્ર જીવી જાય, તેથી હું પ્રયત્ન કરી જોઉં.'

**વિવેક શું ?** પેલાને આશ્ચર્ય થાય છે કે 'રાજાએ જેને જીવતો મારી નખાવવાની સજા છે એનામાં આ વિવેક છે ?' **વિવેક એજ કે સામાએ ગમે તે કર્યું, પણ પોતાને**



**સજ્જનતા દાખવવાનો મોકો મળે તો એ વધાવી લેવો.** એટલે ? સામાની ખરાબી જોઈ પોતે ખરાબ થવું એ અવિવેક કહેવાય. પેલો વિચારે છે કે 'ખરેખર ! આના બોલ પ્રસંગોચિત ગૌરવભર્યા અને નમ્રતા છલકતા છે. કોઈ બડાઈ કે ગપ દેખાતાં નથી તેથી આ જરૂર રાજપુત્રને જીવાડશે.'

ભારે આશા બંધાણી; હવે વિલંબ શા સારું કરે ? તરત જ ચંડાળ પાસેથી એને છોડાવી લઈ ચાલ્યો રાજા પાસે.

અહીં રાજાએ ઘોષણાઓ કરનારાઓને મોકલ્યા છે, અને પોતે આતુર નયને રાહ જોતો બેઠો છે, 'ક્યારે કોઈ સારા સમાચાર લઈને આવે ?' એમાં ધનકુમારને લઈને આ ઘોષણા કરનારો આવી પહોંચ્યો; અને એણે રાજાની ધનના તરફ દૃષ્ટિ ખેંચી બધી હકીકત કહી. સાંભળીને શું થયું હશે ?

ક્યાં એક વખતનો ગુસ્સે થઈ ધનને વધની શિક્ષા ફરમાવનાર રાજા ! ક્યાં અત્યારે પુત્રને જીવતદાન કરનારા ધનને બહુમાનની દૃષ્ટિથી જોનાર રાજા ! રાજા એનો એ, ધન એનો એ, પણ જેને પોતે મરાવે છે એ પુત્રને જીવાડવા આવ્યો છે. આવા વચલા સંયોગ ફરવાથી રાજા પલટાય છે. સંયોગ કોને અસર નથી કરતા ? **સોનગઢનું સાયન્સ કહે છે કે સંયોગ અને નિમિત્ત કાંઈજ કરી શકતા નથી ! પોતે આવું બોલે છે; લખે છે, તે જ બીજાને અસર કરાવવા માટે; ને છતાં કહે છે અસર નથી કરતા !!**

**જેવી માનસિક ભૂમિકા તેવું દર્શન :-**

રાજા ધનને જોઈને મુગ્ધ થઈ જાય છે, એને એમ લાગે છે કે 'અરે ! આ કોઈ મહા પ્રભાવવંતી આકૃતિ ધરાવે છે, તો એ ચોરી કેમ જ કરે ?' રાજાનું ધનમાં હવે જુદું દર્શન અને મુગ્ધતા કેમ ? કહો, માનસિક ભૂમિકા જુદી ઊભી થઈ છે, જેવી માનસિક ભૂમિકા તેવું દર્શન. જેમ પર્વતની ઊંચી ભૂમિકાએથી દર્શન જુદું, અને મધ્યેથી કરાતું દર્શન જુદું. ત્યારે તળેટીથી વળી જુદું. એમ માનસિક સ્નેહની ભૂમિકાથી દર્શન થાય તે જુદું. ને દ્વેષની ભૂમિકાથી કરાય તે જુદું. નુકસાન એક સરખું, પણ સ્નેહાળ પુત્રે કર્યું તો 'એમાં શું ?' એવી દૃષ્ટિથી જોવાય છે, ત્યારે નોકરે કર્યું તો 'આવું મહા નુકશાન ?' - એમ ધમધમતા જોવાય છે, દાખલો આવે છે ને કે ગામ બહાર વેશ્યાનું મડદું જોતાં કૂતરું, કામી, અને યોગી જુદી જુદી જાતનાં દર્શન કરે છે. કેમ વારુ એમ ? ત્રણેયની માનસિક ભૂમિકા જુદી જુદી છે. કૂતરું ખાવાનું લાલચું, તે એવી આહાર લંપટતાની માનસિક ભૂમિકાએથી સુંદર ભક્ષ્ય તરીકે જુએ છે; ત્યારે કામી કામાંધતાની માનસિક ભૂમિકાએથી ખેદ અનુભવે છે, 'અહો ! કેવું સુંદર રૂપ એળે ગયું !' પણ યોગી વૈરાગ્યની માનસિક ભૂમિકા

ધરાવે છે, તેથી એમાં વિશ્વની અનિત્યતાનું દર્શન કરે છે. એમ થાય છે કે 'અહો ! જગતમાં સારા ગણાતા રૂપરંગની પણ કેવી વિનશ્વરતા ! માનવી આવા વિનાશી રૂપ પાછળ શું ઘેલો થતો હશે ! શો મદ કરતો હશે !'

સારાંશ આ છે કે **દર્શન સારું, વિવેકી અને શાન્તિ-ઉન્નતિ આપનારું કરવું હોય તો મનની ભૂમિકા વિશુદ્ધ રાખો.** એટલે ? એમને એમ નહિ રખાય, કેળવવી પડશે. જીવતા છો એટલે કાંઈ ને કાંઈ દેખવા-સાંભળવાનું તો મળશે જ. દિનભરમાં અનેકવાર મળશે, ત્યાં સ્વસ્થ રહેવું હોય, સુખી રહેવું હોય, પાપથી બચવું હોય, તો ઊંચી માનસિક ભૂમિકાએથી જુઓ-સાંભળો. એ ભૂમિકા પણ ઉચ્ચ બનાવવાનો ધંધો લઈ બેસો. એ માટે ક્ષુદ્રતા, તુચ્છતા, મદમાનની લાગણી, રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ વગેરે કલેશ-કલુષિતતાને એની પ્રતિપક્ષી શુભ ભાવનાઓ દ્વારા મનમાંથી દૂર કરતા ચાલો તો ભૂમિકા ઊંચી ઊંચી બનતી આવશે. પછી ઊંચી માનસ ભૂમિકાએથી ઊંચા દર્શન થશે.

રાજાની માનસિક ભૂમિકા હવે ફરી છે, કેમકે પોતાને પ્રાણથી પ્યારા પાટવી રાજકુમારને જીવાડનાર આ મળે છે તેથી આ ધનકુમારમાં મહાપ્રભાવવંતી આકૃતિનાં દર્શન કરે છે, ચોરીના અસંભવનાં દર્શન કરે છે.

**આપણી માનસિક ભૂમિકા જેટલી ઊંચી એટલા પ્રમાણમાં દેવાધિદેવ અને ગુરુનાં ઊંચા દર્શન કરી શકવાના.** માટેજ, જેવી રીતે એ દર્શન જરૂરી છે, એવી રીતે મનને સારું ઘડતા આવવાનું પણ આવશ્યક છે, ઘરેથી લડીને તરત દ્વેષ ભર્યા મનથી દેવ દર્શને જનારો ઊંચુ દર્શન ક્યાંથી કરી શકવાનો ? આજના છોકરાઓની માનસિક ભૂમિકા આજની કેળવણી તથા બીજી પદ્ધતિ-વાતાવરણે બગડી જાય છે તેથી મહાઉપકારી માતા પિતામાં દિવ્ય દર્શન નથી કરી શકતા. એમ સોદા વિનાના ગુરુઓનાં ઉચ્ચ દર્શન નથી કરી શકતા. આજના વિષમ પણ વિશ્વનાં સુખદ દર્શન કરવા હોય તો માનસિક ભૂમિકા શુદ્ધ અને ઉન્નત કરવી એ મહાન ઉપાય છે. એ કરો પછી જગતને કહી દો, 'તારે જેવા ખરાબ બનાવો ને જેવી બૂરી પરિસ્થિતિ દેખાડવી હોય તેવી દેખાડ, હું મન બગાડીશ નહિ, આવું મન કેળવાય તો જીવન સાર ભર્યું નહિતર ધૂળ. રાજા વિચારે છે કે, 'આની આકૃતિ મહાન છે. આ ચોરી કરે નહિ. પણ એ વિચાર પછી કરીશ, હમણાં એનો સમય નથી, ઝેર ભયંકર છે. તેથી કદાચ વધુ વિલંબ થાય તે પુત્રને અતિ નુકસાન થઈ જાય તો ? માટે પહેલાં તો જીવન છે ત્યાં સુધીમાં ઝેર ઊતરાવવાની તજવીજ કરું.'

**મૃત્યુનું ઝેર અપ્રતિકાર્ય :-**

મંત્રને-ઔષધી કામ ક્યાં સુધી કરે ? જીવન વિદ્યમાન હોય ત્યાં સુધી ! પુરું



થયા પછી મંત્ર-તંત્ર બધું ફોગટ ! એ સૂચવે છે કે જગતના સર્વ ઝેરોમાં મૃત્યુનું ઝેર અપ્રતિકાર્ય છે ! એ ઉતારી નહિ શકાય ! ગમે તેટલા મંત્ર-તંત્ર લાવો કંઈ વળે નહિ. એનો અર્થ એ છે કે સર્વ મંત્ર-ઔષધિઓ જે મૃત્યુ પછી ચાલી શકતા નથી, તેવા મૃત્યુની સર્વોપરિતા સમજીએ. એમાં આપણે સપડાયા નથી ત્યાં સુધી તક કેવી છે ? મૃત્યુનો વિચાર આવે છે ? કલ્પના કરો કે નથી ને આજનો જ દિવસ મારે પાપોનો કોઈ હિસાબ નથી, એને ભોગવી પૂરા કરવાને માટે તો અસંખ્ય વર્ષ જોઈએ ! એ ક્યાંથી લાવવા ? એ સ્થિતિમાં ધર્મ-પુરુષાર્થની એ તાકાત છે કે એને ટૂંકમાં ટૂંકાવી દે. અહીં તક છે તો કેમ વધાવી ન લેવાય ? ખરી વાત એ છે કે સ્વાત્માને પોતે બચાવી લેવાની ધગશ ન જાગે તો મૃત્યુના ભયની આગળ પણ તેનું મન બુઠ્ઠું બની જાય છે. આ જીવની નઘરોળ દશા એવી છે.

રાજા વિચારે છે કે બીજો વિચાર હાલ કરવાનો નથી, પોતે પુત્રની આ સ્થિતિથી ઘણા દુઃખી છે; આંખમાં આંસુ આવી જાય છે; શબ્દો પણ તૂટક બોલે છે, 'હે ભદ્ર કલ્યાણ પુરૂષ ! આ મારા દીકરાને તું જીવાડી દે !' ધનને જાણે કરગરતા વિનવે છે,

**ધન મંત્રથી ઝેર ઉતારી દે છે.**

ધન આશ્વાસન દે છે, 'મહારાજા ! તમે ખેદ છોડી દો ને આ ચમત્કારિક મંત્રનું માહાત્મ્ય જોઈ લો ! એમ કહીને પેલો મંત્ર યાદ કર્યો; ને તે મંત્રના અચિંત્ય સામર્થ્યથી ઝેર તત્ક્ષણ ઊતરી ગયું. જેમ ઊંઘમાંથી ઊઠે, સુખ નિદ્રામાંથી ઊઠે, તેમ આળસ મરડીને કુમાર બેઠો થઈ ગયો. ત્યાં ઓહો, વાહ-વાહ, ધન્ય ધન્ય, વગેરેનો કિલકિલારવ ઊઠ્યો. બહુ સરસ થઈ ગયું ! જોઈ રાજાને આનંદનો પાર નથી ! હર્ષના આવેગમાં કેડનો કંદોરો હીરા માણેકથી જડિત હતો તે આ ઉપકાર સામે તુચ્છ છતાં હાજર તે હજુર એમ કરી એના પર નાખ્યો ! રાણીઓએ આના પર અલંકારોનો ભાર વરસાવ્યો ! ધન કહે છે 'મહારાજા આ બધાનું શું કામ છે ?' ટોણાંનો શબ્દ નથી ધનકુમારને તેવું આવડતું નથી,

**રાજા ગુણસેનના ભવથી જે ધર્મનો પાયો નાખ્યો છે તેમાં એવી યોગ્યતા કેળવી છે કે આ બધા પરચૂરણિયા દોષો મરી ખૂટ્યા છે. ધર્મ કરીએ ને આ ન બને તો ધર્મમાંથી શું લીધું ? પરચૂરણ દોષો તો રવાના થઈ જ જવા જોઈએ તો જ પછી ઉપરના દોષોને દૂર કરવાનું બને. ધનને હવે ટોંણા, કટાક્ષ, મશ્કરી** વગેરે આવડતું નથી, એવા દોષોનો ભાર એણે બહાર તગેડી દીધો છે. માટે સહેજ ભાવે કહે છે 'આ બધાની શી જરૂર છે ?'

રાજા કહે મહાનુભાવ ! આ તો કાંઈ જ નથી, હવે તું કહે કે બીજું તારું

શું ઇષ્ટ કરું ? ઘોષણા મુજબ સામાને માગવાનું ઊભું છે, માટે પૂછે છે. પુણ્યની ખૂબી કેવી છે ! જોગી જોગાજોગ દરિયા કાંઠે મળે છે. એ ન મળે તો મંત્ર ન મળે; ને કંઠી મળે રસ્તે, તેથી અહીંયાં પકડાય ને મરે ! પણ મંત્ર છે એટલે તે ભણતાં જ ઝેર ખલાસ ! નમસ્કાર મંત્રમાં આ તાકાત છે ! પણ ત્યાં આપણાં શ્રદ્ધા-બળની ખામી છે, એ શ્રદ્ધા બળ હોય તો એ મંત્રની આ મહાતાકાત જોઈ શકીએ.

**નવકાર મહામંત્ર શા માટે ગણવાનો ?**

આ જગતમાં બીજા-ત્રીજા સાધનો દ્વારા લાગે છે કે કાર્ય સિદ્ધ થાય પણ તેના બદલે લાગવું જોઈએ કે જો હૃદયમાં નવકાર સલામત તો બધું જ સલામત, નહિતર શું જોવાનો છે ! પછી મારી ભવિષ્યમાં કેવી વલે ? સો વર્ષનું આયુષ્ય ભલે હો પણ જે ભૂતકાળના અસંખ્ય વર્ષોમાં કંઈ સલામત નહિ. પણ જો જો નવકાર સાથે સોદા ન ચાલે. નવકારનું ફળ કુંડાળામાં વળે નહિ ! એનું ફળ તો મહાસાગર-પ્રમાણે છે ! તો લખ્યું છે **ધર્મ-સંગ્રહ** શાસ્ત્રમાં કે **શ્રાવક ધર્મને સર્વ પુરુષાર્થમાં પ્રધાન માને છે; ને ધર્મ પુરૂષાર્થમાંય નવકાર સ્મરણ એ સરળ અને મુખ્ય પુરૂષાર્થ છે માટે આજીવિકાની ચિંતા માટે જાય ત્યાં પણ પહેલાં નવકાર યાદ કરીને જાય.'**

**પૈસાથી ધર્મ કે ધર્મથી પૈસા ?**

આનું તાત્પર્ય વિચારો. પૈસા કમાવા જતાં પહેલાં શ્રાવક શા સારું નવકાર મંત્ર ગણે ? **धर्मस्य सर्वपुरुषार्थ प्रधानत्वात्** કારણ કે **ધર્મ એ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે ય પુરુષાર્થમાં મુખ્ય છે.** મુખ્ય એટલા માટે કે બાકીના ત્રણેયની પ્રાપ્તિ ધર્મથી થાય છે. તમે કહો છો પૈસાથી ધર્મ થાય છે એમ જ ને ? પણ પૈસા કોણે આપ્યા ? ધર્મે. એ ધર્મ પૂર્વે સેવેલો. તે શું પૈસાથી જ સેવ્યો હશે ? કાંઈ નિયમ નહિ. શીલ, તપ, ભાવના, સમ્યક્ત્વ, વ્રત, નિયમો, ભક્તિ, વૈયાવચ્ચ, વગેરે કેઈ પ્રકાર ધર્મના છે. ત્યાં ક્યાં પૈસા જોઈએ છે ? માટે આ ભૂલી જાઓ કે પૈસાથી ધર્મ થાય. યાદ આ રાખો કે પૈસા, સુખ, અને મોક્ષ ધર્મથી મળે છે. માટે **ધર્મ એ સર્વ પુરુષાર્થમાં મુખ્ય છે.**

**જાનમાં મુખ્ય ખબર વરની રખાય છે :-**

હવે, જે મુખ્ય હોય તેને તો પહેલો યાદ કરવો જોઈએ. લગ્નની મોટી જાન આવી, માણસ બસો હોય, પણ સૌથી વધુ ખબર કોની રખાય છે ? જાનૈયાની નહિ, વરની. એમ મુખ્ય ખબર ધર્મની રાખવાની છે.

**કૃપણ દરેક કાર્ય વખતે પૈસા પહેલાં યાદ કરે છે :-**

કૃપણને પૈસા મુખ્ય છે, તો દરેક કાર્ય વખતે પહેલાં પૈસા યાદ કરી લે છે.



'અહીં પૈસાનો ખર્ચ કેટલો થશે ? અથવા પૈસાનો લાભ કેવોક થશે ? પૈસા છે તો બધું છે,' આવું યાદ કરે છે ને ? તેમ ધર્મને માનનારો દરેક કાર્ય વખતે, ચાહ્ય પૈસાનું કાર્ય હો, દુનિયાની મોજમજાહનું કાર્ય હો; કે મોક્ષ સાધનાનું કાર્ય હો, ત્યાં ધર્મ પહેલો યાદ કરે, **ધર્મ છે તો બધું છે. એવી સજ્જડ માન્યતા હોય.**

**નવકાર મહામંત્ર :-**

તો હવે પ્રશ્ન થાય કે એવો કયો ધર્મ છે કે જે જલદી, સરળતાથી અને અતિ અલ્પ સમયમાં કરી શકાય ? છતાં પાછો સચોટ પ્રબળ ધર્મ હોય ? કહો, શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ, ધ્યાન એ કરવામાં કેટલીવાર લાગે ? કેટલી મહેનત પડે ? કેટલો સમય જોઈએ ? ખાસ કાંઈ નહિ. ત્યારે એની તાકાત કેટલી ? જબરદસ્ત ! દરેક કાર્ય વખતે પહેલું નવકાર સ્મરણ કરવાનું, ધાર્મિક કાર્ય વખતે પણ પહેલો નવકાર. ત્યાં સુધી કહ્યું કે બીજા મંત્ર સાધવા પ્રારંભે નવકાર મંત્ર યાદ કરવાનો. આ દૃષ્ટિએ, કે ધર્મ તો સર્વ પુરુષાર્થમાં પ્રધાન છે, સર્વ મંગળમાં ઉત્કૃષ્ટ મંગળ છે, સર્વ સિદ્ધિમાં શ્રેષ્ઠ સાધન છે. **નવકારમંત્રનું સ્મરણ એ મહાધર્મ છે.** એને પામેલાના ભાગ્યની અવધિ નથી. છતાં જો એ ચૂકે તો એના જેવી કમનસીબી બીજી નથી. નવકાર પામ્યા છો તો ઓળખી લો કે શું પામ્યા છો. મેલા-ઘેલા મંત્ર કે દેવને પામેલા પણ એને વારંવાર યાદ કરે છે. તો આ તો મહામંત્ર મંત્ર શિરોમણિ ! ઠેઠ મહામોહ સુધીના ઝેર ઉતારી નાખનારો ! માટે **જીવનમાં બધા કામની ખબર રાખતા હો, પણ મુખ્ય ખબર નવકાર મંત્રની રાખવાની કે જે વીંછી, સર્પ શું બધાનાં ઝેર ઉતારી શકે છે.**

હાથમાં પાણી માત્ર લીધું ને સજ્જડ ભાવના ભાવી કે 'આ અમૃત છે !' મેન્ટલ ફોર્સ આપ્યો, તો ખરેખર એ અમૃત બની જાય છે. ભાવનામાં એવી તાકાત છે ને એમાં જો નવકાર મંત્રની ભાવના આપીએ તો ? નવકારનો મહિમા છે કે આ પાણીથી ઝેર ઊતરી જવું જ જોઈએ. પશ્ચિમ દેશમાં આના અખતરા, ચાલે છે માનસિક શક્તિઓને વિકસિત કરવાના. ઈંગ્રેજીમાં એક 'Poise and power' નામનું પુસ્તક જોયું, એમાં મનની પ્રશાંતતા અને શક્તિ વધારવા ઉપર લખેલું છે, તેમજ એની અદ્‌ભુત અસર બતાવી છે. એ મુજબ દા.ત. તમને માથામાં સણકા મારે છે કે શૂળ થયું છે તે વખતે તમે પૂર્વ અભ્યાસથી જો તમારી માનસિક વિચારણાને ત્યાં કેન્દ્રિત કરી વિચારો કે 'આ રોગ ચાલ્યો હવે.' બસ, એ રોગ જવો જ જોઈએ. જો એ પ્રમાણે ફળ ન દેખાય તો સમજવું કે મન હજી સબળ બન્યું નથી !

આ આપેક્ષિક વાત છે, પણ સમૂળગી કાઢી નાખવા જેવી વાત નથી. અહીં

મળેલી દુર્લભ અમૂલ્ય માનસિક શક્તિનો પ્રવાહ અને બળ નવકાર મંત્ર અંગે જગાવવા જેવાં છે. એ બળ વધે, નવકારનું રટણ વધે, તે માટે અખતરો આપ્યો હતો. નવકારમાં શું છે ? ચૌદ પૂર્વનો એ સાર છે ! સર્વ તાકાત છે એમાં ! નવકાર મંત્રના પહેલાં પદમાં છે ! આપણામાં પાપબુદ્ધિ જાગતી હોય, ઘણી અકળામણો થતી હોય, તેનો ઉકેલ નવકારમાં છે. તો તેની રટણા વધવી જોઈએ. નવકારમાં આ તાકાત છે કે જુગજુગના પાપની ભેખડો તોડી નાખે !

ધનકુમારે મંત્રથી રાજકુમારનું ઝેર ઉતારી નાખ્યું તો રાજા પૂછે છે, 'બોલ ભાઈ ! તારું શું પ્રિય કરું ?'

**ધનનું વિચિત્ર પ્રિય :-** ધન શો જવાબ આપે છે ? કહે છે, 'એ વાત રહેવા દો.' કેમ ? બીજું કંઈ પ્રિય હોય તો ને ? કહે છે, 'એક પ્રિય છે,'

'શું છે એ ?'

'કરી શકશો ?'

'શું પૂછે છે ? આ તો રાજાનો બોલ !'

## • જડ વિકસે ને આત્મા નહિ ? : આત્મવિકાસના માર્ગ •

'તો હું કહું છું, જેને વધ કરવાની કામગીરી સોંપી છે તે વસ્તુગત્યા ચંડાળ ભાવને ધારણ કરનારો નથી ! છતાં ચંડાળ તરીકે ઓળખાય છે. તેના મનનો મનોરથ પૂરો.' પોતાનું ઇચ્છિત છે કાંઈ ? ના, 'ચંડાળનું ઇચ્છિત પૂરો' કોણ ચંડાળ ? જે મારી નાખવા ઊભો થયેલો. આત્મવિકાસની કલ્પના આવે છે ? કેટલો વિકાસ ધને સ્વાત્માનો કર્યો હશે ? આખી જડસૃષ્ટિ વિકાસ કરી રહી છે. વધારામાં જડનો વિકાસ આપણે પણ કરી રહ્યા છીએ. ઈંટ-ચૂના-માટી અને એમાંથી બંગલા પણ બનાવો છો ને ? તો કહો આત્માના વિકાસની પડી છે ?

**જડ વિકાસ :-** જગતમાં જુઓ કે જંગલ જેવામાં પણ આપ મેળે ઊગનારા ફૂલોના છોડ પોતાની સ્થિતિકાળ દરમિયાન ઉત્તરોત્તર વિકાસ પામતા જ જાય છે. પત્થરની ખાણો જેવી પણ આગળ આગળ વધતી જ જાય છે, અને સૂર્ય ઉત્તરાયણ કાળમાં કિરણ વધારતો જ જાય છે, અને ચંદ્ર શુક્લ પક્ષમાં પોતાની કળા ખીલવતો જ જાય છે, ત્યારે શું આપણે જ આવા બુદ્ધિમાન મનુષ્ય થયા છતાં એવા બુદ્ધિને બુઠ્ઠી કરનારા છીએ કે આ માનવ ભવના ઉત્તરાયણ દરમિયાન કે શુક્લ પક્ષ દરમિયાન નિજના આત્માના કિરણ કે તેજ ઉત્તરોત્તર વિકાસ ન સાધતા જઈએ ? જડસૃષ્ટિ તો બુદ્ધિહીન છે, છતાં વિકાસના માર્ગે આગેકૂચ કર્યે જાય છે ! ત્યારે આપણને તો બુદ્ધિ, જ્ઞાન, વિચારણા શક્તિની અમૂલ્ય સંપત્તિ મળી છે છતાં



આત્મ વિકાસને બદલે આત્માનું અધઃપતન કરનાર જડવિકાસનું જીવન જીવવાનું કર્યે જઈએ એ કેટલી મોટી કમનસીબી ? કેવી મહાદુર્દશા ?

**આત્માનું અધઃપતન શાથી થઈ રહ્યું છે ?** એ વિચારો સ્પષ્ટ દેખાશે કે કેટલાક જડના વિકાસ કુદરત કરે તો કરે, પણ આપણે ય એ કર્યા વિના રહી શકતા નથી; ને એવા જડને સુધારવા અને શોભામય બનાવવા પાછળ કેઈ પ્રકારના રાગ, દ્વેષ, લોભ-મોહ-મમતા, ઈર્ષ્યા-વેર-વિરોધ, વગેરે કરવામાં આવે છે ! કેઈ હિંસા, જૂઠ, અનીતિ વગેરેમાં પાપો સેવવામાં આવે છે ! પાછું એ જંજાળમાં આત્મવિકાસના સુંદર આલંબનભૂત પરમાત્મા, સદ્ગુરુ, ધર્મસ્થાનો, ધર્મસાધનાઓને વેગળી રાખવામાં આવે છે. મોહ, અજ્ઞાન, અને લોભના અંધકારપટમાં તણાયા. જોવા ફુરસદ નથી કે **'કોના ભોગે હું કોનું સુધારી રહ્યો છું ?** બીજી-ત્રીજી વસ્તુના વિકાસ થયા કે નહિ એ જોઉં છું પણ મારો પોતાનો વિકાસ થયો કે નહિ એ જોઉં છું ખરો ?' કપડાં ઊજળાં કેમ થાય, વાસણ ચોક્ખાં કેમ થાય, મકાન ચકચકાટ કેમ બને, એ બધી કાળજી રહે છે, પરંતુ હૃદય ઊજળું, ચોક્ખું, ચકચકિત કેવી રીતે બને એ ચિંતા, એ ચીવટ ક્યાં છે ? એ જો હોય, તો તો એ માટેના પરમેષ્ઠી વગેરેના સુંદર આલંબન વારંવાર લેવાય, મૈત્રી, કરુણા, પ્રમોદની ભાવના વારંવાર ભાવવાનું બને; તેમજ દયા, પરોપકાર અને દેવગુરુ ધર્મની ઉપાસનાના અનુષ્ઠાનો ભરપૂર પ્રમાણમાં સેવાય. તો જુઓ શું આવ્યું ?

**આત્મવિકાસના ત્રણ ઉપાય :-**

**આત્મવિકાસ કરવો હોય, હૃદય ચોક્ખું અને ચકચકાટ કરવું હોય તો,**

(૧) અરિહંતાદિ પંચ પરમેષ્ઠીનું વારંવાર આલંબન લેવું. એમનું જ એક મારે શરણ છે, એ જ એક મારે આધાર છે, એ ભાવ દૃઢ કરી એમનું સ્મરણ વારંવાર કરવાનું.

(૨) બીજું, મૈત્રી ભાવ ભાવી વૈરવિરોધ ત્યજીને સારાય વિશ્વ પર સ્નેહ અને 'એ સુખી થાઓ, એમનું પરમહિત થાઓ' એવી ભાવના વારંવાર કરવાની. કરુણાભાવ ભાવી 'જગતના દુઃખી અને પાપી જીવોના દુઃખ દૂર થાઓ, એમને સદ્બુદ્ધિ, સન્મતિ મળો,' એ ભાવનાથી હૈયું ગદ્ગદ રાખવાનું. તેમ પ્રમોદ ભાવનાથી ઈર્ષ્યા-અસૂયા છોડી જ્યાં જ્યાં સારું તત્ત્વ, સારા ગુણો દેખાય ત્યાં ત્યાં હૈયું પુલકિત બને. ઉપેક્ષા ભાવનાથી બીજાના દોષમાત્ર પ્રત્યેથી નજર ઉઠાવી લેવાય, એમાં મનને જવા જ ન દેવાય.

(૩) ત્રીજું, દુઃખી જીવોના દુઃખ દૂર કરવાની પ્રવૃત્તિ, બીજાના હૃદયને આઘાત પહોંચે એવી કોઈ વાણી-વર્તાવ ન કરવા, સ્વાર્થની જ ધૂમ પ્રવૃત્તિને બદલે

પરોપકારની ભરપૂર પ્રવૃત્તિ, ચાહ્ય સારા શબ્દોથી, સેવાથી, દાનથી કે હિતકારી સલાહથી; જે જે રીતે શક્ય હોય એ રીતે. આ ઉપરાંત સદાચારો અને સદનુષ્ઠાનો; નિંદાદિત્યાગ; શિષ્ટ પ્રશંસા, સત્ય-નીતિભર્યું જીવન, ઇન્દ્રિય નિગ્રહનો પુરુષાર્થ,- આ બધું સદાચાર; તેમજ જિનભક્તિ, ગુરુસેવા ત્યાગ-તપસ્યા, વ્રત-નિયમો, જ્ઞાન-ધ્યાન વગેરે સદનુષ્ઠાનો;- આનાથી જીવન મઘમઘતું હોય.

આ દિશાનો પ્રયત્ન ચાલુ હોય તો હૃદય નિર્મળ થતું આવે, અનાદિનો કચડાયેલો અને પતિત બનેલો આત્મા ઉન્નત થતો આવે, અને મન પવિત્ર અને ઉદાત્ત વલણ લાગણી અને મનોરથોના સહજ સ્વભાવવાળું બનતું આવે. જડના વિકાસને બદલે પોતાના આત્માના વિકાસ ઉપર દૃષ્ટિ કેન્દ્રિત થાય, એની ખરી તમન્ના જાગે, તો આ બનવું-બનાવવું થશે.

**અનેક પ્રસંગોમાં બેને તક :-**

જીવનમાં એવા કેટલાય પ્રસંગો ઉપસ્થિત થાય છે કે જ્યાં બે તક છે, જડવિકાસની યા આત્મવિકાસની, કોઈ પ્રેમ કરતો આવ્યો અને સેવા માગે છે ત્યાં જડવિકાસના ભૂખ્યાને ઝટ પૌદ્‌ગલિક લાભ ખાટી લેવાનું મન થશે; ત્યારે આત્મવિકાસના અર્થીને નિસ્પૃહતા બતાવી, શક્ય હોય તો બીજાનું ભલું કરાવવાનું મન થશે. આવા તો કેઈ તફાવતો બને છે.

ધનકુમાર રાજપુત્રને સચેતન કરી આપવાનું ઈનામ જાત માટે કાંઈ જ ઇચ્છતો નથી, યાવત્ સજા માફ પણ નહિ. પરંતુ રાજા જ્યારે આગ્રહ કરે છે ત્યારે કહે છે કે 'તમે ચંડાળનો મનોરથ પૂરો,'- એ મને ઈષ્ટ છે, મારું ઇચ્છિત છે, આ એના આત્મવિકાસ પર, એની ઉત્તમતા આંકવા પર રાજાનું મગજ કામ નથી કરતું એને એમ થઈ જાય છે કે 'અહો ! આની કેવીક બડાઈ ! કેવીક મહામાનવતા ! આવા વિશુદ્ધ સત્ત્વને ધરનારો આ ચોરી જેવા અકાર્યને કરે નહિ.'

**સરળતામાં મોટાઈ :-**

અમુક સારા સત્કાર્ય, સારા બોલ અને સારા લક્ષણથી બીજા સારા ગુણોની કલ્પના થાય છે. ત્યાં પૂર્વે કલ્પેલી દુર્જનતા પછી ઉઠાવી લેવી પડે. દિલની સરળતા હોય તો જ આ બને. નહિતર તો એકવાર વાળેલી ગાંઠ છૂટવી મુશ્કેલ છે. પણ એ તો વિચારો કે અજ્ઞાનતા યા સંયોગવશ કરેલી કલ્પના ફેરવી નાખવામાં શું જાય ? એમાં શી નાનપ યા હલકાઈ છે ? ખરેખર જુઓ તો મોટાઈ છે. દુનિયામાં મોટા માણસોને આ સરળતા વરેલી હોય છે. સત્ય સ્થિતિ જાણવામાં આવતાં ક્ષમા માગતાં એમને વાર નથી લાગતી, દિલગીરી વ્યક્ત કરવામાં એ આંચકો નથી ખાતા. એનો સીધો લાભ એ કે હૃદય ફોરું ફૂલ બની જાય છે; અને સામાના દિલમાં ખૂબ પ્રેમથી જડાઈ જાય છે, તેમ એ પણ વસ્તુ



બને છે કે હવે સામા ગુણિયલની સાચી અનુમોદનાને જગા મળે છે, એનો લાભ ઉઠાવવાની તક મળે છે.

રાજા એટલે તો સત્તાધીશ. પરંતુ આ તો વિશેષમાં માનવ હૃદયને ધરનારો છે, તેથી ચકિત થાય છે કે 'આ નરરત્ન કોણ હશે !' આ ચમકારો કોણ કરાવે છે ? ધનકુમારનું રાજપુત્રને જીવતદાન, અને એના પર બદલામાં ચંડાળનો મનોરથ પૂરવાની માંગણી. બંનેય વસ્તુ કેટલી બધી મહાન છે ! આ એક માનવની કરણી છે હોં ! એ વાત ભૂલતા નહિ; કે જેથી આપણને પણ એમ થાય કે હું ય ક્યારે એ ઊંચી કક્ષાએ પહોંચી જાઉં ! એક અપકારી પર ઉપકાર, અને બીજું, ઉપકાર કરવા ઉપર બદલામાં પાછું બીજાના ભલાની માગણી ! ધનની જગાએ બીજો કોઈ સામાન્ય મનુષ્ય હોત તો એનું હૈયું શું કામ કરતું હોત ? પોતાને સામાએ મારી નખાવવાનો પેંતરો કર્યો છે, માટે હવે એનું કોઈ સંકટ હું શા માટે નિવારું-એમજ થાય ને ? કઠોરતા અને નિષ્ઠુરતા જ હૈયે રમતી હોય ને ? સામાન્ય જીવને આ સહજ હોય છે કે જ્યારે કોઈના તરફથી દુઃખમાં મૂકાઈ જાય ત્યારે એની પ્રત્યે એ કઠોર બની જાય છે.

**કોમળતા પ્રભુની જુઓ :-**

આપત્તિ ચીજ એવી છે. એમાંય કઠોરતા નહિ પણ કોમળતા બની રહે એ કોઈ વિરલાને, કોઈ મહાભાગ્યવાનને ! પરંતુ સર્વ જીવોની કરુણતાવાળા તીર્થંકર ભગવાન અને એમના માર્ગને માથે ધરનાર જરાક વિચાર કરે તો આ કોમળતા ધરવાનું જ કર્તવ્ય સમજશે. જો આ ન સમજાય તો ભગવાનને આપણે શું સમજ્યા ? તીર્થંકર બન્યા પછીની વાત તો જુદી, પણ બનવા પહેલાં તીર્થંકરપણાનું પુણ્ય ઉપાર્જવામાં આ કારણ છે કે એમણે ઉપકારી-અપકારીનો કોઈ ભેદ પાડ્યા વિના જગતના જીવમાત્રને કેમ બચાવી લઉં એવી કરુણા ભાવના ભાવી; દિલને એટલું બધું કોમળ અને ઉલ્લસિત વીર્યવાળું બનાવી દીધું ! એમને તરણતારણ માનીએ છીએ, એમના દેવાધિદેવત્વ ઉપર આકર્ષિત થઈએ છીએ, પણ એમની કોમળતાનો આપણે ખપ નથી, એ કેટલું અજુગતું ! અલબત્ત એટલી ઊંચી કરુણાએ એકદમ ન પહોંચી શકીએ, પરંતુ એનો થોડોય ખપ કર્યા વિના, આગળ ક્યાંથી વધી શકાવાનું હતું ?

ધનકુમાર જરાય નિષ્ઠુર નથી થતો, રાજાએ પોતાને ગમે તે કર્યું, ભારે વધની સજા કરી, પરંતુ પોતે કોમળતા રાખી રાજપુત્રને જીવાડી દે છે; ઉપરાંત ઈનામમાં ચંડાળનું ભલું કરો એ માગે છે. રાજા હવે જેમ જેમ ધનનું આ નૂર નિહાળતો જાય છે, તેમ તેમ ચકિત થતો જાય છે. એને એમ થાય છે કે 'મેં આને

કઈ સ્થિતિમાં મૂક્યો હતો, અને આ શું કરી રહ્યો છે ! કેવી આની મહત્તા ! કેવુંક વિશુદ્ધ સત્ત્વ ! આવો વિશુદ્ધ સત્ત્વવાળો પુરુષ અકાર્ય ન કરે. ત્યારે આ કોણ હશે ?' ધનના ઉદાર ચરિત ઉપર રાજાના ભાવ ઊંચા થતા જાય છે. એકના ઉમદા ચારિત્રની બીજા પર છાયા પડે છે. ગુણોની કેવી સુંદર પ્રભાવના !

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૮,અંક-૩૬,તા.૨૮-૫-૧૯૬૦

**રાજા ચંડાળનું ઇચ્છિત પૂછે છે :-**

રાજાને જિજ્ઞાસા થાય છે કે 'આ નરરત્ન કોણ હશે ?' પરંતુ પાછો વિચાર આવે છે કે 'એનાં નામઠામ પૂછું એ પહેલાં એનું ઇચ્છિત પૂરવા દે, પછી પૂછીશ.' વાત પણ ઠીક છે, તરસ્યાને પાણી પાયા પહેલાં 'તમો કોણ છો ? તમારું નામ શું ? ક્યાં રહો છો ?'...વગેરે પૂછવું બેહુદું છે. અહીં ચંડાળનું ઇચ્છિત પૂરવું એ ધનનું ઇચ્છિત છે, તેથી રાજા પ્રતિહારીને તરત હુકમ કરે છે કે

'ચંડાળને બોલાવ, અને પૂછ કે એનો શો મનોરથ છે ?'

પ્રતિહારી એ સાંભળી 'અરે ખંગિલ ! ઊઠ ઊઠ, આજ મહારાજા તારા પર તુષ્ટમાન થયા છે, અથવા માન કે રાજપુત્રને જીવિતદાન કરનાર નરેન્દ્ર ચૂડામણિ તારા પર રીઝી ગયા છે. તો બોલ તારું શું ઇચ્છિત કરાવવું છે ?'

**કેટલી સજ્જનતા ? :-**

ચંડાળે મહાસજ્જનતા તો પેલામાં પહેલેથી જોઈ છે, ને તેમાં આ મળ્યું કે એને પોતાને કાંઈ જોઈતું નથી, પરંતુ મારો મનોરથ પૂરાવવો છે ! વાહ ? કેવીક ઉત્તમતા ! સજ્જનના ગંભીર ચરિતનું માપ કાઢી શકાતું નથી, મહાનુભાવતાના વિષયની મર્યાદા નથી કે ક્યાં સુધીની પરાર્થ સાધના એ કર્યે જાય.

- મરવાની હિંમત !
- મરાવનાર રાજા પ્રત્યે જરાય દ્વેષ નહિ !
- અપકારી પર ઉપકાર !
- મહાપરોપકાર પર નિઃસ્વાર્થભાવ,

.... કેટકેટલી સજ્જનતાના આવિષ્કરણ ! આ માટેનો આપણો પ્રયત્ન નહિ હોય. અરે ! એ તરફની જો વિચારણા સરખી નહિ, તો જીવનમાં ભૂલો કેટલી થવાનો સંભવ ? કેટલો સંભવ ? પણ પોતાની ભૂલો સમજાવાની નથી જો હૃદયની વિચારણા નહિ હોય, ભૂલો પારાવાર થાય છે પણ ઠાંસમાં દોડ્યા જઈએ છીએ; અને પુણ્યના યોગે નતીજો અહીં દેખાતો નથી; પણ પરિણામ વિચારવા



જેવું છે.

ચંડાળ વિચારે છે એનું સચ્ચરિત્ર; 'એનું હું શું મૂલ્ય આંકું ?' ખરી વાત છે ! આત્માની ખીલેલી મહાનુભાવતાનો કોઈ અવિષય નથી. કલ્પનામાં ન બેસે તેવા સત્કાર્ય એ કરી શકે છે ! મનમાં વિચારીને પૂછે છે :-

'હે ભદ્ર ! પહેલાં એ તો કહે કે શું એ નરેન્દ્ર ચૂડામણિને રાજાએ માફી આપી કે નહિ ?'

'એમાં શું પૂછવાનું ? રાજપુત્રને એણે જીવાડ્યો એટલે તો મહારાજા ઘણા ભાર નીચે દબાયા ! ને સ્વામી આપણા કૃતજ્ઞ પુરુષોમાં શિરોમણિ છે, તો ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા તો દાખવશે જ. એ તો થઈ જ ગયું સમજ. પણ હવે તારું ઇચ્છિત બોલ !' ચંડાળ ઇચ્છિત કહે છે ! શું છે ઇચ્છિત, ખબર છે ? 'રાજા રિઝ્યો છે, માટે લાવ ગામ માગી લઉં,' એ નહિ, તો ધનને પણ એ કલ્પના નથી. પરંતુ ધને એની શ્રાવક સાથે મિત્રાચારી અને ચંડાળગીરીના ધંધા પ્રત્યે નફરત જાણી છે તેથી એનું હાર્દિક ઇચ્છિત એ ધંધાના ત્યાગ માટેનું સમજ્યો છે. હવે મોકો આવ્યો છે તો એના એ મનોરથ પૂર્ણ કરવાની માગણી કરે છે.

**ચંડાળનું ભવ્ય ઇચ્છિત :-**

ચંડાળ પ્રતિહારીને કહે છે, 'જો મારું ઇચ્છિત પૂરવાનું છે તો મહારાજા મહેરબાની કરે અને અમને આ ધંધામાંથી છોડાવે. આ ડાહ્યા માણસોથી નિંદાયેલા અને આલોકપરલોક વિરુદ્ધ ધંધાથી અમે કંટાળી ગયા છીએ; એનાથી છૂટવા ઈચ્છીએ છીએ.'

પ્રતિહારી આવી માંગણી જાણી કહે છે 'અરે ભલા ! કાંઈ પૈસા-ટકા માગી લે. આવું શું માગે છે ?' પ્રતિહારીની બિચારાની પહોંચ એટલી છે, એટલે એને એમ લાગે છે કે 'ધંધો તો ગમે તે કરાય; એનો છૂટકારો ન મંગાય. પણ માગ્યું મળતું હોય તો માલમિલકત માગી લેવી, નહિતર ભૂખે મરવાનો પ્રસંગ આવે. શું આપણે એ ધંધો છોડી દઈએ એટલે કાર્ય બંધ થવાનું છે ? ના, રાજાને તો આપણે નહિ તો આપણો ભાઈ બીજો મળી જ રહેવાનો છે.' આ સમજથી એ ચંડાળને કહે છે, 'કાંઈ પૈસા-ટકા માગી લે.'

ત્યારે ચંડાળ જવાબ દે છે, 'અરે ગાંડા આનાથી વધીને કોઈ પૈસા છે ? ખરેખરા પૈસા આ જ છે.'

**તમન્ના પૈસાની કે પાપથી છૂટકારાની ? :-**

જાતનો ચંડાળ, એનું હૈયું કેવું ? હૈયે શું વસ્યું હશે ? તમે વાતવાતમાં પૈસાની વાત કરો છો ને ? કયા પૈસા ? માટીના કૂકા. તમારી દૃષ્ટિમાં માટીના

પૈસાની વાત છે, ને આ ચંડાળની નજરમાં પાપ ધંધાના ત્યાગરૂપી પૈસાની વાત છે. જન્મનો ચંડાળ, કામગીરી ચંડાળની, તેને ધગશ શાની ? પાપથી છૂટકારાની ! હૈયાનું માપ નીકળે છે કે કેટલું એ આર્યત્વથી પરિણત બન્યું હશે ! આર્યનું આર્યત્વ આ છે કે એને પુણ્ય-પાપના હિસાબ મુખ્ય હોય. અર્થ-કામનાં લેખાં તો અનાર્ય મુખ્ય કરે. મને કેમ સારા પૈસા મળી જાય એટલું જ જોવાનું એને હોય, ત્યારે ખરો આર્ય પહેલું આ જુએ કે પાપથી કેમ બચું. ખાન-પાન, ધંધા-ધાપા, વગેરે બધાં જ પાપથી બચવાનું એ શોધતો હોય. ચંડાળને કાંઈ ભૂખનું દુઃખ નહોતું, ઊલટું રાજાની આ કામગીરી મૂકી દે તો વર્ષાસન બંધ થવાનો સંભવ છે. છતાં વધ કરવાના પાપથી છૂટકારાને એ ઝંખે છે. કેમકે પરલોક દૃષ્ટિ અને દયા એના હૃદયે વસેલા છે. એકલા પૈસા અને એનો ભોગવટો હૈયે નથી વસ્યો. **પરલોક દૃષ્ટિ આ જાગ્રતિ રખાવે છે કે પાપથી બચું.**

દુઃખથી બચવા તો સૌ ફાંફાં મારે છે, પરંતુ દુઃખનાં કારણભૂત પાપથી ખાસ બચવાને બદલે એનો આદર કરે છે. કહ્યું છે,

**धर्मस्य फलमिच्छन्ति, धर्मं नेच्छन्ति मानवाः ।**
**फलं पापस्य नेच्छन्ति, पापं कुर्वन्ति सादराः ॥**

-માણસો ધર્મનું ફળ જે સુખસમૃદ્ધિ, તે ઈચ્છે છે પરંતુ ધર્મ નથી ઈચ્છતા. ત્યારે એમને પાપનાં ફળ જે દુઃખ, તે નથી જોઈતાં, છતાં પાપ આદર-હોંશ સાથે કરે છે. આ કેવો ન્યાય કે સુખ જોઈએ છે, દુઃખ નથી જોઈતું, પરંતુ સુખને લાવી આપનાર ધર્મનો ખપ નથી, અને દુઃખને તાણી લાવનાર પાપ ખપે છે ? ધર્મ કરવો નથી અને પાપથી બચવું નથી ! આ કયું શાણપણ ? સુખની જરૂર છે, સુખના સાધનભૂત ધર્મનો ખપ નથી ! દુઃખ નથી જોઈતું, પણ દુઃખ લાવનાર પાપ જોઈએ છે ! વાહ ! કઈ બુદ્ધિ !

ખરી વાત એ લાગે છે કે **'सुखं धर्माद्, दुःखं पापात्'**- 'સુખ ધર્મથી અને દુઃખ પાપથી,'- એ શ્રદ્ધા ક્યાં જોરદાર છે ? હૃદયમાં આંતરનાદ ગુંજતો જોઈએ કે **'દુઃખ પાપથી જ, પાપથી દુઃખ જ.'** આ હોય તો જેમ દુઃખ સહેજે નથી ગમતું, એમ પાપ પણ સહેજે ન ગમે; બને તેટલો પાપથી છૂટકારો મેળવવા તલસે, અને છૂટવાની ત્રેવડમાં હોય. આર્યત્વના શ્વાસોચ્છ્વાસ શેને કહેતા હશે ? પાપથી છૂટકારો લેવાની તમન્નાના ધબકારા ચાલતા હોય.

**જમરાજ પૈસાથી રીઝતો નથી :-**

ચંડાળને પાપ નથી જોઈતું, તેથી પેલો રાજાનો માણસ જે સલાહ આપી રહ્યો છે કે 'આ શું માગ્યું ? પૈસાટકા માગી લે,' એને કહી દે છે, 'ભલા



માણસ ! આનાથી વધીને કોઈ પૈસા છે ? ખરા પૈસા જ આ છે.' પાપથી છૂટ્યા એ ખરી સંપત્તિ મેળવી. કોરા પૈસાની શી કિંમત છે ? જમરાજ પૈસાથી રીઝતો નથી; પૈસા હોય તેથી કાંઈ છોડતો નથી; અને દુર્ગતિના પારલૌકિક દુઃખ મીટતા નથી. પણ જો પાપ ઓછાં કરી નાખ્યાં હોય તો ? તો એ જરૂર મીટે છે.

માણસ ચકિત થઈ જાય છે કે 'કેવુંક સત્ત્વ ! રાજા જેવો રાજા માગે તે આપવા તૈયાર થયો છે, છતાં આ ચંડાળ એક માત્ર પાપ ધંધાનો ત્યાગ માગી લે છે !' એ તો દોડ્યો રાજા પાસે, અને ચંડાળની ઈચ્છા રાજાને જણાવી.

રાજા ધનકુમારની વિશિષ્ટતાથી તો મુગ્ધ થઈ ગયો હતો જ, એમાં વળી ચંડાળની આ માગણી સાંભળી એનીય વિશેષતા પર ઓવારી જાય છે. મોંમાંથી ઉદ્ગાર સરી પડે છે, 'અહો, એનો વિવેક ! અહો એની નિર્લોભતા !'

ધન કહે છે, 'મહારાજ ! એ તો માત્ર જન્મનો ચંડાળ, બાકી તો એ મહાનુભાવ છે. માટે એના મનનો મનોરથ પૂરો.'

રાજા કહે છે, ભદ્ર ! એ તો કર્યું જ, આજથી એ આ ધંધામાંથી છૂટો. ઉપરાંત એને લાખ સોનામહોરોનું ઈનામ, તે તું જા તારા હાથે જ એને આપી દે; અને કહે કે ચંડાળના એક હજાર કુટુંબો વસી શકે એવો નગરનો વિન્ધ્યવાસી પશ્ચિમ ભાગ પણ હું ઈનામમાં આપું છું.'

ધન કહે છે, 'દેવ ! જેવી આજ્ઞા' ત્યાં રાજાના ભંડારીએ લાખ સોનામહોરની થેલી હાજર કરી અને ધને જઈને તે ચંડાળને આપી અને રાજાના બોલ સંભળાવ્યા. ધનને અભયદાન અને પોતાને મનુષ્ય વધ કરવાના ક્રૂર કૃત્યમાંથી છૂટકારો મળવા પર ચંડાળ ખુશી ખુશી થઈ ગયો એટલો બીજું મળવા પર નહિ. ધનને પણ ભારે પ્રમોદ થયો.

**પર હિતકારી જીવનના પરિણામ** જુઓ કે રાજપુત્ર બચી જાય છે, ધન બચી જાય છે, અને ચંડાળ ચંડાળગીરીથી મુક્ત થાય છે, ત્યારે રાજા સુદ્ધાં સજ્જન ચરિત્ર પર ઓવારી જાય છે. સ્વહિત યાને સ્વાર્થ સાધના તો સૌ કોઈ કરે છે, પરંતુ એની બલિહારી નથી ગણાતી. ત્યારે પરહિત સાધનાની બલિહારી ગણાય છે. ખૂબી તો જોવાની એ છે કે કેવા સંયોગ, કેવી પરિસ્થિતિની વચમાં ધનકુમાર પરહિત સાધના કરી રહ્યો છે ! હૈયું સ્વાર્થને ભૂલી પરના અર્થ સાધવા માટે કેવું ઈચ્છુક બન્યું રહેતું હશે ! તો જ પ્રસંગ મળતાં ઝટ પરનું ભલું કરવા તૈયાર થવાય છે. એ તો નિયમ છે ને કે જેના બહુ ઈચ્છુક, તેનો પ્રસંગ આવી મળતાં મન-વચન-કાયા એ દિશામાં દોડે છે ? અર્થકામના ઈચ્છુકને અવસર મળતાં અર્થ-કામની વિચારણા વાણી અને વર્તાવ વિકસવા માંડે છે. એવું જ સ્વાર્થના રસિયાને

સ્વાર્થની વિચારણા વગેરે ઊલસવા માંડે છે. એ પરથી ફલિત થાય છે કે પરહિતની વિચારણા-વાણી-વર્તાવને અવસરે અવસરે દોડતાં કરવા હોય તો પરહિતના ઇચ્છુક બનો, પરહિતના રસિયા બનો. 'રસિયા' એટલે સમજો છો ને ? રસવાળા; ત્યારે **જેને જેનાં રસ, એને એમાં મન-વચન-કાયા, પલોટાઈ જતાં વાર નહિ.** પરહિતમાં એવો રસ ઊભો થઈ જાય, પછી પ્રવૃત્તિ તો કાંઈ જ કઠિન નથી.

**પરહિતમાં સ્વાર્થ શી રીતે ? :-**

વાત એ છે કે અનંતાનંત કાળથી જીવે સ્વાર્થમાં રસ રાખ્યા હોય ત્યાં પરાર્થમાં-પરહિતમાં રસ કેવી રીતે જાગે ? પરંતુ જો એ જોતાં આવડે કે પરહિત સાધવામાં આપણો સ્વાર્થ ભરેલો છે, આપણું મહાન હિત ભર્યું છે, તો પરહિતમાં રસ કેમ ન જાગે ? ત્યારે પૂછો કે,

**પ્ર.**- આપણું મહાન હિત શું છે ? સ્વાર્થ શો છે ?

**ઉ.**- આનો જવાબ સમજવા માટે એ વિચારો કે તમે જેને સ્વાર્થ સમજો છો એ પૈસા ટકા, માનપાન વગેરે મળતાં શું થાય છે ? મનને મહાન આહ્લાદ. જ્યાં એવો આહ્લાદ નથી થતો ત્યાં હૈયાને લાગે છે કે હજી કાંઈ ખાસ સ્વાર્થ સધાયો નથી. પૈસા સારા મળ્યા પણ શરીર સારું રહેતું નથી, કે પત્ની બિમાર રહ્યા કરે છે તો એ પૈસા એટલો આહ્લાદ નથી આપી શકતા. તો એમ નથી લાગતું કે સારો સ્વાર્થ સધાયો એમાં, સ્વાર્થના રસનો આધાર આહ્લાદ મળવા પર છે, એ નિષ્કર્ષ નીકળે છે ? હવે જો પરહિતમાં એવો કોઈ આહ્લાદ દેખાય તો એનો રસ કેમ ન જામે ? ખવરાવીને રાજી થનારમાં આ જોવા મળે છે. એવા દાનવીરો હોય છે કે જેને હજારો કે લાખો મળ્યાનો જે આનંદ નથી થતો એ દાન કરીને થાય છે. માત્ર આનો અનુભવ કરીને જોવાની જરૂર છે કે પરહિત સાધવામાં કેવો મજેનો આનંદ છે. એ આનંદ એ મહાન સ્વાર્થ છે,

**પર-હિતમાં સ્વાર્થ સિદ્ધિ :-**

બીજાનું ભલું કરતાં, બીજાની સેવા કરતાં, આ વિચારો કે હું આ બીજાના ભલામાં મારું જ ભલું કરી રહ્યો છું, કેમકે આ પરહિતની પ્રવૃત્તિ મારા મનને પરમ આહ્લાદ આપી રહી છે; અને એ મારો અંતિમ સ્વાર્થ છે. પૈસા પરિવાર, પ્રતિષ્ઠા બધું સ્વાર્થ ખરું, પરંતુ તે મનને આહ્લાદ થાય તો, એટલે, પરહિત સાધતાં મન એ તોષ અનુભવે કે વાહ કેવો સરસ મોકો મળ્યો ! જાતે ખાઈ જાત તો એનો આનંદ ત્યાં જ પૂરો થઈ જાત, ત્યારે પરને ખવરાવ્યું એ ચિરકાળ યાદ આવી-આવીને મનને આનંદ આપી રહ્યું છે. જાતે ઠર્યાનું ભૂલી જવાય છે; બીજાને ઠાર્યાની વારંવાર અનુમોદના થાય છે; મનને એમ થયા કરે છે કે પેલું કામ સુંદર



થઈ ગયું. આ શું ? એ જ કે મનને થતો પરમ આહ્લાદ રૂપી સ્વાર્થ. તો કહો પરહિતમાં આ સ્વાર્થ નજરે તો પરહિત સાધવાનો રસ કેમ ન રહે ?

યાત્રાએ ગયાં, ત્યાં બીજા-ત્રીજા ખર્ચ કરી તત્કાળ આનંદ મેળવ્યો, પરંતુ સાથે જે તીર્થભક્તિ, જિનભક્તિ, સંઘભક્તિ વગેરે કરી, એમાં ધન ખર્ચ્યું, પ્રભુની પહેલી પૂજા વગેરેનો લહાવો લીધો, સાધર્મિક ભક્તિ, દીનદુઃખીની દયા કરી, એ આનંદની સ્મૃતિ ચિરકાળ સુધી થાય છે. 'આવું સારું ખાધું-પીધું-લહેર કરી હતી' એ કાંઈ વારે વારે નથી થતું, પરંતુ આ જરૂર થાય છે કે 'કેવી સરસ સંઘ ભક્તિ, દીનદયા વગેરે થઈ ગયા ! તો પછી આવા ચિરકાળ સુધી વારંવાર આહ્લાદ આપે એવી પરહિત સાધનામાં ક્યાં ઓછો સ્વાર્થ રહ્યો ? માટે આ જુઓ કે 'પરહિત કરવામાં હું બીજાનું શું, ખરેખર તો મારું જ ભલું કરી રહ્યો છું. પરમ આહ્લાદ રૂપી મારું જ હિત સાધી રહ્યો છું.

**પરહિતમાં આનંદ ક્યારે થાય ? :-**

છોકરો ખાય છે ને લોહી માતાનું વધે છે ને ? પત્નીને ઘરેણાં કરાવી આપી તમે ખુશી થાઓ છો ને ? કેમ ભાઈ એમ ? બીજાનું કરોને તમને આનંદ શાથી ? તમારું કરોને તમને આનંદ થાય, પણ બીજાનું કરીને ખુશી ? હા, બીજા પર પ્રેમ છે, તો એનું સારું કરીને આનંદ આપણને થાય છે. બસ આ રીતે જ આખા જગત પર પ્રેમ કેળવો, મૈત્રી ભાવ ઊભો કરો, તો એનું ભલું કરીને આનંદ તમને થશે. અને ધ્યાન રાખજો કે આ આનંદ મામુલી નથી, ક્ષણિક નથી, મહા આનંદ છે, પાછો એ ચિરસ્થાયી છે. પાછળથી જાત પર દુઃખ આપત્તિ આવશે તો પણ ત્યાં આટલું થયા કરશે કે 'ગમે તેમ પણ સારા સમયમાં પેલું સુકૃત સારું થઈ ગયું.' ત્યાં એમ નહિ થાય કે 'અત્યારે ગમે તે થયું પરંતુ પહેલાં સારું સારું ખાઈ પી લીધું' આ આનંદ નહિ થાય.

માટે કહેવાનો સાર આ છે કે સ્વાર્થને ગૌણ કરી પરનું હિત સાધતાં રહેવું જોઈએ. હૃદયમાં નિરંતર એ ભાવના રમ્યા કરે કે 'પરનું હિત કેમ થાય, સૌનું ભલું થાઓ, હું બીજાનું ભલું કરું !'

**પરહિતચિંતાના બે મોટા લાભ :-**

**બીજાના હિતની ચિંતા તો એવી અદ્ભુત ચીજ છે કે એમાંથી જીવનના કેઈ સંકટો દૂર થઈ જાય છે, અને આત્માના કેઈ દોષો ભાગી જાય છે.**

**પરહિતચિંતાથી સંકટો દૂર થવાનું કારણ** એ છે કે પરના હિતની સાચી ભાવનાથી આત્મામાં વિશિષ્ટ કોટિનું ભાગ્ય સર્જાય છે, તે અંતરાયોને દૂર કરી દે છે. પોતે રોગી છે પણ જો એ ચિંતવવા માંડ્યું કે 'અહો ! જો મને આ રોગ ત્રાહિ

ત્રાહિ કરી નાખે છે તો આનાથી ય ભયંકર અને અનેક રોગોથી ઘેરાયેલાની કઈ દશા, કેવી કારમી પીડાઓ હશે ? માટે હું તો ઈચ્છું છું કે મારું પછી, પણ પહેલાં બીજાઓ રોગ મુક્ત થાઓ. જગતમાં સૌ નિરોગી થાઓ, સુખી થાઓ, સૌનું કલ્યાણ થાઓ, સૌને સદ્‌બુદ્ધિ મળો.' વગેરે ભાવના ભાવવા માંડે તો એ ભાવના તો પ્રબળ પ્રતિપક્ષીની પ્રતિપક્ષી એટલે જે અશુભ ભાવનાથી પોતે રોગ પામે એવાં કર્મ બાંધ્યા હતા, તેના કરતાં વિપરીત શુભ ભાવના સર્વના નિરોગીપણાની ભાવના આવી છે, પછી એ પેલા અશુભ કર્મને કેમ ન દબાવે ? શાસ્ત્રકારો આ નિયમ આપે છે કે પ્રતિપક્ષી ભાવનાથી કર્મનો હ્રાસ થતો આવે છે. દુનિયામાં ય દેખો છોને કે જે કારણે શરદી લાગી તેના પ્રતિપક્ષી કારણ સેવો તો એ મટતી આવે ? એટલે વાત આ આવી કે નિરોગી થવું હોય, રોગ મિટાવવા હોય, તો સર્વનું આરોગ્ય ઈચ્છો. એમ પોતાના બીજા પણ સંકટ ટાળવા હોય તો 'સૌનાં સંકટ ટળો, સૌનું ભલું થાઓ...' એ ભાવના ભાવો; ખૂબ ભાવો.

(૨) ત્યારે, **પરહિતચિંતાથી સ્વાત્માના કેઈ ઈર્ષ્યાદિ દોષ ટાળવાનું કારણ** એ છે કે તમે જ્યારે બીજાનું ભલું થવાનું ખરેખર ઈચ્છી રહ્યા છો ત્યારે એના પર ઈર્ષ્યા સહેજે નહિ થાય, શું કામ થાય ? જેનું સારું થવાનું ઈચ્છો છો એ કેમ મારા કરતાં આગળ વધી ગયો એવું થોડું જ થાય ? ને એવું જો થાય તો એનું સારું શું ઈચ્છ્યું ? 'સારું થાઓ' એટલે પછી તો એનું સારું શું ઈચ્છ્યું ? 'સારું થાઓ' એટલે પછી તો ઠેઠ સુધી સારું થવાની ભાવના રહેવાની માટે હવે એના પર ઈર્ષ્યા થવાને અવકાશ નથી એમ બીજાનું ભલું વાંછ્યું એટલે ક્ષુદ્રતા, અગંભીરતા, અસહિષ્ણુતા, વગેરે શું કામ થાય ? ત્યારે બીજાની સામે અનીતિ, માયા, અસત્ય વગેરે રમવાનું પણ મન કેમ થાય ? કેમકે એ બધા દુર્ગુણોથી તો બીજાને નુકસાન થાય છે, અને આપણે તો એનું ભલું ચાહી રહ્યા છીએ. એક પ્રશ્ન થાય છે.

**પ્ર.**- બીજાનું ભલું ચાહીએ તેથી પોતાની ખાનપાનાદિ-લંપટતા ઓછી થાય ?

**ઉ.**- હા, સંભવ છે સૌ કોઈનું ભલું થાઓ એ ભાવનાનો સ્વાદ એવો છે કે બીજા વૈષયિક સ્વાદ ઓછા થઈ જવાને અવકાશ છે, પણ એ ભાવનાના સ્વાદનો અનુભવ ઊભો કરવો જોઈએ, બીજું એ પણ છે કે પોતે જે ખાનપાનાદિ કરી રહ્યો છે, કે લક્ષ્મી રાખી રહ્યો છે, એના અભાવે તો જગતમાં કેઈ જીવો પીડાય છે; હવે જો એ જીવો પર મૈત્રીભાવ છે, સ્નેહ છે, એનું ભલું થવાની ભાવના છે, તો એ દુઃખી સાધનહીન જીવોના ટળવળાટ આગળ પોતાનાં ખાનપાનાદિ કે લક્ષ્મીના સ્વાદ શાના લાગે ? અંતરમાં સાચી પરહિત-ચિંતા, પરહિતની અભિલાષા જામવી જોઈએ. પાછી એ વારંવાર સ્ફૂરવી જોઈએ. એના અલૌકિક



લાભ છે.

**તિરસ્કાર, ઈર્ષ્યા વગેરે શાથી ? :-**

આજે આ ભાવના ભૂલાઈ ગઈ દેખાય છે. તેથી માંહો માંહે તિરસ્કાર, અદેખાઈ, અવગણના, વગેરે કરવાનું સહેલું થઈ ગયું છે. કોઈ કોઈનું સહન નથી કરી શકતું. પતિ પોતે સગી પત્નીનુંય સહન નથી કરી શકતો, અને પુત્ર ઉપકારી પિતાનુંય પણ નહિ. એમ શ્રાવક સાધર્મિકનું અને સાધુ સાધુનું સહન ન કરી શકતા હોય, અપમાન-અનાદર કરતા હોય, નિંદા-તુચ્છકાર કરતા હોય તો એની પાછળ આ કારણ છે કે બીજાનું હિત ઈચ્છવાનું ભૂલાઈ ગયું છે, પરહિતની જાગતી અભિલાષા રહેતી નથી એટલે બખેડા જાગે છે. ધર્મના પાયામાં મૈત્રી આદિ ભાવના કહી છે તે ભૂલશો નહિ. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાની સાથે મૈત્રી આદિ ભાવનાઓ જોઈશે. દાન-શીલ-તપ પ્રભુભક્તિ-સામાયિક વગેરે બધાની સાથે આ જોઈશે. તો જ ધર્મનું સ્વરૂપ નિષ્પન્ન થશે.

બીજાનું ભલું કરવાની ભાવનામાં ધને રાજપુત્રને જીવાડ્યો; તેથી ખુશ થયેલો રાજા કહે છે 'માગ, તું જે માગે તે હું આપું'

તેણે શું માગ્યું ? ચંડાળના મનનું ઈચ્છિત પૂરો.

'અરે બીજું માગો ને !'

બસ ! મારે એજ ઈચ્છિત છે !'

ચંડાળને પૂછ્યું શું જોઈએ તારે ?

મારે ચંડાળપણું ન જોઈએ !'

આજુ બાજુના વાતાવરણની કેવી ખુશબો પથરાય છે. આ ચંડાળ ચંડાળગીરી આજીવિકા છોડવા તૈયાર થયેલ અને તે રાજાએ છોડાવ્યું. તેની સાથે લાખ સોનામહોર અને ઠકરાઈ પણ આપી.

**રાજાને ધનકુમારની ઓળખ :-**

રાજા હવે ધનકુમારની સરભરા કરીને કહે છે, મહાનુભાવ ! આ તારા વ્યવસાયથી જ સમજાઈ ગયું છે કે તું ઉત્તમ કુળમાં જન્મ્યો છે. હું તને મારવા તૈયાર હતો ત્યારે તું મારા પુત્રને નિસ્પૃહતાથી જીવાડે છે. તારો પરમાર્થનો વ્યવસાય ગજબનો છે. એથી મને લાગે છે કે તું કોઈ ઉત્તમ કુળને શોભાવી રહ્યો છે તો મને કાંઈ તારું નામ-ઠામ આપીશ ?

રાજાના શબ્દોએ ધનકુમારનું હૈયું હચમચાવી મૂક્યું. હીરાની કંઠી પારકી છતાં મેં ઉપાડી; અને રાજા કહે છે તારો જન્મ સુકુળમાં. વાહ મારો સુકુળ જન્મ ! યાદ આવતાં દીર્ઘ નિસાસો નાખે છે અને લજ્જાથી મોં નીચું પડી જાય

છે. રાજાએ કરેલી પ્રશંસા કે પોતે કરેલો મહાન ઉપકાર યાદ નથી આવતો ચોરી યાદ આવે છે !

ભવસાગરમાં ભમતાં અનંતકાળથી દોષ અને દુર્ગુણમાં સબડતા કેટલા અને બહાર આવેલા કેટલા ? વિકાસ અને સજ્જનતાને પામ્યા હો એને માપવાનું આ બેરોમિટર છે કે આપણું સારું કરેલું ભૂલી જવાય. અને આપણી નરસી વાતો આંખ સામે તરવરે. કોઈ યુનિવર્સિટી નથી કે તમને પાસ કરી કહે તમે ચોથા ગુણસ્થાનક-ના માલિક, છઠ્ઠા ના માલિક; ઘરબાર છોડીએ સાધુનો વેષ લઈએ છતાં છઠ્ઠું ગુણ સ્થાનક પાસનો નિયમ નથી. આપણું લાખો રૂા. નું સારું કરેલું કામ યાદ ન રહે, ને નરસું થયેલું નાનું પણ કાર્ય યાદ આવે, તો ઊંચા ગુણ સ્થાનકનું પાસીંગ મળે છે, એથી ઊલટું હોય તો નહિ.

**સારું કર્યાની બડાઈ અને નરસું કર્યાનું છારણ તો ગુણસ્થાનકથી હેઠા ઉતારે છે.** માણસ કપડું ઊજળું કરવા એ ધૂવે, ધોળું થયું એ નથી જોતો, પણ હજુ ડાઘ છે, મેલ છે, એ જુએ છે, અને સાબુ લગાવે રાખે છે. કપડું ઊજળું કરવામાં આ જુએ છે, તો આત્માને ઊજળો કરવો હોય તો શું જુએ ? હું તો રોજ પૂજા એકાદ સામાયિક, તિથિએ તપ કરું છું અને બે પૈસા દાન પણ કરું છું એ ?

પ્ર.- તમે જ કહો ને કે શાસ્ત્રમાં સુકૃતની અનુમોદના ક્યાં નથી લખી ?

ઉ.- તમને ખબર છે કે પહેલાં નંબરની સુકૃત અનુમોદના કઈ છે ? અરિહંતદેવથી માંડીને માર્ગાનુસારીના માર્ગ સન્મુખ ગુણ સુધીની અનુમોદના બતાવી, નહીં કે બડાઈ હાંકવાની ! બહુ નરવસ-નિરાશ ન થાઓ માટે પોતાનું સુકૃત યાદ કરવાનું. અહીંના જીવનમાં પાંચ યાત્રા, નવપદની નવ ઓળી થઈ, હવે બાકીનું જીવનધન તણાઈ રહ્યું છે એની ચિંતા ? ભારોભાર તો તણાઈ જ રહ્યું છે, છતાં ફૂલણજી ફૂલી-ફૂલીને ફાળકો થાય છે ! મેં તો આવી તપશ્ચર્યા કરી, વગેરેનો ફૂલણજી થાય તો સારું ઈનામ બાજુએ રહે ! મરીચિના મદની જેમ નીચ ગોત્રનું ઈનામ થાય ! અરિહંત પરમાત્મા, શાસનનાયક આચાર્ય, ઉપાધ્યાય, અને મહાત્મા-સાધુ વગેરેના સુકૃતો અને ગુણોની અનુમોદના એ સુકૃત અનુમોદના છે; જાતની વાહવાહ નહિ. ધનને ચંડાળ મારવા ઉઠ્યો પણ તલવાર નથી ચાલતી તો કહે છે. "લગાવી દે !" આવું યાદ નથી. અને રાજા સુકુલ જન્મ કહે છે ત્યાં "પારકી હીરાની કંઠી લેનારો હું," એ યાદ આવે છે. એના પર ઊંચી સજ્જનતાનો ખ્યાલ કરવાનો છે.

ધનકુમાર રાજાને કહે છે, 'દેવ ! અકાર્ય કરનારનો વળી વ્યવસાય કેવો ? એમાં સુકુળનો વાંક પણ શો ? સરોવરમાં કમળ થાય, તેમ કીડા ક્યાં નથી



થતા ?' બોલતાં નિસાસો પડે છે જે જીવન પામ્યા પછી એકલા પરોપકાર વગેરે ઉત્તમ કાર્ય કરવાના, એને બદલે અધમ કાર્ય કર્યું એ બદલ ભારે પશ્ચાત્તાપ થાય છે ! 'શું, મારો વ્યવસાય પૂછો છો ? હલકા માટે શું પૂછવાનું ? એ કહે છે, 'વણિક છું માત્ર જન્મથી, આચારથી નહિ. સુશર્મ નગરમાં રહું છું. ધન મારું નામ છે.'

રાજાને થાય છે, 'અહો ! મારું સદ્‌ભાગ્ય કે આ નરરત્નનો નાશ ન થયો !' એને કહે છે, 'તારા જેવા અકાર્ય કરનારા શાના હોય ? હું પૂછું છું તારી પાસે હીરાની કંઠી કેવી રીતે આવી ? એનું મને રહસ્ય કહે.' ધનને ઉતાવળ નથી ! કે ડાહી વાત કરી દઉં ને શાબાશી લઈ લઉં. એને એ ડંખ છે કે પારકો માલ ઉઠાવ્યો હતો, એ અધમતા એને ખૂંચે છે, ત્યાં શું છાતી કાઢીને ઊભો રહે ? રાજા મૂંઝવણમાં પડ્યો કંઈ ખ્યાલ નથી આવતો. તેવામાં ત્યાં નવી ઘટના બની.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૩૭,તા.૪-૬-૧૯૬૦

**રાજપુત્રીનો પત્તો લાગ્યો :-**

મોટી પ્રતિહારી સ્ત્રી દોડતી હાંફતી આવે છે, રાજાને સંદેશો આપે છે, 'મહારાજ ! આ મનોરમા નામની ઉદ્યાનપાલિકા વહાણ ભાંગી જવાથી છૂટી પડેલી, તે અહીં આવી છે, અને રાજકુમારીના વચનથી આપને વિજ્ઞપ્તિ કરે છે કે દેવ ! અહીંથી અમે સમુદ્ર મધ્યમાં જતા હતા. ત્યાં એકાએક વાવાઝોડું થયું ! પ્રચંડ એવા પવને વહાણને ઉછાળ્યું, વહાણ પડ્યું દરિયામાં, સ્ત્રીના હૃદયમાં રહેલું રહસ્ય બહાર જલદી ફૂટી જાય એમ એના ફૂરચા ઊડી ગયા ! રહસ્યની વાત પેટમાં છુપાવી રાખવી ઘણી મુશ્કેલ છે. અમે દરિયામાં ઝીકાયા પણ આપની કૃપાથી પાટિયું મળી ગયું તેથી રાજપુત્રી વિનયવતી અહીં ભાગ્ય યોગે આવી છે, ને મેઘરથ નામના ઉદ્યાનમાં રહી મને અહીં મોકલી છે કે જા પિતાજીને આ બધી વિગત નિવેદિત કર.'

**વિધિના અવનવામાં :-**

અહીં વિધિના અવનવા જુઓ કે રાજપુત્રી ગઈ હતી રસાલા સાથે; પણ પડી એકલી ! ભરપૂર માલ સાથે હશે, પણ બની ગઈ પહેર્યે લૂગડે ! કોણ ? રાજાની પ્યારી પુત્રી ! કર્મની શિરજોરી કેવી છે ! કર્મને મન રાજા એટલે શું ? 'એ તો મારે રમાડવાનું રમકડું છે. એ વળી કોણ ?' કર્મની ગહન સ્થિતિ આંખ સામે રાખવા જેવી છે કે તેની આગળ ચમરબંધીનો પણ હિસાબ નથી. એને કાલ અકાલ નથી, વય અવય નથી, હોશિયાર કે મૂર્ખ હોય, દિવસ હોય કે રાત હોય,

કર્મ ગમે ત્યારે ગમે ત્યાં, ગમે તેને પીડે છે. કર્મરાજાની મીઠી નજર હોય તો તર કરી નાખે, નરસી થાય તો મૂળમાંથી ઉખેડીને ફેંકી દે. એક કરોડપતિના બે દીકરા વિમાનમાં પરદેશ જવા માટે તૈયાર થયા. માતાને વિચાર આવ્યો 'એકેક જાય તો સારુ' શા માટે ? મનમાં ધાર્યું કે નથીને વિમાનને કદાચ કંઈ થાય તો એક જાય. બન્યું પણ એમજ વિમાન તૂટ્યું પુત્ર મર્યો. શું કર્યું માતાએ ? ડહાપણ કર્યું ? કહો છો ને શુકન કરતાં શબ્દ આગળ. સંભવ છે કે બીજાનું પુણ્ય જોર કરતું હોય તો તેને બચાવી લે ! પણ પેલાનું પાપ જોરદાર હોય તો ન ય બચે. દીકરી આવી એમ સાંભળી રાજા તો ઊભો થઈ ગયો ! કન્યાને લઈ આવું. રાજા ગયો તેની સાથે લશ્કર ઊપડ્યું. બધા ચિંતામાં તો હતા જ, ગયા ત્યાં.

**રાજપુત્રી પાસેથી ખુલાસો :-**

રાજાને ઉદ્યાનમાં પુત્રીને મળવા ઉપરાંત એ પણ ધારણા છે કે કદાચ એની પાસેથી રત્નમાળાના સમાચાર મળશે. ત્યાં પહોંચ્યો એટલે પુત્રી એના પગમાં પડી એક બીજાના દિલમાં વાત્સલ્ય ઊભરાયું. બંને ગદ્‌ગદ બની ગયા ! રાજાએ કન્યાને વસ્ત્ર-અલંકારથી શણગારી શહેરમાં પ્રવેશ કરાવ્યો; કંઠીનું પૂછ્યું.

રાજકન્યાએ પહેલેથી કહેવરાવ્યું છે કે, 'જોરદાર પવનથી વહાણ તૂટી ગયું.'

હવે કોણ-કોને ઝાલી રાખે કે બાથ ભીડે ? જગતનો સમુદ્ર સંસાર સમુદ્રનું ભાન કરાવે છે. એક દિવસ બધાય ભેગા થઈ જીવનના વહાણમાં આવી બેઠાં છે. એ તૂટે એટલીવાર છે. કોઈ-કોઈને હાથ ભીડે તેમ નથી. જેનું ભાવી ઊજળું હોય તે પાટિયું લઈ સદ્‌ગતિમાં જાય, નહિ તો નીચે. હવે રાજકન્યા કહે છે, 'તેજ વહાણભંગના દિવસે મેં કંઠી ચૂયલતિકાને સોંપી હતી. અને તેણે વસ્ત્રના છેડે બાંધી જાળવી રાખેલી. પછી તો વહાણ તૂટતાં સૌ મોતના મુખમાં હડસેલાઈ છૂટા પડ્યા. તેથી મને ખબર નથી કે એના શા બેહાલ થયા'

**રાજા ધન સામે જોઈ પૂછે છે 'ભદ્ર ! કંઠી તારે હાથ ક્યાંથી આવી ?'**

ખુલાસો કરવાનો અવસર આવ્યો, ધને કહી દીધું, દેવ ! સમુદ્ર તીરેથી સ્વયં લીધેલી.

'હા...' હવે રાજાને કડી મળી. એને લાગ્યું કે એ ચૂતલતિકા મરી ગઈ હશે; નહિતર આ મહાસજ્જન પુરુષ સ્વયં શાનો હાથ કરે ? એ જીવતાની પાસેથી ઉપાડી ન લે. એટલે મનને થાય છે કે તો તો એ ચૂતલતિકા કિનારે મરેલી પડી હોય એ સંભવ છે; તેથી ધનને પૂછે છે,

'વારુ, ત્યારે તેં ત્યાં કોઈ હાડપિંજર જેવું જોયેલું ?

ધન ઉત્તર કહે છે, 'હા, મહારાજ ! જોયેલું. એટલે જ મને લાગે છે કે હું



પર દ્રવ્યને ઉપાડીને અકાર્યકારી બન્યો છું.'

અરે મહાનુભાવ ! ગૃહસ્થને કાંઈ આ પર દ્રવ્યાપહરણ ન કહેવાય. માટે એવો ભૂતકાળની વસ્તુ પર સંતાપ ન કર. હવે તો એ કહે કે તારું શું પ્રિય હું કરું ?'

અહીં એકેક ઘટના કેવી બનતી આવે છે તે વિચારો, એટલે સંસારમાં સાર્વત્રિક અનિત્યતાનો ખ્યાલ આવે,

દરિયામાં એકાએક વાવાઝોડું ઊઠવું, વહાણનું તૂટવું; ઘણાનું વિકરાળ સમુદ્રમાં સમાઈ જવું; રાજપુત્રીને પાટિયું મળી જવું; એ જીવતી રહે છતાં વહાણ ભાંગવાના દિવસે જ રત્નમાળા ચૂતલતિકાને સોંપાવી; એનું બિચારીનું મૃત્યુ થવું; એની સાથે કંઠઈનું ક્યાંય બીજે કિનારે પહોંચવું અને રાજકન્યાનું વળી કોઈ બીજા જ કિનારે જઈ પહોંચવું. આ બધી ઘટનાઓ સંસારના સંયોગોની નક્કર અનિત્યતા સૂચવે છે, જીવનમાં સ્વયં એ અનુભવવાનું અને જોવા-સાંભળવાનું ક્યાં ઓછું બને છે ? છતાં અનિત્ય સંયોગો પર મોહ કેટલો ? અને એ મોહની પાછળ પણ આત્મઘાતક ઊંધા વેતરણ કેટલાં ?

**અનિત્ય ભાવના એક જડીબુટ્ટી :-**

અનિત્યતા પણ અણધારી અનિત્યતા ! નામ તેનો નાશ, તે ય અણધાર્યો ! મોટી સંગેમરમરની ઈમારતો પણ કાળે કરીને માટીમાં મળી જતી હોય છે. અતિ પ્રિય પણ સ્નેહીઓ મરી મરીને ક્યાંય અગમ અગોચર પ્રદેશમાં ચાલ્યા ગયા, તેનો પત્તો નથી, એડ્રેસ નથી, પૈસા, પરિવાર, પ્રતિષ્ઠા, માન-મોભો-દરજ્જો...બધુંય છૂટી જાય છે. જીવે ઘણા મનોરથ અને ઘણી મહેનતથી ઊભું કરેલું એક પળે વિખરી જાય છે. ઊભી કરેલી આઈટમો (બાબતો)નો પાર નથી, અને તે દરેક અનિત્ય એટલે દરેકનો વિયોગ થયા કરવાનો; એ દરેકે દરેક વિયોગ વખતે મનને કલેશ થાય છે. એક દિવસમાં પણ આવા કેઈ વિયોગ, અને કેઈ કલેશ જન્મે છે. અનિત્યતાનું પહેલેથી ભાન હોય તો આનાથી ઘણું બચી શકાય,

ત્યારે વિચાર તો કરો કે અનિત્યતાની આ એક મહાન ભાવનાનો વારંવાર અભ્યાસ નથી કરતા તેથી કેટકેટલા અનર્થ ઊભા થાય છે ? અનિત્ય વસ્તુ તૂટીફૂટી કે બગડી જતાં કેટલો ઉદ્વેગ, કેટલુ દુર્ધ્યાન અને કેવા કષાય ઊભા થાય છે ? એમાં વળી બીજાના હાથે જો તેમ બનવા પામ્યું તો એના ઉપર દ્વેષ, અણગમો, કલેશ, કંકાસ કેવા જન્મે છે ? કહો તો ખરા કે પરસ્પર તિરસ્કાર, ઈર્ષ્યા, અનાદર, હુંપદ વગેરે પાશવી દુર્ગુણો શાના અંગે છે ? અનિત્ય પદાર્થોને અંગે જ ને ? ત્યાં જો એક અનિત્ય ભાવનાથી મનને ખૂબ ભાવિત કરો, તો કેટકેટલા અનિષ્ટોથી બચી

જવાય ? અનિત્ય ભાવના તો કેઈ આત્મ-રોગો નિવારવા માટે એક જડીબુટ્ટી છે.

મનને સમજાવવાની જરૂર છે કે મોટા ધુરંધર સમ્રાટોનું પણ બધું ખેદાન-મેદાન થઈ ગયું છે, એમને ય બધું પડતું મૂકવું પડ્યું છે, તો મારે શું ટકવાનું છે ? ટકવાનો છે એક મારો આત્મા; તો એના રૂડાં જતન કાં ન કરું ?

રાજા ધનકુમારને નિઃશંકપણે નિર્દોષ તરીકે હવે ઓળખી લે છે; કેમકે રત્નકંઠી કોઈ ચોરી કરવા તરીકે નથી લીધી. ધનને પૂછે છે,

'બોલ, હવે તારું શું પ્રિય કરું !'

ધન કહે છે, 'દેવ ! મને ગમતું તો તમે કરી જ દીધું; કેમકે પેલા ચંડાળને તમે એની ઈચ્છા કરતાં અધિક દીધું.

'અરે, ભદ્ર ! એમાં શું ? વિચારપૂર્વક કાર્ય કરનારા એવા તેં ચંડાળના વર્તાવ આગળ પણ આપેલું કાંઈ વિસાતમાં નથી, તો પછી મારા પ્રાણથી પણ અધિક એવા પુત્રને જીવતદાન કરનારા તારા ઉત્તમ કાર્ય આગળ તો એ શાનું વિસાતમાં ગણાય ?'

રાજા કદરદાન છે, ચંડાળની ઉત્તમ પ્રકૃતિ-પ્રવૃત્તિને એટલી બધી મૂલ્યવતી સમજે છે કે લાખ સોનૈયા અને ભૂમિનું દાન તુચ્છ લેખે છે. એટલે જ ધને કરેલ જીવિતદાનનો ઉપકાર તો હજી ઊભો જ સમજે છે. તેથી ધનને એનું જે પ્રિય, જે ઈષ્ટ હોય તે માગી લેવા કહે છે.

ધન કહે છે, 'મહારાજ ! આપના દર્શન કરતાંય બીજું કાંઈ પ્રિય કરવાનું રહે છે શું ? આપના દર્શનથી મારા મનોરથો પૂર્ણ થઈ ગયા !

**રોકડું પતાવવા જોઈએ છે :-**

ધનકુમારના આટઆટલા ઉપકાર પર ભારે નિઃસ્વાર્થતા જોતાં રાજા ગળગળો થઈ જાય છે.

પરોપકારનો જરાપણ બદલો લેવાની લેશ પણ ઈચ્છા નહિ ! સ્વપ્નમાં પણ ખ્યાલ નહિ ! આપણને કોઈએ ચાર શબ્દો કહ્યા હોય કે 'ભાઈ ! ઠીક છો, સારું કામ કર્યું' તો આટલું સાંભળતા મન ગલોટિયા ખાય છે, 'મને ક્યારે કહે કે ભાગ્યશાળી તો હું બદલામા શું કરું' ?' કેમ જાણે આ જીવનમાં એના સિવાય બીજો સુકૃતનો લાભ નથી. ગાંધીને ત્યાં ચાર પૈસાનું લેવા જાઓ અને કહો કે 'નામે લખી રાખ,' તો તે કહે રોકડા મૂકો,' એમ આપણે આટલું નાના ઉપકારના સુકૃતનું પડીકું મૂક્યું તો બદલામાં 'મૂક આટલા પૈસા !' એમ ઈચ્છા થાય છે, કમમાં કમ મોઢામાંથી ફીણ નીકળે છે,'મેં આટલું કર્યું.'

**તુચ્છ આશયની ફસામણી :-**



અહીંયાં સારા મનાવવાનો અને અહીંનું સારું મેળવી લેવાનો તુચ્છ આશય હોવાથી રોકડું પતાવવા જોઈએ છે. - મેં આટલો ભોગ આપ્યો, આટલો ઉપકાર કર્યો, અને એ તત્કાળ ફળ વિના કેમ એળે જાય ?' અરે ભાઈ ! પરલોકમાં એના મહાન ફળ મળવાનાં છે, ધીરજ ધર, ઉતાવળો શાનો થાય ? પણ ના, રોકડું પતાવવાનો તુચ્છ આશય છે. ભવિષ્ય માટે રાખી મૂકવાનો ઉદાર આશય નથી. તુચ્છ આશય એટલે તુચ્છમાં રાચનારું મન. કવિ-કહે છે.

**'सुपूरा स्यात् कुनदिका, सुपूरा मुषिकाञ्जलिः'**

નાનકડી નદીને જરા વધુ પાણી મળ્યું કે ઊઘલાઈ જાય છે. ઉંદરના હાથમાં જરાક કાંક આવ્યું કે અંજલિ ભરાઈ જાય છે. એવી રીતે તુચ્છ આશયમાં ફસાયો રહેનારો તુચ્છ માન, તુચ્છ કીર્તિ અને તુચ્છ લાભ મળતાં ખુશી-ખુશી થઈ જાય છે. અનંતા કાળથી જીવ આ જ રમત કરતો આવ્યો છે, તેથી બીજું ક્યાંથી સૂઝે ? હજી સૂઝે, પણ જે ઉત્તમ તત્ત્વજ્ઞાન, પરલોકદષ્ટિ, જડની વિનશ્વરતા, સનાતન આત્માના આંતરિક ઉચ્ચ ઉત્થાન વગેરેને લક્ષમાં લે તો ને ?

**સુકૃતનું રોકડું ફળ :-**

રોકડું પતાવવાનું ય મન થાય, તો પણ રોકડું ય નક્કર શું છે તે જુઓ. કીર્તિ અને કંચન તો ક્ષણિક છે; કોઈ બહુ ન્યાલ કરી દેનારી ચીજ નથી. ત્યારે, સુકૃત કરવાથી અંતરમાં જે ઉદારતા ગુણ પોષાય, પરહિત ચિંતા સક્રિય બનીને બદ્ધમૂળ થાય, અનાદિની કૃપણતા અને સ્વાર્થ-રસિકતાને થોડો પણ ધક્કો લાગે,...એ મહાન લાભ છે. નક્કર રોકડો લાભ છે. પછી જો આત્મિક આનંદ માનતા આવડે તો એ નક્કર રોકડો લાભ છે. મનને એમ થાય કે ખાધેલું તો ખોવાઈ જવાનું હતું એમાંથી બચીને આ પરમાર્થ કરવાનો સુંદર મોકો મળ્યો. ચિત્તને સમાધિ આપનાર પરમાર્થ છે, પરોપકાર છે, સ્વાર્થ નહિ ! તુચ્છ આહારાદિ સંજ્ઞાઓનાં પોષણ નહિ ! એવી રીતે સમાધિ આપનારાં ધર્મકૃત્યો છે, કર્મકૃત્યો નહિ ! ગપાટા મારીને સૂતા, ત્યાં એમ નહિ થાય કે 'હાશ ! વખત સારો પસાર થયો, ઠીક કામ થઈ ગયું.' ઊલટું એમ થશે કે વખત બગડ્યો, ઊંઘ બગડી' પરંતુ જો બે સામાયિક કરીને કે દસ નવકારવાળી ગણીને યા સારું ધર્મવાંચન કરીને સૂતા તો મનને તોષ થશે કે 'હાશ ! સમય ઠીક ગયો સારું કામ થઈ ગયું વહેલો ઊંઘ્યો હોત તો વખત ઊંઘમાં બરબાદ થાત.' જુઓ, પેલામાં ઊંઘ બગડી લાગતું હતું, અહીં ઊંઘમાં ગયેલો સમય બગડતો લાગે છે. આજ સુવિચાર છે.

સુવિચાર એ કરેલી ધર્મ-સાધના પર મનને સમાધિ આપે છે એવી રીતે દિવસના પણ કરેલી પ્રભુભક્તિ, વ્યાખ્યાન શ્રવણ, દેવ-ગુરુનાં દર્શન-વંદન, સામાયિક

પ્રતિક્રમણ વગેરે ધર્મ ક્રિયાઓ અને દાનાદિ ધર્મ સાધના જીવને સમાધિ આપે છે. સંસારની કરેલી જળોજથામાં એ તાકાત નથી.

તો, **આ જે સમાધિ મળી તે ધર્મનું રોકડું ફળ છે.** ધર્મક્રિયામાં બેસો ત્યારથી એ ફળ ચાલું થઈ જાય છે. ક્રિયા કરી રહ્યા પછી મહાન તોષ થાય છે. એમ શ્રાવકપણાના અને માર્ગાનુસારીપણાના આચારો પાળો, ગુણો જાળવો, ત્યાં ચિત્તને પરમ આહ્લાદ મળે છે. આ બધું રોકડું ફળ છે. તુચ્છ આશય બદલી નાખી, ઉદાર આશય બનાવો તો આની જ તાલાવેલી રહે, તુચ્છ માન કે કોઈ મિલકતને બદલામાં લેવા માટે નહિ.

**વિકાસની સામે વિકાર કાં ઘાલવો ?**

ધનકુમારે એવી તૃપ્તિ કેળવી છે કે પોતે કરેલા ઉપકારનો બદલો લેવાની કોઈ ઉતાવળ તો શું પણ ઇચ્છા સરખી નથી. તેથી રાજા પૂછે છે છતાં કાંઈ બોલતો નથી, એની પાછળ શું તત્ત્વ છે ? જે સુકૃત કર્યું તે પરભવના ચોપડે જમા થઈ જ ગયું છે; તેમજ સ્વાર્થ ત્યાગનો વિકાસ પ્રાપ્ત કરી જ લીધો છે, પછી સ્વાર્થ સાધનાનો વિકાર (બગાડો) પાછો ક્યાં ઘાલવો ?

**શાલિભદ્રના જીવે** પૂર્વ ભવમાં મુનિને વહાલામાં વહાલી અને પહેલી જ વાર મેળવેલી ખીરનું દાન કર્યું, પછી સગી માતાની આગળ પણ તે કહીને જશ લેવાનો અભખરો ન સેવ્યો, કહ્યું જ નહિ. અને મનની અંદર ને અંદર ગુરુનો ઉપકાર માન્યે ગયો અને દાનની અનુમોદના કર્યે ગયો, પરિણામ ? એ, કે સુકૃત ફાલ્યું-ફૂલ્યું ફળનો આંકડો વધતો જ ગયો તે ત્યાં સુધી કે માત્ર ઉત્તમ શાલિભદ્રનો ભવ અને રોજની નવી નવી દેવતાઈ ૯૯ પેટી વગેરેનો વૈભવ તો શું પણ તેને ય લાત મારી ચારિત્ર લેવાનું સામર્થ્ય મેળવ્યું. નિમિત્ત કેવું ? 'મારા માલિક કાંઈ રાજા શ્રેણિક નહિ; માલિક તો એક પ્રભુશ્રી મહાવીર પરમાત્મા.' આ બધું સામર્થ્ય ક્યાંથી આવ્યું ? પૂર્વ ભવના નિઃસ્વાર્થ દાનના સુકૃતમાંથી ! ખૂબી એ છે કે મોક્ષ, કર્મક્ષય જેવી વસ્તુ કદાચ એટલી સમજતો પણ નહિ હોય એવા સ્થાને એ જન્મ્યો છે; એટલે એનો ઉદ્દેશ પણ ન રાખ્યો હોય. છતાં ફળની આશંસા જ નહિ એવું સુકૃત ફાલેફૂલે એમાં નવાઈ નથી. ત્યારે પ્રશ્ન થશે કે-

**પ્ર.**- કોઈક પણ પ્રયોજન વિના પ્રવૃત્તિ શી રીતે થાય ?

**ઉ.**- પ્રયોજન એટલે કોઈ લૌકિક કે લોકોત્તર ફળ મને મળે. એ ન રાખ્યું હોય; પરંતુ 'મારે અત્યારે સુકૃત કરી લેવું એ અવસરોચિત્ત છે, આવું સુકૃત જ કરવા યોગ્ય છે.'-આવું અવસરોચિત્ત કર્તવ્યપાલનનું પ્રયોજન તો છે જ, જીવન આ ઊંચું છે, એમાં સત્કાર્ય પ્રત્યે પ્રેમ, વિશિષ્ટ પ્રેમ હોય ત્યાં આ લક્ષ આવે છે કે



જીવનમાં કરવા યોગ્ય તો આવા સત્કાર્ય જ છે.

'દાન કેમ દો છો ?'

'દાન એ એક સુંદર ક્રિયા છે, સુંદર આચરણ છે, માટે દાન કરું છું.'

'દેવગુરુભક્તિ કેમ કરો છો ?'

'કરવા જેવું કાર્ય જ એ લાગે છે તેથી કરીએ છીએ. જીવતાં છીએ એટલે કાંઈને કાંઈ કરવાના તો ખરા જ. પરંતુ બીજી-ત્રીજી પ્રવૃત્તિમાં કાંઈ સુંદરતા શોભનીયતા નથી દેખાતી; એ તો આવા ભક્તિ, વિનય, દાન વગેરે સત્કાર્યોમાં દેખાય છે. માટે એ કરવા ગમે છે.'- આવી સત્કાર્ય પર સત્કાર્ય તરીકેની પ્રીતિથી કરાય એનું મૂલ્ય ઊંચું છે; કેમકે આમાં સારાની જ મૌલિક રુચિ ઊભી થઈ. પછી આ રીતે વિચારતાં 'સંસાર કરતાં મોક્ષ કેમ ગમે છે ?' એનો ખુલાસો પણ એ જ, કે 'સંસારમાં ગમવા જેવું છે જ શું ? મોક્ષ ચીજ જ એવી છે કે એ સહેજે ગમે.'

**નિષ્કામ સાધના :-**

સુકૃતો, સદાચારો, સદનુષ્ઠાનો, દેવાધિદેવ, ગુરુ, સંઘ, તીર્થો, શાસ્ત્ર વગેરે પર એના સત્પણાને લીધે જ આકાંક્ષાથી; -એ ફલાશંસારહિત નિષ્કામ આકર્ષણ થયું ગણાય; અને એના હિસાબે થતું એ બધાનું આસેવન પણ ફલાશંસારહિત નિષ્કામ સાધના કહેવાય. વીતરાગ પરમાત્મા અને એમના શાસનની આવી ઉપાસના જે ભવ્યાત્મા કરે છે, એ તો સારા ઊંચા સ્તરમાં ચઢી ગયા. તમે પણ આ સ્થિતિ ઇચ્છતા હો તો નિષ્કામ સાધના કરો, પરમાત્માનું માત્ર નામ સ્મરણ કરવું છે, તો એ પણ નિષ્કામભાવે કરવાનું. પ્રભુનું નામ બહુ સુંદર છે, સારું છે, માટે જ મારે એ જપવું છે, મારું ચિત્ત એમાં ઠરે છે,'- એ ભાવના નિષ્કામ ભાવને જગાડી આપે છે.

**નિષ્કામ ગુણોપાર્જન :-**

ઈતર દર્શનમાં પણ નિષ્કામ સાધનાનું ઊંચું અને ખાસ મહત્ત્વ ઉપાદેયતા માની છે. ક્ષમા, ઉદારતા, સત્ય વગેરે ગુણો કેળવવાના તે પણ આ રીતે 'ભાઈ ! ક્રોધ ન કરતાં ક્ષમા, સમતા શા માટે જાળવવી ?'

એનો જવાબ એ કે 'ક્ષમા જ કરવા જેવી છે, ક્રોધ નહિ, ક્રોધ તો ખરાબ ચીજ છે, ગલીચ છે; નિંદ્ય છે, ક્ષમા ઊંચી સુંદર શોભાસ્પદ વસ્તુ છે. એજ કરવા યોગ્ય કર્તવ્ય છે, આદરવા યોગ્ય સદ્ગુણ છે.' આ સમજ હોય તો એ ગુણ કેળવવા-પાળવાનું નિષ્કામ ભાવે બને. એવું સત્ય-બ્રહ્મચર્ય વગેરે ગુણો માટે સમજવું. હંસ કેમ મોટા સરોવરમાં રહે છે ? એને એ જ ઠીક લાગે છે માટે, કોયલ કેમ આંબા પર ટહુકે છે ? એને એ રુચે છે તેથી, પોપટ કેમ તાજાં સ્વચ્છ ફળમાં જ મોં ઘાલે છે ? એ જ સારું લાગે છે એટલે. આ રીતે સત્ય, બ્રહ્મચર્ય સદાચારાદિ

ગુણો જ સ્વરૂપે સારા છે માટે એ રુચે. જૂઠ ભૂંડું છે તેથી અકારું લાગે વિષયસંગ ગલીચ છે તેથી એની પ્રત્યે ઘૃણા થાય, સૂગ રહે, અસલી સ્વરૂપે અનંત જ્ઞાનાદિ સમૃદ્ધિવાળો આત્મા તો નિર્વિકાર છે, શુદ્ધ સ્ફટિક જેવો નક્કર છે, એમાં અસત્ય, અબ્રહ્મ, ક્રોધાદિ વગેરેના નિંદ્ય વિકારો શા ? સત્ય, બ્રહ્મચર્ય, ક્ષમા, નમ્રતા વગેરે આત્મગુણો સહજ સુંદર છે માટે એ રુચે.

**ફળની આકાંક્ષામાં ભય :-**

આમ એ સદ્ગુણો-સત્કૃત્યોથી મહાપુણ્યનો લાભ મળે છે એવી ફળની આકાંક્ષાથી નહિ, કિંતુ એની સહજ સુંદરતાના આકર્ષણથી એનું સેવન થાય એનું મહત્ત્વ ઓર છે, ફળની આકાંક્ષામાં તો એવું બનવા સંભવ છે કે ક્યારેક કોઈ ખાસ અર્થલાભ, સુખલાલસા કે માન, મર્તબાના લોભમાં પેલા ફળની આકાંક્ષા દબાઈ જાય અને તેથી તે સુકૃત કે સદ્ગુણ ચૂકાઈ જાય. ફળની આકાંક્ષાથી એ પાળવામાં આમ ક્યારેક ગુમાવવાનો સંભવ છે. ત્યારે જો સાધના નિષ્કામ હોય તો એમાં તો એ સુકૃત અને સદ્ગુણો કોઈ લાભની લાલચથી નહિ પણ સારા હોવાને લીધે સહેજે ભાવથી રુચે છે એટલે એને મૂકવાનું મન ન થાય; દુષ્કૃત્ય-દુર્ગુણને હવે અપનાવવાનું દિલ જ ન હોય. કહે છે ને કે સિંહ ભૂખ્યો મરે તે હા, પણ ઘાસ ન ખાય. સજ્જન લોકોનો વ્યવહાર સહેજે ગંભીર હોય છે, નાદાનના જેવો ઉછાંછળો નહિ. એ ગંભીર રીતભાત કોઈ લાભની લાલચથી કરાય છે એમ નહિ પણ પોતાની ઉંમર, અક્કલ, જવાબદારી વગેરેના હિસાબે સહજ ભાવથી કરાય છે બસ, એવું સત્કૃત્યો અને સદ્ગુણો કેળવવામાં છે. ત્યારે જુઓ,

**ધનકુમારને રાજા શું આપે છે ?**

રાજા ધનનું કાંઈ પણ પ્રિય કરી છૂટવા પૂછે છે, છતાં ધનકુમાર પોતે પરોપકારના મહાન સત્કૃત્યો કોઈ ફળની આશંસા વિના કરેલા છે, તેથી એને કશું માગવાનું મન થતું નથી, એ માગતો નથી. એટલે હવે રાજા સમજી લે છે કે 'આમાં કાંઈ વળે એમ નથી તેથી મારી જાતે જ યોગ્ય કરી લેવા દે' એમ વિચારીને પોતાનું અમૂલ્ય આભૂષણ ધનને આગ્રહ કરીને આપી દે છે. હવે ધનને પોતાના નગરે જવાની ઈચ્છા છે, તેથી રાજા પોતાના માણસોને 'આમને એમના સુશર્મનગરે પહોંચાડી દેજો' એમ હુકમ કરીને સાથે મોકલે છે.

**નિષ્ફળ કલ્પનાઓમાં બરબાદી :-**

બસ, હવે તો ક્ષેમકુશળ થઈ ગયું ને ? ધન સુરક્ષિતપણે ઘેર પહોંચી જવાનો ને ? આપણે કલ્પના તો કરીએ પણ માણસની કલ્પના શું કામ લાગે છે ? એ ચિંતવે છે કાંઈ, ને વિધિ કરે છે કાંઈ, છતાં ખૂબી જુઓ કે આપણે એવી



કેટલીય નિષ્ફળ કલ્પનાઓ કરીએ છીએ ! એ કરવામાં માનવજીવનનો રત્નખાણ સમો અમૂલ્ય સમય બરબાદ કરીએ છીએ.

**માનવજીવનનો સમય અચિંત્ય અણમોલા રત્નની ખાણ સમો છે.** એ ખાણમાંથી કોઈ ભવ્ય મૈત્રી આદિ ભાવનાઓ, કેઈ તત્ત્વોના ચિંતન, અને કેઈ મહાપુરુષોના ઉમદા સત્પુરુષાર્થોનાં સ્મરણરૂપી રત્નો પ્રાપ્ત કરી શકીએ છીએ. માનવસમય હાથ પર ન હોત તો રાંક એવા આપણે આમાનું શું કરી શકવાના હતા ? એ કરવાની કઈ બુદ્ધિ, કઈ ગુંજાયશ, ને કઈ સામગ્રી ધરાવતા હોત ? એ તો માનવભવનો આ સમય હાથ પર છે તો એની સમજ, સામગ્રી અને ગુંજાયશ ધરાવીએ છીએ. ત્યારે એ ભવ્ય મૈત્રી આદિ ભાવનાઓ વગેરે રત્નોના મૂલ્ય શું આંક્યા અંકાય એવા છે ?

**પ્ર.-** શુભ ભાવનાદિ રત્નોનું આટલું મોટું મૂલ્યાંકન શાથી છે ?

**વૈરાગ્ય ભાવનાનું અમૂલ્ય રત્ન :-**

ઉ.- માત્ર એકજ દાખલો જુઓ કે જીવનમાં જો વૈરાગ્યભાવના વારંવાર ભાવીને દૃઢ કરી હોય, અને મનને એ ઠસાવી દીધું હોય કે 'ખરેખર કિંમતી આપણો નિર્મળ આત્મા છે, બાકી જગતના જડ પદાર્થો તો તુચ્છ છે, ખતરનાક છે, એનો વધુ સંગ્રહ આત્માને વધુ મલિન કરે છે.' આવું મનમાં નિશ્ચિત કર્યું અને એ જડના સંગ્રહ પ્રત્યે અરુચિભાવ ઊભો કર્યો, પછી તો ઓછા મળેલા જડ પદાર્થોમાં જીવને સંતોષ થશે, અરે ! માનવું હોય તો દુનિયાભરની સમૃદ્ધિ મળી છે એવો તોષ ઊભો કરાશે. વૈરાગ્યના પાયા પર ઊભા કરેલા સંતોષથી તો માત્ર જીવન નિર્વાહ જેટલું અન્ન-વસ્ત્ર મળવા છતાં મારે કોઈ કમી નથી, બાદશાહી મળી છે, એવું નક્કર આશ્વાસન રખાશે ! એવી નિરાંત અને કલેજે ઠંડક અનુભવાશે ! ત્યારે જો આવું કોઈ વૈરાગ્ય ભાવનાનું બળ નહિ હોય, તો આમ દુનિયાભરનું ધન તો કાંઈ મળવાનું નથી, તો પણ લાખો, કરોડો મળવા છતાં ઓછા જ લાગશે. દિલને ધરપત, નિરાંત કે ઠંડક એ નહિ આપી શકે. કોઈને કોઈ પ્રકારે સંતાપ ઊભો રહેશે. તો વિચારો કે આ ધન પ્રાપ્તિનું મૂલ્ય કેટલું ? મામુલી ! અને પેલી સંતોષવૃત્તિનું મૂલ્ય કેટલું ? અગણ્ય અમાપ જ ને ? એ શાના ઉપર ? વૈરાગ્ય ભાવનાથી ઊભા કરેલા સંતોષ પર જ ને ? તો એ વૈરાગ્યભાવનાનું મૂલ્ય આંક્યું અંકાય એમ છે ? આ તો બાહ્ય મૂલ્યની વાત થઈ પરંતુ આભ્યંતર મૂલ્ય તો વળી એથીય ઊંચું છે. કેમકે વૈરાગ્યભાવનાથી આત્મામાં સુંદર સંસ્કરણ થાય છે, જે બીજા અનેક ગુણોને તાણી લાવે છે ! વળી એ સદ્ગતિ અપાવે છે, જ્યાં આત્માના ઊર્ધ્વીકરણની ઊંચી સામગ્રી અને પુરુષાર્થ મળે છે ! દુર્ગતિના

દરવાજા બંધ થઈ જાય છે ! ભવનાં ભ્રમણ સંકેલાઈ જાય છે ! ત્યારે વિચારો કે, શું આ બધાનું મૂલ્ય આંકી શકાય ? ના, માટે જ એ ભાવના અચિંત્ય અણમોલ રત્ન છે. એ રત્ન માનવજીવનના સમયરૂપી રત્નખાણમાંથી ખોદી કઢાય છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૩૮,તા.૧૮-૬-૧૯૬૦

**મૈત્રી આદિ ભાવનારૂપી રત્નો :-**

આ તો વૈરાગ્યભાવનાની વાત થઈ. એવી રીતે મૈત્રી આદિ ભાવનારૂપી રત્નો પણ મૂલ્યાંકનની કક્ષા વટાવી જાય છે. આડા-અવળા વિચારો, નિષ્ફળ વિકલ્પો અને મિથ્યા કલ્પનાઓ કરવા કરતાં મૈત્રી એટલે કે સર્વ પ્રત્યે સ્નેહ અને સર્વના હિતની ભાવના ભાવવાથી અનાદિની વૈર-વિરોધની તથા સ્વાર્થ-મગ્નતાની લાગણીઓને ધક્કો પહોંચે છે. બીજા પર સ્નેહ ખીલવવાથી અને બીજાનું ભલું થાઓ એ ભાવના હૃદયમાં વારંવાર ઉલસાવ્યા કરવાથી દિલ ફોરું બને છે, સ્વચ્છ થતું આવે છે, ઉમદા બનતું આવે છે,

ખર્ચ કાંઈ નહિ, ને સમય તથા જીવનને લેખે લગાડવાનું થાય.

લાખો કરોડો ભેગા કર્યે કે ભોગવ્યે આત્માને કાયમી સુખનાં કોઈ વિશ્વાસ નથી મળતાં, રોગ આપત્તિ ન જ આવવાની કોઈ ગેરંટી નથી મળતી, શોક-સંતાપથી છૂટકારો નથી સાંપડતો, સદ્ગતિના નિર્ધાર નથી થતાં. આ વિરાટ વિશ્વમાં કોઈ ઓથ, આધાર, શરણું દુન્યવી સુખ સંપત્તિદ્વારા કે એના વિકલ્પો દ્વારા નથી પ્રાપ્ત થઈ શકતું. એ બધું મૈત્રી આદિ શુભ ભાવનાઓથી મળે છે.

**બીજાનું ભલું ઈચ્છ્યા કરો તો તમારું ભલું થાય.**

**બીજા દુઃખીઓની કરુણા ચિંતવો, તો તમારી કરુણા કોઈ ચિંતવશે, કરુણા કરશે.**

**પરગુણ પર જ દૃષ્ટિ રાખો, ગુણદૃષ્ટિ અવશ્ય રાખો, તો જ તમને ગુણ વરશે, તમારા ગુણની કદર થશે.**

**બીજાના દોષ તરફ નજર ન જ નાખો, તો જ બીજાઓ તમારા દોષ નહિ જુએ.**

જીવનના અમૂલ્ય સમયમાંથી આ રત્નો કાઢી લેવાનાં છે; અને ખરેખર અમૂલ્ય એ રત્નો છે.

હજારો ખર્ચવા છતાં મોટમોટા રોગ ન શમ્યા, તે કરુણાભાવનાથી દુઃખીઓના દુઃખ મીટાવતાં શમે છે. મોટમોટી આફતો બીજી રીતે ન ટળે તે બીજાનું ભલું થવાની વારંવાર ભાવના કરવાથી ટળે છે. મોટા વૈભવ મળવાથી જે સુખશાંતિ નથી મળતી, મોટી વિદ્વત્તાથી જે ગુણ નથી મળતા, તે બીજાના સુખ અને ગુણ



પર પ્રમોદ કેળવવાથી મળે છે.

**તાત્ત્વિક ચિંતન વગેરે રત્ન :-**

સારી ભાવનાઓની જેમ તાત્ત્વિક પદાર્થોના ચિંતનો અને મહાપુરુષોના સાત્ત્વિક જીવન પ્રસંગોની વિચારણા કરવી એ પણ માનવસમયની રત્નખાણમાંથી રત્નો કમાઈ લેવા જેવું છે. એનાં ય મૂલ્ય અંકાય એવા નથી; કેમકે આત્મામાં એ એવા સુંદર સંસ્કરણ કરે છે, અને અતત્ત્વની તથા તામસી કૃત્યો ને તામસી જીવનસરણીની ઘૃણા ઊભી કરે છે કે એના ઉપર મંડાતા ભાવી જીવન મહાસુખદ બને છે. એ વસ્તુ કરોડોના રત્નોથી પણ બનવી શક્ય નથી. આત્માનાં ઊર્ધ્વીકરણ આમ થાય છે; પણ નહિ કે મગજમાં અતત્ત્વો ડહોળ્યે રાખવાથી.

**નવકારમંત્રની રટણા એક મહારત્ન :-**

ત્યારે, કદાચ તમને અભ્યાસ નહિ હોવાના અંગે એમ થશે કે એવી ઊંચી ભાવનાઓ અને તત્ત્વચિંતન વગેરે વારંવાર ડગલે ને પગલે શી રીતે એકદમ ચાલી શકે ? પણ હતાશ ન થાઓ. ઉદ્યમ જારી રાખો, તો એય સહેલું બની જશે. બાકી કમમાં કમ શ્રી નવકારમંત્ર તો છે જ, જ્યાં નિષ્ફળ વિચાર, મિથ્યાકલ્પના કે ખોટા વિકલ્પ મગજમાં ઊઠવા જાય કે તરત નવકારમંત્ર ગણવા માંડો તે ય ગણત્રીબંધ ગણજો. એટલે ? આ એક ગણ્યો, આ બીજો ગણ્યો,....એમ ગણત્રી રાખવા સાથે નવકાર મંત્રનું સ્મરણ કર્યે જજો, જેથી મન એમાં એકાગ્ર બનશે. પાછું નવકાર સ્મરણ પરમેષ્ઠી પ્રત્યે હૈયામાં ઉત્કૃષ્ટ સદ્ભાવ જાગ્રત રાખી કરજો. એ જ સાચા ઉપકારી છે, શ્રેષ્ઠ ઉપકારી છે, તારણહાર છે, આધાર છે, શરણ છે, વગેરે નિર્ધાર જાગતો રાખીને કરજો; ને એમને નમસ્કાર કરવાનો ભાવ પણ સાથે જ રાખજો, એટલે નવકાર સ્મરણ ભાવનાથી ભીનું થશે.

આવા એકાગ્ર અને ભાવનાભીના નવકાર સ્મરણરૂપી રત્નનું મૂલ્ય કોઈ લાખો-કરોડોની કિંમતના રત્નની જેમ આંકી શકાય એમ નથી. જુઓને એવા નવકાર-સ્મરણે સર્પને ધરણેન્દ્ર બનાવ્યો ! બળદને રાજકુમાર બનાવ્યો ! સમડીને સુદર્શના રાજપુત્રી બનાવી ! દમયંતી અને સુરસુંદરીના ચમત્કારિક રીતે શીલરક્ષણ કર્યાં, તથા રાક્ષસી ઉપદ્રવ દૂર કર્યાં ! આ જે બધું બન્યું એવું પત્થરના રત્નથી શું બને ? અને એ બનવાની કિંમત શું આંકી શકાય ? માટે કહેવાય છે કે નવકારસ્મરણ એ અણમોલાં રત્ન છે. એ માનવજીવનના સમયની રત્નખાણમાંથી, મન પર લો તો, મેળવી શકાય છે.

આવાં સુંદર રત્નો કાઢી લેવાની જગાએ મનમાં ખોટાં વિકલ્પોના લોચાં વાળવાથી શું મળે ? મિથ્યા કલ્પનાઓ કર્યે જવાથી તો રત્નોના બદલે ધૂળઢેખારાં

મેળવવાનું થાય છે.

**ગિરિસ્થળના રાજાને ત્યાં ચોરી :-**

ધનકુમાર રાજાના માણસો સાથે હવે સુશર્મનગરે જવા નીકળ્યો છે. નિરાંતે શાંતિથી ઘરે પહોંચી જશે એમ કલ્પના થાય, પરંતુ વિધિના પેટમાં જુદું જ પડ્યું છે. કર્મની ઝેરી નજર હજી ઊઠી ગઈ નથી. એટલે આગળ જ્યાં ગિરિસ્થળ નગર પાસે પહોંચે છે ત્યાં એવું બન્યું છે કે ત્યાંના રાજા ચંડસેનનો એજ રાતે **'સર્વસાર'** નામનો ખજાનો ચોરાયો છે. શ્રાવસ્તિમાં પેસતાં પણ એવી પીડા હતી, અને અહીં પણ એવી પીડા ઊભી થઈ છે ! રક્ષકો અને પ્રજા ખૂબ વ્યાકુલ બની ગયા છે ! આ કાંઈ એક ચોરી નથી, પૂર્વે પણ ચોરીઓ થઈ છે; આજે તો રાજાના ઘેર જ મોટી ધાડ આવી છે ! એમ તો પૂર્વે પણ એને ત્યાં ચોરી થઈ છે; આજે મોટી ચોરી બની છે. ચોરોની ચારે બાજુ શોધ ચાલી રહી છે. દુકાનો અને ઘરો પર સીલ લગાડવામાં આવે છે. કોણ શું લાવે છે, શું લઈ જાય છે, વગેરે તપાસવામાં આવે છે. બહારના આગન્તુકોની ય જાંચ કરવામાં આવે છે.

**ધનકુમારને ફસામણ :-**

બસ, આ પરિસ્થિતિમાં ધન રાજપુરુષો સાથે નગર પાસે આવી પહોંચે છે. જેવા આવ્યા કે તરત જ અહીંના રાજપુરુષો એમને પકડી લે છે, અને કહે છે,

'ભદ્ર ! ગુસ્સો ન કરતાં, આ તો અમારા રાજાનો ભંડાર ચોરાયો છે તેથી તેની તપાસમાં નવા આગન્તુકોને પણ લઈ આવવાનો અમને રાજાનો હુકમ છે, તેથી તમને પકડીએ છીએ.'

ધન કહે છે, 'ઓહ ! એમાં ગુસ્સો કરવાનો અવસર જ ક્યાં છે ? જ્યાં તમારે લઈ જવા હોય ત્યાં આવવા અમે તૈયાર છીએ.'

સિપાઈઓ એમને પંચની પાસે લઈ ગયા. પંચ પૂછે છે, 'ક્યાંથી આવો છો ?'

પેલા કહે છે, 'શ્રાવસ્તિ નગરીથી.'

'ક્યાં જશો ?' 'સુશર્મનગરે.' 'શા માટે ?'

શ્રાવસ્તિના રાજપુરુષો કહે છે, 'અમારા રાજાના હુકમથી આ સાર્થવાહ પુત્રને પહોંચાડવા જઈએ છીએ.'

'તમારી પાસે કાંઈ ધનમાલ છે ?' 'હા.' 'શું છે ?'

'મહારાજાએ આ સાર્થવાહપુત્રને ભેટ આપેલ રાજાનું અલંકાર છે.'

પંચ કહે છે, 'જોઈએ, કેવું છે ?'

અહીં તો ધનને કે રાજપુરુષોને કાંઈ શંકા હતી જ નહિ કે આ અલંકાર કદાચ આમનું નીકળ્યું તો ? એ તો પોતાના રાજાની પ્રામાણિક મિલકત સમજે છે.



તેથી સાફ-સરળ દિલે એમણે અલંકાર બહાર કાઢીને પંચને જોવા આપ્યું. રાજાનો ખજાનચી પણ સાથે જ બેઠો છે, એને પંચે એ રાજાનું છે કે કેમ એ તપાસવા આપ્યું.

ખજાનચી જુએ છે તો ગઈ રાતે ચોરાયેલા માલમાંનું તો એ નથી લાગતું. ક્યાંથી લાગે ? આ તો દિવસો પૂર્વે રાજાએ આપેલું લઈને આવે છે. પરંતુ ઘણાં દિન પહેલાં ચોરાયેલું રાજાનું અલંકાર છે, એ તરીકે ઓળખી લીધું. તરત પંચને કહે છે,

આ અલંકાર ગઈ રાતના ચોરાયેલામાંનું તો નથી, છતાં ય કાલાંતરે ચોરાયેલું મહારાજાનું જ અલંકાર છે.'

આ સાંભળતાં જ શ્રાવસ્તિના રાજાના માણસો ચોંકી ઊઠ્યાં ! આપણો રાજા શાહુકાર, અને શું એની પાસે આમનું ચોરાયેલું અલંકાર ?' એમ લાગે છતાં પરરાજ્યમાં શું બોલી શકે ? બચાવ કોણ સાંભળે ?

પંચ એમને પૂછે છે' 'ભદ્ર ! જે હોય તે સાચું કહો તમારી પાસે આ ક્યાંથી આવ્યું ?'

પેલા કહે છે, શું આપને ફેરફાર કહેવાય ? અર્થાત્ જે પૂર્વે કહ્યું છે તે જ હકીકત છે.

**રાજા ચંડસેનનો કોપ :-**

હવે પંચને બીજો ઉપાય નથી, જઈને રાજા ચંડસેનને આ હકીકત જણાવે છે. એ તો આ જાણીને ધૂંઆં-પૂંઆં થઈ જાય છે. ચોરીઓની આખી કડી ઠેઠ શ્રાવસ્તિના રાજા સુધી જોડી દે છે; નક્કી કરે છે કે 'ખરેખર, એ રાજા જ આ બધું મારું ચોરાવે છે,' એમ કહીને ભારે કોપાયમાન થઈ જાય છે. કોના ઉપર ? માત્ર એ રાજા ઉપર નહિ, આ માણસો ઉપર પણ ! તુરત હુકમ કરે છે,

'જાઓ, લઈ જાઓ આ લોકોને, ને કેદમાં પૂરી દો.' કેદમાં પૂરાવી દે છે ને માત્ર સજાના હેતુથી નહિ, પરંતુ 'આ લોકો પાસેથી આમ અટકમાં રાખીને બધું ચોરાયેલું ધન મેળવી લેવું,'- એ ધારણાથી. એ સમજે છે કે આ લોકો પોતાના રાજાને કહેવરાવશે; અને રાજા જ્યાં જાણશે કે પોતાના માણસો આ રીતે કેદ પૂરાયા છે, એટલે તરત બધો માલ પાછો આપી દઈને આ લોકોને છોડાવી લેશે.

ત્યારે શું ખરેખર રાજાએ ધન ચોરાવ્યું છે ? એનો ખુલાસો હવે જે વિચિત્ર પ્રસંગ બનવાનો છે એમાંથી મળી જવાનો છે. અત્યારે તો ધનકુમાર અને રાજપુરુષો બિચારા કેદમાં મહા દુઃખગ્રસ્ત થઈને રહ્યા છે. કોણ છોડાવે ? શ્રાવસ્તિના રાજાનેય ખબર કોણ આપે કે આ લોકો તો વચમાં જ આમ જેલમાં પૂરાઈ ગયા છે ? ત્યારે

રાજાના મનની કલ્પના પણ આ લોકો જાણતા નથી. રાજા જાણે છે કે 'જેમ એક ઘરેણું એમ બીજો બધો માલ કાઢશે.' પણ એ પોતાનો વિચાર આમને કહેતો નથી. જ્યારે, અહીં ખરેખર માલ તો શું માલની કલ્પના પણ નથી, તો એ વિચાર જ શાનો ઊઠે કે ત્યારે આપણા રાજાને કહેવરાવીએ કે બધો માલ જો આપી દેવાય તો જ અમારો છૂટકારો થાય એમ છે.' એટલે કેદમાં મહા દુ:ખિયારા થઈને બેઠાં છે. આમ આંધળેબેરૂં કૂટાય છે.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૮,અંક-૩૯,તા.૨-૭-૧૯૬૦

**સ્નેહ કેમ તૂટે છે ? :-**

આ જગતમાં એકબીજાની નિરનિરાળી કલ્પનાઓ અને એક બીજાના મનના ભાવોનું પરસ્પર અજ્ઞાન કેવું વિચિત્ર રૂપે ચાલી રહ્યું છે ! કેટલીકવાર પોતાનો નિકટમાં નિકટ સગો ય કોઈ તરેહની કલ્પના કરી બેસે છે, પણ આને જણાવતો નથી; એમ સમજીને કે હું ધારું છું તે આ જાણે જ છે. જ્યારે, ખરેખર આને એ કલ્પનાની કંઈજ ખબર નથી તેથી એના પ્રતિકારનો રાહ લેતો નથી અને પોતાના ચાલુ રાહે વર્ત્યે જાય છે. એમાં પેલાની કલ્પના દઢ થતી જાય અંતે સ્નેહ સંબંધ તૂટે છે; ને વિરોધ-અંટસ વધી જાય છે.

**વિરોધ-અંટસ ટાળવા શું કરવું ?**

આ ઉપરથી એ ફલિત થાય છે કે સ્નેહના તાર અતૂટ રાખવા હોય તો તમારી કલ્પના સામાને જણાવો અને સામાની હોય તે તમે જાણવા પ્રયત્નો કરો.

એમ ન કહેતા કે 'પણ જો અમે જાણીએ કે એના મનમાં કલ્પના કંઈક ઊઠી છે તો પૂછીએ ને ?'

જાણવાનું તો સામાની પલટાયેલી મુદ્રા, પલટાયેલો વ્યવહાર અને સંયોગ-વાતાવરણ પરથી બની શકે છે. મન ચકોર રાખવું જોઈએ કે આમ શાથી બન્યું ? છતાંય ન સમજાય તો મોંઢામોંઢ સરળતાથી કોમળ શબ્દોમાં પૂછી લેવું જોઈએ. અલબત્ત જેમ પ્રસ્તુતમાં બન્યું તેમ કોઈ ખ્યાલ જ ન આવે એવું બને; ત્યાં ઈલાજ નહિ. પરંતુ સહેજ ઈશારો સમજાય, ખબર પડે, ત્યાં તો તપાસ કરી લેવાય ને ? ને એ કરી લો પછી અરસપરસ જે ખુલાસા કરાય, તેનાથી કેટલો અનર્થ ટાળી શકાય ? આજે જે ઘરઘરમાં કલેશ ચાલે છે, અંતર પડતા જાય છે, એ બધાની પાછળ કેટલીકવાર આ પણ કારણ હોય છે કે દરેક જણ પોતાની સ્વતંત્ર કલ્પનામાં દોડ્યે જાય છે, સામાનો આશય સમજવા પ્રયત્ન સરખો કરતો નથી,



એમજ કલ્પીને આગળ ચાલે છે, પાછો પોતાનો આશય અને કલ્પના સામાને સમજાવતો નથી, ને અંધારે કૂટાય છે, માટે આ કરો કે સામાના આશયનો, કલ્પનાનો ખ્યાલ મેળવો, અને આપણા આશય, આપણી કલ્પના એને સમજાવો. દિલ સરળ, સ્વચ્છ અને ઉદાર રાખશો તો આ બનાવવું સહેલું છે; અને એ બનાવ્યાથી કેટલાંય વાતાવરણ સુધરી જશે, ને કેટલાંય અનર્થોથી બચી જવાશે.

શ્રાવસ્તિના રાજપુરુષો રાજાની કલ્પનાથી સાવ અજાણ છે, તેથી ધનકુમારની સાથે કેદમાં સબડી રહ્યા છે, મુખ્ય ગુનેગાર મનાતો રાજા શ્રાવસ્તિમાં બેઠો છે; પાછો વિશ્વાસમાં રહ્યો છે કે મારા માણસો ધનકુમારને લઈને પહોંચાડવા જઈ રહ્યા છે. આ લોકો અહીં કેદમાં હાલ તો અમર્યાદિત મુદત માટે જકડાઈ ગયા છે. કોણ પરિસ્થિતિ સમજાવે ? ને કોણ છોડાવે ?

**મર્યા પછી કઈ કાયાની કેદમાં ? :-**

સંસારમાં આવું ચાલે છે. મૃત્યુ પછી કઈ કાયાની કેદમાં પૂરાયો એનો કોણ પત્તો લગાડે છે ? છાતીફાટ રૂદન કરનારા છે, ઝૂરી મરનારા છે, પણ લાવ, ઉપવાસો કરી દેવની આરાધના કરું અને સીમંધર ભગવાન પાસે પૂછાવરાવું કે મારા સ્નેહી કઈ કાયામાં કેદ પૂરાયા.'- એવું કરનાર કોણ છે ? ત્યારે, પેલો જીવ જ્યાં ગયો ત્યાંની પરિસ્થિતિ અહીં કોણ કહેવા આવે છે ? બસ, એ ત્યાં; અને આ સ્નેહી અહીં. અરસપરસની ખબર પડતી નથી, એટલે કોઈ કોઈને સહાય કરવા જતું નથી. જીવનભર શરણ માનેલા શરણ ન બનવાથી અંતે અશરણ, નિરાધારતા આવીને ઊભી રહે છે. સંસારમાં આવી કરુણ સ્થિતિ નજરે નિહાળવા મળે છે, છતાં સંસાર પર આસ્થા-આકર્ષણ કેવું ? કાયાની કેદમાં કેઈ દુ:ખો અને સંતાપો અનુભવવા પડે છે, છતાં એ કેદનો ખટકો સરખો છે ? 'અરે હું અરૂપી અને અનંત સુખ-શક્તિનો ધણી આત્મા આ કાયકેદમાં ? આવી કેદો ક્યાં સુધી ચાલશે ? ક્યારે એનો સમૂલ અંત આવશે ?' આવો કોઈ આર્તનાદ ઊઠે છે ? હૃદય કકળાટ અનુભવે છે ? ક્યારે અનુભવે છે ? સવારે કે બપોરે એકમેકે પાંચમે ? સુખમાં કે દુ:ખમાં ? ના, **દુ:ખ આવે તો ય કકળાટ દુ:ખનો છે, કાયાની કેદનો નહિ ! મૂળમાં જ વાંધા ! દુ:ખો મૂળે કાયાની કેદ પર તો ઊભાં થાય છે, છતાં એના પર ગ્લાની નહિ ?**

ધનકુમાર અને સાથેના માણસોને ચંડસેન રાજાએ કેદમાં પૂરી રાખ્યા છે; સમજે છે કે ''નાક દાબ્યાથી મોં ખૂલે. છોકરાને દવા પાવી હોય અને મોઢું ન ખોલતો હોય તો મોં નાક દાબે છે. એમ અહીં આ માણસોને પૂરો કેદમાં, એટલે શ્રાવસ્તિનો રાજા એની મેળે કહેશે 'લો આ ધન પાછું, ને એમને છૂટા કરો.'

એમને એમ એ સીધો નહિ ઊતરે.'' આ સમજથી પેલાઓને કેદમાં પૂર્યા છે.

**આર્યસંસ્કૃતિનું આશ્વાસન :-**

કોના વાંકે કેદ ? પોતે કાંઈ ગુનો તો કર્યો નથી; છતાં કેદ ? પણ આ દુનિયામાં ક્યાં હિસાબ છે, કે ગુનો કરે તે જ સજા પામે ? આજે તો જેના અંગે ગુનો સાબિત થાય એને દંડ થાય છે. ગુનેગાર છતાં કેટલીકવાર બાહોશ વકિલ, પૂરાવા અને સાક્ષી વગેરેના જોર પર એ નિર્દોષ જાહેર થાય છે ! જ્યારે બિનગુનેગાર તેવી સામગ્રીના અભાવે ગુનાહિત ઠરે છે, સજા પામે છે ! આની પાછળ કયું તત્ત્વ કામ કરી રહ્યું છે ? એજ કે પૂર્વ ભવનાં કરેલાં કર્મ અહીં ફળ આપી રહ્યાં છે. આર્ય સંસ્કૃતિ પામેલાને આ કેટલું સુંદર આશ્વાસન મળ્યું છે ! એ આશ્વાસન હૈયે ધર્યાથી ચિત્તને શાન્તિ મળે છે. મનને એમ થાય છે કે,

ખેર ! અહીં તો હું તત્કાલનો અપરાધી નથી, પરંતુ પૂર્વના કેઈ ભવોનાં કર્મ લઈને આવેલો છું એમાંથી કોઈક દુષ્કર્મનું આ ફળ મને મળી રહ્યું છે. એ હિસાબે મારા અપરાધની જ મને આ સજા છે, ત્યારે વર્તમાન જીવનની પણ મારી દશા જોઉં તો અપરાધો ક્યાં ઓછા છે ? વાણીથી કેટલાયને દુભાવું છું, કેટલુંય અનુચિત બોલું છું. મનથી કેટલાય ખોટા લોચા વાળું છું, કોઈ ક્રોધ-લોભ કેઈ પ્રપંચ-અહંત્વની વિચારણાઓ કરું છું, કાયાથી ય કેઈ દુષ્કૃત્ય કરી રહ્યો છું... આ ઉત્તમ જીવનમાંય જો આ અપરાધો, તો એ સૂચવે છે કે પૂર્વના હલકા જીવનોમાં તો કેઈ ભારે અપરાધો મેં કર્યા હશે. ભલે જીવનો જુદા જુદા, પણ એને જીવનારો તો હું એનો એ જ એક આત્મા છું ને ? પછી મારું કરેલું મારે વેઠવું પડે એમાં શી નવાઈ ? ફિકર નહિ, આ રીતે દુઃખ વેઠી લેવાથી પાપ કર્મ રવાના થાય છે; અને નવાં પાપ ઊભાં ન કરવા સાવધાની મળે છે. તો હવે જીવનમાંથી અપરાધો ઓછાં કરું. વિચાર-વાણી-વર્તાવ ત્રણેયને પવિત્ર અને ધર્મપરાયણ રાખ્યા કરું.

**પરિવ્રાજક ચોર પકડાય છે :-**

ધનકુમાર અને સાથેના રાજમનુષ્યો કેટલાક દિવસોથી જેલની અંદર મહાદુઃખમાં પડ્યા છે, ત્યાં એક આકસ્મિક પ્રસંગ બને છે. ભાગ્ય બનાવે છે; માણસની ધારણા કે પ્રયત્ન શું કરી શકે ! રાજા ચંડસેનના સિપાઈઓએ રાત્રિના એક મહાચોરને મુદ્દામાલ સાથે પકડ્યો. ચોર પરિવ્રાજક સંન્યાસીના વેશમાં હતો, અને રાતના ભમતો હતો એને પકડીને લઈ ગયા મંત્રી પાસે અને ચોરીનો માલ બતાવી ચોર તરીકે રજુ કર્યો.

મંત્રી આશ્ચર્ય પામે છે; અરે ! વેશ સંન્યાસી સંસારત્યાગીનો, અને ચોરી કરે છે ! એક સદ્‌ગૃહસ્થ પણ ચોરીઓ ન કરે, તો આ તો સંન્યાસી, છતાં આવા



અધમાધમ ધંધા કરે એને બીજું શું અકરણીય હોય ?' **માણસ વટલ્યો એટલે કેટલી ભૂંડાઈ આદરે એનું માપ નહિ.** મંત્રી વિચારે છે આને તો છેલ્લી જ સજા હોય એમ વિચાર કરીને તરત જ એનો વધ કરી દેવાની આજ્ઞા ફરમાવી દે છે.

જો જો પ્રસંગ બને છે તે શું થશે. એની એકદમ કલ્પના કરતા નહિ. જગતમાં કેવી કેવી ન ધારી ઘટનાઓ બને છે તે જોવા જેવું છે. જાણવું શા માટે ? કૌતુક પોષવા માટે નહિ, કિન્તુ એમાંથી ભાવના બળ મેળવવા. એ ભાવના કઈ ? સંયોગોની અનિત્યતાની; કર્મની વિચિત્રતાની, મોહવશતાની ભયંકરતાની...ઇત્યાદિની ભાવનાઓ.

અહીં જ જુઓ કે શ્રાવસ્તિના રાજાના માણસોને જેલ મળી છે ત્યારે પરિવ્રાજકને વધની સજા ફરમાવાય છે ! ચોરીનો માલ તો બંને પાસેથી નીકળ્યો હતો, પછી સજામાં ફરક કેમ ? બસ. અહીં કર્મની વિચિત્રતાનું જબરદસ્ત સમાધાન છે તો એની ભાવના ભાવી શકાય. આ પણ વિચિત્રતા જ છે ને કે ધનકુમાર વગેરે નિરપરાધી છતાં જેલમાં પૂરાય ?

**પરિવ્રાજકની વધયાત્રા :-**

બસ, પરિવ્રાજકને વધની સજા ફરમાવાઈ એટલી જ વાર, તરત જ રાજપુરૂષોએ એને શરીરે મેશ-ગેરુ-રાખ વગેરે લગાડ્યા, ગળામાં કોસિયાની માળા ઘાલી, કપડાં ઊતરાવી નાખ્યા. લાંબી લટકતી કણેરની માળા રખાવી એના માથે સૂપડાનું છત્ર ધર્યું, અને એને ધોળા ગધેડા પર ચડાવ્યો. હવે એને લઈ ચાલે છે ત્યારે સાથે ડિંડિમ પીટાય છે કે આ આવી રીતે ચોરીના માલ સાથે પકડાયો છે અને ચોરી કરવાના બદલામાં એનો વધ કરી નાખવા લઈ જવામાં આવે છે. ડિંડિમના અવાજથી લોકો આવી આવીને ભેગું થાય છે, આ વરઘોડામાં ભળતું જાય છે. તમાસાને તેડું નહિ, હમણાં ધર્મની વસ્તુ હોય તો છતે તેડે પણ ભેગું થવું મુશ્કેલ ! અહીં તો વધયાત્રાનો વરઘોડો લોકોથી ઊભરાતો ચાલ્યો; ને શહેરના દક્ષિણ ભાગમાં બહાર ભયંકર વધસ્થાને આવી પહોંચ્યો.

**વધ-ફાંસી જોવા પાછળ કઈ લાગણી ? :-**

પરિવાજકને વચ્ચે ખડો કરવામાં આવે છે. એ જુએ છે કે પાસે વધ કરનાર ચંડાળ તલવાર કાઢીને ઊભો છે. ચારે બાજુ હજારો માણસો વધ કેમ થાય છે એ જોવા આતુર નયને ઊભા છે. આ જોવાથી લોકોને શું મળવાનું ? શો લાભ થવાનો ? એક જીવતા જાગતા માણસને કેમ મરાય છે એ જોવાની આતુરતા સંતોષાય એટલું જ ને ? પણ એ ખબર નથી કે એ નિરીક્ષણની પાછળ આંતરિક મનોવૃત્તિ કઈ તરફ જઈ રહી છે. પહેલું તો એ જુઓ કે,

**(૧) કોઈને મરાતો જોવા જવાની હોંશ થઈ ત્યાં એનું મરાવાનું રુચ્યું કે ખૂચ્યું ?** ખૂંચે તો તે જોવાની હોંશ હોય ? ધારો કે પોતાનો છોકરો ગુનામાં આવ્યો અને સરકારે એને પચાસ ફટકા મારવાની સજા કરી, તો બાપને શું એ મરાવાનું જોવા જવાનું મન થાય ? ના, કેમ ના ? એ રુચતું નથી, પણ ખૂંચે માટે. ત્યારે જો દુશ્મનને ફટકા પડતા હોય તો જોવાનું મન થાય છે, તો કારણ એ છે કે એ રુચે છે. બસ, એ રીતે કોઈને વધ, ફાંસી વગેરે થતી જોવા જવાનું જો મન થાય છે, તો એની પાછળ શું એ રુચવાનું સાબિત નથી થતું ? હવે એ દેખો કે, 'કરણ, કરાવણ, ને અનુમોદન સરિખાં ફળ નીપજાયો' એ હિસાબે, **બીજાનો વધ જોવાનું રુચ્યું એ માનવની હિંસાની જે અનુમોદના થઈ, તે હિંસા કર્યા બરાબર ફળ આપી શકે કે નહિ ?**

(૨) આ તો પ્રારંભની વાત થઈ, હવે આગળ જુઓ કે જોવા ઊભા થયા ત્યારથી મન શું વિચારશે ? એજ કે આને ક્યારે મારે, ક્યારે મારે...' ? આ કેટલી દુષ્ટવૃત્તિ છે ? પ્રતિક્ષણ મનમાં આ રમ્યા કરે એ તો એવું થયું કે જેમ માંસનો વેપારી પ્રતિક્ષણ ચિંતવ્યા કરે છે કે 'ખાટકી બોકડા ક્યારે મારે, ક્યારે મારે,' ફેર એટલો કે ખાટકીને પૈસાનો લોભ છે, ત્યારે અહીં કોઈની વધ ફાંસી જોનારને જોવાનો લોભ છે, બાકી બંનેને લેશ્યા ભૂંડી છે. પ્રતિસમય ભયંકર પાપનાં પોટલાં બંધાવે ! એકક્ષણમાં તો એવા અસંખ્ય સમય જાય તો અસંખ્ય વાર એવાં પાપોપાર્જન ક્ષણે ક્ષણે !

(૩) આગળ આમાં કામ કરતી લેશ્યા તપાસો એ કેવી કેવી નિષ્ઠુર બનતી જાય છે ! મારનારે તલવાર નો'તી ઉગામી ત્યારે તો 'ક્યારે મારે, ક્યારે મારે' થતું હતું, પરંતુ તલવાર ઉગામ્યા પછી 'એ...એ...એ...મારી' એ...એ...એ...મારી, આ...મારી.' હજી મારી નથી, પણ પ્રેક્ષકનું દિલ આ ઝંખી રહ્યું છે ?

(૪) આગળ વધીને, 'માર, માર, કેમ વાર કરે છે,' આવું પણ મનને થઈ જાય છે ! આ ઘાતકીપણું નહિ તો બીજું શું ? ત્યાં નરકનાં જ ભાતાં બંધાય કે બીજાં ?

**સિનેમા કેમ ભયંકર ? :-**

જેવું આ ખરેખર પ્રસંગ જોવામાં, તેવું સિનેમા-નાટક દેખવામાં શું ? એજ. ભલેને ચિત્રપટ હોવાથી ત્યાં કાંઈ ખરેખર બનવાનું નથી, પરંતુ પ્રેક્ષકના મનની લેશ્યા તો ખરેખર ક્રૂર બને જ છે. એમાં ઘોર પાપની કમાઈ ! જેવો વધ કે ફાંસી, તેવી લડાઈ, અને બીજા તેવા પ્રસંગો જોવામાંય ઘોર પાપની કમાઈ. એવુંજ વિલાસના પ્રસંગો જોવામાંય ઘોર પાપની કમાઈ. એવું જ સ્ત્રીઓનાં સૌંદર્યનાં પ્રસંગો વગેરે જોવામાં પણ કેટલાં બધા ચીકણાં પાપના ભાર વહોરવાના ? બજાર



વચ્ચે પરસ્ત્રી સામે ટગર-ટગર જોતાં અચકાવું પડે; સિનેમામાં ? ધારી-ધારીને જોવાનું બને, એના એકેક અંગોપાંગ જોવાનું થાય તો એમાં કુસંસ્કાર કેવા પડે ? એક બે-કલાકના સિનેમામાં રાગ-દ્વેષ જાગવાના કેટલા થોક પ્રસંગો અને દેખાવો ? કહો ત્યારે સિનેમા એકવાર જોઈને ય શું કમાયા ? પરમાર્થ-પરોપકારમાં ખરચી શકાય એવા નાણાં સિનેમામાં ગુમાવ્યા ? અને બેફામ પાપના થોક લઈ આવ્યા ! ઠેઠ પહેલેથી કહ્યું તેમ વિચારો તો ભયાનકતાનો ખ્યાલ આવે સિનેમા આ ચીજ છે. બોલો જોવાનું મન થાય ? ના, તો આજથી જીવનભર એ ન જોવાની પ્રતિજ્ઞા ને ? કરાવી દઉં ? કેમ વિચાર કરો છો ? સજ્જન માણસને એ જોવાનું મન થાય ? જેને પાપનો ડર હોય એ એવું જુએ ?

**અનર્થ દંડ :-** સિનેમા, નાટક, ફાંસી, કતલખાના, તેવી પ્રયોગ શાળાઓ,... કશું જોવા જેવું નથી. જીવન જીવવા માટે એ કશું જરૂરી નથી, માટે શાસ્ત્ર એને અનર્થદંડ કહે છે. વેપાર, ચૂલો, એ અર્થદંડ; એમાંય પાપ તો લાગે; પરંતુ આ તો અનર્થદંડ, કે જેમાં ઘોર પાપ લાગે અને તે વિના કારણ ! માટે ડાહ્યા હો-માનવ જીવનને માટી કરવા ન ચાહતા હો, તો આ સિનેમા-ફિનેમા બંધ જ કરી દો.

**પરિવ્રાજકને ભારે નીસાસો શાનો ? :-**

અહીં પરિવ્રાજકનો વધ જોવા લોક જમા થઈ ગયું છે. હવે વધની તૈયારી જુએ છે પરિવ્રાજક; ત્યાં એને એક લાંબો નિસાસો પડે છે. લજ્જાથી જનસમૂહને જોઈને એના મનને વિચાર આવે છે કે,

'અહો ! તે મુનિનું વચન અસત્ય કેમ નીવડે ?' કયા મુનિ ? શું વચન ? એ આગળ આવશે, આ વિચારે છે કે હજી પણ મારા માટે આ યોગ્ય છે કે જેનું જેનું ધન મેં આગળ ઉઠાવ્યું છે, તેને તેને તે સંઘળું ધરતીમાં ક્યાં ક્યાં રાખ્યું છે તે કહી દેવું. કેમકે મારે તો જીવનનો અંત આ સામે આવી ઊભો છે, એટલે હું તો એ ભોગવવા રહેવાનો નથી. તો ધરતીમાં એ પડી રહેવાનું. પણ એમ પડી રહ્યાથી એનો એના માલિકને શો લાભ !

**હાર્યો રહે કે બમણું રમે ? :-**

પરિવ્રાજકની વિચારણા પરથી સમજાય છે કે કોઈ મુનિએ એને પાપથી વાર્યો હશે પણ એ અટક્યો નહિ હોય, ત્યારે એને અંતિમ ઘોર આપત્તિની આગાહી કરી હશે, તે હવે એને સાચી પડી દેખાય છે. કેમકે વધની સજાથી વધીને કઈ મોટી આપત્તિ જોઈતી'તી ? આ સ્થિતિમાં એ હાર્યો ગણાય. હવે હાર્યો અટકે છે, ચોરેલા માલ પાછા વાળવા ચાહે છે. આ પણ એક પ્રકારે ભાગ્યોદયની નિશાની છે. એટલે જ કહેવાય કે વાર્યો તો ન રહ્યો, પણ હાર્યો ય રહે એ ભાગ્યશાળી.

બાકી તો હાર્યા ય અટકવું મુશ્કેલ છે. કહો છો ને હાર્યો જુગારી બમણું રમે. એ તો હીનભાગી ગણાય.

**હારવું એટલે શું ?'**

**જીવનમાં હારવાના પ્રસંગો ક્યાં ઓછા મળે છે ?** મમતમાં અમુક પદ્ધતિએ પ્રવૃત્તિ કરવા જતાં પાછા પડવું પડે, એ હાર્યા બરાબર છે. છોકરો કડવી શિખામણને પાત્ર ન હોય અને બાપ શિખામણના કડવા બોલ કાઢ્યે રાખે, તો અંતે પરિણામ ખરાબ આવીને ઊભું રહે છે; બાપને પાછા પડવું પડે છે. એ હારવાનું થયું. અને અંતે શું, પણ વચમાં વચમાં ય તેની ખરાબ અસર નીપજવી ચાલુ હોય છે એ કાંઈ બાપની જીત નથી, હાર જ છે. જેમ આમાં, એમ ધંધામાં, ધાપામાં, ખાનપાનમાં, બીજા સાથેના વ્યવહાર વર્તાવમાં જે પદ્ધતિએ કામ કરતાં અસર ખરાબ નીપજતી જાય એ હારવાનું જ થયું. ત્યાં હાર્યા પછી પણ શું એમ લાગે છે કે હું ભૂલ્યો ? શું લાગે કે મારી પદ્ધતિ ખોટી હતી ? જો યોગ્ય હતી તો પરિણામ કેમ ખરાબ આવ્યું ? પણ ના પોતાની ભૂલ લાગતી જ નથી, ભૂલ બીજાની લાગે છે. સામો લાયક નહિ તેથી ન સુધર્યો એવું લાગે છે, પરંતુ મારી રીત ખોટી હતી એ નથી લાગતું. આનો અર્થ જ એ કે પોતે હાર્યા છતાં પાછા વળવું નથી. અટકવું નથી, ઋતુ ખરાબ હતી માટે તબીયત બગડી એવું લાગે છે, પણ પોતાની ખાનપાનની પદ્ધતિ ખોટી હતી એવું કેટલાને લાગે છે ? ઓહોહો એ જો લાગે તો તો જોઈતું 'તું શું ? પછી ડોક્ટરખાને ન જવું પડે, પોતે જ પોતાનો વૈદ્ય બની જાય. આહાર વિહારની રીત પર પાકો અંકુશ મૂકી દે. પણ ના, આ તો ઝટ દોડશે ડોક્ટરખાને. અને જો ડોક્ટરે ય બિચારો ખાનપાનની ભૂલને બદલે ઋતુના દોષમાં ગયો, તો દરદીને એવી નવી ખાનપાનની ભૂલના ચક્રાવે ચઢાવશે કે અનર્થ વધ્યો. હારવાનું ઓર આગળ વધ્યું ! આ શું થયું ? હાર્યો પણ રહ્યો નહિ, હાર્યો જુગારી બમણું રમ્યો.

જીવનના કોઈ ક્ષેત્રોમાં આવું બની રહ્યું હોય છે કે ખરાબ પરિણામ, ખરાબ અસર નીપજતી હોય છે, અને તે હારવાનું ગણાય. હાર્યા પછી પણ રહે, પાછો વળે, ને રીતરસમ બદલે, એ ભાગ્યશાળી ગણાય.

**ત્રણ જાતના ભાગ્યશાળી :-**

પહેલાં નંબરનો ભાગ્યશાળી તે, કે જે સ્વયં અનુચિત માર્ગે નથી જતો. બીજા નંબરનો ભાગ્યશાળી તે, કે જે બીજાનો વાર્યો અનુચિત માર્ગે નથી જતો, ત્યારે ત્રીજા નંબરનો ભાગ્યશાળી આ, કે જે વાર્યો તો ન રહ્યો પણ હાર્યો ય રહે, અનુચિત માર્ગ પદ્ધતિ વગેરેને સમજ્યો અને હવે બંધ કરી. જો આ પણ નહિ,



તો કમભાગી ગણાય.

ત્યારે, **માનવજીવન તો એક પ્રયોગશાળા છે.** એમાં હારીને ય અટકી જવા અને ખરા મુદ્દા પર સુધારાની ચોંટ લગાવવા અનેક તક મળે છે; સુધારાનો પ્રયોગ શરૂ કરી શકાય છે. એવા વિવિધ ક્ષેત્રના પ્રયોગ આત્માને ક્રમશઃ ઉન્નતિ આપતા જાય છે. એજ સાચું ભાગ્યશાળીપણું છે. આ જો ન આવડ્યું તો અનેકવાર હાર્યા પછી પણ ઊંધા પ્રયોગ કરતા રહેવાશે અને ભારે પછાડ ખાવાનું બનશે; જેને હીનભાગીપણું ન કહેવાય તો બીજું શું કહેવાય ? **માનવજીવનની પ્રયોગશાળામાં સમજ અને વિવેકપૂર્વક એવા સુધારા કરતા ચાલો કે જેથી the sublimity of the soul- આત્માનાં ઊર્ધ્વીકરણ સાંપડતાં રહે.**

પરિવ્રાજક હવે હાર્યો રહે છે, મુનિનું વચન યાદ કરે છે, ને અત્યાર સુધી રકમબંધ કરેલી ચોરીઓનો માલ બતાવી દેવા વિચાર કરી લે છે. જો જો એમ કરીને વધની સજાની માફી મળશે એ અપેક્ષા નથી; પરંતુ પોતાની પ્રવૃત્તિ ખોટી હતી એમાંથી પાછા વળી જવું છે.

**અર્જુનમાળી** હારીને પણ પાછો વળી ગયો. પોતાની સ્ત્રી સાથે છ ગોઠિયા, પોતાને બાંધીને ક્રીડા કરતા જુએ છે તેથી ભારે ગુસ્સે થઈને યક્ષને ઠપકો આપે છે, 'હું તારો પૂજારી, ને તું આ મારી દુર્દશા જોઈ રહે છે ?' પછી યક્ષ એના શરીરમાં ભરાણો. બસ, દૈવી બળથી બંધન તોડી મોટી મોગર ઉપાડી સાતેયના ભુક્કા કરી નાખ્યા. પછી તો રોજ ૬ પુરુષ અને ૧ સ્ત્રીને મારે છે. કેવો કોપનો દાવાનળ ! એમાં એકવાર શ્રાવક સુદર્શનને દેખી મારવા દોડે છે. પણ આ તો પ્રભુ મહાવીરદેવને વંદન કરવા જઈ રહ્યો છે, તે આ ઉપસર્ગ દેખી તરત ત્યાં જ ઊભો રહી શક્રસ્તવથી પ્રભુને વંદના કરીને અંતિમ આરાધનામાં લીન બને છે. યક્ષ સુદર્શન શેઠના ધર્મના પ્રભાવે ઠેકાણે આવી ગયો, ધર્મ ઓજસને સહન ન કરી શક્યો ! શરીરમાંથી દેવ નીકળી ગયો કે આ અર્જુનમાલી નીચે પડ્યો. સુદર્શને વસ્તુસ્થિતિ સમજાવી કહે છે, 'આવો ઉત્તમ મનુષ્ય ભવ પામ્યા પછી પાપ ?

પેલો કહે છે મેં પાપની કમીના નથી રાખી ! મારું શું થશે ?'

મહાવીર પરમાત્મા અનેક આત્માઓને છોડાવીને મોક્ષમાં પહોંચાડનાર આપણે આંગણે પધાર્યા છે. ભગવાન પાસે ભલભલાનું સુધરે છે; તો તારું કેમ નહિ સુધરે ?'

સમોવસરણમાં એને લઈ ગયા. દેશના સાંભળી, પલટી ગયો. કરેલા દુષ્કૃતનો ઘોર પશ્ચાત્તાપ કરે છે, ઉગ્રધર્મ કરવા તત્પર બને છે. હાર્યો પાછો વળે છે. જેટલા જોસથી પાપ કર્યું છે હવે એટલા જ જોસથી ધોઈ નાંખે છે.

પાપ કરતી વખતે હોંશ, જોર અને વેગ ! અને ધર્મ કરતી વખતે ઢીલી પોચી નીતિ ? નિંદા-વિકથા કરવા જાગ્રતિ ! અને નવકારવાળી વખતે ઝોકા ! ખાવા વખતે એક રસ ત્યાં કોળિયો નાકમાં જાય ખરો ?

**પરિવ્રાજક માલના સ્થાનો બતાવે છે :-**

પરિવ્રાજક રાજાના માણસોને કહે છે, 'જુઓ, મારા સિવાય બીજા કોઈએ આ નગર લૂંટ્યું નથી; બધી ચોરીઓ મેં કરી છે; અને એ ચોરેલું બધું દ્રવ્ય અહીં નગર પાસે જ પડ્યું છે. બગીચા, શૂન્ય દેવળો, પર્વત અને નદી તીરોને વિષે અકબંધ ભૂમિસ્થ દાટેલું પડ્યું છે. હવે મારે મરવાનું જ છે તો હું તમને કહું છું. જાઓ તે તે દ્રવ્ય ત્યાં ત્યાંથી લઈને જેનું જેનું તે હોય તે તેને તેને સોંપી દો. મૂકેલા દ્રવ્યના સ્થાનોના આ આ નિશાન છે તે મુજબ લઈ આવો, ધણીને સોંપી દો અને પછી મને મારી નાખો.'

આમ કહીને એણે કયા કયા સમયે કોનું કોનું ચોરેલું તે સામાને વિશ્વાસ પડે એ રીતે બતાવ્યું, તેમજ દ્રવ્યના સ્થાનોની નિશાનીઓ પણ દેખાડી.

રાજપુરુષો સાંભળીને ચકિત થઈ ગયા ! સીધા ઊપડીને ગયા મંત્રી પાસે, અને આ હકીકત રજુ કરી. એ સાંભળતાં મંત્રીને પણ વિશ્વાસ બેઠો.

મંત્રીએ તરત જ વિશ્વાસુ માણસો પાસે તે પ્રમાણે બધા દ્રવ્યની તપાસ કરાવી; અને બરાબર ચોરાયેલો માલ મળી આવ્યો. જેનું ઉપાડી જ્યાં દાટેલું બતાવેલું, તેનું ત્યાંથી જ મળી આવ્યું. માત્ર ન મળવામાં પેલું રાજાનું અલંકાર, જે શ્રાવસ્તિના રાજપુરુષો પાસેથી મળી આવ્યું હતું.

મંત્રી બધું દ્રવ્ય મળી આવ્યું જોઈ ખુશ તો થયો પરંતુ એને એક ચિંતા ઊભી થઈ કે પેલું રાજાનું કિંમતી અલંકાર પેલા પકડાએલા માણસો પાસેથી કેવી રીતે મળી આવ્યું ?' સજ્જન હૃદય છે ને, એટલે એને એમ લાગે છે કે ચોર તો આ છે, ત્યારે પેલા માણસોને બિચારાને આજ સુધી જેલમાં જકડી રાખવા પડ્યા એ એક વિચારણીય પ્રશ્ન બની ગયો.

મંત્રી વિચાર કરીને પરિવાજક વેશધારી ચોરને બોલાવે છે. અને કરુણા-ભર્યા દિલે વિનયપૂર્વક પૂછે છે,

'મહાનુભાવ ! આ તમારા વેશ અને સ્વભાવથી વિરુદ્ધ એવા આચરણથી મને આશ્ચર્ય થાય છે. તો સ્પષ્ટ શબ્દમાં કહો કે આ પરસ્પર વિરુદ્ધ શું ?' વેશ ત્યાગનો છે, અને સ્વભાવ મરવા પહેલા બધાનું દ્રવ્ય પાછું પહોંચાડવાની ઉત્તમતાનો છે. વેશ અને સ્વભાવ બંનેય ઉત્તમ, પરંતુ આચરણ ચોરીનું ! એક કોયડો છે.

વેશ પરિવ્રાજકનો, અને કાર્ય ચોરીઓનાં ! આ એક કોયડો. જગતમાં આવા



કેઈ કોયડા ચાલે છે. આપણા જ જીવનમાં જુઓને કે કોઈ કોયડા છે કે નહિ ? પોતાની જ પ્રવૃત્તિઓમાં પરસ્પર વિસંવાદ થાય એવી પ્રવૃત્તિ ચાલે છે ને ?

**વિસંવાદના દાખલા :-** સ્નેહીને શબ્દ મીઠાં પીરસ્યા કે 'તમારાથી ક્યાં જુદાઈ છે ?' ને વર્તાવ બરાબર જુદાઈનો કર્યો-આ વિસંવાદ એ જ કોયડો.

નાનાને શિખામણ દેવાના પ્રસંગમાં તો સારી-સારી વાત કરો છો કે 'ભાઈ ! જમવામાં ધ્યાન રાખવું, જમણ પારકું છે, પેટ પારકું નથી. પેટ બગડ્યું તો પોતાને જ વેઠવું પડે.' શિખામણ તો આ, પણ પછી પોતે કોઈ મનમાન્યા જમણ પર બેઠા પછી ? 'હં જરા ઠીક છે, થોડું જવા દો વધારે' આ કોયડો જ ને ? અરે ! તમારી શિખામણ કઈ ? અને વર્તાવ કયો ?

બજારમાં બે-ચાર વાર થપ્પડ ખાધી હોય, એટલે મનમાં નક્કી કર્યું કે હવે જરાય સાહસ ન કરવું. બીજાને પણ એ જ કહેવાનું. પરંતુ પાછા બજારમાં મોકો દેખ્યો કે દાવ લગાયો જ છે ! કેવો વિસંવાદ ? ક્યાં તમારો નિર્ધાર અને ક્યાં પ્રવૃત્તિ ?

કહેવાનું કે 'આપણને નિંદા નથી ગમતી કોઈની નિંદા શા માટે કરવી ? નિંદા તો મહાદુર્ગુણ છે, એનો દુન્યવી પણ કોઈ લાભ નથી...' વગેરે પરંતુ પાછું સાથે જ કહેશે ફલાણા ભાઈને નિંદા બહુ કરવા જોઈએ. ઢીંકણા ભાઈની તો વાત જ કરો ના. જેનું તેનું કાપતા જ ફરે.' શું આ ? નિંદાના ત્યાગની વાતમાં જ બીજા નિંદકની નિંદા ! કોઈનું ઘસાતું બોલવું એ નિંદા જ છે ને ? આ થયો વિસંવાદ કે નિંદા ખોટી કહેવી ને પાછી કરવી !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૪૧,તા.૧૬-૭-૧૯૬૦

એમ, પોતાના છોકરાને એ શિખવાડશે કે બાપની પ્રત્યે આવો આવો વિનય, મર્યાદા આમન્યા આજ્ઞાપાલન હોવું જોઈએ. પણ પાછું પોતાના જ બાપની વાત આવે ત્યારે એ નહિ ! ત્યાં તો કહેવા માંડશે કે 'બાપે દિકરા પર આવો આવો પ્રેમ દાખવવો જોઈએ, મોટા છોકરાને એકદમ હુકમ ન કરાય, સલાહ કરીને પછી બોલાય અથવા છોકરાની ઈચ્છા પર છોડવું જોઈએ.' શું આ ! વિસંવાદ. કોયડો જ છે ને કે બાપ તરીકે પૂજાવાની ઈચ્છા છતાં પોતાના બાપને પૂજવાનું કેમ નહિ ?

**આથર બદલ્યાં પણ ગધેડાં એનાં એ :-**

આવા આવા તો કેઈ વિસંવાદ જીવનમાં ચાલી રહ્યા છે. આમાં આત્મા ક્યાંથી ઊંચો આવે ? ભલે ને ભવ ઉચ્ચ માનવનો ભવ મળ્યો પરંતુ વાણી-વિચાર

-વર્તાવમાં જો સંવાદિતા નથી, એકરૂપતા નથી, ઠેર ઠેર વિસંવાદ છે, તો તો આવો ઊંચો ભવ એટલે માત્ર ખોળ બદલી પણ ઓસિકું તેલિયું મેલુંદાટ એનું એ જ ને ? કાયા ફેરવી, પણ આત્મા તો એનો એજ મેલોદાટ. કહેવત છે ને કે કુંભારે ગધેડાનાં આથર બદલ્યાં, પણ ગધેડાં તો એના એ જ વિવેકહીન !

**ભાષણ ગુણોના, અને વર્તાવ અવગુણના !**

**લેક્ચર સેવા-પરોપકારના, અને વર્તન સ્વાર્થ સાધુતા અને ઉદરંભરિતાના !**

**વેશ વેપારીના, અને ધંધા લૂંટારાના !** કેવો વિસંવાદ ! વેશ્યા માટે કહેવાય છે કે એના ખોળામાં કોઈ, આંખ બીજા કોઈની સાથે, અને મનમાં વળી ત્રીજો જ કોઈ !

બસ, જીવનમાં વિસંવાદ-વિસંવાદ ને વિસંવાદ ! શો એવો કોઈ નક્કર લાભ મળે છે ? ઊલટું પ્રતિષ્ઠાને ધક્કો લાગવો, વિશ્વાસ ગુમાવવો, વગેરે કેઈ નુકસાન ઊભા થાય છે. ત્યારે કદાચ તુચ્છ લાભ મળે એની શી કિંમત છે, જો સંવાદિતા જેવા મહાન ગુણની સાધના ચૂકાય ?

**સંવાદિતાના લાભ :-**

સંવાદિતા તો એક મહાન ગુણ છે. જેવો વેશ જેવી વાણી, જેવો હોદ્દો, તેને છાજતો વર્તાવ એ સંવાદિતા છે. એ એક મહાનગુણ છે. અહીં એક પ્રશ્ન થશે,

**પ્ર.**- તો તો ચોરનો વેશ, ગુસ્સાખોરી વાણી, વગેરેને છાજતો વર્તાવ અર્થાત્ સંવાદિતા રાખવી એ ય શું ગુણ છે ?

**ઉ.**- ના, કેમકે ત્યાં તો પાયો જ ખોટો છે. મૂળમાં તેવા વેશ-વાણી એજ અનુચિત છે. પછી એની સંવાદિતા એટલે તો ચોરીના ધંધા ગુસ્સા ભર્યો વર્તાવ; એ ગુણરૂપ ક્યાંથી હોય ?

બાકી તો, આર્ય વેશને, આર્યત્વની વાણીને, અને માતા-પિતા, ગુરુ વગેરેના હોદ્દાને છાજતો વર્તાવ એ સંવાદિતા છે. એ જાળવવામાં માયા નથી રમવી પડતી, બોલવાનું કાંઈ, ને ચાલવાનું ઊલટું, એમાં તો માયા ખેલવી પડે છે, હૃદય અપવિત્ર રહે છે. પવિત્ર હૃદય વિના મોક્ષ મળી શકે નહિ; હૃદયની પવિત્રતા પહેલી જરૂરી છે. એથી મોક્ષ માર્ગની મહાન સાધના સુલભ બને છે. એમ સંવાદિતા પર લોકનો વિશ્વાસ મળે છે. પોતાને કોઈ ચિંતા નથી રહેતી કે મારા વિરુદ્ધ વર્તાવમાં હું પકડાઈ ગયો તો ? સંતાપ નથી રહેતો કે 'હાય ? હું બોલ્યો શું ને વર્ત્યો કેવું ઊંધું ?' વિસંવાદિતામાં તો એના પર ઢાંકપિછોડો કરવા માટે પાછા પ્રપંચ રમવા પડે છે; સંવાદિતાવાળો નિશ્ચિન્ત સરળ વ્યવહાર રાખી શકે છે.

**જીવનમાં વિસંવાદ શાથી ? :-**



ચોર પરિવ્રાજકે ઘણું ઘણું છૂપાવ્યું. પણ અંતે પકડાઈ ગયો. હવે મંત્રી એને પૂછે છે વેશ પરિવ્રાજકનો અને વર્તાવ ચોરનો, આવું પરસ્પર વિરુદ્ધ કેમ ! વિસંવાદ શાથી ? પરિવ્રાજક કહે છે,

**नत्थि खलु विसयलुद्धाणं अवरोप्पर विरुद्धं ।**

**વિષયોના લોભિયા જીવોને પરસ્પર વિરુદ્ધ જેવું કાંઈ છેજ નહિ.'** એને તો એક લક્ષ છે કે વિષયસુખો અને એની સામગ્રી કેમ મેળવું. પછી એ મેળવવામાં જેટલું અને જે કાંઈ કરવું પડે એ બધું ઠીક જ લાગે છે, વિરુદ્ધ કશું લાગતું જ નથી. વિસંવાદના દૃષ્ટાંત જોયાં એમાં મૂળમાં વિષયલોભ જ કામ કરી રહ્યો છે; અને એ લોભની અન્ધતા ચીજ એવી છે કે પોતાને વિસંવાદનું અર્થાત્ વિરુદ્ધતાનું ભાન પણ નથી થવા દેતી. વિરુદ્ધ આચરણ છોડવાની વાત તો હજી પછી છે, પણ એવા આચરણમાં કાંઈક ખોટું થઈ રહ્યું છે એટલું મનને લાગવાની પણ વસ્તુ ક્યાં છે ? ખોટાને ખોટું માનવાનું જો નથી તો એ છોડી દેવાનું તો બને જ શાનું ? કોણ કરાવે છે આ ? વિષયલોભ, વિષયરસાસ્વાદ મેળવવાની જ એક લગની, ચોક્સાઈ અને ઉદ્યમ.

જુઓ, એક જમવાની ક્રિયામાં પણ કેટલી બધી ચોક્સાઈ છે, કોળિયો મોંને બદલે નાકમાં જતો નથી, દાળને બદલે પાણીમાં બોળાતો નથી. અમુક પાપ કરવા સ્ફૂર્તિ, જોશ, અને જાગ્રતિ છે, સેંકડો હજારોના ભોગ આપવા તૈયારી છે; પણ ધર્મની વાત આવે ત્યાં ઢીલાઢફ ! ત્યાગ અને તપની વાત આવે એટલે જાણે કીડીઓ ચઢે છે, આમાં આત્માનું દાળદર શું ફીટે ?

**વિષયોમાં જેટલી સ્ફૂર્તિ, જોસ, જોર, જાગ્રતિ છે, એને બદલે ધર્મમાં જો એટલી સ્ફૂર્તિ, જોર, જોસ, જાગશે તો મોક્ષ હાથમાં છે,** અર્જુનમાલી આ જોસમાં છે, ઊભો થઈ ગયો ! હવે ચારિત્ર વિના ધર્મનો જોશ નહીં કરાય. અહીં પરિવ્રાજકને મારવાની તૈયારી છે. મુનિનું વચન બરાબર આવી ઊભું રહ્યું. 'મારે હવે આ બધા ધન-માલ પાછા ભળાવી દેવા જોઈએ.' એમ એને લાગ્યું.

**વિષયલંપટ પુત્રનો દ્રોહ :-** વિષયલંપટતા સગા બાપનો પણ દ્રોહ કરાવતા અચકાતી નથી. જુઓ પ્રભુના ભક્ત શ્રેણિક અને કોણિક. ચેલણા રાણીએ ઉકરડે એકલા મુકાવેલ કોણિકને બાપે બચાવી લીધો તો એણે બાપને જેલમાં પૂર્યા. એટલું જ નહિ પણ રોજ ઉપરથી પચાસ ફટકા મારવાનું કર્યું ! રાજ્યમાં બધાઓને ફોડી નાંખ્યા હતા. પછી બાપની હાજરી લે છે. 'ક્યાં સુધી રાજગાદીએ ચીટકી રહેશો ?'

શ્રેણિક કહે છે 'વાચાળ ! કોની આગળ બોલે છે ?' વિશ્વાસ છે, 'અમલદારો, લશ્કર વગેરે મારા છે !' બે શબ્દ કડવાં કહ્યા એના પર કોણિકે ગોઠવી રાખ્યું હતું,

રાજાને પકડાવી કર્યા જેલ ભેગા, રાજાના મનમાં હતું કે 'કોણ મને પકડનાર છે !' પણ પેલાએ લોભ કર્યો તેનું ઈનામ જેલ, ને અભિમાન કર્યું એના ફટકા આપ્યા. જ્ઞાનીઓ જ્યારે કહે છે આલોકમાંય આવા કિસ્સા બને છે, તો વિચારવા જેવું છે કે

કર્મના સામ્રાજ્યમાં વિષયલોભની સજા સંસારની જેલ, અને અભિમાનની દુઃખ-ત્રાસ મળે એમાં શી નવાઈ ?

કોણિકે વિષય લોભે બાપનો દ્રોહ કર્યો, છ ખંડ જીતવા ધાંધલ કરી અંતે છઠ્ઠી નરક ભેગો થયો.

**વિષયલંપટ બાપનો દ્રોહ :-** આ તો દીકરાના દ્રોહની વાત થઈ પણ દીકરો જ દ્રોહ કરે એવું નથી, બાપ પણ વિષય લોભમાં દ્રોહ કરે છે. **કનકકેતુ** નામે રાજા, 'છોકરો મોટો થશે ને રાજ પડાવી લેશે, માટે એને રાજ્યનો નાલાયક થાય તેમ કરવું' એમ નક્કી કરેલ છે. ક્રૂર-નિષ્ઠુર રાજાએ, જેમ જેમ છોકરાં થયા તેમ તેમ કોઈનો કાન, કોઈની આંગળી, વગેરેને છેદાવે ગયો. રાજ્ય-સિંહાસન પર બેસવા અક્ષત અંગ જોઈએ. અહીં એકેય ને તેવા નથી રહેવા દેતો. અંગ છેદાવી નિશ્ચિન્ત બને છે. આ તે બાપ કે સાપ ? બાપ કે પાપ ?

**પોતાના સ્વાર્થ ખાતર જેને સગા છોકરાની દયા નહીં એ બાપ કે સાપ ?**

મહાપુણ્યે જીવ જૈન કુળમાં આવી ગયો; હવે એને કર્મરાજાની ચક્કીમાં ફેંકનારો બાપ 'બાપ' કહેવાય કે શું ? પોતાના સ્વાર્થની ખાતર કોઈ દયા નહિ કે આ બિચારો સદ્‌ગતિને લાયક નહિ રહે તો એનું શું થશે ?

**વિષયાંધ પત્ની :- સૂર્યકાંતા** પ્રિય રાણી કહેવાય તેણે પતિ પ્રદેશી રાજાને વિષય લોભમાં ઝેર આપી દીધું. કેમ ? પતિ હવે ધર્મિષ્ટ બન્યો છે, માટે મારે નકામો છે.

**વિષયાંધ પતિ :-** સમરાદિત્યના બીજા ભવમાં આવી ગયું સોમાને પતિએ વિશ્વાસમાં લઈ કહ્યું ઘડામાંથી લાવ ફૂલની માળા ! પેલી લેવા ગઈ, તો અંદરના સાપે ડંખ માર્યો; મરી ! સોમા ધર્મિષ્ટ બની હતી તેથી હવે પહેલાના જેવા ચાળા કરવા નહોતા ગમતા એટલે પતિએ બીજી પરણવા આનો નિકાલ કર્યો.

વિષયના લોભિયા જીવને સારા દરજ્જાથી, વેશથી, સગાઈથી વિરુદ્ધ યાને અણછાજતું કરતાં વિચાર નથી આવતો. પરિવ્રાજક કહે છે, મંત્રીશ્વર ! પૂછો નહીં. અંતરમાં જ્યાં સુધી વિષય-તૃષ્ણા, વિષય-મમતા બેઠી છે, ત્યાં સુધી પૂછવા જેવું નથી કે આવું અનુચિત વિરુદ્ધ વર્તન શાથી ? આવો ચોરીઓ જેવો મલિન વર્તાવ કેમ ?'

પાણીનો બંધ ખોલ્યો એટલે પાણી પૂરપાટ દોડી આવે જ. નબળી હોજરીએ



ખૂબ કુપથ્યો ખાધા એટલે રોગોનો ધસારો થાય જ. એમ, વિષયોનો લોભ વિકસ્યો, પછી અપવિત્રતા, અનુચિતતા અને અવિવેકભરી પ્રવૃત્તિઓ ઊભરાય એમાં નવાઈ નથી.

આ ઉપરથી એ સૂચિત થાય છે કે જીવનમાં જો પવિત્રતા, ઉચિતતા, અવિસંવાદ વગેરેનો ખપ છે, તો વિષયગૃદ્ધિ, વિષયોની લંપટતા નહિ નભાવાય. અજવાળું-અંધારૂં બંને સાથે નહિ રાખી શકાય.

**પ્ર.-** ત્યારે શું જીવનમાં પવિત્રતા ઔચિત્ય વગેરે જે સાચવે છે એનામાં વિષય લોભ હોતો જ નથી ?

**ઉ.-** અલબત્ત, એવો વિષય લોભ એને નથી હોતો કે જે એને પવિત્રતા, ઔચિત્ય વગેરે ચૂકાવે. અર્થાત્ કહો કે એને વિષયોની ઇચ્છા હોઈ શકે, પરંતુ લંપટતા નહિ. અહીં લોભ લંપટતાના અર્થમાં લેવાનો છે. એ હોય ત્યાં પવિત્રતા ઔચિત્ય વગેરેની પરવા નથી હોતી; પરવા તો જ રહે કે જો વિષય-ઇચ્છા પર અંકુશ હોય પવિત્રતાદિ મુખ્ય હોય- અને વિષયેચ્છા ગૌણ હોય, મનને નક્કી હોય કે પહેલાં એ ગુણો સાચવવાના, પછી વિષયો. **પવિત્રતા, ઔચિત્ય, કર્તવ્ય જવાબદારી વગેરેના ભોગે વિષયલોભ નહિ રાખવાનો, નહિ પોષવાનો. ઔચિત્ય પર એક દૃષ્ટાંત જુઓ.**

**રામાયણમાં** એક પ્રસંગ આવે છે. એક શ્રાવક રાજા છે, એને નિયમ છે કે દેવ અને ગુરુ સિવાય બીજાને નમું નહિ. બીજી બાજુ એના માથે મોટો રાજા **સિંહરથ** નામે છે; એને કોઈ અવસરે જુહારવા જવું પડે છે. હવે નમવું તો છે નહિ, અને ઉપરી રાજાને નમ્યા વિના ચાલે એવું નથી, તો શું કરવું ? એટલે એણે રસ્તો કાઢ્યો. આંગળીની વીંટીમાં અરિહંત પ્રભુની નાની આકૃતિ રાખી, અને રાજાને નમન કરતી વખતે અરિહંતને ઉદ્દેશીને નમસ્કાર કરવાનું રાખ્યું.

હવે અહીં એવું બન્યું કે વિઘ્ન સંતોષીઓએ સિંહરથ રાજાને ચઢાવ્યો કે આ તમને નમતો નથી, અભિમાની છે, એ તો એના દેવને જ નમે છે.'

બસ ! રાજા ગુસ્સે થયો, વિચારી રહ્યો છે કે 'શું કરું ?' એમાં એક રાત્રે નિર્ધાર કરી લે છે 'હું કાલે સવારે જ લશ્કર લઈ એના પર ચઢાઈ કરીશ અને એનાં કુટુંબ સહિત એનું નિકંદન કાઢી નાખીશ.'

હવે અહીં પેલા જૈન રાજાને એની કશી ખબર નથી; પાછો નાનો રાજા છે, એટલે એકાએક મોટા રાજાનું આક્રમણ થાય તો બચવાનું મુશ્કેલ છે. પરંતુ,

**धर्मो रक्षति रक्षितः**

ધર્મનું આપણે પાલન કરીએ તો ધર્મ આપણું પાલન કરે છે. અહીં રાજાને

રાજ્યાદિ વિષયોનો લોભ છે ખરો, પણ લંપટતા નથી. કેમ કે એની ખાતર સમ્યગ્ દર્શનની મહાપવિત્રતા ગુમાવવી નથી. ઊલટું એ પવિત્રતાને સાચવવા ખાતર એ રાજ્યાદિ વિષયો જતા કરવા પડે તો તૈયારી છે. શી સમજ હશે ? એ જ કે આ સંસારમાં વિષયો મળવાની શી વડાઈ છે ? જરા તપથી લાભાંતરાય કર્મ તોડો તો એ મળી આવે છે. એટલે એ મળવાની મુશ્કેલી નથી, મુશ્કેલી છે સમ્યગ્દર્શનાદિ ધર્મ મેળવવાની; પવિત્રતા, ઔચિત્ય વગેરે ગુણો પ્રાપ્ત કરવાની. એ જો મળ્યા છે, તો એની પરવા પહેલી રાખવાની, પછી વિષયોની.

જુઓ, ધર્મનું આ જતન કરનારા રાજાનું જતન ધર્મ કરે છે. એક ગેબી પ્રસંગ બની આવે છે. સિંહરથ રાજાના નગરમાં બહારથી એક વેપારી આવેલો. તે સંયોગવશાત્ ત્યાંની એક વેશ્યાના મોહમાં પડી ગયો. એમાં એણે કેટલાય પૈસા ગુમાવી નાખ્યા. વિષયલોભ જીવનમાં વિસંવાદ ઊભો કરે છે. જો સમજ છે કે પૈસા પુણ્યથી મળે છે, તો એ સમજના હિસાબે પૂર્વના પુણ્યથી મળેલા પૈસા નવા પુણ્ય કાર્યમાં લગાવવા જોઈએ. પરંતુ વિષયલોભ પૈસાને પાપ કાર્યમાં લઈ જાય છે. આણે વેશ્યામાં કેઈ પૈસા ઉડાડ્યા.

એક વખતે વેશ્યાના જોવામાં તે સિંહરથ રાજાની રાણીના કુંડળ આવ્યા, તેથી એ આ વેપારીની આગળ ઓશિયાળા કરે છે કે 'હું કમનસીબ તે મારે આવા કુંડળ નહિ ! તો શો આનંદ ?'

સ્ત્રી ચરિત્ર ગજબ છે. ભોળો વેપારી બિચારો પ્રાણપ્યારી વેશ્યાનું દુઃખ જોઈ લહેવાઈ જાય છે. કહે છે, 'શું કરું, મારી પાસે એટલું ધન નથી. પરંતુ હું તને એ જ કુંડળ લાવી આપીશ.'

એમ કહીને પછી રાતના રાણીના કુંડળ ચોરવા માટે ઊપડ્યો. મહેલમાં બરાબર એ વખતે પહોંચ્યો કે જ્યારે રાજા રાણીનો સંવાદ ચાલી રહ્યો છે.

રાણી કહે છે 'કેમ કંઈ આજે બહુ ચિંતાતૂર ?'

રાજા કહે છે 'શું કરું ? આ પેલો રાજા મારો ખંડિયો છતાં નમતો નથી. એને તો એના દેવગુરુ જ વંદનીય છે.

પણ તેમાં એટલી બધી ચિંતા શી કે ઉંઘ નથી આવતી ?'

રાજા કહે છે, 'ચિંતા તો ખરી જ ને ? આવો નાનકડો રાજા મને નમે નહિ ? બસ, હવે તો હું કાલ સવારે જ એના પર ચઢાઈ કરીને એને નમાવીશ, અને તેમ કરવા તૈયાર નહિ હોય તો એનો કુટુંબ સહિત ઉચ્છેદ કરી નાખીશ.'

-આ વાર્તાલાપ સાંભળીને પેલો વેપારી વિચારમાં પડી ગયો કે 'અરે ! આ તો મારા સાધર્મિક પર તવાઈ ! એ જાણ્યા પછી હવે મારાથી કેમ બેસી



રહેવાય ? બીજા સત્તર કામ પછી, સાધર્મિકના રક્ષણનું કામ પહેલું.' **જીવનમાં જો પરમાત્મા સાથે પહેલા નંબરનો સંબંધ છે તો એમના અનુયાયીની રક્ષા પહેલી થવી જ જોઈએ.'**

કુંડળ લેવા આવેલો એ હવે ત્યાં જરાય વિલંબ ન કરતાં, ત્યાંથી ઊપડ્યો. રાતોરાત ચાલીને આવ્યો આ રાજા પાસે, એને કહે છે, 'સાવધાન થઈ જાઓ, સવારે તમારા પર આ કારણે સિંહરથ રાજાની તવાઈ છે.' એમ કહીને બધી વિગત કહી.

રાજા ચકિત થઈ જાય છે કે 'અહો ! વેશ્યાનો રાગી છતાં એનું કાર્ય મૂકીને મને આ કહેવા આવ્યો ?'

વેપારી વિષયલોભી હતો છતાં એ લોભ સાધર્મિકની રક્ષાના ઔચિત્યને ગુમાવીને કરવાનો નહિ. ઔચિત્ય પહેલું સાચવવાનું, વિષયો પછી. તમે કહેશો 'આટલામાં એણે શી રક્ષા કરી ?' પરંતુ જુઓ કે એના આ સમાચાર આપવા ઉપર તો રાજાએ રાતોરાત બધી શક્ય યોજના કરી લઈ કિલ્લાના દરવાજા બંધ કરાવી અંદર રક્ષકો ગોઠવી રાખ્યા. સવારે સિંહરથ રાજા ચઢી આવ્યો. આણે દેવગુરુ સિવાય બીજાને નહિ નમવાની પ્રતિજ્ઞા તોડવા ના પાડી. પેલો ઘેરો ઘાલીને પડ્યો છે. એવામાં ત્યાં વનવાસે નીકળેલા રામચંદ્રજી અને લક્ષ્મણ આવી લાગે છે, અને સિંહરથ રાજાનો નિગ્રહ કરી સંધિ કરાવે છે.

વિષયલોભ ઔચિત્યના ભોગે નહિ. વિષયલોભ કેળવતાં ઔચિત્ય ગુમાવવાનું નહિ. ઔચિત્ય, પવિત્રતા વગેરે સાચવવા જરૂર પડ્યે વિષયલોભ જતો કરવાનો.

ધ્યાનમાં રાખવાનું છે કે જીવનમાં અનેક ભૂલો થયા પછી પણ એ ભૂલોનો પશ્ચાત્તાપ, એ દુર્ગુણોનો ખેદ થવા માટે કંઈક અંશે પણ લઘુકર્મિતા જોઈએ છે. અજાણતાં ભૂલ કરી પણ પછી જાણકારી આવતાં તેનો વ્યક્ત ખેદ, પશ્ચાત્તાપ અને બીજા પાસે નિખાલસપણે ક્ષમા-યાચના આ વસ્તુ લઘુકર્મી આત્માઓ જીવનમાં ઉતારી શકે છે. ભારે કર્મીઓને આ સૂઝતું નથી. એને તો એમ થાય કે 'એક વખત મોટા બાપના થયા પછી નાના બાપના કેમ થવાય ? તે માટે માયા રમો, હોશિયારી કેળવો.' હાર્યા પછી પણ બીજા દાવ ખેલવાના વિચાર ચાલે છે. ત્યાં સમજવું પડે કે ભારે કર્મિતા એવી છે કે વિષય લંપટતા ઘટવા તૈયાર નથી.

**માનવભવરૂપી હોસ્પિટલ :-** વિષયલંપટતા એ મૂળરોગ છે. એમાંથી વિસંવાદ, વિરુદ્ધાચરણ, વગેરે અનેક રોગો જન્મે છે. પણ માનવભવ એક હોસ્પિટલ છે, એમાં એ રોગો મટાડી શકાય છે. ત્યારે જો એ મટાડવા નથી તો માનવભવની હોસ્પિટલમાં આવ્યાથી શું ? આત્માના એ કારમા રોગ તો ચાલુ રહ્યા ! તક તો

મહાન મળી પણ એ સૂઝ નથી કે આ માનવભવરૂપી હોસ્પિટલમાં આવ્યો તો રીતસરના ઔષધ અને પથ્ય સેવી મારા આત્માના રોગ મટાડું.

શું આ હોસ્પિટલમાં આવવાનું એમને એમ બને છે ? ના, એ માટે તો અનંતી પુણ્યરાશિની કિંમત ચૂકવવી પડે છે. દુનિયામાં ય કોઈ સારી હોસ્પિટલમાં રહેવું હોય તો મોટા સેંકડો-હજારોના ખર્ચ કરવા પડે છે. એટલા ખર્ચ કર્યા પછી દવા-પથ્ય પાળે તો નિરોગી થઈને બહાર નીકળે. નહિતર જો દવા ન ખાય, પથ્ય ન પાળે અને કાંઈના કાંઈ કુપથ્ય ખાયે જાય, તો એક દિ' મહારોગી બનીને હોસ્પિટલમાંથી ડીસમીસ થવાનો, કાઢી મૂકાવાનો અવસર આવીને ઊભો રહે ને ! બસ, એ જ રીતે આ માનવભવમાં સમજવાનું છે. આત્મરોગો મિટાડવા દવા-પથ્ય ન પળાયા અને કુપથ્ય સેવાયા તો અંતે મહારોગી બનીને અહીંથી ડિસ્મિસ થઈ દુર્ગતિમાં રિબાયા કરવાનું !

**આત્મામાં કયા કયા રોગ ? :-**

**આત્મામાં કેઈ રોગોના જૂથ જામ્યા છે.** કેઈ પ્રકારના ક્રોધ-દ્વેષ-વૈર-ઈર્ષ્યા-અણગમા... કેઈ પ્રકારના માન, મદ, અહંકાર, આપમતિ, અનેક જાતની માયા પ્રચંડ-કપટ-દગા-વિશ્વાસઘાત,... અનેકાનેક પ્રકારના લોભ, તૃષ્ણા, રાગ, મમતા આસક્તિ... કેઈ પ્રકારની કામવાસના એકેક ઇન્દ્રિયના ઢગલાબંધ વિષયોમાંના દરેક પર કેટલીય જાતના મનમાં જાગતા વિકારો....આ બધું શું છે ? રોગોના જૂથ ! જૂથના જૂથ ! એવી રીતે સ્વાર્થાંધતા, ઔચિત્યભંગ, અવિવેક, અવિનય, ક્ષુદ્રતા, દીનતા, ભય, મૂઢતા, સંસાર-રસિકતા, ધર્મ-કાયરતા, પૂજ્યોના અનાદર આશાતના, ભોગ-પ્રીતિ, ત્યાગની અરૂચિ, અતત્ત્વશ્રદ્ધા, તત્ત્વની અશ્રદ્ધા. સ્વેચ્છા-ચારિતા, ધર્મ ક્રિયાની અકળામણ આવા આવા આવા સંખ્યાતીત રોગો અનાદિ કાળથી આત્મામાં જામી પડ્યા છે ! આ બધા રોગો ખોળી-ખોળીને એનું એક લિસ્ટ તૈયાર કરી રોજ એકવાર પણ માત્ર વાંચી જાઓ ને, તોય આત્મામાં કેટલી જાગ્રતિ આવે ! જીવને એમ થાય, 'મારા બાપ ! આટલા બધા રોગોથી હું પીડાઈ રહ્યો છું ? ત્યારે આ ક્યારે છૂટવાના ? જગતમાં જન્મો કરવામાં તો બાકી રાખી નથી, અરે ! મનુષ્યના ભવ પણ કેઈ કરી નાખ્યા, છતાં આવા રોગથી હું રોગિષ્ઠ જ રહ્યો ?'

**રોગોની યાદ - ચાનક - ઘૃણા - કંપ :-**

કરવું છે આવું કાંઈ યાદ ? યાદ કરીને લગાડવી છે ચાનક ? આપણા રોગિષ્ઠ આત્મા પર જુગુપ્સા અને કંપારી અનુભવવી છે ? જો આટલું પણ નહિ થાય તો પછી એ રોગોને કાઢવાના ઉદ્યમની તો વાત જ ક્યાં ? માટે પહેલાં તો રોગોની યાદ, ચાનક, ઘૃણા, કંપ વગેરે ઊભું કરવા રોજ રોગોની નોંધ દિલથી વાંચો.



પછી એ વિચારો કે 'અહો ! કેવા કારમા આ રોગો છે ! એથી હું કેવા કેવા અને કેટકેટલા અનર્થો કરી રહ્યો છું ? એમાં કેવો હું વિડંબાઈ રહ્યો છું ?

**રોગિષ્ઠ રહેવાના ભવ :-** ક્યારે હું આ રોગોને કાઢું ? એને કાઢવા માટે જ આ મનુષ્યભવ મળ્યો છે એટલે જાણે હું એક જાતની હોસ્પિટલમાં આવ્યો છું. સંસારમાં રોગિષ્ઠ થવાના કચરાપટ્ટી ભવો અનેક ! ત્યારે રોગો સંપૂર્ણ ટાળી નીરોગી થવાનો ભવ એક આવો મનુષ્યભવ ! અહીં પ્રશ્ન થશે.

**પ્ર.- ત્યારે શું બીજી ગતિઓમાં રોગોનું નિવારણ જ નથી ?** શાસ્ત્ર ચારે ગતિમાં સમ્યક્ત્વ તો કહે છે, તેમ તિર્યંચ ગતિમાં દેશવિરતિ અર્થાત્ અહિંસાદિ અણુવ્રતો કહે છે, તો એ તો રોગો નિરવાવા ઔષધ છે જ પછી એ ભવો પણ હોસ્પિટલ સરખા કેમ નહિ ?

ઉ.- આનો ખુલાસો સમજવા એટલું જ વિચારો કે જે શાસ્ત્ર ચારે ગતિમાં સમ્યક્ત્વ કહે છે, તેમજ તિર્યંચ ગતિમાં દેશવિરતિ પણ કહે છે, એ જ શાસ્ત્ર માત્ર છે ? મનુષ્ય ભવના જ એક ગુણગાન કેમ ગવાય એને જ કેમ દુર્લભ અને કિંમતી બતાવે છે ? શું દેવભવ મેળવવો સહેલો છે ? શું ઇન્દ્રપણાનો દેવભવ કે અનુત્તર વિમાનવાસી દેવનો ભવ સુલભ છે ? કિંમતી નથી ! ત્યાં તો સમ્યક્ત્વ ઝળહળતા હોય છે, પછી એ બધાને છોડી માત્ર માનવભવને જ દુર્લભ અને કિંમતી કેમ કહ્યો છે ? એમ પણ સમજતા નહિ તો તો પછી આ પાંચમાં આરામાં તો મોક્ષ મળવાનો નથી, માટે અહીંના મનુષ્યભવને કિંમતી નહિ કહેવાય !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૪૨,તા.૨૩-૭-૧૯૬૦

**માનવભવ કિંમતી અનેક કારણે :-**

ત્યારે વસ્તુ સ્થિતિ એવી છે કે બીજા ભવોની અપેક્ષાએ મનુષ્યભવમાં ધર્મની શરૂઆત કરવી સહેલી છે, કેમકે,

(૧) સમ્યક્ત્વાદિ ધર્મ પમાડનારા સહાયક ગુરુ ઉપદેશ, માર્ગાનુસારી ગુણોની પ્રાપ્તિ, યોગની પૂર્વસેવા, અપુનર્બંધક પામવાનું વાતાવરણ, વગેરે પામવાની સારી શક્યતાઓ મનુષ્યભવમાં જ છે. આગળ વધીને દાન-શીલ-તપ-ભાવ એ ચતુર્વિધ ધર્મની સારી અનુકૂળતા-શક્યતા પણ અહીં જ છે. એમ સમ્યક્ત્વ, તથા વ્રત-નિયમ અને ધર્મચર્યાઓ પામવાની પણ સારી અનુકૂળતા અહીં છે. ત્યારે ચારિત્રથી માંડીને ઉપર ઠેઠ વીતરાગતા, સર્વજ્ઞતા અને મોક્ષ માનવભવે જ મળે છે.

(૨) બીજી વાત એ છે કે સામાન્ય સુસંસ્કાર કે કુસંસ્કારોની પછીના ભવોમાં

આવૃત્તિ અને સરવાળા કે ગુણાકાર જેવી વૃદ્ધિ થાય છે એવું બીજા ભવોમાંથી સામાન્ય નિયમે શરૂ થતું દેખાતું નથી. આ સૂચવે છે કે જેમ અહીં ક્રોધાદિ કષાયો તથા એના અવાન્તર દોષો જેવા કે ઈર્ષ્યા, અસૂયા, સ્વાર્થાંધતા, ક્ષુદ્રતા, આપમતિ, નિન્દા વગેરે, અને વિષયાસક્તિ, કામ-વાસના તેમજ મિથ્યાત્વ, એ બધાના નિરંકુશ સેવનથી આગળના ભવોમાં એનું તાંડવ મચે છે, એવી રીતે એથી વિરુદ્ધ ક્ષમાદિગુણો ગંભીરતા-ઉદારતા, પરાર્થવૃત્તિ, વૈરાગ્ય, ત્યાગવૃત્તિ વગેરેની અહીં કેળવણી કરવાથી આગળના ભવોમાં એની આવૃત્તિ ચાલે છે. એની વૃદ્ધિ થાય છે. જે ટૂંકાશા મનુષ્યભવમાં મન મારીને આવા સદ્ગુણો સુકૃતોની મહેનત થાય એનું ફળ જો આટલું બધું ઊંચું આવતું હોય, અને એવું બીજા કોઈ ભવમાંથી ન બનતું હોય તો એ માનવભવ જ કેમ કિંમતી ન ગણાય ?

(૩) એ પણ જુઓ કે માનવ જીવનમાં એવી મધ્યમ સ્થિતિમાં સુખ, સાધન મળ્યાં છે અને એવી સ્વાધીનતા મળી છે કે જે ઠેઠ સર્વ વિરતિ ચારિત્ર ધર્મને અનુકૂળ છે. દેવભવમાં મહા સુખ છે, નરક ભવમાં મહા દુઃખ છે, અને તિર્યંચ ભવમાં મહા પરાધીનતા છે;-એ ત્રણેય ચારિત્રને પ્રતિકૂળ છે. કોઈ તિર્યંચને સ્વાધીનતા હોય તો પણ એને એવો વિવેક અને વિચાર શક્તિ નથી, કોઈકને એ હોય તોય એને શરીરના અંગોપાંગ વગેરેની સ્થિતિ એવી નથી કે જે સર્વવિરતિ ચારિત્ર માર્ગને અનુકૂળ હોય.

(૪) ત્યારે મોટી વાત તો એ કે સર્વવિરતિ ચારિત્ર ધર્મને અનુકૂળ-મોહનીય કર્મનો ક્ષયોપશમ નથી; ન હોવામાં ભવજ કારણ છે, હવે મનુષ્યભવમાં જુઓ તો ચારિત્ર ધર્મને અનુકૂળ તેવા પ્રકારના શારીરિક અંગોપાંગ છે, વિવેક છે, વિચારશક્તિ છે, ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ થઈ શકે છે,

(૫) વળી શ્રાવક અને સાધુના આચાર અનુષ્ઠાનોની અનુકૂળતા માનવ જીવનમાં સારી છે. ગુરુનો સુલભ સંયોગ, શાસ્ત્ર જ્ઞાનની સુલભ પ્રાપ્તિ ઈત્યાદિ બધું મનુષ્ય ભવ જેવું બીજે ક્યાં મળે છે ?

તો કહો આ બધું વિચારતાં સમજાય છે ને કે **મનુષ્ય ભવ એક મહાન હૉસ્પિટલ છે,** એમાં જુગજૂના આત્મરોગોની ચિકિત્સા થાય છે ! અહીં આવ્યા પછી પણ જો એ રોગોને કાઢવાની, એના પ્રતિકારરૂપ દવાઓ સેવવાની, અને આત્માનું આરોગ્ય-સ્વસ્થતા પ્રાપ્ત કરવાની ભગીરથ મહેનત નહિ થાય તો એ કેવી મહાન ભૂલ થશે ? કેવી સોનેરી તક ગુમાવાશે ? ઊલટું રોગોની કેવી વૃદ્ધિ થઈ આત્માને જોરદાર જકડશે ? એવી રોગોની જકડામણમાં ફસાયા પછી માનવભવની ઇસ્પિતાલમાંથી બરતરફ થઈ પ્લેગ-મરકી સમા કેવળ રોગોના ઘરરૂપી



દુર્ગતિના ભવોમાં ઘસડાઈ જવું પડે છે, એ ભૂલવા જેવું નથી.

આ બધી વસ્તુનો વિચાર કરો; વિચાર પણ હૃદય હચમચાવે, કલેજું કંપાવે અને મનને ચોંટ લગાડે એવો કરો. એ કરીને સાવધાન થઈ જઈ એ આત્મરોગોને કાઢનારા તીર્થંકરદેવ અને સદ્ગુરુઓની ઉપાસના ખૂબ વધારો; ધર્મશ્રવણ-ધર્મવાંચન-ધર્મચિંતન પ્રધાન બનાવો; અને ધર્મશાસ્ત્રોએ દર્શાવેલ ધર્મક્રિયાઓ તથા ક્ષમા, સત્ય, પરોપકાર વગેરે સદ્ગુણોરૂપી ચિકિત્સાને ખૂબ ખૂબ સેવો.

જીવનની દરેક પ્રવૃત્તિ-દરેક વિચાર દરેક ઉદ્ગાર અને દરેકે દરેક વર્તાવ વખતે માનસિક લક્ષ હોય કે આમાં આત્મરોગોની ચિકિત્સા ચાલુ રાખવાની છે. રાજા કુમારપાલ કુબેર શેઠની સંપત્તિ જોવા ગયા ત્યાં દૂરથી હવેલીઓ ઉપરની ધજાને હજૂરિયા ઓળખાવે છે. ત્યારે કુમારપાળ કહે છે. 'જુઓ આ ધજાઓનો ફરકાટ કહી રહ્યો છે, કે અમારી જેમ આ બધી સંપત્તિ પણ ક્ષણ દૃષ્ટ-નષ્ટ છે. છતાં માનવ મૂર્ખ બની એને સ્થિર માની એમાં મોહી રહ્યો છે !' આ શું કર્યું ? વિચારણા અને ઉદ્ગારમાં તત્ત્વદૃષ્ટિ પેસાડી વૈરાગ્ય દાખલ કર્યો, એ રાગાદિ રોગની દવા થઈ.

વિષય લંપટતા ઘટશે ત્યારે આ બનશે. પરિવ્રાજક કહે છે, વિષયના લોભી જીવને પરસ્પર વિરુદ્ધ આચરણ કરવું તે કંઈ નવાઈની વાત નથી. તેને વિરુદ્ધ આચરણ લાગતું જ નથી ! આપણો સ્વાર્થ પૂરવા બીજું કાંઈ આપણે જોવાનું નહિ. અતિ નિકટના સગાનું પણ નહિ. આપણો સ્વાર્થ સાચવીને બીજાનું સચવાતું હોય તો ભલે. બાકી આપણા સ્વાર્થને વાંધો આવતાં, બીજા પ્રત્યે વિશ્વાસઘાત કરી તૂટી પડતાં વાર નહિ. આ કોણ કરાવે છે ? વિષયનો લોભ !

માટે પરિવ્રાજક કહે છે, **વિષયનું ઝેર જેને ચઢી ગયું છે તે આત્માઓ જાગતા છતાં ઊંઘતા જ છે, જીવતા છતાં મૂર્છિત છે !** કેટલાક તો ઊંઘતા-મૂર્છિત હોય તેથી એ ઝેરની અસરમાં માતપિતાનાં પણ સુકૃતને ગણતા નથી. એને વિચાર નથી કે 'માતા પિતા સુંદર સુકૃત કરનારા હતા તો હું પણ સુકૃત કરનારો થાઉં.' અથવા 'મારા સગાં, મિત્રો; શેઠ સત્કૃત્યો કરનારા છે તો હું પણ સત્કૃત્યો જ આચરું. એમ સગા-વ્હાલા, મિત્રો અને શેઠના સુકૃતને પણ ગણતા નથી. તેમ પરલોક હિતકારી માર્ગ કયો તેનો ય વિચાર સરખો એ કરતા નથી. આ ત્રણ વાતો આજની દુનિયામાં ખૂબ સારી રીતે જોવામાં આવે છે. પાંચ પૈસાની લગની લાગી, પત્નીની માયા લાગી, ખાનપાનની લગની લાગી, એશ આરામની લગની લાગી કે વિષયનું ઝેર ચઢ્યું ! હવે સગો દીકરો બાપને લાતો લગાવા તૈયાર થાય છે ! કેમ જાણે દારૂ પીધો તે વિચારશે નહીં કે 'મારા માતાપિતા કેવા સદાચારી-

પરોપકારી ! તેમ મારે કેવા બનવાનું ? અણછાજતું તો ન જ આચરવું ! ના, એને કાંઈ વિચારવાની જરૂર લાગતી નથી. સારા કુળના માણસો વિષય-લંપટ બન્યા, વેશ્યાને ત્યાં ભટકે છે; માંસ-માટી ખાય છે.

ઉત્તમ આર્ય છતાં અનાર્યને છાજે તેવાં કૃત્યો કરે છે. એને માતા-પિતાના સુકૃતની પરવા નથી. 'અમારે ટેસ જોઈએ, સ્વાતંત્ર્ય જોઈએ, અમારે આ દુનિયામાં આગળ આવવું છે...' આવા આવા ચડસ લાગ્યા છે એટલે માતા-પિતાના પંથે ચાલી દેવ-ગુરુની સેવા કરવાની વાત નહિ. આગળ આવવા માટે ચારેકોર દોડધામ ! કલબ-સોસાયટીમાં જવાનું ! નહિતર કોણ ઓળખે ? એમને કહો તો ખરા 'અરે મહાનુભાવ ! આ ધર્મક્ષેત્રમાં જન્મ્યા છો તો અહીં પ્રભુભક્તિ, સાધુસેવા અને તપ જપ, વ્રત-સામાયિકનો મહાન અવસર મળ્યો છે, તો એ કરો. ત્યારે એ કહેશે 'સમય નથી ! 'અરે ભાઈ ! આ જિનવાણી શ્રવણનો અવસર છે, તો કહેશે 'ભલે હો, તમે તમારે જાઓ. વિષય વિષથી વ્યાપ્ત જીવો પૂર્વ પુરુષોના સુકૃતોને યાદ કરતા નથી !

**સગરચક્રીના સાઠ હજાર પુત્રો** તેવા નહોતા તો અષ્ટાપદ તીર્થ પર ગયા ત્યાં એમણે પૂર્વજના સુકૃત યાદ કર્યા, 'આ ગગનચુંબી દેવવિમાન જેવું મંદિર બંધાવનાર આપણા પૂર્વજ ભરત ! કેવું અજબ સુકૃત કર્યું ! પાંચશો ધનુષ્યની પ્રતિમા તે પણ રત્નની ! ચોવીસેય ભગવાનની દેહ પ્રમાણ રત્નમૂર્તિઓ !

**સોનાતણાં જેણે દેહરાં બંધાવ્યાં; રત્નતણાં બિંબ થાપ્યા,**
**હો કુમતિ ! કાં પ્રતિમા ઉત્થાપી ?**

અમારા પૂર્વજો આ પુણ્યશાળી હતા કે જેમણે ચમત્કારી કાર્યો કર્યા છે ! ધન્ય છે તેમને ! પૂર્વજના સુકૃત યાદ કરી એવી દિવ્ય પ્રેરણા મેળવી કે જેની રુએ ખાઈ ખોદી ગંગાના પાણી એમાં ભરતાં દેવતાના કોપમાં બળી જવું પડ્યું તો ય જરાય પશ્ચાત્તાપ ન કર્યો ! પૂર્વજનાં સુકૃતને ખૂબ પ્રશંસીને એવી ઉત્કટ અભિલાષા- એવી દિવ્ય પ્રેરણા મેળવી કે અષ્ટાપદનું રક્ષણ કરવા ખાઈ ખોદી ગંગાને વહેતી કરી ! તેમાં દેવતાએ ભસ્મ કરી નાખ્યા. છતાં એક રૂંવાડે પણ પશ્ચાત્તાપ નહિ ! શી રીતે કહો છો એ ? રૂંવાડે પણ પશ્ચાત્તાપ નહિ ! શી રીતે કહો છો એ ? રૂંવાડે પણ, જો કરેલા સુકૃતનો પશ્ચાત્તાપ આવી જાય તો બારમો દેવલોક શાનો ?

કયું હૃદય હશે ? પૂર્વજના સુકૃત પાછળ પોતે પણ એવા બનવાની તમન્ના કેટલી હશે ? બળી મરવાનો અવસર આવે ને એની પહેલાં એક વખત તો દેવતા ગુસ્સે થઈ ગયો હતો ને સૂચના પણ કરી હતી, શું એ વખતેય વિચાર ન આવે. કે 'જે કાંણામાંથી રેતી ગઈ તેમાંથી પાણી નહીં જાય ? એક વખત માફી આપીને



ગયેલો દેવતા બીજી વખત માફી આપશે ? ના.

કિંમત કોની છે ?

**જીવનની કિંમત વધારે કે સુકૃતની કિંમત વધારે ?**

**સુકૃત માટે જીવન છે કે જીવન માટે સુકૃત છે ?**

જીવન માટે સુકૃત એટલે ? સુકૃત કરવાનું, પણ જીવન ગુમાવવાનું નહીં; ગુમાવવાનો અવસર દેખાય તો સુકૃતને કહે 'ઊભું રહે, !!

આજસુધી શું એવું છે કે 'સંસારમાં સુકૃત તો ઘણા મલ્યાં પણ જીવન નથી મલ્યું !' ના, જીવન અનંતા મલ્યાં પણ સુકૃત નથી મલ્યાં ? નહિતર આવી દુર્દશામાં આથડીએ ? ધરાસર દેખાય કે સામે શાસનની સેવા કરવાનો અણમોલ અવસર આવી લાગ્યો છે, તો શું કોડ ન જાગે કે 'મારી વિનશ્વર લક્ષ્મી આમાં વાપરું ? શરીરની વાત આવે ત્યાંય બધો વેત કરીએ ! દુનિયાદારીમાં કાયા તોડી નાખતાં કોઈ પીછે હઠ નથી થતી, જરૂર પડ્યે ભૂખ્યા-તરસ્યા રહીને, અપમાન વેઠીને, રોગ હોય તો ન ગણકારીને, રૂપિયા વેરીને દુન્યવી સ્વાર્થ સાધવામાં શૂરા -પૂરા બનાય છે. ત્યાં પછી દેવ-ગુરુભક્તિ, ત્યાગ, તપસ્યા, જ્ઞાનધ્યાનાદિ સુકૃતો ગુમાવતાં વિચાર નહીં ! સુકૃતો ગુમાવીને ધન, માલ, જીવન સાચવતાં બનવામાં કોણ કારણ છે ? વિષય લંપટતા જ કારણ છે. એમાં ઉદ્ધાર નહિ થાય ! ઉદ્ધાર માટે જીવન જીવવાનું ખરું, પણ સુકૃત સાચવીને !

જે વખતે સુકૃત જતું દેખાય તે વખતે **'જીવન ભલે જાય સુકૃત ન જાઓ, જીવન ખોઈને પણ સુકૃત જોઈએ. સુકૃત જવા દઈને જીવન નહિ !'- એ તમન્ના વિના બલિદાન અપાય નહિ !**

એ હતું એટલે સગરપુત્રોએ દેવતાના ખોફની ચિંતા ન કરી ! ખાઈ ભરાઈ ગઈ ! તો નીચે પાણી ઊતરતા ઝટ દેવતા આવ્યો ! પેલા તો હોંશથી ઊભા છે ! ચાર ગાઉની પહોળી નીક છે ! એ પાણીથી ચિકાર ભરાઈ જોઈ આનંદ પામે છે ! પણ વિચારીને ઊભા ક્યાં રહે ? દેવતા આવ્યો ક્રોધથી ધૂંધવાતો ! પહેલાં તો પૂછવા રહ્યો હતો કે 'કેમ આ તોફાન કર્યું ? ખેર, જાઓ ઋષભવંશી છો જાણી જતાં કરું છું, પરંતુ હવે તો ન કાંઈ કહેવા કે ન વિલંબ કરવા ઊભો રહ્યો. એ તો એણે સગરના પુત્રો ઉપર સીધો અગ્નિનો વરસાદ વરસાવ્યો ! એટલે સાઠ હજારની એકી સાથે ભઠ્ઠી થઈ ! નિભાડામાં હાંલ્લા ઘાલી જેમ ભઠ્ઠી કરાય તેમ અહીં જ્વાળા ભભૂકતી ભયંકર ભઠ્ઠી !

સાઠે હજાર બળે છે, પણ એકનેય તેનો પસ્તાવો નથી ! 'આપણે ઉતાવળ કરી, એવો ખેદ નથી ! 'ખોટું કર્યું તેવું સ્વપ્ને પણ લાગતું નથી ! કોને ખબર

દેવતાને બોલાવવા જઈએને વધારે વિફરે તો ? માટે કેમ જાણે એને અંધારામાં રાખીને બધું કામ પતાવી દો ! જે દેવતા એક વાર ગુસ્સે થયો છે તેને હવે પૂછવા માટે બોલાવવામાં જોખમ છે. કદાચ 'ના, કહે તો ? ત્યારે વગર પૂછ્યે કરવામાં, પછી દેવ આવશે તો જીવનનું જોખમ છે. પણ જંગે બહાદુર બન્યા વિના દુશ્મનના કચ્ચરઘાણ નીકળે નહિ. આવા કોઈ તીર્થ રક્ષા વગેરેના અનુપમ સુકૃત્યો આચરીએ તો કર્મનો કચ્ચરઘાણ નીકળે. ત્યાં દેવતાની સામે ધર્મરંગ જામે છે. આજ માનવ દેવતાની સામે ધર્મરંગ જમાવવાનો છે. ઘરમાં પણ માનવ દેવતા છે ને ? કહે છે ઊભા રહો, શાના પાંચસો આપી દેવા છે ? છોકરા સામે જોવું છે ?' એ સામે આવે ત્યારે તમે જંગે બહાદુર ન બનો તો કર્મશત્રુનો કચ્ચરઘાણ થવાની આશા રાખો મા. જૂઠ, ઈર્ષ્યા, માયા, પ્રપંચ, વૈર, વિરોધ વગેરે કરવાને સગાઓ તો કદાચ પ્રેરે, પરંતુ જો ત્યાં સજાગ રહીને સત્ય, પ્રેમ, નીતિ, સહાનુભૂતિ વગેરે સદ્‌ગુણો ન સાચવો, તો ભવનાં બંધનો તોડવાની આશા રાખો જ મા ! રૂંવાડે પણ સાઠ હજારને પશ્ચાતાપ નથી. એક સરખો આનંદ ને અનુમોદના છે. સમજે છે 'બહુ જ સરસ તીર્થસેવા થઈ ગઈ ! મરવાનું તો આયુષ્ય તૂટ્યું માટે આવ્યું. આયુષ્ય બળવાન હોય તો દેવની પણ શું તાકાત કે મૃત્યુ લાવે ? સુકૃત સાચવતાં જીવન ગુમાવવું પડે, તેની ચિંતા નહીં.

પેલો પરિવ્રાજક કહે છે. જે આત્માઓ વિષયના વિષથી મોહિત છે તે માબાપના સુકૃતને ગણતા નથી. પોતાના સગા-વહાલાનાય સુકૃતને ગણતા નથી પછી જે પાપ-આચરણ કરે છે. તેમાં પરલોકહિત ઘવાવાની ભયંકરતાનો ખ્યાલ નથી. ખ્યાલ એ છે કે 'અહીં જેટલી નાગાઈ-ડાંડાઈ-કંકાસ થાય તેટલા કરી લ્યો; અહીં જેટલા ભોગ વિલાસ કરાય તેટલા કરી લ્યો' આવી ગણત્રી હોય છે. એવાને ઊંચા કુળમાં જન્મ્યાની કોઈ કદર નથી, ઉત્તમ સ્વજનોનીય શરમ-દાક્ષિણ્ય નથી. પરભવમાં હિત કેમ થાય એ જોવું નથી !'

પરિવ્રાજકે જવાબ આપ્યો ત્યારે મંત્રી કહે છે. 'તમારી વાત બરાબર છે કે વિષયાંધતામાં મદોન્મત્ત બનેલા આત્માઓ વિરુદ્ધ આચરણ કરે. પણ એ તો જે બિચારા અજ્ઞાન છે, જ્ઞાનની દરિદ્રતાવાળા છે, એવાને બને, પણ તમારા જેવાને નહિ. તમે તો પરિવ્રાજક, એટલે વિદ્વાન હો; તે વિષયલોભની ભયાનકતા અને વિરુદ્ધ આચરણની અનર્થકારિતા જાણતા હો તો તેથી એ બંને તમારા જીવનમાં ન નભી શકે. માટે પૂછું છું કે પારકું ધન ઉપાડવા પાછળ શું કારણ છે તે કહો. સર્વના પાલનહાર રાજાની પણ શરમ છોડીને જરુર કહો. વધારે તો તમને શું કહીએ ?'



મંત્રીની માગણી પર હવે પરિવ્રાજક પોતાની હકીકત કહે છે... તમે જે મને વૃત્તાન્ત પૂછ્યો તે સંબંધમાં મન સાવધાન બનાવી, મને જે અવધિજ્ઞાની મુનિએ મારો વૃતાંત કહ્યો છે તે સ્પષ્ટપણે કહું છું તે સાંભળો !

**પરિવ્રાજકનો પરિચય :-**

આ ભરતક્ષેત્રમાં પુંડ્ર દેશમાં પુંડ્રવર્ધન નામનું નગર છે. અમરાપુરી જેવું છે. ત્યાં અગ્નિવેશ્યાયનસ ગોત્રનો એક **સોમદેવ નામે બ્રાહ્મણ** હતો. આ ભવમાં એનો **નારાયણ** નામે હું પુત્ર છું. જરાક ઠીક-ઠીક બોલતો થયો એટલે મેં લોકમાં પાખંડ ચલાવ્યું 'जीवघायेण सग्गो ! જીવઘાતથી દેવલોક મળે છે !' એટલે ? જીવહિંસાથી કાયર ન થાઓ ! વધારે પરાક્રમી જીવહિંસામાં થશો તો દેવલોક મળશે ! આવા અનુચિત કુસિદ્ધાન્તને હું પ્રસારી રહ્યો છું !

કેવી દશા ! બ્રાહ્મણનો પુત્ર અને હિંસાવાદી. બે વાત બને ? પણ અહીં બની. જીવોને મારો તો સ્વર્ગ મળશે. આવું પ્રચારવા માંડ્યું. મહાન શક્તિ મળેલીનો આ કયો ઉપયોગ ? તે પણ ધર્મના નામે આજેય જુઓ, છાપામાં આવ્યું હતું કે બકરી ઈદના દિવસે પાકિસ્તાનમાં આઠ લાખ બકરા વગેરેને કાપી નાખ્યા ! એકલા કરાંચીમાં ૭૫૦૦૦ ! ધર્મના નામ હેઠળ કુરબાની.

પરિવ્રાજક કહે છે એવા પ્રકારનો હિંસાનો પ્રચાર હું કરતો ચાલ્યો. એમાં જોગાજોગ, કેટલાક માણસ ચોર છે એમ કરીને સિપાઈઓ એને વધ સ્થાને લઈ જાય છે. તે બિચારા ચારે બાજુ ભયભીત મુખ અને ચંચળ ચક્ષુથી જોતા ચાલે છે. એ મારા જોવામાં આવ્યા. હું તો ઉન્મત્ત હતો ! મેં કહ્યું ! "મારી જ નાખો આ ચોરોને; બદમાશ છે મોટા !" મારી નાખવું એ મારે સોપારીનો ટૂકડો ચાવવા બરાબર હતું ! પણ ત્યાં મારું આ વચન સાંભળી એક સાધુ ભગવંત કે જે અવધિજ્ઞાની હતા તેમણે એટલું જ કહ્યું **"अहो कष्टम् अज्ञानं"** કેટલી ખેદની વાત છે કે કારમું અજ્ઞાન પ્રવર્તી રહ્યું છે ! એ એમના જ્ઞાનમાં જુએ છે કે આ માણસને ભૂત-ભવિષ્યની ખબર નથી, માટે આ પાપ-વ્યાપારમાં પ્રવર્તી રહ્યો છે. પણ જો પાપનું ફળ શું છે તે નજરે દેખે તો પછી પાપ કરવાની હિંમત ન રહે ! પણ આને ગમ નથી એ દુઃખની વાત છે.

**નાગદત્તનું અજ્ઞાન :-** જગતમાં અજ્ઞાન એ જીવનો કેટલો કારમો દુશ્મન છે. નાગદત્તને ખબર નહોતી કે 'મારે બાપે કૂડ-કપટ કર્યા તેથી બોકડો થયો છે, ને એ જ આ બોકડો જાતિસ્મરણ જ્ઞાન થવાથી કસાઈથી બચવા દુકાનમા ચડી ગયો છે.' એક આ અજ્ઞાન છે, તે બીજું કર્તવ્ય દયાનું અજ્ઞાન છે તેથી કસાઈ પર રોફ કર્યો "લઈ જા બોકડો !"

'શેઠ ! નીચે ઊતરતો નથી ! એમ ? તો લે !' એમ કહી સગા-બાપ એવા બોકડાને દંડા ઠોકી દીધા. અજ્ઞાન છે ! ભાન નથી કે આ બાપ છે, ને અહીંથી કાઢીશ તો કસાઈને ત્યાં એની શાકભાજી જેવી દશા થઈ જવાની ! એ જ્ઞાન નથી, તેમ દયાનું જ્ઞાન નથી માટે જ આ ધંધો કર્યો ને !

આજે પાપ ઘણી જ હોંશથી થાય છે ! દુનિયાની મઝા હોંશથી થાય છે. કારણ ? અજ્ઞાન દશા છે ! આત્માનો મોટામાં મોટો શત્રુ કોણ ? અજ્ઞાન ? **હિંસા ચોરી કરતા પણ સર્વ પાપોમાં અજ્ઞાન એ મોટું પાપ છે !** 'જે વિચારણા આપણે કરીએ છીએ તે દુર્ધ્યાનમાં કેવી રીતે જાય છે; ને તેનું કયું ફળ આવે છે.' તેનો ખ્યાલ નથી, માટે પેલા વિચાર થોકબંધ ચાલે છે ! રૌદ્ર ધ્યાન સુધીની વિચારણા પહોંચી જાય છે. એ નરકમાં પ્રયાણ કરાવે છે. ઘોર દુઃખો અસંખ્ય વર્ષો સુધીના ઊભા કરે છે ! પાછું ત્યાં લેશ્યા પાપની એટલે પછી પણ દુર્ગતિઓમાં રિબામણ ! માટે કહો અજ્ઞાન એ આત્માનો કારમો શત્રુ છે ! તો એને દૂર કરવાના પ્રયત્નો ચાલુ છે કે માંડવાળ રાખી છે ? વનસ્પતિમાંથી સોનું કેમ બનાવાય, તેની પંદર પાનાની વિધિ હોય તો તેને ગોખી નાખો કે નહિ ? ત્યાં તો વિદ્યા વિધિ ભણી શકાય, પણ ધાર્મિક ભણવું ગમતું નથી ! છતાં કહો છો કે એ હવે ગોખાય નહિ; અરે ! ન ગોખી શકો તો ય બીજું સમજીને જ્ઞાન મેળવવાનું ઘણું છે. એ ય જો નહિ તો અમને બનાવવાની વાત છે ને ? અજ્ઞાન ભયંકર દુશ્મન છે. તેને જેમ બને તેમ જલદી ટાળવું જોઈએ ! ભેંસના ભવમાં અજ્ઞાન ટાળવાનો શો પુરુષાર્થ થાત ? પંચેન્દ્રિયના અવતારમાં જો નહિ, તો ઝાડ-પાન, કીડા, મકોડા વગેરેના ભવમાં તો વાતેય શી ? માનવભવ પામ્યા છો તો એની કદર કરો; અજ્ઞાન ટાળવા ઠસોઠસ જ્ઞાન પડ્યું છે તે મેળવ્યે જવાના ઉદ્યમમાં રચ્યા-પચ્યા રહો.

મુનિનો ઉદ્ગાર સાંભળીને પરિવ્રાજક કહે છે કે હું નારાયણ, મને ચિંતા થઈ અરે ? આ મહાત્માએ મને ઉદ્દેશીને શું કહ્યું ? છે તો એ પ્રશાંત મુખવાળા; મુખ મુદ્રા પર ખૂબ જ સમતા ને શાંતિ છવાયેલી છે, છતાં એમણે મારા માટે 'અહો કષ્ટં' એમ ખેદનો આ બોલ કાઢ્યો ? તો પૂછવા દે !

જઈને મુનિના ચરણમાં ઢળી પડ્યો ને પૂછ્યું, 'ભગવન્ ! એ કયું અજ્ઞાન કે જેને માટે આપ ખેદ બતાવો છો ?'

મહાત્મા જવાબ આપે છે 'અજ્ઞાન એ જ કે કોઈ પણ જીવના પર ખોટો આરોપ ન મૂકવો જોઈએ. એ જાણતો નથી અને તું ખોટો આરોપ મૂકે છે; અને બીજું તું શાસ્ત્રવિરુદ્ધ પ્રચાર કરે છે !'



મેં પૂછ્યું ! 'પ્રભુ ! મેં ખોટું આળ શું ચઢાવ્યું ? ને વિરુદ્ધ ઉપદેશ શું દીધો ?'

સાધુ કહે છે, "હે મહાનુભાવ ! જે આ બિચારા પૂર્વકૃત કર્મના ઉદયવશ અહીં નિર્દોષ છતાં અપરાધી તરીકે લઈ જવાય છે; એના પર **'આ મહાબદમાસ છે.'** એવો તું અભિલાપ કરે છે એ અસત્ આળ છે.'

**પૂર્વકૃત કર્મ વિચારતાં ધર્મધ્યાન અને ભાવદયા :-**

મુનિ સાચવીને બોલે છે. કોઈ નિરપરાધીને કોઈ મારે છે ત્યાં પણ જૈન શાસન સમજનારની એ દૃષ્ટિ તો છે જ કે એ માર ખાવાનું આકસ્મિક નથી, કિન્તુ પૂર્વે કરેલા પોતાના જ દુષ્કર્મનું એ ફળ છે. એવી દૃષ્ટિથી (૧) રાગદ્વેષાદિ દોષો અને હિંસાદિ પાપાચરણોના ક્રૂર નતીજા અર્થાત્ દુઃખદ અપાયોનો વિચાર આવે છે, **'અપાયવિચય'** નામનું ધર્મધ્યાન લાધે છે; એવી રીતે, (૨) કરેલાં કર્મના વિપાક જીવ પાતાળમાં પેસી જાય તોય અવશ્ય ભોગવવા પડે છે એનો વિચાર જાગે છે, અને **'વિપાક વિચય'** નામનું ધર્મધ્યાન લાધે છે. એમ, (૩) આ બે વિચારની પાછળ જીવોની સાચી દયા ભાવદયા એ પ્રગટે છે કે 'અહો ! જીવો બિચારા પહેલાં પાપાચરણમાં અને પછી ભયંકર ત્રાસ-કલેશમાં કેવા પીડાય છે ! એ સૌ મૂળમાં પાપથી જ મુક્ત થાઓ, ફળ રૂપે દુઃખ ભોગવતાં પણ નવાં રાગદ્વેષાદિ પાપ ન કરો, અને એમ કરીને કાયમી દુઃખમુક્તિ મેળવો. આવી મૌલિક દયાની લાગણી જાગે છે.

આમ 'પૂર્વકૃત કર્મના દોષે અહીં માર ખાવો પડે છે.' એ ખ્યાલ તો કરવાનો છે જ, છતાં આ ભવમાં જો અપરાધ નથી કર્યો તો એના પર એ ભાવ ન થવો જોઈએ કે 'એ દુષ્ટ છે, માર ખાવા દો; કેમકે એમાં તો અસત્ આરોપ છે, ચોર તરીકે પકડાઈને મરાય છે તો પણ જો ખરેખર ચોરી નથી કરી તો કેમ કહેવાય 'કે હાં. એ ચોરોને તો મારવા જ જોઈએ' ? અહીં પ્રશ્ન થશે,

**પ્ર.**- ત્યારે શું ચોરી ખરેખર કરી જ હોય તો તો આ ચોરો છે એવું બોલી શકાય ને ?

**ઉ.**- ના, ધર્મશાસનની દૃષ્ટિ બહુ વિશાલ છે, ત્યાં એવું પણ ન બોલાય, એવું કેમ એ મુનિના જ શબ્દમાં જુઓ.

મુનિ નારાયણને કહે છે, 'હે ભાગ્યવાન ! **सच्चं पि परपीडाकरं नवत्तव्वं...** સત્ય પણ વચન જો બીજાને પીડાકારી બનતું હોય તો તે ન બોલવું જોઈએ. તમારું જ શાસ્ત્ર વચન જુઓ ને કે એ पतितपतिताभिधाने चौरस्य-चौर-भणने च तत्तुल्यदोषता' એવું કહે છે ત્યાં અસતીને-આચારભ્રષ્ટને 'આ અસતી છે- આચારભ્રષ્ટ છે', એવું કહેવામાં તેના સમાન દોષ ગણ્યો છે; એમ ખરેખરા ચોરને પણ 'ચોર' કહેવામાં તેના સમાન દોષ ગણ્યો છે.

'તેના સમાન દોષ' એટલે ! સતીને અસતી કહેવા જેવો, અને અ-ચોરને ચોર કહેવા જેવો દોષ ? હા. મનને થશે કે આવું કેમ ? પણ જુઓ કે સતીને અસતી કહેવામાં દોષ જૂઠાણાનો છે ને ? તો અસતીને અસતી તરીકે સંબોધવામાં પણ એ જ અસત્ય વચનનો દોષ છે. કેમકે **'સાચું પણ પરપીડાકારી હોય તો નથી બોલી શકાતું,'** -એનો અર્થ એ છે કે જે બોલીને પરને દુઃખ થાય છે એ સાચું ખરેખર સાચું નથી, જૂઠું જ છે. ગાયની પાછળ પડેલા કસાઈને બતાવવું કે ગાય આ બાજુ ગઈ એ વચન, વસ્તુસ્થિતિ તેમ હોય તો પણ સાચું નથી; અસત્ય વચન છે. એમ કાણાને કાણો કહેવામાં, અંધને આંધળો કહેવામાં એને દુઃખ થતું હોવાથી એ વચન દેખાવમાં સત્ય છતાં ખરેખર અસત્ય વચન છે. સાચું પણ પરને દૂભવનારું હોય તો તે બોલવું છોડી દેવું. પ્રિય અને હિતકારી વાણીથી જીવાય તો જીવોને વહાલા થવાય,

મુનિ નારાયણને કહે છે, 'હે મહાનુભાવ ! જ્યારે અસતીને અસતી તેમ ચોર ને ચોર કહેવામાં દોષ છે, ત્યારે સતીને અસતી કહેવામાં તેમ જે ચોર નથી એને ચોર તરીકે સંબોધવામાં તો બેવડો દોષ છે; કેમકે એક તો એ મિથ્યાભાષણ યાને આળ છે તેમજ સામાના હૃદયને મહાદુઃખ થાય છે.'

વાત સાચી છે, સજ્જન માણસથી આવું વચન કેમ બોલાય ? માનવજીવનમાં મળેલી મહાકિંમતી જીભ, મહાકિંમતી વચનશક્તિની આ બરબાદી કરવાની ? ફાવે તેટલાં જૂઠાણાં, ફાવે તેટલી પાપ સલાહો, મનમાન્યાં આળ-આરોપ, મનમાની નિંદા-વિકથાઓ-આ બધા પવિત્ર પરમ મૂડી સમી વચનશક્તિની મહાવિટંબણા છે.

**વાણી તો સરસ્વતીમાતા છે. એને આવા ગલીચ સ્થાનોમાં યોજવી એ સતીમાતાને વેશ્યા બનાવવા જેવું છે.**

આર્ય માનવને એ ખુમારી કેમ ન હોય કે ગમે તેવા ભય કે પ્રલોભનની વચ્ચે પણ મારી વાણી-માતાને હું ચંડાળ-ઉદ્ગારોથી અભડાવું નહિ ? કેટલીકવાર



તો ભયે ય નથી હોતો, મોટા પ્રલોભને ય નથી હોતાં, માત્ર રાભસવૃત્તિ, પ્રમાદ, ગર્વ વગેરે કારણે અયોગ્ય ઉદ્ગારો નીકળે છે, આ બિનસાવધાની છે, મોહનો નશો છે, માનવજીવનની ઉચ્ચતાની બેકદર છે,

વાણી તો ગુણની ખાણ છે, એમાંથી મહામૂલાં રત્નો મેળવી શકાય એમ છે, પણ તે પાપવચનોથી નહિ મળે. પરમાત્માનાં ગુણગાન, સત્ય-હિત-મિત વચન, વૈરાગ્યાદિ ભાવનાઓના ગદ્ય-પદ્યો, એ બધાં ગુણરત્નો મેળવવાનાં સાધન છે, એ વાણીમાતાનો સદ્ઉપયોગ છે, સમ્યગ્ વિનિયોગ છે. કહો છો 'અમારું મન કબજે કેમ નથી આવતું ! કેમ એ હલકા કચરાપટ્ટી વિચારો કર્યા કરે છે ?' પરંતુ એ સ્થિતિ સુધારવા માટે, એ તો કહો, કે અપવિત્ર ઉદ્ગાર, પાપવચન, નિન્દા-વિકથા વગેરે ન જ બોલવા, શક્ય એટલું મૌન રાખવું, ઓછું બોલવું એ ક્યાં કર્યું ? ક્યાં દેવ-ગુરુના ગુણ ગાન, વગેરે ખૂબ આચર્યું ?

પ્રભુનાં સ્તોત્ર-સ્તવનો, વૈરાગ્યની સજ્ઝાયો, ઉત્તમ પુરુષોની જીવન કહાણી વગેરે બોલવામાં એ તાકાત છે કે મનને પવિત્ર અને ઉલ્લસિત બનાવે છે. મંદિરમાં જતાં પહેલાં ક્યારેક મન સુસ્ત હોય છે, પાપવિચારો કરતું અને મોહમૂઢ હોય છે. પરંતુ મંદિરમાં જઈ સારાં શ્લોક-સ્તવન બોલતાં મન એકદમ પલટો લે છે એ અનુભવ સિદ્ધ છે. એમ વાતચીતમાં ધર્મની વાતો, ગુણાનુરાગના ઉદ્ગાર વગેરે ચલાવતાં મન સ્ફૂર્તિ-સ્વસ્થતા વગેરે અનુભવે છે. મનને શુદ્ધ કરવાનું, બળવાન કરવાનું આ પવિત્ર વચન એક ઉત્તમ સાધન છે.

પરિવ્રાજક પહેલાં નારાયણ બ્રાહ્મણપણે ચોર તરીકે મોટો આરોપ મૂકીને અને 'આમને મારી નાખો' એમ કહીને વાણીની સરાસર બરબાદી કરી રહ્યો છે. પરિવ્રાજક પોતે મંત્રીની આગળ આ ઈકરાર કરી રહ્યો છે. એને આ જીવનમાં અવધિજ્ઞાની મુનિએ કહેલી પૂર્વભવની હકીકત પોતે હવે મંત્રી આગળ કહેવાનો છે.

એ કહે છે કે મુનિએ મને કહ્યું 'હે ભાગ્યવાન ! જે તું પાછો એ કુસિદ્ધાન્ત પ્રચારી રહ્યો છે કે જીવઘાતથી સ્વર્ગ મળે છે, એ તારો વિરુદ્ધ ઉપદેશ છે, કેમકે જીવનો ઘાત કરવો એ પરલોકમાં સુખને માટે નથી થતો. સમસ્ત ધર્મના સ્થાપકોએ કહ્યું છે.

**'न हिंसियव्वाणि सव्वभूयाणि' કોઈ પણ જીવની હિંસા નહિ કરવી જોઈએ.**

અથવા હે વિચારક મનુષ્ય ! સમજ કે, અનંતા કાળથી વિષયો પ્રત્યે વહાલ છે, એવી આસ્થા છે કે એ સુખનું કારણ છે, દુઃખનું કારણ નહિ, માટે એના પ્રત્યે રુચિ છે, સૂગ નથી, આ તો ભવ-બાળકાળની દશા હતી. પરંતુ હવે ધર્મ-યૌવન

કાળ આવી લાગ્યો છે, તો વિષયોની ખરી ઓળખાણ કરીને એના પરની આસ્થા અને રુચિ ઉઠાડી દેવા જોઈએ. વિષયો પર આસ્થાને બદલે ભય અને રુચિને બદલે સૂગ ઊભી થવી જોઈએ. આ થાય તો પછી પ્રતિજ્ઞા પૂર્વક એનો ત્યાગ કરવાનું બને.

**'जो कोहेणऽभिभूओ घायइ जीवे सया निरणुकम्पो ।**
**सो भवचारगवासं पुणो पुणो पावए बहुसो ॥**

જે ક્રોધથી પરાજિત થયેલો અને સદા નિર્દય હૃદયવાળો રહી જીવોને મારે છે, એ વારંવાર સંસારકેદમાં બહુશઃ નિવાસને પ્રાપ્ત કરે છે. એટલે ? ક્રોધમાં આવીને બીજાને એ મારે છે જે સદાનો ક્રૂર-નિર્દય બન્યો રહે છે.

**નિર્દય-ક્રોધી અને હિંસક આત્મા સંસારરૂપી કારાગારમાં વારંવાર જન્મ-મરણ મેળવ્યા કરે છે.**

વિચારવું જોઈએ છે કે ઉત્તમ આર્ય માનવભવમાં તો જન્મથી કોમળ હૃદયની મહાકિંમતી બક્ષીસ મળી છે. હવે આવું માનવ ભવમાં જન્મથી મળેલું કોમળ હૃદય વધુ કોમળ બનાવવાના સંયોગોની વચ્ચે જો કઠોર બનાવ્યું, તો એનું પરિણામ આ સંસારમાં જન્મ-મરણ બહુ સુલભ થવાના વારંવાર એ મળે ! ભૂલો નહિ, મન પર ચોકી રાખો કે હૃદયમાં કઠોરતાને પેસવા ન દઉં. આપણી જાત પર ભયંકરતા વરસી રહી હોય તો પણ કઠોરતા નહિ, કોમળતા જ સાચવી રાખવાની ! શા માટે ? જન્મ-મરણની જંજાળમાં ન ફસાઈ પડીએ તે માટે.

- (૧) હૃદય કઠોર કરે તો પણ વસ્તુ તો સુધરતી નથી, તેમ
- (૨) હૃદય કઠોર કરે તો પણ દુનિયામાં સારા માણસ તરીકે છાપ પડતી નથી.
- (૩) કર્મની સામે આડો હાથ તો દેવાતો નથી, પણ ઉપરથી કિંમતી કોમળતા નાસી જાય છે !
- (૪) એની પાછળ બીજા ગુણોની પેટીને તાળું લાગી જાય છે.
- (૫) સામાના પર અસર ખરાબ પડવાથી વધારે બગડવાનો અવકાશ ઊભો થાય છે.

માટે હૃદય કઠોર નથી કરવું. આ દૃઢ નિર્ધાર કરો. કિંમતીમાં કિંમતી આપણું હૃદય છે ! વિકટ સંજોગોમાંય તેને કોમળ રાખીએ; ભયંકર સંયોગો વચ્ચેય મૃદુ રાખીએ; ડંખીલું કરીએ નહિ, નિખાલસ રાખીએ; ને ઉપરથી સ્મિતનો ધોધ વહેતો રાખીએ, તો એ આ જીવનની ઊંચી કમાણી છે ! આને બદલે જે નિર્દય કઠોર બને છે, પછી જીવોનો ઘાત કરે છે, તે વારંવાર સંસારવાસ મેળવે છે.

મુનિ કહે છે, 'હે બાળ ! ધ્યાન રાખજે કે જન્માંતરમાં જે અસદ્ આરોપ



તેં મૂક્યો હતો તેનું દારુણ ફળ ભોગવતો આવ્યો છે, ને થોડું પાપ બાકી છે તેનું ફળ થોડાક જ દિવસમાં આ જીવનમાં જ તું ભોગવવાનો છે !'

સમરાદિત્ય મહર્ષિનો જીવ ચોથા ભવમાં ધનકુમાર કેદમાં પડ્યો છે, ત્યારે ચોર પરિવ્રાજક પકડાયેલો હવે મંત્રીને પોતાની કથની કહી રહ્યો છે. 'આજ ભવમાં નારાયણ વિપ્રપુત્ર તરીકે જ્યારે ચોર તરીકે પકડાએલાઓને 'આ મહા બદમાસો છે એમને મારી નાખો' એમ કહી રહ્યો છું ત્યારે અવધિજ્ઞાની મુનિ મને વારે છે. ખરેખર ચોરને પણ ચોર તરીકે સંબોધવામાં અસત્યભાષણનો દોષ છે, તો ચોર નહિ એવાને ચોર તરીકે સંબોધવામાં તો બેવડો દોષ છે. પૂર્વભવમાં આળ ચઢાવ્યાનું બહુ પાપ ભોગવ્યા પછી હજી બાકીનું આ ભવમાં જ ભોગવવાનું છે.'

મંત્રી આગળ પરિવ્રાજક કહે છે, મુનિના કથનને સાંભળીને હું ભડક્યો ને પૂછ્યું, 'ભગવંત મેં જન્માન્તરે કેવું આળ ચઢાવ્યું હતું ? ને તેનું શું-શું ફળ ભોગવ્યું ને કેવું ફળ બાકી છે ?'

જ્ઞાની મળ્યા પછી પૂછવામાં શા માટે બાકી રાખીએ ? પણ પૂછવાનું શા માટે ? ખાલી જિજ્ઞાસા તૃપ્ત કરવા નહિ, કિન્તુ સક્રિય માર્ગ મેળવવા. તે માર્ગ ત્યાગ અને વૈરાગ્ય છે. સાધુની દુવાઈ માગો છો ને ? શું આવે તેમાં ? અહિંસા પરમો ધર્મ આવે છે. વિષય કષાય નિગ્રહ અને આત્મ સંશોધન આવે છે. જ્યાં સુધી સક્રિય માર્ગ હાથમાં ન આવે ત્યાં સુધી જ્ઞાની મળ્યા શું ફળ્યા ? ભરતચક્રીને પ્રતિદિન 'મા હણ ! મા હણ !' નું માર્ગદર્શન મેળવવાનો રસ હતો. 'મા હણ' એટલે શું ? જીવોને હણીશ નહિ, નહિતર નરકે જઈશ, એ જ ? પ્રભુએ પાંચમા આરાના ભાવ ભાખ્યા એમાં કહ્યું હજારો સાધુ નરકે જવાના છે, તે શું જીવોની કતલ કરીને જવાના છે ? ના, સ્વાત્માની હિંસા કરીને જવાના છે. 'મા હણ' નો આ અર્થ છે આત્માને હણ નહિ.

**સ્વભાવમાંથી પરભાવમાં જવું એ પોતાના આત્માની હિંસા છે.** અનુત્તર વિમાનવાસી દેવોને તેત્રીસ સાગરોપમનું આયુષ્ય, એટલે ? ૩૩૦ કોડા કોડી પલ્યોપમનું આયુષ્ય, એમાં એમને કોઈ આરંભ-સમારંભ કરવાના નથી; કેમકે કશું બનાવવા-કરવાનું કે મેળવવાનું નથી. અસંખ્ય વર્ષોના કાળ ષડ્ દ્રવ્યાદિના તત્ત્વચિંતવનમાં જાય છે. ઉપર જુએ છે તો ચોસઠ બત્રીસ વગેરે મણના મોતીઓ અફળાય છે, એમાંથી સંગીતના સૂર લહેરાય છે એ ભવ્ય, એટલે દૃશ્ય સુંદર હોય છે, કાને મધુર સ્વર સંભળાય છે ! ચીજ કેવી છે ? જગતમાં જોટો ન મળે એવી. સંગીતના સૂર એવા કે કોઈ ગંધર્વ કે વાજિંત્રની મધુરતા એને ન પહોંચે ! છતાં એ દેવને એમાં રસ નથી. તો પણ વિરતિ નથી એ હિસાબે પરભાવમાં છે.

સ્વભાવ વિરુદ્ધ પરભાવમાં રહેવું એટલે આત્માની હિંસા છે.

**સામાયિક લેવાનું એટલે પરભાવમાંથી સ્વભાવમાં આવવાનું, સ્વહિંસા અટકાવવાની અને સામાયિક પારવાનું એટલે સ્વભાવમાંથી પરભાવમાં જવાનું** એટલે કે આત્માની હિંસા ઊભી કરવાની. હજુ પાપસાધન હાથમાં નથી લીધા, માત્ર સામાયિક પાર્યું છે, પણ 'સામાઈયવય જુત્તો' કરી પચ્ચક્‌ખાણમાંથી છૂટો થાય છે, ત્યારે વિરતિમાંથી અવિરતિમાં પડે છે, એટલે સ્વહિંસા ચાલુ થઈ ગઈ. પ્રતિજ્ઞા-ધર્મમાંથી બહાર હોય તો જૈન શાસન કહે છે કે એ પરભાવ સાથે સંલગ્ન છે, અવિરતિમાં જકડાએલો છે ત્યાં સ્વહિંસા થાય છે.

**સ્વહિંસાથી બચવા સ્વભાવમાં આવો.** એ માટે શું જોઈશે ? **વિરતિ-ત્યાગ ને વૈરાગ્ય.** વિરતિ માટે હિંસાદિ પાપો છોડવાની પ્રતિજ્ઞા જોઈએ, પ્રતિજ્ઞાપૂર્વક એ ત્યજવા જોઈએ, અને અહિંસાદિ પાળવા જોઈએ. ત્યાગ માટે કષાયનો નિગ્રહ જોઈશે. વૈરાગ્ય માટે વિષયો પર ઘૃણા જોઈશે. ત્યાગ એટલે કષાયનો, વૈરાગ્ય એટલે વિષયોનો, વિષયોની રુચિ છે એટલે કષાય ખખડધજ છે વિષયો પર આસ્થા-પ્રેમ છે માટે તો એની ખાતર કષાય સેવાય છે. એ પ્રેમ કાપો તો કષાયો ઢીલા, તેનું નામ ત્યાગ. **વિરતિ-ત્યાગ-વિરાગ એ પરમપદ મોક્ષની ચાવી છે.**

માત્ર અહિંસા એટલે કોઈ જીવને ન મારવો એ પરમો ધર્મ : માનવાથી જ નહિ ચાલે, સ્વાત્મ હિંસા ન કરવાનું, સ્વહિંસક અવિરતિ, કષાય અને વિષયોને ત્યજવાનું ય જોઈશે, એ વિરતિ ત્યાગ અને વૈરાગ્યરૂપી મહાન ધર્મથી થશે. દેવાધિદેવના ધર્મની મઝા ત્યાગ અને વૈરાગ્યમાં છે, ભોગ અને રાગમાં નહિ, કષાય અને વિષય સેવવામા નહિ. જીવનમાં વિશેષતા શાની જોઈએ ? હાલતા-ચાલતા કષાય કેમ કપાય તેની લગનીની. માપ કાઢવાનું કે માયા-પ્રપંચ કેટલા ઓછા થયા ? લોભ તૃષ્ણાના પૂર કેટલા ઓસર્યા ? અવસરે ગુસ્સાને ક્ષમાથી જીત્યો, અવસરે અભિમાનને મૃદુતાથી અને માયા કપટને સરળતાથી જીત્યો. અવસરે લોભ તૃષ્ણાને પણ નિસ્પૃહતાથી ભગાડ્યા. એવું જીવનમાં અનુભવતા ચાલવું પડે. તો જ પરભાવમાંથી સ્વભાવમાં અવાય.

**(૧) સ્વભાવ=આત્મગુણો, પરભાવ=વિષયાદિ ગુણો :-**

પરભાવ અને સ્વભાવનો ભેદ સમજવો અઘરો છે ? ના, સ્વ એટલે પોતાનો આત્મા, એનો ભાવ અર્થાત્ એના ગુણ, એ સ્વભાવ પછી એને ઉપકારી હોય એ ક્રિયા પણ કારણમાં કાર્યનો ઉપચાર કરવાના ન્યાયથી સ્વભાવ કહેવાય. દાખલા તરીકે ક્ષમા એ આત્માનો ગુણ છે, અને એને ઉપકારી અર્થાત્ એ લાવનાર જિનવાણીનું શ્રવણ છે, તો ક્ષમા ય સ્વભાવ અને જિનવાણી શ્રવણ પણ ઉપચારથી



સ્વભાવ. ત્યારે, આત્માથી અન્ય એ બધું પર કહેવાય, એના ભાવ એટલે એના ગુણ, એના ધર્મ, એની વિશેષતા, એ પરભાવ ગણાય. દા.ત. ઇન્દ્રિયના વિષયો એ પર છે, એના રૂપ, રસ વગેરે ગુણો એ પરભાવ.

**(૨) બીજી રીતે કહીએ તો જડ પુદ્‌ગલની તરફ ઢળાય એ પરભાવ, અને એનાથી પાછા હટાય એ સ્વભાવ.** આજ તો જમણ ઠીક મળ્યું છે, થઈ જવા દો, એ પરભાવ; પણ આટલી બધી રસની ગુલામીનું શું કામ છે ? થોડું ભાણામાંથી કાઢી નાખો, યા ઓછું લો, એ સ્વભાવ-અરે ! એટલીય તાકાત ન હોય, અને એમ થાય કે 'રસ ભોગવું છું પરંતુ જીવ સાવધાન રહેજે; માલ નથી આમાં,'- એવી જાગ્રતિ, એ પણ સ્વભાવ. આત્માના પ્રારંભિક ઉત્થાન આ રીતે થાય છે, કાયા, માયા અને માનપાનમાં ગુલામી દેખાય, સ્વાત્માની કચરામણ દેખાય, ભવનાં ભ્રમણ નજર સામે તરવરે. હજી ત્યાગ નથી કર્યા છતાં આટલું થાય તો ય કંઈક અંશે સ્વભાવમાં આવ્યો.

**પ્ર.**- કાયા-માયા-માન-પાનનું કંઈ છોડ્યા વિના સ્વભાવમાં ?

ઉ.- ભૂલો છો, એ કાયા-માયા-માન-પાનમાં હોંશ રહે, કંઈ જ અજુગતું ન લાગે એ પરભાવ છે, ત્યારે હોંશ નહિ પણ હાય થાય. અજુગતું લાગે, એય સ્વભાવ છે.

**(૩) સ્વભાવનો અર્થ આ, કે આત્મા પોતાની સ્વાધીનતાથી કરે; પરભાવનો અર્થ આ, કે આત્મા કર્મ અને મોહનો પ્રેર્યો કરે.**

કાયા-માયા-માનપાનમાં કાંઈ અજુગતું નથી લાગતું, બધું ઠીક જ લાગે છે, એ મોહનાય કર્મના ઉદયથી લાગે છે, એટલે એમાં પર એવા કર્મની પ્રેરણા થઈ, કર્મની પરાધીનતા થઈ, માટે એ પરભાવ કહેવાય. ત્યારે એથી ઊલટું એ અજુગતું લાગ્યું, ભવવર્ધક ભાસ્યું, આત્માને અહિતકર દેખાયું, એ બધું આત્માના માનસિક સત્પુરુષાર્થથી કર્મનો ક્ષયોપશમ થઈને બન્યું; માટે એ આત્માને સ્વાધીન હોઈને સ્વભાવ ગણાય.

બસ, આ રીતે જોવા માંડશો તો દેખાશે કે ગુસ્સો થયો, અભિમાન આવ્યું, એ ક્રોધ મોહનીય અને માન-મોહનીય કર્મના ઉદયથી થયું માટે પરભાવ; ત્યારે એના બદલે ક્ષમા, નમ્રતા, લઘુતા રાખીએ એ કર્મનો ક્ષયોપશમ કરીને આત્માના પુરુષાર્થથી થયું, માટે સ્વભાવ. એવું જ માયા-દંભ, લોભ-તૃષ્ણા-મમતા, હાસ્ય-મશ્કરી, હર્ષ, શોક, ઉદ્વેગ, ઈર્ષ્યા, સ્વાર્થવૃત્તિ ઇત્યાદિ પરભાવમાં આવે અને સરળતા, નિખાલસતા, નિસ્પૃહતા, ગંભીરતા, મધ્યસ્થતા, પરાર્થવૃત્તિ વગેરે સ્વભાવમાં ગણાય.

તેમ મોહવશ થતાં હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ વગેરે પાપો પરભાવમાં જાય, અહિંસા-સત્ય, નીતિ, બ્રહ્મચર્ય, સદાચાર, પરિગ્રહકાપ વગેરે મોહનાશના આત્મ પુરુષાર્થથી બને છે માટે એ સ્વભાવમાં આવે.

**પરભાવમાંથી છૂટવા શું કરવું ?**

પરભાવ અને સ્વભાવનાં ખાતાં વહેંચી નાખો; પછી તો જીવનમાં ડગલે ને પગલે પરભાવમાંથી બહાર નીકળવાનું અને સ્વભાવમાં દાખલ થયા કરવાનું સહેજે સહેજે બની આવશે. મૂળ વાત આ ધ્યાનમાં રાખજો કે સ્વભાવમાં આવવા માટે પરની અપેક્ષા, પરની આધીનતા ઓછી કરતા આવવું પડશે. વિષયો પર છે, એની આસક્તિ અને ગુલામી પર વધતો ઓછો પણ કાપ મૂકવો જોઈશે. આ જો નહિ બને તો એ વિષય ગુલામી પાછળ જીવનમાં કેઈ અજુગતાં મહાલ્યાં કરશે. પછી ત્યાં સારા કુળનો, સારા માતાપિતા અને પૂર્વજોનો અને સારા દેવગુરુનો કોઈ ભાર મન પર નહિ રહે, પરભાવની રમત જ એવી છે કે આવો કોઈ વિચાર જ ન રહેવાં દે. ત્યાં વૈષયિક સ્વાર્થનો જ વિચાર ચાલ્યા કરે છે. 'મને સારા વિષય મળે, હું સારું-સારું ભોગવું...' આવી સ્વાર્થવૃત્તિ બની રહે છે. માટે કહો **વિષયાંધતા અને સ્વાર્થ-રસિકતા, બંનેને ઘટાડીએ તો પરભાવમાંથી છૂટતા અવાય,**

**વિષયાંધતા ટાળવા સહજ ભવોદ્વેગ :-**

આ વિષયાંધતા અને સ્વાર્થરસિકતા હટાવવા માટે સહજ એવો ભવોદ્વેગ અને પરાર્થ રસિકતાને ચીવટપૂર્વક કેળવવા જોઈશે. સહજ ભવોદ્વેગ એટલે કોઈ તાત્કાલિક દુઃખ પડવાને લીધે નહિ કિન્તુ સમગ્ર સંસારની નિર્ગુણતા સમજવાને લીધે સંસાર ઉપર ઉદ્વેગ જાગે તે; સંસાર અરુચિકર લાગે, સંસારવાસ દિલને ખૂંચે.

મોટા વેપારી બનવાના ઉદ્દેશથી કેળવણી લીધેલા માણસને ભાગ્યવશાત્ નાના પગારમાં નોકરી કરવી પડે તો આજીવિકા માટે કરે છે તો ખરો પરંતુ એને એ ખૂંચે છે. આખું જીવન એમ કાઢવું પડે તોય જીવનભર એને એ નોકરી ખૂંચ્યા કરે છે, સદા ઉદ્વેગ રહ્યા કરે છે.

સારી પ્રેમાળ, સેવાભાવી અને સુશીલ જાણીને સ્ત્રીને પરણ્યા પછી દેખાયું કે એ તો કર્કશા, હરામ હાડકાંની કે દુઃશીલ છે તો એને રાખવી તો પડે છે, એની સાથે જીવન ચલાવવું પડે છે, પરંતુ સદા ઉદ્વેગ, નિરાશા અને ભગ્ન હૃદય રહ્યા કરે છે.

પાસે સારા પૈસા હોય, આબરૂ હોય, કુટુંબ સારું મળ્યું હોય; છતાં જો કોઈ ભારે ટી.બી. (ક્ષય) કે કેન્સર જેવો વ્યાધિ લાગ્યો હોય, પછી ભલે ને કદાચ વર્ષો જીવે, છતાં એ ઉદ્વેગમાં પસાર થાય છે, દિલ હતાશ રહ્યા કરે છે. અરે ! એવો



રોગ નહિ, પણ કોઈ મસ્તક શૂળ પેટ શૂળ છાતીમાં શૂળ વગેરે શૂળ રહ્યા કરતું હોય તોય ભર્યા સંસારમાં ય ખેદ રહ્યા કરે છે.

**વર્તમાન જીવન કેમ અસાર ? :-**

બસ, આવા દૃષ્ટાન્તથી સહજ ભવોદ્વેગ સમજવાનો છે. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ, એ ચાર ગતિમય સંસાર જ એવો છે કે એમાં વસવું અકારું લાગે, અફસોસી રખાવે. એવું તો નથી માનતા ને કે આપણે તો મનુષ્ય છીએ, આપણને બીજી ગતિઓ સાથે શું લાગે વળગે ? એવું માનવાનું તો આત્માને ન સ્વીકારનારો કરે. જો કે એને ય જો સમજવા દિલ હોય તો એકલા મનુષ્ય અવતારમાંય અસારતા દેખાય. કહો જો;

(૧) આ જીવનમાં સુખ-સ્વસ્થતાની ઘડી કેટલી ? અને ચિંતા-સંતાપ અને કષ્ટ વગેરેની ઘડીઓ કેટલી બધી ?

(૨) મનમાની અનુકુળતાઓ મળી છે કેટલી થોડી ? અને અનુકુળતાઓ નહિ મળેલી કેટલી બધી ?

(૩) એમ, મનની આશાઓ અને ઈષ્ટો સફળ કેટલા થાય છે, અને નિષ્ફળ કેટલા જાય છે ?

(૪) માનપાન આવે તો ખપે કેટલા, પણ મળ્યા છે કેટલા ?

(૫) ઘણું બધું સ્વાધીન કરવા છતાં મરણ સ્વાધીન ખરું ?

(૬) ઘડપણ અટકાવી શકાય ?

(૭) કાયમી આરોગ્યની ખાતરી ખરી ?

(૮) સ્નેહી-સ્વજન કદી વાંકા ન જ પડે ?

કહો, આ બધાના શા જવાબ નાસ્તિક પાસે છે ? એક પણ ઉત્તર હોંશભર્યો નહિ. એનો અર્થ જ એ, કે એક મનુષ્ય જીવન ઉપર પણ કોઈ સંગીન આસ્થા રહે એવું નથી, બહુ વડાઈ લાગે એવું નથી, એમાં કંઈ બહુ માલ નહિ દેખાય.

ત્યારે આ તો જો કે આત્માને નહિ માનનારના હિસાબે એકલા માનવભવની સ્થિતિ, તો પછી સંસારની ચારે ય ગતિમાં આત્માને અનંતાનંત કાળથી ભટકતો માનનારાને એ નરકાદિ ચાર ગતિઓના સમસ્ત સંસારમાં કેવી સ્થિતિ ? દુઃખ-ત્રાસ-યાતનાની ખોટ છે ? શોક-સંતાપ ઓછાં છે ? પરાભવ-પરાધીનતા કેટલી ? કલેશ, કષ્ટ અને કદર્થના સિવાય બીજું શું જોવા મળે છે ? ત્યારે અનંતા જન્મ જરા મૃત્યુ વગેરે વેઠી નાખ્યા છતાં હજી એનો અંત છે ? જીવ કાયા-માયા-માનપાન સર્જવા વધારવાની કાળી મહેનત કરે છતાં બધું એકી કલમે સફાચટ થવાની જ્યાં નિર્ધારિત સ્થિતિ છે, એવા સંસારવાસમાં સુજ્ઞને શી હોંશ રહે ? શી આસ્થા અને

નિરાંત રહે ? કંઈ જ નહિ.

એવા સંસાર પર તો સદા ઉદ્વેગ બન્યો રહે પછી ઇચ્છા એ જ રહ્યા કરે કે આ ભીષણ ભવચક્રમાંથી ક્યારે છૂટું ? એ છૂટવા માટે એક જ અનન્ય ઉપાય સમા ચારિત્ર માર્ગને ક્યારે પામું ! સંયોગવશ કે નિર્બળતાવશ કદાચ જીવનભર ચારિત્ર ન લઈ શકે અને ષટ્કાય જીવોના સંહારમય તથા અઢાર પાપસ્થાનકમય ઘરસંસારમાં રહેવું પડે, છતાં એ ઘરવાસમાં હોંશ ન હોય, ઉદ્વેગ હોય, ઉજ્જવળતા નહિ, નિરાશા દેખાય, **આ છે સહજ ભવોદ્વેગ.**

જ્યાં સમસ્ત સંસાર પર ઉદ્વેગ જાગ્યો છે, ત્યાં સ્વાભાવિક છે કે સંસારના મૂળ કારણભૂત વિષયો અને કષાયો ઉપર પણ ઉદ્વેગ હોય. પછી ત્યાં એવી વિષયાંધતા શાની હોય કે જે અનુચિત-વિસંવાદી કૃત્ય કરવા દે ? આંતરદૃષ્ટિની આ વાત છે, હૈયાનાં ઠેઠ ઊંડાણમાં આ ભવોદ્વેગ અને વિષયોદ્વેગ ઊતરી ગયા હોય એવું કરવાની જરૂર છે. તો જ એના પરિણામે વિષયોની અંધ આસક્તિ દૂર થશે. નહિતર તો પ્રશ્ન થશે.

**પ્ર.**- સંસારને હું ખારો તો માનું છું, વિષયોને ઝેરી તો સમજુ જ છું છતાં મને વિષય લંપટતા કેમ છે ? કેમ મારું મન ત્યાંને ત્યાં ગયા કરે છે ?

**ઉ.**- આવી મૂંઝવણ કરતાં પહેલાં એ જુઓ કે હૈયાના ઠેઠ ઊંડાણમાં એ ભવ-ઉદ્વેગ, ભવનો ભય અને વિષય-ઉદ્વેગ ઊતરી ગયા છે ?

જુઓ નોકરિયાતને નોટિસ મળી કે આવતા મહિનાથી પગાર ઓછો કરવામાં આવશે, અગર નોકરીમાંથી છૂટા કરવામાં આવશે ત્યારે હૈયાનાં ઊંડાણમાં એનો ભય ઊતરી જાય છે કે આમેય ખર્ચને પહોંચવું મુશ્કેલ રહે છે, તો હવે થશે શું? આ રીતે સંસાર અને વિષયો પ્રત્યે ભય અને ઉદ્વેગ થયા છે ?

ઘર ગીરો મૂકી પૈસા લાવીને બજારમાં આબરૂ ઊભી તો રાખી, પરંતુ દિલમાં ઊંડે ઊંડે વસવસો રહે છે કે ધંધા ચાલતા નથી, એવી કમાણી નથી અને આ ઘરનું થશે શું ? એમ, વિષયોનો ઉપરથી આનંદ થતો હોય છતાં ઊંડે ભય છે ને કે પરલોકમાં મારું થશે શું ?

મૂડીમાંથી ખાવાનો પ્રસંગ આવે ત્યાં અવસરે મિષ્ટાન્ન ખાતાં અને સારા કપડાં પહેરતાં ઉપર-ઉપરથી આનંદ તો થાય છે, પરંતુ અંદરથી સંતાપ રહે છે, બળતરા છે; કેમકે મૂડી ચવાઈ રહી છે. વિષયો પ્રત્યે આવા સંતાપની-ઉદ્વેગની જરૂર છે; એ સમજીને કે

- પુણ્યની મૂડી ચવાઈ રહી છે ! પાપ વધી રહ્યાં છે !
- અમૂલ્ય માનવ સમય વેડફાઈ રહ્યો છે ! કાળ ઝડપથી પસાર થઈ



રહ્યો છે !
- આયુષ્ય કપાતું જાય છે ! વિષયોની સેવામાં ભયાનક મોહ પુષ્ટ થઈ રહ્યો છે !
- અનંતા કાળે લાધેલી મહા કિંમતી તક ગુમાવાઈ રહી છે !
- વિષયોની સેવામાં સદ્ગતિને 'જા'કારો અને દુર્ગતિને 'આવ'કાર કરાઈ રહ્યો છે !...' ઇત્યાદિ.

આત્માની ઉન્નતિને રોકનાર આ એક વિષયાંધતા છે, અને બીજી છે સ્વાર્થાંધતા.

**સ્વાર્થરસિકતામાં નિષ્ઠુરતા-નિર્દયતા :-**

જેમ વિષયાંધતા કાઢવા સહજ એવો ભવોદ્વેગ અને વિષયોદ્વેગ જરૂરી છે, એમ સ્વાર્થ રસિકતાને મંદ કરવા પરાર્થરસિકતા આવશ્યક છે. સ્વાર્થ રસિકતામાં તો માત્ર સ્વાર્થમાં જ રસ હોય છે, બીજાનો વિચાર નથી, પોતાનું જ પ્રયોજન કેમ સિદ્ધ થાય, સિદ્ધ થયું કે નહિ, એક સિદ્ધ થયું તો હવે બીજું, પણ પોતાનું ! બસ, આ લગની છે, આવી સ્વાર્થ રસિકતામાંથી કેટલાય દુર્ગુણ જન્મે છે, અને કેટલાય પોષાય છે. બીજાનું જોવું જ નથી એટલે હૃદયની નિષ્ઠુરતા પોષાવાની. જ્યાં બીજાનું ધરાસર કશું હિત લક્ષમાં લેવાનો વિચાર સરખો નથી, ત્યાં બીજાનું ભલું કરવું તો દૂર રહ્યું, પરંતુ સંભવ છે સ્વાર્થ ખાતર નિર્દય હૃદયે બીજાને નુકસાન પહોંચાડશે. આમ નિર્દયતા પોષાવાની,

**નિષ્ઠુરતામાં લાયકાત ગુમાવાય છે, નિર્દયતામાં કોમળતા ફગાવાય છે.**

**હૃદય નિષ્ઠુર ને નાલાયક બન્યા પછી** સારી શિખામણ સારા ગુણો, સારા સંયોગો વગેરેની પરવા રહેતી નથી, **જમાલીનું હૈયું** આપમતિ ઉપર નિષ્ઠુર બન્યું, તો ત્રિલોકનાથ જગતદયાળુ પ્રભુ મહાવીરદેવનો ગુરુ તરીકે મળેલો ઉત્તમ સંયોગ પણ કિંમત વિનાનો બની ગયો. એની પરવા એણે ન કરી. શ્રી ગૌતમસ્વામીજી જેવાની પણ શિખામણ એણે ઠોકરે ચઢાવી. તો હવે આગળ દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણના વિકાસ થવાની વાત તો દૂર રહી, પણ મૂળ પાયામાં સમ્યગ્દર્શન જ ગુમાવવાનું આવીને ઊભું રહ્યું ! નિષ્ઠુરતા આવું કામ કરે છે.

**ત્યારે નિર્દયતાને લીધે** કોમળતા ગુમાવાય છે, એટલે પછી બીજાનું બગડતું હોય તો ભલે બગડો, એની એને પરવા નથી. કોમળતા નથી અને કઠોરતા છે. તો તો અજુગતા કામ કરવામાં સંકોચ નહિ રહે. **કોણિક**ને ચેડા મહારાજની નગરી પાડવી હતી, બીજો કોઈ ઉપાય ન રહ્યો ત્યારે નગરીને ટકાવવામાં મુખ્ય મહિમાવંતા પ્રભુના સ્તૂપને ઉખેડી નખાવવા કુળવાલક મુનિને સાધ્યા. મુનિ નિર્દય હૃદયના

બની એ ભયંકર કૃત્ય કરનારા થયા. નિર્દયતા કેટલે પહોંચાડે ?

**સૂર્યકાન્તા રાણી** નિર્દય બની, તો વર્ષોના વહાલ કરનારા પતિ પ્રદેશી રાજાને પોષધના પારણે કપટથી ઝેર દઈ દીધું ! નિર્દયતામાં દંભ આવ્યો, હિંસા આવી, ક્રૂરતા આવી, પતિદ્રોહ થયો...,

**દુર્યોધન** નિર્દય બન્યો તો પાંડવોને જંગલમાં ભટકતા કર્યાં, અને દ્રૌપદીની ભરી સભામાં લાજ લૂંટવાનો પેંતરો કર્યો. ઈતિહાસના પાને એ કાળા અક્ષરે કોતરાઈ ગયો. ત્યારે કોમળ પાંડવો સુવર્ણ અક્ષરે નોંધાઈ ગયા.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૪૪,તા.૬-૮-૧૯૬૦

**સ્વાર્થાંધતા ટાળવા પરાર્થરસિકતા :-**

**આ નિષ્ઠુરતા અને નિર્દયતાને જન્માવનાર, પગભર રાખનાર સ્વાર્થાંધતા છે.** એને હટાવવા માટે પરાર્થનો રસ ઊભો કરવો જોઈએ, પરાર્થરસિકતા જોઈએ. 'હું બીજાનું કેમ ભલું કરું, બીજાને કેમ ઉપયોગી થાઉં, મારાં તન-મન-ધન બીજાના લાભમાં કેમ વપરાય.'-આવી ધગશ રહે. આ ધગશ, આ તમન્ના, આ લાગણી ઉત્તમ છે, ત્યારે 'મારું મારા જ કામમાં આવો, હું મારું જ કરીને બેસી રહું,'-એ અધમ વૃત્તિ છે. શું નથી લાગતું કે પશુ જીવન કરતાં માનવ જીવન જો ઉત્તમ છે, તો એમાં ઉત્તમ લાગણીના પૂર વહેવા જોઈએ ? કનિષ્ઠ લાગણીભરી સ્વાર્થની ઉપાસના તો પશુ ય કરે છે. અને આપણે માનવ પણ એટલું જ કરીને બેસી રહીએ ?

**આપણા પ્રત્યે બીજા સ્વાર્થી ચાલે ?**

પાછી ખૂબી તો એ છે કે આપણને બીજા ઉપયોગી થાય, બીજાનાં તન-મન-ધન, બીજાની સેવા આપણને કામ લાગે એ તો જોઈએ જ છે. આપણી સામે બીજાઓ સ્વાર્થ રમે, એ આપણને નથી ગમતું, નથી પાલવતું, તો જાતે સ્વાર્થી બનવું કેમ ગમે છે ? લૂંટારાની જેમ બીજા પાસેથી તો સેવા આંચકવાનું કરવામાં સંકોચ નથી રહેતો.

**લૂંટારો પોતાનું કોઈ આંચકી લે એ માટે તૈયાર નથી; સાથે બીજાનું આંચકી લેવા એ સદા તત્પર હોય છે.**

તો આપણે શું કરીએ છીએ ? આપણો સ્વાર્થ એમને એમ સધાય છે ? બીજાની સેવા વિના જ ? વેપારીને સારું કમાવવું છે તો તે વિશ્વાસુ અને ગરજુ ગ્રાહકની ખરીદી ઉપર થાય છે. ઘરમાં બધી સગવડ ભોગવવાનો સ્વાર્થ સાધવો



હોય છે તો તે માતા, પિતા, પત્ની, પુત્ર, વગેરેની સેવાઓ લઈને થાય છે. હવે, 'ઘરાક મને કમાવી દે, પણ ઘરાકનું હિત મારે જોવાનું નહિ,' 'કુટુંબીઓ મને સેવા આપે, પણ મારે એમની સેવા કરવાની નહિ.' -આ કેવી લૂંટારાગીરી ?

જ્યાં સેવા આપનારાનું પણ હિત જોવું નથી, હિત કરવું નથી, ત્યાં બીજા બહારનાનું ભલું કરવાની તો વાતે ય શી ? અરે ! કરવાનું શું, પરહિત ચિંતવવાનું પણ મોઘું થઈ પડ્યું છે ?

**આત્મબળને પહેલો ધક્કો મૈત્રી આદિ ભાવનાથી લાગે :-**

ત્યારે એ વિચારવું જોઈએ છે કે ધર્મના પાયામાં મૈત્રી આદિ ભાવના મૂકી છે, ધર્મ એવી કોઈ અવ્યવસ્થિત વસ્તુ નથી કે જે અંતરાત્મામાં એમ જ સ્પર્શી જાય, જે અંતરમાં જુગ જુગથી મિથ્યાત્વ, કામ-ક્રોધ લોભ-મદ-મત્સર વગેરે મેલ લાગેલા છે, એ આત્માના પ્રદેશે-પ્રદેશે તન્મય થઈ ગયા છે; એને ધક્કો લાગ્યા વિના ધર્મ ત્યાં પેસી શકે ? ધક્કો કોણ લગાડે ? આ મૈત્રી આદિ ભાવના વગેરે. એનાથી ઉત્કટ દોષોને ધક્કો લાગીને એમાં મંદતા આવે પછી સમ્યક્ત્વાદિ ધર્મને પેસવા જગા મળે છે. માટે મૈત્રી આદિ ભાવોની પહેલી જરૂર છે.

મૈત્રી એટલે ? ષોડશક શાસ્ત્ર કહે છે **परहितचिन्ता मैत्री** । પરના હિતનું ચિંતન એ મૈત્રી ભાવના છે. જન્મો-જન્મ બીજાનાં અહિત ચિંતવીને, બીજાનાં હિતની અવગણના કરીને કામ-ક્રોધાદિ આંતર શત્રુઓને પગભર રાખ્યા છે, પાળ્યા-પોષ્યા અને વધાર્યા છે. એનાં હવે શોષણ કરવા જોઈશે; પરનાં હિતની ચિંતા કરવી જોઈશે. **'સૌનું ભલું થાઓ, સૌ સુખી થાઓ, સર્વનું કલ્યાણ થાઓ.'-આ ભાવનાનો ઝરો અંતરાત્મામાં વહેતો રાખવો જોઈશે.**

**પરાર્થવૃત્તિ બનવાની વિચારણા :-**

ધર્માત્મામાં આ ભાવના હોવી જ જોઈએ. માટે શાસ્ત્રકારો પ્રારંભિક ગુણોમાં પરાર્થવૃત્તિ મૂકે છે. પરાર્થવૃત્તિ એટલે પરનાં હિત સાધવાની વૃત્તિ. સ્વાર્થ ન હોય એમ નહિ હોય, પણ એ ગૌણ રાખવો જોઈએ અને પરાર્થ મુખ્ય રાખવો જોઈએ. 'હું મને જ ઉપયોગી થાઉં, મારું મારે જ કામ લાગે.' એ તો નીતરતી સ્વાર્થવૃત્તિ છે.

માનસિક વૃત્તિ તો એ જોઈએ કે 'હું બીજાને ઉપયોગી થાઉં, મારું બીજાને કામ લાગો. ક્યાં આ જીવનમાં કાયમ રહી શકાવાનું છે, કે બધું શાશ્વત ટકવાનું છે ? એમ, હું અને મારું જાતને માટે ઉપયોગી બનેલું પરભવના પુણ્યના ચોપડે જમે નથી થવાનું, તેમ એ અહીં કોઈ ઓજસ, સત્ત્વ કે યશ નથી આપવાનું. એ તો બીજાને ઉપયોગી થયેલું જ પુણ્યના ચોપડે જમે થશે; એજ અહીં પણ સત્ત્વ, ઓજસ અને જશ આપશે; જુઓ નદી, ઝાડ-પાન, ખેતર, ચંદન વગેરે બીજાને કામ

લાગે છે, તો એના ગુણ ગવાય છે, એના આશ્રય લેવાય છે. આંબા પાસે કેરી લેવા જતાં જો એ સીધું ડાળખું જ માથામાં મારતું હોય તો કોણ એની પાસે જાય ? કોણ એનાં ગુણ ગાય ? ત્યારે માણસે સમજવું જોઈએ કે 'હું, પ્રાણી-જગતમાં શ્રેષ્ઠ પ્રાણી છું, હું અને મારું બીજાને સારા ઉપયોગી કેમ થઈએ, જડ દેખાતા પદાર્થ પણ બીજાના લાભમાં ઊતરે, તો મારે તો અવશ્ય બીજાને ઉપયોગી થવાનું.'

**પરાર્થવૃત્તિના અભાવે દુઃખદ સ્થિતિ :-** આ પરાર્થવૃત્તિ તરફ લક્ષ અને એની પરવા ન હોવાના કારણે ધનવાન માણસ નજર સામે અનેક બંધુઓને સીદાતા ઠંડે કલેજે જોઈ શકે શકે છે ! વિદ્યાવાળો એ, ગરીબ પાસે પગાર આપવાની તાકાત નથી માટે, એને વગર વિદ્યાએ સડતા, વિના દિલ દુઃખે જોઈ શકે છે !

**પરાર્થવૃત્તિ નહિ, તો દર્શનાચાર ક્યાં ? :-**

ધર્મની સાધના કરનારો પણ જો એકલા સ્વાર્થને જોનારો હોય છે તો પોતાની સાધના, પોતાનાં તપ-જપ-વ્રત નિયમાદિ સાચવીને બેસી રહે છે, પણ બીજા ધર્મબંધુને સાધનામાં સહાયક નથી બનતો; તેથી બીજા સીદાતાને માટે શુષ્ક કે કઠોર હૃદયે બેપરવા બન્યો રહે છે. આવું હોય ત્યાં સમ્યગ્દર્શનના મૌલિક આઠ આચારો પૈકીના ઉપબૃંહણા, સ્થિરીકરણ, અને વાત્સલ્ય આચારોને ક્યાંથી પાળી શકવાનો હતો ? એ નહિ છતાં માત્ર તપ-જપ-વ્રત-નિયમાદિથી માની લેવું કે હું ધર્મી છું, ધર્મસાધના બરાબર કરું છું, એ ભ્રમમાં તણાવા જેવું થાય છે. ભગવાન કહે છે.' **'जो साहम्मिअं पडिज्जवइ सो मं'**

જે સાધર્મિકની સેવા સરભરા કરે છે, સાધર્મિકને માને છે, તે મારી સેવા કરે છે, મને માને છે. એટલે આ પરાર્થકારિતા વિના તો ભગવાન પરની શ્રદ્ધા જ જો રહી નહિ ગણાય, તો પછી એ શ્રદ્ધાના પાયા વિના બીજી સાધનાની ઈમારત રચવાની તો વાતેય શી ?

સંઘમાં જ્યાં પરાર્થવૃત્તિ, પરહિતચિંતારૂપ મૈત્રી અને પ્રમોદ ભાવનાના અભાવે સ્વાર્થાંધતા. પરસ્પર ઈર્ષ્યા, અસહિષ્ણુતા વગેરે વિલસી રહ્યા છે. જો સમજીએ તો એ એક ભયંકર રોગ છે. પાછો એ ચેપી રોગ છે. સંઘમાં નવા તૈયાર થતા ધર્મી જીવો એ ચેપમાં ફસાય છે. એ રોગમાં ધર્મની રૂએ સંબંધવાળાનાં એક બીજાનાં દર્શનેય ગમતા નથી. નિન્દા, ઈર્ષ્યા, એક બીજાનું સહન ન થવું, વગેરે જાણે જીવનની વિશેષતાઓ બની ગઈ છે. આ રોગ ન મીટે ત્યાં સુધી ઉદય ક્યાંથી થાય ! ધર્મસાધનામાં જે દિલની પવિત્રતા અને વિશાલતા જોઈએ તે આ રોગ નથી આવવા દેતી. બહારથી આ નહિ લાગે. બહારથી તો દાન, શીલ, તપ, વ્રત વગેરે બધું બરાબર થતું દેખાશે, પરંતુ અંદરખાને એની સ્પર્શના થવી મુશ્કેલ છે,



જો અંતરમાં સ્વાર્થ-ઈર્ષ્યા-નિન્દા વગેરેના રસ ભર્યા છે.

**ખોટ શાની લાગે છે ? સ્વાર્થાંધતાદિ ઓછી ન થયાની ખોટ લાગે ? :-** ત્યારે સામાયિક ન થયું તો ખોટ લાગે છે, પજુસણમાં ઉપવાસ ન થઈ શક્યો તો દુઃખ થાય છે, પરંતુ સ્વાર્થાંધતા ઓછી ન થઈ એનું દુઃખ ખરું ? પગ નીચે કીડી મરી ગઈ તો હજી લાગે છે કે ખોટું થયું, પરંતુ કોઈને કડવો શબ્દ કહેવાઈ ગયો કે ઉગ્ર શબ્દોમાં બોલાઈ ગયું તો એ ખોટું થયું લાગે છે ? એમ નિંદા થઈ ગઈ, ઈર્ષ્યા આવી ગઈ બીજાનો ભારે શબ્દ સાંભળી અસહિષ્ણુતા ઊછળી, તો શું લાગે છે કે ખોટું થયું ? એથી પણ આગળ વધો, કદાચ ગુસ્સો થઈ ગયો તો સંતાપ થાય છે, પણ લોભ જાગ્યો, તૃષ્ણા ઊછળી, મમતા જાગી, તો ખોટું થઈ ગયું લાગે છે ? એનો હૈયે સંતાપ રહે છે ? મનગમતી ચીજ જોઈ, મનગમતો શબ્દ સાંભળ્યો, મનગમતા સ્પર્શ-ગંધ-રસ મળ્યા, અને રાગ થયો તો અજુગતું થયું લાગે છે ? પછી થયાનો સંતાપ થાય છે ? આ ચીજો રાગ કરાવનારી હોવાથી શું એનાં દર્શનમાત્રે ભડક થાય ખરી કે 'માર્યા ! આ રાગના ખંજર ભોંકનારા વિષયોના આક્રમણમાં મારું શું થશે ?' એ વિષયો ખોટા લાગે ? દુરાચાર ખોટો લાગે છે ખરો, પણ સદાચારના ય વિષયભોગ ખોટા ભાસે છે ? એની પાછળ બળતરા થાય છે ?

ત્યારે હવે જુઓ કે આ ખતરનાક આત્મરોગો ખોટા લાગવાનું ય ન બને તો પછી એની બળતરા, એની સામે લાલ આંખ, એની ભડક વગેરે થવાનું ક્યાં રહ્યું ? સ્વાર્થાંધતા, ઉગ્ર વાણી, નિંદા, ઈર્ષ્યા, અસહિષ્ણુતા, લોભ, તૃષ્ણા, રાગ, ભોગ-આ બધા કમ રોગ સમજતા નહિ. મોક્ષ તો શું, પણ સારા દેવ મનુષ્ય ભવ પામવાની આડે એ કમ વિઘ્ન નથી ! જેવી ખોટ બાહ્ય ધર્મક્રિયા ગુમાવ્યાની લાગે, એના કરતાં પણ વધારે નુકસાન આ આંતરિક દોષ ઊભા રહ્યાનું લાગે. એના પ્રતિપક્ષી ગુણો સર્યાની મોટી ખોટ લાગે.

પણ કહો ને કે બાહ્ય કે આંતરિક ધર્મ ગુમાવ્યાની એવી ખોટ જ ક્યાં લાગે છે ? કયાં કલેજે ફફડાટ અને હૈયે ધડધડાટ થાય છે ! 'ધર્મ ન થયો તો કાંઈ નહિ, પછી થશે. ધર્મ તો છે છે ને છે. બધું સંયોગ મુજબ થાય, શક્તિ મુજબ થાય, કાંઈ જાત તોડી ન નખાય, મરીને કાંઈ ધર્મ થતો હશે ?...' આવા-આવા કેટલા લોચા વાળે છે ? સંસારની બાબતમાં મન આવો કોઈ લોચો વાળતું નથી; કારણ કે દિલ જ સંસારનું છે, તેથી સંસારના કાર્ય તો કરવા જ પડે; ન કરીએ તો બધું બગડી જાય. સંસાર લઈ બેઠા એટલે ગમે તે રીતે પાર પાડવો જ પડે. પૈસા મરીને પણ લાવવા જ પડે. કુટુંબની માવજત જાત તોડીને પણ કરવી જ રહી.'-આવા આવા ચોકસ હિસાબ માંડી મૂકેલ હોય છે. દિલ ધર્મનું થઈ જાય ધર્મની તાલાવેલી

લાગી જાય, આયુષ્ય પાણીના રેલાની માફક ચાલી રહ્યું છે એની ચોંટ લાગી જાય, તો જ સંસારના હિસાબ મટી ધર્મના હિસાબ થાય.

ત્યારે સાધના એ શું સામાન્ય ચીજ છે ? એની તો તીવ્ર તમન્ના જાગવી જોઈએ, એના વિના ચેન ન પડે, એમાં જ દિલને જંપ વળે, ધરપત રહે. પછી એ ધર્મ સાધના ઓછી થયાની મોટી ખોટ લાગે; અને સાધનામાં પણ સ્વાર્થાંધતાનો ત્યાગ, પરાર્થવૃત્તિ-પ્રવૃત્તિની જીવનવ્યાપિતા, રાગ-દ્વેષાદિનો કાપ, વિરાગ-ઉપશમ-સૌમ્યતાદિનો સીધો અમલ, ઇન્દ્રિયોના વિષયગમન પર અંકુશ વગેરે આંતરિક-આધ્યાત્મિક વિકાસની ખાસ સાધના જોઈએ. પહેલાં કહ્યું તેમ પરભાવથી ખસી-ખસીને સ્વભાવમાં આવ્યા કરવાની સાધના જોઈએ. ત્યાં પછી કેટલાય દુન્યવી પ્રલોભન, વૈષયિક લાલચો જતી કરવી પડે. ત્યારે જીવનમાં એ જુઓ , કે વિષય મનગમતો સામે આવ્યો છતાં મારે ખપતું નથી ક્યારે કર્યું ? સામો કહે છે 'લ્યો લ્યો.' ત્યારે આપણે કહીએ છીએ 'પણ મારે ખપ નથી.' ખાલી વિવેક માટે નહિ, પરંતુ વિષયો વૈરી લાગ્યા છે માટે.

**ઈલાચી પુત્ર કેમ ફર્યો ? :-**

દોરડા પર નાચવા ચઢેલા ઈલાચીપુત્રનું હૈયું કેમ હચમચી ઊઠ્યું ? મહારાગમાંથી મહાવિરાગમાં એકદમ કેવી રીતે કૂદ્યો ? ક્યાં ગયો હતો ઈલાચી ? સિદ્ધાચળની ટૂંક ઉપર કે કોઈ મહાત્માની દેશનામાં ? ના પૈસા કમાવી દેનારા અને સુંદર નટડી અપાવનારા ખેલના દોરડા પર ! એટલે ? રાગ, ભારે રાગના ઘરમાં ! અને ત્યાં વિરાગ, મહાવિરાગ અને ઠેઠ વીતરાગતાના શિખર પર ચઢી ગયો ! શો જાદુ ? આજ કે એણે 'લ્યો લ્યો' મીઠાં મધુરા વયણાંભર્યા સત્કારની સામે 'પણ ખપ નથી'નું પરાક્રમ જોયું. કામદેવની રતિના રૂપની સામે નીચી ઢાળેલી દૃષ્ટિની શૂરવીરતા જોઈ.

**પરભાવમાં પરાક્રમ કેમ નહિ ? :-**

આ જેવું તેવું પરાક્રમ નથી હોં ! જેવી તેવી, શૂરવીરતા સમજતા મા. હિમાલય પર નરદમ બરફ ખૂંદી માઉન્ટ એવરેસ્ટના શિખર પર ચઢી જવાના પરાક્રમ હજી સહેલા; વિકરાળ વાઘ સાથે ઝઝૂમવાની શૂરવીરતા સહેલી; કેમકે એ તો પરભાવની વાતો છે. એમાં તો પુણ્યનું બળ હોય તો જિતાય. એમાં કોઈ મોટી વાત નથી. પરંતુ સ્વભાવની વાત આવે ત્યાં પરાક્રમ અને શૂરવીરતાનું અતિ બહુ મૂલ્ય છે; કેમકે એ આત્માના પુરુષાર્થની વાત છે. દુનિયા કોઈ મોટા પહેલવાનની પહેલવાનગીરી જોઈને આશ્ચર્ય પામે છે; પણ એમાં શું આશ્ચર્ય પામવા જેવું છે ? શાતાવેદનીય, સંઘયણબળ, વીર્યાંતરાય-ક્ષયોપશમ વગેરેની પુણ્યાઈ મળી હોય તો



એ સહેજે બને. એવા દુનિયાને દેખાતા બીજા ચમત્કારી પરાક્રમ પુણ્યના જોર પર થવા સ્વાભાવિક છે. ખરા ચમત્કારિક તો આત્માના પુરુષાર્થથી થતા આધ્યાત્મિક પરાક્રમો છે. યુવાન વયમાં બ્રહ્મચર્ય લઈ લેવું એ ચમત્કારિક પરાક્રમ છે. ઘરમાં ખાવાના ઢેર પડ્યા છે છતાં રસત્યાગ અને તપસ્યાઓ કરવી એ ખરી શૂરવીરતા છે. ભયંકર દુશ્મન ઉપર પણ ક્ષમા અને કરુણાના ધોધ વરસાવવા એ શૂરવીરતા ચમત્કારિક છે, કેમકે એમાં આત્માનો ભગીરથ પુરુષાર્થ જોઈએ છે.

ઈલાચીપુત્ર નાચવાના દોરડા ઉપરથી જુએ છે કે એક ઘરમાં મુનિ ભિક્ષાર્થે પધાર્યા છે. સામે પદ્મિની નવયૌવના મોદક વહોરાવવા કરગરી રહી છે, 'ભગવંત ! લ્યો લ્યો આનો લાભ આપો.' પણ મુનિને સામે મીંટ માંડવાની પડી નથી. નીચી દૃષ્ટિએ ઊભા છે. કંઈક અભિગ્રહ હશે કે ગમે તે ત્યાગ, સંયમનાં કારણે મુનિ એ વહોરતા નથી. ઈલાચીપુત્ર આ જુએ છે, ચોંકી ઊઠે છે ! 'કેવું પરાક્રમ ! કેટલી શૂરવીરતા !' મુનિ જો પદ્મિનીના મોઢા સામે જુએ, એના મોહક ચક્ષુ, ગુલાબી મોઢું અને નમણી નાજુક કાયા નિહાળે તો કોણ રોકવાનું હતું ? કોણ ખરાબ કહેવાનું હતું ? 'ભાઈ ! એ તો જવાબ દેવા માટે તો સામું જોવું જ પડે ને ?' આવો બચાવ મળે, છતાં અહીં આત્માના અતુલ પુરુષાર્થથી લેશ પણ, ક્ષણ પણ, દૃષ્ટિ નાખવાનો ત્યાગ છે.

**ક્યાં પદ્મિની, ક્યાં નટડી ? :-**

ઈલાચીપુત્ર વિચારમાં ચઢે છે, 'અહાહા ! ક્યાં એ ગોરી-ગુલાબી પદ્મિણી ? અને ક્યાં એની તુલનામાં કાળી કૂબડી આ નટડી ! ક્યાં એનો વિનય, ને કૌશલ્ય અને ક્યાં આ ઢોલ બજાવનારી ! હા-ના કહેવા માટે સામે જોવું સહજ, છતાં મુનિની દૃષ્ટિ પર જાણે અધમણ સીસાનો ભાર હોય તે ઊંચી જ થતી નથી ! પદ્મિનીને એ જોતા જ નથી, ને હું નટડીને જો-જો કરવામાંથી ઊંચો જ આવતો નથી ! એનો બાપ નાટકિયો ના પાડે છે 'એમ ન પરણાવું ! અમારી નટવિદ્યા શીખ, નાટક કર, કોઈ મોટા રાજાને રીઝવી ભરચક પૈસા લાવીને અમારી નાત જમાડ, તો પરણાવું ! એનો અર્થ શો ? એજ કે 'તારી નાત મૂક, જાત મૂક, કુળ મૂક. કુળનો ઉચ્ચ ધંધો મૂક,... આટલું બધું ખો, પછી વાત'-નટડીનો બાપ આ કહે છે, ત્યારે હું કહું છું 'બધું કબૂલ, પણ નટડી પરણીશ.'

**ભવવનમાં ભમાવનારની હજીય પકડ ? :-**

રાગ, મોહ અને લોભની માત્રા કેટલી ? ત્યાં જોવું નથી કે એણે આ ભવવનમાં મને કેટલા જન્મ-મરણ કરાવ્યા ! અનંતાનંત કાળ મને ભવચક્રમાં રહેંસી **નાખનારા આ રાગાદિની હજીય પકડ ?'**

વિચાર નથી, એટલે એનો કેડો મૂકાતો નથી. પરિવ્રાજક મંત્રીને એજ કહી રહ્યો છે કે વિષયાંધ બનેલાને સુકૃત-દુષ્કૃત કાંઈ જોવું નથી.

**નિર્મોહીનાં દર્શન-**

ઈલાચીકુમારની આ સ્થિતિ બની હતી, છતાં અત્યારે કેમ એકાએક પલટો ખાધો ? એટલા જ માટે કે પોતાની તુલનામાં અજબ-ગજબનું જોયું, પોતે એક નટડીમાં મોહી પડ્યો છે, ત્યારે સામે વિરાગી મહાત્માને જુએ છે કે એ રૂપના અંબાર સમી અને અપ્સરાના નમુના સમી પદ્મિનીને માત્ર જોવા માટે તૈયાર નથી. પેલી આજીજીપૂર્વક વિનવે છે 'પણ ભગવંત ! આ શુદ્ધ આહાર છે, કૃપા કરી લાભ આપો,' એ સત્તર કહે ને ? મુનિને આંખ ઊંચી કરવાની વાત જ નથી. મુનિની પ્રલોભક સંયોગ છતાં નિર્મોહિતા, નિરાગિતા, નિષ્કામતા જોઈ ઈલાચીનું મન ફર્યું. નિર્મોહ-નિષ્કામતા પોતાને તો લાભ કરે જ છે, પણ બીજાનું ય કલ્યાણ કરે છે.

**વિરાગીનું દર્શન શું કરે ?** આ પણ દર્શન કરતાં આવડવું જોઈએ. ઈલાચીકુમાર મનોમન પ્રશ્ન કરે છે, 'મુનિ સામે હું કેવો ? **કેવળ મોહના પનારે પડી આ અધમ દશામાં પડ્યો !** મોટા ધનાઢ્યનો પુત્ર હું; બાપ કહે 'લત મૂક નટડીની, ઊંચા કુળની સારી કન્યા માનભેર પરણાવું,' છતાં માન્યું નહિ, અને નાટકિયો કહે 'ખેલ કર, પછી ભીખ માગ...તો પરણાવું છતાં હું કહું છું ગમે તેમ પણ મારે નટડી જોઈએ. હું કેટલો બધો પાગલ ? કેટલો મૂઢ ?'

**'આજા ફસાજા,' સમજાય છે ?**

**કર્મે અનુકૂળતા કરી છે ને મોહ રાજાએ જાળ પાથરી આપણને મૂઢ બનાવ્યા છે. કર્મની** અનુકૂળતાઓમાં ખેંચાઈ કામ-ક્રોધ-લોભ-મદ-મત્સર વગેરેની જાળ તૈયાર જ છે, જરા મૂઢ બની ડગ માંડો એટલીવાર, 'આ જા, ફસાજા'નો સોદો સહી થયો જ સમજો. બસ એમાં ફસાયા પછી તો પૂછવું જ શું ? મુનિની સામે ય અનુકૂળતા આવી ઊભી છે, પરંતુ એમણે નક્કી કર્યું છે કે જીવન જીવવા માટે રોટલાની જરૂર છે. વિષય, કષાયની નહિ. એના વિના જીવન જીવી શકાય છે, પછી શા માટે એની ખોટી સહાય લઈ સ્વાત્માને રાંક બનાવવો ?

**કેટલે ઊંચેથી કેટલે નીચે ?**

ઈલાચીને સમજાયું છે કે 'શું મારે આવું જોયા પછી ય નટડી જોઈએ ? છટ્ ! હું ભૂલું છું, રાજા ય ભૂલે છે; નટડી માટે ! શું આટલા માનવભવના થાળા સુધી આવી પહોંચેલા મને આ એક મળમૂત્રની થેલી સમી નટડી ભૂલાવી નીચે નરકમાં ફેંકે ? કેટલે નીચે એકેન્દ્રિયપણામાં ? કેટલી ય મુશીબતો વેઠી, કેટલા



દીર્ઘાતિદીર્ઘ કાળે હું ઊંચે આવ્યો ? હવે શું પલકમાં સહેલાઈથી એટલે બધે નીચે આ અંધાપાથી પટકાઈ જવાનું ? ના, નીચે પડું નહિ, શું આની ખાતર પડું ? એ મારા સ્વાધીન તો છે નહિ, મારું ચાલતું હોત તો અત્યાર સુધીમાં મળી ન ગઈ હોત ? આટલા લારા શા માટે કરવા પડે ? રોજ સાથે રહેવાનું અને ન મળ્યાથી રોજ બળ્યા કરવાનું !

**સોનાનાં ઘરેણા મૂકી પિત્તળનાં ઘરેણાં ?-**

ક્યાં આત્માનું અનંત સામર્થ્ય, વીતરાગભાવ, અને અનંત સહજ સુખ ? અને ક્યાં આ સંતાપ ને ગુલામી ? આવી ગુલામીથી મારા આત્માના અનંત સુખ -સામ્રાજ્યને ફગાવી રહ્યો છું. અક્કલ વિનાનો હોય તે સોનાનાં ઘરેણાં મૂકી પિત્તળિયામાં રાચે. આત્માની સમૃદ્ધિમાં ઉજ્જવલ વીતરાગતા છે, લોકાલોકનું ભવ્ય જ્ઞાન-દર્શન છે, સંસારના સર્વ સુખથી અનંતગુણું સુખ છે, -આ બધી સોનાની સમૃદ્ધિને સમજ્યો નહિ, તેને નીચે દાટી રાખી આ પિત્તળિયા પુદ્ગલ સમૃદ્ધિની પૂંઠે પડ્યો ! ધિક્, ધિગ્, મને કે પોતાના આત્માનું જ ભાન ભૂલી રખડતો રહ્યો છું. હવે તો આ બધું વોસિરે વોસિરે. હવે તો શુદ્ધ આત્મ મસ્તી !'

ફરી ગયું મન. હચમચેલા હૈયાએ રાગ, મોહ, વગેરેની જમાતના કેઈને ઊંચકી-ઊંચકીને બહાર ફેંકવા માંડ્યા ! લોક જાણે છે કે નાચ કરે છે. અને આ ધર્મધ્યાનમાં લીન છે. એને હવે જાતનું ભાન થઈ ગયું છે અને સચોટ લાગી ગયું છે કે જગતની ચીજોની પૂંઠે પડવામાં ખુદ પોતાની જાત વેચાઈ રહી છે.

**જગતની ચીજ, તમારી જાત વેચો, તો મળે.**

પણ તેને ડહાપણ ન કહેવાય. એક ભિખારી પણ જો જુએ કે 'જાત વેચીને અર્થાત્ કોઈની જીવનભરની ભારે ગુલામી સ્વીકારીને બે-ચાર દિનની શીરો પૂરી મળે છે,' તો તે નહિ લે, જાત નહિ વેચે. માનશે કે 'ગમે તેટલી પણ બીજી મહેનત કરીને સૂકો રોટલો ખાઈશ, પણ જાત નહિ વેચું.'

**પાપને જાત વેચાય છે :-** ત્યારે અહીં તો આ જીવનના અતિ ટૂંકા સમયના સુખ મળે, પરંતુ એમાં જાત પાપ કર્મને વેચી દેવાની, એટલે ભાવી દીર્ઘાતિદીર્ઘ કાળની એની ગુલામીમાં જકડાવાનું થાય. તો જાત વેચીને જગતની ચીજમાં કોણ ડાહ્યો મન ઘાલે ?

**(૨) હૂંડી વેચો ને માલ લો :-**

બીજી રીતે જુઓ જગતની ચીજ ધનમાલ માન સન્માન,-એ બધું આત્માના પુણ્યની હૂંડીઓ પાકવાથી મળે છે. પરંતુ એ જેમ-જેમ પાકે છે, તેમ-તેમ એનાં ફળ લેતાં એ વટાવાઈને ખોખું થતી જાય છે, ખતમ થાય છે, એનો અર્થ એ કે

**પુણ્યની હૂંડીઓ વેચી તો જગતની ચીજ મલી,** કે જે ચીજો પાછી જવાની છે. એટલે આત્માએ તો માત્ર ગુમાવવાનું કર્યું-આમ પુણ્ય વેચવામાં એટલે અંશે જાત વેચી. હવે મોટા ઈન્દ્રની ભવ્ય ઠકરાઈ લો પણ સામે જાત વેચાવાની વાત નક્કી છે. ત્યારે બીજી સંપત્તિ માટે તો પૂછવાનું જ શું ? તો કહો, જગતનું લેવા દોડો છો, મળતા ખુશી ખુશી થાઓ છો, ત્યાં એ ધ્યાન રહે છે કે જાત વેચાઈ રહી છે ? જો એ ધ્યાન રહે તો ખુશી ઊડી જાય, મનને એમ થાય કે,

**જાત વેચાય એવી પ્રાપ્તિમાં શું રાચવું-રીઝવું' તું' ?**

**(૩) કુસંસ્કારોને જાત વેચવાની :-**

ત્રીજી રીતે જુઓ કે જગતની ચીજો કાંઈ એમને એમ નથી મળતી, કેટલાય આરંભ-સમારંભનાં પાપ કરો તો મળે છે, એટલું જ નહિ પણ એમાં લોભ, અનીતિ, અસત્ય, અહંભાવ, આસક્તિ વગેરે કેઈ દુર્ગુણો સેવાય છે ! એ બધું શું છે ? આત્માને મેલોદાટ કરવાનું, આત્માનું વર્ચસ્વ ગુમાવવાનું, ને દુર્ગુણોનું જાત પર વર્ચસ્વ જમાવવાનું. એ જાતને વેચવા બરાબર જ છે ને ! કેમકે એના કુસંસ્કારો હવે આત્મા પર ચઢી બેસશે, આત્માને પોતાની ગુલામીમાં જકડશે; ને પછી કેમ ? તો કે આંખ મીંચીને લેશ માત્ર વિરોધ વિના આત્મા એ કુસંસ્કારોની સેવા બજાવશે.

અહીંયાં જ જુઓને કે આ અનુભવ વર્તમાન જીવનમાં ક્યાં નથી ! ભગવાન તીર્થંકરદેવ જેવાના ઉપદેશ સાંભળવા મળ્યા, દિલને એ જચ્યા ય ખરા, પરંતુ રાગદ્વેષ, અહંભાવ, ઈર્ષ્યા સ્વાર્થ તત્પરતા વગેરે કેટલાય દોષોના કુસંસ્કારો આત્માને પીડી રહ્યા છે ! ઝટ એ હૃદયમાં ઊછળે છે ! એને દબાવી શકતા નથી, અરે ! એ ઊઠતાં કોઈ ભડક સરખી ઊભી થતી નથી કે 'આ મારા ભાવશત્રુ જાગ્યા ! માર્યા !' ઊલટું ઝટ એના વેચાણ-ગુલામ હોય તેમ સીધી એની સેવા બજાવવામાં લાગી જવાય છે ! એનાં વધુ પોષણ કરાય છે ! અને એ વધવા પાછળ તેવી તેવી અસદ્ વિચાર-વાણી-વર્તાવની પ્રવૃત્તિ કરવા મંડી જવાય છે ! આ પણ જીવનમાં કોક વાર નહિ, કિન્તુ જન્મારો આખો ય એવો જ વીત્યે જાય છે ! કેટલો જુલ્મ ! એમાં પછી, ભલે જગતની ચીજ મળવાની ક્રિયા હોય, છતાં એ મદ-મત્સર-અસહિષ્ણુતા વગેરેની સેવા ડંખતી નથી. વિના-સંકોચ-સેવા ઉઠાવાય છે. આ બધું શું છે ? જાતને વેચી નાખી છે. શા માટે ? જગતની ચીજ ખાતર ! બરાબર યાદ કરો. **'જગતની ચીજ જાતને વેચો તો મળે.'**

એ મેળવવા જાત-આત્માને વેચી નાખ્યા પછી જાતનું સામર્થ્ય ડૂલ થઈ જાય છે, જાતનું વર્ચસ્વ, ડહાપણ, કાંઈ જ ઊભું રહી શકતું નથી. ઊંચામાં ઊંચા



દેવાધિદેવ, મહાત્યાગી નિસ્પૃહી ઉપકારક ગુરુઓ, અને જ્વલંત પવિત્રતા અને પ્રકાશવાળો ધર્મ મળ્યા છતાં તથા કંઈક એમની ઉપાસનાની ઈચ્છા છતાં જાત તો કામ-ક્રોધ-લોભ-મોહ-મદ-મત્સર વગેરેને વેચાણ હોઈ સ્વકીય શું સામર્થ્ય, શું વર્ચસ્વ અજમાવે ? અરે ! જરૂર પડ્યે ધર્મી શ્રાવકનો બિલ્લો લઈ ફરતા હોય, તો ય જો જાત કુસંસ્કારોને વેચાણ છે, તો એ સ્વાર્થાંધતા, તુચ્છ વિષયોના મોહ, મદ-મત્સર, વગેરેની ગુલામી નીચી મૂંડીએ ઉઠાવાય છે. જગતમાં ધર્મગુરુ તરીકે થઈ બેઠા, દુનિયાને ધર્મના મોટા-મોટા ભાષણ આપ્યા, પરંતુ જો જાત એ કુસંસ્કારોને વેચાણ છે તો વિષય-લાલસા, માનાકાંક્ષા, અહંકાર ને ઠસ્સો વગેરેને પરવશ બનાય છે. જાત વેચે તો જ જગતનો માલ મળે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૮,અંક-૪૬,તા.૧૯-૮-૧૯૬૦

**(૪) કેઈ શેઠ-ઘરાક-સ્નેહીને જાત વેચવાની :-**

ચોથી વાત, જગતની ચીજો લેવા-ભોગવવા માટે ગુણહીન એવા પણ શેઠની-ઘરાકની, પત્ની-પુત્રોની કોઈની ગુલામી ઉઠાવવી પડે છે, શું આ ? જગતની ચીજ માટે જાત વેચી **ભગવાનના બંધન માથે નહિ ધરે. ભવના બંધન ખુશમિશાલ વહોરશે.** આચાર્યાદિ ગુરુમહારાજોની ગુલામી નહિ ધરે, ઘરરાણીની ગુલામી માથે ધરશે ગુરુનું કહ્યું કાંક કરવામાં ઘરરાણીને પૂછ્યા પછી વાત, પણ ઘરરાણીનું કહ્યું કરવામાં પૂછવાની વાત નહિ ! સાધર્મિક કોઈને હેયા પર નહિ ધરે, પણ નિઃસંતાનમાંથી ચાર સંતાનવાળો થશે તો એ ચારેનો ભાર હૈયા પર હોંશે-હોંશે ધરાશે ! કેમ આ અવળી ગંગા વહી રહી છે ? સ્વાત્માના કલ્યાણમિત્રોને છોડીને લેભાગુની ગુલામી શા માટે ? કહો જગતની ચીજ ખાતર. બસ, આ વાત છે, જગતની ચીજ જાત વેચો તો મળે, તો ભોગવાય. શેઠની કેવી ગુલામી નોકર ઉઠાવે છે ? ગરજું શેઠ પણ ઘરાકની કેવી ગુલામી ઉઠાવે છે ? કોઈ મુનિ મહારાજની, ધર્મ લેવા માટે, આ ગુલામી કરી ? કોઈ જ્ઞાન, કોઈ વ્રત-નિયમ લેવા છે માટે ગુરુને કરગર્યા ? ના, આત્માની ચીજ લેવી હોય તો એમ કરવાનું ને ? જગતની ચીજ પૈસા પરિવાર જોઈએ છે, માટે જાત વેચતાં સંકોચ નથી.

જીવનમાં ક્યાં અનુભવ નથી ?

**જગતની એક ચીજ પત્ની પરણ્યા, એટલે શું કર્યું ?**

**જીવનભર એનું, એના છોકરા-છોકરીનું સંભાળવાનું ખતપત્ર કરી આપ્યું ને ?** જાત જે સ્વતંત્ર હતી-બંધાયેલી નહોતી, પરમાર્થ પરોપકાર વગેરે કરવા-

કરાવવા ગમે ત્યાં, ગમે ત્યારે, ગમે તેટલા વખત સુધી જવા રહેવાની છૂટ હતી, તે હવે, પહેલાં પત્ની અને સંતાન, પછી બીજું. એ શું ? જાત વેચી.

એવું શેઠિયાઓને પૂછો, નોકરોના દબાયેલા રહેવું પડે છે ? ગુમાસ્તાધારો કેવી અગવડો વેઠાવે છે ! ત્યારે આજના કેટલાય નોકરોને પૂછો, શેઠિયાની કેટલી ગુલામી વહોરવી પડે છે. એમ વેપારીને કેટલાક ગ્રાહકની, ગ્રાહકને વેપારીની, પ્રજાને અમલદારોની, બાપને દીકરાની, પતિને પત્નીની અને પત્નીને પતિની કેટલી ગુલામી ઉઠાવવી પડે છે ? શાથી ? જગતની ચીજ ખાતર. બસ, આ વાત છે કે જગતની ચીજ જાત વેચો તો મળે, જાત વેચો તો ભોગવાય.

**રાવણે** સીતાને મનાવવા કેટકેટલી ગુલામી મંજૂર કરી ? 'તારો દાસ થઈને રહું, મંદોદરી વગેરે મારી હજાર રાણીઓ તારી દાસી થઈને રહે.' કેમ આટલું બધું જાતનું વેચાણ ? માત્ર એક રૂપરંગીલી મેળવવા ! પણ એ માની તો નહિ, ત્યારે હવે એને અભિમાનથી પાછી સોંપવા નક્કી કર્યું. 'રામ-લક્ષ્મણને હરાવી-પકડી લાવી પછી એમને તુચ્છકારી સીતાનું દયાદાન કરું.' આ ભાવનામાં જગતના માનને વશ પડ્યો એ માનરૂપી જગતની ચીજ ક્યારે મળે ? મહાયુદ્ધનો ગુલામ થાય ત્યારે. થયો, છતાંય ન મળી, અને મરી જાતને ચોથી નરકને વેચવી પડી.

(૫) ત્યારે જગતની જડ ચીજો મેળવવા-રાખવામાં એ જડને ય વેચાણ થવાનું ક્યાં ઓછું છે ? બંગલા કે બગીચા, જર-ઝવેરાત, સરસામાન, ગાડી મોટર વગેરેની ખબર કરવામાં કેટલા સજાગ રહેવું પડે છે ? આત્મહિતના સાધનોમાં વાંકુચૂકું થાય ત્યાં તાબેદારી નહિ, પણ પેલા જડની તાબેદારી પાકી બજાવાય છે ! સમય, શ્રમ અને સંપત્તિના ભોગ અપાય છે ! એ સૂચવે છે કે જગતની ચીજ જાત વેચીને લો.

આ બધી વાતો પર ખૂબ વિચાર કરવા જેવો છે. સમજવા જેવું છે કે જાત વેચી નાખ્યા પછી અને તે પણ અનેકને વેચ્યાથી કેટલી ભારે દુર્દશા ઊભી થાય ? એમાંય ખાસ કરીને કુસંસ્કારોને તો પહેલા નંબરમાં જાત નહિ વેચવી, એના વેચાણ ન થવું. અર્થાત્ કે સંસ્કારો દઢ ન થાય એ માટે વિષયો તરફ પ્રવૃત્તિ, સ્વાર્થની રમતો, પરાર્થની અવગણના, માયા મૃષા વેરઝેર ઈર્ષ્યા-અસૂયા વગેરે પર પાકો અંકુશ મૂકી દેવો ઘટે. નિંદા, પાપસલાહ, અન્યોની ધર્મભાવનાનો નાશ, બીજાના તિરસ્કાર, વગેરેને તિલાંજલિ આપી દેવી જોઈએ. નહિતર એના સેવન દ્વારા આત્માના જૂના કુસંસ્કારો તાજાં થશે, દઢ થશે, અને જીવને ગળચીમાંથી પકડશે. પછી જો અહીં એના હ્રાસ નહિ, તો દેવ-ગુરુ-ધર્મ અને શાસ્ત્રો વિનાના ભવમાં ક્યાંથી એ ઓછા થવાના હતા ? ઊલટાં વધુ ફાલીફૂલી મહાતોફાન જગાવશે.



**ચોથા ભવના બનેલાનો ઉપસંહાર :-**

મૂળ પ્રસંગ પર આવો. ભગવાન સમરાદિત્ય કેવળી મહર્ષિનો જીવ ચોથા ભવમાં ધનકુમાર ઘરેથી વ્યાપાર અર્થે નીકળેલો, પત્ની ધનશ્રીના કપટથી સમુદ્રમાં ફેંકાંઈ જવાનું થયું, ત્યાંથી પાટિયાના આધારે કિનારે આવ્યો. મહેશ્વરદત્ત જુગારી જેને પોતે દેવામાંથી છોડાવેલો અને જે પછી સંન્યાસી થયેલો તે મળ્યો. એની પાસેથી સર્પનું ઝેર ઉતારવાનો મંત્ર પામ્યો, પણ કિનારા પરથી પડેલી રત્નમાળા ઉઠાવેલી તેથી આગળ જતાં પકડાયો, ઠેઠ વધની સજા ફરમાવાઈ, એ સ્થિતિમાં ય પરોપકાર માટે રાજપુત્રનું સર્પનું ઝેર ઉતાર્યું, પોતે જીવતદાન પામ્યો, ઉપરાંત રાજાનું મહાકિંમતી અલંકાર ભેટ મળ્યું અને હવે રાજાના માણસો એને દેશ તરફ મૂકવા જાય છે. ત્યાં રસ્તામાં એ અલંકારના લીધે બીજા રાજ્યમાં પકડાયો કેમકે એ અલંકાર એ રાજાના ચોરાયેલ ધન પૈકીનું એક હતું. હવે ધનકુમાર મૂકવા આવેલા માણસો સાથે જેલમાં પડ્યો છે.

બીજી બાજુ એ ચોર પરિવ્રાજક મુદ્દામાલ સાથે પકડાયો છે, અને વધ થવા પૂર્વે પહેલાનું ચોરેલું બધું ધન બતાવી દે છે. મંત્રી એને પૂછે છે કે 'આ શું ? વેશ પરિવ્રાજકનો અને આ ધંધો ?

પરિવ્રાજક કહે છે 'વિષયના લંપટ જીવને માટે કશું અજુગતું નથી.

'પણ તમે તો જ્ઞાની કહેવાઓ.'

ત્યાં પરિવ્રાજક પોતાના જીવનનો ઘટસ્ફોટ કરે છે. કહે છે "હું નારાયણ નામે બ્રાહ્મણપુત્ર એક વાર ચોર તરીકે પકડાયેલા માણસોને માટે બોલ્યો કે 'આવા ચોરોને તો મારી જ નાખવા જોઈએ' ત્યાં એક અવધિજ્ઞાની મુનિ મને કહે છે, મહાનુભાવ ! શા માટે આવો ખોટો આરોપ ચઢાવે છે ? ધર્મ શાસ્ત્ર તો ત્યાં સુધી કહે છે કે ચોરને પણ ચોર તરીકે સંબોધવામાં હિંસા છે...ત્યાં ચોર નહિ એવાને ચોર કેમ કહેવાય ? વળી તું મારી નાખવાનું કહે છે પણ શું તને ખબર છે કે;

ક્રોધને વશ થઈ જે સદા નિર્દય બન્યો રહી જીવોને મારે છે તે આ સંસારરૂપી કેદખાનાનો વાસ વારંવાર અને તે પણ બહુવાર પામે છે.

**આવા એક જીવનમાંના આંધળિયા શા સારુ કરવા કે જેથી આ દુઃખમય સંસારમાં અનેકાનેક દુઃખદ ભવ કરવા પડે ?** આપણે પોતે સુખના જ પ્રેમી છતાં બીજા જીવો માટે શું એવો વિચાર ન આવે કે 'એય બિચારા સુખના જ કામી છે; તો એને ન દુભાવાય ?' એના ઉપર નિર્દય લાગણી અને કોપ કરવો તે આંધળિયા નથી તો બીજું શું છે ?

હે બાળ ! તું જો, કે તારા પૂર્વ જન્મના બીજા પર જૂઠું આળ ચઢાવવાના

પાપના યોગે તું પૂર્વે તો કેટલુંય દુઃખ પામ્યો છે, કિન્તુ અહીં પણ એ પાપના કટુ વિપાકનો શેષ અંશ થોડા દિવસમાં તું પામવાનો છે. તો હજી પણ નવું આળ ચઢાવવાનું પાપ શાને કરે ?''

પરિવ્રાજક મંત્રીને કહે છે કે 'અવધિજ્ઞાની મુનિના આ કહેવા પર મેં એમને પૂછ્યું,

''ભગવંત ! એ જન્માન્તરમાં મેં ચઢાવેલું અસત્ય આળ કેવા પ્રકારનું હતું ? એનું કેવુંક ફળ પૂર્વે મારે ભોગવવું પડ્યું હતું ? તેમ એનું બાકીનું ફળ કેવા પ્રકારનું ભોગવવાનું છે ?''

## જ્ઞાની પાસેથી કયા રત્નો મળે ?

જ્ઞાની મળ્યા પછી જાણી લેવાનું શું કામ બાકી રાખવું ! નહિતર 'તળાવે ગયા ને તરસ્યા આવ્યા' જેવું થાય.

**માનવભવમાં જ્ઞાની પુરુષોનો યોગ એ જ્ઞાન-સરોવરનો યોગ છે.** એ મળ્યા પછી પણ જ્ઞાન મળી શકે એટલું ન મેળવી લેવાય, તો એક અણમોલ તક ચાલી જશે. ભેંશનો ભવ પામ્યા હોત તો આ તક નહોતી અને જ્ઞાન વિના બધું અંધારું. એ અંધારામાં ધર્મવિધિ, સમાધિ, અશુભમાંથી શુભધ્યાનમાં પલટો, પરિણતિ વિશુદ્ધ-વિશુદ્ધ કરવાના રહસ્ય,...વગેરે વગેરે રત્નો ક્યાંથી હાથ લાગવાના ?

પરિવ્રાજક આ જન્મમાં પૂર્વે વિપ્રપુત્ર નારાયણ છે તેને જુઓ મુનિ શું કહે છે ?

અવધિજ્ઞાની મુનિ વિપ્રપુત્ર નારાયણને હવે એના પૂર્વ જન્મોનો પરિચય આપતાં કહે છે,

'હે બાળ ! આજ ભરત ક્ષેત્રમાં ઉત્તરાપથ દેશમાં ગર્જન નામનું શહેર છે. તેમાં એક આષાઢ નામનો બ્રાહ્મણ અને તેની પત્ની રચ્છુકા રહેતા હતા. આજથી પૂર્વના પાંચમાં ભવમાં તું તેમનો પુત્ર હતો, નામ તારું ચંડદેવ હતું. તારા પિતાએ તને વેદનું અધ્યાપન કરાવ્યું; શાસ્ત્રો સંભળાવ્યા.

મુનિ શું કહે છે ? ધર્મશાસ્ત્રો ભણાવ્યાનું. તમે શ્રાવક છો, તમારે ત્યાં આ યોજના છે ને ? કહે છે કર્મશાસ્ત્રો ભણાવવાની છે, ધર્મશાસ્ત્રોની કોઈ ગોઠવણ નથી ! કારણ કે તમે સગાં કર્મનાં, ધર્મના નહિ, એમ જ ને ? શ્રાવકના ઘરે-ઘરે પાઠશાળા ન હોય ? છોકરાં ઉંમરમાં આવતાં-આવતાં તો પાંચેય પ્રતિક્રમણના સૂત્રો, એની વિધિ, એનાં રહસ્ય, પોષધ વગેરેની વિધિઓ, પંચ પરમેષ્ઠી, પવિત્ર પંચાચાર, બાર વ્રત, દિનકૃત્યો, પર્વકૃત્યો, વાર્ષિક કૃત્યો, જન્મકૃત્યો વગેરે જાણતો ન થઈ જાય ? નવતત્ત્વ, કર્મસિદ્ધાંત, સપ્તનય-સપ્તભંગી, ધ્યાન યોગ, મહાપુરુષોની



કથાઓ... વગેરે વગેરેનો જ્ઞાતા ન બની ગયો હોય ? પૂર્વ પુરુષોની પ્રણાલિકા ચાલુ રાખી હોત તો આજે આનું દેવાળું ન દેખાત. અરે ઘરે-ઘરે નહિ, તો પણ પાઠશાળામાં છોકરાને મોકલી ધર્મનું જ્ઞાન અપાવી શકાય છે. એમ કહેતાં નહિ કે 'પણ શું કહીએ ? છોકરાં પાઠશાળે જતા નથી' -કારણ કે તમે કાળજી કેટલી રાખી છોકરાને ઠેઠ નાનપણથી 'પહેલી પાઠશાળા, પછી બીજું બધું' આવો ભાર આપ્યો ? સમજ આપી છે ? અણસમજમાં છોકરો ના કહે છે તો શું એને ધમકી આપી કે પાઠશાળાએ નહિ જાય તો દૂધ નહિ મળે ? એવા કોઈ પ્રયત્ન વિના શા સારું બાળક પાઠશાળાએ જાય ! ખરી વાત એ છે કે તમે જ આજના યુગની ભયંકરતા નથી સમજતા. આજે તો ઝેરી કાળ છે. શીખવાડે છે કે જગતને અહિંસા ગૌતમ બુદ્ધે સમજાવી, પ્રભુ મહાવીરે નહિ ને ? ગૌતમ બુદ્ધની અહિંસા કેવી છે એ આજે બર્મા, ચીન, જાપાનના સમુદ્ર-કિનારે જાઓ તો જોવા મળે. આજનું શિક્ષણ પરલોકને સદંતર ભૂલાવનારું છે, પુણ્ય-પાપને ભૂલાવનારું છે, તેથી જ છોકરાઓ સુદ્ધામાં નીતિ-સત્ય-સદાચારના સંસ્કાર નાખી શકતું નથી. પરિણામ અનીતિ-અસત્ય-દુરાચારના ભારે વિકાસ દેખવા મળે છે. આ બધાનાં વારણ માટે ધાર્મિક પાઠશાળા ખાસ જોઈએ. એ પાછી વિકસિત સુસંસ્કરણ આકર્ષણ કરે એવી જોઈએ. જૈનમાત્રના બાળકો એમાં અધ્યાપન કરવા જાય જ, એ પદ્ધતિ જોઈએ.

પરિવ્રાજક ચોર પોતાના પૂર્વભવની વિગત મંત્રીને કહી રહ્યો છે,...'અવધિજ્ઞાની મુનિ મને કહે છે કે શાસ્ત્ર ભણેલો તું ચંડદેવ વિપ્રપુત્ર અભિમાને ચઢ્યો, એમાં વળી રાજા વીરસેને તારા આદર કર્યા, ને આજીવિકા કરી આપી પછી શું બાકી રહે ? રાજા બહુ માને છે એટલે ભાઈ મદોન્મત્ત છે.

અનંત શક્તિના માલિક આત્માને રાંક કોણ બનાવે છે ? વિદ્યા વગેરેના અભિમાન અને માન સન્માન. પછી ત્યાં અન્યોના પરાભવ કરતાં આંચકો નથી આવતો. દારૂ પીધેલો માણસ ઉદ્ધત વર્તાવ ન કરે તો અભિમાની અને સન્માન-લંપટ ઉદ્ધતાઈ ન દાખવે. પણ એ બને ? **જગતના માલ અને માન જીવને વિવશ કરી મદ અને મસ્તીના હવાલે સોંપી દે છે.** પછી ત્યાં જીવનું પોતાના અંતરાત્માનું વર્ચસ્વ ગયું. હવે તો એ મદ મસ્તીના હુકમ ઉઠાવવાના, પણ એમાં પોતાના જ વિનાશ નોંતરવા સિવાય બીજું શું પરિણામ જોવા મળે ?'

અવધિજ્ઞાની મુનિ કહે છે, 'એમ કેટલોક કાળ વીતી ગયો. એવામાં ત્યાં એ નગરમાં એક પરિવ્રાજક આવ્યો છે, અને વિનીત નામના શેઠની બાળવિધવા કન્યા વીરમતી એની ભક્તા બની છે.'

પરિવ્રાજક તો નિર્મળ હૃદયનો છે, એટલે એની પાસેથી ધર્મભાવના સિવાય

બીજું શું મળે ? આ મળવાના સંયોગ છતાં વીરમતી ચૂકે છે. કારણ ? અવધિજ્ઞાની મુનિ ચાર કારણો બતાવે છે,

- (૧) સ્ત્રીજનને સહેજે અવિવેકની બહુલતા હોય છે;
- (૨) મોહને જીતવો અત્યંત મુશ્કેલ છે.
- (૩) વિષયો સહજ-સહજ આકર્ષણ અને અભિલાષાઓ જગાવે છે.
- (૪) યુવાની એ વિકારોનું કુલઘર છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૯,અંક-૧,તા.૧૦-૯-૧૯૬૦

અથાગ પ્રયત્ન કરી મેળવવાની હોંશ હોય, ત્યાં એ સ્વયં ઊભા થયા પછી એનાં મમત્વ કેમ ન જાગે ?

**યુવાની એ વિકારોનું કુલઘર છે.** થનમનતી નાડીઓ, ધગધગ વહેતું રક્ત, તનમનાટ કરતાં મેદ-મજ્જા-અસ્થિ, અને સમસમી ઊઠેલા શુક્ર કામના વિકારોની આગ ન સળગાવે એ કેમ બને ? એને અપૂર્વ ભવવૈરાગ્ય અને મોક્ષ તમન્ના દ્વારા શાન્ત કરી દેનારા કોઈ વિરલ !

આ કારણોએ એ બાળવિધવા વીરમતી ભૂલી પડી ! કુળની ખાનદાની તરફ ઉપેક્ષા કરનારી બની ! ભાવીનો કોઈ વિચાર ન કર્યો. એવા ભયંકર અકાર્યમાં પડે છે કે કુળ લજવાય, ભવિષ્ય બગડે, માનવ ભવમાં આવવા સુધીના થયેલ વિકાસના માથે મીંડું ફરી વળે ! કોણ કરાવે છે આ ? ચાર વાતો બરાબર યાદ રાખી લો, અવિવેક, દુર્જય મોહ, મીઠાં વિષયો અને વિકારભરી યુવાની.

**દુષ્કૃત્યમાં પ્રેરનારાં તત્ત્વ (૧) અવિવેક (૨) મોહપ્રાબલ્ય (૩) વિષયાકર્ષણ-વિકારઘર (૪) યુવાની.**

**(૧) અવિવેક બહુલતા :-**

ચાર કારણો જીવને ભૂલા પાડવા માટે ને ઊંચા જીવનમાં હલકાં કૃત્યો કરાવવા માટે ભારે જોદ્ધા જેવા છે. એમાં અવિવેક કેવો ભુલાવે છે એ જગતમાં અને પોતાના જીવમાં ક્યાં જોવા નથી મળતું ? અવિવેક બે રીતે હોઈ શકે, એક આ લોકની દૃષ્ટિએ અને બીજું પરલોકની દૃષ્ટિએ. સાર-અસાર, ઉચિત-અનુચિત અને હિતકારી-અહિતકારીનો વિચાર ન રાખવો એ અવિવેક છે. દા.ત. સ્વાર્થ-પરાયણતા આ લોકની દૃષ્ટિએ પણ સારી નથી દેખાતી. કડવા કઠોર બોલ લોકમાંય અનુચિત ગણાય છે. મિષ્ઠાન્ન દેખી વધારે આરોગવું, એ લોકની દૃષ્ટિએય અજુગતું અને શરીરની દૃષ્ટિએ પણ અહિતકારી છે. ત્યારે પરલોકની દૃષ્ટિએ તો આ બધામાં



અવિવેક છે જ. સ્વાર્થ-પરાયણતાથી પરભવમાં દરિદ્રતા, પરવશતા આવે છે, કડવા કઠોર શબ્દથી નીચ ગોત્ર વગેરે મળે છે, મીઠાં ભોજન પર લંપટતા કરવાથી કેઈ આશાતા વગેરેનાં પાપ ભોગવવાં પડે છે. આ તો દુઃખની વાત થઈ, બાકી મોક્ષોપયોગી શુભ ભાવોથી તો દૂર ફેંકાઈ જવાય જ છે. તો અવિવેક કેટલો મહાન દોષ ગણાય !!

**(૨) મોહની દુર્જેયતા :-**

ત્યારે જગતના જીવો પર મોહનું એટલું બધું વર્ચસ્વ છે કે ભલભલાને પણ મોહ દુર્જેય છે ! મોહને જ્યારે જાગવાના સંયોગ આવી લાગ્યા હોય ત્યારે તેના પર સંયમન કરવું તે ઘણી દુષ્કર વાત છે, માટે કહ્યું : **યૌવને વ્રતં !** યુવાવસ્થામાં બ્રહ્મચર્ય વ્રતને મોટો વિજય માન્યો ! હજારો સુભટો જેટલા પરાક્રમી નથી, તેટલો યુવાવસ્થામાં વ્રત ધારણ કરનારો પરાક્રમી છે. જંગી શિલા ઉપાડનારો જે બહાદુર નથી તે યુવાન બ્રહ્મચારી છે. મોટી મોટરને રોકનાર કે છાતી પર પાટિયું મુકાવી હાથીને ઉપાડનાર કરતાં કેઈ ગુણો પરાક્રમી જુવાન ચતુર્થવ્રતધારી છે. સાચી વાત છે પુણ્યના બળથી બહારના હજારને પરાસ્ત કર્યા, શિલા ઉપાડી, હાથી ઝીલ્યો તેથી શું ? પણ અંદરમાં જે પોતે મોહમૂઢ થયેલા છે તે હંમેશાં મોહથી હરાયેલો છે ! મોહ પર વિજય એ અતૂલ વિજય છે. માટે તો મોહને જીતનારાઓને ઈન્દ્ર પણ પ્રણામ કરે છે. મોટા રાજા-મહારાજાઓ બાળ મુનિના ચરણોમાં શીર્ષ ઝુકાવે છે; ધન્ય છે તમને ! કે નાની વયમાં તમે મોહને જીતી લીધો ! માતા-પિતા વગેરેના કેઈ મોહ મૂક્યા ! અવસરે કડક શિક્ષા કરે તેવા ગુરુની માયામાં બાળક લાગી જાય છે તો કંઈક સમજીને પણ કોઈ દુઃખથી નહીં ! કારણ કે 'મારું કલ્યાણ આમાં છે,' એવી મનોદશા છે. નાની વયમાં ત્યાગ-તપ કરવા માંડે, એને જે માને છે કે 'અણસમજુ શું સમજે ?' આ ચેડા કરવાનું છે ! આત્માની વાસનાઓનું માપ કઢાય તો સમજાય કે અંતરાત્માની મલિન વૃત્તિઓને જીતનાર એ કેવોક મહાબલવાન છે. એમાં ય ધમધમતી યુવાનીમાં મોહનું ઉપશમન કરી દેવું એ કોઈ અચિંત્ય આશ્ચર્ય છે. વર્ષોની પ્રાણપ્યારી કોશાવેશ્યાના એકાંતમાં હાવભાવ થવા છતાં સ્થૂલભદ્રમુનિ જરાય મોહવશ ન થયા. વિજય-વિજયા, શેઠ-શેઠાણીની યુવાની મોહરહિત બની ગઈ. જુગ જૂના કાળથી ચાલી આવતી, ને સવારમાં ઊઠતાં જ સતાવતી, એવી જે ઈન્દ્રિયો, તેના દાસ ન બનવું એ જેવું તેવું પરાક્રમ નથી. મોહના ચારે કોર પથરાયેલા સંયોગોના ઘેરાવા વચ્ચે એ સંયોગોને પારધીના ફાંસલાની લાલચો સમજી એમાં મોહને ન જાગવા દેવો ભારે જાગૃતિ અને પુરુષાર્થનું કામ છે. મોહના સગા-વહાલાને પંખી મેળો સમજી મોહવશ ન થાય એ સાચો બળવાન

છે! આ બિચારી બાલ વિધવા વીરમતી મોહરાજાએ તેને હરાવી દીધી, ને સ્ત્રીપણામાં અવિવેક, સુલભ, તે અંદરમાં તમન્ના જાગી કે આમ ને આમ જીવનમાં શોષાઈ જવું ? કંઈ નહિ, બહારગામ ઉપર જવું ને...ને શું ? વિષયોની મસ્તી ઉડાવવી. કોઈ વિચાર પરલોકનો છે ? ના, પરલોકનો વિચાર ઊભો રહી શકતો નથી જ્યાં વિષયોની મીઠાશ છે.

**વિષયોની અભિલક્ષણીયતા :-**

વિષયોનું સ્વરૂપ એવું છે, સૌ કોઈ એને ઇચ્છે સૌ કોઈને ગમે ! મનગમતા વિષય ન ગમે એવા ભાગ્યશાળીને જગતમાં શોધવા પડે ! એક મેલો ને એક ઊજળો કપડો સામે આવતાં ઝટ ઊજળો જ લેવાનું મન થાય છે. ઠંડું અને ગરમ પાણી સામે ધરાય, તો ઠંડું જ લઈ પીવાય ! વિષયો જાણે સ્વભાવથી જીવને ઈષ્ટ લાગે છે. ધર્મ-સેવા માટે વિચાર કરવો પડે છે ! પણ વિષય સેવવા વિચાર કરવો પડે નહિ ! 'આમાં લાભ કેટલો ? વેઠવાનું શું ?' કાંઈ વિચાર નહિ. બધો લાભ જ માની લેવાય છે.

## • સહજ ઇચ્છા એટલે ? •

**વિષયોની સહજ ઇચ્છા માણસને અસત્ય, અનીતિ, ઈર્ષ્યા, અધરપત વગેરે દોષોને પૂર બહારમાં ખીલવા દે છે.** આજના ઉધમાતમાં આ મુખ્ય કારણ છે. જ્યાં સુધી વિષયોની સહજ ઇચ્છા મટીને સહજ સૂગ ને ભય ઊભા ન કરાય ત્યાં સુધી એવા બધા દોષોને હટાવવાની વાત વાહિયાત છે. **સહજ ઇચ્છા** એટલે ? સહજ ઇચ્છામાં, છોકરાને નિશાળે મૂકી આવો છો પણ બાર મહિનાની ફી ભરું છું ને નપાસ થશે તો ? ના, આ કોઈ ભય જ રાખવાનો નહિ, ઠેઠ ઊંચે ચડાવ્યો, પછી પરણાવવાનો અવસર આવ્યો, પચીસ હજાર ખરચવાનો છે ! પણ ત્યાં નહિ વિચારે કે 'બાઈ આવતાં જ માંદી પડી ને મરી ગઈ તો ? અરે, એમ જો નહિ બને તો પણ ભયના બધા સંભવ છે. છતાં એ વિચાર જ નહિ કેમ કે માને છે. નહિતર સંસારનું ગાડું જ નહિ ચાલે, ધર્મ માટે વિચાર નહીં. વિષયો સહજ સ્વભાવે ઈષ્ટ લાગે છે, માટે વિચાર કર્યા વિના ઝુકાવ ! ત્યારે ધર્મની વાતમાં સહેલ-સ્વભાવે કરવા માટે પણ વિચારે છે કે શરીર કેટલું સુકાય ? ખર્ચ કેટલો લાગે એમ છે ? જે ચીજની પાછળ ગમે તેટલું ભોગવવા તૈયાર રહે છે. ઇચ્છા છે તો ગમે તેટલી આવકમાં ઘર-બજાર સંભાળાય કે નહિ ? અનેક કામ વારંવાર થાય છે કે નહિ ? પણ નથી, ને એક તપ પાર કર્યો, તો એમ થાય જ છે કે હવે ચાર માસ સુધી વાત કરશો નહિ ! પણ બે મહિના લાગટ ખાધું હોય તો શું એમ



થાય કે હવે બસ કરું, હવે આવું ખા-ખા કરવાની વાત નહિ ? ચાર મહિના દૂધ-ઘી-શાક ખાધાં હોય હવે બસ એની વાત કરતા નહિ. એવું ખરું ? ઉપરાઉપરી જમણ જમવા મળ્યા, પછી 'હવે છ મહિના એની વાત નહિ, ખરું ? અરે ! આજે જમણ જમ્યા પછી બીજે દિવસ જમણની વાત થતી હોય તો શું કહીએ ? આજે જમવાની વાત ન કરતા, કાલે સારું ભરી દીધું છે' એમ ? ના, ધર્મની વાતમાં ધરાઈ જવાનું ! કેમ કે એની સહજ ઇચ્છા નથી. વિષયોને જીવ સહેજે ઇચ્છે છે. ધર્મ સ્વભાવે ઈષ્ટ નથી લાગતો માટે જ ત્યાં બધો મગજમાં વિચાર આવે છે, વર્ષે બે વર્ષે કનૈયા-બેબીનું લગ્ન આવે તો વાંધો નહિ. ભાઈ, સંસારમાં બેઠા છીએ એટલે દેવું કરીનેય કરવું પડે ! અમથા લઈને બેઠા છીએ ? બધું જ કરવાનું આખું કુટુંબ એક મતે થઈ જાય ! સર્વાનુમતે પસાર - એમાં કોઈ વાંધો ઊભો કરે તો દબાવી દે ! વિષયોની, સંસારના પદાર્થોની સ્વભાવિક લાલસા છે, માટે બધી તૈયારી છે. બધાં આશ્વાસન કરી લેવાની તૈયારી છે. ધર્મમાં આશ્વાસન નથી જડતું. આશ્વાસન જોઈએ છે ? દાન આપતો જા, દાન એ તો મહાન લક્ષ્મી છે ! વગર જોખ્યે વગર ગણ્યે દે. મહાલક્ષ્મી સામે આવે તે વખતે ગલ્લાંતલ્લાં કર્યાં તો સમજી લે કે વેતરણ થઈ જશે. વિષયોની સગવડ તો ઓછી ચલાવી લઈશ. સાદું ખાઈશ, સાદું પહેરીશ, એમાં શરીરે શા ઘસાઈ જવાના હતા ? દેવ-ગુરુભક્તિ કરવાનો અવસર મળ્યો છે તો એમાં સારી પેઠે વહાવી દેવા દે. આમેય વેપારની ખોટ, બીમારી, બીજા ત્રીજા ખર્ચા ક્યાં નથી તાણી જતા ? પુણ્ય હશે તો બધું મળી રહેશે. નહિ હોય તો સાચવેલુંય જશે...આ આશ્વાસન છે, દાન ધર્મ કરવો હોય તો પણ વિષયોની સ્વાભાવિક ઇચ્છાઓ પડતી મૂકી ધર્મની સ્વાભાવિક ઇચ્છાઓ જગાવી દેવી જોઈએ. આ બિચારી બાલવિધવા વિષયની સ્વાભાવિક ઇચ્છાને વશ પડી ગઈ !

**યુવાની વિકારોનું કુલઘર :-**

યૌવન ખીલી ઊઠ્યું છે ! યૌવન એટલે શું ? યૌવન એટલે મદમસ્ત જુવાની ! એટલે શું ? ઊછળતો ઉન્માદ ! 'બત્રીસી શાની કાચા ચણા જો ન ચાવી શકીએ ?' રંગરાગ ખેલવા માટેની બરાબર ઉંમર ! પણ અહીંયાં કહે છે જુવાની એટલે વિકારોનું કુલઘર ! વિકાર એ સુધારો કે બગાડો ? સુધારાને વિકાર ન કહેવાય ? દૂધનો માવો થાય ને દૂધના ફોદા પણ થઈ જાય ! વિકાર શાને કહેવાય ? માવાને નહિ, ફોદાને ! દૂધ ત્યાં વિકૃત થઈ ગયું ! માણસની યુવાની એટલે વિકૃતિનું-બગાડાનું કુલઘર ! નાનું બચ્ચું વિકાર રહિત હોય છે, એટલે બાના ગળે પણ બાઝી પડે ને ખોળામાં પણ કૂદે છે. પણ મોટો થઈને વળગે તો ? શું

મા, મા મટી ગઈ ને દીકરો, દીકરો મટી ગયો ? દીકરો બગડી ગયો ? ના. પાંચ વર્ષનો હતો તે હવે સોળ વર્ષનો થયો એટલે મા પરનો પ્રેમ શું બદલાઈ ગયો ? ના; લાયક છોકરાને તો પ્રેમ કાયમ છે; પણ અવસ્થા ફરી ગઈ. યુવાની દીવાની આવી. વિકારો માણસને દીવાનો કરે છે. ઊછળતું જોબન વિકારોથી ઉધમાત કરે છે. ત્યાં મર્યાદા ન સાચવે તો મા દીકરાનાં ય પતન થાય. વિકારોભર્યું યૌવન દૃષ્ટિ કામના ઊભી કરે છે. બાલ્યકાળની નિષ્કામ દૃષ્ટિ ગઈ.

**કામ સહિત જોવાની અવસ્થા એ વિકારોનું કુલઘર છે !** એ વિકારો અનિચ્છનીય કાર્ય ક્યારેય પણ કરાવે, માટે સાવધાની રાખવાની ! સગા પેટના દીકરા સાથે પણ મા મોં સામે બેસાડી વાત કરે છે. બે ચાર વર્ષનો હતો ત્યારે તેને હાથમાં ઉપાડીને ચૂમી લેતી ! પણ હવે ? ના, વિકારોની અવસ્થા આવી ! હવે એનામાં વિકારોની જે આવડત છે તેની કોઈ કૉલેજ નથી, દુનિયામાં ઉંમર જ તેની કૉલેજ. આજના જમાનામાં એ આવ્યું છે કે ગર્ભ કેમ ધારણ થાય છે તેનો બધો પ્રોસેસ ભણાવો ! સોળ, કે અઢાર વર્ષે જે થોડો વિકારી થતો હશે તે વધારે થશે ! વહેલો તેરમે-ચૌદમે વર્ષે થશે !

જુવાની એટલે વિકારોનું કુલઘર છે, માટે જ આર્ય દેશની મર્યાદાઓ જુદી ! પુત્ર કે પુત્રીનું લગ્ન કરવું છે તે પણ એને પૂછીને નહિ ! કેમ કે તેનું યૌવન હવે થનગને છે; બાલ્યકાળની નિર્વિકારતા ગઈ; અનંતકાળના અભ્યસ્ત વિકારો જાગતા થઈ ગયા; એટલે વિકારોની દૃષ્ટિથી એ શોધશે ! આર્યદેશમાં કન્યાની પસંદ મા-બાપ કેમ કરે ? જિંદગીભર જેણે નભાવવું છે, તેણે શોધ કરવાની કે મા-બાપે ? ના, છોકરો નાદાન છે, એ રૂપરંગ જોશે, ગુણ નહિ. એ પસંદગી કરશે તો વિકારની રૂએ ! વિકારની રૂએ ગોરું રૂપ, ફટાકિયા બોલ અને અભિનેત્રીના હાવભાવ જોશે ! સામી પણ જમાનાની ચબરાક, હોશિયાર હશે તો પફ-પાવડર, કટાક્ષ અને સફાઈ દેખાડશે. ચીપીચીપીને બોલશે ! આ જીવ સ્વભાવની અંદરમાં વણાઈ ગયેલી અને યુવાનીમાં ઊછળતી વસ્તુ છે. તેને લક્ષમાં રાખીને આર્યદેશની વ્યવસ્થાઓનાં નિર્માણ થયાં છે ! માટે યુવાન અને યુવતીઓએ ખૂબ માઝા અને મર્યાદામાં રહેવાનું હતું. છોકરા-છોકરીઓ બધી વાતમાં અલગ રહીને મોટા થતા હતા ! ત્યારે આજનું ધતિંગ છે કે છોકરા-છોકરીઓ સાથે ભણે, આર્યદેશની વ્યવસ્થા આ નહિ ! આજની વિલાસની વાતો સાંભળો તો હૈયું હબકી જાય ! કમકમી આવી જાય ! કેટલા ગર્ભપાતના પ્રસંગ ? સંતતિ નિયમનના સાધનના પ્રસંગ ? કેટલા છટકેલપણાના પ્રસંગ ? પૂર્વે અહીંયાં એ નહોતું તે વિલાયતથી લઈ આવ્યા, ને આવા યુગને વિકાસયુગ માન્યો ! આજે પણ એવા માણસો છે કે જે



આ સમજે છે, માટે છોકરીને સાસરે ન મોકલી હોય ત્યાં સુધી એને કાબૂમાં રાખે છે. 'અમારા' ઘરમાં છે ત્યાં સુધી ગમે ત્યાં ભમાશે નહિ. ગમે ત્યાં ભટકવું, ગમે તેવાં વાંચન કરવાં, વગેરે ભ્રષ્ટ કરનારાં તત્ત્વ છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૯,અંક-૨,તા.૫-૧૧-૧૯૬૦

**વીરમતી નાઠી : યોગાત્મા પર આક્ષેપ :-** અવધિજ્ઞાની મુનિ કહી રહ્યા છે કે અવિવેક, મોહ પ્રાબલ્ય, વિષયમાં સહજ આકર્ષણ અને વિકારોના કુલઘર સમી યુવાની, એ દુષ્કૃત્યને પ્રેરનારા છે.

**વીરમતી ભાગી : યોગી પર કલંક :-**

વીરમતી બાળ વિધવા છે, ઊપડી ગઈ સિંહલ નામના માળી સાથે પરગામ ! જાગ્યા વિકાર, પછી કયું પોતાનું કુલ તેની પણ પરવા ન કરી, તેમ એના પરિણામનો પણ વિચાર ન કર્યો ! મદમસ્ત કાયા મળી છે, તો આનંદ-મસ્તી કરી લઈએ.' પણ જોગાજોગ બન્યું એવું કે એનો જ પૂજ્ય પેલો યોગાત્મા પરિવ્રાજક મહાન પવિત્ર આત્મા ! પોતાના શાસ્ત્રોના નિયમોનું પાલન કરવામાં રત ! જોગી છે એટલે કોઈ સંગ-આકર્ષણ કે બંધન નથી. એ આ નગરથી એ જ દિવસે ઊઠીને કોઈને કહ્યા વગર થાણેસરનગર ગયો. એમાં એને કોઈને કહેવાની જરૂર નહોતી. ક્યાં કંઈ લેણદેણ છે કે કહેવાની જરૂર હોય ?

અવધિજ્ઞાની મુનિ ચોર પરિવ્રાજકને કહે કે 'હે પરિવ્રાજક ! તું પૂર્વે ચંડદેવ બ્રાહ્મણ-પુત્ર ! તને એ વખતે ખબર પડી કે વીરમતી ભાગી ગઈ ! કેમ કે એની લોકમાં ચકચાર ચાલી પડી. લોકોને આ ધંધો ગમે, કોઈનું બગડ્યું, સુધારવાની વાત નહિ. ગુપ્ત રાખવાનીય વાત નહિ, પણ ઝટ એનું ગેઝેટિંગ કરવાનું ! પછી એમાં, એક ખરાબના વાંકે તો એમાં સગાંવહાલાં પીડાઈ રહ્યાં હોય, હવે એ અમારી ચકચારથી વધુ પીડાશે, એમનાં હૈયાં ભારે ઘવાશે અને લજવાશે' એનો વિચાર લોકને નથી હોતો.

"કુટુંબીઓએ ઈધર ઉધર તપાસ કરી હશે પણ પત્તો મળ્યો નહિ. હે નારાયણ ! તને એ ભાગી જવાની ખબર પડવા ઉપરાંત એ પણ જાણવા મળ્યું કે પેલો યોગાત્મા પરિવ્રાજક એ જ દિવસે નગરમાંથી જતો રહ્યો છે, એટલે તે મલિન આશયથી જીવોના વિચિત્ર આચરણ ઉપર વિચાર ઘડ્યો કે 'ખરેખર ! આ વીરમતી પરિવ્રાજક જોડે ભાગી ગઈ ! "હે કર્મપીડિત ! તું આટલો જ વિચાર મનમાં કરીને બેસી રહ્યો હોત તો તો પાપનાં મૂળ ઓછાં નાખત, પરંતુ તેં તો વાત આગળ

વધારી. બન્યું એવું કે રાજકુળમાં એક વાર વાત ચાલી કે 'વિનીત શેઠની છોકરી વીરમતી ખબર નથી પડતી કે ક્યાં નાસી ગઈ' આ વખતે તું ત્યાં હાજર હતો તને ઉત્તર દેવાની ચટપટી થઈ આવી !

"હે મહાનુભાવ ! ઉત્તર તો જેટલું આપણે ચોક્કસ જાણતા હોઈએ એટલો જ દઈ શકાય. પણ તેય કેવી રીતે ? શાસ્ત્રીય આચાર ન મુકાય, હલકા પુરુષની પદ્ધતિ ન અવલંબાય અને પોતાની લઘુતા ન થવાનો વિચાર રખાય એ રીતે. પણ તેં તો શાસ્ત્રાચારને તિલાંજલિ આપી દીધી, હલકા માણસને છાજે એવી નીતિ અપનાવી, અને જાતની હલકાઈ દેખાવાની વસ્તુને તથા શેઠની પીડાને અવગણી. એટલે ઝટ તારો મલિન અભિપ્રાય તેં પ્રગટ કરતાં કહ્યું કે 'એમાં શી ખબર પડવી'તી ?

રાજા પૂછે છે "કેમ ?"

તેં કહ્યું, 'એ તો પેલા યોગાત્મા પરિવ્રાજક સાથે નાસી ગઈ !'

ઊલટું રાજા બચાવ કરતાં કહે છે કે 'અરે ! એ મહાત્મા તો પોતાની પણ સ્ત્રીનો ત્યાગ કરી ચૂકેલા હતા !'

તેં કહ્યું 'મહારાજ ! માટે તો એ પરસ્ત્રીઓને ખોળે છે. તમને વધારે શું કહું, એવા વ્રતનો ઢોંગ લઈને બેઠેલા પાખંડી આવા જ હોય છે. માટે ભોળા થતાં નહિ. એવાના ઉપર મહાત્માપણાનો ભાવ કરવા જેવો નથી. જોગીનાં કપડાં પાછળ શેતાનિયત ચાલે છે.

"બસ, આ તારા બોલ પર કેઈ જીવોનાં મન ફરી ગયાં, અને પવિત્ર પરિવ્રાજક ઉપર દુર્ભાવવાળા બની ગયા.

"હે નારાયણ ! તું જો, કે જીવ મહાપાપની પરંપરાનાં મૂળિયાં આમ જ નાંખે છે. જાતના અહંત્વના લીધે એને પોતાનો આશય અશુદ્ધ કરી તક મળી ત્યાં આરોપ ચઢાવી લેતાં સંકોચ નહિ.

**શાસ્ત્રનાં બંધન માથાના મુગટ સમાં છે.**

અહંત્વ, જાતની વડાઈ, ચીજ એવી ભૂંડી છે કે શાસ્ત્ર-મર્યાદા શી છે એ જોવાનું બાજુએ મુકાય છે. હે ભાગ્યવાન ! શાસ્ત્રનાં પવિત્ર બંધન તો આર્ય માનવના માથે મુગટ સમી શોભા આપે છે; દિલને કૂણું અને દયાળુ રખાવે છે પછી ત્યાં બીજા જીવો પર એટલી બધી દયા રહે છે કે પોતાની કોઈ પણ પ્રવૃત્તિ વખતે એનાથી બીજાને દુઃખ તો નથી પહોંચતું ને, કે નહિ પહોંચેને,' એવો જાગતો ખ્યાલ રહે છે. છેક નીચે નિગોદ-એકેન્દ્રિયપણામાંથી પુણ્યશક્તિનો વિકાસ થતાં થતાં આટલા ઊંચા માનવભાવના પુણ્યવિકાસ સુધી આવી પહોંચ્યા, તો શું



સાથે સાથે આટલો ગુણ વિકાસ નહિ કે હું બીજાને સુખ ન આપી શકું પણ કમમાં કમ દુઃખ તો ન પહોંચાડું ? પણ આ તેને શક્ય છે કે જેને માથે શાસ્ત્રનાં બંધન છે, જેના મનને એમ થાય કે 'શાસ્ત્રના આદેશો ઝાડપાન કે કીડામકોડા માટે નથી, કેમ કે એ બિચારા સમજી શકવાની સ્થિતિમાં નથી; શાસ્ત્ર-આદેશો તો મારે માટે છે, મારે એને અનુસરીને જ જીવન જીવવાનું.'

હે નારાયણ ! તું એ ભૂલ્યો, પછી હલકા મનુષ્યના આચરણને અવલંબે એમાં શું આશ્ચર્ય ? જન્મ તો વિવેકવંતા કુળમાં મળ્યો હતો, ને આર્યવિદ્યા-આત્માની વિદ્યા મળી હતી, પરંતુ તે શું કરવાની ? જો સજ્જનને યોગ્ય આચરણ નથી રાખવું ! જો ગુણવિકાસની ઊંચી ભૂમિકાએથી ભ્રષ્ટ કરનારા આ કુપુરુષના વર્તાવ છે !

**પરિવ્રાજક મંડળી બહાર થયો :-**

એમાં વળી જાતની લઘુતા થશે એનો પણ ડર ઊડી ગયો અને પેલી છોકરીના બાપને બિચારાને પોતાની છોકરી અંગે અસદ્ આરોપ ચઢાવવાથી કેવાં હૃદય ઘવાશે એનોય વિચાર ન રહ્યો, એટલે તેં રાજાને કહ્યું કે 'આવા પરિવ્રાજક વેશધારી પાખંડીને સાચા યોગી માનવાની જરૂર નથી.'

હે ભાગ્યવાન ! તારું આ કથન લોકમાં પ્રચાર પામ્યું, ને એથી કેઈ જીવો ધર્મ પ્રત્યે અભાવવાળા બન્યા. એટલું જ નહિ પણ પરિવ્રાજકની મંડળીમાં પણ એ પહોંચ્યું અને એમણે એ યોગાત્મા પરિવ્રાજકને પોતાના મંડળની બહાર કર્યો. એમ એને સ્વપક્ષ-પરપક્ષ ઉભયથી પ્રાયઃ વિડંબણા થઈ. એવા અસદ્ આરોપ ચઢાવનારા મિથ્યા મનોભાવથી તેં તીવ્ર અશુભ કર્મ બાંધ્યું."

**બોલવા પહેલાં પરિણામ કલ્પો :-**

ધ્યાન રાખવાનું છે કે કોઈ પણ બોલતાં પહેલાં પરિણામ વિચારી લેવું જોઈએ. જૂઠો આરોપ ચઢાવવાનો આશય ન હોય, છતાં વગર વિચાર્યે રાભસવૃત્તિથી એવું બોલી નખાય કે જેથી બીજાના પર ખોટું આળ ચઢે, એય અનર્થકારી છે. દા.ત. કોઈને કહો કે ફલાણા ભાઈને મેં બપોરે અમુક બાઈના ઘરમાં જતા જોયા હતા. હવે વાત સાચી હોય, પણ જવાનું કારણ કોઈ બીજું જ ખાસ હોય, છતાં તમારા કહેવા પર સામાને એ ભાવ થવો સંભવ છે કે એ જનારો માણસ અને બાઈના આચાર સારા નહિ હોય. પછી એ વાત ફેલાવો પામે, પરિણામ શું આવે ? બોલતાં ઇરાદો એવો નથી, તો ય પરિણામે અનર્થ ! ત્યારે કોઈને હલકો પાડવાના ઇરાદાથી બોલાય તો તો પૂછવું જ શું ? આમાં જાત માટે મોટી ભયંકરતા તો હૃદયમાં ઊભી થતી નિષ્ઠુરતાની છે કે જે પછી ભવો સુધી કારમાં દુઃખ વેઠ્યા

સિવાય ખસતી નથી !

માટે જ આશ્ચર્ય કરવા જેવું નથી કે આટલી જ માયા કરી કે આટલું જ ઘસાતું બોલ્યા એમાં તીવ્ર પાપ શા માટે લાગે, અને ભવોભવ કેમ દુર્ગતિ મળ્યા કરે !

**હૃદયની નિષ્ઠુરતા ભયંકર ચીજ છે. એ જન્મોની કમાઈ લાવેલી યોગ્યતાની ખિલવટ પર કુઠારાઘાત કરે છે.**

હૈયાના મલિન ભાવ ત્યાં ચીકણા થઈ જાય છે, માટે એની સાથે કરેલા પાપમાં ભયંકરતા છે. બીજું સારું ઓછું-વત્તું બને; પણ હૈયું નિષ્ઠુર કે કઠોર ક્લુષિત ભાવવાળું ન બને એની ખાસ સાવધાની રાખવા જેવી છે. ધ્યાન રાખજો કે,

**હૃદય નિષ્ઠુર કરી વાર્યા ત્યાં સારા કે હોશિયાર દેખાયા એ તો અતિ તુચ્છ લાભ છે, પણ હૃદયની નિષ્ઠુરતા એ ઘોર નુકસાન છે.**

**નિષ્ઠુરતામાં અનર્થોની હારમાળા :-**

તમે વેપારી છો ને ? નફા-નુકસાનનો હિસાબ સમજી શકો છો; તો આ જુઓ કે હૃદય નિષ્ઠુર કરી કાંઈ બોલો-ચાલો એનો અહીં લાભ કેટલો ? અને બીજી બાજુ નુકસાન.

આ જીવનમાં કેટલું ?

પરભવમાં કેટલું ? અને

ભવની પરંપરામાં કેટલું ?

આપણો જરાક કાંઈક સ્વાર્થભંગ થયો યા માનહાનિ થઈ કે હૈયું કઠોર કરીને કઠોર બોલ બોલી નાખીએ, કઠોર મુદ્રા કરી નાખીએ અને આગળ વધીને બીજો કઠોર વર્તાવ કરી દઈએ; એની અસર સામા ઉપર અને બીજાઓ ઉપર કેવી ખરાબ પડે ?

એ બધાના હૈયામાં કેવું સ્થાન આપણે પામીએ ?

અને એ પછી એ આપણું કેવું ઘસાતું બોલે ?

તથા આપણા પ્રત્યે કેવો વ્યવહાર કરે ?...આ બધું વિચારજો.

ત્યારે પરલોકની દૃષ્ટિએ એ જોજો કે એવા કષાયભર્યા બોલની પાછળ ઉપરથી યોગ્ય કર્યાનું અભિમાન ઊભું થાય છે, આગ્રહ પકડાય છે, તો એના યોગે કેવાં કેવાં અજ્ઞાન-અપયશ વગેરે પાપ બંધાય ?

તેમજ એ પાપના ઉદય વખતે 'હાય ! આ દુઃખ ?' એમ પોક મૂકતાં પણ ન છૂટે એવાં અસહ્ય દુઃખ ભોગવવાનો કેવો અવસર આવી લાગે ?

એટલું જ નહિ, પણ કઠોરતા-નિષ્ઠુરતાના કેવા ઊંડા કુસંસ્કાર આત્મામાં ઊભા થઈ જાય ?

એના પર યોગ્ય જ કર્યાનો મિથ્યા અભિનિવેશ કેવી એની લત લગાડી દે ?



અને ભવો-ભવને માટે એ પૂંઠે પડી જવાથી ભવોની પરંપરામાં કેવી કેવી નિષ્ઠુરતા અને પાપો એ અચરાવે ?

અને એ બધાનાં કટુ-કટુતર દુઃખ વિપાક કેવાં ભોગવવાં પડે ?

આ બધું વિચારવા જેવું છે.

જ્યારે અહીં છતે ગુરુના સંયોગે, છતી તત્ત્વ સમજે અને વીતરાગ પ્રભુના છતે આલંબને જો નિષ્ઠુરતા-કઠોરતાથી દૂર ન રહી શક્યા, તો પછીના દુઃખદ હલકા ભવોમાં તો દૂર થવાની વાતેય ક્યાં ? કેમ કે ત્યાં કાંઈ આ દેવ-ગુરુ અને તત્ત્વ સમજનો સંયોગ હોતો નથી.

ત્યારે નિષ્ઠુરતાનાં કારમાં નુકસાનોનો ખ્યાલ આવે છે ? આ એક બદી છે હોં ! એનો એક વાર ચેપ લાગ્યો કે પછી એની આવૃત્તિ આવે છે.

નિષ્ઠુરતા હૃદયનો એવો કબજો કરી લે છે કે પછી મહાન શાસ્ત્રો પણ ગમે તે કહેતા હોય, અને સૌમ્ય વર્તાવવાળાનાં સુખદ દૃષ્ટાન્ત ગમે તેવાં નજરે નિહાળવા મળતાં હોય, પરંતુ એની કોઈ અસર લેવાની વાત નથી રહેતી; અને પોતે નાનો -મોટો નિષ્ઠુર વર્તાવ કર્યે જ જાય છે ! ત્યારે જુઓ કે આ જગતમાં દુર્લભ એવા મહાશાસ્ત્રોની પ્રાપ્તિ અને સારાં દૃષ્ટાન્તોના સમાગમની પણ જે ઉપેક્ષા કરાવે અને જે નાકામિયાબ બનાવે એ નિષ્ઠુરતા-કઠોરતા અને એના અભિનિવેશ કેટલા ભયંકર ?

**નિષ્ઠુરતાની ઓળખ :-**

પણ જાતને પૂછો કે ક્યાંય નિષ્ઠુર બનતા હો એવું લાગે છે ?

**નિષ્ઠુરતા શેને કહેવાય ? એને કે,**

જ્યાં માનસિક વલણ બીજાને થતાં દુઃખની પ્રત્યે ધરાસર બેપરવાવાળું હોય.

જ્યાં પોતાની છતી ભૂલને જોવા માટે જરાય તૈયારી ન હોય;

જ્યાં પોતાની ખામી બીજાથી છુપાવી-છુપાવીને પોતાની હોશિયારી જ આગળ ધરાતી હોય;

જ્યાં હિતૈષીઓની સલાહ-ઉપદેશ પ્રત્યે આંખમિચામણાં હોય, 'તુમ કહતે ભલે, હમ સુનતે ભલે;'

જ્યાં પાપનો કોઈ ડર ન હોય,

જ્યાં ધર્મ, કુળ, ગુરુ અને વડીલોની કીર્તિ પ્રતિષ્ઠાની માથે ચિંતા કે લાજ ન રખાતી હોય;

જ્યાં દોષ-દુર્ગુણનાં સેવન નિઃસંકોચ થતાં હોય, એના પર કોઈ અરેરાટી, ભય, કંપ ન હોય...

આવી આવી કેઈ નિષ્ઠુરતા છે. આ નિષ્ઠુરતાઓથી આ જીવનમાં જો બચી જવાય તો એ એક મહાન સિદ્ધિ સાધી સમજજો. 'પણ શે' બચાય ?' એમ નિરાશાનો સૂર કાઢતા નહિ; કેમ કે વીતરાગપ્રભુની વાણીમાં અજબ તાકાત છે, ચમત્કાર છે.

**જુગજૂની ખોટી આદતો અને ખાસિયતોનાં ઝેર ખતમ કરવા માટે જિનવાણી એ તો અમૃતવાણી છે.** જીવનમાં શાસ્ત્રોનો અને સાધુ મહાત્માઓનો ખૂબ પરિચય સેવ્યે જાઓ, અંતે વિજય નક્કી છે.

અવધિજ્ઞાની મુનિ પરિવ્રાજક નારાયણને પૂર્વભવ કહેતાં કહી રહ્યા છે કે ચંડદેવના ભવમાં તેં હૃદયના નિષ્ઠુર-મિથ્યા પરિણામથી ઘોર કર્મ બાંધ્યું. હવે કેમ ? હવે તે તીવ્રકર્મનાં ફળ ભોગવવાનાં ! બાધતાં બાંધી દીધું, ફળ આવતાં ડૂચા નીકળી જવાના !

**દુનિયામાં ધર્મ ફેલાવવા ઘણો ખર્ચ કરવો પડે, પણ પાપ ફેલાવતાં ખર્ચ નહિ !** ધર્મથી પાપમાં પટકાતાં બે મિનિટનું કામ ! આચાર્ય મહારાજ પર પ્રેમ કરાવવો હોય નવ નેજે પાણી ઊતરે, પણ જો નફરત કરવી હોય તો ?

જીવન આપવું તે કઠિન વાત પણ મારી નાખવો હોય તો ? એટલું ગજું નથી કે બીજાને આપણે મહાત્માના, દેવતાના પૂજક બનાવીએ ! તો કમમાં કમ આ સાવધાની તો જોઈએ ને કે બીજાને મળેલી શ્રદ્ધા તોડી ન નાખીએ ? સાધુ-મહારાજનો પૂજારી બન્યો છે તો તેનો વિરોધી ન બનાવીએ ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૯,અંક-૩,તા.૫-૧૧-૧૯૬૦

**'પરલોકમાં જોયું જાશે' ન કરાય :** હે નારાયણ ! કેટલાક કાળ તારે પસાર થયો, એ પછી આયુષ્ય પૂર્ણ થતાં તું ચંડદેવ તરીકે મર્યો. જીવનમાં જીવહિંસાના આરંભ છોડેલા નહિ, માયા કપટ સારી રીતે સેવેલાં, ધર્મ સેવન કરેલું નહિ, અને કર્મની વિચિત્ર પરિણતિ, એટલે એ બધાના સરવાળામાં ફરી મનુષ્યજીવન ક્યાંથી મળે ? માનવભવ પામવા માટે તો દયા, સરળતા, ધર્મસાધના વગેરે જોઈએ. તારે તો આરંભ-સમારંભ, માયા, સંસારસાધના, વગેરેમાં મગ્ન રહેવું હતું. એ બધાંએ ભેગાં મળી તને મનુષ્યજીવનમાંથી ઉતારી બોકડો બનાવી દીધો !

નિંદા, આળ, ચાડીચુગલી, વિકથા ને પાંચમું સામાને ઉતારી પાડવાનું ભાષણ, આ પાંચ પાપથી ખૂબ બચવા જેવું છે ! નિંદા એટલે કોઈના છતા દોષ ગાવા ! ને આળ એટલે અછતા દોષનું આરોપણું કરવું ! દોષ હોય કે નહિ, પણ બીજાને



-ત્રીજાને કહેતા ફરવું, ન કહેવા જેવી કોઈની વાત બીજાને કહી દેવી, તે ચાડી-ચુગલી. વિકથા એટલે પાપકથા ! બીજાને પાપની પ્રેરણા મળે, કષાયનો ઉન્માદ જાગે, વિષયની લગની જાગે, એ વિકથા. 'કેમ બેસી રહ્યા છો ? બજારમાં નથી ગયા ?' કેમ શું છે ?' અરે ! આજે સસ્તાં જામફળ મળે છે.' પેલો લઈ આવે ને જીવતાં જામફળ સમારે, તે પાપ કોના માથે ? જેનાથી બીજાને પાપની પ્રેરણા મળે, કષાયનો ઉન્માદ વધે, એ પાપકથા. અહીં તમને કહીએ કે શ્રીમંત શ્રાવકોને પડી છે કંઈ ? પોતાના ઠઠારા વધારી દીધા, ગરીબોના સામું જોવું નથી...' આવું બધું કહીએ, ને તમને શ્રીમંતો પર કષાય વધે, તે અમે તમારા આગળ કઈ કથા કરી ? ધર્મોપદેશ-ખાતામાં ખતવવું હોય તો કોણ રોકે છે ? તમેય કહેવાના, કે 'મહારાજે આજે ઠીક ઝાટકણી કાઢી.' 'માળા એ છે જ એવા' કહો, ઉપદેશ સાંભળી શું મળ્યું ? દ્વેષ કે દયા ? ત્યારે શું જાત માટે ભલે મોટું નહિ તો શક્ય થોડુંય સુકૃત કરવાની પ્રેરણા મળી ? ના,

**ભાષણ તો એવું જોઈએ કે સાંભળનારને જાતે કરી છૂટવા ઊભા કરી દે; ને બીજાની ભાવદયા સુઝાડે. આ ધર્મ-ઉપદેશ કહેવાય.**

**બાકી રાગદ્વેષ જગાડે તે તો પાપ-ઉપદેશ. વિષય-કષાયની લગની જાગે એ વાતો તે વિકથા.** એ બંધ કરવાની એમ બીજાને ઉતારી પાડવાની વાણી, દ્વેષ તિરસ્કારભરી વાણી પણ નહિ બોલવાની. જ્યાં સુધી આ નિંદાદિમાં જીવ મહાલતો રહ્યો છે, ત્યાં સુધી એનું કલ્યાણ થવાની આશા રાખતા મા.

ચંડદેવ કેમ બૂડ્યો ? વાણીના દુરુપયોગના પાપે ! વાણી, વિચાર ને કાયા, ત્રણેય માટે સાવધાન રહેવાનું. ક્યાંય એનો દુરુપયોગ ન થઈ જાય, એની પળે પળે કાળજી રાખવાની. એ માટે એને સારી પ્રવૃત્તિમાં જોડ્યા જ રાખવાનાં. બિચારો ચંડદેવ માયાથી કોલાક નામના ગામમાં બકરા તરીકે જન્મ્યો.

ધર્મના અનાસેવનથી તિર્યંચનો અવતાર મળ્યો. માટે,

**દેવ-ગુરુ-ધર્મ આટલા ઊંચા મળ્યા છતાં, ધીકતો પુરુષાર્થ જોઈએ તે કેમ નહીં,** એ વિચારો.

સામગ્રી ન હોય, ન કશું જ્ઞાન હોય, તો જુદી વાત, પણ સામગ્રી ને સમજ અહીં મળ્યાં છતાં, દુનિયાની આળપંપાળ હદની બહાર મીઠી લાગે ત્યાં સુધી ધર્મ શી રીતે થઈ શકે ? એ મીઠી આળપંપાળ ઝેર નાખેલા લાડુ જેવી છે.

**ટાંટિયા તોડીને પૈસા કમાવાય, ધર્મ નહિ ?**

દુનિયાની વધુ આળપંપાળ શીખવે છે કે ધર્મનું શું કામ છે ? કોઈ ટાંટિયા તોડીને ધર્મ કરતો હોય, તેને શા માટે આ તૂટીને કરો છો ? એમ કહે છે ! પરંતુ

લાખ રૂપિયા કમાવવા ગયેલાને 'ટાંટિયા તોડીને શા માટે મહેનત કરો છો ? શા માટે કુટાઈ મરો છો ?' એમ કહેનાર કોઈ ન મળે ! કારણ ? એ જ કે રૂપિયાની વાત હદની બહાર મીઠી લાગે છે. ધર્મ જો એવો મીઠો લાગે તો 'તન-ધન તોડીને પણ ધર્મ કરું, એમ થાય, એનો ધીકતો પુરુષાર્થ થાય. ખૂબી તો જુઓ કે આત્મહિતની સાધના તો વિના કષ્ટની પણ કરવામાં એવી હોંશ નથી, ત્યારે કષ્ટવાળી કરવાની વાત તો ક્યાંય દૂર ! ખેર ! છતાં મનમાં એટલું ઠસવું મુશ્કેલ પડે છે, કે 'ખરેખર ! ભવભવને અજવાળનારી આત્મહિતની સાધના કષ્ટ વેઠીને પણ કરવી જ જોઈએ. તન-મન-ધન તોડીનેય આરાધવી જરૂરી છે. એ કરનારો ખરેખર બુદ્ધિમાન છે, અવસરનો જાણ છે, શક્તિને લેખે લગાડનારો છે. બાકી જડની પાછળ, મોહની પાછળ તન-મન-ધનની અમૂલ્ય શક્તિઓને તોડી નાખનારો તો ચંદનના કાષ્ટમાંથી રાખ બનાવી રહ્યો છે.' જ્યાં સુધી મનને આટલું ઠસે નહિ, ત્યાં પછી અંતરમાં એ રીતે આત્મહિત સાધવાના ઉમળકા ક્યાંથી જાગવાના ? અને તે નહિ તો એની સાધના કરવાનું બને જ શાનું ?

'અવધિજ્ઞાની' મુનિ પરિવ્રાજકને કહી રહ્યા છે, કે 'હે મહાનુભાવ ! તું ચંડદેવના ભવમાં ધર્મસેવન ઉવેખી બીજાના ઉપર આરોપ મૂકવાથી બકરાના અવતારમાં ગયો. ત્યાં જીભ સડી ! એની મહાવેદના ઊઠી. માણસ હોય તો વૈદ્ય-ડૉક્ટર પાસે જાય, પણ આ તો બકરાનો જીવ શું કરે ? તેમાં જીભ સડવી, એટલે ખાય શું ? અનુકૂળ ખાવા જાય તે પ્રતિકૂળ પડે.

**કર્મ જ્યારે વિફરે છે** ત્યારે શું નથી કરતો ? આવાં કર્મ કરવામાં શૂરવીર કોણ ન હોય ? જેને માલૂમ હોય કે કોણ બચાવશે ? જો જીભ સડશે તો ? જો માથાનાં, પેટનાં, છાતીનાં કે એવાં કોઈ તીક્ષ્ણ શૂળ ઊપડ્યાં, તો કઈ વલે ? એવાં ઘોર દુઃખ આવે તે કરતાં વર્તમાનમાં ઇન્દ્રિયો-મનના આવેગ-આવેશો રોકવાનું અલ્પ કષ્ટ વેઠી લેવું શું ખોટું ? આ વિચારે પાપની શૂરવીરતા ઊડી જાય.

બકરો બિચારો પોતાનું આયુષ્ય દુઃખે પૂર્ણ કરી કર્મ બાકી છે તેથી તે જ ગામના જંગલમાં શિયાળિયા તરીકે જન્મે છે.

### મનુષ્ય ભવ ગુમાવ્યો, એટલે શું ગુમાવ્યું ?

કેટલું ગુમાવ્યું ? તિર્યંચના ભવમાં વગર ઇચ્છાએ પણ પાપ જ કરવાની પરવશતા કેટલી બધી ? શિયાળિયાના જન્મથી માંસાહારીપણું મળ્યું ! પાપની વાતમાં પાછું વળવાનું સ્થાન નથી. એક મનુષ્ય ભવ આત્માને કેટલો ઊંચો લાવે ત્યારે એક તિર્યંચનો ભવ આત્માને કેટલો નીચે પછાડે ? ત્યાં વેદનાનો પાર નહિ.

**કહેતા નહિ કે 'એ તો જે આવી પડે તે ભોગવાય;' દુઃખ ભોગવવાં ભારે**



**કઠિન છે !** જુઓ છો ને કે શેરીમાં આવેલો બહારનો કૂતરો શેરીના કૂતરાથી કેવો ફેંદાય છે ? રાતના કેવી રુદનની કારમી ચીસો પાડે છે ? જુલ્મી માલિક બળદ, ઘોડા વગેરેની ભૂલ થતાં એને બાંધીને કેવો પીટે છે ! અને એ વખતે કેટલી કરુણ ચીસો એ ઢોર મૂકે છે ! કસાઈના હાથમાં પડેલ ઢોર કતલ કરાતાં કેટલા દુઃખદ આર્તનાદ મૂકે છે ! પર્વના હિંસક યજ્ઞોમાં બકરા વગેરેની **'पितृभ्यः स्वाहा मातृभ्यः स्वाहा,...'** વગેરે બોલી બોલીને જીભ કાપે, આંખ ફોડે, નાક કાપે, પેટ પરથી એક ટુકડો કાપે, પછી બીજો, પછી ત્રીજો...એ વખતે એ પશુ કેવા કરુણ પોકાર કરતું હોય ! આજના વૈજ્ઞાનિક અખતરા અને હિંસક દવા બનાવતી વખતે શસ્ત્રોથી કપાતાં છુંદાતાં અંગોપાંગની કારમી પીડા ભોગવતી વખતે એ જીવો કેટલી કારમી ચીસો મૂકતા હોય છે ! આ બધું સાંભળતાં પણ હૈયાં કેવાં ધ્રૂજે છે ! સાંભળતાં જો આમ થાય, તો શું ખરેખર ભોગવવાનું આવે તો ભોગવવું સહેલું છે ?

ચોક્કસ સમજજો કે કારમાં દુઃખો સહન કરવાનાં આવે ત્યારે સહન થવું મુશ્કેલ છે. બોલવું સહેલું છે કે જે થશે એ જોયું જશે; પણ થાય ત્યારે અસહ્ય હોય છે. માટે પાપ કરતાં અટકવા જેવું છે. અહીં જૈન ધર્મ મળ્યો છે; પણ જો આ જ ભવમાં બીજા બિલાડી જેવા સ્થાનમાં જન્મ્યા હોત તો જીવતા ઉંદરડા ખાવાનું કરત, તિર્યંચના ભવમાં જન્મ્યા એટલે ? કોઈ ફળ ખાધું પણ તીક્ષ્ણ હતું, તો જીભ સડી ગઈ ! પછી જીભ ખરાબ, પાણીય પી ન શકાય. ઘસાઈને મરવાનું ! વેદનાનો કાળ વિચારવા જેવો છે. ભયંકર રીતે દિવસો નહીં પણ કલાકોય કાઢવા મુશ્કેલ ! શિયાળ ત્યાંથી મર્યો, કર્મ બાકી, તેથી સાકેત રાજાની વેશ્યા મદનરેખાને ત્યાં છોકરો થયો. રાજાની વેશ્યાનો છોકરો, એટલે રાજાને વહાલો થયો. પાછું કર્મ ઉદયમાં આવ્યું, પણ તે પૂર્વે કરેલાંનાં દુઃખ ભોગવવા માટે આવ્યું અને અહીં નવાં પાપ બંધાવવા માટે થયું.

**જગતમાં બે જાતનાં કર્મઉદય છે એકથી દુઃખ મળે, બીજાથી નરસી વાસના મળે.** અશાતા વેદનીય વેદના આપે, મોહનીય કર્મ બૂરી બુદ્ધિ આપે, જીવહિંસા કરી, જૂઠ બોલ્યા, ચોરી-અનીતિ કરી, એ અશાતા કર્મ સર્જે; અને એમાં નિષ્ઠુર થયા, કોઈ અરેરાટી ન રહી તો એ ચીકણાં મોહનીય કર્મ આપે, પણ ક્રિયા સારી દયાદાનની કરી તો એ શાતાવેદનીય પુણ્ય તો આપે, કિન્તુ એમાં જો ખેદ કર્યો, દ્વેષ કર્યો, 'ક્યાં આ દયા-દાન કરવાનું આવ્યું ?' અગર એ કરીને દુનિયાનાં સુખ ઝંખ્યાં, લક્ષ્મી-લાડી-વાડીની આશંસા-નિયાણું કર્યું તો એ ઉગ્ર મોહનીય કર્મ આપે. મહાવીરસ્વામીના જીવ વિશ્વભૂતિ મુનિએ 'મહા બળવાન થાઉં' એ વિચારધારા ઊભી કરી, ચારિત્ર પાળ્યું છે તેથી પુણ્યે દેવલોકે દેવ અને પછી ત્રિપૃષ્ઠ વાસુદેવ

તો થયા પણ નિયાણું બાંધ્યું છે, એમાં મોહની ધારા છે, તેથી વિષયાંધ બનવાનું, પાપમાં આસક્ત અને રત બનવાનું થયું ! પછી આગળ ચાલો, ત્રિપુષ્ઠ વાસુદેવનું આયુષ્ય પૂરું થયું, તેથી હવે જાઓ દુઃખમાં અને તે પણ સાતમી નારકીમાં ! એક બાજુ દુઃખ પામો અને બીજી બાજુ નવા પાપ બાંધો. બે ધારા ! નવા પાપે સિંહ થયા ! ત્યાં નિર્દોષ પશુઓને જીવતાં મારો ! પાપની ધારા ચાલુ. હવે આવો ચોથી નારકીમાં ! ત્યાંથી બહાર આવી સંસારમાં બહુ ભમો ! બે ય ધારા-દુઃખની ધારા અને પાપની ધારા જ્યારે ઘસાઈ ત્યારે સારો મનુષ્યભવ પામ્યા. કર્મ ઉદયની એક ધારામાં દુઃખ ભોગવવાનું અને બીજી ધારામાં પાપ બાંધવાનું.

વેશ્યાપુત્ર એ રાજાનો માનીતો છે, એક વાર દારૂ પીધેલ છે, એના નશામાં વિના કારણ એણે રાજમાતા ઉપર ભારે આક્રોશ કર્યો ! ન બોલવાના શબ્દો બોલી તડૂક્યો ! ત્યાં રાજપુત્રે સાંભળીને એને રોકવા પ્રયત્ન કર્યો ત્યારે એ એના ઉપરે ય ઊપડ્યો. એને ય તિરસ્કારના શબ્દો સંભળાવ્યા. રાજકુમાર આ વેશ્યાના છોકરાનો તિરસ્કાર શાનો સહે ? જાત નીચી, હોદ્દો નીચો, સ્થિતિ નીચી, એનો કાંઈ વિચાર ન રખાય, અને મદમાં ગમે તેમ લવારો કરાય એમાં માત્ર હલકાઈ જ નહિ, પરંતુ મહા નુકસાને ય વહોરવાં પડે.

ચંડદેવના ભવમાં પાપના સંસ્કાર નાખ્યા છે, અહીં ઉન્મત્ત થયો છે, તેથી રાજપુત્રે તેની જીભ કપાવી નાખી પછી જ્યાં લાય ઊઠી ને દારૂનું ભાન ઊતર્યું ત્યારે ખબર પડી કે બોબડો થયો. હવે શું થાય ? લાજ્યો, હાય મેં ખરાબ કર્યું ! કષાયની વાસના રહી હોય, પણ ઠોકર ખાતાં આંતરપુરુષાર્થ જાગ્યો, તેથી વાસના ઉપર વિજય થયો. આ પણ સહેલું નથી. જીવો ભયંકર દુઃખ પામ્યા છતાં પાપથી પાછા હટતા નથી. અહીં ભાન આવ્યું, તેથી આ કરે છે. શરમ આવી, 'ખોટું કર્યું, હવે શું થાય ? હવે આમેય જીભ નથી, શું બોલીશ અને શું વ્યવહાર ચલાવીશ ? એથી તેણે અનશન કર્યું. પાપ કર્યું છે, ભોગવવું પડશે, સમજી સ્વેચ્છાથી અનશન એક માસનું પાળીને મર્યો. અહીં પુંડ્રવર્ધન નગરમાં બ્રાહ્મણને ત્યાં જન્મ થયો છે.

**ચોર પરિવ્રાજકની આગળ કથની :-**

સમરાદિત્યનો જીવ ચોથા ભવમાં ધનકુમાર જ્યાં કેદમાં પડ્યો છે, તે રાજ્યમાં પરિવ્રાજક ચોર પકડાયેલો મંત્રીની આગળ પોતાની હકીકત કહી રહ્યો છે. એમાં અવધિજ્ઞાની મુનિનું વચન કેવી રીતે સાચું પડ્યું એનો ખુલાસો કરતાં અવધિજ્ઞાની મહર્ષિએ એને પાંચ ભવનો જે અધિકાર બતાવ્યો, પહેલા ભવે ચંડદેવ અને પરિવ્રાજક પર દુરાચારનો આરોપ, પછી બકરો, પછી શિયાળ પછી વેશ્યાપુત્ર, અને આ



ભવે બ્રાહ્મણપુત્ર નારાયણ, તે રજૂ કર્યો.

હવે એ આગળ કહે છે કે 'અહીં રાજપુરુષોથી પકડી લઈ જવાતા માણસોને ઉદ્દેશીને મેં જે કહ્યું કે આ લુચ્ચાઓને મારી જ નાખવા જોઈએ, તે પર અવધિજ્ઞાની ભગવંતે તો મારો પોતાનો જ પૂર્વના ખોટા આરોપનો અનેક ભવનો કરુણ અંજામ મને સંભળાવ્યો, તે સાંભળીને મારું દિલ કકળી ઊઠ્યું. પાપમય જીવન પર મને ભારે તિરસ્કાર છૂટ્યો, સંસાર જ એવો છે કે જે ભુલાવી ભુલાવી પાપમાં ઘસડે છે, તેથી એવા સંસાર પર ભારોભાર વૈરાગ્ય છૂટ્યો, મન ભડકી ઊઠ્યું કે 'હાય' પ્રમાદાચરણમાંથી આ દુઃખોનાં સર્જન !'

જ્ઞાની પ્રભુને પૂછ્યું, કે 'ભગવાન ! તો આપે પૂર્વે કહ્યું તે મારા પાપનું હજી ફળ ભોગવવાનું બાકી છે તે કેવું ?'

મહર્ષિ અતિશયજ્ઞાની છે, જ્ઞાનમાં વિશેષ વિગત જોઈને મારી આવી દુર્દશા પર એમને દયા આવી ગઈ. કરુણાભર્યા સ્વરે કહે છે, 'વત્સ ! અવિવેકી માણસને યોગ્ય એવી સકલ લોકમાં વિડંબણા બાકી છે.'

હવે પૂર્વના આરોપ ચઢાવ્યાનું વિડંબણારૂપી જે બાકીનું ફળ ભોગવવાનું છે, તેનો જ્ઞાની ભગવંતે એવું જ યોગ્ય જોઈ સ્ફોટ ન કર્યો કે કઈ જાતની વિડંબણા; તેમ એના ઉપર નારાયણ બ્રાહ્મણપુત્રે એ સ્પષ્ટ કરાવવાનો આગ્રહ પણ ન સેવ્યો. કેમ વારુ ? એટલા જ માટે કે ભૂતકાળનું આટલું બધું કહેનાર અને પ્રમાદની ભયંકરતા સમજાવનાર મહાત્મા જ્ઞાનીપુરુષ છે, તો 'શું બાકીનું ફળ' એ પ્રશ્નના ઉત્તરમાં એ જે કહે છે તે સમજીને જ કહે છે. એથી વિશેષ કહેવાનું એમને યોગ્ય નહિ લાગતું હોય તેથી જ નહિ બોલ્યા હોય, પછી આપણે શા સારું એનું પીંજણ કરવાનો, કે એ સ્પષ્ટ કહેવરાવવાનો આગ્રહ રાખવો ? વિપ્રપુત્ર આ સમજે છે.

**જ્ઞાનીના ઉપર એવાં વધારે દબાણ કરવાં એ આપણી વધુ અજ્ઞાનતા છે.** એમણે જે અત્યાર સુધીમાં કહ્યું છે તે બોધપાઠ લેવા માટે પર્યાપ્ત છે, પૂરતું છે. કેટલું કહેવા જેવું, કેટલું નહિ કહેવા જેવું, એ જ્ઞાની સમજી શકે. જગતમાં બધું જ બોલવા જેવું થોડું હોય છે ? એમ બહુ બોલનારો ભલે ગપ્પું ન મારતો હોય, બોલેલું જાણતો હોય, છતાં એ અજ્ઞાની છે; કેમ કે કેટલું બોલવું, કેટલું નહિ, એનું એને ભાન નથી.

**સારા શ્રવણની પણ અસર કેમ નહિ ?**

ત્યારે બીજી વાત એ છે કે આપણનેય ક્યારેય જ્ઞાની ગુરુના યોગ મળી જાય છે, ત્યાં એમના કહેલા શબ્દોની હૈયા પર ચોટ લગાવવાને બદલે માત્ર ઉપર-ઉપરથી જવા દઈએ છીએ તેથી સાંભળેલી કિંમતી વસ્તુનો તેવો ઊંચો લાભ

ઊઠાવવાને બદલે 'પછી શું ? આનું શું ? તે આ આમ કેમ નહિ ?' વગેરે પ્રશ્નો ઊઠાવીએ છીએ. બસ, એમ નિરર્થક જિજ્ઞાસાઓ સેવી-સેવીને અને એની તૃપ્તિ કરીને-કરીને ચાલ્યા જઈએ છીએ, તેથી ઘણું જાણવા મળ્યું છતાં ઓછુંય પરિણમન થતું નથી. હૈયે કોઈ એવી ચોટ લાગતી નથી કે 'અરે ! આ કહે છે શું, અને હું ક્યાં નીચે ખીણમાં પડ્યો છું ?'

**જે જિજ્ઞાસા-શુશ્રૂષાની પૂર્તિમાંથી પરિણતિરૂપી જ્ઞાન ન થાય, એ જિજ્ઞાસા-**શુશ્રૂષા પાછળનું શ્રવણ નવરા સૂતેલા રાજાના કથાશ્રવણ જેવું છે. કામમાંથી પરવાર્યા પછી હવે ઊંઘ લાવવી છે, એ ન આવે ત્યાં સુધી લાવો જરા મનોરંજક વાર્તા સાંભળીએ' એટલી જ એમાં ઇચ્છા; પણ 'મારે આત્મહિતકર કાંઈ જાણવું છે, એ જાણવાનું મળે તો ઝટ એને ઝડપી લઉં, જીવનમાં ઉતારી દઉં' એવી કોઈ ઝંખના નહિ.

**વ્યાખ્યાન શા માટે સાંભળો છો ?**

કહો, જે વ્યાખ્યાન સાંભળવા આવો છો; શું એ જીવનમાં ઉતારવા માટે લેવા આવો છો કે સાંભળવામાં રસ પડે છે માટે આવ્યા કરો છો ? જરા હૈયામાં ઊંડા ઊતરીને તપાસ કરજો પછી જવાબ દેજો. જવાબ દેવા માટે કે હોશિયારી બતાવવા માટે, યા પતાવવા માટે જવાબ દેતા નહિ, અંતરમાં પૂછજો કે

**થોડું પણ સાંભળેલું**

હૈયાને ધક્કો લગાવે છે ?

કલેજું થથરાવે છે ?

વહી જતા શુષ્ક જીવન પર અરેરાટી કરાવે છે ?

પાપી જીવન પર, જીવનના આરંભ, પરિગ્રહ, વિષયાસક્તિ, કષાય-પરવશતા, ક્ષુદ્રતા વગેરે પર તિરસ્કાર જગાડે છે ?

'ક્યાં સુધી આમ સંસારમાં સડવાનું ? ક્યાં સુધી નિઃસત્ત્વ કે ધિઠ્ઠા રહેવાનું ? હવે તો જાગું, ઊઠું, કમ્મર કસું, આટલું તો જરૂર અમલમાં મૂકું,' એવું કાંઈ થાય છે ?

**શુશ્રૂષા એટલે બોધ પરિણતિની પાતાલસેર**

આવું કાંક કરો તો સાંભળ્યું-વાંચ્યું લેખે લાગે. યોગદષ્ટિશાસ્ત્રમાં કહ્યું છે કે તત્ત્વ સાંભળવાની ઇચ્છા એ તો બોધપરિણતિની પાતાલસેર છે, પાતાલસેર ફૂટી નીકળે તો તો કૂવો ભરાયો સમજો. એમ સાચી શુશ્રૂષા એટલે કે સાંભળવાની ઇચ્છા જાગી, પછી તો શ્રવણ કરતાં-કરતાં આત્મામાં બોધ અને પરિણમન થતું જ જાય.



**પરિણમન એટલે ?**

ઝણઝણાટી થાય, 'કેવી અપૂર્વ વસ્તુ' એવો સંભ્રમ થાય, અત્યાર સુધી ન પામ્યા, ન આરાધ્યાનો ખેદ થાય, જીવન પાણીમાં કાઢ્યાની મૂર્ખાઈ પર ચોટ લાગે, હવે ભૂલ ન કરવાના કોડ જાગે, ચટપટી થાય, શક્ય સુધારો અમલમાં લાવવા વીર્યોલ્લાસ પ્રગટે...

આવું કાંઈક જો થાય, તો થોડું પણ સાંભળેલું ફળે. આટલુંય સુધરવા માટે ઘણું છે, હજી ક્યાં ઠેકાણું છે મારું ?...' એવું એવું આંતરવલોણું થાય, પછી ત્યાં ખોટા નવા નવા પ્રશ્ન શાના ? સાંભળેલાનું જીવન બનાવવા મથાય. **જ્ઞાની ગુરુ તો વૈદ છે, એમણે આપેલી દવાનો ઉપયોગ કરવાને બદલે નવી-નવી દવાઓ જાણવા માત્રથી શો લાભ ?**

અવધિજ્ઞાની મહર્ષિના ભાવિ ફળશેષના ગોળગોળ ઉત્તર ઉપર નારાયણે એ સ્પષ્ટ કરાવવાનો કોઈ આગ્રહ ન સેવ્યો, ફરી પૂછ્યું સરખું નહિ, પરંતુ જે સાંભળ્યું હતું, તેના ઉપર સંવેગ-વૈરાગ્યમાં ચઢી ગયો અને વિચારે છે, કે 'અરે ! આ જરા-શાં પ્રમાદ આચરણ પણ કેવાં દુઃખદ પરિણામ સર્જે છે !'

**થોડા પ્રમાદનાં મોટાં ફળ કેમ ? :-**

**શું જરાકમાંથી મોટાં ફળ ?** હા બીજ નાનકડામાંથી મોટાં ઝાડ કે ઢગલો પાક થાય છે ને ? જરા કુછંદમાંથી ભયંકર કુછંદ જાગે છે ને ? શું ખબર નથી કે નાની ચિનગારી પણ મોટી આગો લગાડે છે ? એકાદા એવા બોલમાંથી જીવનમાં મહાવિરોધ ઊભો થાય છે ! નાના વિચારતરંગમાંથી મોટી મોટી વિચારસરણી અને ભારે નિરાશા-નિસાસા-કષાયો જન્મે છે ! બસ, એ જ પ્રમાણે નાનકડા પ્રમાદ-સેવનમાંથી ભયંકર પરિણામ જન્મે એમાં નવાઈ પામવા જેવું કશું નથી; કારણ કે બાહ્યમાં પ્રમાદપ્રવૃત્તિ નાની દેખાય, પરંતુ અંદરમાં એ યોગ્ય કર્યાનો અહંકાર, બીજા પ્રત્યે નિર્દયતા, નિષ્ઠુરતા. વગેરે એવા ચીકણા દોષ સ્ફૂરે છે કે જે ભારે ટી.બી. જન્તુ કે કેન્સરની ગાંઠ જેવા હોય છે. પછી એના પર પસ્તાવો શાનો ? એ તો જમીનની અંદર પડેલાં મૂળિયાંની જેમ દૃઢ થતા અને વિકસતા જ ચાલવાના.

**કહો નાનો પણ પ્રમાદ નિષ્ઠુરતાથી ભયંકર બને છે.**

**પ્રમાદ કેમ ટળે ? :-**

ત્યારે જોવા જેવું છે કે જીવ આ જગતમાં ગમે તે જીવન, ગમે તે ભવ ધારણ કરે, પણ આળસ, મોહ, અવજ્ઞા, અકડાઈ, અતડાઈ, અજ્ઞાન, વિપર્યાસ ઇન્દ્રિયરસ, ક્રોધાદિ કષાયો વગેરે પ્રમાદોને મહાલવા-ફાલવા-ફૂલવા માટે ક્યાં જગા નથી ? ક્યાં પ્રતિબંધ છે ?

**જે જગત જીવને પ્રમાદમાં લોભાવવા માટે હરપળે તૈયાર હોય,**
**સદા સજાગ હોય,**
**પ્રમાદ સેવરાવવા પ્રેરતું જ હોય,**
**એની આડે કાંઈ વિઘ્ન આવવા ન દે અગર આવે તો દૂર કરી દેતું હોય,**
**બસ, જીવ ! તું ખુશમિશાલ યથેચ્છ પ્રમાદ સેવ્યે જ જા, એમ સગવડ અને તક આપતું હોય,**

એવા જગતમાં પડી રહેવાનું, સડવા-સબડવાનું અને નિરાધારપણે વિડંબાવાનું શું મન થાય ? એવું જગત ન મુકાય, ત્યાં સુધી પણ ઊંઘતા કેમ જ રહેવાય ? એવી જાગતી તાલાવેલી હોય કે 'કમમાં કમ આ પ્રમાદોને ઓળખતો રહું. 'કૂતરું તાણે ગામ ભણી અને શિયાળ તાણે સીમ ભણી', એમ જગતના તુચ્છ પદાર્થો-પ્રસંગો મને પ્રમાદ તરફ ઘસડવા માગે, મથે, પણ હું મારા જીવને અપ્રમાદ, દોષત્યાગ અને ગુણસેવન તરફ તાણું.'

લડવું પડશે, જીવનભર લડવું પડશે, પ્રમાદો સામે ! જીવનસંગ્રામ ખડા રાખવા જોઈશે એ પ્રમાદોની સાથે. પ્રમાદોને સર્વથા જીતી વીતરાગ ન બનીએ, ત્યાં સુધી ઘડી જંપીને નહિ બેસાય, નહિતર આ પ્રમાદ તો એવા ભયંકર છે કે મોટા મુનિઓનેય તાણી જાય. ધ્યાનમાં રહે, કે પ્રમાદ જેની પાછળ સેવાય છે, એવી જગતની સારી નરસી લીલા, તો કર્મને આધીન છે.

**આપણાં દુન્યવી સુખદુઃખને સીધો સંબંધ કર્મ સાથે છે.** કર્મ એટલે લલાટ, લલાટમાં જે હશે તે જ મળવાનું છે. પછી મફતિયા-ફોગટિયા પ્રમાદને શા માટે ઘૂસવા દેવા ?

**શા માટે પ્રમાદથી** મન બગાડવાં, હૈયાં શેકવાં ને કલેજાં ગેપ કરવાં ?

શા સારું કુળને કલંક, ધર્મને નાલેશી, ગુરુના ગૌરવનો નાશ, દેવાધિદેવનો દ્રોહ, અને પ્રતિષ્ઠાને ધોખો પહોંચાડવો ?

અનેક ઐહિક અનર્થો ઉપરાંત પરલોકની દીર્ઘાતિદીર્ઘ દુઃખપરંપરા અને પાપપરંપરા સર્જવાની મૂર્ખાઈ શા સારું કરવી ?

નિર્ધાર જોઈએ, કે 'કર્મ કરે તે થાય, તો થવા દો, હું એ નિર્ધારિત અનિષ્ટ લેખને મિથ્યા કરવા કે રોતડપણે વેઠવા પ્રમાદ નહિ સેવું. તેમ ઈષ્ટલેખમાં ખોટો પ્રમાદસેવી નહિ બનું, દોષ દુર્ગુણોને જરાય તક નહિ આપું. આજ સુધીમાં મારું ઘોર નિકંદન જ પ્રમાદે કાઢ્યું છે, તો શું હવે એને હું વધાવું ? હરગિજ નહિ. જગતનું ઓછું મળ્યું, વાંકું પડ્યું, ચલાવી લઈશ, પણ સ્વાર્થાંધતા, નિષ્ઠુરતા, ઈર્ષ્યા, ક્લેશ, વેર, વિરોધ, વગેરે પ્રમાદ નહિ નભાવું.'



મંત્રીને પરિવ્રાજક કહી રહ્યો છે, 'પ્રમાદ એકાંતે દુઃખનાં, મહાદુઃખનાં કારણ માની પ્રમાદનાં સ્થાનભૂત એવા આ સંસાર પરથી મારું મન ઉભગી ગયું, સુખ-રૂપ લાગતા પણ વિષયો પર મને તિરસ્કાર છૂટ્યો. વૈરાગ્ય પામી મુનિના વચનથી ભયભીત બનેલા મેં સુગૃહીત નામના ગુરુ પાસે સંન્યાસ લીધો. એમાં કેટલોક કાળ વીતી ગયો. ગુરુની સેવા-વૈયાવચ્ચ-શુશ્રૂષામાં હું બરાબર તત્પર રહેતો. કેમ કે સંસારની વિટંબણા મેં નિહાળી હતી અને તેથી જ સંસારત્યાગી બન્યો હતો.

'પરંતુ હે મંત્રીશ્વર ! **અપાકટ આત્માને પ્રલોભક નિમિત્ત, જુઓ કે, કેવી દુર્દશામાં પટકે છે !** ગુરુને મારા વિનય-આમન્યા-સેવા પર વિશ્વાસ બેઠો તેથી દયાળુ એવા એમણે સ્વર્ગગમનકાળે મને બે બક્ષિસ કરી, પણ એ મને ભારે પડી ગઈ ! નિમિત્ત નહોતું, સાધન નહોતું હાથ લાગ્યું, ત્યાં સુધી તો હું સીધો ચાલતો હતો. પણ સાધન મળવા પર કૂદ્યો; ભાનભૂલો બન્યો. સાચું જ છે કે જ્યાં સુધી એવાં સાધન ન મળે ત્યાં સુધી જીવ પાપમાં નથી પડતો; સાધન મળતાં ઝટ પાપ કરે છે, માટે તો સારું ગણાતું પણ સાધન અપક્વ કાળે ન મળ્યું સારું.

**શી બક્ષિસ હતી એ ?** પરિવ્રાજક કહે છે, કે ગુરુએ મને બે મહાન વિદ્યાઓ શિખવાડી. એક તાળાં ઉઘાડવાની અને બીજી ગગનમાં વિહરવાની, સાથે ચેતવણી આપી, કે 'જો વત્સ ! આ વિદ્યા મેં જે આપી છે, તે ફક્ત કોઈ મહાસંકટ કાળે ધર્મકાર્યનું રક્ષણ કરવા માટે. ધર્મકાય એટલે ધર્મ-અવસ્થા.'

**ત્રણ જાતની કાય કહેવાય,** ધર્મકાય, કર્મકાય અને તત્ત્વકાય. કાય એટલે અવસ્થા. ધર્મની, કર્મની અને તત્ત્વની અવસ્થા !

**ધર્મ અવસ્થામાં** ધર્મ સાધના-કાળ આવે.

કર્મ-અવસ્થામાં ધર્મ સિદ્ધ થયા પછી લોકોપકારક પ્રકૃષ્ટ પુણ્યકર્મની ઉદય-અવસ્થા આવે અને

**તત્ત્વઅવસ્થામાં** આત્માની સર્વ કર્મથી રહિત શુદ્ધ અવસ્થા આવે.

તીર્થંકર પ્રભુ ચારિત્ર પાળે તે ધર્મ-અવસ્થા, કેવળજ્ઞાન પામી તીર્થંકર કર્મ અનુભવે તે કર્મઅવસ્થા, આત્મમુક્ત થઈ અસલી શુદ્ધ અવસ્થા પામે તે તત્ત્વઅવસ્થા.

પરિવ્રાજક કહે છે, 'મને ગુરુએ વિદ્યા આપતાં કહ્યું, કે 'આને ધર્મકાયના રક્ષણાર્થે જ અને તે પણ મહાસંકટના કાળે જ વાપરજે. અર્થાત્ કોઈ મહાન સંકટમાં એવો જ કોઈ સંયોગ હોય કે ધર્મનો ઘાત થતો હોય તો ધર્મરક્ષા માટે આ વિદ્યાનો ઉપયોગ કરજે.'

**મહાન સંકટમાં એટલે ?**

જમીન તપેલી છે માટે કંઈ આકાશ-ગમનથી જવાનું નહીં. આ પરીષહ તો સહન કરવાનો જ,

સંકટમાં **ધર્મ-રક્ષા માટે કરજે** એટલે કે સદા જગતના અસાર વિષય સુખ માટે નહીં.

સંન્યાસી ગુરુ શિષ્યને આગળ કહે છે, 'જો ધ્યાન રાખજે, જ્યાં સુધી આ વિદ્યા ધારણ કરે છે ત્યાં સુધી મુશ્કેલીમાં પણ જૂઠું બોલવું નહિ. પ્રમાદથી બોલાઈ જાય તો પ્રાયશ્ચિત્ત માટે તત્કાલ નિર્મળ પાણીમાં નાભિ સુધી રહી હાથ ઊંચા કરી ચક્ષુ મચમચાવ્યા વિના આજ વિદ્યાનો એક હજાર ને આઠ જાપ કરી દેવો.'' આ બધી ભલામણ કરી ગુરુ કાળ કરી ગયા.

વિદ્યા મળી તેથી હું પાપથી મૂઢમતિવાળો થઈ ગયો. આકાશગામિની વિદ્યા મળી, રાજાના નોકરો ફરતા હોય તોય આકાશથી સીધા રાજાનીય અગાસીમાં પહોંચી શકાય. ત્યારે બીજી તાળું ઉઘાડવાની વિદ્યા છે પછી શું જોઈએ ? ચાવી લગાડતાં તો અવાજ પણ થાય, વિદ્યાથી તો વિના અવાજે જ તાળું ખૂલી જાય. પરિવ્રાજક કહે છે. ''આવી વિદ્યા મળી પછી તો મન પાપથી મોહિત બની ગયું, સાધુ ભગવંતે ભાખેલા ભાવીને પરવશ બન્યો, અને અવિદ્યાના આકર્ષણથી વ્યાકુલ થયો; એટલે પૂર્વનો ભવવૈરાગ્ય ગુમ ! ગુરુના વચનથી વિરુદ્ધ અને આ લોક તથા પરલોકના માટે ખતરનાક એવું બધું કરવા મંડ્યો !''

ક્યાં એક વખત પોતાની જ પૂર્વ ભવોની દુઃખદ સ્થિતિ સાંભળીને સંસારથી ઊભગી જવું, સંસાર ત્યજી સંન્યાસ લઈ લેવો, અને ક્યાં આ સંન્યાસીના વેશમાં મહાપાપ સેવવાં ! માત્ર બે વિદ્યાશક્તિ મળવા ઉપર જીવ કેટલો બધો નીચે ઊતરી ગયો ! પોતે જ આ ભવમાં એક વાર બોલનારો હતો કે 'આવા મહા બદમાશોને તો મારી જ નાખવા જોઈએ !' આજે પોતે જ મહા બદમાશી સેવી રહ્યો છે ! બીજા માટેના પોતાના સિદ્ધાન્ત જુદા ! અને પોતાના અંગેના જુદા ! છે કોઈ પ્રામાણિક્તા ? કોઈ નિષ્ઠા ? કોણ કરાવે છે આ ? નિમિત્ત મળવા પર પાપથી મોહિત મન, અવિદ્યાના આકર્ષણ.

નિમિત્ત જીવનમાં મહાન ભાગ ભજવે છે. એમાંય પોતાની પાત્રતા વધુ અસર કરે છે. સારું પણ મળેલું સાધન, પાત્રતા હલકી હોય, તો પરોપકારને બદલે મહા અનર્થ કરવામાં વપરાય છે. એનો અર્થ એ થયો કે તેવી પાત્રતાના અભાવે



એ જ સાધન એને મારનારું થાય છે ! પરિવ્રાજક સંસાર ત્યાગને માર્ગે ચઢી જવા છતાં વિદ્યાઓના નિમિત્તે પછડાયો.

**પરિવ્રાજક મશ્કરી અને જૂઠમાં પડ્યો :-**

મંત્રીને એ કહે છે, 'મારાં દુષ્ટ કામ નિરાબાધ ચાલતાં હતાં, એમાં ગઈ કાલે સંધ્યા હજી થઈ નહોતી એ અવસરે હું મંદિરની પાસેના બગીચામાં બકુલના ઝાડ તળે ઊભો હતો ત્યાં તત્કાળ નાહીને મંદિરમાં દેવના દર્શને આવેલી તરુણ સ્ત્રીઓએ મને જોયો. તરૂણ અવસ્થામાં જોગ જોઈને આશ્ચર્ય અને ભ્રમમાં પડી ગઈ. મને પૂછ્યું. ત્યાં મશ્કરી કરવાની ટેવ નહોતી છતાં એ પ્રસંગ જોઈને મેં મશ્કરીમાં અસત્ય ભાષણ કર્યું.'

મંત્રી પૂછે છે 'શું અસત્ય બોલ્યા ?'

પરિવ્રાજક કહે છે 'એ સ્ત્રીઓએ મને પૂછ્યું કે અરે ! આવી ખીલતી યુવાનીમાં મીઠાં વિષયસુખો છોડી આ ભારે વ્રતનું કષ્ટ કેમ ઉપાડ્યું છે ? વિષયસુખો તો પરલોક માટે મુનિઓને પણ માગવાં ગમે ! જીવલોકમાં એ સારભૂત ! અને બ્રહ્મા-વિષ્ણુ-મહેશ વગેરે દેવોય એને સેવે ! વળી સમસ્ત સંસારમાં વખાણાતાં એવાં વિષયસુખોને તમે કેમ છોડી દીધાં ? સ્ત્રીઓના આ પ્રશ્ન પર મને લાગ્યું કે આ પૂછવા પાછળ એમના દિલમાં મશ્કરીનો ભાવ છે, તેથી મનેય મશ્કરી કરવાનું મન થયું.'

**મશ્કરી આદિથી બચવા માટે :-**

સંયોગ શું કામ કરે છે ! અસત્ય નથી બોલવું, મશ્કરી આદિ પાપ નથી કરવું, એવી સમજ કરેલી છતાં કર્મસંયોગે યા પોતાના પ્રમાદથી ઊભા થતાં એવા સંયોગ સમજ પર જાણે આવરણ લાવી અગર એને દબાવી જૂઠ વગેરે પાપ આત્મા પર સવાર થઈ જાય છે. એવા સંયોગથી જ પહેલું તો ચેતવા જેવું છે. **એવા સંયોગમાં મુકાવું જ નહિ; કદાચ મુકાઈ ગયા તો મૌન, વાણી અને વિચાર બંનેનું મૌન સંયોગને અનુકૂળ ન થવા માટે.** ન એનો શબ્દ પ્રયોગ, ન એનો વિચાર. અસલ તો એવા સંયોગ ન આવ્યા હોય તે વખતે પણ સારી સમજને ભાવનાબળથી મજબૂત કરવી જોઈએ. 'ગમે તેવા સંયોગ આવી જાય તો પણ આ સન્માર્ગથી ન ખસું. કિંમત સન્માર્ગની જે છે તે ઠઠ્ઠા-મશ્કરી, જૂઠ-ડફાણ વગેરે પાપોની નથી, પાપોમાં તો આત્માના ઊર્ધ્વીકરણ ઘવાય છે; અધઃપતન થાય છે' વગેરે ભાવના પુનઃ પુનઃ કરતાં રહેવું જોઈએ. ત્યારે ભાવનાથી ભાવિત બનેલું મન અવસર આવી લાગવા પર વિકૃત ન બને, ઢીલું ન પડી જાય.

**પરિવ્રાજકનું ગપ્પું :-**

પરિવ્રાજક મંત્રીને કહે છે, યુવતીઓના પ્રશ્ન પાછળ મશ્કરીનો ભાવ લાગવાથી, મેં પણ મશ્કરીભર્યો જવાબ આપવાનું કર્યું. દીર્ઘ નિઃસાસો નાખતાં મેં એ લોકોને કહ્યું, શું કરું ? પ્રિયતમા તો હૃદયને અનુકૂળ વર્તનારી મળી હતી. પરંતુ અકાળે એ ઊપડી ગઈ અને મારે એના વિરહનો મોટો સંતાપ ઊભો થયો. તેથી મેં આ જોગ લીધો. મંત્રીજી ! આમ મશ્કરીમાં હું જૂઠું બોલ્યો પરંતુ પછી એના પ્રાયશ્ચિત્તરૂપે ગુરુએ કહ્યા મુજબ જાપ પણ કર્યો નહિ તેથી વિદ્યાશક્તિ લોપ પામી ગઈ !

શું સાર કાઢ્યો ? મશ્કરીનો આનંદ અતિ મામુલી અને 'હું પણ તમારાથી જાઉં એવો નથી' એવો અહંકાર તથા જેવાને તેવો ઉત્તર કર્યાનો આત્મસંતોષ તુચ્છ; જ્યારે પ્રત્યક્ષમાં વિદ્યા ગુમાવી તે નુકસાન કેવું મોટું આવ્યું ! અને એથીય વધુ ભયંકર તો અનાદિની કુવાસનાઓને રૂડો ધર્મ પામ્યા પછી મોળી પાડી હતી તેને હવે પાછી જાગીને પગભર થવાનો મોકો મળ્યો !

પરિવ્રાજકે મશ્કરીના જૂઠનું વારણ હતું પ્રાયશ્ચિત્ત હતું, તેય કર્યું નહિ. થઈ ગયેલા પાપની પાછળ આલોચના-પ્રાયશ્ચિત્તનું સુંદર અને સહેલું વારણ હોવા છતાં, એક પ્રમાદ અને અકડાઈ એને આચરવા નથી દેતી, અને પરિણામે મહાઅનર્થ વેઠવા પડે છે !

**ઉત્તમ માનવજીવનની તક એ તો સંશોધન કરવાની મહામોંઘેરી તક છે.** કરવાનું શું છે ? જરા પ્રમાદ અને અકડાઈ દૂર કરવાના છે. થયેલ પાપનો નિકાલ કરવા આળસ છોડી ઝટ ગુરુ પાસે પહોંચી જવાનું અને એ 'હું કેમ કહું' એવી અકડાઈ દૂર કરી બાળભાવે કહી દઈ પ્રાયશ્ચિત્ત યાચી લેવાનું. **આલોચન પ્રાયશ્ચિત્તની આ વિધિ તો મહાજબરદસ્ત રસાયણ છે. એનાથી પ્રસ્તુત પાપના ક્ષય ઉપરાંત પણ શુભ અધ્યવસાયના યોગે બીજાં કેઈ અશુભ કર્મ ક્ષીણ થાય છે અને શુભની વૃદ્ધિ થાય છે.**

**પરિવ્રાજકની અંતિમ ચોરી.**

પરિવ્રાજક મંત્રીને કહી રહ્યો છે કે, 'મે મશ્કરીમાં કરેલા અસત્ય ભાષણના પ્રાયશ્ચિત્તરૂપે ગુરુએ કહેલો જાપ કર્યો નહિ. વ્યસનને પરવશની જેમ હું એમ જ અર્ધરાત્રિના સમયે નીકળ્યો. જગતને પ્રકાશ આપનારો ચન્દ્ર આથમી ગયો હતો. નગરવાસી જનસમૂહ પર નિંદ્રાદેવીએ સામ્રાજ્ય જમાવી દીધું હતું. રાજમાર્ગ પણ અંધકારવ્યાપી થઈ ગયો હોવાથી ચાલવું મુશ્કેલ બની ગયું હતું. છતાં ગમે તેમ ચાલતો હું સાગર શેઠના ઘર આગળ આવીને ઊભો. જોયું તો જાણે કોઈ સંબંધીનું



ઘર હોય તેમ આટલી મધ્યરાત્રે પણ દ્વાર ખુલ્લાં હતાં, એટલે હું તો પેઠો એમાં. શેઠ શ્રીમંત હતા, મારે પાપ કરવું હતું, એમાં. વિઘ્ન શું કામ આવે ? વિઘ્ન તો શુભ કાર્યમાં આવી ઊભાં રહે છે. કહે છે ને **સારામાં સો વિઘ્ન.** ઘરમાં સોના-રૂપાના ભાંડ મળી આવ્યા. તે ગુપચુપ ઉપાડીને ત્યાંથી નીકળ્યો.

**પાપની હાંડી ફૂટે છે :-**

મંત્રીશ્વર ! વિદ્યાના કેફમાં ઉન્મત્ત બનેલો હું વિદ્યાના વિશ્વાસમાં નિશ્ચિત હતો. રાજમાર્ગે ચાલ્યા જતાં કાંઈ ફિકર નહોતી. પરંતુ પાપ હવે ભરાઈ ગયું હતું, પાપની હાંડી ફૂટું-ફૂટું થઈ હતી. તે પાછળથી કોઈ માણસ ચાલ્યા આવતાનાં પગલાં સાંભળ્યાં, એટલે આકાશમાં ઊડી જવાની વિદ્યાનું સ્મરણ કરવા તરફ મેં મન દીધું, પરંતુ વિદ્યા શાની કામ આપે ? અસત્ય ભાષણ અને ઉપર પ્રાયશ્ચિત્ત ન કરવાનો પાછો પ્રમાદ, એણે મને દગો દીધો. વિદ્યાનો આકાશગમનનો પ્રભાવ મેં ગુમાવી દીધો હતો. એથી હવે આકાશમાં ઊડી શકતો નથી. ત્યારે મને યાદ આવ્યું કે પ્રાયશ્ચિત્ત કર્યું નહોતું એટલે વિદ્યા તો મારા માટે હવે નષ્ટ થઈ ગઈ હતી, હાય ! હવે શું થાય ? વેશ પરિવ્રાજકનો છે. આવા કિંમતી ભાજન પરિવ્રાજક પાસે હોય નહિ, અને હું એવા ચોરીના માલ સાથે સીધો પકડાઈ જઈશ, મારું શું થશે ?' એમ હું દીન બની ગયો.

'પણ દીન બન્યે શું વળે ? હું ભયભીત બનેલો ત્યાંથી મંડ્યો ભાગવા, એટલે તો હાથમાં ભાલા-તલવાર ખુલ્લા કરીને સિપાઈઓ મારી પૂંઠે દોડ્યા. ચારે દિશાઓને એમણે ભારે બૂમરાડ કરીને ગજવી દીધી; ને આમ તેમ ભાગાભાગ કરતાં એવા મને પકડી લીધો ! મંત્રીશ્વર ! પછી શું થયું તે તો તમે જાણો જ છો. 'હવે શું કરવું તે તમારી ઈચ્છાની વાત છે.'

**બધું ભગવાન કરે છે ? :-**

કહો, પરિવ્રાજકની આ બધી ઘટના એ ભગવાનની યોજના કહેવાય ? ભગવાનને ગમ્યું તે ખરું મનાય ? ભગવાનને સૃષ્ટિનો સર્જનહાર માનનારને આ 'આપત્તિ છે. પરંતુ ભગવાનને દુઃખ જ દેવું હોય તો સીધું દઈ શકે છે, આવી રમત શા માટે ? તો શું ભગવાન રમતિયાળ નાટકિયો છે ? એ બધી ગલત કલ્પના છે. કહો, **કર્મ અને જીવનો અવળો પુરુષાર્થ આવું બધું કરાવે છે.**

કર્મ પાપની સામગ્રી આપે છે, અને જીવ ઊંધા રસ્તે કૂદવા માંડે છે.

માણસ સીધો ક્યાં સુધી ચાલે છે ? પાપ સાધન પામ્યો નથી ત્યાં સુધી, મિયાં પાસે મસાલા નથી ત્યાં સુધી. જગતમાં પાપની વસ્તુ ઓછી મળી હોય તો નાખુશ થવાનું કે ખુશ ? દુનિયા જ્યાં મૂંઝવણમાં પડે તેમાં મૂંઝાવાનું નહીં. વૈભવ

મળે તો ધર્મ કરાય છે કે પાપ ? જવા દો વાત; લાખ મળ્યા પછી મમતા ઓર વધી જાય છે, ત્યારે કપાળ તો સાડાત્રણ આંગળનું છે, ને કોડ થાય છે લાખના ! તમે કહો છો કે માણસ છે, વિચાર ન આવે ?' વિચાર આવે, પણ કેવો ? 'મને મળશે તો મારી ગતિ બગડી જશે' એવો. બાકી તો ભાગ્યની દૃષ્ટિએ મળ્યું છે, એમાં મન મનાવી લેવાનું છે.

**ચાલો, પાપ ઓછાં થશે. ગતિ નહિ બગડે,** એમ મન મનાવવું જોઈએ. શાંતિનું જીવન જીવવું હોય તો મન મનાવી લેવું એ એક ચાવી છે. એવું મન મનાવી લીધું, એટલે સીધી શુભ લેશ્યાની કમાઈ થઈ ! મન સ્વસ્થ રહ્યું ! લાખ મળેલા પર ઈર્ષ્યા અટકી, ઊલટી **દયા આવી, 'બિચારાની** ગતિ બગડશે તો ?'

આ શીખવા જેવું છે કે જ્યાં **દયાના ઉત્તમ પરિણામ કમાવાના મળે એવા છે ત્યાં કોઈ અશુભ ભાવ, ઈર્ષ્યા, દ્વેષ, દુઃખ દેવાના ભાવ ન જગાડો.** એવા અશુભ ભાવ કરવાથી પોતાને ને પરને કાંઈ લાભ તો થવાનો નથી પછી શા માટે એમ કરવું. તેમ ધર્મી છો તો તમને ધર્મ શું શીખવે છે ? પાપીને પાપની સજા કરવાની નહીં, પણ ભરપૂર દયા લાવી, પાપીને પાપથી અટકાવવાનો. કસાઈનું પાપ છોડાવો જો બને તો; પણ કસાઈને મારવાનો નહિ.

**પુણ્ય-પાપનો પવન અને જીવન નૈયા :-**

સંસાર છે, સંસારમાં પાપ ઘટનાઓ માટે નવાઈ નથી. આવા સંસારને આપણે ખૂબ જ વહાલ કર્યું છે તેથી એ હજુ આપણને કંટાળો આપતો નથી. સંસાર આવી પાપ ઘટનાઓનાં સર્જન કરે છે. ધનકુમારને સગી પત્નીએ કોઈ ગુના વગર સમુદ્રમાં ફેંકી દીધો ! પુણ્ય અને પાપ પર સંસારની સુખ-દુઃખની વિચિત્ર નૈયા ચાલે છે.

**પુણ્ય ને પાપરૂપી પવનના અનુસારે ચાલતી જીવન-નૈયા અજ્ઞાનીને હર્ષ-શોકની દિશામાં તાણે છે.** જીવનને આપણે આપણા પુરુષાર્થ પર ચાલુ કરી હર્ષ-શોકથી બચવું છે. પુણ્ય જો સાંકડું છે, ને મોટી આશાઓ રાખવી છે, તો તે ફળવી અશક્ય વાત છે, આંધળિયા છે, પાછા પડવાનો ધંધો છે ! જ્યાં આંધળિયા નથી, પાછા પડવાનું નથી, શક્યતા છે, ત્યાં પુરુષાર્થ અજમાવીએ ! ભૂતકાળના નિશ્ચિત બની ચૂકેલા સાંકડા પુણ્યના હવે ફૂટી નીકળતા ઉદય-પ્રવાહમાં જે સુખ સંપત્તિ ફળરૂપે મળે છે, તેમાં વધારો કરવાની મહેનત માથે પડે છે. એવું જ જે દુઃખ-અગવડ પૂર્વના નિશ્ચિત પાપના ઉદયે આવે છે, તેને રોકવા અર્થાત્ નિર્ધારિત પાપના ફૂટી નીકળતા વિપાક પ્રવાહની આડે શિલા મૂકવાનો પ્રયાસ નિષ્ફળ છે. હા પુણ્યની મૂડી વધારવાની અને પાપના ગંજ ઓછા કરવાની મહેનત ફળે છે,



પરંતુ એ કરવું નથી, અને પુણ્યના ઉદય પ્રવાહને દસથી સો ગુણો કરી દેવો છે, પણ કંઈ જ નહિ વળે.

ધનકુમારને પુણ્યનો પ્રવાહ નબળો હતો તો વધની સજા ફરમાવાઈ. એ જ પુણ્યનો પ્રવાહ સવળો બનતાં રાજાએ એને સન્માનીને ઘેર જવા દીધો. પણ પાછો પ્રવાહ નબળો પડતાં ચોર તરીકે પકડાયો ! પુણ્ય-પાપના ઉદયનું ચક્ર ઊંચે જાય છે ને નીચે આવે છે. આમાં કોઈ જીવનું મૂલ્ય આંકે તો એ બે બદામની ગણત્રી પણ ખરી કે નહીં ! ના, પ્રભુ મહાવીર ખુદ તીર્થંકર ભલે હો, અનંત વીર્ય, ક્ષાયિક વીર્ય ! છતાં પાપનો ઉદય આવીને ઊભો તો 'તમે પણ તેજોલેશ્યાની બળતરા લેતા જાઓ ! હું કર્મ ચમરબંધીની ગણત્રી રાખતો નથી.' પાપનાં ઘોડાપૂર ચડી રહ્યાં હોય ત્યારે આપણા જેવાનું કંઈ ઊપજે કે નહિ ? કંઈ લાગવગ લાગે કે નહિ ? કહો, કાંઈ જ નહિ. કર્મના ખેલ અટલ છે.

આપણું ઊપજે છે નવીન શુભ કર્મની પરિસ્થિતિ સર્જવામાં, અને જૂના પાપના ગંજ ઉખેડવામાં. એ માટે મન-વચન-કાયાની પ્રવૃત્તિને પવિત્ર, નિષ્પાપ બનાવવી જોઈએ; આત્માએ ગુણનો ખપ અને દોષનો બિન-ખપ કરવો જોઈએ.

ધનકુમાર સાથેનો પરિવાર પણ જેલમાં પુરાયો છે. છૂટકારો થવાનો અવસર આવીને લાગ્યો જ્યારે પુણ્યે જોર કર્યું. ને પરિવ્રાજક પકડાયો ત્યારે ! પરિવ્રાજકનું વિચિત્ર વર્ણન છે. પૂર્વના પાંચમા ભવમાં જોગી પર ચઢાવેલા આક્ષેપ પછીના ભવોમાં જીભ સડાવી નાંખી છે. બકરા ને શિયાળીયાના અવતાર આપે છે. રાજ-વેશ્યાના પુત્ર તરીકે જન્મ પામ્યો હતો, રાજાની પિછાનવાળો. ત્યાં પણ આક્રોશ કરતાં જીભ છેદાઈ ! પાપ અને દુઃખ બંને રાજમાત અને રાજપુત્રને ગર્વથી ખીલ્યા.

**મનુષ્ય જીવનમાં રાચી-માચીને પાપ કરીએ તેની બે ધારા એકમાં દુઃખનો વરસાદ વરસ્યા કરે, બીજામાં પાપની બુદ્ધિ જાગ્યા કરે !** આપણે તો તેનો વિચાર જ નથી કરતા માટે જ મોકો મળતાં જ નિંદા ચલાવી, અવસર મળતાં જ ચાડી-ચુગલી કરી નાંખી ! પણ ભાન નથી કે ભવાંતરમાં મારા માથે આ બે ધારા ચાલવાનું સર્જી રહ્યો છું. હજી અહીં તો ધર્મની સમજ મળી છે, તેથી પાછો વળી જવાને ને કરેલાં પાપનાં પ્રાયશ્ચિત્ત કરવાને અવસર છે. પણ પછીના ભવોમાં ગુરુ અને ધર્મ સમજ વિના શું કરીશું ?'

ચંડદેવ, બકરો, શિયાળ અને વેશ્યાપુત્ર થયા પછી બ્રાહ્મણ પરિવ્રાજક થયો, ત્યાંય ચોરીઓ કરી. હવે પકડાયો ત્યારે બધી વિગત મંત્રીને કહી. મંત્રી પૂછે છે,

**રાજાનું અલંકાર કેમ ન મળ્યું ?**

પરિવ્રાજક કહે છે, 'એનું કારણ છે, અલંકાર મેં શ્રાવસ્તિના રાજાને ભેટ

આપ્યું !

'તારે વળી એ રાજા સાથે શો સંબંધ ?'

શ્રાવસ્તિમાં મારો ગંધર્વદત્ત મિત્ર રહે છે, પ્રાણથી પણ અધિક પ્યારો ! કુદરતની વિચિત્રતા છે, સગાઈના સંબંધ કરતાં ક્યારેક મિત્રતાનો સંબંધ વધી જાય ! એક વખત એવું બન્યું કે એ નગરમાં ઇન્દ્રદત્ત નામનો મોટો શેઠ છે, એને વાસવદત્તા નામની કન્યા છે. એની સાથે સ્નેહ થયો મારા મિત્ર ગંધર્વદત્તને. પણ કન્યાના પિતાએ એનાં બીજા સાથે લગ્ન નક્કી કર્યાં, તેથી મિત્ર મારો ધૂંધવાઈ ગયો ! હાથમાંથી બાજી સરી જતી લાગી.

ગંધર્વદત્તને લાગ્યું કે જો કન્યા વાસવદત્તા બીજાને પરણાવી દેવામાં આવે તો પછી એના વિના મારે જીવવું મુશ્કેલ છે, ત્યારે એના કરતાં એનાં લગ્ન થવા પહેલેથી જ એને ઉપાડવા દે ને ? પછી રાજા રૂઠશે તો જોયું જશે !' એમ કરીને કન્યાને ઊઠાવી ગયો અને પરણી લીધી. યૌવન અને કામનો મદ ભયંકર છે, આંધળિયાં એવાં કરાવે કે જે ખતરનાક હોય. શેઠને ખબર પડતાં જ એણે રાજાને જણાવ્યું, રાજા રૂઠ્યો અને તરત માણસો મોકલી વાસવદત્તાને કબજે કરી, અને ગંધર્વદત્તને નગરમાંથી કાઢી મૂક્યો. બસ વાસનાનું સાક્ષાત્ ફળ દેશવટો પામ્યો.

હવે એ બીજે ક્યાં જાય ? આવ્યો મારી પાસે એક જીવિત નામના મિત્રને સાથે લઈને.

મેં પૂછ્યું, 'કેમ અત્યારે ક્યાંથી ?' ઉત્તરમાં એણે બધી રામાયણ કહી.

મેં કહ્યું 'ગભરાઈશ નહિ. લે આ મહાકિંમતી અલંકાર, ને મિત્ર જીવિત જઈને એ રાજાને ભેટ આપે. આવી કિંમતી ભેટથી, સંભવ છે, રાજાને વિશ્વાસ પડશે કે આવી મહાકિંમતી ભેટ દેનારો જીવિત એ સામાન્ય માણસ નથી. પછી જીવિત રાજાને તારી મિત્ર તરીકે સારી ઓળખ આપવાની તેથી રાજા સજા માફ કરશે.' એમ કહી મેં જીવિતને અલંકાર આપ્યું અને કેટલીક હોશિયારી પણ બોલવા અંગેની આપી.

જીવિત અલંકાર લઈને રીતસર ઠઠારો સજી ગયો શ્રાવસ્તિના રાજા પાસે ! રાજાને એ ભેટ કર્યું, રાજા આકર્ષાયો, પૂછ્યું 'કેમ શું છે ?'

જીવિત કહે છે 'બીજું તો કાંઈ નહિ, પણ આ મારો ખાનદાન મિત્ર ગંધર્વદત્ત, એના ઉપર પેલી વાસવદત્તા કન્યા બિચારી અનન્ય સ્નેહવાળી છતાં, એના પિતાએ એનું બીજે ચોકઠું ગોઠવ્યું. પણ કન્યાનું મન શાનું માને ? એને તો આખું જીવતર વિતાવવું છે, તે જ્યાં લેશ પણ રાગ નહિ, મેળ નહિ, ત્યાં એ શું સડીને દહાડા ગુજારે ? એટલે એણે છાની રીતે ભાગીને પોતાને પ્રિય એવા ગંધર્વદત્ત



સાથે ગંધર્વલગ્ન કર્યા. એનો બાપ આપશ્રીની આગળ આડુંઅવળું ભળાવી ગયો હશે, તે બિચારા નિર્દોષ ગંધર્વદત્તને, બેઆબરૂ થઈ નગરમાંથી નીકળી જવું પડ્યું, ને મને લાગે છે કે એમ બનીનેય વાસવદત્તા કાંઈ આનંદમાં નહિ હોય ! તપાસ કરાવો તો ખબર પડે કે પ્રિયના કાયમી વિરહ દુઃખથી એ બિચારીનાય કેવા કરુણ હાલ હશે ! આપશ્રી તો મહાદયાળુ છો, એટલે અજાણ્યે પણ ક્યાંક કોઈને ખોટી રીતે દુઃખ થાય એવું ન જ ચલાવી લો.'

રાજાના મનમાં વાત ઊતરી. એણે વાસવદત્તાની ભાળ કઢાવી, તો જાણવા મળ્યું કે એ બિચારી પ્રિયતમના વિરહે મરવા પડી હતી, કેમ કે એને હવે ગંધર્વદત્ત મળવાની આશા તૂટી ગઈ હતી ! તરત જ રાજાએ નગરના મોટા માણસોને બોલાવી કહ્યું કે 'જાઓ ગંધર્વદત્તને સામૈયા સાથે નગરમાં પ્રવેશ કરાવો.' બસ, રાજાનો હુકમ એટલી જ વાર ! ગંધર્વદત્તને બોલાવી લેવાયો અને એનો સ્વાગત-સન્માનભર્યા મહાવૈભવથી નગરમાં પ્રવેશ થયો. એના માતાપિતા વગેરે સંબંધીઓ મળ્યા. આનંદ આનંદ થઈ ગયો. રાજાએ પાસે રહીને કંઠે પ્રાણ આપવા જેવી સ્થિતિમાં રહેલી વાસવદત્તા એને અપાવી. મંત્રીશ્વર ! અહીંના રાજાનું મેં ચોરેલું અલંકાર આ રીતે શ્રાવસ્તિના રાજા પાસે ગયું."

**જુઓ સંસારની વિચિત્ર ઘટનાઓ !**

ધનકુમારને શ્રાવસ્તિના રાજા પાસેથી સન્માનભેર ઘર તરફ જવાનું મળવા છતાં વચમાં કેદમાં પુરાવાનો પાપોદય જાગવાનો છે, તેમાં નિમિત્ત આ બને છે કે ત્યાંના રાજાનું અલંકાર ચોરાઈ શ્રાવસ્તિના રાજા પાસે ભેદી રીતે આવે છે. એ આવે તો જ શ્રાવસ્તિનો રાજા એ ધનકુમારને ભેટ આપે ને ? અને એ જ અલંકાર સાથે ધનકુમાર અહીં આવે, તો જ પકડાય ને ? સાથે એ જુઓ કે હવે ધનકુમારના પુણ્યોદયને જાગવું છે એટલે પરિવ્રાજક ચોર પકડાય છે ! ક્યાંના કોની સાથે મેળ ? પરિવ્રાજકને પણ અવધિજ્ઞાની મુનિએ પૂર્વભવનો અધિકાર કહેવા સાથે આ ભવમાં બાકીનું આરોપફળ ભોગવવાનું કહ્યું છે, એ પરિવ્રાજકને અનુભવમાં આવવાથી હવે પાપથી એ પાછો ફરે છે, ને મંત્રી આગળ બધું કબૂલ કરે છે, ત્યારે મૂળ અલંકારનો પત્તો લાગે છે !

આમાં, કહો જો, માણસનું ધાર્યું શું બની શકે ? જ્યાં વિધિ કંઈના કંઈ ઘાટ ઘડી દે છે, ત્યાં માણસના મનોરથ કેવા મિથ્યા નીવડે છે ! શ્રાવસ્તિના રાજાના ધનકુમારને ક્ષેમકુશળ ઘરે પહોંચાડવાના કેવા મનોરથ ! ધનના પત્નીની આપત્તિ પછી શ્રાવસ્તિમાં વધની સ્થિતિ ઊભી થવાની આપત્તિમાંથી બચવા હવે કેવી ધારણા ! પરિવ્રાજકને વિદ્યા મળવા કેવા મનોરથ ! વાસવદત્તાને ઉપાડી જવા પર

ગંધર્વદત્તની કેવી મીઠી આશા ?... આ બધા મનોરથ, ધારણા અને આશાઓ પર વિધિએ કેવાં પાણી ફેરવી નાખ્યાં ! ત્યારે માણસ શું જોઈને મનોરથોમાં તણાયે જતો હશે ?

**મંત્રી શું કરે છે ? :-**

મંત્રીને અલંકારની કડી મળી. એમાં આમ તો મૂળે પરિવ્રાજકના ભારે અપરાધ છે, પણ મિત્રને એણે અલંકાર આપી સહાય કરી એ તત્ત્વ સારું દેખાય છે. સત્પુરુષો મિત્રના કાર્યમાં પ્રેમ ધરનારા હોય છે એ કામમાં ઝુકાવી ગમે તેવો ભોગ આપવો પડે તો વાંધો નહિ ! સાધુને, સાધુ-સાધ્વી મિત્ર છે. શ્રાવકને, શ્રાવક-શ્રાવિકા મિત્ર છે. અને આમ તો મહાત્મા પુરુષોને આખું જગત મિત્ર; પણ આ વિશેષ કોટિના ! મિત્રતાની સફળતા ક્યાં ? પાપની વાતમાં એકતા, ને ધર્મની વાતમાં બેચિત્ત, એમ ? ના !

મિત્ર પુરુષોમાંના માત્ર ગુણ જોવાની દૃષ્ટિ હોય છે. મિત્ર પુરુષોએ સિદ્ધ કરેલી આ ગુણ-દૃષ્ટિનો સ્વભાવ કયા પ્રકારનો ? દોષ ગમે તેવા છે, નરસું ઘણું છે, પણ તેમાં સારું શું છે ? એ જુએ. રાજાનો અલંકાર ચોરાય, બીજે આપી દે, છતાં તેમાંથી પણ મંત્રીએ સારું તત્ત્વ શોધ્યું ! કહે છે.

'તમે સુંદર કાર્ય કર્યું ! કેમ કે સત્પુરુષો હંમેશાં મિત્રના કાર્યમાં સહાયક થાય એવા પ્રેમાળ હોય છે. મિત્ર પ્રત્યે જે કર્તવ્ય બજાવ્યું તે પ્રશંસનીય છે.'

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૯,અંક-૫,તા.૮-૧૦-૧૯૬૦

**ધનકુમારનો છૂટકારો :-**

મંત્રીને બધી કડી મળી આવી એટલે વિચારણા કરે કે તો પછી પેલા પૂર્વે પકડીને કેદમાં પૂરેલા માણસો નિર્દોષ જ છે.' માટે એ ધનકુમાર વગેરેને કેદમાંથી છૂટા કરાવ્યા. પરિવ્રાજક ચોરની પ્રત્યે ખુશ થાય છે કે એણે ચોરીનો માલ છેવટે બતાવી દીધો, બધી હકીકત રજૂ કરી ! પોતાના જીવનની ગુનાભરી અવસ્થામાં નગ્નસત્ય કહી બતાવતા પરિવ્રાજક માટે મંત્રીને લાગે છે કે એણે વિવેકને અનુરૂપ કાર્ય કર્યું છે. ચોરાયેલો માલ પાછો આવ્યામાં માત્ર હર્ષ જ નથી, પણ પરિવ્રાજકના જીવનમાં માનવ તરીકેની જે વિશિષ્ટતાઓ દેખાય છે, તેની કદર કરે છે, એટલે મંત્રી કહે છે, 'ભગવન ! તમે વિવેકનું કાર્ય કર્યું છે, તમને સજા ન કરાય. જાઓ સુખેથી પધારો, ને હવેથી આપના વિવેકને છાજતું આચરણ રાખજો' પરિવ્રાજકને આમ કહી રજા આપી ! પરદેશી રાજાના કેદમાં પડેલા કે જ્યાં બચવાની કોઈ



આશા ન હોય, ત્યાંથી છૂટકારો મળે એટલે ?

કેટલો આનંદ ઊભરાય ? અને ભવિષ્ય માટે કેટલી સાવધાની, ચીવટ ને ચોકસાઈ રહે ?

**દુઃખમાં શાંતિ કેમ મળે :-**

જીવને દુઃખદ આપદામાંથી છૂટવાથી અપરંપાર આનંદ થાય છે. નરકમાંથી જીવ છૂટે ત્યારે વિચારો કે છૂટકારાનો કેવોક દમ ખેંચે ! કેટલો હર્ષ ઊભરાય ! પરંતુ અફસોસી એટલી કે ભવ પલટાતાં પૂર્વનું દુઃખ ભૂલી જાય છે, યાદ નથી આવતું કે 'મેં આવાં કારમાં દુઃખ વેઠ્યાં ! એ આજે નામશેષ થઈ ગયાં, કેવી ધન્ય ઘડી !' જો એ યાદ આવે તો હવેના ભવનાં દુઃખ વિસાતમાં ન લાગે, પોકો મૂકવાનું મન ન થાય, કલેશ-કષાયો ન જાગે. પરંતુ આ વિચિત્ર-વિલક્ષણ સંસારમાં એ ક્યાંથી બને ? જો બને તો પછી વિચિત્ર શાનો ? અપલક્ષણો શાનો કહેવાય ? ભવ પલટાની શી વાત એના એ જ ભવમાં પણ દુઃખ મટ્યું એટલે દુઃખ ભૂલી જવાય છે. નહિતર ભારે દુઃખ કે જેમાં હાયવોય થતી હતી 'જો આ મટે ને, તો પછી ભારે શાન્તિ રહે,' એમ થતું હતું, એ હવે યાદ રહે તો નાનાં દુઃખમાં પોક શાની પાડવા દે ? માટે **અશાન્તિ, પોક, ક્લેશ, કષાયોથી બચવા આ ચાવી છે કે પૂર્વનાં દુઃખ યાદ કરવાં.**

**દુઃખમાંથી છૂટવાનો લાભ :-**

ભારે દુઃખમાંથી છૂટવા પર સાવધાની આવે. એ સાવધાની ટકાવી રાખવી પડે. પણ તે દુઃખના કારમા સંતાપ યાદ રખાય તો બને. કેદમાંથી છૂટે તો શી સાવધાની રહે ? સાવધાની એ રાખવાનું મન થાય કે જ્યાં-ત્યાં ભટકવા જવું નહિ, ચોકસાઈ કર્યા વિના માલ લેવો નહિ...વગેરે વગેરે. વિચાર કરવા માટે જો હૃદય હોય, તો થાય કે હવે ભૂલે-ચૂકે ચોરી, છિનાળી, મારપીટ, શોક ને ત્રાસ આપવાનું પાપ ન કરું. પણ સાવધાની માટે વિચારવાનો અવસર જ નથી ને ? કેમ કે વિચાર માટે અસંખ્ય સમય જોઈએ ! વિચાર કરી કદાચ અમલ થઈ શકતો નથી તે જુદી વાત, પણ વિચાર હોય તો હવે આટલી હિંસા, જૂઠ-ચોરી શા માટે એમ તો થાય ને ? ભૂખે મરું તો ભલે ! મનુષ્ય જીવનમાં પાંચ-પચાસ વર્ષના આયુષ્ય મળે, ત્યાં થોડું દુઃખ સહવામાં શું મોટી વાત ? ભારે દુઃખમાંથી છૂટવાનો આ લાભ લેવાનો કે સાવધાન બની જઈ પાપોને જીવનમાંથી ઓછાં કર્યે જવાનાં.

**માનવતા ક્યાં ? હું દુઃખી, પણ બીજા દુઃખથી બચો :-**

ધનકુમાર જેલમાંથી છૂટ્યો પણ છૂટ્યા પછી કેમ ? 'ચાલ ઘેર, પણ બિચારા આ માણસોને મારી સાથે અથડાવાની શી જરૂર ?'

વિચારીને કહે છે, 'ભાઈ ! તમે તમારે પાછા જાઓ, હું મારા સ્થાને પહોંચી જઈશ.

શું થયું ? છૂટકારાનો આનંદ જોયો કે 'ત્યાં સડી મરત ! ક્યાં આ બિચારાઓને મારી સાથે કુટાવાનું ? મારા અલ્પ પુણ્યે આમને જેલમાં પુરાવું પડ્યું !' માનવતા જેને કહેવાય તે આનું નામ ! 'મારું પુણ્ય ઓછું છે તો મારા પર આપત્તિઓ આવે છે તો હું એ સહી લઈશ, પણ બીજાઓને એનો ભોગ નહિ બનાવું.' પણ પશુતા હોય તો 'આવો, હું માર ખાઉં તો તમેય ખાઓ.' આવું નહિ ? નહિ કહો તો એક દાખલો આપું. આ પૂનામાં ચાર લાખની વસ્તી છે, તેમાં કર્મ તમારા સિવાય બધાને શ્રીમંત બનાવે તો તમને શું થાય ? મનમાં કાળી લેશ્યા ઊઠે કે હું જ ગરીબ ?' એનો અર્થ તો એ જ ને કે તમારી સાથે બીજા હજારો લાખો ગરીબ હોય તો તમારે ગરીબીનો વાંધો નથી ?

કોઈના બંગલા-બગીચા જોઈને ઘણા આજે દાંત કચડે છે ! માનવતા એટલે શું ? મારા કમભાગ્યે મારા પર આપત્તિઓ આવે તો હું ભોગવીશ, પણ તેમાં બીજા શા માટે ઝીંકાય ? માટે ધન કહે છે 'ભાઈ, તમે બધા જાઓ !'

**નળરાજાએ** દમયંતીને કહી દીધું કે 'મારું તકદીર ઊઠી ગયું છે, પણ તમે તમારે પિયેર પહોંચી જાઓ !' બનાવવાની કે ટોણો મારવાની વાત નથી. દેખાયું કે મારું ભાગ્ય રૂઠ્યું છે તો બીજાને ક્યાં ઝીંકું અંદર ? તેથી કહે છે તમે તમારા પિતાને ઘેર જાઓ. હું કહું છું માટે જાઓ.' આ માનવતા !

ધને તો માનવતાથી માણસો રવાના કર્યા ! પણ એમનું ભાગ્ય જોઈએને ? રાજાને જઈને સેવકોએ હકીકત બધી કહી. ત્યાં રાજા ગુસ્સે થઈ ગયો, કહે છે, 'અરે અક્કલ વિનાના માણસો ! આવા નરરત્નને એકલો રખડતો મૂકીને આવ્યા ? જાઓ તમને આ સજા કે એને લીધા વિના શ્રાવસ્તિમાં દાખલ થતા નહિ.' એમ કહીને એમને નગરમાંથી કાઢી મૂક્યા. ધને એમને સુખી કરવા ધારેલું, પણ દુઃખમાં મુકાયા.

વૈદ્ય જાણે કે આ દવા આપી દઉં અને દરદીને રાહત થઈ જાય !' પણ ઊંધું વેતરાય છે ને ? ખાલી ગળાના કાકડા કાપતાંય જાન જતો રહે એવું બને ને ?

**આપણું ભાગ્ય રિસાયું એને મનાવનારી જગતમાં કોઈ સત્તા નથી.**

ધનકુમારે તો ઘણીય સગવડ કરી આપી હતી, પણ રાજાએ ધકેલી દીધા બહાર !

**ધન નવી આપત્તિમાં :-**

ધનકુમાર એકલો આગળ ચાલ્યો સમુદ્રના કાંઠે કાંઠે, ત્યાં વૈરાટ નામના



નગરે પહોંચ્યો. એને રોકાવું નહોતું, ત્યાંથી આગળ વધતાં પદ્માવતી નામની અટવીમાં આવીને ઊભો ! જંગલનો માર્ગ હતો પણ ત્યાં એને કેટલાક કાર્પટિકોનો સથવારો મળી ગયો. સાથે ચાલી રહ્યો છે એટલામાં એક ભાગમાંથી જંગલી હાથીનું ટોળું તોફાને ચઢ્યું, કાર્પટિકો દિશા-દિશામાં ભાગી ગયા. પણ જ્યાં ધન ભાગવા જાય છે, ત્યાં હાથીના એક બચ્ચાએ એના માર્ગમાં આવીને એને પકડ્યો, ને નીચે પાડ્યો, ને પોતે કંઈક ઠંડું પડ્યું. ભાગ્યયોગે ધનને મારી ન નાખ્યો. એમ થવામાં ભાગ્ય સિવાય બીજું શું કારણ કહી શકાય ? ધનની શાબાશી કામ લાગે એવી નથી.

હાથીનું બચ્ચું પાછું ટટ્ટાર થઈ વિચારે છે કે 'આને ઉછાળીને પછી દંતૂશળ પર ઝીલું' એમ વિચારીને પાછો ધનને સૂંઢથી પકડીને ઉપર ફેંકે છે.

ધનકુમાર એટલે ? મોટા નગરશેઠનો દીકરો ! પિતા જેને અઢળક ધન આપીને પરદેશ મોકલે છે તે ધનની કઈ સ્થિતિ આજે ? ત્યારે પ્રશ્ન થાય કે,

**પ્ર.-** આ બધાં કર્મનાં ધાડાં છૂટ્યાં ક્યાંથી ? પૂર્વના ગુણસેન આદિ ભવોમાં કંઈ એવું અજુગતું કરેલું દેખાતું નથી તો આટલા ત્રાસ શાથી ?

**ઉ.-** એ જ કહેવું પડે કે કર્મો અસંખ્ય ભવના સત્તામાં હોઈ શકે છે. એમાં કોઈને ક્યારેય પાકવાની ફુરસદ મળે છે ! ને કોઈને ક્યારેક ! કર્મ એટલે જાણે લહેરી લાલા ! રાત્રે બે વાગે ઉઠાડીને માગે કે લાવો રૂપિયા ! લહેરી લાલા એટલે વિચિત્ર મગજનો ! ન માગે તો દશ વર્ષ ન માગે, ને માગે તો ત્રીજે જ દિવસે માગે ! આ કર્મની પણ તેવી જ સ્થિતિ છે કયા જન્મનું ક્યારે ઉઘરાણું કરવા આવે તેનો કોઈ પત્તો ન લાગે. આ સમરાદિત્યના જીવને કેઈ ભવોનાં કર્મ ઉદયમાં આવે તેમાં કોઈ નવાઈ નથી ! એ બધી કર્મ અને સંસારની વિચિત્રતા ગણાય. તે સૂચવે છે કે એવાં કર્મ અને સંસારને અનુકૂળ વર્તાવ કર્યે જવા, અને એના મૂળ ઉત્થાન જ ન થાય એવા કોઈ પ્રયત્ન ન આદરવા એ વર્તમાન અને ભાવીને માટે જીવની કંગાળ, ખરાબ દુર્દશા છે. એવી કંગાળ દશામાંથી જીવને બચાવી લેવાનો એક જ માર્ગ છે ધર્મનો ! તે પણ મન, વચન ને કાયાથી.

હા, પુણ્યે આપેલી બધી જ અનુકૂળતામાં ધર્મના ઘેર પા (૦l) કલાકની હાજરીથી અને પોણા ચોવીસ કલાકની ગેરહાજરીથી નહિ ચાલે !

પા કલાક મંદિરમાં ગયા, વીતરાગ પ્રભુનાં દર્શન વંદન-પૂજન-સ્તવનમાં પ્રભુને બહુ માન્યા, એક જ સારભૂત અને શરણભૂત માન્યા, પછી બહાર આવી પોણા ચોવીસ કલાક જે ધન-કુટુંબ-વિષયોના વ્યવહારમાં પડ્યા ત્યાં પ્રભુને બદલે એ ધન વગેરે બહુ માન્યા, સારભૂત અને શરણભૂત માન્યા, એનું નામ ૨૩ા।

કલાક ધર્મમાંથી ગેરહાજરી થઈ. ધર્મ ક્યાં કહે છે 'જાઓ, તમે સંસારની કાર્યવાહીમાં પડ્યા માટે ધર્મથી દેશનિકાલ !' ધર્મ આવું કહેતો નથી, એ કહે છે કે,

'એ કાર્યવાહીમાં પણ **તમારું વલણ કેવું છે ? દિલ કોના પક્ષનું છે ? બહુ શું માને છે ?**

જો તમારું વલણ દેવાધિદેવ સદ્‌ગુરુ અને ધર્મને જ સારભૂત-શરણભૂત માનવાનું છે, જો તમારું દિલ પરમાત્માદિના પક્ષનું છે, એમને જ બહુ માને છે, તો પણ તમે ધર્મથી દેશનિકાલ નથી.

અલબત્ત જેમ જેમ તમે પાપસ્થાનકો છોડતાં આવશો તેમ તેમ તમારા ધર્મમાં હાજરી વધુ ને વધુ સંગીન બનતી જશે. ધર્મમાં વધારે ને વધારે સંગીન હાજરી એટલે ધર્મ સાથે વધુ ને વધુ તન્મયતા.'

હવે એ જોજો કે ધર્મને જ સારભૂત-શરણભૂત માનવાનું વલણ, ધર્મનો જ પક્ષપાત, ધર્મ પર જ બહુમાન, ધર્મનું જ દિલ બનાવ્યા પછી જીવનના પ્રસંગ-પ્રસંગ પર એનો પડઘો પડે છે ને ?

**સુખ-દુખના વારંવાર પલટા કેમ ?**

હાથીના બચ્ચાએ દંતૂશળમાં ઝીલવાના ઈરાદાથી નીચે પાડેલા ધનકુમારને સૂંઢથી પકડી ઊંચે ઉછાળ્યો. જુઓ કર્મની ઘટના ! **'કર્મ તારી કળા ન્યારી !'** અહીં ધનને કોણ બચાવે ? ત્યારે કર્મ પણ કેવાં વિચિત્ર છે ! ઘડીમાં મોતની આગાહી દેખાડે, ઘડીમાં આબાદ બચાવ કરી આપે. કેમ આમ ? કારણ એ કે કર્મ જેના પર ઊભાં થાય છે તે આપણા મનના ભાવ તપાસો, હમણાં સારા ભાવમાં ચઢ્યા. ને ક્ષણ વાર પછી દુર્ભાવ કરીએ છીએ ને ? દાખલા તરીકે હમણાં મનને થયું કે અમુક દુઃખીની દયા કરું. પણ પાછું કંઈક જોતાં સાંભળતાં એમ થાય છે કે 'અરે ! આવાની દયા ? આ લુચ્ચા તો ડંડાના ઘરાક છે ? શું થયું આ ? સારા દયાના ભાવમાંથી નરસા દ્વેષ-હિંસાના વિચારમાં તણાયા. હવે વિચારો, એના યોગે કર્મ કેવાં બંધાય ? પહેલાં સારાં પછી તરત જ નરસાં ને ? પરિણામ એ આવે કે જીવને એના વિપાક વખતે હમણાં સારી સ્થિતિ મળી ને પછી તરત દુર્દશા આવીને ઊભી રહે.

માટે જ આ સાવધાની રાખવાની છે કે શુભભાવ જાગ્યા પછી ચંચળ ન થઈએ. શુભભાવની સ્થિરતા કેળવવી એક મહાન સાધના છે-ધર્મ ક્રિયાઓ અને ત્યાગ, તપસ્યા કરીને આ સાધવાનું છે કે શુભ ભાવની સ્થિરતા કેળવીએ ધર્મ સાધવાનું એ પ્રત્યક્ષ ફળ છે, લેતાં આવડે તો, અને એના પ્રત્યક્ષ સુખમાં આંતરિક પ્રશમભાવના મહાન સુખનો લાભ મળે છે, જે ધનના ઢગલા અને માન મર્તબાના



મેહ કરતાં કંઈ ગુણું ઊંચું સુખ છે.

**વડના ઝાડ પર :-**

**ધનનું પુણ્ય પાછું જાગ્યું** તે આકાશમાં ઊછળતાં એના હાથમાં પાસે રહેલા વડના ઝાડની ડાળી આવી ગઈ એને એ વળગી પડ્યો પણ હજી નીચે પેલું હાથીનું બચ્ચું ગુસ્સામાં ખડું છે તેનું શું ? કંઈ નહિ, ત્યાં બીજા એક હાથીના બચ્ચાએ હાથણીને હેરાન કરવા માંડી તેથી હાથણીએ મોટી ચીસ મૂકી. એ સાંભળતાં જ આ હાથીનું બચ્ચું ધનને મૂકી તે તરફ વળ્યું. અહીં ધન ડાળના આધારે ઝાડ પર ચઢ્યો.

ઝાડ પર એક માળો હતો. એ માળામાં એક ચમત્કાર જોયો. વિધિના રંગ વિચિત્ર છે. ક્યારે શું બને એની આગાહી કરવી મુશ્કેલ છે. કહે છે તે ધરતી પાછી બોલાવતી હોય ત્યાં માણસ આઘો ભાગવા જાય પણ શી રીતે એ છોડી શકે ? એવું કોઈ કારણ ઊભું થઈ જાય કે પાછો એને ત્યાં જ જવું પડે. અહીં ધનને પણ એવું જ બને છે. નીકળ્યો છે પોતાના દેશ જવા, પણ શ્રાવસ્તિની ધરતી એને પાછી બોલાવી રહી છે.

**માળામાં રત્નમાળા :-**

બન્યું એવું કે માળામાં એણે શ્રાવસ્તિના રાજાની પંખીએ ઉપાડેલી પેલી ત્રૈલોક્યસારા નામની રત્નમાળા જોઈ ! જે ધનકુમારે પૂર્વે સમુદ્રતટેથી લીધી હતી અને જેની પાછળ એના પર વધ સુધીની સજા ફરમાવાઈ હતી, તે અહીં માળામાં દેખી ! જુઓ રત્નમાળાનો ઈતિહાસ ! રાજકુમારી એ લઈને દેશાટને ગયેલી વહાણ ભાગતાં સમુદ્રમાં પડતાં પહેલાં એને દાસીને સોંપેલી. દાસી મરી પણ પડદા સાથે માળા રહી ગઈ તે ધનકુમારને મળી. ક્રમશઃ રાજા પાસે કંઠી પાછી આવી છતાં પંખીએ અધ્ધરથી ઉપાડી ! એ હવે અહીં ભયાનક વનવગડામાં કોઈ ઝાડોમાંના એક ઝાડ પર માળામાં પડી છે. જ્યાં ગમે તે માણસના જોવામાં ભાગ્યે આવે ત્યાં એને પિછાણનાર ધનના જ જોવામાં આવી.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૯,અંક-૬,તા.૧૫-૧૦-૧૯૬૦

**જગતની વસ્તુના કોઈ મોટા ઈતિહાસ છે.**

કોણ એ બધાને આલેખી શકે ? એને મનની સામે લાવીએ ત્યારે વિરાટ વિશ્વની પ્રબળ અપરંપાર ઘટનાઓનો ખ્યાલ આવે છે. માણસની શક્તિનાં અભિમાન ત્યાં ઓસરી જાય. મનને એમ થાય કે 'અહો ! આ વિશ્વના અજબ-ગજબના અનંત બનાવો માણસની ધારણા અને પ્રયત્ન બહાર જે બની રહ્યા છે, એની

આગળ 'હું પણ કાંઈક શક્તિમાન છું 'મેં આ પરાક્રમ કર્યું.' એવા અભિમાન શાના ઉપર કરવા ? એક અતિ નાનકડા બીજ અને મેલીઘેલી ધરતી પર મોટા પાક કે ઝાડ તૈયાર થાય છે, એ કુદરતના વિજ્ઞાન આગળ માણસના વિજ્ઞાન શી વિસાતમાં ?

**માટે અભિમાન ફોગટ છે, અને હરખ-શોક પણ ફોગટ છે. કેમ કે જે સગવડ સંપત્તિની ખાતર એ કરીએ છીએ એને ઊંધું-ચત્તું કરવાની ગજબ શક્તિ-ભવિતવ્યતામાં છે.** તેમ એના કરતાં કેઈ ગુણા ગજબના પ્રસંગો ભવિતવ્યતાએ પૂર્વે સર્જ્યા છે અને વર્તમાનમાં સર્જવાનું ચાલુ છે.

**ધનને રત્નકંઠી પર વિચાર :-**

અસ્તુ. ધનકુમારે એ માળા જોઈ, ઓળખી અને ગ્રહણ કરી. કેટલું બધું પ્રામાણિક ઉપરાંત પરોપકારી હૃદય છે કે એને વિચાર આવે છે કે 'જો હું આ ઉપદ્રવમાંથી છૂટું તો પહેલાં એ પરમ ઉપકારી શ્રાવસ્તીના રાજાને આ કંઠી પાછી આપી આવું. પછી ઈચ્છા મુજબ કરીશ.' જે રત્નમાળા પૂર્વે કબૂલવા તૈયાર નહોતો એ આજે પાછી વાળવા જવું છે.

જોજો અહીંથી એ લઈને ઘરભેગો થાય, તો કોણ રોકે એમ છે ? વળી અત્યારે નાણાંની જરૂર પણ છે, પરંતુ એવો લેશ પણ ભાવ ઊઠતો નથી. કષ્ટ વેઠીને પણ માલિકને એ પાછી પહોંચાડવાનો નિર્ણય કરી લે છે. માલિક રાજાએ તો વધની સજા ફરમાવી હતી, પણ એ ભૂલીને, ભલે રાજાએ પુત્ર જીવિતની રક્ષાના બદલામાં વધ માફ કર્યો, પણ કરેલા વધ માફને એ પરમ ઉપકાર લેખે છે !

ગુણની કમાઈ, ગુણના વિકાસ કેમ થતાં હશે ? પ્રસંગે-પ્રસંગે સાવધાન રહીને સીધી પવિત્ર વિચાર-સરણી સંભવિત પરોપકાર, સેવા, વિનય, કર્તવ્યપાલન વગેરેમાં સદા સજ્જતા હોય, સત્ય-નીતિ-દયા-મૈત્રી ગુણાનુરાગ વગેરે સદા જાગતા રહે.

**ધનને માણસો રસ્તામાં મળે છે :-**

હાથીઓનું ટોળું ત્યાંથી ચાલ્યું ગયું. એટલે ઝાડ પરથી ધનકુમાર નીચે ઊતર્યો, ને ધાર્યા મુજબ શ્રાવસ્તી તરફ જવા નીકળ્યો. બીજી બાજુ એવું બને છે કે પેલા મૂકવા આવેલા અને પાછા વાળેલા પેલા માણસો અહીં ભેગા થઈ જાય છે. કેમ કે રાજાએ એમને હુકમ કરેલો કે 'ધનકુમારને લઈને જ નગરમાં પેસજો' તે બિચારા ધનને શોધવા નીકળી પડેલા તે અહીં ગામેગામ શોધતા બરાબર વિષમેલક નામના ગામમાં આ ધનકુમારને ભેગા થઈ જાય છે.

ધનકુમાર આશ્ચર્ય પામી પૂછે છે, 'અરે ! તમે અહીં ક્યાંથી ? શું હજી શ્રાવસ્તી નથી પહોંચ્યા ?'



પહેલો કહે છે, 'ના ભાઈ ના ! પહોંચ્યા તો હતા, પરંતુ તમને એકલા મૂક્યા તેનું આ ફળ પામ્યા ! મહારાજાએ ગુસ્સે થઈ કહ્યું, 'જાઓ એમને લીધા વિના પાછા શ્રાવસ્તીમાં પેસતા નહિ.' તે તમને શોધતાં ચાલ્યા છીએ હવે તમે ઠીક મળી ગયા ! પરંતુ તમેય પાછા શ્રાવસ્તી તરફ ક્યાંથી ?'

'અરે ! મારેય જંગલમાં હાથીનો ઉપદ્રવ નડ્યો. પણ જે થાય તે સારા માટે. આ કંઠી રાજાની મળી આવી.' એમ કહી હકીકત કહી.

**રાજા પાસે પાછા :-**

પછી બધા ચાલ્યા ત્યાંથી, અને ક્રમશઃ શ્રાવસ્તી પહોંચી ગયા. રાજાને મળ્યા, રાજાનું તો હૃદય આનંદના હિલોળે ચઢ્યું. ચઢે જ ને વધની સજા ફરમાવનાર, અને આ મહાનુભાવ પુત્રને જીવિત આપનાર મહા ઉપકારી અને મહાગુણિયલનાં પુનઃદર્શન થયાં છે, હરખ કેમ ન ઊભરાય ?

**દર્શને આનંદ કેમ થાય ? :-**

પરમાત્મા જો આવી રીતે જોવાય, કે આ પ્રભુ હું અવગુણી, મહાપાપી છતાં, મારા પર મહા ઉપકાર કરનારા છે, એમના પ્રભાવે આ સદ્ગતિ વગેરે પામ્યો છું, તો એમના દર્શન વખતે હૈયે આનંદનાં પૂર ચઢે ! કેવી દુર્ગતિઓમાંથી ઉદ્ધર્યો, અને વર્તમાનકાળે કોઈ એવી, દુર્ગતિમાં સબડતો હોત તો કેવાં ઘોર પાપ કરતો હોત, એમાંથી પ્રભુએ બચાવ્યો, આવું કંઈક મન પર લાવીએ તો હૈયું ગદ્ગદ થાય અને આંખ અશ્રુભીની બને. ધનકુમારે પોતાની જંગલની વીતક કહીને રાજાને કહે છે, 'દેવ ! આ રીતે મને તે દિવસે પેલા પંખેરાએ ઉપાડેલી રત્નની માળા વનમાં ઝાડ પરના માળામાંથી મળી.' એમ કહીને માળા રાજાને આપી. રાજા તો સાંભળીને દિંગ જ થઈ ગયો ! મનને થયું 'અહો કર્મ-ઉદયની વિચિત્રતા !' ધનને કહે છે.જ-

'ભદ્ર ! આ તો હવે તને જ મેં આપી; માટે મારા પ્રેમનો ભંગ ન કરીશ. અથવા ખરું કહું તો આ આખું રાજ્ય તારું ને મારું ભેગું જ છે, તો આપવું શું બાકી રહે છે ?'

**ધન દેશમાં :-**

ત્યાર પછી રાજાએ ધનને ત્યાં રોક્યો. રાજા એની કેટલી બધી સરભરા કરે છે ! એક રત્નકંઠી નેકીથી પાછી વાળવા આવ્યો, એમાં કેટલી સન્માન-સરભરા પામે છે ! પણ ધનને કાંઈ એમાં ભેંસની જેમ ચીટકી રહેવું નહોતું, તેથી કેટલાક દિવસ બાદ રાજા પાસેથી વિદાય નક્કી કરે છે. રાજાએ પણ ધનના અલૌકિક ગુણો પર ખૂબ જ આકર્ષિત બની ઓવારી ગયો હોવાથી એક મહા મોટો સાર્થ ભરી

આપ્યો. એમાં કંઈ જુદી જુદી જાતના માલની પોઠો ભરાવી દીધી ! વળી અનેક માણેક રત્નોથી જડેલું મહા કિંમતી અલંકાર આપ્યું, અને ઉચિત મોટા વેપારીનો વેશ આપી સાથે મોટો પરિવાર મોકલ્યો. સાર્થ ચાલ્યો સુશર્મનગર ભણી અને કાળક્રમે ત્યાં આવી પહોંચ્યો. નગરવાસીઓને ખબર પડી. માતાપિતાદિ વડીલોને ખબર પડી, ખૂબ રાજી થયા, અને સામે લેવા આવ્યા.

**પ્રભુના મિલને અપૂર્વ આનંદ કેવી રીતે ?**

વિચારો મિલનના આનંદ કેવાક હશે ! અનેક ભય શંકાથી વ્યાકુલ અટવી પંથ અને સમુદ્રના પ્રવાસથી પાછા વળી સ્નેહી-સંબંધીને પુનઃ મળવાનું થાય, ત્યાં આનંદની લહેરીઓ ચઢે, તો આ ભયાનક ભવસમુદ્રના દુઃખદ અપાર પ્રવાસ પછી આત્માના તરણ તારણ પરમાત્મા સદ્ગુરુ અને સંઘના મિલને એથીય કેટલી અધિક હર્ષની ઊર્મિઓ ઊછળે ? છે ને ? ના, તમને તો એમ થતું હશે કે

'પણ હવે રોજરોજ શી રીતે આનંદ ઊભરાય ?'

પરંતુ એ વિચારો કે કોઈ અનંતકાળના પરિભ્રમણ પછી આ અતિદુર્લભ યોગ મળ્યો તો એનો આનંદ આ ટૂંકાશા જીવનમાં શે ખૂટે ? અહીંય ચોવીસે કલાક તો એ યોગ રહેતો નથી, વચમાં કલાકોના ગાળા દુઃખ અને પાપના યોગના જાય છે, તો ફરી ફરી તારક દેવ-ગુરુ-સંઘના મિલન થતાં આનંદ ઊભરાય એ સહજ છે. જો એમ નથી બનતું તો સમજવું ઘટે કે પાપયોગની ભયંકરતા અને આ તારક યોગની મહાકલ્યાણકારિતાની અમાપતાની ખબર નથી, ખ્યાલ નથી આવતો તો એ લાવો, એની વારંવાર ભાવના કરો, એટલે દેવગુરુ સંઘના મિલને મિલને આનંદની છોળો ઊછળે.

**આર્યમર્યાદાઓનો લોપ :-**

ધનને માતા પિતાના દર્શને અતિ હરખ ઊભરાય છે, તરત એમના પગમાં પડી જઈ નમસ્કાર કરે છે, આર્ય દેશનો આ વિવેકભર્યો વ્યવહાર છે, માતાપિતા અને ગુરુનાં મિલન થતાં ચરણે પડી માથું ઝુકાવી દેવાનો ! આમ કરવામાં જો શરમ નડે છે, તો એ અકડાઈ-અતડાઈના ખેલ છે. મહા ઉપકારીના ચરણે પડવામાં શરમ શી ? અક્કડતા શાની હોય જ ? અફસોસ આટલો છે કે ધીમે ધીમે પવિત્ર આર્યમર્યાદાઓ લોપાતી ચાલી છે ! એથી શરમ સંકોચ તો શું પણ મર્યાદા ભૂલવામાં કાંઈ ખોટું થઈ રહ્યું છે એમેય લાગતું નથી ! પરંતુ જેને આત્માનાં ઉત્થાન કરવાં છે, એણે તો એ મર્યાદાઓના પુનર્જીવન કર્યે જ છૂટકો છે.

ધનના ચરણે પડ્યા પછી માતાપિતા પરત આવી ગયા બદલ ધનને અભિનંદન આપે છે. બાદ, ત્યાં સર્વ મંદિરોમાં પૂજા કરાવવામાં આવે છે તે



મહાદાન દેવાનું કરાય છે. આનંદના પ્રસંગે દેવપૂજા અને ગરીબોને મહાદાન દઈ દિલ ઠારવાનું પહેલું. એથી વાતાવરણ સુરમ્ય બની જાય છે. હવે રાજા પણ જાણે છે કે મારા નગરનો મહાન સાર્થવાહ દેશાટનેથી આવે છે, તેથી એ મોટા સન્માનપૂર્વક સામૈયું કરાવે છે, અને એ રીતે મહાવૈભવી સ્વાગતથી ધનકુમાર નગરમાં પ્રવેશ કરે છે.

સૌ ઘરે આવી પહોંચતાં માતાપિતા પુત્ર-આગમનનું વધામણું કરે છે, તે મહાન ઉત્સવપૂર્વક દબદબાથી ! શું કરવાનું એમાં ? બીજાને દેવાનું, ખવરાવવાનું વાજિંત્રનાદ વગેરેથી ખુશી કરવાનું. બસ, આજ વાત છે કે પરને આનંદ આપો, પરનું ભલું કરો એ જ જીવનનો સાર છે. માટે જ અવસરે-અવસરે દુનિયાદારીમાં પણ એ કરવું પડે છે, કરો છો. વિવાહ ચાંલ્લા, લગ્ન, સાલગીરી, વગેરે કોઈ પ્રસંગોમાં બીજાને આનંદ આપવાનું, જમાડવા કરવાનું કરાય છે, જાતે ખાઈને પેટ પર હાથ ફેરવી બેસી રહેવાનું નહિ ! સ્વાર્થના નાચ નાચવાનું નહિ ! એ સૂચવે છે કે જીવનની શોભા પરને આનંદ દેવામાં, પરનું ભલું કરવામાં, પરનું કરી છૂટવામાં છે. તો કદીય જાતનું કરીને, જાતનું ભરીને, જાતનું સમાલીને ખુશી થતાં નહિ, સંતોષ માનતા નહિ, કરવાનું પતી ગયું સમજતા નહિ.

**શું ક્યારે બોલાય એ શીખો :-**

હવે અહીં જુઓ કે નગરની બહાર માતાપિતાએ ધનને જોયો, પણ એની પત્ની ધનશ્રીને જોઈ નહિ. એટલે સહેજે મનને વિમાસણ થાય કે પુત્રવધૂ ક્યાં ? પરંતુ ઔચિત્યને સમજનારા એ બધાની વચમાં ત્યાં ધનને પૂછતા નથી કે એ ક્યાં છે ? એનાં બે કારણ છે, એક તો ધન હજી પરદેશથી આવી પહેલો મળે છે, મળતાં આનંદભર્યો છે, ત્યાં વળી કાંક આવું પૂછતાં કોને ખબર કદાચ એને દુઃખ થાય તો ? બીજું એ છે કે બધાની વચમાં પૂછતાં અને એમાંથી ઈદંતૃતીયં નીકળતાં લોકોમાં ફજેતો ઊભો થવાનો પણ સંભવ છે. શું ક્યારે પૂછવું એ શીખવા જેવું છે, મોંમાંથી ઉદ્ગાર કાઢતાં પહેલાં બહુ વિચારવા જેવું છે; નહિતર આપણો કે સામાનો ફજેતો થાય, રંગમાં ભંગ પડે, સામાના કે બીજાના દિલમાં વસવસો કે વિખવાદ એવો ઊભો થાય કે એના પર ઠેઠ જીવનભરના વિરોધ સુધીના અનર્થ ઊભા થાય ! અથવા એવા બીજા કોઈ નુકસાન જન્મે !

ધન શાણો છે, એના મનમાં પત્નીએ કરેલા જીવલેણ કારસ્તાનના કોઈ ઉદ્વેગના ઉછાળા નથી કે જેથી અહીં નગર બહાર તો શું, પણ ઘરે ગયા પછીય એના ઊભરા કાઢવાનો વિચાર સરખો આવે. જોજો ગંભીરતા ઉદારતા અને મનની સ્વચ્છતા !

**આપમેળે બીજાનું હલકું ગાતાં કે યાદ કરતાંય ફરવું નથી એ ગંભીરતા.**

**પોતાના ઉપર વરસાવેલું માફ કરવું છે એ ઉદારતા,**

**આપત્તિઓ વરસી જાય છતાં મન જરાય વ્યાકુળ નહિ, પણ ઠંડુંગાર રાખવું છે એ સ્વસ્થતા.**

ધનના માતાપિતા ય ડાહ્યા છે, તે નગરની બહાર લોકની વચમાં પુત્રવધૂનું કાંઈ પૂછતાં નથી. ઘરે પણ વધામણાં-ઉત્સવ વગેરે પતી જવા દે છે, પછી એકાંતમાં ધનને પૂછે છે, 'ધનશ્રી ક્યાં ?'

માતાપિતાની આગળ બીજા લોચા વાળવાનું ન કરતાં ધનકુમારે બનેલી હકીકત કહી. એ સાંભળતાં જ એ ચકિત થઈ ગયા. કહે છે,

'વત્સ ! ખેર, હવે સર્યું એનાથી. તારા માટે એવા પાપ કર્મ કરનારી સ્ત્રી યોગ્ય જ નહિ. કલ્પવૃક્ષ સાથે શું કછવેલ શોભે ? નહિ જ. તેથી હવે તારા માટે સમાન રૂપ, કુળ, વૈભવ અને સ્વભાવવાળી કન્યા શોધીશું. માટે તારે કોઈ વાતનો સંતાપ ન કરવો. ચંદ્ર કંઈ જ્યોત્સના વિનાનો થોડો જ રહે ?'

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૯,અંક-૭,તા.૨૨-૧૦-૧૯૬૦

માતાપિતા જે કક્ષામાં ઊભાં છે તે મુજબનું આશ્વાસન પુત્રને આપે છે. પરંતુ પુત્રની કક્ષા ઊંચી છે. પૂર્વભવોથી એણે સાધનાનો, આત્માના ઉત્થાનનો કોર્સ શરૂ કર્યો છે. એ હવે આવા આશ્વાસનમાં શી રીતે રીઝે ? એ કહે છે,

'એમાં સંતાપને અવસર જ શો છે ? ખરે જ સંસારનો સ્વભાવ જ એવો છે.'

**તાપ પડે એટલે શું તપવું જ જોઈએ ?**

માતાપિતાને સારું લગાડવા નથી કહેતો, પરંતુ આપણે જોઈ આવ્યા છીએ કે મહાભયંકર આફતોમાં પણ એણે સંતાપ કર્યો નથી. એટલે સમજાય છે કે એનો સ્વભાવ જ સંતાપ નહિ, શાન્તિ રાખવાનો છે; વ્યાકુળ નહિ, સ્વસ્થ રહેવાનો છે. એવું થોડું જ છે કે તાપ પડે એટલે તપવું જ જોઈએ ? કુદરતમાં જોશો તો દેખાશે કે સૂર્યના તાપ પડવા છતાં બધા સરખી રીતે નથી તપતા, કોઈ કોઈ તો બિલકુલ તપતા નથી. આપત્તિ આવે તો તપવું શા માટે ? સંતાપ શા સારું ? કર્મને કહી ન દઈએ 'કે આવો, તમારું ઋણ ચૂકવવા તૈયાર છું.'

**હસવું-રોવું કેમ ન થાય ? :-**

ધનકુમાર સમજીને કહે છે કે 'સંતાપ કરવાને કોઈ કારણ જ નથી, કેમ કે સંસારનો સ્વભાવ જ એવો છે.' કેવો ? જેમાં આવી તો શું પણ આથી ય



મહાવિલક્ષણ બેહૂદી ઘટનાઓ બને. શું સંસારના કોઈ કાળના ઈતિહાસમાં એ શોધ્યું જડે એવું છે કે જ્યારે અઘટિત ન બન્યું હોય, અજુગતું ન થયું હોય ? વિશ્વાસના ઘાત, ધાર્યાના પ્રતિબંધ, અણધાર્યાના આક્રમણ, સ્નેહીના દુશ્મનાવટ, ઉપકૃતના અપકાર, આશાના ભંગ,...આવાં આવાં તો કેઈ નાટક સંસારના સ્વભાવમાં છે. એવા વિચિત્ર સંસાર સ્વભાવને અહર્નિશ મન પર નથી રાખતા માટે જરાક જરાકમાં હરખો છો, અને જરાક જરાકમાં રુઓ છો.

**હરખવાનું શું, કે જ્યાં મળેલું મનગમતું, સંસારના સ્વભાવે વિણસવાનું છે ?**

**તેમ, રોવાનું શું જ્યાં એ ધોખાબાજ સંસાર-સ્વભાવે જ જો બન્યું છે ?**

વિષ્ઠા એના સ્વભાવે જ દુર્ગંધ આપનારી છે તો ત્યાં કોણ રોવા બેસે છે ? એમ સંસાર એના સ્વભાવે આપત્તિની દુર્ગંધ ફેલાવે છે તો એમાં રોવાનું શું ? અડિયલ છોકરો નિસરણીમાં ધમાધમ કરતો પડે, તો એને રોવું નથી આવતું; કેમ કે સમજે છે કે નિસરણીનો સ્વભાવ જ એવો છે કે બિનસાવધાનને પાડે, અડિયલતાનો સ્વભાવ જ એવો છે કે નુકસાનીમાં ઉતારે; એમાં રોવાનું શું ? બસ, એ જ રીતે **આપણે અડિયલ થઈ સંસારને વળગી રહીએ, પછી એ એનો સ્વભાવ જ બજાવે ! આપણાં હાડકાં ખોખરાં કરે એમાં રોવાનું શું ? એમાં હૈયાં શાં બાળવાં'તાં ?**

**આપત્તિમાં સારા સંકેતો :-**

ઊલટું, જોતાં આવડે તો દેખાય કે આ કષ્ટ, આપત્તિ, અણગમતું બનવા પાછળ પણ કોઈ સારો સંકેત હશે ! વધુ સાહસ અટકાવવાને સંકેત હોય; મળેલાના ગુમાન ઉતારવાનો સંકેત હાઈ શકે; વિષયાંધતા ફાલતી-ફુલાતી દાબવાનો આશય હોય; પરલોકનાં દુઃખનો અહીંથી અભ્યાસ પાડવાનો ગુપ્તભેદ હોય; બીજું સારું પમાડવાનો સંકેત હોય ! હોય કે નહિ ? દુઃખમાં ધર્મ યાદ કરો છો એ શું છે ? સારું પામવાનો પ્રસંગ જ ને ? **પણ તમે તો એક જ જડ વૈભવના કાટલે જ માપવાનું શીખ્યા છો, તેથી આવો આવો કોઈ સારો સંકેત હૈયે સ્ફૂરતો નથી.** નહિતર દા.ત. પાળી-પોષીને મોટો કરેલો છોકરો ઉદ્ધત થાય, જુદો થાય એમાં રોવું શાનું આવે ? દુઃખી શાના બનવાનું હોય જ ? ત્યાં એમ થાય કે 'જો આ છોકરો મારો પાકો સેવક થઈને રહેત તો તો હું અભિમાન, રાગ, મમતાના છાપરે ચઢી બેસત ! એથી હું બચ્યો, તો રોઉં શા માટે ?'

ધનને પત્નીએ દરિયામાં ધકેલ્યો હતો છતાં એને સંતાપ નથી. સંસારમાં આવું જ બને. એમાં કોઈ નવાઈ નહિ. નવાઈ તો સંસાર અને સારું બને એમાં. માતા પિતાને કહી દે છે 'આમાં શાનો સંતાપ ? સંસારનો સ્વભાવ જ એવો છે.'

**મહાપુરુષતાની કદર :-**

માતાપિતા કહે છે, સારું, સારું સમજે છે, ખરેખર તું મહાન આત્મા છે. તેથી તને વળી શું બીજું કહેવાનું હોય ?' પુત્રની મહાપુરુષતાની કદર કરે છે, પણ એને એમ ખોટો ઢીલો નથી કરતા કે 'ભાઈ ! સંતાપ કેમ ન થાય ? આટલું ભયંકર બને તો તો જરૂર હૈયું શેકાય.' ના, **ઉત્તમ જીવના ગુણની કદરના મહાન અવસર વખતે એ ગુમાવી અધમ કુળના કરી શકે એવા શોક પોષક સવાસલાં** જો કરાય, તો ઊંચા કુળ વગેરે પામ્યાની શી વડાઈ ? તેમ એ ગુણની કદર કરવાના અવસર ગુમાવ્યા, પછી ફરી અવસર ક્યાં મળવાના ?

**માણસ લોક સંજ્ઞાથી પણ એવો પીડાય છે** કે એને આવા ગુણાનુમોદન વગેરેના પ્રસંગે પણ એ નથી આવડતું અને સામાને સારું લગાડવા શોકવર્ધક, મોહવર્ધક ચેષ્ટા કરતાં આવડે છે. વિચાર કરવા જેવો છે કે ખોટાં સવાસલાં તો બહુ કર્યાં, કરતે કરતે કેઈ માનવભવ જેવા ઉચ્ચ ભવ પણ ગુમાવી નાખ્યા પણ એમાં સ્વ અને પરના આત્માનું શું કલ્યાણ થયું ? તમને કોઈ કહેતો આવ્યો કે 'મારી છોકરીને સારું શ્રીમંત ઘર મળી ગયું,' અને તમે કહો કે 'એમ ? સારું થયું ચાલો છોકરી સારી સુખી થશે' આમ કહો એમાં સામાનું અને તમારું શું ભલું કર્યું તમે કહેશો.

પણ વ્યવહાર તો સાચવવો જોઈએ ને ?

તે ઝેરી વ્યવહાર સાચવવાનો ? બીજો અમૃતમય વ્યવહાર નથી ? શું એમ ન કહેવાય કે 'પણ ભાઈ, મુરતિયો ગુણિયલ છે ને ? ધર્મની શ્રદ્ધાવાળો છે ને ? કેમ કે આજે એના બહુ વાંધા દેખાય છે, અને તેથી કેટલાય ક્લેશ ઊભા થાય છે !' શું આવું ન કહી શકાય ?

અથવા કોઈ એમ જ કહેતું આવ્યું કે 'છોકરી સારું ઘર જાણી પરણાવી હતી પરંતુ દુઃખમાં પડી છતાં ખાનદાન એટલે જરાય અવિનય કે સંતાપ કર્યા વિના ચલાવી લે છે,' આવું કહેતો આવે એને શું કહેવાનો વ્યવહાર સાચવવાનો ? શું એમ કહેવાનું કે અરે ભાઈ એમ તે શાન્તિ શી રખાય ? એવા ડાંડના વળી વિનય શાના કરવાના ? આવા વ્યવહાર સાચવવા એ અમૃત વ્યવહાર છે કે ઝેરી ? અમૃત વ્યવહાર તો એ, કે જો કહેવાય કે 'ખરું, ખરું, વિનય અને શાન્તિની જ બલિહારી છે. છોકરીનો જીવ ઉત્તમ અને તમારી કેળવણી સારી કે આવા કપરા સંયોગમાં પણ એ માનવતાને અજવાળે એવા પાયાના ગુણ વિનયને સચવાય, સુખના સાચા સાધનભૂત માનસિક અને બાહ્ય શાન્તિને જળવાય.' શું આવું કહો તો વ્યવહાર બગડી ગયો ? કે ઊલટું શુદ્ધ વ્યવહાર થયો ?



**ગુણની કદર :-**

બસ, અસલમાં વાત આ છે કે નરસું તો આ જગતમાં ઠામ ઠામ ચાલી રહ્યું છે, સારું ક્યાંક જોવા મળે છે. એ જોવા મળે અને આપણે એની કદર કરીએ, પણ એની ઉપેક્ષા ન કરીએ, સાચા હૃદયના ધર્મી બનવું હોય, આત્માને ખરો ધર્માત્મા બતાવવો હોય તો આ જોઈએ કે ગુણની કદર કરવાની, શોક સંતાપાદિક આંતરશત્રુને દબાવવાના, ધર્મ-પરાક્રમની પ્રશંસા ગાવાની, પછી સામો નાનો પણ હોય તોય એને મહાનુભાવ-મહાત્મા માનવાનો. ઉચિત અવસરે એને એ રીતે સંબોધી એનો ઉત્સાહ વધારવાનો.

ત્યાર પછી જે ધનદેવની પૂજા પ્રાર્થના પછી ધનનો જન્મ થયો હતો, એનો પૂજા મહિમા કરે છે, અને અર્થીજનોને દાન દે છે, પુણ્યના ઉદયે આપેલા ધનનો ઉપયોગ અદ્‌ભુત દાન-પરોપકારમાં કરવાનો. આત્મામાંથી જ્યારે ઘણા-ઘણા પ્રકારે પાપ ઓછાં થયાં હોય ત્યારે આ બુદ્ધિ સૂઝે છે, પોતાની માલિકીની સારા પ્રમાણમાં ઉપાર્જેલી લક્ષ્મીને બીજાના ભલા માટે ખર્ચવી એ મોહના પાપનો ભાર ઉતાર્યા પછી અને ઉત્તમતા જાગ્યા પછી જ સંભવિત છે. આમ એક સુંદર કાર્ય તો પરોપકારનું થયું. હવે બીજું વિશેષ સુંદર કાર્ય આજે જ બને છે. શી રીતે ?

**ધનને મુનિદર્શન :-**

ધનકુમાર જમ્યા પછી ઉદ્યાનમાં જાય છે. ત્યાં ચમત્કારિક વસ્તુ જોવા મળે છે. અશોક વૃક્ષના હેઠળ યશોધર નામના શ્રમણસિંહ બિરાજમાન છે. તે કેવા છે ? મુનિઓમાં સિંહસમા ! શાથી સિંહ સમા ? મુનિપણાના પરાક્રમથી ! એમનું સુંદરસ્વરૂપ બતાવે છે. આમ તો એ કોશલ દેશના વિજયધર રાજાના પુત્ર હતા. રાજપુત્ર એટલે સમૃદ્ધિ-વૈભવમાં કમીના ન હોય, માનપાન-લાલનપાલન ગળચટાં મળતાં હોય, ભાઈ-ભાઈને અછો-અછો થતું હોય છતાં એ બધું અકારું લાગ્યું. કેમ એની મોટી કથા છે, એ જાણો પછી લાગશે કે આમ થાય એ બરાબર છે. નાની ઉંમરમાં જ તેઓ ત્યાગ કરી દીક્ષા લઈ મુનિ બન્યા હતા. મુનિ બન્યા પછી સાધનામાં એટલા બધા ઓતપ્રોત બની ગયા હતા કે એનામાં દર્શન કરતાં દેખાય કે જાણે મૂર્તિમંત સાધનાનું દર્શન કરી રહ્યા છીએ ! મુનિ સાધનામય બની ગયા છે ! તે શી સાધનાઓ છે મુનિપણાની ? ઈર્યાસમિતિ વગેરે પાંચ સમિતિ, એના એ તીવ્ર ઉપયોગવાળા છે. મન, વચન ને કાયાની ગુપ્તિથી ગુપ્ત છે. માનસિક વિચારણા સૌમ્ય છે એ જોઈ ન શકીએ પણ મુદ્રા અનુમાન કરાવે. જ્યારે જોઈએ ત્યારે કલ્પી શકીએ કે એમના વિચારમાં પણ એટલી સૌમ્યતા ચાલતી હશે !

**આંતરિક વિચારમાં જેને સૌમ્યતા વરેલી નથી તે મોઢું બનાવટથી સૌમ્ય**

**રાખે, પણ એ સૌમ્યતા ઝાઝી ટકતી નથી.**

કલાકની વચ્ચે એક મિનિટ પણ કોઈ આવશે કે આંતરિક સૌમ્યતાનું મુખ પર પ્રદર્શન થઈ જવાનું ! આ મહાત્મા તો ચોવીસે કલાક મનગુપ્તિના સાધક છે. મનને ગોપવનારા છે. અશુભ વૃત્તિમાંથી બચાવી એને ઉગ્રતા, ઉકળાટ, ઉન્માદ ઉછાંછળાપણાની અસૌમ્યતામાં જવા દેતા નથી, સદા સૌમ્ય રહે છે. હંમેશાં પ્રસન્ન મુદ્રાવાળા દેખાય છે.

તમારાથી બને ? તમે કહેશો શું કરીએ ? અમે તો સંસારી, તે અમે શું વધારે કરી શકીએ ? પણ એ કર્તવ્ય ધર્મમાંથી છૂટકબારો મેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે; અથવા આ સમજની ખામી છે કે ધર્મ કરવો છે તારે ? તારા સંસારની બજવણી કરવા સાથેય આ ધર્મ થઈ શકે છે, એ ધર્મ છે કે વિચારણામાં સૌમ્યતા રાખ !

'કદી પણ મારી વિચારણામાં અસૌમ્યતા, ઉકળાટ, હલકાપણું, ઉન્માદ, ને ઉછાંછળાપણું ન આવવા દઉં ! આ નિર્ધાર જોઈએ, તમન્ના જોઈએ, અવસરે સામાને કડક શબ્દ કહેવાયો હોય છતાં વિચારણા પર સૌમ્યતાનો કાબૂ રાખીને કહો ! અંદરથી સમજવાનું 'કે આપણે એને દબાવવાનો છે જ નહિ ! કર્મ મોહ, કાળ, સંયોગો અનાડીઓ, શેઠ, રાજા વગેરેના આપણે ક્યાં ઓછા દબાયેલા છીએ ? કહેવા પડે એવા શબ્દ તો પણ અંદરથી કલેજુ ઠંડું રહે. રહી શકે ? હા, બે માણસો બેઠાં છે, મિત્ર છે, ત્રીજાને ચકાસવાની વાતો કરે છે, એમાં ત્રીજો બહારથી આવ્યો. પેલા બંનેએ સંતલસ કરી છે, કે 'આજે આને ઠીક ઠીક દબડાવો, જોઈએ શું કરે છે એ ?' છે ને કૌતુક ? ખબર નથી કે આવા કુતૂહલ મશ્કરી વગેરેમાં બગડ્યું તો ? ખેર ! સંતલસ મુજબ પેલાને આ બંને ઊધડો લે છે ! પણ અંદરથી પૂરી ઠંડક છે. જેવી રીતે સામાનું પારખું કરવા હૃદયમાં તે ભાવ ન હોય છતાં વર્તનમાં તેવો ભાવ બતાવવામાં આવે છે. એમ અહીં હૈયે પૂરી સૌમ્યતા જાળવીને જ બહાર જરૂરી કડવો શબ્દ કાઢવાનો છે. સમકિતી દેવતા પણ પરીક્ષા કરે છે સાધકોની. પણ મિથ્યાત્વી દેવની પરીક્ષા અને સમકિતીની પરીક્ષામાં ફેર હોય છે. મિથ્યાત્વી દેવ પરીક્ષા કરે ત્યારે હૃદયમાં સામાને પાડવાના ભાવ છે, પણ સમકિતીનો અંદરથી આવો ભાવ નહિ !

એનો અર્થ એ છે કે હૃદયમાં સૌમ્યતાનો ભાવ હોય, કડકાઈ ન હોય, છતાં કડકાઈ બહારથી દેખાડો એમાં અંદરની સૌમ્યતા જાળવી શકાય. આપણે અનિવાર્ય સઘળા પ્રસંગોમાં બહારથી ઉગ્રતા છતાં સૌમ્યતા રાખવાની છે. સંસારના તે-તે પ્રસંગમાં હૃદય સલામત રાખીને જ બહાર કડકાઈ બતાવવી પડે તો બતાવવાની.



આંતરિક વિચારણામાં જો સૌમ્યતા કેળવાય, ઉકળાટ અટકાવી શકાય, ઉછાંછળાપણું દાબી શકાય, પછી એ અભ્યાસ ચાલુ થયા પછી તો આપણે દેવના દૂત, સંત બની જઈએ ! આમાં કાંઈ રાતી પાઈનો ખર્ચ છે ? ના લાભ કેટલો છે ? વિચારણામાં સૌમ્યતા કેળવી એટલે મામૂલી પ્રસંગોમાં ઊંચા-નીચા થવાનું રહે નહીં. જીવને ઉકળાટ કેમ થાય છે ? માને છે પ્રતિકાર ન કરીએ તો બધું બગડી જાય. આ અજ્ઞાનતા છે ! તારા પ્રતિકારથી જ બધું સુધરે તેમ સમજ મા, જો લલાટ તારું સલામત છે તો પછી તારે મામૂલી વાતમાં ઊંચા-નીચા થવાની જરૂર નથી ! સૌમ્યતામાં ઉકળાટાદિ ન જોઈએ. ઉકળાટ રોષનો હોય, ઉકળાટ અક્કડતાનો; પ્રપંચ, કપટનો અને તૃષ્ણાનો પણ હોય ! સૌમ્યતા જોઈતી હોય તો આ ઉકળાટ શમાવવા જોઈએ. રોષ-રોફ ઘમંડ કાંઈ નહિ. 'મારે આ સૌમ્યતા જોઈએ, આના વિના ન ચાલે. બધો ઉકળાટ વિચારણામાં લાવવાની જરૂર નહિ !

**નશીબની ગાડીમાં બેઠા છીએ. એ ગાડી આપણા કહ્યા મુજબ ચાલે તેમ નથી, પણ તે ચાલે તેમ આપણે વર્તવું પડવાનું છે** 'માટે કોઈ ઉકળાટ શા સારું કરું ? ઉકળાટથી કાંઈ એ ગાડી ફરે એવી નથી, એને ફેરવવા કરતાં હું જ ફરી બેસું, અર્થાત્ પુણ્યના ઉદયમાં વૈભવી જીવન રાખ્યું હતું હવે કર્મ ફર્યાં તો સાદું જીવન જીવું' આ વિચારો.

હવે તદ્દન સાદું જીવન બનાવી એમાં પણ પહેલાં જેટલી મસ્તી અનુભવવાની. સંયોગોને ફેરવવા મથવું એના કરતાં આપણે એને અનુકૂળ થવું એમાં ડહાપણ છે એ માટે ઉકળાટ મિટાવો. એમ,

ઉન્માદ ન જોઈએ. ઉન્માદ શું ? ઇન્દ્રિયોના રળિયામણા વિષયો દેખી ઘેલછા થવી અને અણગમતા વિષયો દેખી તેના તરફ ઉદ્વેગ થવો તે ઉન્માદ ! વળી ભારે ઉન્માદ નિરાશામાં ! વિચારણાને મલિન કરનાર પણ તે છે. ઉકળાટ, ઉન્માદ ને ઉછાંછળાપણું. આ ત્રિપુટી આપણી આંતરિક વિચારણામાં સૌમ્યતા નથી રહેવા દેતી. આ બહુ સમજવા જેવું છે. માત્ર ગુસ્સો ન કરીએ એટલી જ સૌમ્યતા નહિ, પણ સાથે ઈષ્ટાનિષ્ટ વિષયોમાં ઉન્માદ ઉદ્વેગ ન હોય એ જરૂરી છે. ઉછાંછળાપણાને બદલે ગંભીરતા હોય એ પણ જરૂરી છે. તો સંગીન સૌમ્યતા આવે.

આ સૌમ્યતા ન હોય તો વિચારણા બહુ જ ગંદી, સત્ત્વહીન, તામસી અને ભયંકર અપાયોને સર્જનારી બને છે. ઉકળાટ આ કામ કરે છે, રોષ ને રોફ ! 'આ જોઈએ, ને તે જોઈએ !' 'ફલાણો શાનો દાબી જાય ?' આ માનસિક વલોપાત રહે છે ! આપણી વિચારણામાં સૌમ્યતા રાખવા ઉન્માદ ને ઓછો કરવો જોઈએ, નહિતર જો ઉન્માદ ચાલુ છે તો સૌમ્યતા બનાવટી બને છે. મુદ્રા ને વાણી વિચારમાં

અસૌમ્યતા આવતાં વાર નહીં લાગે ! માટે વિચારસરણીમાં ઉન્માદનો એક પણ ડાઘો ન લાગવા દઉં, આ નિર્ધાર રાખી એ પ્રમાણે પુરુષાર્થ કરો.

નશીબની ગાડીમાં બેઠો છું તે કોઈ ખાડામાં પણ ચાલે અને ટેકરા પર પણ ચઢે ! ગમતા વિષયો આવ્યા કે અણગમતા, પણ આપણે સીધા ચાલો ! ઠીક છે બધું ! સારું હોય તો હોંશના ઊભરા નહિ, નરસું હોય તો દીનતાના ધુમાડા નહિ ! જે છે તે બધું બરાબર સારું છે.

**'સારું બરાબર' એટલે કે સમાધિ અને ધર્મસાધનામાં ઉપયોગી થાય.**

**નરસું છે તે ઠીક છે, એટલે કે પાપ ઓછાં થશે.** મન સ્વસ્થ કેવુંક હોય ! નશીબની ગાડી એના ધોરણે જ ચાલવાની ! એમાં આપણી વિશેષતા એ, કે 'તું ગમે તે રસ્તે ચલાવ, મારે બધું જ ઠીક છે.' આજે આત્મસંતોષ, હૃદયનો ઉદાસીન ભાવ, એના ઘરનું જોઈએ 'બધું ઠીક છે બરાબર' ઉન્માદને ટાળવા આવૃત્તિ કરવી જોઈએ કે જેમ મનગમતામાં હોંશ, ધગશ, કે મહાન આશાઓ નહિ તેમ અણગમતામાં ઉદ્વેગ, શોક, યા નિરાશા નહિ.

એક અસૌમ્યતા એવા પ્રકારની છે કે એમાં દેખીતી સ્વસ્થતા જેવું ભાસે, પણ હોય અસ્વસ્થતા. એ છે હઠાગ્રહ, દુરાગ્રહ પોતાની અસત્ તત્ત્વની પકડમાં એ સ્થિર રાખે છે લાગે છે સ્થિરતા જેવું, 'મને જે લાગે છે તે બરાબર છે ! હું જે માનું છું તે બરાબર !' પણ હોય મિથ્યાત્વની પકડ, એ હઠાગ્રહની પકડ કહેવાય, આ છે ત્યાં સૌમ્યતા નથી ! પછી દેખીતી સૌમ્યતા પણ રાફડા નીચે છુપાયેલા સર્પ જેવી છે ! રાખોડા નીચે છુપાયેલા અગ્નિ સમાન છે ! મિથ્યાત્વની સૌમ્યતા સર્પ જેવી સૌમ્યતા ! આંગળી લગાડે કે ડંખ મારે ! ડંસીલી સૌમ્યતા એ પણ અસૌમ્યતા છે. આને ઉન્માદ કહી શકાય. અગર ત્યાં ગંભીરતા નથી માટે ઉછાંછળાપણું કહી શકાય. ત્રીજી ઉછાંછળાપણાની અસૌમ્યતામાં હૃદયની ગંભીરતા, ધીરતા કે પરિણત દશા નહિ ! ઉછાંછળો એટલે ઉપલકિયો વિચાર કરે, ટૂંકો વિચાર કરે, મિનિટ પણ થોભ્યા વિના તરત ઊછળી પડવાની વાત ! અસૌમ્યને વિચારણામાં ઉકળાટ-ઉન્માદને ઉછાંછળાપણું લહેરાવા માંડે છે, સૌમ્યતા માટે આ ત્રણેને દાબવા પડે. પ્રસંગ કાંક બન્યો જોયો કે સાંભળ્યો ત્યાં તરત તોલ નહિ બાંધવાનો, સૌમ્યતા જાળવીએ તો અહીં ધીર વિચાર થાય.

ઉતાવળે અભિપ્રાય બાંધી દેવામાં ઉતાવળથી લાગણી ઊછળવા દેવામાં અને ઝટપટ બોલી નાખવામાં ઉછાંછળાપણું થાય છે. ઉછાંછળાપણામાં માણસ પાર વિનાનાં નુકસાન કરી નાખે છે. વગર વિચાર્યે ધંધો-સોદો લગાવી દીધો, સવાયું-દોઢું વેતરી લીધું ! આમાં બસ જરાક આગળ જાય કે પસ્તાય ! પછી બીજો કોઈ



રસ્તો જ નથી રહેતો. પાંચ મિનિટની ભૂલ પાછળ પાંચ માસ નહિ, પણ પાંચ પાંચ વર્ષ સુધી હૈયું બાળ્યા કરશે ! હૃદયની ગંભીરતા-વિશાળતા-નિપુણતા નહોતી શું કરે ?

ઉકળાટ, ઉન્માદ ને ઉછાંછળાપણું તે વિચારસરણીને ઉકરડો બનાવનાર છે ! એ ત્રણેને ટાળીએ તો સંગીન સૌમ્યતા આવે, અને વિચારસરણી બગીચા જેવી બને ! **બગીચો એટલે** આરામ ! તે આત્માને અનહદ આરામ આપે ! બસ, આ ધંધો રાખવાનો, આ ગુણોને જીવનમાં ગોઠવવાના ને પ્રવૃત્તિએ પ્રવૃત્તિએ એનો ઉપયોગ કરવાનો ! વિચારણામાં દેખાયું કે પોલિસીથી વર્તીએ તો સારું ! આ માયાનો ઉકળાટ ! સામે હજુ બે વાક્યો બોલ્યો છે, ને જવાબ આપી દઉં એમ થયું, ત્યાં ઉછાંછળાપણું છે. સૌમ્યતા કેળવી હોય, કેળવવી હોય તો અહીં ખમવાની, થોભવાની જરૂર છે. ખોટા હિસાબ પડતા મૂકવા જોઈએ. મનને થશે કે એમ ઠંડક રાખીએ તો આમાં મોઢું જ બંધ થઈ જાય, ને કહેવાનું રહી જાય !' બસ એ કહેવાનું રહી જાય એ જે વિચારણા આવે છે તે ઉછાંછળાપણું છે.

**કહેવાનું રહી જાય તે મોટું નુકસાન નથી, પણ અનવસરનું કહી નાખવામાં નુકસાન અપરંપાર થશે !** બાજી ખલાસ ! શેઠ ને નોકર, સાસુ ને વહુ, બાપ ને દીકરો, બહુ બોલવાની ઉતાવળ ન કરે તો દેવના સંબંધ બાંધે ! ને જે બોલવાને ઉતાવળિયા બની જાય છે તે દેવને બદલે દાનવ જેવા લાગે છે. આજે કોઈ બાપ-દીકરાના, સાસુ-વહુના, ગુરુ-શિષ્યના, પતિ-પત્નીના સંબંધોમાં આ બધું વર્તતું હોય છે. એટલે બાજી ખલાસ ! સ્વભાવમાં સૌમ્યતા, સ્વસ્થતા હોય તો આ ન બને. ઘણાં કાર્યો મન બગડ્યા પછી બગડે છે ! માટે ચોવીસે કલાકના જંગી પુરુષાર્થથી મન ન બગડવા દઈએ. મનમાં તો શાન્તિ જાળવવાની અને સાથે બાહ્ય સૌમ્યતા જાળવીએ. આ બે કેળવવા માટે આપણે સાત્ત્વિક, ગંભીર ને ધીર બનવાનું.

ધર્મની સાધનાનો સ્વાદ પણ ધીર બની સૌમ્યતા જાળવનારને આવી શકે છે. સૌમ્ય, શીતળ, ઠરેલા દિલમાં ધર્મ પરિણમે છે વિહ્વળતામાં આ ન બને.

મન સૌમ્ય બન્યું હોય પછી પ્રસંગે બોલતાં અમૃત બોલ નીકળશે ! દિવ્ય વર્તાવ હશે ! માનવ જીવન એટલે ચોવીસ કલાકની પ્રયોગશાળા, પ્રયોગ કર્યે જ જવાનું ! ઉકળાટ, ઉન્માદ ને ઉછાંછળાપણું દૂર ધકેલવાના અને એની જગ્યાએ સૌમ્યતા, સ્વસ્થતાને સ્થિર કરવાનો પ્રયોગ ! એનું નામ પણ ધર્મ. કોઈના જીવનનો સૌમ્યતા સ્વસ્થતાભર્યો પ્રસંગ જોઈને આપણામાં એમ ગોઠવી દેવાનું કે આપણે પણ એવું બને તો આપણે સૌમ્યતા રાખીએ. આનું મંથન હોય, તો અવસર પર ઉકળાટ વગેરે ન આવે, 'આપણે એટલે નશીબની ગાડીમાં બેઠેલા' 'લલાટ સલામત

છે ત્યાં સુધી બધું બરાબર !' જો લલાટ સલામત નથી તો આપણું ધાર્યું કંઈ જ બને નહીં !' આવી બધી હૃદયને આશ્વાસન આપનારી ચાવીઓ લગાડીને પ્રયોગ કરીએ તો સૌમ્યતા સિદ્ધ થઈ જાય ! પ્રયોગમાં વચન અને કાયાની સૌમ્યતા સ્વસ્થતા મન મારીને પણ કેળવવી જોઈએ; એ જાળવીએ તો મનમાં સૌમ્યતા આવતી જાય.

'આ તો નાલાયક છે, આ હરામીઓ છે.' એમ બોલ્યા કરીએ તો આપણું મન એવું બને છે. વાતવાતમાં ગધેડા ને બેવકૂફ બોલ્યા તો વિચારણા પણ ગધેડા ને બેવકૂફ જેવી બને ! વચનની પ્રવૃત્તિ પણ સૌમ્ય જ રાખો ! મનમાં હજુ સૌમ્યતા-સ્વસ્થતાના ગુણ ઘડાયા નથી, પણ વચન કાયાને ગુણમાં વર્તાવો; ક્રમે તો સૌમ્યતા-સ્વસ્થતા મનમાં આવતી જશે.

પછી જો વિચારણામાં ય સૌમ્યતા છે તો ઇન્દ્રિયો પણ ઘણી સૌમ્ય બની ગઈ સમજો. મન જો શાંત છે 'આ જોવું જ નથી ને ? દુનિયાનું કંઈ જોવા જેવું નથી ! પછી આંખ શાની દોડે ?

સુલસાની આગળ બીજી સ્ત્રીઓએ ઘણુંયે કર્યું કે 'ઊઠ ઊઠ, ખુદ શંકર ભગવાન આવ્યા છે, માટે ચાલ જોવા'

'ના, મારા માટે કંઈ જોવાનું જ નથી.'

'કંઈ નથી ?' ના, છે, માત્ર મહાવીર ભગવાનને જોવાનું !

'અરે ! જો આ તો કહે છે વિષ્ણુ ભગવાન ખુદ ઊતર્યા ! ચતુર્મુખ બ્રહ્મા પધાર્યા છે ! ચાલ, જોવા.'

'ના, મહાવીર પ્રભુ મળ્યાથી ધરાઈ ગઈ છું' સુલસાના પેટનું પાણીએ હાલતું નથી ! કેમ ? સમ્યક્ત્વનો રંગ, પરમાત્મા પર અથાગ પ્રીતિ-ભક્તિએ મન એટલું બધું ઠંડુંગાર, સૌમ્ય અને સ્વસ્થ બનાવી દીધું છે કે કોઈ ખોટા અભરખા નથી.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૯,અંક-૮,તા.૨૯-૧૦-૧૯૬૦

**એક કુપ્રસંગ દીર્ઘકાળના સુસંસ્કરણને ધક્કો લગાડે. :-** મનની ઉગ્રતા, ઉન્માદ અને ઉછાંછળી વૃત્તિ દબાઈ ગઈ તો જગતનું કાંઈ સાંભળવા-જોવાના ઊભરા-ઉછાળા નહિ જાગે. 'એમાં જોવા સાંભળવા જેવું છે શું ?' એમ જ લાગશે. પછી ઇન્દ્રિયો બિચારી કરે શું ? ઇન્દ્રિયો તો બહુ ડાહી છે, પેલું મન તોફાની છે. અરે ! મન પણ શું કરે ? આત્મા પોતે ઉચ્છૃંખલ ઊકળતો છે, તે બિચારા મન અને ઇન્દ્રિયોને જેમ દોડાવે તેમ એ દોડે. ઇન્દ્રિયો ગાડીના ડબા જેવી છે, ને મન



એંજિન છે, એનો આત્મા ડ્રાઈવર છે, તે ખેંચી જાય તેમ ધમધમ કરતાં દોડે, માટે પહેલો આત્માને ઠંડો કરો, સૌમ્ય બનાવો. સંસાર તો કચરાપટ્ટી છે, એમાં સારું શું જોવાનું હતું ? આત્મા સૌમ્ય બને, મન સૌમ્ય બને, પછી ઇન્દ્રિયોની ખણજ મરતાં વાર નહિ.

ઉગ્રતા, રાગાદિના ઉન્માદ, અને ઉતાવળ-ઉછાંછળાપણું ટાળી સૌમ્યતા કેળવાય એ એક મહાન ગુણ છે, અનેક બીજા ગુણોની ખાણ છે,

**મહાત્મા યશોધરની વિશેષતાઓ :-**

**સમિતિ-ગુપ્તિ :-** મહાત્મા યશોધર મુનિ ઇરિયાસમિતિ આદિ પાંચ સમિતિને ધારણ કરનારા છે; અર્થાત્ ગમનાગમનમાં જીવરક્ષાના ચોક્કસ ખ્યાલવાળા છે; બોલવામાં પણ અસત્ય, પાપોપદેશ, કર્કશતા વગેરે ન થઈ જાય ને ઉઘાડે મોઢે ન બોલાઈ જાય, તેના ઉપયોગવાળા છે; ભિક્ષાચર્યા અને આહારવિધિમાં નિર્દોષતાના પાકા લક્ષવાળા છે, વસ્તુ લેવા-મૂકવામાં તેમજ મળ-મૂત્રાદિના વિસર્જનમાં પણ જીવરક્ષાદિનો પૂરો ખ્યાલ રાખનારા છે, એ જ રીતે આ મહાત્મા મન-વચન-કાયા, ત્રણની ગુપ્તિથી ગુપ્ત છે. એટલે અસદ્ વિચાર-વાણી-વર્તાવને અટકાવી સદ્વિચાર, વાણી અને વર્તાવ પ્રવર્તાવનારા છે.

**ઉપદેશ પછી, આચાર પહેલો :-**

જીવન જોવા જેવું છે. પોતાના જ જીવનની પવિત્રતાની પરવા જેને ન હોય એ બીજાનો શો ઉપકાર કરી શકે ? બીજાને તારનારા કેવી રીતે બની શકે ? જૈન મુનિજીવનની બલિહારી છે. એનાં દર્શને પણ પાપી જીવ ધર્મી બને છે. સો ઉપદેશ અને એક આચાર. બલ્કે આચાર વિનાનો ઉપદેશ તો કેટલીક વાર એળે જાય છે.

**વિષયરૂપી કૂવામાં ઇન્દ્રિયોને પડવા ન દો :-**

યશોધર મહાત્મા ઇન્દ્રિયોને ગોપવનારા છે, એટલે વિષયોના કૂવામાં પડવા દેતા નથી, બચાવી લેનારા છે. મહાન આંતરતૃપ્તિ કેળવી લીધાથી આ બને છે. આત્મા એટલો બધો ધરાયેલો કે હવે વિષયોમાં કાંઈ જોવા-સાંભળવા-ચાખવા-સૂંઘવા કે સ્પર્શવાનું છે જ નહિ. આકંઠ જમી લીધા પછી ગમે તેવાં પકવાન્ન સામે હોય છતાં મન કહે છે, 'હવે આમાં શું ખાવું'તું ?' બસ, એ જ રીતે અહીં મન કહેવા માંડે, 'ઘણું જોયું, ઘણું સાંભળ્યું, હવે શું જોવા-સાંભળવા જેવું રહ્યું જ છે ? કાંઈ જ નહિ,' આમ ભારે ધરપત, તૃપ્તિ આવી જાય, તો ઇન્દ્રિયોને વિષયપતનમાંથી ગોપવવી-રક્ષવી સહેલી છે.

વળી મહાત્મા ગુપ્ત બ્રહ્મચારી છે, નવવાડના પાલને કરીને વિશુદ્ધ બ્રહ્મચર્યને ધરનારા છે. નૈષ્ઠિક બ્રહ્મચારી એટલે સ્ત્રીઓનાં ટોળાંમાં ફરવાની છૂટ નહિ, રસકસ

ઉડાવવાની છૂટ નહિ. તીર્થંકરદેવ જેવા ચારિત્ર પાળે તે પણ નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્ય જાળવીને, તો બીજાઓ માટે પૂછવાનું જ શું ?

**ખરાબ પ્રસંગની ઘેરી અસર :-**

ધ્યાન રાખજો, બહારના તેવા તેવા પ્રસંગ-વાતાવરણનો અંતરમાં ફોટો પડે છે. શરૂ શરૂમાં એની અસરની ખબર ન પડે, પણ કાળક્રમે મોટી અસર દેખા દે છે ! ત્યારે આશ્ચર્ય થાય કે 'અરે ! આ શું ?' એમાંય પાછી એ ખૂબી છે કે છ-છ મહિના મનોનિરોધ કરી કરી ગુણ કેળવ્યો હોય, પરંતુ એક પણ દિવસ અનુચિત પ્રસંગમાં રસ લેતાં પૂર્વની દીર્ઘકાળની કેટલીય સારી અસર મારી જાય છે. દા.ત. છ મહિના સુધી સ્ત્રીનું મુખ સરખું ન જોયું, પણ પછી એક જ દિવસ કોઈ લટકાળીના હાવભાવ, કટાક્ષ નિહાળ્યા, ને એમાં સહેજ થોભ્યા, તો ખલાસ ! પૂર્વની મહાકમાઈને ધક્કો મોટો લાગવાનો ! એમ મહિનાઓ સુધી કોઈની નિંદા ન કરી, પરંતુ પછી એક જ, દિવસ નિંદામાં રસ લીધો, તો એથી દિવસોની સારી અસર રદબાતલ. એમ એક જ સિનેમાદર્શન, નોવેલ વાંચન, અભક્ષ્યભક્ષણ, ક્રોધ, ધમધમાટ, ઇત્યાદિ કર્યા તો તો એની બહુ ઘેરી અસર આત્મા ઉપર પડે છે; દિવસોની મહિનાઓની સારા સંસ્કરણની મહેનત ઉપર પાણી ફેરવી નાખે ! માટે જ બહુ સાવધાન બનવા જેવું છે. જ્યારે એવો અનિચ્છનીય પ્રસંગ ઊભો થવાનું લાગે ત્યાં જ ચોંકી જવું જોઈએ, વિચારવું જોઈએ, કે 'જો આ એક વાર પણ ખોટે રસ્તે ચાલ્યો તો પ્રલોભન તો ક્ષણનું, સુખ જરાક શું, પરંતુ ઘેરી અસર ભયંકર ઊભી થશે ! એને પાછી સુધારવા કેટલી જહેમત જોઈશે ! એના કરતાં અત્યારે જ મન મારીને પાછો કાં ન વળી જાઉં !' યશોધર મહાત્મા સતત અસ્ખલિતધારાએ નવવાડનું જતન કરવા સાથે બ્રહ્મચર્ય પાળે છે.

**મમતાનાં વિષપાન મૂકો :-**

વળી એ મહાત્મા અમમ છે, મમત્વ વિનાના છે; કેમ કે અકિંચન છે, પાસે કોઈ પરિગ્રહ નથી. પાસે કશું રાખ્યું હોય, તો મમત્વ કરવું પડે ને ? કંઈ રાખ્યું જ નથી ને, પછી કોના પર મમતા ? આત્માથી બધું જ પર છે, એને પાસે રાખવામાં આ મોટું નુકસાન, કે આત્માને મમત્વના પાશમાં ફસાવું પડે છે. એ મમતાનો પાશ ઊભો કર્યા પછી તારક દેવ-ગુરુ-ધર્મને એકાંતે સમર્પિત રહી શકાતું નથી; આત્માના હિતના જ એકમાત્ર રસ્તે ચાલી શકાતું નથી. ચીજ પારકી; પોતાની કરવા જાઓ તોય અંતે પર જ રહેવાની ! એનો જુલ્મ કેટલો ? મમતાનાં અદૃશ્ય વિષપાન કરાવે અને સમતાના પ્રાણ ગૂંગળાવે.

**ધર્મોપકરણ એ પરિગ્રહ કેમ નહિ ? :-**



મહાત્માએ કાંઈ પરિગ્રહ રાખ્યો નથી, તો શું કપડું, પાત્ર, જેવું પણ પાસે કાંઈ નથી ? છે, પરંતુ એ પરિગ્રહરૂપ નથી, કેમ કે એ ધર્મનાં ઉપકરણ છે, ધર્મને ઉપકાર પૂરતાં છે. 'આ મારું, સારું, કોઈને ન આપું,' એવો કોઈ ભાવ નથી રહેતો, માટે પરિગ્રહરૂપ નથી. માત્ર એનાથી દર્શન-જ્ઞાન-ચારિત્રની સાધના કરતો જાઉં, એ ભાવ રહે છે. કોઈ ઉપાડી ન જાય એ ખ્યાલ જો પરંપરાએ પણ રહેતો હોય તો તે મમતાના લીધે નહિ, પરંતુ 'લઈ જનાર એનો જીવહિંસાદિ પાપના કાર્યમાં ઉપયોગ કરે, તે સારું નહિ,' માટે એવો ખ્યાલ આમાં ધર્મનું મમત્વ છે, ગુણનું મમત્વ છે, એ દોષરૂપ નથી. એમ તો સામાન્ય રીતે અભિનિવેશ દોષરૂપ ગણાય છે, ત્યાજ્ય છે, પરંતુ તત્ત્વનો અભિનિવેશ તો ખાસ રાખવાનો કહ્યો છે; તો જ સમ્યગ્દર્શન આવે અને ટકે. **ગુણનું મમત્વ દોષરૂપ નહિ.** 'મારે ખોટું બોલવું જ નથી, હું તો સત્યને જ વળગી રહીશ' આ સત્ય પર મમત્વ થયું ને ? પણ એ તો હોવું જ જોઈએ, નહિતર સત્યમાં દૃઢતા ન રહે.

**રાગાદિ સાથે અણબનાવ :-**

મહાત્મા યશોધરમુનિ અકિંચન કેમ છે ? તો કે છિન્નગ્રન્થ છે, મોહના સંબંધો એમણે છેદી નાખ્યા છે, ધનકુટુંબ વગેરે બધાના પરિગ્રહ મૂકી દીધા છે. મળ્યા'તા તો રાજવૈભવ ને રાજવી કુટુંબીઓ; પરંતુ બધું હેઠું મૂકી નીકળી ગયા. માત્ર બહારથી આ પરિગ્રહ મૂક્યા એમ નહિ, પરંતુ અંતરથી રાગાદિના પરિગ્રહ પણ મૂકી દીધા છે, આંતરશત્રુઓના સંબંધ પણ તોડી નાખ્યા છે. 'શું રાગ કે શું દ્વેષ, શું ક્રોધ કે શું લોભ, શું મદ કે શું માયા, બધાને આજ સુધી હૃદયઘરે બહુ મહલાવ્યા. બસ, હવે નહિ. એ કોઈનેય હવે પોતાના કરવા નથી.' એ નિર્ધારથી એની માથે છૂટાછેડા, અણબનાવ. બનાવ, અણબનાવ સમજો છો ને ? આપણે રાગાદિ સાથે બહુ બનાવ, બહુ મેળ, ઝટ જરૂર પડે કે કાંઈ પ્રસંગ આવે એટલે ઝટ એને નોંતરીએ, મહલાવીએ, ચિરકાળ રાખી લઈએ. ત્યારે આ મહાત્માને અણબનાવ, અણમેળ છે, એટલે ગમે તેવા પ્રસંગ આવોને, એને નોંતરવાની વાત નહિ. 'આઘો રહે, મારે ને તારે કોઈ મેળ નહિ. મારે ગમે તે થાય; તારી મારે જરૂર નથી.' આ પડકાર આંતરશત્રુને ! આમ તો સૂક્ષ્મ પણ આંતરશત્રુ નુકસાન કરનારા છે, પરંતુ વિશેષ રૂપે જે પીડતા હોય એવાની સામે આવા પડકારનો અખતરો-અભ્યાસ કરવા જેવો છે, આવું કાંઈક કરતા રહેશો તો જ તીખો સ્વભાવ, કપટી વૃત્તિ, અહંકાર, વિષયલંપટતા, વગેરેને દાબી શકશો.

**કર્મ-કાદવ ભોગજળના લેપ નહિ :-**

મુનિ યશોધર મહાત્મા બાહ્ય-આભ્યન્તર પરિગ્રહથી રહિત બન્યા હોવાથી

નિરુપલેપ છે, કમળની જેમ કોઈ કર્મકાદવ અને ભોગજળનો લેપ એમને લાગતો નથી. લેપનાં કારણો જ તોડી નાખ્યાં, લેપ શાનો લાગે ? કેટલું વિશુદ્ધ જીવન !

**પ્રસંગોથી હર્ષ-ખેદ ન થાય એ માટે :-**

અંતરાત્માને ઠંડોગાર કરી દીધો, નિર્વિકાર બનાવી દીધો, એટલે કશાયના ઉકળાટ નથી જાગતા, કર્મના લેપ નથી લાગતા. એ માટે **આત્માના શુદ્ધ સ્થિર સ્વભાવ તરફ પ્રબળ ધ્યાન છે,** પછી ત્યાં વિકાર કે ઉછાળા ઊઠવાને જગા જ નથી. 'હું સચ્ચિદાનંદઘન છું, નિર્વિકાર છું, મેરુની જેમ નિષ્પ્રકંપ છું, 'એની મનને વારંવાર ભાવના આપવાથી; ઇન્દ્રિયમનના કોઈ વિકાર જાગવાનો પ્રસંગ દેખાય, ત્યાં આત્મા ચોંકી જાય છે, જાગ્રત બની જાય છે. પેલી ભાવનાના વારંવારના અભ્યાસથી પછી પ્રસંગ પર એમ ઝટ થાય છે, કે 'મારો ઊંચા-નીચા થવાનો, કે લ્હેવાવા-કરમાવાનો સ્વભાવ જ ક્યાં છે ? હું તો અડોલ, અફર, વજ્ર જેવો સ્થિર છું. હું શું કામ કંપું ? શા માટે અસર લઉં ? ચાલવા દો બહારનું જેમ ચાલે એમ, હું વિકૃત નહિ થાઉં. પ્રસંગ માત્ર જોઈશ, ઠેઠ લાંબે સુધીના કાર્ય-કારણ ભાવનો વિચાર કરીશ. જડ પુદ્ગલ કે મોહાંધ જીવોના સ્વભાવ વિચારીશ. પછી મારે શાની કોઈ અસર લાગવાની હોય ?

આવી કોઈ વિચારણા રખાય તો બધા નહિ તો થોડા પણ પ્રસંગમાં અલિપ્ત રહેવાનું બળ મળે છે. આમાં આત્માએ પોતાના નિર્વિકાર સ્વભાવ, અચ્છેદ્ય અભેદ્ય સ્વભાવ ઉપરાંત બે મુખ્ય વાત આવી, એક તો જડ પુદ્ગલ અને મોહાંધ જીવોના સ્વભાવની વિચારણા, તથા બીજું ઠેઠ લાંબા ઊતરીને કાર્ય-કારણભાવની વિચારણા. આ બે સમજવા જેવી છે, કેમ કે પછી એનો ઉપયોગ બહુ રાહત આપે છે.

**(૧) જડ પુદ્ગલનો સ્વભાવ** સડન, પડન, વિધ્વંસનનો છે. મજબૂત પાયાની પથ્થરી ઈમારતો પણ સમય જતાં નાશ પામી જાય છે. અરે ! શાશ્વત મેરુ જેવા પદાર્થોના પણ અણુઓ અસંખ્ય કાળે બદલાઈ જાય છે. પુદ્ગલ સ્કંધોની અસંખ્ય કાળથી વધુ ટકવાની સ્થિતિ જ હોતી નથી. હવે વિચાર કરો કે જીવને લહેવાઈ કે કરમાઈ જવાનું જે પુદ્ગલ ઉપર થાય છે, એ પુદ્ગલનો આ સ્વભાવ વિચારીએ તો એકદમ લહેવાઈ કે કરમાઈ જવાનું શા માટે હોય ? રસ્તે જતાં કોઈનો બંગલો જોયો, ઝટ ખુશ થયા, શા સારુ ભાઈ ? બંગલો જડ પુદ્ગલ છે; આજે જેવો સુંદર દેખાય છે; તેવો એ ટકવાનો નથી. એમાં ફેરફાર થયા કરવાનો છે અંતે નાશ પામવાનો છે. હવે એના પર ખુશ શું થવાનું ? એમ કાંઈ ગંદવાડ જોવામાં આવ્યો ત્યાં મોં બગાડી નારાજી શી કરવી'તી ? કેમ કે એ ય પુદ્ગલ હોઈ પરાવર્તનશીલ છે. આજે ગંદાં દેખાતાં પુદ્ગલ કાળક્રમે ફેરફાર થઈ સારાં બની ઠેઠ ખાવા સુધીમાં



આવે છે. લોકોના મળનાં પુદ્ગલો ખેતરમાં ખાતરરૂપે પડી, માટી ભેગાં ભળીને બીજમાંથી પુદ્ગલનાં પરિવર્તન ચાલુ છે. એ સડે છે, તૂટે છે, નષ્ટભ્રષ્ટ થઈ જાય છે. એને લક્ષમાં રાખીએ તો પછી એના તત્કાલ ભાવ પર આપણે કોઈ અસર શા માટે લઈએ ?

**જેમ જડ સ્વભાવ, એમ મોહાંધ જીવોના સ્વભાવનો વિચાર** પણ અલિપ્ત રહેવાને બળ આપે છે. જીવનમાં કેટલાય જીવોના પ્રસંગમાં આપવું પડે છે. એના તરફથી આપણને અનુકૂળ-પ્રતિકૂળ વર્તાવ થતાં આપણે સુખી-દુઃખી થઈએ છીએ, રાગદ્વેષ કરીએ છીએ, આ અસર લીધી, લેપાયા. હવે જો ત્યાં એ લક્ષમાં હોય, કે 'શા સારું આ લેપ, અસર લેવી ?' કેમ કે સામો જો અનુકૂળ વર્તે છે તો એના કંઈક સ્વાર્થે; ને પ્રતિકૂળ વર્તે છે તો એના કષાયે. સ્વાર્થબુદ્ધિ અને કષાય એ મોહની ઘટના છે. મોહાંધતાનો સ્વભાવ છે કે તેવા તેવા વર્તાવ કરાવે. એમાં આપણે બહુ ઓવારી જવાની કે દુઃખ કરવાની શી જરૂર ? સામો કદાચ સ્વાર્થથી નહિ પણ સજ્જનતાથી આપણી સેવા કરે છે, તો પણ એના પર ઉપકાર-સ્મરણ, કૃતજ્ઞતા, અને ગુણકદર કરીએ, પરંતુ ઓહો ! ને વાહ, કેવી સરસ અનુકૂળતા મળી ! એમ કરીને ફુલાવું'તું શું ? એમ પ્રતિકૂળ વર્તે ત્યાં કરમાવું શું ? મોહ મૂઢતાનો સ્વભાવ જ એવો છે કે એમ વર્તાવે.

આમ, જડ પુદ્ગલના અને જીવોની મોહમૂઢતાના સ્વભાવ વિચારવાથી આપણે વાત વાતમાં રાગદ્વેષ અને હર્ષ-ઉદ્વેગ કરતા અટકી શકીએ એટલે કે એ રાગાદિ વિકારો ન જાગવા દઈએ. આ એક વિચારણા.

**(૨) બીજી વિચારણા ઠેઠ લાંબે સુધી કાર્ય-કારણભાવની** કરવાની છે. કાંઈ દેખતાં, સાંભળતાં, કે જાતમાં અનુભવતાં કેટલીક વાર આશ્ચર્ય થાય છે, ખેદ થાય છે, કે ખુશ ખુશ થઈ જવાય છે. શા માટે ભાઈ ? ત્યાં જો એટલું વિચારાય કે આ જે જોયું, સાંભળ્યું કે અનુભવ્યું, તેમ બનવા પાછળ કારણ કોણ છે ? કાં તો સામાનું મશ્કરી કરવાનું મોહનીય કર્મ કારણ છે, અગર કાંઈ આશ્ચર્યકારી ભૂલ કરવા પાછળ જ્ઞાનાવરણ કર્મ કારણ છે; એમ બીજાં બીજાં પણ કારણ હોઈ શકે છે. એ કારણની પાછળ એક અમુક કારણો કામ કરી રહ્યાં હોય છે. એમ આપણાં પણ પૂર્વકર્મનો ઉદય કારણભૂત હોય છે; તે મુજબ અનુકૂળ પ્રતિકૂળ બની આવે છે. એમ, કાર્ય-કારણભાવની વિચારણા કરવાથી પછી આશ્ચર્ય ખેદ કે હર્ષ કરવાની જરૂર નથી. કારણ હોય એટલે કાર્ય બને એમાં આશ્ચર્ય શું ? પાણીમાંથી નહિ અને દૂધમાંથી દહીં બન્યું, એ જોઈ કોણ આશ્ચર્ય કરે છે ? જાણીએ જ છીએ કે દૂધમાંથી દહીં બને. એમ બીજાં પણ કાર્ય-કારણભાવનો નિશ્ચય કરીએ, પછી આશ્ચર્ય ચમકારો

કરવાની જરૂર નથી. એમ ખેદ કે હર્ષ પણ નહિ કરવાના. એ માટે પણ આ કાર્ય-કારણ ભાવના વિચાર ઉપયોગી છે. કોઈએ કાંઈ પ્રતિકૂળ આદર્યું, ત્યાં ઝટ આપણે 'એની પાછળ મુખ્યપણે આપણાં પાપોદય કામ કરી રહ્યાં છે,' એમ જોઈએ તો ખેદ સામા ઉપર નહિ, પરંતુ આપણાં કર્મ ઉપર થશે. અરે ! કર્મ પર પણ શો ખેદ ? એથીય ઊંડા ઊતરો; જુઓ, એનું પણ કારણ કોણ ? આપણો આત્મા. એણે હીન આચરણ કર્યાં તો જ એવાં કર્મ નીપજ્યાં. એટલે મૂળ કારણ તો અધમ કૃત્યકારી મારો આત્મા જ છે. માટે જુગુપ્સા કરું તો મારી જાતની કરું, બીજા કોઈ પર ખેદ કરવાની જરૂર નથી.

આમ લંબાણથી વિચારીશું તો જીવનના પ્રસંગોમાં કંઈ કંઈ કારણો જડી આવશે. કારણ વિના કાર્ય બને જ નહિ, ને કારણથી અવશ્ય એ થાય ત્યાં પછી આશ્ચર્ય ખેદ કે હર્ષ શા ? પેલી, રાણીએ ભેંસ ઊંચકીને ઉપર ચઢાવી દીધાની વાતની ખબર છે ને ? નાની પાડી હતી ત્યારથી એને રાણીએ રોજ ૨-૪ વાર ઊંચકીને ઉપર ચઢાવવા માંડેલી; એમ પેલી મોટી ભેંસ થઈ તોય એને રોજના અભ્યાસથી સહેલાઈથી ઊંચકી ચઢાવી દીધી, રાજા પાછળનું આ કારણ નહોતો જાણતો. તેથી આ જોઈ આશ્ચર્ય પામ્યો; પરંતુ પછી રાણીએ ભેદ સમજાવતાં આશ્ચર્ય ઊતરી ગયું. બસ, આ વાત છે કે કારણનો, કારણના કારણનો, એનાય કારણનો વિચાર કરવાથી આશ્ચર્ય-ખેદ હર્ષના વિકારોથી બચી શકાય. યશોધરમુનિ આવા કોઈ પદાર્થ-સ્વભાવ કે કાર્ય-કારણ ભાવના તત્ત્વજ્ઞાનવાળા હતા તેથી નિર્વિકાર બન્યા રહેતા. એટલે જ એમને કર્મનો લેપ લાગતો નહોતો. વળી, યશોધર મહર્ષિ અઢાર હજાર શીલાંગ-શીલના ગુણોના ધારક છે; અનેક મુનિઓથી પરિવરેલા છે. કોશવ દેશના રાજા વિનયધરના એ પુત્ર હતા. એમાંથી ભવવૈરાગ્યની વૃદ્ધિએ શ્રમણસિંહ બનેલા છે.

ધનકુમાર ઉદ્યાનમાં ગયેલો, એણે આમને જોયા, તેથી તેને આનંદ પ્રગટ્યો અને ચિત્તમાં ધર્મવ્યવસાય સ્ફૂરવા લાગ્યો. લાયક જીવને આવાં દર્શન પણ પ્રમોદ આનંદ પેદા કરનારાં બને છે અને ધર્મભાવનાને જાગતી કરી દે છે.

ધનને વિચાર આવ્યો, કે 'અહો, શું આપનું રૂપ છે ! કેવું શુદ્ધ ચરિત્ર છે ! અહો કાન્તિ ! અહો સૌમ્યતા ! અહો આમનો પુરુષાર્થ ! અહો મૃદુતા ! અહો એમનું લાવણ્ય ! વાહ ! કેવી વિષય પ્રત્યે નિસ્પૃહા ! અહો એમનું યૌવન ! કેવો સુંદર કામવિજય ! ઉપરા-ઉપર વિશેષતાઓ જોતો ચકિત થતો જાય છે !

આમાં એને થયું 'અહો, મુનિની કેવી કાન્તિ !





કાન્તિ એટલે બીજાને દબાવી દેનાર તેજ નહિ. મધ્યાહ્નના સૂર્ય જેવી ઉગ્રતા નહિ. માટે કેટલાક જે આક્ષેપ કરે છે કે, 'સાધુ બ્રહ્મચારી છતાં મોઢે તેજ કેમ નથી દેખાતું ?' એ આક્ષેપ ખોટો છે. આ પ્રશ્ન શા માટે પુછાય છે ? એ સમજે છે કે મોઢા પર લાલિમા તે તેજ ! આ શાના જેવો પ્રશ્ન છે ?

એક સતી હોય, બહુ જ મૃદુ હૃદયવાળી હોય, સુશીલ હોય, મર્યાદાશીલ હોય, એનો વેશ પણ મર્યાદાબદ્ધ હોય; ત્યાં કોઈ પ્રશ્ન કરે કે 'આ સતી છે તો તેના મોઢા પર તેજ કેમ દેખાતું નથી ?' એ પ્રશ્ન શું સમજીને કરે છે ? એ સમજીને કે તેજ એટલે પાવર દેખાવો જોઈએ, વર્તાવમાં ઝાકઝમાળતા જોઈએ ! શી ઝાકઝમાળતા ? ગમે તેની સાથે છૂટથી બોલે તે ? રસ્તા પર ઉઘાડા માથે ધમ-ધમ કરતી ચાલી જાય તે ? આ તેજ તો છૂટીનાં, સતીનાં નહિ. સતીપણાનાં તેજ એટલે ગમે તેવો રૂપાળો કે અનુકૂળ પરપુરુષ સામે આવે છતાં ઊંચી આંખે નહીં જોવાનું દૃઢ સત્ત્વ ! આપત્તિમાં પણ પતિશરણની જ દૃઢ ટેક ! આ સતીનાં તેજ કહેવાય.

તપ-બ્રહ્મચર્યનાં તેજનું માપ હૃષ્ટ-પુષ્ટતાથી કાઢે તેને ગમ નથી, એને ખબર નથી, કે તપ-તેજ એટલે ! હાડ ને માંસ સુકાવી નાખ્યાં હોય છતાં આહાર-વિષયની દુષ્ટ સંજ્ઞાની ગુલામી તોડી નાખી હોય, આહાર અને વિષયોની સામે વિજયવંતા સત્ત્વ, નિરીહતા, અને અનાસક્તિ એવાં પ્રગટ કર્યાં હોય કે એની જરાય અંજામણ-લલચામણ નહિ ! તપ એટલે વિકારમાં ઊછળતી અંતર્ધાતુઓને તપસ્યાથી તપી-તપીને શાંત કરવાની. આત્માની સુખશીલતાના સ્વભાવ પર અંકુશ મૂકવો તે તપનું તેજ ! ઇન્દ્રિયો પર પાકો અંકુશ મૂકી દેવો, અંતર્વૃત્તિઓને શાંત કરી દેવી, મેરુ તૂટી પડતાં પણ મન સાધનામાંથી ચલિત ન થાય તેવું બનાવી દેવું. તે તપનું તેજ. તે જોવા મળે ? હા, અવસરે જોવા મળે ! આવું તેજ ન માને તો ભગવાન મહાવીરને તેજસ્વી ન કહેવા જોઈએ ! કેમ કે પેલો ગોવાળિયો ખીલા ઠોકવા આવ્યો તો એને ન રોકતાં ઊભા રહ્યા ! 'માય કાંગલા ! તપનું તેજ એટલે તો શૂરવીરતા, સામાને ડાંટવાનું, દબાવવાનું, કાન પકડીને રાડ પડાવીએ, તે તપનું તેજ છે,' આવી વ્યાખ્યા જૈન-શાસનની નહિ.

બ્રહ્મચર્યનું તેજ એટલે ? શરીરના વિષયરંગના તેજ પર તો ધાતુ-વીર્ય તે નીચે ઊતરી જાય છે. વાસનાના વિકાર શાન્ત કરી, તેને મસ્તકે બ્રહ્મપ્રદેશમાં સ્થગિત રાખવું, ઇન્દ્રિયોમાં સત્ત્વરૂપે વહેતું રાખવું, એ સાચું તેજ. એ તેજ કેવું

હોય ? બ્રહ્મપ્રદેશમાં વીર્ય સ્થગિત હોય એટલે કર્તવ્યનો નિર્ધાર જબરદસ્ત હોય ! ગમે તેવા પ્રસંગે અડગ રહેવાની ધીરતા અજબ હોય ! સ્ત્રીઓ સામે આવે એના મોઢા સામે જોવામાં, હસીને વાત કરવામાં વાંધો નહિ, એ તેજ ? ના, તેજ તો એ કે સામાન્ય સ્ત્રીઓ શું, મોટી ઈન્દ્રાણીઓ આવે તેની સામે પણ જોવાનું નહિ. તાકાત નથી કે એ દષ્ટિ ખેંચાવે ! ઘણું કર્યું સીતેન્દ્રે રામને ચલાયમાન કરવા ! પણ રામ રંચ માત્ર ચસક્યા નહિ ! મનને મોહથી જરાય આકુળવ્યાકુળ કર્યું નહિ ! તત્ત્વ અને પરમાત્માના ધ્યાનમાં લીન બન્યા રહેવાનું, એ એક જ કામ ! તપ-બ્રહ્મચર્યનું તેજ આ છે ! અદ્‌ભુત સહિષ્ણુતા ! મન પર અજોડ અંકુશ ! અપૂર્વકોટિની અંતર્વૃત્તિની તૃપ્તિ ! ક્યાંય લોભાય નહિ ! આનું નામ છે તપ ને બ્રહ્મચર્યનું તેજ ! સતીપણાનું તેજ હોય ત્યાં બહાર લટકાચટકાનું મન ન થાય ! બહાર જો એક પણ લટકો કરવાનું કે ઠસ્સો દેખાડવાનું થાય તો એ તેજ નહિ પણ વિષય-કષાયથી પરાજય છે, નિસ્તેજતા છે.

એમ સંયમનાં તેજ, બ્રહ્મચર્યનાં તેજ એટલે દુનિયાના વૈભવ-વિલાસ અને મોટા વૈભવી કે સત્તાધીશોની સામે સમ્રાટની જેમ અણઅંજાયા ખડા રહે.

**મુનિપણાની અનુમોદના :-**

**ધન વિચારે છે કે,** ‘ઓહો, શું આમનું તેજ ! અરે એમનો પુરુષાર્થ કેવો જબરજસ્ત ! આ અવસ્થામાં આવો માર્ગ લીધો છે ? આવો કપરો માર્ગ લીધો છે તે એ માર્ગની સુંવાળા મનથી જોરદાર સાધના ન થાય. આટલી સાધનામાં તો મન કઠોર હોય; પણ શી એમની માર્દવતા છે ! લાવણ્ય કેવું સરસ ! જગતના વિષયો તરફ કેવી એમની નિસ્પૃહતા છે ! દેવતાઈ વિષયો સામે આવે ભલે ને, પણ પરવા નથી; ને આ બધું પાછું ખીલતી યુવાનીમાં છે ! આ ખીલતી યુવાનીમાં કામદેવ પર કેવો જબરદસ્ત વિજય મેળવ્યો છે ! ધન્ય જીવન ! ધન્ય આત્મા ! ધન્ય કુળ ! ધન્ય દેશ ! ખરેખર એ દર્શનીય છે ! ઉપાસનીય છે ! ધરાયા વગર ચોવીસ કલાક સેવા કરવા લાયક છે !’ આંખ ને કાયા ધરાઈ ગઈ પછી તો થવાનું બળાત્કારે !

**પરમાત્માનાં દર્શન કેવાં જોઈએ ?**

વગર ધરાયેલી આંખે થવાં જોઈએ. માત્ર પહેલી બે મિનિટ ચાર મિનિટ નહિ, પણ જોઈએ-જોઈએ ને જોવાની લાલસા વધતી જાય. તમને થશે, ‘એ કેમ બને ?’ બને. પ્રભુમાં નવું નવું પરાક્રમ વિચારો, મોહદર્શનના ભયંકર અનર્થ સમજો, અથવા યોગબળ વધારવાની ભૂખ જગાડો તો પ્રભુદર્શનમાં ધરાઈ નહિ જવાય. કવિ કહે છે,



**‘અમીય ભરી મૂર્તિ રચી રે, નિરખત તૃપ્તિ ન હોય !’**

અમૃતનો કુંડ જોતાં આંખ ધરાતી નથી, એમ વગર થાકેલી કાયાએ જોવાલાયક આ મહાત્મા છે, એમ આ ધનના હૃદયમાં વસી ગયું. આવ્યો નજીક, વંદના કરી, બીજા મુનિઓને પણ વંદના કરી. સૌએ ધર્મલાભની આશિષ આપી.

પછી ગુરુ મહારાજ પાસે એ બેઠો, ને સાચવીને પ્રશ્ન પૂછે છે :- ‘ભગવંત ! આપને આ સંસાર પર અરુચિ ને વૈરાગ્ય થવાનું કારણ શું કે જેથી કામદેવ સરખી કાયા, ને સુખોની મળેલી પુણ્યાઈ, એ બધાંને અવગણીને આવો કઠોર ચારિત્ર્ય માર્ગ લીધો ? આપની કામદેવ સરખી કાયા જ કહી રહી છે કે પુણ્ય જબરજસ્ત હશે ! વિષયસુખ ભરપૂર મળ્યાં હશે ! તો એને આપે છોડી દીધાં ? કૃપા કરીને ફરમાવો કે એવું શું કારણ મળ્યું કે કંટાળો આવ્યો સંસાર પર !

**પ્રશ્નની પાછળ ધનના હૃદયનું શું વલણ દેખાય છે ?**

હૃદયની ઉત્તમતા કેવી દેખાય છે ? ધનકુમાર મહાશ્રીમંત છે, પણ શ્રીમંતાઈનો એને કેફ નથી, એવી કોઈ બહુમૂલ્યતા એની એને મન નથી, તેથી મહાત્યાગ પર આકર્ષાય છે. લક્ષ્મીને બહુ માનનારા ત્યાગ પર ઓવારી નહિ જાય. અર્થ અને કામ, વિષયો, અને એનાં સાધન, એની લંપટતા તો ત્યાગધર્મને તુચ્છ લેખાવે છે.’ ખોટી દયા કે ઠેકડી કરવાનું મન થાય, ‘દેખાય છે રૂડા રૂપાળા, પણ બિચારા કોઈ બાવા-જોગીની અડફેટે ચઢી ગયા લાગે છે !’ આ કેવી વૃત્તિ ? ‘બધું મળ્યું છે માટે ઉડાવો મેવા-મિષ્ટાન ! બધું મળ્યું છે માટે કરો લીલાલહેર !’ આજ ને ! આજે ધર્માત્માને જૂનવાણી કહેનારા છે ! સ્કૂલ-કોલેજમાં જનારા ગામડાની બાઈની મશ્કરી કરે છે ! કહે છે, ‘ગુલામડી દશામાં પડેલી ! માથું આમ ઢાંકો ! ને કપડાં આમ પહેરો ! વોટ નોન્સેન્સ ! કેવું ધતિંગ !’ આમ બોલે છે.

ધનકુમાર યશોધરના વૈરાગ્ય ગુણ પર આકર્ષાઈ એ વૈરાગ્યની મહાકદર કરે છે તે સત્‌યુગની વાતો ! આજે સામાના સદાચાર અને વૈરાગ્યના ગુણ પર ઠેકડી થાય છે, તે કળિયુગની વાત ! ધનકુમાર કહે છે, ‘આપે ઉમદા કર્યું છે, પણ જરૂર કોઈ નિમિત્ત મળ્યું હશે અદ્‌ભુત, તો એ કૃપા કરીને જણાવો.’

યશોધર મુનિરાજ ઉત્તર કરે છે, ‘અરે ! એકાંતે કંટાળાના કુલઘર એવા સંસાર પરથી મન ઊઠી જવાનું વળી બીજું કોઈ કારણ પૂછે છે ? કારણ તો ઠામ -ઠામ પડેલાં છે.’

**સંસાર એ ઉદ્વેગનું કુલઘર :-**

**એટલે ? સંસાર કંટાળો ઊપજે એવા પદાર્થ પ્રસંગોથી તરબોળ ભરેલો છે;** એ જોઈ કેમ એના પર વૈરાગ્ય ન થાય ? સંસારના પદાર્થ કયા ? ઇન્દ્રિયના

વિષયો શબ્દ-રૂપ-રસ વગેરે, લક્ષ્મી-લાડી, વાડી, ગાડી, સામ્રાજ્ય, સલ્તનત,...આ બધાંને વિવેકથી જુઓ તો કંટાળાનાં ઘર દેખાશે. કેમ કે એમાં અહીં અશાન્તિ, સંતાપાદિ અને પરભવે ભયંકર દુઃખ ! ત્યારે પ્રસંગો કેવા બને છે ? પ્રેમની સામે દગો ! ઉપકારની સામે અપકાર ! ધારી રાખેલી સુખશાંતિ સામે અણધારી આફતો ! આરંભ-પરિગ્રહની ભારી મહેનતની નિષ્ફળતા ! અનેક રોગો ! ક્લેશ કંકાસ ! સર્વશૂન્યકારી મૃત્યુનો અચૂક ડંડો ! આમાં વૈરાગ્ય થાય એમાં આશ્ચર્ય શું ? પાણીમાં રહેવું અને 'હેં મગરમચ્છ આવ્યો !' એમ આશ્ચર્ય કરવું ? અરે ! સમુદ્ર એટલે મગરમચ્છ હોય જ. સંસાર એટલે એમાં અરુચિકારી પદાર્થ-પ્રસંગ હોય જ; એ જ હોય. ત્યાં વૈરાગ્ય સહેજે થાય. **સંસારના પદાર્થ પ્રસંગો તો સંતાપની ભેટ કરનારા છે.** એનાથી વૈરાગ્ય થાય એ સહજ છે...સંતાપ હોય ત્યાં રાગ થાય ? હૂંફ રહે ? આસ્થા-બહુમાન હોય ? 'પણ કહેશો, 'સુખ પણ મળે છે ને ?' પરંતુ એ ભ્રાન્તિ છે.

**સુખની ભ્રાન્તિનું નિદાન :-**

મુનિ શું કહે છે ? એમને રગરગમાં સંસારની વિષમતાની ઓળખ થઈ ગઈ છે. એથી એ ધનકુમારને કહે છે, 'અરે મહાનુભાવ ! એકાંતે જે કંટાળાનું ઘર, નકરા ખેદનું ઘર, એવા સંસારને વિષે વૈરાગ્યનું બીજું કોઈ કારણ પૂછે છે ?'

**સંસાર એટલે એકાંતે ઉદ્વેગનું કુલઘર ! ઉદ્વેગ તો ત્યાં બાપના ઘરની જેમ રહે.**

તમે કહેશો, 'અમને તો આનંદ દેખાય છે.' જ્ઞાની કહે છે 'ઉદ્વેગનું કુલઘર' અહીં કોણ સાચું, તમે કે જ્ઞાની ? જ્ઞાની સાચા, તમે ભ્રાન્ત. જ્ઞાનીઓ ભ્રાન્તિનું નિદાન બતાવે છે. દારૂના કેફમાં ચઢ્યો હોય તેને ગટર બગીચા જેવી લાગે છે ! ધોલ ખાઈને હસે છે ! પછી કેફ ઊતર્યા પછી સાચું સમજાય છે. એમ આ સંસારના વિષે વાસનાને લીધે પ્રસંગ આનંદ થયો, પણ વસ્તુગત્યા એ ખેદનું સ્વરૂપ છે, એમ વાસના ઊતર્યા પછી સમજાય છે.

**જગતના પદાર્થમાં સુખ કેમ નહિ ? :-**

વળી દુન્યવી પદાર્થમાં સુખ નામનો ધર્મ નથી. હોત તો તો હરેક વખતે એનો અનુભવ થાત; પણ તેવું થતું નથી. ભૂખ્યા જમતાં લાડુ સુખભર્યો લાગે છે, ધરાયા પછી ઉદ્વેગભર્યો લાગે છે. એમ પદાર્થમાં સુખ હોત તો પદાર્થનું પ્રમાણ વધારે ભોગવવાથી સુખનું પ્રમાણ વધારે અનુભવાત; પણ એવું ક્યાં બને છે ? એક લાડુથી જેટલું સુખ અનુભવો, એનાં કરતાં ચાર ગણું સુખ શું ચાર લાડુથી અનુભવી શકો ? ના, ચાર ખાવા જતાં તો ઊબકા ને ઊલટીનાં દુઃખ થાય છે. એનો અર્થ જ એ કે લાડુમાં ખરેખર સુખ નામનો ધર્મ નથી. ખાંડમાં સાચેસાચ



મીઠાશ છે તો પાશેર નાખતાં જેટલી મધુરતા આવે, શેર નાખતાં એથી ચાર ગણી આવે છે. એવું વિષયોમાં જો સાચેસાચ સુખ હોત તો વિષયપ્રમાણ વધતાં સુખપ્રમાણ વધત.

**પ્ર.- તો પછી સુખ ક્યાંનું દેખાય છે ?**

ઉ.- સુખ વાસનાના કેફનું અનુભવમાં આવે છે. વાસના ઇન્દ્રિયની ખણજ છે, એટલે સુખનો ભાસ થાય છે, ને એ ઊતરી જતાં સુખ નથી દેખાતું. દારૂના કેફમાં આનંદ; કેફ ઊતરી જતાં આનંદ ગુમ ! એમ વાસનાથી સુખનો આભાસ માત્ર છે. બાકી સંસારના પદાર્થોમાં સુખ નથી.

**થાક છતાં કેફમાં થાક ન લાગે :-**

મહર્ષિ યશોભદ્ર મહારાજ સાફ કહે છે, 'સંસાર એ ઉદ્વેગનું ઘર;' કેમ કે સુખના ભ્રમમાં રાખી રોવરાવે છે. હોંશમાં ને હોંશમાં માણસ ઉઘરાણીએ દશ માઈલ જાય છે; એને 'પાંચસો રૂા. લઈ આવું,' એવી હોંશ છે. ખબર પડી, કે 'ઘરાક છ વાગે પકડાય તેમ છે, તો હજુ ચાર વાગ્યા છે, માટે જરૂર પકડી પાડું;' એમ હોંશથી દોડતો જાય છે, પણ ત્યાં પહોંચ્યા પછી ડેલીનું બારણું ઠોકી પૂછે, 'અંદર કોણ છે ? નાથાભાઈ છે ને ?' 'ના, બહારગામ ગયા છે.' એમ સાંભળે, ત્યાં શું થાય ? દશ માઈલનો થાક લાગે છે ! 'હાય, ગોટલા ચડી ગયા ! મરી ગયા જેવી દશા થઈ !' અહીં કોઈ સૂવાને ખાટલો આપે, તોય વસ્તુગત્યા ખેદ કંટાળો ઊપજ્યો છે, એટલે એથી સુખ નથી લાગતું. પણ જો પૈસા ચક્રવૃદ્ધિ વ્યાજ અને બહુમાન સત્કાર સાથે પાછા વળ્યા હોત, તો એના કેફમાં પેલો થાક ન લાગત. એમ અહીં મોહના કેફમાં સંસાર ખેદકારી નથી લાગતો.

મુનિ કહે છે તેમાં શું ખોટું છે ? સંસારનું આવું સ્વરૂપ ધ્યાનમાં રાખી રહે તો સંસારમાં રહેવાની હોંશ ન હોય. સંસાર તો દુશ્મનનું ઘર છે; અને મોક્ષ દુશ્મનનું ઘર નથી. દુશ્મનના ઘરમાં ભય, કંટાળો હોય, એ અકાળે વિચિત્રતા સર્જે છે, આપત્તિ ઊભી કરે છે, માટે ભય થાય; અને સરવાળે ભવભ્રમણ છે, માટે ખેદ થાય. ઊંડાણમાંથી તપાસો. **આ સંસારમાં દુઃખ, વિંટબણા, ત્રાસ, અપરાધ, પરાધીનતા, પરતંત્રતા, ગુલામી, ભય, વગેરે કેટલું ? એના અણુએ અણુમાં એ જ છે. હવે એમાં કાંઈ ઠરવા જેવું ?**

આવા સંસાર માટે કોઈ રગડાઝગડા, જૂઠ-અનીતિ, વૈર-ઈર્ષ્યા, મદ-માયા, વગેરે કોઈ પણ પાપ કરવા જેવાં છે ? કોની ખાતર કરવાં ? દુઃખમય વિટંબણામય સાંસારિક પદાર્થો ખાતર ?

ધન કહે છે, 'પણ પ્રભુ ! આ સંસાર તો સર્વસાધારણ છે, છતાં ક્યાં સૌને

ખેદ છે ? એટલે માનું છું કે આપને વિશેષ કારણ મળ્યું હશે. એ જાણવા માગું છું.'

મુનિ કહે, 'તું વિશેષ પૂછે છે એ સામાન્યની અંતર્ગત છે તો પણ તારી જિજ્ઞાસા છે તો હું કહું છું કે મારું પોતાનું ચરિત્ર સંસાર પર વૈરાગ્ય કરાવવાવાળું બન્યું.'

'ત્યારે ભગવન્ ! આપને કંઈ બાધા ન હોય તો વૈરાગ્યકારક એ આપનું ચરિત્ર કૃપા કરી કહો.'

ધનકુમાર કેટલોય ત્રાસ વેઠીને હમણાં જ ઘરે આવ્યો છે. હવે વૈભવી ઘરમાં ઠરી-ઠામ બેસી આનંદમાં મહાલવાનો અવસર આવ્યો છે, છતાં કેવી જિજ્ઞાસા એને થાય છે, એ જોવા જેવું છે.

ધનકુમારના આત્માની કક્ષા ઊંચી છે, તેથી ઊંચી જિજ્ઞાસા જાગે છે. કક્ષા ઊંચી લાવવા આ પણ એક ઉપાય છે કે જિજ્ઞાસા-આતુરતાઓ સુધારો.

આપણા આત્માની કેવી કક્ષા છે, ઉન્નતિની કે અવનતિની, એનું માપ જિજ્ઞાસા કેવી ઊઠે છે એના ઉપરથી મપાય છે. કેટલાકને એવી જિજ્ઞાસા થાય છે, કે 'ફલાણા થિયેટરમાં કઈ ફિલ્મ આવી છે ?' એવા આત્માની કક્ષા કઈ ? એ જ કે આંખે રૂડું રૂપાળું જોવા મળે તો બસ. આ ઇન્દ્રિય-ગુલામીની કક્ષા. એમ સંગીત શોખીનને રેડિયા વગેરેની ગુલામીની ને વ્યાપારીને બજારની ગુલામીની જિજ્ઞાસા. આજે માણસનું પારખું કરવું સહેલું છે. ન્યૂઝપેપર એની આગળ મૂકો, જુઓ પાનું ખોલે એ કોઈ બજાર-ભાવવાળું, ન્યૂયોર્ક શું, એનું પાનું જોશે. કોઈ દવાની જાહેરાત જોશે. કોઈ દુનિયામાં રગડા-ઝગડાનું, પોલિસકોર્ટનું ખોલશે. પોતાની આજ સુધી જેવી જેવી જિજ્ઞાસા છે, એવું પાનું ખોલાવાનું. અથવા વાત સાંભળવા બેસાડો; ખબર પડશે આ ભાઈ કેટલામાં છે.

આપણને દિવસમાં તુચ્છ પદાર્થની આતુરતા-જિજ્ઞાસા કેટલીય ઊઠે છે, સાધુ મળી જાય, તો પણ તત્ત્વની કે ધર્મની જ જિજ્ઞાસા જાગે, એવું નથી, ભાગ્યશાળીને જરૂર થાય કે સાધુ પાસેથી આત્મહિતની વસ્તુ સાંભળું, એને સત્ તત્ત્વની, સન્માર્ગની વિવિધ જિજ્ઞાસા થાય. પણ એ તો ઊંચી કક્ષાવાળાને. નીચી કક્ષાવાળો તો કહેશે, 'મહારાજ ! વખત ખરાબ છે. કહો ક્યારે સારો આવશે ?' સારો એટલે પૈસે-ટકે સુખ-શાંતિ અને આનંદથી રહીએ એવો, અથવા કહેશે, 'આપનો વાસક્ષેપ બહુ જ ચમત્કારિક છે ! ઘણા વખતથી હું માંદો રહું છું.' વગેરે. ઊંચી કક્ષાવાળાને તો જિનવાણી સાંભળવી છે, પૂછશે, 'અમારા આ સંયોગ છે; કોઈ સાધના શક્ય છે ?' ધર્મીપણાનો, સમજદારપણાનો ઠેકો રાખતાં પહેલાં માપ કાઢવાની જરૂર છે, આપણને જિજ્ઞાસા કઈ ઊઠે છે ?



ધનકુમારે એમ ન પતાવ્યું, કે 'માન્ય છે, આપ કહો છો એ ઠીક, બાપજી ! મત્થએણ વંદામિ,' એમ નહિ; પૂરી જિજ્ઞાસા છે, કહે છે, 'હરકત ન હોય તો એ વૈરાગ્યપ્રેરક ચરિત્ર સંભળાવો.' ઊંચી જિજ્ઞાસા હોય તો જ તાંત પકડાય કે આની પાછળ તત્ત્વ શું છે ?

**આત્માનું લેવલ (સપાટી) ઊંચે લાવવા આ કરવાની જરૂર છે કે અતત્ત્વની, તુચ્છ વસ્તુની, બીજાના દોષોની, વગેરે જિજ્ઞાસા બંધ કરી તત્ત્વ, ઉદાર વસ્તુ, અન્યના ગુણ, વગેરેની જિજ્ઞાસા કેળવતા જવી.**

જેવી જિજ્ઞાસા કરાશે તેના પર પોતાનું ઘડતર થશે. વારે વારે ખાનપાનની થતી જિજ્ઞાસા સૂચવે છે કે હૈયાને ખાનપાનની વાત બહુ ગમે છે. પૈસા ક્યાંથી મળે તેની જ જિજ્ઞાસા એટલે અર્થ-કામની ભારે લાલસા સૂચવે છે. વાતવાતમાં બીજાની ભૂલ દેખાય તો સમજવું કે અંદરમાં ઈર્ષ્યાનો અગ્નિ સળગી રહેતો હોય છે ! ઈર્ષ્યાનો કેટલો અગ્નિ સળગતો હોય ત્યારે પ્રતિક્રમણાદિ ક્રિયામાં મહાન સૂત્રોના ભાવ આત્મામાં ઓતપ્રોત કરવાના અવસરે નાદાન જીવને બીજાની ભૂલો જોવાનું સૂઝે ! આપણી જિજ્ઞાસાઓ આપણી ઉન્નતિ અવગતિનું માપક યંત્ર છે ! મસાણના નાકે ઊભેલા મસાણિયાને મડદાનું કફન મળે તો તેને શી જિજ્ઞાસા હોય ? 'હજુ એક વાગ્યો પણ મડદું કેમ આવ્યું નહિ ?' આવી જ ને ?

**એક ચામડાનો વેપારી અને એક ઘીનો વેપારી** વ્યાપારાર્થે પરદેશ નીકળ્યા. ચાલતાં-ચાલતાં એક ગામમાં પહોચ્યા. જમવું ક્યાં એનાં ફાંફાં મારતા હતા ત્યાં એક બાઈએ જોયું અને બોલાવ્યા, આવકાર આપ્યો. બાઈઓનાં હૃદય કોમળ હોય છે. પેલા બેને તો ભાવતું જ હતું, આવ્યા, બાઈએ બેસાડ્યા અને પૂછ્યું, 'ક્યાંથી પધારવું થયું ?'

'અમુક નગરથી.'

'ક્યાં જવાના ?'

'આ, અમે ચામડાંના અને ઘીના વેપારી છીએ, તે માલ લેવા જઈએ છીએ.'

'ભલે, અહીં રોકાઓ. અહીં કાંઈ ખોટ નથી. તમારું જ ઘર સમજજો !'

'ના, ના, રોકાવાનું તો ના બને, પેટ લઈને બેઠા છીએ.'

'ખરું, પણ મારે મન થાય કે અતિથિ દેવનાં મારે ઘેર પગલાં ક્યાંથી ? જેટલું રહેશો તેથી અમને આનંદ થશે !' હૃદય કેટલાં ફોરાં હોય તો થાય, કે 'આ બે મફતનું ખાઈ જશે.' પણ આ કઠણ કાળા સીસા જેવા હૃદયની વાતો છે. ફોરા ઊજળા હૃદયને તો લાગે, કે 'મારું લેખે લાગ્યું, અતિથિના પેટે પડ્યું તો ! અમારી પાપલક્ષ્મી સફળ થઈ ખાવાનો રાજીપો નહિ, પણ ખવરાવવાનો રાજીપો ! લૂંટવાનો

રાજીપો નહિ, પણ દેવાનો રાજીપો ! આનું જ નામ આર્ય, અને ઊંધું કરે એ અનાર્ય. અંદરમાં માપી લેવું કે શામાં આપણો રાજીપો છે ? બાઈએ રસોઈ બનાવી, જમવા બોલાવ્યા. એકને અંદર બેસાડ્યો, બીજાને બહાર. ભોજન પીરસ્યું, બંને ખુશ થયા, જમ્યા. જમીને કહે છે, 'હવે જઈશું બહેન !'

'અમારાથી શું બોલાય ? ઘરમાંથી દેવતાનો વાસ જાય તેમાં 'સારું ભલે' કેમ બોલાય ?' 'અતિથિ એટલે દેવ' આ કલ્પના પર જ છે ને ? એ યુગ હતો કે દીકરા-દીકરીને માતા-પિતાને દેવ સમજી તન તોડીને સેવા કરવાની લગનીઓ હતી ! કલ્પના ફરી ગઈ. આજે કહે છે. 'માતાપિતા એટલે દેવ ? કયા શાસ્ત્રમાંથી લઈ આવ્યા ?' ખબર નથી, બાલોતિયાં સાફ કરીને મોટા કર્યા, સમજદાર કર્યા, ખવરાવ્યા, પીવરાવ્યા ને પછી પરણાવ્યા. આ ઉપકાર ઓછો છે ? એ કયાં લક્ષમાં લેવો છે ? એને તો માબાપ એની વહાલી નવી વહુને માનભેર સાચવે તો દેવતા જેવા. વાસનાના ગુલામને બીજી શી કલ્પના હોય ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૯,અંક-૧૦,તા.૧૯-૧૧-૧૯૬૦

બાઈ અફસોસ સાથે કહે છે, 'ભલે જાઓ, એમ તો કેમ કહું ? પણ પાછા વળો ત્યારે અહીં જરૂર પધારજો, રોકાજો. કહો કબૂલ ને ?' કબૂલ કરવું પડે છે; બાઈ વળાવું કરે છે. પેલા બંને વિચારે છે, 'શું જગતમાં દેવ જેવા માણસો મળે છે !' ખરીદી કરીને પાછા આવ્યા. બાઈએ પાછા આવકાર્યા અને જમાડ્યા, પણ પૂર્વે બહાર બેસાડેલાને આ વખતે અંદર બેસાડ્યો, અને અંદર બેસાડેલાને બહાર બેસાડ્યો. આટલો ફેર કર્યો ! કોણ બહાર ને કોણ અંદર ? જતી વખતે ઘીના વેપારીને અંદર, ને ચામડાંના વેપારીને બહાર; ખરીદીને પાછા આવતાં ઊંધું કર્યું. જમીને બેઠા એટલે પૂછે છે, "આ એક ખબર ન પડી કે ઊલટ-સૂલટ કેમ બેસાડ્યા બહેને ?'

'અરે ! તમે તો વેપારી, હું તો અભણ સ્ત્રી ! તમે આટલુંય સમજી શક્યા નહિ ?'

'ના, ન સમજાયું !'

'સામાન્ય વાત છે, તમારી જિજ્ઞાસાના અનુસારે તમને સ્થાન આપ્યું હતું. જતી વખતે તમારા મનમાં શું હતું ? જેને ઘી ખરીદવું હતું તેને એમ હતું, કે 'જ્યાં વરસાદ ખૂબ પડે ત્યાં જઈએ તો ઠીક, જાનવર ને ઘાસ બહુ હોય તેથી ત્યાં ઘી સસ્તુ મળે.' ભાવના સારી હતી તેથી એને અંદર બેસાડેલા. ચામડાના વેપારીને



શું હતું ? 'જ્યાં દુકાળ પડ્યો હોય ત્યાં જાનવર બહુ મર્યા હોય; તો ખૂબ સસ્તાં ચામડાં મળે !' તેથી તેને ભાવના ખરાબ હોઈ, બહાર બેસાડ્યો હતો ! હવે જિજ્ઞાસા ફરી. ઘીના વેપારીને થયું, કે 'આપણા દેશમાં દુકાળ પડે તો સારું, જેથી ઘી મોંઘું થાય, મારે નાણાં સારાં ઊપજે.' ચામડાંના વેપારીને એ જ થયું કે સુકાળ થાય તો સારું, જાનવર મરે નહિ, ચામડાં મોંઘાં થાય, તો મારાં ચામડાંના પૈસા સારા આવે. બસ, નરસી-સારી ભાવનાના હિસાબે ઊલટા બેસાડ્યા.'

આ સાંભળી બંને કાનપટ્ટી પકડી ગયા ! કહે છે, 'આ શું કહો છો તમે ?'

'એ જ કે ઘીની ખરીદી વખતે દેવનું હૈયું હતું, ને ઘીનું વેચાણ કરવું છે, ત્યારે હૃદય દાનવ જેવું. ચામડાની ખરીદી વખતે કસાઈ જેવું હૃદય, અને વેચાણ કરતાં દેવનું હૃદય.' ચોવીસ કલાકમાં આપણને કેવી જિજ્ઞાસાઓ ઊઠે છે, તેના પર આનું માપ નીકળે ! માણસ એનો એ, જીવવાનું એનું એ, પણ કલ્પના ફરી માટે ભાવના સારી નરસી થાય છે. ઘીનો વેપારી જાણે કે ઘીની તંગી થવા માટે કેમ વરસાદ ઓછો પડે ! અને ચામડાંવાળાને નાણાં વધારે ઉપજાવવાં છે, તો ઢોર જીવતાં હોય તો જ ઊપજે, એટલે એને એમ રહે, કે કેમ વરસાદ પાણી સારાં થાય. આપણે જ આપણી જાતનું માપ કાઢી શકીએ છીએ. જિજ્ઞાસાઓ કેવી જાગે છે તેના પર માપ કાઢો કે આપણી કક્ષા કઈ ? ઠેઠ સાધુનો વેશ લેવા માત્રથી આત્માની ઉન્નતિનું સર્ટિફિકેટ મળે નહિ ! જોવું પડે કે આપણામાં આતુરતા કેવી ઊઠે છે ?' જો એમ થાય કે 'દાદરે કોણ ચઢ્યું ?' આવું થતું હોય તો સમજવું પડે કે હૈયામાં શાસ્ત્રની જોરદાર ભૂખ નથી, તત્ત્વરમણતા નથી, પણ બાહ્યવૃત્તિ છે ! બાહ્યવૃત્તિને દેશવટો દેવો હોય ને જ્ઞાનની ભૂખ જગાડવી હોય, તત્ત્વોને સદા મનમાં રમતાં રાખવાં હોય, તો 'કોણ આવ્યું ? કોણ ગયું ? આ શું કરે છે ? પેલો શું કરે છે ? પૈસા ક્યારે મળશે ? માણસ ક્યારે આવશે ?' વગેરે તુચ્છ જિજ્ઞાસાઓને પહેલી તકે દૂર કરવી જોઈએ.

તમે પૂછશો; 'આવા તરંગો ચાલ્યા જાય તે આપણા હાથની વાત છે ?'

હા, જીવને કહીએ કે 'ઘણી કક્ષાઓ વટાવી તું ઊંચે આવી ગયો છે ! નિગોદ, એકેન્દ્રિયાદિ, પંચેન્દ્રિય, સંમૂર્ચ્છિમ, ગર્ભજ તિર્યંચાદિની કક્ષા વટાવી, હવે તું મનુષ્ય, તેમાંય આર્ય, તેમાં પણ જૈનકુળે. તેમાંય દેવ-ગુરુના સંયોગમાં તું આવેલો ! ઘણી ઊંચી કક્ષા ને ? ત્યાં તુચ્છ મલિન વિચાર કરવાના ? કે આત્માના ગુણો કેમ કેળવાય તેનો વિચાર કરવાનો ? અવસર સારો મળ્યો, ત્યારે જુએ છે આ શું ને તે શું છે !, ઈત્યાદિ વિચારણા રાખવાથી અધમ જિજ્ઞાસા-આતુરતાઓ રોકી શકાય. નહિ રોકો તો દસ મિનિટના ચૈત્યવંદનમાં અડધી મિનિટ ભગવાન

સામે જોવાનું, બાકીની સાડા નવ મિનિટ શું જોવાનું ? આત્માની ખાડામાં ડૂબેલી સ્થિતિ હોય ત્યારે આવી જિજ્ઞાસાઓ રમતી હોય; ને ઊંચે આવેલી હોય તો આવી જિજ્ઞાસાઓ મરવા પડી હોય. હલકી જિજ્ઞાસાઓ દાબવા માટે નિર્ધાર કરો, 'પ્રભુનાં દર્શન-ચૈત્યવંદન આખામાં પ્રભુ સિવાય કાંઈ બીજું નહિ જોઉં, ને તે પ્રમાણે કડક મનથી અમલ કરો.' એવું બીજા શાસ્ત્રાદિ સારાં આલંબનને સ્થિર દૃષ્ટિએ જોવાં.

પ્રભુને જોવામાં ખૂટે એવું નથી. અનંત વાતો છે પ્રભુની જોવા જેવી ! પ્રભુ કેવા સ્વરૂપના ? પ્રભુનું જીવન કેવી કેવી સર્વોચ્ચ સાધનાના પ્રખર પુરુષાર્થમય ને પ્રબલ પરાક્રમમય ? પ્રભુના ગુણો કયા કયા અને કેવા ઉચ્ચ ? પ્રભુની શક્તિ, અતિશયો, કયા અને કેવા અચિન્ત્ય ? પ્રભુના સાક્ષાત્ અને તત્ત્વદેશના દ્વારા કેવા અગાધ ઉપકાર ? આવું બધું ઘણું જોવા જેવું છે. મનને થાય 'અહો, પ્રભુ કેવા ! અને પ્રભુની સામે હું ક્યાં ?' ઉપાશ્રયમાં પેઠા, જિજ્ઞાસા શી હોય ?

મારા આત્માને શું જોઈએ છે ? જડની દુકાન ભૂલો તો ઉપરની દુકાને જવાય !

ધર્મની જેમ બીજી સાધનાઓ સમજો છો તેમ આ પણ એક સમજી લ્યો કે આપણા જીવનમાંથી પાપી, નિરુપયોગી ને ક્ષુદ્ર વિચારણાઓ કાઢી નાખવી. હલકી જિજ્ઞાસામાં જ મરીએ છીએ, મન આહટ્ટ-દોહટ્ટ રહે છે ! એટલે જેમ જે દૂધમાંથી ઘી નીકળે એવું હોય, તે દૂધને જો વારે વારે માંહી હાથ નાંખી હલાવ્યા કરે, તો તે દૂધ ફોદો, ઉકરડે નાખવા જેવું થાય ! જે બીજમાંથી સુંદર પાક થાય એવું હોય તે બીજનો નાનો છોડ થતાં જ તેને ઊંચકી ઊંચકીને બીજે દાટે એમ ચાર મહિના સુધી ફેરવ્યા કરે, તો તે ચાર મહિને ખત્મ થઈ જાય ! બસ, એમ આપણું આ આહટ્ટદોહટ્ટ મન તેવું છે. કંઈ વળે નહિ એમાં. એ ચરવળા-ઓઘાનેય નબળા બનાવી દેશે !

તમારું મન આવું નથી ને ? મામુલી જિજ્ઞાસા ઊઠતી નથી ને ? વીતરાગનું દર્શન, જિનવાણીનું શ્રવણ ને પરમેષ્ઠીનું ધ્યાન, તે કોહિનૂર જેવી વસ્તુઓ છે એ જો માન્યું હોય, તો મનમાં બીજી ફજુલ વિચારણા ઊઠવા જગા ન રહે. કોઈને કોહિનૂર હીરો જડી જાય કે મળી જાય, તો મન એની જ વિચારણામાં કેટલું બધું સ્થિર બની જાય ! ફજુલ વિચારણાઓ કેવીક બંધ થઈ જાય ! તો અહીં પણ ઊંચાં આલંબનો બહુ બહુ કિંમતી છે, એવી ભાવના વારંવાર ભાવ્યા કરો. એથી એનું ભારે મમત્વ થતાં તુચ્છ જિજ્ઞાસાઓ રવાના થશે. સામે વીતરાગની મૂર્તિ છે, યાને જિનવાણીનું શ્રવણ છે, કે અરિહંતનું ધ્યાન છે, તે વખતે બીજું કાંઈ શ્રવણ, દર્શન, ને ધ્યાન પ્રવેશ ન પામી શકે. 'દર્શનાદિ વખતે બીજું કંઈ જોવું નહિ; દર્શન, પૂજન અને ચૈત્યવંદન વખતે ધ્યાન વીતરાગ સિવાય બીજાનું નહિ,' આટલું બનશે ?



બોલો. વ્યાખ્યાનમાંથી કાંઈ લેવા આવો છો ને ? કે માત્ર સાંભળવા ? આમાં ક્યાં કઠિન છે ? ભગવંતના દર્શનાદિ વખતે બીજી જિજ્ઞાસા-આતુરતા સેવી ફાંફાં મારવામાં શું મળે છે ?

જીવની જિજ્ઞાસા કેટલી ભૂંડી હોય છે ! દસ વર્ષ સુધી તાવ આવ્યો ન હોય, પણ રાત્રિભોજનના ત્યાગની વાત આવે તો ઝટ જિજ્ઞાસા થશે 'કદાચ માંદો પડું તો ? તાવ આવે તો શું થાય ?' ખોટી જિજ્ઞાસાઓને દાટો; મેલીઘેલી જિજ્ઞાસાઓની ઘેલછા છોડો.

ધ્યાન રાખજો આ મેલી કે તુચ્છ જિજ્ઞાસા-આતુરતાઓએ નુકસાન ઓછું નથી કર્યું. એણે અનેક કુસંસ્કારોને પુષ્ટ રાખ્યા છે, એથી મેલાં આકર્ષણો, કુવિકલ્પો, દુર્ધ્યાન-દુર્ભાવનાઓની પરંપરા ચાલુ રહી છે, તેથી પાપ, દુષ્કર્મ તથા દુઃખનો પ્રવાહ ચાલ્યો આવ્યો છે, એટલું જ નહિ પણ તત્ત્વજ્ઞાન, પરમાત્મધ્યાન, શુભ ભાવનાઓ વગેરેની ધારા ચાલી શકતી નથી. કદાચ સદ્ઉપદેશ સાંભળ્યો, સત્શાસ્ત્ર વાંચ્યું, પ્રભુનાં દર્શનસ્તવન કર્યાં. પણ બંધ મગજે કર્યાં, અથવા એમાં કદાચ ચિત્ત પરોવી મગજ ખુલ્લું રાખ્યું તો પણ એ ક્રિયા બંધ થતાં તો મગજ એના માટે બંધ થઈ જ ગયું; ને પેલી કુજિજ્ઞાસાઓ પાછળ મગજમાં એની ગડમથલ ચાલુ થઈ જ ગઈ. આ સ્થિતિમાં એ દર્શન-શ્રવણ-વાંચન-સ્તવનનો મગજમાં પ્રવાહ ક્યાંથી ચાલે ? વિચારો દુર્દશા ! દુન્યવી વાત-વસ્તુનાં દર્શન-શ્રવણ-વાંચન બંધ થવા છતાં મગજ એના માટે ઉઘાડું રહે છે. ત્યારે આત્મહિતની વસ્તુ માટે તો એ બંધ થતાં મગજ પણ બંધ થઈ જાય છે, આમાં ક્યાંથી ઉદ્ધાર થાય ?

બસ, આ કરવાની જરૂર છે, શુભ ક્રિયા ભલે બંધ થઈ પણ મગજ ખુલ્લું રહેવું જોઈએ. એ તો જ બને કે મેલી અને તુચ્છ જિજ્ઞાસાઓને રોકવામાં આવે. એ રોકવા માટે પણ આ જ ઉપાય છે કે ક્રિયા બંધ પડે છતાં મગજ ખુલ્લું રાખવાનો અભ્યાસ કરીએ, દર્શન કેટલી મૂર્તિ, સાંભળેલી ઉપદેશની વસ્તુઓ, વાંચેલી શાસ્ત્રની વાતો, કે ગાયેલા સ્તવન-સ્તોત્રના ભાવ મગજમાં ઘુમાવ્યા કરીએ, ઘૂમતા રાખવાનો અભ્યાસ કર્યે જઈએ.

સાથે આ પણ કરીએ કે હલકી મેલી જિજ્ઞાસાઓને બદલે સારી ઉમદા પવિત્ર જિજ્ઞાસાઓનો અભ્યાસ કર્યે જઈએ. એ કેવી હોય ? આવી, કે 'ભગવાન અરિહંત પ્રભુ દીક્ષા લઈને એવા કેવા ધ્યાનમાં રહેતા હશે કે એમની આજુબાજુ જગતમાં શું ચાલી રહ્યું છે,' યાવત્ પોતાની કાયા પર કેવા ભારે પણ જુલ્મ વરસી રહ્યા છે, એનો કોઈ ખ્યાલ નહિ. એ ધ્યાનમાં શું ચિંતવતા હશે ? ભગવાન કેળવજ્ઞાનથી પાસે રહેનારના આંતરિક ભાવો, દોષો સાક્ષાત્ દેખતા હોય, છતાં

એમની સાથે પ્રભુ ગંભીરતાથી શી રીતે રહેતા હશે ? અરિહંતાદિ નવપદનાં સાક્ષાત્ આપણા જીવનને સ્પર્શે, મનને ઉલ્લાસિત કરે એવાં શાં રહસ્ય થશે ?... નવપદ, નવતત્ત્વ, ચૌદ ગુણસ્થાનક, ક્ષમાદિ દશ ધર્મ, વગેરેના એવા જ ક્રમ કેમ ? એના વિસ્તારમાં શું આવે ? દુનિયાના પદાર્થો જે નજરમાં કે અનુભવમાં આવે છે, એમાં ઊંડાં પરિણામ કેવાં છે ? એ કેમ સુખ-દુઃખરૂપ લાગે છે ? શું ખરેખર એમાં સુખ-દુઃખ છે કે કોઈ બીજા નિમિત્તે સુખ-દુઃખની કલ્પના થાય છે ? એ પદાર્થોનો ભૂતકાળનો દીર્ઘ ઇતિહાસ શો હશે ? એવું જ જીવનમાં બનતી ઘટનાઓમાં ઊંડાં કારણ શાં છે ? એનાં પરિણામ શા છે ?...ઇત્યાદિ ઇત્યાદિ જિજ્ઞાસાઓ કેળવાય, એની પાછળ તત્ત્વ ખોજાય, તો હૈયું નિર્મળ અને ફોરું બનતું આવે, તત્ત્વચિંતનને લીધે, મેલી અને તુચ્છ જિજ્ઞાસાઓને દેશવટો મળે.

ધનકુમાર આવી જિજ્ઞાસાથી પૂછે છે 'ભગવન્ આપને મહાન વૈભવ-વિલાસની સ્થિતિમાં વૈરાગ્ય કેમ થયો ? એનું વિશેષ કારણ આપનું ચરિત્ર કહો છો, તો તે કેવું છે ? કૃપા કરીને સંભળાવો.'

મુનિ વિચારે છે કે 'આ કલ્યાણ આકૃતિ અને પ્રશાન્ત મુદ્રાવાળો છે, તો ઊંચી વસ્તુ જે વૈરાગ્ય, એ પામવાની યોગ્યતા ગણાય, તો પછી ચરિત્ર સંભળાવવા દે; એથી નથી ને સાંભળીને વૈરાગ્ય પામી જાય.'

આવો આત્મા જોઈ મુનિને શી ભાવના થઈ ? સંસાર પર વૈરાગ્ય થઈ જાય. મુનિ તો આવું જ ઇચ્છે, 'બે અક્ષર કહીએ, પરિચયમાં આવવા દઈએ, કોઈ પણ હિસાબે એને સંસાર-સ્વરૂપનું ભાન થઈ જાય.'

## • વૈરાગ્ય ક્યાં જોઈએ ? •

**વૈરાગ્ય ક્યાં જોઈએ ?** માત્ર ચારિત્ર, વ્રત, નિયમમાં જ ? ના, સમ્યક્ત્વની ભૂમિકા સર્જવામાંય વૈરાગ્ય જોઈએ. જીવ ચરમાવર્તમાં આવે, ત્યાંય કર્મલઘુતા થાય તો ત્યાં વૈરાગ્ય પામે, પછી સમકિત આવે ત્યારે આજે કેટલી ગેરસમજૂતી છે ? ચારિત્ર લીધું કે લેવું છે, એને જ વૈરાગ્ય હોય, બાકી નહીં, કેમ ? જો જો વૈરાગ્ય નહીં તો ધર્માત્મા નહિ. વૈરાગ્ય વિના શ્રાવક બન્યો હોય એમ બને ? ના, વૈરાગ્ય તો સમકિતનાય નીચે પગથિયે જરૂરી છે. સંસાર ખટક્યો, મોક્ષની રુચિ જાગી, એ તો મિથ્યાદૃષ્ટિને પણ હોય. એને સંસાર પરથી ભાવ ઊઠી ગયો. માત્ર હવે એમાં સર્વજ્ઞ શ્રીજિનેશ્વરદેવો પ્રત્યે અથાગ પ્રીતિ અને એમના શાસન ઉપર એમની આજ્ઞા ઉપર અનન્ય વિશ્વાસ થવો બાકી છે. વૈરાગ્ય જ તાણી લાવશે, સંસાર પર આસ્થા, પક્ષપાત, હૂંફ હશે, ત્યાં સુધી જિનવચન નહિ જચે. સંસારવાસ અસંગત



લાગે, અસંમત બને, અર્થાત્ એના પર વિરાગ જન્મે અને વીતરાગના વચન પર હાર્દિક શ્રદ્ધા જાગે, ત્યારે જીવને સમકિતની મહોર છાપ લાગે, ને ચોથે ગુણઠાણે આવે. એમાં પુરુષાર્થ બળે સ્થૂળપ્રાણાતિપાત વિરમણ-વ્રત વગેરેમાં આવે, તો દેશવિરતિ, પાંચમું ગુણઠાણું પામે. આગળ વધતાં અહિંસાદિ મહાવ્રતો આવ્યે સર્વ વિરતિ પામે. વૈરાગ્ય પહેલે ગુણઠાણે, સમકિત ચોથે, દેશવિરતિ પાંચમે અને સર્વ વિરતિ છઠ્ઠે ગુણઠાણે પામે, સમકિતનાં પાંચ લક્ષણોમાં નિર્વેદ છે, એ શું છે ? વૈરાગ્ય. જો વૈરાગ્ય નહિ, તો સમકિત કેટલું રહે ? જરાય નહિ. જૈનપણું એટલે સમકિત. જિનનો અનુયાયી જિનના કહેલા અક્ષરે-અક્ષરને માનનારો હોય. જિન કહે છે, 'સંસાર અસાર, મોક્ષ એ જ સાર, મોક્ષનું સાધન ધર્મ એ જ સાર.'

**નારક ચારક સમ ભવ ઉભગ્યો, તારક જાણીને ધર્મ;**
**ચાહે નીકળવું-નિર્વેદ તે, એહિ જ પ્રવચન મર્મ.**

અર્થાત્ કુલ સંસારને નારકી જેવો, ચારક-જેલખાના જેવો સમજી ઉભગી ગયો અને ધર્મને જ તારક સમજ્યો એ નિર્વેદ, વૈરાગ્ય. એ જ પ્રવચનનો મર્મ છે, જૈનશાસ્ત્રોનું રહસ્ય છે.

કહો, વૈરાગ્ય ક્યાં આવ્યો ? સમ્યક્ત્વમાં આવ્યો ને ? એ વૈરાગ્યની માત્રા વધતી જાય અને આત્માનો વીર્યોલ્લાસ ખીલી ઊઠે, ત્યાં ચારિત્રનાં પરિણામ જાગી જાય. યશોધર મુનિ ધનકુમારમાં એ ઇચ્છે છે, માટે પોતાનું ચરિત્ર કહેવા તૈયાર થાય છે.

## • યશોધર મુનિની આત્મકથા •

સમરાદિત્યનો જીવ ચોથા ભવમાં ધનકુમાર સુંદર જિજ્ઞાસા બતાવે છે, તેથી મહાત્મા યશોધર મુનિને લાગે છે કે આ કલ્યાણ આકૃતિવાળો અને પ્રશાંત મુદ્રાવાળો જીવ કદાચ મારું ચરિત્ર સાંભળીને વૈરાગ્ય પામી જાય, એ સાચું છે કે ઉદ્ધત આકૃતિવાળો અને ઉકળાટની મુદ્રાવાળો વૈરાગ્ય પામે એ આશા ઓછી. મુનિ ધનકુમારને કહે છે, કે 'જો તારે મારા વૈરાગ્યનું વિશેષ કારણ જાણવું છે, તો સાંભળ.' એમ કહીને મુનિ પોતાની આત્મકથા કહે છે.

'આ જ ક્ષેત્રમાં વિશાલા નામની નગરી છે. એમાં એક અમરદત્ત નામે રાજા થઈ ગયા. એમની રાણી હતી યશોધરા. આજથી નવમા ભવે હું એમનો પુત્ર હતો. મારું નામ હતું સુરેન્દ્રદત્ત. યુવાન થતાં મારાં લગ્ન થયાં. પત્નીનું નામ નયનાવલિ હતું. સંસારની ઘટના મુજબ મને પત્ની પર અથાગ રાગ હતો. પિતાએ મને રાજ્ય આપીને ચારિત્ર લીધું. હું પણ સમકિતના રંગથી વાસિત થયો.

સમ્યક્ત્વનો રંગ એટલે ? શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા ને આસ્તિકાયનો રંગ ! એમાં સંસાર-અગર જેવો ખારો, ઝેર જેવો કટુ દેખાયો. છતાં મારી પત્ની નયનાવલી પર મારું મન ઘણું મોહિત હતું. સમજતો હતો કે ખોટું થાય છે, છતાં હું વાસનાને વશ હતો ! વિકારોથી ઘેરાયેલો હતો ! એક બાજુ પરમાત્મા અને એમનાં વચન પર તો અવિહડ ધર્મરાગ, ને બીજી બાજુ પત્ની પર મોહરાગ ! તેથી અંતરમાં ધર્મશ્રદ્ધા છતાં રાજ્યવૈભવ સાથે નયનાવલિનાં વિષયસુખો ભોગવતો હતો.

એમાં એક વાર ધર્મદૂત આવ્યો ! કોણ ? માણસના કપડે નહીં, પણ પળિયારૂપે-ધોળા વાળના રૂપે આવ્યો, ને મારી રાણીની ખાસ દાસી સારસિકાએ તે બતાવ્યો. ત્યાં હું ચોંક્યો ! 'ઓહો ! શું હું ધારતો હતો ? મારું રાજ્યપાટ ! આવી પ્રાણપ્યારી મહારૂપાળી પત્ની ! સાથે વૈભવ-વિલાસ ! ખૂબ આનંદ છે ! એવી નિરાંતવાળો હું જાણે આ બધું શાશ્વતું ! પણ આ પળિયો આવ્યો !'

શાની ભડક લાગી ? પળિયો આવ્યાની ! ડૉક્ટર ટી.બી., ક્ષય લાગ્યાનું કહેલી તો કેવી ભડક લાગે છે ! ત્યારે પળિયાય શું છે ? ઘસારો, ક્ષય જ ને ? એની ભડક નહિ ? સાંભળો, એ જાણે કહે છે, 'હવે આ ડેરા-તંબુ ઉપાડવાની તૈયારી કરો ! દુશ્મન મૃત્યુનો હું દૂત ચેતવવા આવ્યો છું પણ ધર્મ કરી લેવા કહેવા આવ્યો છું', માટે હું ધર્મદૂત !

મુનિ કહે છે, 'પળિયો જોતાં જ મારા અંતરનો વૈરાગ્ય વધી ગયો. મને થયું, અરે આ જીવતર આવું ચંચળ ! પુદ્‌ગલનું આ પરિવર્તન ! માનવ જન્મ પણ અંતે કૂચા ! છતાં મહામોહનો આ પ્રભાવ ! મારી તો છાતી જ બેસી જવા જેવું થઈ ગયું.'

થાય જ ને ? જીવને લાગે છે, કે 'હજી તો મારે ઘણું જીવવાનું છે;' પણ ના, પળિયો તો કહે છે, 'હવે તો નજીકમાં જ મરવાનું !' પુદ્‌ગલની કેવી વિચિત્રતા ! જે સ્થાને કાળા ભમ્મર જેવા વાળ ઊગતા હતા, તેની તે જ કાયા હોવા છતાં એમાંથી ધોળા વાળ ઊગ્યા ! ફેર ક્યાં પડ્યો ? ખોરાક ફેરવ્યે જો ફરતું હોય તો માણસ ખોરાક બદલે જ નહિ ! માણસ કાચો નથી ! પણ એનું ચાલતું નથી. વાળ ધોળા થવા, દાંત પડવાથી બોખા થવું, ચામડીમાં કરચલી વળવી, આંખમાં ઝાંખાશ આવે, મોઢાના દરિયામાં દાંતની નૈયા ડોલવા માંડે, શું આ બધું ગમે છે ? ના, જરાય નહિ; પરંતુ એ આવી પડે છે. શાસ્ત્રકારો તો બાલપણાથી ધર્મ સેવવાનું કહે છે, જ્યારે મૂર્ખ માનવ યમની નોટિસો આવી ત્યારે પણ વિશ્વાસે ચાલ્યો જાય છે. એ સમજતો નથી કે હજી ય હું મૂઢ-ગમાર બેસી રહ્યો છું ! આ તો મને કહે છે :-



**'ચેત તો ચેતાવું તને રે, પામર પ્રાણી !'** જો નહિ ચેતે તો સમજી રાખજે કે એકી કલમે ડબ્બા ગુલ ! જીવનનો દીવો બુઝાવી નાખીશ. જે કાયા પર ૮૮મી સાલગીરી જોવાનો વિશ્વાસ હશે, તે કાયા ૬૮મી સાલ જોવા નહિ પામી શકે ! મધમાખીઓ મધપૂડાને ઘણું વળગીને બેસી જાય છે, પણ બધું એનું ધાર્યું થાય છે ? કોણ એને ચેતાવતું હોય છે, કે 'તું ખાઈ લે !' ના, પણ એ તો ભેગું કરવાનું ! પછી ? વાઘરીના સકંજામાં !

**'મધમાખે ભેળું કીધું, નહીં ખાધું નહીં દીધું,**
**વાઘરીએ લૂટી લીધું રે, પામર પ્રાણી...ચેત તો ચેતાવું૦'**

સુરેન્દ્રદત્ત રાજા વિચારે છે, 'પળિયો આવ્યો ! પુદ્‌ગલની આ વિચિત્રતા ! જીવનની આ ચંચળતા ! મારી આંખ આગળ ઘણાંને કચડાઈ જતાં જોયાં ને હું પણ એક દિવસ જમરાજથી ઉપડાઈ જઈશ છતાં હું હજી પાપમાં પડી રહ્યો છું ? પાપ તો પિશાચ છે, તેની દોસ્તી જીવતા જીવે ન છૂટે તો હું ધર્મી પિતાનો પુત્ર શાનો ? માનવભવે ય ધર્મ નહિ ? મનુષ્ય જીવનનીય આ અસારતા ? મનુષ્ય તરીકે જન્મીને શું કર્યું ?

વિચારો, ઇન્દ્રિયો મળી તો કેવા મદ-મસ્તાન બન્યા ! આંખ મળી, શા માટે રસીલી બાયડી સામે ધારી ધારીને ન જોઉં ? જીભ મળી છે, તો શા માટે મેવા-પકવાન્ન ન ઉડાવું ! કાન મળ્યા છે, તો ગણિકાનાં ગીત કેમ ન સાંભળી લઉં ? નાસિકા બળવાન છે તો સુગંધી પદાર્થ કેમ ન સૂંઘી જોઉં ? સ્પર્શનેન્દ્રિય છે, તો સુંવાળા સ્પર્શ શા માટે છોડું ? ઇન્દ્રિયો બુઠ્ઠી હોત તો જુદી વાત હતી.' આ કેટલી ભયંકર ઘેલછા કરી ? મનુષ્ય જીવનમાં મળેલી અણમોલ શક્તિઓ, જબરદસ્ત કાયા, લોખંડી મન, આ બધાંનો ઉપયોગ વીતરાગની આજ્ઞાની આરાધનામાં કરવો હોત તો થઈ શકત, પણ બધું મેં ગટરમાં નાખ્યું ! મારી પાસે જે મન છે, તેનાથી મેરુ જેવી સ્થિર ક્ષમાને કમળ જેવી કોમળ નમ્રતા રાખી શકાય.

**આ બળ છે મનનું. ક્ષમામાં બળ ગુસ્સો કરવાના બળ કરતાં વધુ જોઈએ ! ક્રોધી મન નિર્બળ છે ! ક્ષમાશીલ મન બહાદુર છે. અભિમાની મન નબળું કહેવાય : નમ્ર-વિનયી-કોમળ મન બળવાન કહેવાય;** કેમ કે એમાં વધારે બળ આપવું પડે છે. જેવું મનમાં, તેવું વચન અને કાયામાં. સ્વાર્થની ભારે મજૂરી કરતાં પરની નિઃસ્વાર્થ સેવા કરનારી કાયા વધુ બલવાન છે. માટે વિચારો, કે મનુષ્યજીવનનાં તન-મન મળ્યાં છે તો એનાંથી સંઘ ને સાધર્મિકની જેટલી સેવા બને તેટલી કરી લઉં ! જીવદયા જેટલી પળાય તેટલી પાળી લઉં ! ઊંચી ત્યાગ-તપસ્યાની બને તેટલી આરાધના કરી લઉં ! કાયા તપમાં બહાદુર બનાવવા માટે

મળી છે, મહામુસીબતે મળી છે ! ઉત્તમ દેવ-ગુરુના યોગ મળ્યા છે ! રેંગડા-પેંગડા વિચાર નહીં કરવાના ! બધું પોતાની કલ્પના પર છે. સુરેન્દ્રદત્ત વિચારે છે, 'મારું મનુષ્યપણું કેવું ! ઘણું તો જેમ તેમ તણાઈ ગયું ! છતાં હજુ જે બચત છે તેનો મારે સદુપયોગ કરી લેવો જોઈએ.'

સદુપયોગ ક્યાં ? વીતરાગ અને એમની આજ્ઞાની સેવા કરી લેવામાં. એનાં બહુ ઊંચાં ફળ છે ! આના પર ચોટ નથી હોતી એટલે શુભયોગની સાધનામાં એટલો ઉછરંગ-ઉત્સાહ નથી હોતો, કંટાળો આવે છે ! શાસ્ત્ર તો થોડી પણ સાધનાના મહાલાભ કહે છે, માત્ર પાંચ મિનિટ પણ પરમાત્મા પ્રત્યે જોવાઈ જાય, તે દૃષ્ટિએ આપણને અઢળક પુણ્ય આપ્યું ! જે કાનથી જિનવાણી થોડી પણ સંભળાઈ ગઈ, તેણે પણ અઢળક પુણ્ય આપ્યું ! જે જીભેથી પ્રભુનું નામ રટણ થઈ ગયું, એ જીભે પણ અઢળક પુણ્ય આપ્યું ! જે હૃદયમાં પરમાત્માને બે મિનિટ પણ વસાવ્યા, એટલા વખતમાં આપણને અઢળક પુણ્ય મળ્યું ! જે નાસિકાએ દૂરથી સુવાસ લીધી, કે આ નૈવેદ્ય ભગવાન પાસે લઈ જવા લાયક છે કે નહિ ! તો આ નાસિકાએ અઢળક પુણ્ય આપ્યું ! ટૂંકમાં એક જ લત જોઈએ કે મારી ઈન્દ્રિયો-મન-વચન-કાયા અને સામગ્રીને ધર્મ-સાધનાના માર્ગે કેમ જોડું ? સેવકને સેવ્યની સેવામાં કેમ ન યોજું ?' હજી અમલની વાત પછી, પણ તેના મનોરથ કરવા લાગ્યા, ત્યારથી અઢળક પુણ્ય !

રાજા વિચારે છે, 'મહામોહનો મારા પર પ્રભાવ કેવો ઉઘાડો દીવા જેવો દેખાય છે, જો એ ન હોત તો મારા જિનની જ શરણાગતિ મેં લીધી હોત; જીવન ચારિત્ર ધર્મને જ સોંપ્યું હોત ! પાપી મહામોહથી કોહિનૂર છોડી કાચના ટુકડાને વળગી બેઠો છું !

વળી જો મહામોહનો પ્રભાવ ન હોત તો રોજ ને રોજ આ દિવસ અને રાત્રિરૂપી ટૂકડા આયુષ્યમાંથી પડી જતા લોક કેમ ન જુએ ? જાણે જીવરૂપી કૂવામાં આયુષ્યરૂપી પાણી છે, અને એના માથે ચંદ્ર અને સૂર્યરૂપી બળદ કાળનું અરઘટ ફેરવી રહ્યા છે. એ દિવસ અને રાત્રિરૂપી ઘડીઓ વડે આયુષ્યનું પાણી ખાલી કર્યે જ જાય છે, કર્યે જ જાય છે ! આયુષ્યમાંથી ઓછું થઈ થઈને જ્યારે તદ્દન ક્ષીણ બની જાય છે, ત્યારે લીલુંછમ રહેતું શરીરરૂપી વૃક્ષ સુકાઈ જાય છે. આયુષ્યનું પાણી મળતું હતું ત્યાં સુધી તો શરીર પર અંગોપાંગનાં હલનચલન, ઈન્દ્રિયોની પ્રવૃત્તિ, અંદર હૃદય, લોહી, નાડીઓ, વાયુ તથા મન, વગેરેનું સંચાલન, વગેરે ફળો નીપજતાં હતાં, પરંતુ આયુષ્યનાં સિંચન બંધ થઈ ગયાં, પછી તો શરીરની સુકવણી એવી થઈ જાય, કે હવે એના પર પેલાં ફળમાંનું કાંઈ બેસવા પામતું



નથી. મુખ્ય આયુષ્યરૂપી પાણી જ ખલાસ પછી તો કોઈ ઉપાય શરીરને ઊભું રાખવા, ને એમાં ઈન્દ્રિયો વગેરેનું કાર્ય નિપજાવવા નથી રહેતો. બગીચામાં પાણી જ બંધ થઈ ગયું. અને ઝાડ સૂકાંબંઠ થઈ ગયાં, પછી એને લીલાંછમ કરવા શો ઉપાય ? ત્યાં તો હજી થોડાં લીલાં હોય તો બીજું પાણી ય મળી આવે અને ફેર તાજાંમાજાં થાય, પરંતુ અહીં તો આયુષ્ય એક વાર પતી ગયું, તે પતી ગયું અને હવે શરીરને સૂકુંબંઠ થયે છૂટકો. નવા આયુષ્યનું પાણી જૂના શરીરને કામ લાગતું નથી.

ગમે તેવી આજની વિકસેલી દાક્તરી વિદ્યા પણ અહીં હાથ જોડે છે. અરે ! મર્યા પછી તો શું, પરંતુ જીવતા જીવે પણ મહા ટી.બી., કે કેન્સર જેવા દરદમાં કહી દે છે, કે 'અમારી પાસે એનો ઉપાય નથી, કુદરતના આધારે હવે તો રહેવાનું.' એટલે ? એ જિવાડે એટલું જીવવાનું. દાક્તરો શું, પણ મોટો ધન્વંતરી દેવ પણ નિર્ધારિત મહા અસાધ્ય વ્યાધિઓ મિટાવવા સમર્થ નથી; પછી ખૂટેલા આયુષ્યે આવેલ મૃત્યુ પર શી અસર કરી શકે ? બસ, આ આયુષ્યને ખુટાડનાર કાળ છે.

યશોધર મુનિ ધનકુમારને કહી રહ્યા છે, કે પ્રથમ ભવમાં હું સુરેન્દ્રદત્ત રાજા માથામાં પળિયો આવવા ઉપર વિચાર કરી રહ્યો, કે 'દિવસ-રાત્રિઓ પસાર થતાં આયુષ્ય રોજ ને રોજ સરકી રહ્યું છે, એવું પ્રત્યક્ષ જોવા છતાં આશ્ચર્ય છે, કે જીવ એના પર ધ્યાન લઈ જતો નથી ! જેમ જેમ આયુષ્ય જાય તેમ તેમ માને છે, કે હું મોટો થયો ! **અરે ! મોટો થયો કે મોતની** વધુ નજીક થયો ? આયુષ્ય જે ઓછું થાય છે તે દેખાતું નથી, બાકીનામાં હજી હિતશક્તિ છે તે વિચારતો નથી ! જો એ લક્ષમાં આવે તો જીવનમાં પાપો જેમ પૂર્વે ઝગમગતાં, તેમ પછીથી શું ઝગમગે ? આત્માનો ક્યાસ કઢાય તો દેખાય, કે આત્મામાં કચરો એટલો ભર્યો છે, કે ક્રમે ભોગવવા બેસીએ તો પાર આવે નહિ. ધર્મ સાધનાથી એનો શીઘ્ર પાર પમાય છે અને આત્માનો સારો બચાવ થાય છે. દુનિયાના પદાર્થ બચાવવા માટે જીવ શું કરવા તૈયાર નથી ? ત્યારે આત્માના બચાવ માટે કેટલું કરવા તૈયાર ?

મુનિ કહે છે, 'ધર્મદૂતે મને જાગ્રત કર્યો, મને વિચાર કરતો કરી દીધો, 'અરે ! જ્યાં કોઈ પ્રતિકાર નથી એવા આયુષ્યક્ષયને નજરે દેખવા છતાં એ પહેલાં 'લાવ આત્માનો બચાવ કરી લઉં,' અવું સૂઝતું નથી ! જ્યાં મહારોગમાં જીવતા શરીરેય બચવાના ઉપાય નથી, તો મડદું થયે તો કોઈ બચવાની બારી જ ક્યાં ? બાળી આવો બસ ! જીવન જગતમાં આ પરિસ્થિતિ છે, છતાં જીવ પાપ આચર્યે જાય છે ! આ એક મહાન આશ્ચર્યકારી ઘટના છે !

એ ચોક્કસ વાત છે કે પાપની ગમે તેવી યોજના કે કૂદકા પણ આયુષ્યનું પાણી પહોંચે છે ત્યાં સુધી જ ચાલે; પાણી ખત્મ થઈ ગયા પછી કંઈ ન વળે ! એનો શો અર્થ ? એ, કે આપણે જીવતા છીએ તો પછી એ જીવનશક્તિનો ઉપયોગ પાપમાં કેમ ન કરવો ? શક્તિ ખૂંચવાઈ જશે ત્યારે અમે પાપ નહિ કરીએ, એમ ? પાપ કરવા ઉપર જો કોઈ અમરપટ્ટો હોત, પાપ કરવા પર મહાન આબાદી હોત ને જીવ પાપ કરતો હોત, તો જુદી વાત હતી; પણ નિશ્ચિત છે, કે અમરપણું નહિ કિંતુ કાળરૂપી રેંટ આયુષ્યના પાણીને સાવ ખાલી કરવાનો. પછી આજે જે કાયાથી પાપમાં દોડાદોડ કરાય છે તે કાયા તો સુકાઈને નીચે પડવાની, ને જીવને આબાદી નહીં કિંતુ પાપનાં ફળરૂપે બરબાદી દેખવાની ! તે પાપ કરવાનો અર્થ શો છે ? સુજ્ઞ માણસને આ વિચાર કે મારે જીવનમાં પાપ ન જોઈએ ! કેમ ? જીવનનું પાણી ખતમ થઈ રહ્યું છે ! બધું ખતમ થઈ ગયા પછી ઇચ્છીશ તો પણ આ પાપો નહીં કરી શકું. તો હાલ પણ શા માટે પાપનો ઉપાડો કરું ?

જગતનાં કેટલાંક આકર્ષક પાપોથી બચવા માટે આ એક વિચારણા છે, કેવી ? નાસ્તિત્વની; ઇંગ્લિશમાં જેને કહેવાય, અર્થાત્ કોઈ સારામાં સારી રૂપાળી ચીજ જોવામાં આવી પણ જીવ માની લે કે આ ચીજ સામે ન આવી હોત તો જોવાનું પાપ કરત ? ના, તો પછી માન કે વાત તારી સામે નથી ! વેદાંતી કહે છે, કે 'જગત સ્વપ્નવત્ છે !' આ વસ્તુ સાચી-ખોટી છે તે વાત ન જોતાં આપણે તેની ભાવનાનો ઉપયોગ કરીએ. 'અરે ! આ તો સ્વપ્નની માયા ! અને તેની પછી જાગ્યા ત્યાં મીંડું છે ! તો પછી કઈ રમત કરું છું ? સ્વપ્નના રૂપિયાને જાગ્યા પછી ગણવા બેસે તો ? એવું જ ઇંદ્રિયોના વિષયો સામે આવે ત્યારે માનવાનું કે સ્વપ્નની માયા શી જોવી'તી ? જોવામાં એ ન આવ્યા હોત તો શું જોવત ? કંઈ નહિ, માટે કંઈ છે જ નહિ એમ માનીને એના તરફ જરાય આકર્ષાયા વિના રસ્તે ચાલવા દે.'



અભણ પણ પોતાના જીવનમાં આ ઉતારી શકે તેવી વાત છે, માનવાનું કે 'ચીજ મારી સામે આવી જ નથી.' દુકાને ઘરાક આવ્યો, ઠગાઈ કરવાનું મન થાય તે પહેલાં વિચારવાનું, કે 'આ ઘરાક ભોળો નહિ પણ ચકોર આવ્યો હોત તો શું એકના બમણા લઈ શકત ? માટે સીધી રીતે વેપાર કરવા દે. કપટ કરવાનો અવસર ન મળ્યો હોત તો શું કરી શકત ? માટે માન કે અત્યારે અવસર મળ્યો છતાં નથી મળ્યો !

ભાવનાનું બળ ઊભું કરવાનું છે. ભિન્ન ભિન્ન દર્શનો આ કરાવી શકે છે. છતાં એકાંતવાદી દર્શનો ખોટાં એટલા માટે છે કે એ ભાવનાની વાતને એકાંતે વસ્તુસ્થિતિ માને છે. બાકી તો વસ્તુમાં ક્ષણિક્તાનું પણ દર્શન ઉપયોગી છે અને નિત્યતાનું દર્શન પણ ભાવના માટે ઉપયોગી બનાવી શકાય. એમ જગત મિથ્યા હોવાની ભાવનાય ઉપયોગી, તેમ જ સત્ય હોવાથી ભાવના પણ ઉપયોગી છે.

**એકાંત મતો કેમ ખોટા ?**

એકાંત ક્ષણિક્તા યા નિત્યતા, તેમ એકાંતે મિથ્યાપણું યા સત્યપણું એ ખોટું છે. કેમ કે,

**એકાંતે ક્ષણિક હોય તો** માટી ને ઘડો, સોનું ને આભૂષણ, પાપ અને ફળ, વગેરેનો પરસ્પર મેળ જ બેસે નહિ. અધ્યયન પૂર્ણ કરનાર તદ્દન નષ્ટ થઈ ગયો અને વિદ્વાન નવો જ જન્મેલો થયો, એવું બેહૂદું થાય.

**એકાંતે નિત્ય હોય તોય** ખોટું; કેમ કે એકાંતે નિત્ય એટલે તદ્દન પરિવર્તન શૂન્ય; પછી વિવિધ અવસ્થાઓ શાની ? એમ,

**એકાંત મતો કેમ ખોટા ? : ક્ષણિક્તાદિની ભાવના ઉપયોગી છે.**

**જગત એકાંતે મિથ્યા હોય તો** વાસ્તવિક ચાંદી અને કાલ્પનિક ચાંદી, બેમાં શો ફરક ? માટીમાંથી જ ઘડો, અને સૂતરમાંથી નહિ, એવું શાથી ? બધું મિથ્યા જ છે તો ચોક્કસ વ્યવસ્થા શાની ? વળી એ મિથ્યા ઊભું જ ક્યાંથી થયું ? કોને ભાસ્યું ? શુદ્ધ આત્માને ભાસે નહિ, ને આત્માને અશુદ્ધ કરનાર કોઈ ચીજ જ નથી. એકાંત મિથ્યાવાદમાં આ બધી આપત્તિ છે.

**ત્યારે, એકાંતે સત્ય હોય** અર્થાત્ વસ્તુ સ્વરૂપે તો સત્ છે જ એટલે કે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્ છે જ પરંતુ પરરૂપે પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્ પણ હોય, કિન્તુ અસત્ ન હોય મિથ્યા ન હોય, તો જગતની દરેક વસ્તુ બધી જ વસ્તુ સ્વરૂપ બની જાય ! પરિણામે અભાવરૂપ જ થઈ જાય. માટે કહો, સત્પણ એકાંતે નથી.

એકાંતદર્શનો અહીં ભૂલાં પડે છે. બૌદ્ધો એકાંતે ક્ષણિક આત્મા માને છે.

નૈયાયિક-વૈશેષિકો એકાંતે નિત્ય આત્મા માને છે. વેદાન્તીઓ જગતને એકાંતે મિથ્યા કહે છે, ત્યારે ન્યાય-વૈશેષિક દર્શનો એકાંતે સત્ય, સત્ કહે છે.

વળી જુઓ, સાંખ્ય-યોગવાળા એકાંતે શુદ્ધ નિરંજન આત્મા માને છે; ત્યારે બીજાઓ સંસારી જીવને એકાંતે અશુદ્ધ અને બંધાયેલો માને છે. આ એકાંત દર્શનો પણ ભૂલાં પડ્યાં છે. સાંખ્ય કે યોગદર્શનવાળા કહે છે તેમ,

**આત્મા જો અનાદિકાળથી એકાંતે શુદ્ધ હોય, તો** બંધ, મોક્ષ, વગેરે કોનાં, એ પ્રશ્ન આવીને ઊભો રહે છે. આત્માને બંધાવાનું જ જો નહિ, તો સંસાર કોનો ? દેવ કોણ, મનુષ્ય કોણ, પશુ કોણ, કીડો કોણ, નારક કોણ ? જીવતો ય શાનો અને મરતોય શાનો ? જીવ તદ્દન શુદ્ધ-નિરંજન-નિરાકાર જ હોય, તો મૂર્ખ કોણ, જ્ઞાની કોણ, સુખી શાનો ને દુઃખી શાનો ? ક્રોધી, ક્ષમાશીલ, નમ્ર, અભિમાની, લુચ્ચો, શાહુકાર, બદમાશ સદાચારી...આ બધું કોણ ? તેમ શુદ્ધ એટલે બંધાયેલો જ નહિ, પછી મોક્ષ કોને પામવાનો, અને મોક્ષના ઉપાય શાના યોજવાના ? એ નહિ, તો એ માટેના શાસ્ત્રની ય શી જરૂર, અને શાસ્ત્રો રચ્યાં જ કોણે ?

**ત્યારે જો આત્મા એકાંતે અશુદ્ધ હોય,** અર્થાત્ એના મૂળ સ્વરૂપમાં ય શુદ્ધ ન હોય શુદ્ધ જ્ઞાન-સુખાદિ સ્વભાવવાળો હોય જ નહિ, તો (૧) ગમે તેટલા પ્રયત્ન મોક્ષ માટે કરવામાં આવે તેથી શું વળે ? જેમ કે, પૃથ્વી, પાણી, વગેરે જડ પદાર્થો મૂળમાં જ જ્ઞાનાદિ સ્વભાવવાળા નથી, તો ત્યાં કોઈ અનંતજ્ઞાનાદિમય મોક્ષ થવાની વાત નથી, (૨) વળી જીવને મૂળમાં જ જો જ્ઞાનસ્વભાવ નહિ, તો સંસાર-અવસ્થામાં પણ લેશમાત્ર જ્ઞાન શાનું થઈ શકે ? મડદાને આંખો તો છે, ખુલ્લી પણ છે, પરંતુ એ જડ શરીરનો જ્ઞાનસ્વભાવ જ ન હોવાને લીધે એને કશું જ્ઞાન થતું નથી માટે જીવને મૂળમાં જ્ઞાનસ્વભાવ છે તો તેનાં આવરણ દૂર થતાં તેના તેટલા અંશમાં જ્ઞાન પ્રગટ થાય છે, એમ સિદ્ધ થાય છે.

**આ મૂળનો જ્ઞાનસ્વભાવ મર્યાદિત હોઈ શકે નહિ;** કેમ કે એમાં આટલી જ મર્યાદા માનવી એ શી રીતે કહી શકાય ? તેથી જ્ઞાન અનંત જ માનવું જોઈએ, એ એની મૂળમાં શુદ્ધતા ગણાય.

તો જુઓ,

આ રીતે એકાંતવાદી દર્શનો ક્ષણિકતા, નિત્યતા, શુદ્ધતા, સત્યતા વગેરે એકાંત વસ્તુસ્થિતિનું પ્રતિપાદન કરે છે તે ખોટું છે.

પરંતુ એ કથંચિત્ વસ્તુસ્થિતિ સાચી છે, એટલે એની ભાવના કરી શકાય. આત્માને ઉત્થાનમાં એ ઉપયોગી બને છે. એ કેવી રીતે એ જરા જોઈએ.

**ક્ષણિક્તાની ભાવના વૈરાગ્યને પ્રેરે છે.** 'જો હું જ ક્ષણિક છું, તો શા માટે



કોઈ પર મમત્વ કરું ? શા માટે માટે રાગ કરું ? તેમ જો વસ્તુ પણ ક્ષણિક છે, તો એના પર રાગ-મમત્વ કર્યા શા કામનાં ?

**નિત્યતાની ભાવના** એ વિચારણા કરાવે છે કે જડ પુદ્ગલમાં પરમાણુ નિત્ય છે, અને ગમે તેટલા હર્ષ કે શોક કરો પણ, એ તો એ જ રહે છે, પછી હર્ષ-શોકથી શી વડાઈ ? વળી, આત્મા પણ દ્રવ્યરૂપે નિત્ય છે, કદી એનો નાશ કે નવી ઉત્પત્તિ થતી નથી; પછી પાપ કરવાનાં કે દોષ-દુર્ગુણ સેવવાનાં આંધળિયાં શા સારુ કરવાં ? શું એમ કર્યે આત્મા તદ્દન નષ્ટ થવાનો છે કે જેથી એ પાપો કે દુર્ગુણોનાં દુઃખદ કટુ પરિણામથી એ છૂટી શકે ? આત્મા નિત્ય હોવાથી કરેલ દુષ્કૃત્યનાં રજે-રજનાં ફળ એને ભોગવવાં જ પડશે. એમ બીજા આત્મા પણ નિત્ય હોવાથી આપણે મોહ કરીએ ને જે દુષ્કૃત્યમાં, પાપમાં, દુર્ગુણમાં, કે કષાયમાં એમને ઘસડીશું, તેનું એ બિચારાને દુઃખદ પરિણામ ભોગવવું જ પડશે. માટે શા સારું એવી સ્થિતિ ઊભી કરવી ?'

વળી એ જુઓ કે જગત સ્વરૂપે સત્ હોવા છતાં પરરૂપે અસત્ છે, મિથ્યા છે, તો **મિથ્યાપણાની ભાવના** કેવી સરસ પ્રેરણા આપે છે ! 'જો બધું મિથ્યા છે, સ્વપ્નની માયા છે, તો એની મનગમતી વિપુલતા દેખી એને ગણી-ગણીને શું ફુલાવું ? સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્વપ્નના રૂપિયા ગણી હું આટલા કમાયો, એમ કોણ ફુલાય ? એમ તત્ત્વબોધથી જાગૃતિ આવ્યા પછી મિથ્યામાયા પર શાં અભિમાન કે આનંદ ? માયા મિથ્યા એટલા માટે, કે આત્મસ્વરૂપમાં એ કશી વૃદ્ધિ નથી કરતી. ગરીબીમાં આત્મસમૃદ્ધિ કાંઈ ન્યૂન નથી, કે તવંગરતામાં કાંઈ વધેલી નથી. આ 'જગન્મિથ્યા'ની ભાવના.

**ત્યારે જગત્ સત્ય હોવાથી ભાવનામાં** એ વિચારવાનું કે આ જગતના અનિષ્ટ ભાવો એનાં એનાં કારણોથી ખરેખર નીપજનારા છે, ત્યાં અનિષ્ટની ગભરામણથી એવું શા માટે ઇચ્છવું કે એ મિથ્યા થાઓ, એ ન બને ? પૂર્વપાપોનો જો ઉદય છે, તો આપત્તિ અવશ્ય આવવાની હતી તે આવી, એના પ્રત્યે દુર્ધ્યાન શું કરવું, કે 'આમ કર્યું હોત તો એ ન આવત' એનાં કારણ હોય તો એ મિથ્યા નહિ. અથવા એમ વિચારાય કે જગત સાચું છે તો એનાં પૂર્વાપર રૂપક પણ ખરેખર છે જ, એટલે એ અનાદિ-અનંત છે. એવા અનાદિ-અનંત સત્ય જગત પર ગફલતમાં શા માટે રહેવું ? એણે કેઈ માલિક બદલ્યા, જૂના કેન્સલ કર્યા, નવા ઊભા થવા દીધા !, તો હું પણ નવો ઊભો થયેલો કેન્સલ થઈ જવાનો અને જગત ઊભું રહેવાનું. ત્યાં શા રાગ-મમત્વ-અહંકાર ધરવા, કે હિંસા-જૂઠ-અનીતિ આચરવા ?

**એવી રીતે તદ્દન શુદ્ધ નિરંજન-નિરાકાર આત્માની ભાવના :-** સુખ-દુઃખમાં ઉદાસીનભાવ, સહિષ્ણુભાવ અને સમભાવને પ્રેરે છે; તે એમ વિચારીને કે હું આત્મશુદ્ધ નિરંજન એટલે ગગન જેવો, એને બહારની ઊંચી-નીચીમાં શા લેપ ધરવા ? શુદ્ધને શું લાગે વળગે ? કોઈની ગાળ કે કોઈના માનસન્માન સાથે શુદ્ધને શી નિસ્બત ?

**એવી રીતે આત્માની અશુદ્ધતા પર એ ભાવના** કરવાની કે હું મારી જાતે જ શા માટે અશુદ્ધ થઈ રહ્યો છું. શા સારું બગાડી રહ્યો છું ? કર્મ અને મોહથી અશુદ્ધ એવો હું કેમ અશુદ્ધિ વધારી રહ્યો છું ? આટલો બધો અશુદ્ધ, મલિન, ખરાબખસ્ત, હું શાના ઘમંડ કરું ? કેમ જ જાતની અશુદ્ધિ ભૂલી જગતની આળપંપાળમાં પડું ? માનવજીવન મને મળ્યું છે તે મારી પોતાની અશુદ્ધિ ટાળવા માટે. અહીં મને ખરેખરા એ માટેના સંયોગ-સામગ્રી મળેલા છે, જે બીજે ન મળે, માટે જાતની અશુદ્ધિ ટાળવા માટે મથું. અનુચિત વર્તાવ, કૃતજ્ઞતાનું વિસ્મરણ. કઠોરતા-નિષ્ઠુરતા, અસત્ય, અનીતિ, મદ, માયા, ક્રોધ, લોભ, વાસના-વિકાર, આ બધી અશુદ્ધિ છે એ હકીકત છે, એને ટાળવાના પ્રથમ પ્રયત્નમાં રહું'.

આપણી વાત એ હતી કે વિષય-કષાયોમાં ઘસડાઈ ન જવા નાસ્તિત્વની ભાવના કરવી, 'માન કે સામાએ ગાળ નથી દીધી, પછી ક્રોધ શા માટે કરવો ? ઘરની બહાર નીકળે તો જ ચાર માણસો સલામ ભરનારા મળતાં હૈયું ફુલાય છે. ત્યાં જો માને કે ધારો કે મને સલામ ભરનારા મળ્યા જ નથી. પછી ફુલાવાનું શાના પર ? લલચાવનારા, તૃષ્ણા જગાડનારા, ગુમાન કરાવનારા સંયોગો મળ્યા એની કલ્પનાઓ માણસને મારે છે. પણ ત્યાં વિચારે કે મને કંઈ મળ્યું જ નથી તો ગુમાન ન કરતાં, તૃષ્ણા ન કરતાં, ઉદાસીનભાવ રખાય.

'જીવ ! તું જીવંત છે, આયુષ્ય મોજૂદ છે, માટે પાપ કરવાનું સૂઝે છે ને ? બસ, માન કે પાપ માટે હું જીવતો જ નથી ! આયુષ્ય ખૂટી ગયું છે ! હવે પાપ શી રીતે કરત ?' આ ભાવના ઊભી કરવાની. તત્ત્વ નહિ ?

**પ્ર.- શું આવી ભાવના અસત્ય વિચારણા ન થાય ?** તત્ત્વ અસત્ય ન ઠરે માટે શું તત્ત્વ ઊભું ન કરાય ? વિના તત્ત્વે ભાવના ઊભી કરવાથી અસત્ય વિચારણા નહિ ?

ઉ.- ભાવનામાં શું છે ? એની આગળ-પાછળ ચોકી છે, જે એને અસત્યતામાં ન જવા દે. આપણે ભાવના શી કરીએ છીએ, 'માન કે તું જીવતો ન હોત તો ચોરી કરી શકત ?' આમાં માન કે જીવતો નથી, -આ 'માન કે' જે ઘાલ્યું, એ એની અસત્યતાને ટાળીને સત્યતાનું રક્ષણ કરે છે. બીજી પણ વાત છે કે એનું



પરિણામ સત્યતામાં છે. આવી ભાવનાથી વિચારસરણી ચોખ્ખી થાય છે, વાણી પવિત્ર બને છે, માટે ભાવનાને અસત્યતાનો દોષ નથી.

**ભાવના એ તો અમૃતસ્નાન છે !** આત્માને વાસનાનાં વિષ ચઢી ગયાં છે તેને આ ભાવનાના અમૃતમાં ઝિલાવીએ એટલે વિષ નીકળી જાય, પણ તે વારંવાર ભાવના ભવાય તો બને. આત્મામાં સાંસારિક ધોરણો-મનોરથો, એ બધું વારંવારના વાસનાના અભ્યાસથી મજબૂત થયેલું છે ! હવે જો આત્માને વારંવાર ભાવનાના અભ્યાસમાં પલોટાવીએ, તો પેલાં વિષ જાય, મોળાં પડે ! ત્યારે જ પેલી સાંસારિક યોજનાઓનાં ધોરણો-મનોરથો દૂર થવા માંડે ! અને આત્મિક મનોરથાદિ સ્થિર થાય ! તે સ્થિર કરનાર ભાવના તેને જીવનમાં ઓતપ્રોત કરવા માટે આ એક સાધન વિચાર્યું માન, આ ચીજ તારી સામે ન હોત તો ? આ ચીજ તને ન મળી હોત તો ? તું પાપ કરવા જીવતો ન હોત તો ? તારા બાપાજી વહેલા મરી ગયા માટે અહીંનાં પાપ નથી આચરતાને ? તું જીવે છે માટે આચરે છે ને ? ને તે પણ શ્રેષ્ઠ માનવ જીવનમાં ? તો આ જીવવાનું શું પાપ કરવામાં પૂરું કરવું છે ? સિંહ અને વાઘમાં પણ ફેર હોય છે ! વાઘ જાગતો હોય તો પ્રાયઃ એક શિકાર પણ જતો ન કરે ! સિંહ જીવતો-જાગતો છે છતાં પેટ ભરેલું છે તો પછી તેની પાસેથી કોઈ હરણિયાં પસાર થઈ જાય ! શું ફરક પડ્યો ? જીવતો છું માટે તે શક્તિ છે માટે સંહાર કરવાનો ? સિંહને માટે આ નહિ ! તો પછી હું તો માનવ ! હવે મારે પાપ કર્યે જવાનાં એવો નિયમ મારે માટે નહિ ! આ પ્રકારનું જીવન જીવવા માટે આ વિચારવાનું છે, 'કોઈ જૂઠ-અનીતિ આચરવાના પ્રસંગે, માની લે કે મારી પાસે આયુષ્ય નથી કે સામે તેવા સંજોગ નથી !' આ ચાવી ગાંઠે વાળી રાખજો, મહાન ચાવી છે !' મહાન પ્રલોભનના વખતે આ વિચારવાનું, 'પાપ કરવા માટે હું જીવતો નથી. પાપ માટે મને સંયોગ મળ્યો નથી.'

સુરેન્દ્રદત્ત રાજા વિચારે છે કે આયુષ્ય સપાટામાં પૂરું થઈ જશે ! છતાં જીવો પાપો કર્યે જાય છે તે આશ્ચર્ય છે ! પણ હવે મારે હું જીવતો છું ત્યાં સુધી પાપ ને પ્રમાદથી સર્યું. તો જ મારી જાગૃતિ ગણાય. નહિ તો ઘોર નિદ્રામાં પડ્યો છું. પછી શું કરવાનું ? મહાપુરુષોએ લીધેલું સંયમ અંગીકાર કરી લઉં !

એક પળિયો જોવા મળ્યો, તે પર સાધુ બનવાની દઢ વિચારણા થઈ ગઈ ! એ પણ આત્મા છે ! આપણો ય આત્મા છે. ત્યાં માપવાનું કે એમના અને આપણા આત્માનું મૂલ્ય કયું ? એમને મન મળ્યું હતું, તેવું આપણને પણ મન નથી મળ્યું એમ નથી ! પણ એક પળિયે શું આખું ધોળું થાય તોય ભડક ખરી ? એમણે શું વેપાર કર્યા ? અને આપણે શું કરીએ છીએ ? એક પળિયા પર સમગ્ર સંસારની

તારવણી કેવી ? 'કાળા ભમ્મર ઊગતા કેશના દિવસો ગયા ! આખા જગતનાં પુદ્ગલોનાં પણ તે જ પરિણામ ! જીવન જેમ તેમ પાપમાં વહી ગયું !' સંસારની તારવણી પર સાધુ બનવાની ભાવના !

વાત નયનાવલિ પત્નીને જણાવી. પત્ની પર બહુ સ્નેહ છે એને પોતાનું અત્યંત નિકટનું અંગત માણસ માનીને પોતાનો ચારિત્ર લેવાનો અભિપ્રાય કહ્યો !

પત્ની કહે છે 'આર્યપુત્ર ! આપને જેમ રુચે તેમ કરો ! હું કાંઈ આપને પ્રતિકૂળ આચરણ કરનારી નથી. આપના કાર્યમાં વિઘ્ન નાખનારી નહિ; અને આપ ચારિત્ર લેશો તો પછી મારે પણ સંસારમાં રહેવાનું શું કામ છે ! હું પણ ચારિત્ર લઈશ.'

આવું સાંભળતાં કેટલો આનંદ થાય ? સુરેન્દ્રદત્ત વિચારે છે, 'ખરેખર ! આ દેવી મારા પર ગાઢ અનુરાગવાળી છે ! મને જે ગમે છે તે એને પણ ગમે છે ! તે અત્યંત કપરું છતાં એમાં એ પણ તૈયાર ! અહો ! એનામાં કેવી મહેચ્છા છે ! અદ્ભુત વિવેક છે ! ચારિત્રની મને ભાવના છે, તો એને પોતાનાં સંસારનાં સુખ જાય છે પછી ચારિત્ર કેમ ન લેવું, એ વિવેક છે. મને સંસારમાં રોકી દુઃખી કરવો નથી તે એનો રાગ સૂચવે છે ! સાચો રાગ એનું નામ ! કોઈના પર સાચો રાગ આપણે ધરીએ છીએ, તેનું પ્રતીક શું ? એ, કે 'એમનો એવો પ્રેમ છે કે તમે ખૂબ સુખ ને આનંદમાં રહો ! તમને સહજ પણ દુઃખ-ઉદ્વેગ ન રહે.' આ જ ભાવ હોય ને ? માને દીકરો કહે, 'મને પ્રેમ છે તારા પર,' પછી માતા પર દુઃખો પડે તેની ચિંતા ન કરે તો ? રાગનો અર્થ એ કે રાગના પાત્રને જરાપણ દુભામણ ન થાય, એવી લાગણી હોય. દુભામણ ટાળવા શક્ય યત્ન કરીએ, તો આપણો રાગ સાચો.' આ દુભામણ વાજબી જોઈએ. મા દીકરાના મોંમાં વેલણ ઘાલીને દવા પાય છે, ત્યાં દીકરાને થતી દુભામણ વાજબી નથી ! તો પ્રેમ સાચો જ છે. વિરાગી સંસારીના રાગને ખોટા કેમ ગણે છે ? જુએ છે કે આ સંસારી અમારા પર રાગ કરે છે ! પણ અમારે જે હૈયું સળગી ઊઠ્યું છે, કે 'આ જીવનનાં વર્ષો થયાં પાપની સેવનામાં કાઢ્યાં ! હવે અમારું શું થશે ? કર્મ અમને ક્યાં ફેંકી દેશે ?' આ જે દુભામણ અમને થાય છે તેની આ સંસારીઓને જરાય પડી નથી ! માટે એમનો રાગ ખોટો ! ભલે મોઢેથી કહે બધું ! એ મૂંઝવણ સ્વાર્થની છે, મોહની છે. શું સામાને ચારિત્ર તો દુઃખ આપશે તેની મૂંઝવણ છે ? ના, એની નથી. કેમ કે એમણે સામાનું અંતર ક્યાં તપાસ્યું છે ? ગૂમડું પાકીને જ્યાં ફૂટતું ન હોય ને સ્નેહીઓ સલાહ આપે કે કપાવતા નહિ ! કેમ કે દુઃખ થશે ! પણ પોતે ડૉક્ટર પાસે જઈને ગૂમડું કપાવી નાખે છે. ગૂમડું કપાવવામાં એને મહાસુખ



લાગે છે !

સુરેન્દ્રદત્ત એ માપ કાઢે છે, કે 'હું હવે આ સંસાર વાસમાં દુભાઉં છું એ જાણી મારી પત્ની 'ભલે દુભાતા પડી રહો સંસારમાં' એમ નથી કહેતી ! એ તો દુભામણ હટાવવા ઇચ્છે છે; કહે છે, કે 'આપને ચારિત્ર ગમે છે, તો ખુશીથી લ્યો ! મારો વિરોધ નથી.' માટે એ સાચા રાગ અને ઊંચી વિવેકભરી દૃષ્ટિવાળી છે ! સામાન્ય જનતાની જેમ તુચ્છ દૃષ્ટિવાળી નથી. પાછી પોતે ય ચારિત્ર લેવા કહે છે. આમાંય એનો વિવેક દેખાય છે. **વિવેક એટલે અસારને છોડીને સારને પકડે તે !** એ સમજી ગઈ છે, કે ઇન્દ્રિય-સુખની રમત અસાર છે ! ચારિત્ર એ સાર છે ! તો અસાર છોડીને સારને પકડો ! આ એનો મહાવિવેક છે ! હું એકલો ચારિત્રના સારને લઉં એમ નહિ, પોતે પણ લેવા તૈયાર છે, એ એનું અનુસરવાપણું મને ગજબ લાગે છે ! મારી આજ્ઞામાં વર્તવાનું પ્રશંસનીય છે ! મારા સુખે સુખી અને મારા દુઃખે દુઃખી, આ એનાં સુખ-દુઃખનાં સમસંવેદન જરૂર અભિનંદનીય છે ! અને શો એનો સ્વભાવ ! મારો જે સ્વભાવ તે જ તેનો !'

આમ સુરેન્દ્રદત્ત ખુશ થાય છે, ત્યાં તો સાયંકાળનો ઘંટ વાગ્યો ! એક શ્લોક મંગળપાઠકોએ ભણ્યો. શું કહ્યું એમાં ? જીવનમાં જાગૃતિ રાખવા માટે કેવી સુંદર યોજના રોજિંદા જીવનમાં ગોઠવી દીધી છે, તે જોવાનું છે ! 'જુઓ, પહેલાં તો સૂર્ય સમુદ્રના પાણીનો સ્વાદ કરીને પ્રભાત કાળે બહાર આવ્યો. ક્રમે ગગનમંડળના પ્રવાસને ખેડીને જગતને પ્રતાપ બતાવ્યો, જગતને પ્રકાશથી ઉજ્જ્વલિત કરી દીધું ! હવે એ સૂર્ય સાંયકાળે અસ્તને પામી જાય છે !'

આ વર્ણન જાગૃતિ આપે છે, ઘમંડ કરશો નહિ. સારા જગતને ઉદ્યોતિત કરનારા, **પોતાની એકની સત્તાથી કરોડો તારાઓને નિસ્તેજ કરનારા સૂર્યનો પણ અસ્ત થાય છે !** માટે તમને મળેલી શક્તિઓ પર ઘમંડ કરશો મા ! કોઈને વળી એમ થાય કે ભલું એ પ્રભાત ! પ્રકાશ મળ્યો ! પણ તેના પર સંતોષ વાળીને બેસી ન રહેતા. એ તો ચપટીમાં ઊડી જવાનું ! એક જ દિવસમાં સૂર્યના કેવા રંગ ! અને અંતે ? તદ્દન અસ્ત ! મડદાની આગળ હાંડલી ખોખરી શા માટે ? આખી ન ચાલે ? ચાલે; પણ દેખાડવા માટે કે જગતનું પરિણામ આખર ખોખરી હાંડલી સાર છે ! કહો, જાગ્રત થવા માટે આ બધું શું કમ છે ? અહીં મળેલા કિંમતી મનનો સદુપયોગ કરાય તો ડગલે-પગલે જાગૃતિ મળે.

સુરેન્દ્રદત્તનું સાંજના મંગળપાઠકના બોલ ઉપર મન કામ કરતું થઈ જાય છે. એ જાગ્રત બને છે, વિચારે છે, કે 'અરે ! આ શું કરી રહ્યો છે ? આ મોટા સૂર્યની પણ એક જ દિવસમાં આવી અવસ્થા ! આટલી અવસ્થાઓ ! એને પણ મધ્યાહ્ને

વિશ્વપ્રકાશી ઝગમગાટ અનુભવ્યા પછી એ જ સાંજે તદ્દન અસ્ત અનુભવવો પડે ? ત્યારે બીજાનાં શાં લેખાં ? ધિક્કાર છે આ જગતના જીવનને કે જ્યાં ઊંચે ચઢ્યા પછી અલ્પ કાળમાં નીચે પટકાવું પડે છે ! એવા જીવનને પામી હું ક્યાં ઊંઘમાં ઊંઘું છું ? કોના ભરોસે, કયા વિશ્વાસે બેઠો છું ?'

**મહેલની ઝાકઝમાળતા :-** યશોધર મુનિ ધનકુમારને કહે છે, કે 'હું સુરેન્દ્રદત્ત ત્યાં વિરક્ત ચિત્તે કેટલોક સમય સભામંડપમાં પસાર કરી ઊઠ્યો. સંધ્યા થઈ ગઈ હતી. ચંદ્રની જ્યોત્સ્નાએ વિશ્વઘર ઝગમગાવી દીધું હતું ! મદભરી સ્ત્રી-જાતે કામદેવના પ્રસાર શરૂ કરી દીધા હતા ! એવા અવસરે હું પ્રિયા નયનાવલિના વાસભવનમાં પહોંચ્યો. આહાહા ! મને તો હવે વૈરાગ્યની લગની લાગી હતી વૈરાગ્યની; ત્યારે આ મહેલ મણિરત્ન જડેલા મંગળદીપકોથી ઝાકઝમાળ હતો ! ભૂમિતલ છૂટા મૂકેલા સુગંધદાર પુષ્પપુંજોથી વ્યાપ્ત હતું ! ઉજ્જવલ રત્નજડિત ભીંતો જાડા કસ્તૂરીલેપથી લીંપેલી હતી ! સુવર્ણસ્તંભોએ નવવધૂની જેમ દેવદુષ્યો પાંગરેલા હતા ! ઉપર સફેદ ચિત્ર-વિચિત્ર વસ્ત્રોના ચંદરવા શોભી રહ્યા હતા ! વચમાં પરવાળાંના જેવા કંઈક લાલ પલંગ ઢાળેલા હતા ! એના પર સુંદર મુલાયમ શય્યા ભરાવદાર ઓશીકા સાથે બિછાવેલી હતી ! પાસે નિર્મળ સુવર્ણમય પાત્ર ત્યાં મૂકવામાં આવ્યાં હતાં ! પલંગની ઉપર સુગંધમય પુષ્પોની માળાના સમૂહ લટકી રહ્યા હતા ! મહેલમાં આજુબાજુ સુવર્ણની ધૂપદાનીઓમાંથી મઘ-મઘાયમાન ધૂપ આછો આછો પ્રસરી રહ્યો હતો ! વિચિત્ર રંગે શોભતી સુંદર અગરબત્તીઓ સળગી રહી હતી ! ચપળ હંસ, પારેવાનાં જુગલો પણ ત્યાં શોભામાં વૃદ્ધિ કરી રહ્યાં હતાં ! બરાસનાં બીડાંની સાથે તાંબૂલનાં પાન ત્યાં મૂકવામાં આવ્યાં હતાં ! બારીઓમાં વાટેલાં ચંદનાદિ વિલેપનોથી ભરી રત્નની કૂંડીઓ મૂકવામાં આવી હતી ! વળી મનોહર સુવર્ણનાં કચોળાં સુગંધદાર ચૂર્ણો ભરી સ્થાપિત કરવામાં આવ્યાં હતાં ! ઊંચી મદિરા અને સુગંધિત પુષ્પોથી કામદેવને અર્ઘ્ય અર્પવામાં આવ્યો હતો ! એવા વાસભવનમાં હું આવ્યો !

ક્યાં વૈરાગ્ય ને ક્યાં આ રાગોત્તેજક ભવન ! ત્યાં આવીને હું પલંગ પર બેઠો. રાણી પરિવાર, સખીજન, દાસીવર્ગ સાથે બેઠી છે. થોડીવાર પછી બધાં રવાના થઈ ગયાં ને રાણી સૂઈ ગઈ. હું હવે એ વિચાર કરું છું કે હવે મને કોઈ વિષયમોહ તો નથી, વિષયની પિપાસા નથી. હવે વહેલી તકે ઉત્તમ કોટિના ચારિત્રની આરાધના કરવી છે ! પણ એટલું દુષ્કર લાગે છે કે આવી સારી રાણીનો ત્યાગ કરવો પડશે ! આટલી સ્નેહાળ અને મમતાળુ રાણી ! તેનો ત્યાગ કરવાનો ?'

**રાણી રાતમાં બહાર જાય છે :-** પોતે આ વિચારણામાં છે, પણ ઘટના



આખી જુદી બને છે. આમાં કેવી વિષમતા ઊભી થાય છે તે જોવાનું છે. રાણી જાગતી જ પડી છે ! ઊંઘી નથી ! રાજા પલંગમાં સૂતો છે. થોડીવાર પછી એ જોઈ લે છે કે રાજા ઊંઘે છે કે કેમ ? એને લાગ્યું કે રાજા ઊંઘમાં છે ! એટલે પોતે બેઠી થઈ ! પલંગ પરથી ઊઠીને દ્વાર તરફ ગઈ. દરવાજો ખોલીને બહાર નીકળે છે ! મુનિ કહે છે, 'મને વિચાર આવ્યો. અરે ! અકાળે બારણું ઉઘાડી આ ક્યાં જાય છે ? સ્ત્રી જાત છે; જવાનો અવસર નથી ! તો તે ક્યાં જાય છે ? ના, ના, જરૂર એને ચારિત્રની ભાવના તો થઈ, પણ વિહ્વળ અને કાયર બનેલા એના હૃદયે મારા વિયોગની વાત મંજૂર ન કરી ! માટે નથી ને તે આત્મહત્યા કરવા જતી હશે ! શી રીતે આત્મહત્યા કરે ? ફાંસો ખાઈને. માટે મારે હમણાં ને હમણાં તલવાર લઈને જવું જોઈએ ! ફાંસો કાપીને મારે તેને બચાવી લેવી જોઈએ, ને સમજાવી લેવી જોઈએ.'

આવા આવા તરંગો સુરેન્દ્રદત્તની મનોભૂમિમાં પસાર થવા લાગ્યા. ત્યારે ત્યાં વસ્તુસ્થિતિ જુદી જ હતી ! એમાં રાજા ભૂલો પડે છે.

જો જો ભાવના તો ઊંચી વૈરાગ્યની કરી, પરંતુ એના પ્રતિસ્પર્ધી દરેક તત્ત્વને બરાબર ઓળખી લઈ એના પ્રત્યેનાં આકર્ષણ હૃદય પરથી ઉતારી ન નાખ્યાં અને થયેલી સારી ભાવના ઉપરનું એકમાત્ર કર્તવ્ય નક્કી ન કરી લીધું તો ભાવના ઠેકાણે પડી જતાં વાર નહિ લાગે !

**જીવનકર્તવ્ય :-**

આ જીવનનું કર્તવ્ય શું હોય ? એ જ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉચ્ચ કોટિની સાધના કરી લેવી; એ સ્થિતિએ ન પહોંચાય ત્યાં સુધી એને અનુકૂળ માર્ગાનુસારી ન્યાયસંપન્નતાદિ ગુણો તથા દાનાદિ ધર્મોની આરાધના શક્ય એટલા અધિકાધિક પ્રમાણમાં કરી લેવી. આ કર્તવ્યના નિર્ધાર હશે તો જ, પછી કદાચ તેવા પ્રકારની પ્રતિકૂળતાઓ કે ઉપાધિઓ કાયિક પ્રયત્ન વિઘ્નરૂપ થશે છતાં, માનસિક પુરુષાર્થ અખંડ ચાલુ રહેશે. અખંડ પુરુષાર્થ સમજો છો ?

**દાનનો માનસિક અખંડ પુરુષાર્થ એટલે,**

ગમે તેટલી ગરીબી છતાં, જીવનનિર્વાહના ખર્ચ માટે તંગી હોવા છતાં એ ઝંખના વાતવાતમાં રહે કે કેમ હું જ્ઞાનભક્તિ, પાત્રભક્તિ અને અનુકંપામાં કાંઈને કાંઈ તો કરતો રહું. દાનધર્મની મહાન કલ્યાણકારિતા મન પર આવ્યા કરે. એની સામે સ્વાર્થની રમત-જાતને ગમે તેવી ભોગ-વિલાસ અને માનસન્માન પોષનારી છતાં તુચ્છ લાગ્યા કરે, બાલિશ અજ્ઞાન ચેષ્ટા લાગ્યા કરે. ગરીબીમાં તો એવા ભોગવિલાસ નથી મળતા, પરંતુ બહુ સામાન્ય અને જીવન ટકાવવા જેટલું જ મળે

છે, તેમાંય નિરાંત ન હોય, પણ દાન-પરોપકાર-ઔચિત્ય વગેરે ન કરી શકવાનો ખેદ હોય. પરની સેવા, પરનું ભલું, એમ પરનું કાંઈ પણ કરી છૂટ્યા વિનાનું જીવન શું ? એમ લાગ્યા કરે.

ભગવાન અરિહંત પરમાત્માનો અનંત ઉપકાર છે; વળી એ અનંતા ગુણોની મૂર્તિ છે, તેમ ભવિષ્યમાં આપણું અનંતુ કલ્યાણ એ કરનારા છે, માટે એમની સેવામાં આપણું સર્વસ્વ સમર્પીએ તો ય ઓછું છે; છતાં કમમાં કમ કંઈ ને કંઈ મારે મારું એમની ભક્તિમાં અર્પવું જ જોઈએ. તો જ એ પરમ ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા, એ અનંતગુણીના ગુણોનો અનુરાગ, અને એ અનંત કલ્યાણકરનું શરણગ્રહણ સાર્થક કર્યું ગણાય. રોજ જાત અને કુટુંબનું ભરણું કરવામાં ખાનપાન ને કપડાંલત્તાં બધું મળે છે, પણ અર્હદ્ભક્તિ માટે કશું નથી દેવું, તો ત્યાં કૃતજ્ઞતા, ગુણાનુરાગ, અને શરણસ્વીકાર શા રહ્યા ? પછી સમ્યગ્દર્શન શી રીતે આવે, ટકે અને દીપે ?

બસ, માનવજીવનના ઉચ્ચ કર્તવ્યનો કોઈ નિર્ધાર નથી, એટલે જીવનમાં નિયમિત અને અધિકાધિક ગુણવૃદ્ધિ-ધર્મવૃદ્ધિ થતી નથી. પ્રભાતે ઊઠતાંવેંત પરમાત્માનું, પંચ પરમેષ્ઠીનું નામસ્મરણ અને નમસ્કાર શા માટે છે ? મહાગુણભંડારને વહેલી સવારે સમરીએ, એટલે જાતમાં એ ગુણો મેળવવાની તાલાવેલી જાગે. એ જાગે એટલે મહાન ગુણો, વીતરાગ દશા, નિષ્કામના, અનાસક્તપણું, અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ, ઉચ્ચ ક્ષમા-મૃદુતાદિ, સમતા-સમાધિ-સહિષ્ણુતા, સર્વજીવમૈત્રી, મહાકરુણા વગેરે અનેકાનેક મહાગુણોની અપેક્ષાએ કમમાં કમ અલ્પ ગુણોનો પ્રયત્ન તો જરૂર કરાય.

ત્યારે શું એમ લાગે છે કે પરમાત્માના ગુણોનું સ્મરણ-અનુરાગ અને એ આદર્શથી લેશ પણ ગુણપ્રયત્ન કર્યા વિના જ ઉદ્ધાર થઈ જશે ? પ્રભુને યાદ કરતાં પ્રભુનું દર્શન કરતાં કોઈ ગુણાનુરાગ અને પ્રાર્થના પણ નહિ હોય તો ય શું તરી જવાશે ? એક નવકારમંત્રનું સ્મરણ કરતાં પણ આ જોઈશે કે આપણે એમાં જે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરીએ છીએ, ત્યાં એમના ગુણોની અનુમોદના અને ગુણોની પ્રાર્થના સાથે રાખીએ. નમસ્કાર કર્યો સાચો ત્યારે કહેવાય કે નમસ્કરણીયની ઉચ્ચતા પર સદ્ભાવ હોય, બહુમાન હોય, અહીં નમસ્કરણીય પંચ પરમેષ્ઠીમાં ઉચ્ચ ગુણો છે, એના પર સદ્ભાવ-બહુમાન જોઈએ જ, સાથે એની પ્રાર્થનાય જોઈએ.





**નવકાર સાથે અનુમોદના અને પ્રાર્થના :- મહામંત્ર નવકારની સફળ સાધના કરી જવી હોય તો આ બે વસ્તુ બરાબર સાથે રાખો !- એક એમના ગુણોની હૃદયભરી અનુમોદના અને બીજી એની પ્રાર્થના.**

### અનુમોદના અને પ્રાર્થનાનું શું એવું મહત્ત્વ છે ?

અનુમોદના એ પ્રશંસા છે અને શાસ્ત્રકારો તે તે ધર્મની પ્રશંસાને તે તે ધર્મનું બીજ કહે છે. અહિંસાદિધર્મ કે ક્ષમાદિ ગુણ સિદ્ધ કરવા હોય તો પ્રથમ નંબરે એની પ્રશંસા કરો. એ બીજ છે, પછી એમાંથી એની તીવ્ર અભિલાષારૂપી અંકુર ફૂટશે અને આગળ આગળ એમાંથી ક્રમશઃ થડ, ડાળપાંખડાં-મહોર થઈને તે તે ધર્મ કે ગુણસિદ્ધિનું ફળ નીપજશે. પરમેષ્ઠી ભગવંતોના ગુણોની અનુમોદનાથી આ શક્યતા ઊભી થાય છે અને સ્વયંપરમેષ્ઠી બનવાનું સાંપડે છે.

ત્યારે પ્રાર્થનાનું મહત્ત્વ તો એટલું બધું છે કે શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે કે **'प्रार्थनात एव इष्टफलसिद्धेः'** અર્થાત્ **પ્રાર્થનાથી ઈષ્ટ ફળની સિદ્ધિ થાય છે.** જો આપણે પરમેષ્ઠી બનવા માટે પરમેષ્ઠીને નમીએ છીએ, તો સમજી રાખવું જોઈએ કે પરમેષ્ઠીપણા માટેના આવશ્યક ગુણોની સિદ્ધિ એની પ્રાર્થના કરવાથી જ થશે. જ્યાં ઈષ્ટદેવ આગળ પ્રાર્થના નથી, ત્યાં ઘમંડ છે; વસ્તુપ્રાપ્તિની અભિલાષા હોય તો ય કેવળ આત્મશક્તિ ઉપર તે કરવી છે એટલે એ સ્વશક્તિનો ખોટો વિશ્વાસ છે. ઈષ્ટદેવની કૃપા સંપાદન કર્યા વિના કોઈ સિદ્ધિ થઈ શકે નહિ. મોટા ગણધર ભગવાનો પણ 'નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં' કહીને સામર્થ્યયોગનો નમસ્કાર પ્રાપ્ત કરવા માટે પ્રાર્થના કરતા જ રહે છે. તે શું રાબેતો સાચવવા ? કે સારું દેખાડવા ? ના, ખરેખર ઉપાય સમજીને. એવા સ્વયં દ્વાદશાંગી રચનારા મહાપુરુષ પણ સમજે જ છે કે **પ્રાર્થનાથી જ ઈષ્ટસિદ્ધિ થાય.** તો આપણા માટે શું તે વિના જ થશે ? ના, પ્રાર્થનાથી જ થશે. માટે પરમેષ્ઠીને નમસ્કાર એમના ગુણોની અનુમોદનાની જેમ એ ગુણો માટેની પ્રાર્થનાવાળો જોઈએ.

અહીં એટલું ધ્યાનમાં રહે કે પ્રાર્થના એટલે યાચના છે, ભીખ છે, તે પણ પરમેષ્ઠીના ગુણોની. ત્યારે એ તો સમજો જ છો કે એ ગુણોમાં શું આવે ? ક્યાંય વિષયાસક્તિ, કષાયોનું સેવન, હિંસાદિ પાપો, રાગ-દ્વેષ, ઈન્દ્રિય ગુલામી નહિ આવે; એનું પ્રતિપક્ષી આવશે, માટે જો પરમેષ્ઠીના ગુણોની ભીખ માગવી છે, તો વિષયોની ભીખના નિરંકુશ-નિર્મર્યાદ વ્યાપાર પર ઘૃણા થવી જોઈશે. જુઓ, જીવ અનાદિ અનંતકાળથી શું કરતો આવ્યો છે ? એ જ ને કે ઈન્દ્રિયો રૂપી શકોરા જે

મળ્યા તેના દ્વારા વિષયોની ભીખ માગ્યા કરવી ? સારું રૂપ ! તું મારી આંખના ચપ્પણિયામાં આવને.' અરે પણ એ તો દૂર છે ! તો કોઈ ફિકર નહિ, આંખ ચુંચરી ઝીણી કરીને પણ એને એમાં લાવીશ અને આસ્વાદ અનુભવીશ. 'આવું જ ને ? એવું જ બીજી પણ ઇન્દ્રિયોનું ય શું ચાલી રહ્યું છે ? પોત-પોતાના ઇષ્ટ વિષયોની ભીખ જ ને ? એમાં કોઈ દિ' ધરપત ભાળી ? કાલે બહુ ભીખ મળી હતી માટે આજે એ માગવામાં સુસ્ત છે એવો કોઈ દિવસ દેખ્યો ? ના, એ તો સદાની ભિખારણ ! પણ એને બિચારીને શી નિંદવી ? આત્મા જ પોતે ભિખારી છે. ઇન્દ્રિયોરૂપી ચપ્પણિયામાં સદા વિષયો માગતો ફરે છે અને એમાં આવી પડતા એ વિષયોને ચાટવામાં મસ્તી અનુભવે છે ! મસ્તાન બને છે ! બીજા કરતાં વધારે ચાટવાનું મળતાં જાતને જાણે બાદશાહ સમજે છે ! જીવનનો કસ મળી ગયો માને છે ! બસ જીવનભર વિષયોનું તુચ્છ ચાટવાનું મળી ગયું એટલે સર્વસ્વ મળી ગયું; હવે એને કાંઈ ન્યૂનતા લાગતી નથી ! આવા ઇન્દ્રિય-શકોરાથી ભીખ માગવાના અને વિષયો ચાટવાના અનંતા જન્મ વિતાવ્યા ! આ જીવનમાં પણ એવા હજારો દિવસો પસાર કર્યાં, છતાં આજે પણ બેશરમ ભીખ માગવાની અને તુચ્છ ચાટવાની રાંકડાગીરી હજી છૂટી નથી ! છોડવી નથી ! એમાં કોઈ સંકોચ, ખેદ, ગ્લાનિ કે શરમ-નાલેશીનો અનુભવ નથી ! કેવી કેટલી દુર્દશા ! આત્મા ક્યાં એના અસલી સ્વરૂપમાં તદ્દન સ્વતંત્ર, નિરીહ, શુદ્ધજ્ઞાતા અને દૃષ્ટા ! કોઈ જ ભૂખ નહિ, ભીખ નહિ, ઇન્દ્રિયોની ગુલામીમાં એની પાછળ ઘસડાવાનું નહિ ! ક્યાં આ મૂળ સ્વરૂપ, અને ક્યાં એનું ભૂખ-ભીખ-ગુલામી ભર્યું સ્વરૂપ !

આનો કોઈ વિચાર, ચમકારો, ગ્લાનિ થાય, વિષય ભીખની શરમ અને ભડક ઊભી થાય તો પરમેષ્ઠીના ગુણોની ભીખ માગવાનું, પ્રાર્થના કરવાનું થાય, કે 'હે નાથ ! હે દયાળુ ! વિષયોની ભીખ, ઇન્દ્રિયોની ગુલામી, કષાયના ઉકળાટ, વાસનાના ઉન્માદ અને પરિણામે ભવનાં ભ્રમણ ટાળવા, મને પરમેષ્ઠીના ગુણો આપજો.' વારંવારની આ હાર્દિક પ્રાર્થના હોય, તો નમસ્કારમંત્રની આરાધનામાં એ અંતર્ગત વ્યાપ્ત રહે; અનુમોદના અને પ્રાર્થનાયુક્ત નમસ્કાર થાય.

યશોધર મુનિ ધનકુમારને કહી રહ્યા છે, "પ્રથમ ભવમાં સુરેન્દ્રદત્ત રાજા તરીકે હું મોટા ઝાકઝમાળ મહેલમાં આવ્યો છું, પણ મને હવે એનાં કોઈ આકર્ષણ નથી. કેશના પરિવર્તન ઉપર અને પ્રાહરિકના શ્લોકનું શ્રવણ કરીને ચિત્ત વિષયોથી પરાઙ્મુખ થઈ ગયું છે, છતાં માત્ર રાણી નયનાવલિ તરફ મારું ચિત્ત સ્નેહાનુરાગથી ખેંચાઈ રહ્યું છે. મને એમ થાય છે, કે 'અરે ! આ રાણીને છોડવી પડશે. એટલું જ દુષ્કર છે. મોટા રાજ્યવૈભવ અને વિષયોનાં સુખ છોડવાનું તો કાંઈ કઠિન



નથી ! આમ વિચાર કરતો શય્યામાં પડ્યો છું, ત્યાં થોડીવારમાં રાણી ઊઠે છે, અને જુએ છે કે રાજા ઊંઘે છે ને ?

હું તો આંખ મીંચીને પડ્યો છું, એ મને ઊંઘતો જાણી પલંગમાંથી નીચે ઊતરી. આંખ ખોલીને હું જોઉં છું તો એ શંકિત પગલે બારણાં તરફ જઈ રહી છે, ને બારણું ખોલે છે.

**નયનાવલિ ક્યાંક જાય છે :-**

મને ફાળ પડી કે આ અકાળે ક્યાં જઈ રહી છે ! જરૂર આણે ચારિત્રની હા તો પાડી, પણ એને લાગ્યું હશે કે હવે પતિનો વિયોગ થવાનો તે અસહ્ય થશે. ભવિષ્યના વિયોગની ચિંતામાં એ ક્યાંક આપઘાત કરવા ન જતી હોય ! માટે મને ઊઠવા દે. એમ કરીને ઊઠ્યો. તેની પાછળ તલવાર લઈને જાઉં છું. કદાચ ફાંસો ખાય તો ફાંસો ઝટ તલવાર વડે કાપી નખાય. ધીમા પગલે ચાલી રહ્યો છું. મેં જોયું તો એ દરવાજામાંથી નીકળ્યા પછી મહેલના નીચેના ભાગમાં ગઈ, મહેલનો રખેવાળ જ્યાં સૂઈ જાય છે ત્યાં ગઈ. રખેવાળ કૂબડો, રૂપ-રંગમાં ઢંગધડા વગરનો છે. તેને રાણીએ ઊઠાડ્યો.

ત્યારે મને વિચાર આવ્યો કે રખેવાળને ઊઠાડવાનો શો ઇરાદો હશે ? હા, એને કહીને પોતાનું ઇચ્છિત પ્રાણત્યાગનું કાર્ય કરવું હશે !

હજુ તો હું આ વિચારમાં છું. ત્યાં તો કૂબડો ઊઠ્યો, ગુસ્સે થઈ ગયો. ભ્રમર ચઢાવી આંખ ભમાવીને ગુસ્સામાં કહે છે : 'અરે, કેમ આજે આટલી મોડી વેળાએ ?'

ત્યાં હું ચોંક્યો, 'કેમ આ 'આજે' કહે છે ? શો મતલબ હશે ? રોજ આવતી હશે ?' પણ હજી હું એના પર આંધળા રાગવાળો હતો. મનમાં સમાધાન કર્યું કે અત્યારે રાણીને આવવાનો અવસર નથી, આ વેળાએ અનુચિત આવવું છે, તેથી એમ કહેતો હશે ! ઠીક જોઉં છું રાણી શો જવાબ આપે છે, મારે એકદમ કલ્પના કરવાની જરૂર નથી ! એમ કહીને ત્યાં દૂર ગુપ્તપણે હું ઊભો છું તો મેં ગજબનું જોયું ! શું ?

રાણી કૂબડાને કહે છે, 'શું કરું ? આજે મહારાજાને શરીર સ્વસ્થ નહીં હોય તેથી મોડા સૂતા, એટલે આજે મારે આટલી વાર લાગી.' આ સાંભળતાં મને થયું, 'અરે, આ શું ? જરૂર આ રોજનો પ્રસંગ લાગે છે ! ક્યાં આ એક મોટા મહારાજની રાણી ! અને ક્યાં આ કૂબડો ! શી કમીના છે આ મહારાણીને ? શું નથી ભોગવ્યું એણે ? કૂબડામાં ભલીવાર પણ શો છે ?'

જેવું આશ્ચર્ય સદાચારી માણસને આવા પ્રસંગ ઉપર થાય તેવું જ્ઞાની ગુરુને

જૈનકુળમાં જન્મેલા પણ કેવળ મોહમાં તણાતા આત્મા ઉપર લાગે છે. આવું વીતરાગનું શાસન મળ્યું છે.

ચક્રવર્તી આત્માઓ, રાજા-મહારાજાઓ, શેઠ-શાહુકારો એકમાત્ર સમ્યગ્-જ્ઞાન-દર્શન ચારિત્રની તન્મયતા લગાવી મોક્ષનાં સુખ મેળવી લે છે, તો પછી આ મનુષ્ય જીવનનાં સામાન્ય સુખ પામેલા જીવો ગલીચ એવા વિષયો અને મળ-મૂત્ર ભરેલી કાયામાયામાં લપટાય છે ! આ આશ્ચર્ય લાગે.

રાજા વિચાર કરે છે એટલામાં કૂબડો કર્કશ, કઠિન હાથથી રાણીના વાળને પકડીને નીચે પછાડે છે. રાણી કામરાગથી મંજૂર કરે છે. કોઈ પ્રતિકાર કરતી નથી, આકુલ-વ્યાકુલ થતી નથી. બંને નિર્લજ્જ હતા, ગુસ્સો કૃત્રિમ હતો. રાણીને કંઈ ખરાબ અસર નથી. મોહની ચેષ્ટા કરવા આવી હતી. મુનિ કહે છે, 'હું ધૂંવાં-પૂંવાં થઈ ગયો. આવું ભયંકર દશ્ય જોઈ મને અસહ્ય થઈ ગયું, ગુસ્સો આવી ગયો, તલવાર હાથમાં હતી. વિચાર આવ્યો, બંને પાપી છે તો તલવારના એક જ ઝટકે બંનેને મારું, કોણ જાણે આ પાપ કેટલા વખતથી ચાલતું હશે ! આજ સુધી મારા પર કૃત્રિમ સ્નેહ ! આ બધું જૂઠ, ગાઢ અંધારું મારા મહેલમાં ? મન ચકાવે ચડ્યું !

રાજા સુરેન્દ્રદત્ત આજ સુધી શું માનતો હતો ? 'મારી અનન્યરાગી પત્ની.' એથી જાતને બહુ સુખી સમજતો હતો. માણસ સંસારમાં સુખી ક્યાં સુધી ? અજ્ઞાન છે ત્યાં સુધી. અજ્ઞાન ગયું તો સુખનાં વાદળ ઊડી જાય. ધતૂરો પીધો હોય ત્યાં પીળી ઈંટને સોનું માને ! આ જગતનાં સુખ ક્યાં સુધી ? જીવ આગળ-પાછળના ઈતિહાસ જાણતો નથી ત્યાં સુધી ! રાજા સમજતો હતો, 'શો એનો એકાકાર પ્રેમ ! કેટલું મારું પુણ્યબળ !' અજ્ઞાન દશા ! 'ખબર નથી જેને ઢોંગ કરવા હોય, કૂડ-કપટ કરવાં હોય, તેને આડંબર વધારે રાખવો પડે છે. રાણી પણ આમ કરે છે. રાજાની સરભરા એવી કરે કે આવો સ્નેહ દુનિયામાં જોવા ન મળે. કેવી ખૂબી છે રાણીને કૂબડા સાથે સંબંધ છે. રાણી રાજા પર બેવડો ત્રણગુણો સ્નેહ બતાવે છે. રાજા સ્નેહનો ભૂખ્યો છે. દુનિયા તરફથી સ્નેહ મળતો હોય એ કરતાં રાણી પાસેથી કઈ ગુણો મળે છે. રાજા લોભિયો અને રાણી ધુતારી ! સ્નેહનો છાંટો નહિ હોય, પણ સાગર દેખાડ્યો ! રાજા બનાવટી સાગરને સાચો માને છે !

જે ઝાંઝવામાં પાણીનું ટીપું નથી, તેની પાછળ દોડવાથી શું ? થાકીને લોથ ! એમ જ્યાં કંચન-કુટુંબની માયામાં સુખ નથી, વિષયોમાં સુખ નથી, એની પાછળ અનંતા જન્મારા દોડ્યે રાખ્યું, આજે સારામાં શું ? કર્મના કંગાળ કેદી અને પાછી એ જ દોડ કરનારા મૂર્ખ કે બીજું કાંઈ ? અજ્ઞાનના પડળ આ સમજવા દેતાં



નથી. કૃત્રિમ સ્નેહ, સેવા-ચાકરી, માની લીધેલ સચ્ચાઈ, ઉપર જીવને માથું ઊંચકવાનો અવકાશ નથી. જેટલું પીળું તેટલું સોનું નહીં.' તું માની બેઠો છે, 'આ ઘર મારું છે, કુટુંબ મારું છે, શરીર મારું ઠીક કામ આપે છે.' આ અજ્ઞાન દશા કારમી છે. અંદર બેઠેલી એ સળગાવે છે, વિશ્વાસઘાતી છે. તે અજ્ઞાન પાછળ જીવ દોડે છે, પણ જ્યારે અજ્ઞાનનો પરપોટો ફૂટે છે, ત્યારે તેને આકુળતા થાય છે, કે આ શું ? કબૂલ, પરપોટામાં ચિત્રો સારાં દેખાય છે, પણ તેને કબાટમાં મૂકી દેવાય ? અજ્ઞાનના પણ પરપોટા જ છે.

રાજા વિચારમાં પડી ગયો, 'આ તે કોણ ? ક્યાં જન્મેલી ? આ સારા કુળમાં જન્મેલી રાજકન્યા, મારા જેવાના સંસર્ગમાં આવેલી, એટલે ઘડીભર આ માનવામાં પણ ન આવે. પણ હમણાં પ્રત્યક્ષ દેખાય છે. આ સ્વપ્ન-જાળ નથી કે ઈન્દ્રજાળ નથી; ખરેખર દેખાય છે. તેને ખાનદાનીની પરવા નથી. શું આજ સુધી કાંઈ ભોગવ્યું નથી ? કેમ તૃપ્તિ નહીં ? તૃપ્તિ ન રહી, તો કેટલે નીચે સુધી પહોંચી કે શરબતના ગ્લાસ પીધા હોય, હજીય મળે છે, છતાં ગટરનું પાણી પીવા તૈયાર થાય છે ! હું એની સુકોમળતાને યોગ્ય વ્યવહાર કરું છું, ત્યારે આ કૂબડો અહીં એને કેશનો જથ્થો ખેંચી નીચે પછાડે છે !

**વિષયસુખોની અતૃપ્તિ માનવ જેવા માનવને હેવાન બનાવે છે,** પછી છતી બુદ્ધિએ બેલ જેવો. ક્યાં રાજા અને ક્યાં કૂબડો ! જીવની વાસના કેટલી ? જેમ ઈલેક્ટ્રિકનો પાવર ચારસો વોલ્ટ હોય-હજાર વોલ્ટ હોય, તેમ જીવની વાસનાનો વોલ્ટજ કેટલો ? અમાપ ! અમર્યાદિત ! જગતનાં સુખોની ભૂખ જ્યાં સુધી ઊભી હોય ત્યાં સુધી સ્વપ્નામાં ય ત્યાગ આવે ? આટલા બધા રૂપિયા મારે શું કરવા છે ? એક ભાણામાં આટલી બધી ચીજો શું કરવી છે ? લાવ બહાર મૂકું, આવું થાય ?

એક જ કર્તવ્ય છે, મન માને કે ન માને તોપણ જીવનની પ્રવૃત્તિમાં જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં કંઈ ને કંઈ ત્યાગ. નહીં તો જગતના પદાર્થોની કારમી ભૂખો ઓછી નહીં થાય !

નિયમ-બાધા વિના આ ત્યાગ બરાબર નહીં પળી શકે. આપણું મન કાંઈ એટલું મજબૂત નથી કે નિયમ ન કર્યો હોય તો ત્યાગ અવશ્ય પાળી શકીએ. પ્રભુ મહાવીરદેવનું તો મન ભારે મજબૂત હતું છતાં એમણે સંસારત્યાગની-પાપમાત્રના ત્યાગની પ્રતિજ્ઞા કરી, અને તે પછી પણ કેઈ અભિગ્રહો કર્યા. કેમ વારું ? પ્રતિજ્ઞા વિના, વિરતિ વિના, પાપનો ભાર ટળતો નથી. અવિરતિના યોગે અઢળક પાપ બંધાય છે, એટલે નિયમનો આ લાભ તો છે જ કે પાપના મોટા ભારમાંથી છૂટીએ, બાકી આ પણ એક મહાન લાભ છે કે મન અંકુશમાં આવે છે. સવારથી પચ્ચક્ખાણ

કર્યા વિના વિચાર રાખ્યો કે જોઉં છું આજે ઉપવાસ કરીશ, તો સંભવ છે બપોર થતાં 'ત્યારે કાંઈ પચ્ચક્ખાણ તો લીધું નથી, તો ખાઈ લેવા દે' એમ મન થાય. એ જ સૂચવે છે કે પચ્ચક્ખાણ કર્યું હોત તો તો ખંભાતી તાળું લાગ્યું. 'બસ, આજે ખાવાની વાત નહિ.' લાંબા સમયના ન બને તો ટૂંકા-ટૂંકા સમયના પણ નિયમો કરતા ચાલવું જોઈએ.

શાસ્ત્રકાર તો ત્યાં સુધી કહે છે કે પોતાનામાં જે દોષ જોર કરતા હોય તેને કાબૂમાં લેવા માટે નિયમોનો આદર કરવો જોઈએ.

**નિયમ ભાંગી જવાનો ભય શાથી ?**

**પ્ર.**- પણ પછી નિયમ ભાંગી જાય તો ?

ઉ.- આ પરણ્યા પહેલાં રાંડવાની વાત કાં કરો ? આમ ઊંચે ચઢાશે ? અંતરમાં જો પાપો પ્રત્યે, વિષયો પ્રત્યે અત્યંત નફરત છે, એમાં ભારે આત્મ-નાશ દેખાય છે, તો આવો માંયકાંગલો, મુડદાલ, મુફલિસ વિચાર જ શાનો ઊઠે ? 'આ વિષયોએ મને ભવભવ ભટકાવ્યો છે, નરક-નિગોદનાં દુઃખોમાં રેંસી નાખ્યો છે, એને તો કેમેય કરીને ફગાવીને જંપું આવી જો મનમાં કોઈ તમન્ના હોય, હૈયામાં આગ સળગતી હોય, તો તો એમ થાય કે એક નહિ તો બીજી રીતે પણ નિયમ કરીને એ દુષ્ટ વિષયોના સંગથી બચું ! એની ગુલામીમાંથી ઓછો-વધતો છૂટું !

**પાલન-સામર્થ્ય નક્કી કરીને નિયમ લેવાનો :-**

અલબત્ત, નિયમના પાલનનું સામર્થ્ય પહેલેથી મનમાં વસેલું જોઈએ. 'કોને ખબર ભાઈ ! મારાથી પળી શકે કે નહિ ? પળશે તો પાળીશ, નહિતર કાંઈ નહિ' આવા વિચારથી નિયમ ન લેવાય. નિયમ લેતાં પહેલાં મનને નક્કી જોઈએ કે 'અવશ્ય પાળીશ.' આ કઠિન નથી જો વિષયસંગ તથા હિંસાદિ પાપ અને ક્રોધાદિ કષાયોથી થતી માનવજીવનની બદબાદી તેમજ કચડાતી સોનેરી તક અકળાવી નાખતી હોય.

**નિયમ વિનાના સ્થાને પણ ત્યાગ :-**

આ પણ એક ધ્યાનમાં રાખવાનું છે કે જ્યાં નિયમ નથી ત્યાં પણ બને તેટલું ઓછું સેવવાનું, બને તેટલું બચવાનું. દા.ત. છ વિગઈમાંથી ૨ વિગઈના ત્યાગની પ્રતિજ્ઞા કરી; તો એનો હવે એ અર્થ ન હોવો જોઈએ કે બાકીની ચાર વિગઈઓમાં પાછું વાળીને જોવાનું નહિ. આવું ન કરાય, નહિતર અમુક વિષયોના ત્યાગ કર્યાનું સાટું વળવાથી જોરદાર વિષયઘૃણા નહિ ઊભી થાય. માટે વગર નિયમમાં પણ બને તેટલું છોડતા આવવું.

જીવનમાં એક બાબતમાં નહિ, પણ પાપનાં અનેક સ્થળે નિગ્રહની પ્રવૃત્તિ



જોઈએ. બોલવા બેઠાં તો ઓછે શબ્દે પતાવવાનું, ભલે નિયમ નથી લીધો. માત્ર નિયમપૂર્વક તપ અને ત્યાગધર્મ પાળે એટલેથી નહીં ચાલે; જ્યાં નિયમ નથી ત્યાં પણ જીવનની વિવિધ બાબતોમાં ત્યાગ આવે ત્યારે જ વિષયોની કારમી ભૂખ ઉપર કાપ આવે; નહિતર જીવનમાં અસંગત, અત્યંત ખરાબ પ્રવૃત્તિના ક્યારેક ભોગ બનતાં વાર ન લાગે. આ કથાઓ આપણને જગાડે છે ! મનુષ્ય જીવનમાં ઉન્નતિ કરવી હોય તો જીવને હાલતાં-ચાલતાં ત્યાગથી વાસિત કરવો પડશે. જીવને બહારથી લાગતી ઠંડક ત્યારે ઓછી થશે જ્યારે ભોગોની તરફ ઘૃણાની દૃષ્ટિએ જોવાય. 'કેટલાં કંગાળ ! મનુષ્ય હોવા છતાં પશુ જેવી રમત કરી રહ્યાં છે !'

'આ તલવારથી બંને પાપીઓને મારી નાખું,-એમ વિચાર આવે છે તે વખતે મને આવેલો અવિવેકનો અંધકાર ભાગી ગયો; અને વિચાર પડતો મૂક્યો !'

**પાપીને સજા નહિ ?**

રાણી પાપી છે, કૂબડો પાપી છે, તો પાપીઓને સજા કરવામાં શો વાંધો ? શો અવિવેક ? એમ લાગે; પણ તું સમજે તારી રાણી દુરાચારી છે; પણ તું મારી નાખવાનો વિચાર કરે છે તો તું ઘાતકી નહીં ? તારું શું બગાડ્યું ?

મનમાં વિચાર એ આવ્યો 'અરે ! હું લડાઈમાં ચઢેલો મોટા-મોટા રાજકેસરી જેવા સિંહ કે યુદ્ધમાં હાથીઓને કાપી નાખીને વિજય મેળવવા તત્પર થયેલાને મેં જીત્યા ! એવો હું આ કૂતરા જેવા માનવીને મારું ? સિંહનો શિકાર થઈ ગયો, હવે હરણોનો ? ના, કૂબડો કૂતરા જેવો છે, રાણી દુરાચારથી મર્યા જેવી છે, તેથી તેને મારવામાં લાજ આવે છે. આ તલવાર તેના પર નહીં ચાલી શકે. વિચારણા આવે છે ક્ષત્રિયવટની ! ગમે તેમ પણ મારી સાથે વિશ્વાસમાં આ રાણીએ ક્રીડા કરી છે, એક ભાણામાં ભોજન કર્યું છે; તો મારે તો વિશ્વાસભંગ નહિ કરવો. સ્ત્રી એટલે અવિવેક સહેજે હોય. હું તો ચારિત્ર લેવા માટે તૈયાર થયો છું, અને હું મારી નાખું ? એથી તો પુત્રને પણ કલંક લાગે, લઘુતા લાગે, બાપ સારો પણ મા ખરાબ હતી એમ લોક કહે. હીન માનો આ પુત્ર, એમ કલંક લાગે. રાજા ઊભો થઈ જાય છે, તલવાર થોભાવી દે છે. 'કંઈ નહિ, જવા દે !' રાણી પરથી રાગ ઊઠી ગયો. સમ્યક્ત્વ હતું, પણ રાણી પર રાગ હતો. હવે રાણી કેવી છે તેની ખબર પડી, રાગ ઊડી ગયો. મારવાનો ક્રૂર વિચાર આવ્યો હતો ત્યાં ચારિત્રનો વિચાર આવ્યો. દયા પાળવી છે, તો દોષિત અપરાધી જીવોની ઉપેક્ષા કરવાની છે, તેમ રાણીની પણ ઉપેક્ષા. ધર્મ કરવો હશે તો ઉપેક્ષા જોઈશે. પરચિંતા અધમાધમ છે. એમાં મોટા ભાગે બીજાનું હલકું જોવાની જ વાત હોય છે. એટલે દ્વેષનો અગ્નિ સળગતો રહે છે. ખરું જોતાં ત્યાં દયા ચિંતવવાની છે; ને અસાધ્ય હોય તો

ઉપેક્ષા કરવાની છે, જેથી આપણું ચિત્ત ન બગડે. સુરેન્દ્રદત્ત રાજાને જે રાણી નયનાવલિએ દીક્ષાની ભાવનામાં સંમતિ આપી હતી, એને જે પોતે પણ દીક્ષા લેવાની તૈયારી બતાવતી હતી, તેના દુશ્ચરિતને નજરોનજર નિહાળવાનો અવસર આવ્યો, ત્યાં ભયંકર ગુસ્સો થાય કે નહિ ? પણ આ પોતે ગુણિયલ આત્મા છે, પોતાનો ક્રોધ કબજે કરે છે. માથાના એક ધોળા વાળ ઉપરથી આખા સંસાર ઉપર વૈરાગ્ય થઈ આવ્યો એટલી ઉન્નત દશાએ પહોંચ્યો છે. બીજી બાજુ, જે સ્ત્રી ઘણો ઘણો સ્નેહ બતાવતી હતી તેનામાં દુરાચાર દેખાય છે.

આપણી પાસે એકાદ ગુણ આવ્યા પછી સામા આત્મામાં દોષનું દર્શન થાય છે. આપણે કોઈના પ્રત્યે વફાદાર રહ્યા પછી કોઈ વિશ્વાસઘાતી મળે તો 'દગો ? બસ, દગો ?' એ પ્રમાણે મનમાં આવેશ સાથે આશ્ચર્ય લાગે છે. અલબત્ત, રાજાને પણ આવેશ આવ્યો.

ધનકુમારને યશોધર મહાત્મા કહે છે, કે 'ચંદ્રના અજવાળામાં મેં બંનેના રતિપ્રસંગને જોતાં ભાન ગુમાવ્યું, અંતરમાં ક્રોધ ધમધમી ઊઠ્યો અને બંને પાપીઓને મારી નાખું એવો વિચાર આવવા સાથે તલવાર ઊંચી કરી, પરંતુ તલવારના ચળકતા તેજથી જાણે મારો અવિવેકરૂપી અંધકાર નષ્ટ થઈ ગયો અને મને થયું કે અરે ! જે આ તલવાર મોટા નરકેસરી રાજાઓ ઉપર ખેલી છે, એને આ કૂતરા જેવા કૂબડા પુરુષ તથા શીલપ્રાણ વિહોણી બનેલી આ સ્ત્રી ઉપર શી ખેલાવવી ?

બીજું એ પણ છે કે ઠેઠ બાળકાળથી આ સ્ત્રીએ મારી સાથે વિશ્વાસ રાખીને વાતો કરી છે, ક્રીડા કરી છે, સ્નેહભર્યા દિલ સાથે ભોજન કર્યા છે, અને મારા જેવા પુત્રને જન્મ આપ્યો છે. તો હવે આને મારી નાખવાના વિચારથી શું વિશેષ ? એ કદાચ નાદાનિયત કરે, પરંતુ એની પૂર્વ વિશેષતાઓને જાણતાં એવા મારાથી આંધળિયાં કેમ કરાય ?'

વળી હે મહાનુભાવ ! મને એમ થયું, કે **'જે વસ્તુનું સ્વરૂપ જ હલકું હોય ત્યાં એ પ્રગટ દેખાય એમાં આશ્ચર્ય કે આવેશ શા કરવા ?** મરચું સ્વભાવે તીખું હોય છે તો એની તીખાશ ઉપર થોડું જ આશ્ચર્ય થાય છે ? ગાંડાનો સ્વભાવ જેમ લવારો કરવાનો હોય છે, તો એનો લવારો જોઈ કોણ સુજ્ઞ માણસ આશ્ચર્ય કે આવેશ કરે ? એમ સ્ત્રી જાત મોટા ભાગે અવિવેકથી ભરેલી હોય છે ત્યાં એનો અવિવેક પ્રગટ દેખાય એમાં આકળા-ઉતાવળા શું થવું'તું ! એમાં વળી હું શ્રમણપણું લેવા તૈયાર થયો છું ત્યાં તો મહાગંભીર અને તાત્ત્વિક વિચારસરણી હોય. મારે જે આ સંસારનો ત્યાગ કરવો છે, એ એટલા જ માટે કે સંસાર આવા અનુચિત પ્રસંગો, અનુપકારી પદાર્થો અને અશિષ્ટ પ્રવૃત્તિઓથી ભર્યો પડ્યો છે, તો હવે



મારે અનુચિત કાર્યમાં કેમ પડાય ? તેમ બીજું એ પણ છે કે આ સ્ત્રીના આ કારણે મારી નખાવાનું જાહેર થવાથી પુત્ર ગુણધરકુમાર પર એક કલંક લાગે. લોકમાં એની લઘુતા થાય, કે 'જુઓ આ કેવી દુરાચારી માતાનો પુત્ર !' એવું બહાર જાહેર થવામાં મને પણ લઘુતા લાગે; અને એમાં તો મારે પ્રસ્તુત ચારિત્ર લેવાના મહાન શુભકાર્યમાં અંતરાય ઊભો થાય. ત્યારે આ બધું જોતાં મારી સંયમ યોગ્ય વિચારક્તા ક્યાં રહી ?

હું ચોંક્યો ! તરત ત્યાં મને મારી જાત પર શરમ આવી ગઈ, મારા અનુચિત વ્યવસાય ઉપર હું લજવાયો. તરત મેં ઉગામેલી તલવાર પાછી વાળી લીધી, અને ઘડી પહેલાં એ પત્ની ઉપર ઓવારી જતું મારું દિલ હવે એના ઉપરથી ઊઠી ગયું, અને શુદ્ધ ધર્મવિચારણામાં પરોવાઈ ગયું.

**'હે ભાગ્યવાન ! જગતના સ્નેહ ખોટાં કેમ છે ?** આ એક પ્રબળ કારણ છે કે એ તકલાદી છે. ગમે તેટલા મજબૂત એને બાંધ્યા હોય, સજ્જડ સાંધ્યા હોય અને કલેજાથી કેળવ્યા હોય, પરંતુ કોઈ એક એવો પથરો પડતાં એના ભાંગીને ભૂકા થાય છે. વર્ષોના સંભાળેલા એ કાચી મિનિટમાં નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય છે. એવો કોઈ સામાનો અજુગતો બોલ કે અનુચિત વર્તાવ, સ્નેહની મોટી ઇમારતને પણ ધરતીકંપનો આંચકો લગાવી જમીનદોસ્ત કરે છે. ત્યારે આવા ક્ષણભંગુર સ્નેહમાં માણસ શું તણાતો હશે ! એવા સ્નેહને જગાડવા-જાળવવા અને વધારવા માટે શું જોઈને આજીવન શ્રમ કરી કરી પૂર્વના પુણ્યસંચયની ખુવારી અને મોંઘેરી માનવજીવનની તકની બરબાદી કરતો હશે ? એક સ્નેહ રાગને મચક ન આપે તો અમૂલ્ય પુણ્યધન અને માનવસમય-શક્તિઓને પરમાત્માના ચરણે ધરી સાર્થક કરી દેવા ભાગ્યશાળી થાય.'

**સ્ત્રી જાતિની વિવિધ ઓળખ :-**

મુનિ મહાત્મા ધનકુમારને કહે છે, કે 'હું ત્યાંથી ઊઠીને શયનઘરમાં આવી ગયો અને પલંગ પર પડ્યો-પડ્યો વિચાર કરવા લાગ્યો કે,

'અહો ! આ જગતમાં સ્ત્રી એ કેવી વિચિત્ર વસ્તુ છે ! વિષવેલડીને તો ઊગવા માટે જમીન જોઈએ, એ ભૂમિમાંથી ઊગી-વધી દેખાય છે; ત્યારે સ્ત્રીરૂપી વિષવેલડી તો વિના ભૂમિ ઊગેલી નજરે ચઢે છે. વિષવેલડી પણ કેવી ? કેટલાય ભવો સુધી એની વિષમય અસર પહોંચાડે એવી ! અને એની અસરમાં બધું જ સત્કર્તવ્ય-સદ્‌વિચારણા-સદ્‌વાણીનું ચૈતન્ય સાવ નષ્ટ ભ્રષ્ટ !

હે મહાભાગ ! વિષવેલડી જ શું, સ્ત્રી એ નવીન જાતની ઉલ્કા છે, ઝાળ છે, કેમ કે વિના અગ્નિ એ પ્રગટેલી છે ! એ ધીખતી જ્વાલામાં ભલભલા

રણજોદ્ધાઓ પણ એક પતંગિયાની જેમ આકર્ષાઈ એની આસપાસ ઘૂમી-ઘૂમીને અંતે બળીને ખાખ થઈ જાય છે !

વળી, હે નરોત્તમ ! એ જો કે આ સ્ત્રી એ કોઈ ભોજન નથી કે એને ખાઈએ તો જ અજીર્ણ થાય, એ તો સહજ અજીર્ણ છે. બસ, એનું ચિંતન માત્ર કરો, એના ઉપર રુચિ-અભિલાષા કરો અને આત્મામાં અજીર્ણ ઊભું થાય. પછી એમાં ધર્મઅંગ તૂટે, ગંદા વિચારના ઓડકાર આવે, ઉન્મત્તતાનું પેટ ફૂલે, ઘેલા બોલના વા-સંચાર થયા કરે, શુભ પરિણતિની ધાતુઓ વિકૃત થઈ જાય.

હે ઉત્તમ પુરુષ ! આટલું જ શું, સ્ત્રી એ તો એક વિચિત્ર વ્યાધિ છે. આયુર્વેદ શાસ્ત્રમાં કેઈ વ્યાધિઓનાં નામ નોંધાયેલાં પડ્યાં છે, પરંતુ એમાં શોધ, તો સ્ત્રી એવું રોગનું નામ ક્યાંય નહિ જડે ! જો નામ જ નહિ, તો પછી ચિકિત્સાની તો વાતેય શેની મળે ? ત્યારે તું પૂછ કે સ્ત્રી તો કોઈ માનવ પ્રાણી છે કે રોગ છે ? હું કહું છું કે એ રોગ છે રોગ ! એ એવો મહાવ્યાધિ છે કે એની આગળ મોટા રાજરોગ, ક્ષય જેવા રોગ પણ વિસાતમાં નથી. આ વ્યાધિ જેને લાગુ પડ્યો એને ભારે સંતાપનાં શૂળ, ગુણોના ક્ષય, પરલોકની નરક સુધીની પીડાઓ, અનેક મદ, મૂર્ચ્છા, દીનતા વગેરેની આકુળ-વ્યાકુળતાઓની રિબામણનો પાર નહિ !

હે મહામના માનવ ! બીજી મૂર્ચ્છાઓ તો વેદનારૂપ લાગે, પણ આ સ્ત્રીજાત એક એવી મૂર્ચ્છા વળગે છે જ્યાં છતી વેદના વેદનારૂપ નથી લાગતી, ઊલટી સુખશાંતિરૂપ લાગે છે. આ ભ્રમણા છે, પરંતુ એમાં તણાયો માનવી વેદનાનો અનુભવ ન જ કરે ત્યાં એ મૂર્ચ્છા શે છૂટે ? એ મૂર્ચ્છામાં જે ભાનભૂલાપણું ઊભું થાય છે એમાં ક્યાંથી એ નિજના આત્માના અનંત જ્ઞાન-સુખાદિની સમૃદ્ધિ અને સ્વતંત્રતાનો આછોય ખ્યાલ કરી શકે ?'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૯,અંક-૧૪,તા.૧૭-૧૨-૧૯૬૦

હે વિચારક માનવ ! તું જો કે સ્ત્રી એ તો એક જાતની એવી વિચિત્ર મરકી છે કે જ્યાં પૂર્વ ઉપદ્રવ કાંઈ દેખાય નહિ, જેના યોગમાં જીવતાનાં મડદાં પડતાં જણાય નહિ, છતાં એ મરકીમાં ભાવપ્રાણના નાશ નિશ્ચિત ! પ્રત્યક્ષ ઉપદ્રવ વિનાની આ મરકીનો ફેલાવો એટલો બધો વ્યાપક છે કે શું અજ્ઞાન પશુ-પંખી કે શું સમજદાર દેવ-મનુષ્ય, બધાને એ લાગુ પડી છે !

હે ભવ્યાત્મા ! મારા મનમાં તો ઉપરોપર વિચારો સ્ત્રીજાતિ અંગે આવવા લાગ્યા. મને થયું કે અહો ! એ કેવી જાતની છે કેદ ! કે જ્યાં કોઈ બેડી નહિ



છતાં એની ફસામણમાંથી છૂટવાની ભાગી જવાની, તાકાત ન મળે. વિના બેડીએ પણ એનાં બંધન એવાં હાડ ભાંગે, આત્માને અકડાવી દે કે જેથી ધર્મપુરુષાર્થનાં કોઈ જોમ ન રહેવા દે. બેડીનાં બંધન નહિ એટલે માણસ ગમે ત્યાં હરે-ફરે પણ અંતરથી એની ફસામણ-ગૂંગળામણમાં હોય ! અહાહા ! ક્યાં આત્માની તત્ત્વરમણતામાં યથેચ્છ વિહરણની શક્તિ, અને ક્યાં આ સ્ત્રીજાતની કેદમાં ફસાયે એની સંપૂર્ણ નિષ્ક્રિયતા ! આ મહામાયાની આધીનતા !

હે સૌમ્ય પુરુષ ! મારી વિચારણા હજી અટકતી નથી. વિચારું છું કે સ્ત્રીજાત એ તો એક ફાંસો છે, પણ ખૂબી એ કે એનાં દોરડાં નથી રસ્સી વિનાનો એ ફાંસો છે ! રસ્સી હોય અને એથી પુરુષ બંધાતો હોય તો તો એમ લાગે કે હાય ! હું બંધાયો ! હવે કેમ છૂટીશ ? પરંતુ એવાં કોઈ દોરડાનાં બંધન નહિ તેથી શાનું લાગે કે આ સ્ત્રીમાં હું ફસાયો ? બાકી એ ફાંસો તો એવો કે ત્યાં પછી બ્રહ્મચર્યનાં કૌવત ખલાસ ! ધર્મવીર્યના શ્વાસને ગૂંગળામણ, સમ્યગ્જ્ઞાન-ક્રિયારૂપી હાથપગની પ્રવૃત્તિ એની જકડામણના યોગે બંધ !

હે વિચક્ષણ માનવ ! વિશેષ કેટલું વિચારવું ? મેં જોયું કે જગતમાં મૃત્યુ આવે એ તો આયુષ્યક્ષયના કારણે આવે, તેમ કોઈ અસાધ્ય વ્યાધિ, ભયંકર અકસ્માત્ કે તેવા કોઈ બનાવના આઘાતના કારણે આવે; પરંતુ સ્ત્રી એક એવું મૃત્યુ છે કે જે વિના કારણ મળ્યે હુમલો કરે છે. મૃત્યુનાં એ પ્રસિદ્ધ કારણોમાંનું કોઈ કારણ નહિ, છતાં સ્ત્રી મૃત્યુનું કાર્ય કરે છે. જ્યારથી સ્ત્રીનો સંસર્ગ ત્યારથી મૃત્યુ ચાલુ ! તને થશે, મૃત્યુ ? હા, એ ભાવથી મૃત્યુ છે, જીવન પછીના મૃત્યુમાં તો પ્રાણનો નાશ અને શરીરનો વિયોગ છે, પરંતુ આ સ્ત્રીરૂપી મૃત્યુના યોગમાં તો પૂર્વની પુણ્યમૂડીનો નાશ અને પુણ્યમાર્ગનો વિયોગ, સુસંસ્કારનો નાશ, નિસ્પૃહતાદિ ગુણોનો નાશ, પરોપકારનો વિયોગ, સુકૃતનો વિયોગ, વગેરે કેટલુંય ભયંકર નીપજે છે !'

**સ્ત્રીના સ્વરૂપ પર બે વિચારણા :-**

સમરાદત્ય કેવલી મહર્ષિના જીવ ધનકુમારને યશોધર મુનિ પોતાના પહેલા ભવનો અધિકાર કહી રહ્યા છે એમાં પોતે રાજા સુરેન્દ્રદત્ત તરીકે **સ્ત્રીતત્ત્વ ઉપર કેવી કેવી વિચારણાઓ કરી તે બતાવી, આમાંથી બે વસ્તુઓ લેવાની છે;-**

એક તો સ્ત્રી એટલે માત્ર ખોળિયે સ્ત્રી સમજવાની નથી, પરંતુ કામવાસના, અવિવેક, મોહાંધતા વગેરે સમજવાનાં છે, એ જો પુરુષમાં છે તો પુરુષને પણ એ બધી ઉપમાઓ લાગુ પડે છે, માટે તમે પુરુષ હો એટલા માત્રથી ફુલાઈ જતા નહિ કે એ તો સ્ત્રીજાત એવી, અમે તો બહુ ડાહ્યાડમરા !

બીજી વાત એ સમજવાની છે કે સ્ત્રી જો વગર ભોજનનું અજીર્ણ, નામ વગરનો વ્યાધિ વગેરે છે, તો એના મોહમાં ફસાવું નહિ. રાજાની વિચારણા આ માટે શું કમ છે ? કેવી કેવી સ્ત્રીસ્વરૂપની માહિતી આપી ?

સ્ત્રી એ ભોજન નથી કે જે ખાવાથી જ વિસૂચિકા આવે; પણ એ વગર ભોજનનું અજીર્ણ છે. આયુર્વેદમાં હજારો રોગોનાં નામ આવે છે તેમાં સ્ત્રી એ રોગ છે એમ નથી જણાવ્યું, છતાં સ્ત્રી એ કોઈ વેદના દેનારો રોગ છે ! સ્ત્રી એ વિના ઉપદ્રવનો પ્લેગ છે ! વગર સાંકળનું બંધન છતાં જબરું બંધન છે ! ફાંસો તો દોરડાથી પડે છે, પરંતુ વગર દોરડાનો ફાંસો સ્ત્રી છે ! જગતમાં મોત આવવાનાં નિમિત્ત હોય છે, પરંતુ સ્ત્રી વગર નિમિત્તનું મોત છે. સ્ત્રી કહેવાથી વાસનાને વશ જીવની વાત છે.

**પુરુષ વાસનામાં અંધ હોય તો તે પણ તેટલું ભયંકર મૃત્યુ છે.** વાસનાવશ પુરુષો પણ કેટલા દારુણ અનર્થ મચાવે છે ! રાજા રાવણે મહાસતી સીતા પર કેટ-કેટલું વરસાવ્યું ! મોહાંધ પતિઓ સારી પણ પત્નીને પાપિષ્ઠ બનાવે છે. એવાના પનારે પડ્યા એટલે બાર વાગ્યા ! એ મોહમૂઢ અને કામાંધનો સંયોગ શું પાય ? નકરું મોહનું ઝેર કે બીજું કાંઈ ? જેટલા જગતના સ્નેહી, રાગના સ્નેહી, એ શું ધર્મનાં અમૃત પાય છે કે રોગનાં ઝેર પાય છે ? ભાઈ હોય કે બહેન હોય, પરંતુ મોહમૂઢ બનેલા એ શું પાય છે ? સુખે સમાધિએ જીવને જીવતો હોય અને ઓછું ખાઈને બે પૈસા કમાઈને પરમાર્થ કરતો હોય, તેને તેવા પ્રસંગે દૂરની સગાઈની કાકી પણ આવીને શું પાય ? પરમાર્થ તો ઘેર ગયો, પરંતુ એવો દેવામાં ડુબાડી દે કે ઊભો થવાની શક્તિ ન રહે ! ભૂમિ વિનાની વિષય-વેલડીરૂપ સ્નેહીઓ અને કામનું પાત્ર સ્ત્રી એટલે હદ આવી ! ધર્મથી ભ્રષ્ટ કરી દે. સામે આવીને કહેશે, 'આજે ઉપવાસ નહીં કરાય, બે પૈસાનું દાન નહીં કરાય.'

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૯,અંક-૧૫,તા.૨૪-૧૨-૧૯૬૦

સ્ત્રી વગર જ્વાળાની અગ્નિ સમાન છે. બીજાને માટે આપણે પણ જો મોહમાં, વાસનામાં અંધ હોઈએ તો, વગર અગ્નિએ જ્વાળા સમાન બનીએ, વગર ભોજને અજીર્ણ સમાન બનીએ.

**અજીર્ણ સમજો છો ને ? અજીર્ણ એટલે અપચો.** એમાં હોજરી નબળી, એટલે કદાચ મગનું પાણી થોડું લીધું હોત, તો સ્ફૂર્તિ રહેત, પણ ખોટી ભૂખમાં કઢેલું રગડું દૂધ લીધું, આથી મગના પાણી જેટલો પણ ફાયદો નહિ. આ કુપથ્ય



કરાવનાર સ્ત્રી અજીર્ણ વ્યાધિ સમાન છે. કેન્સર જેવો મહાવ્યાધિ લાગ્યો એટલે ધીમે ધીમે ખતમ ! પરંતુ વિષયાંધ મોહ-મૂઢ પુરુષ કે સ્ત્રી, એ જગતના રોગ, કેન્સર જેવાનેય ફીકા પાડી દે છે. કેન્સરથી બહુ બહુ તો આ શરીરના ખોખામાંથી આત્મા બહાર નીકળી જાય, પરંતુ આ તો આત્માનો સર્વનાશ કરી નાંખે ! દાન-શીલ-તપ-ભાવ એ ધર્મને અને બધાં પુણ્યને ખતમ એવું કરે કે એમાં પછી એકાદ તિર્યંચ ભવથી પતે નહીં ! દુર્ગતિના ઢાળ ઉપર રોલિંગ સ્ટોનની માફક ગબડતા ગોળા જેવો બની જાય ! રોગનું નામ નહિ છતાં કામમાં આયુર્વેદના રોગના કરતાં અનંતગુણ ભયંકર છે.

સ્ત્રી એ મૂર્ચ્છા છે ! બીજી મૂર્ચ્છામાં તો માણસને અવ્યક્ત પીડા હોય, પણ આ મૂર્ચ્છામાં પીડાનું નામ વર્તાય નહિ ! તો આ સારી ? ના, વેદના હોય તો કોઈ મિટાવનારે મળે. પણ આ કોઈ મિટાવી શકે નહિ. એકલા મોહના સ્નેહ એટલે મહાભયંકર મૂર્ચ્છા ! કેવી ? ભેદી ! આપણે રાગ દર્શાવ્યા પછી સામો પણ રાગ દર્શાવે ત્યારે આપણને મૂર્ચ્છા નથી લાગતી, પરંતુ સ્નેહ ઝીલ્યો એમ લાગે છે ! આમ પરંપરા વધી જાય છે. એ રોગ પહેલાં અજીર્ણ કરી ધર્મની વાતને પચવા દેતા નથી ! સ્વાસ્થ્યનાશ એ જ આપે; ધર્મને જાકારો લગાડે છે, દુનિયા વહાલી લગાડે છે, પછી એલફેલ બોલાય ! અત્યારે એવું બોલાય છે, લવારો કરાય છે, 'અરે ! જોયા જોયા સાધુ ! અરે જોઈ જોઈ સાધ્વી ! અંદરો અંદર લડે છે.' સસ્તા સાધુ, સસ્તો ધર્મ, ત્યાં ગમે તેમ લવારો કરાય ! પોતાના મોહાંધ માણસોએ એવાં કામણ કર્યાં છે કે ત્યાં દોષના ઢગ છતાં એક અક્ષર પણ નથી બોલાતો ! મૂર્ચ્છિત થયેલા ને સાચા ખોટાની પારખ ન મળે ! 'જે સાધુની, મંદિરની, સાધર્મી, સંઘની ફરિયાદ કરે છે તે તેને પુણ્ય કેટલું આપે છે,'-એ જોવું છે ? ના, એમાં કેટકેટલાં ઊંચાં તત્ત્વ છે, એ જોવું છે ? ના, શાસ્ત્રે સંઘ, સાધુ, મંદિરની અશાતના કરનારને કેવા ભયંકર પરલોક થવાનું કહ્યું છે, એ વિચારવું છે ? 'નમો લોએ સવ્વસાહૂણં' કરનારને આ નિંદા શોભે ? અહીં તો જરા ઓછું ચલાવી લેવાની શક્તિ નથી, દુન્યવી સ્વાર્થમાં ગાબડાં ચલાવી લેશે ! દસ રૂપિયાની પત્રાવળીમાં એક તણખલું આવ્યું એના પર શો ઉકળાટ કરો ? તેમ તરણ તારણ સાધુ-સાધ્વી, મંદિર, વગેરેમાં સહેજ વાંધો ને વચકો લાગે તેમાં આટલો બધો ઉકળાટ શો ? ઘણી માતાઓ એવી હોય છે, પોતાના હરામખોર પણ છોકરા સોના જેવા લાગે છે. મોહાંધ જીવોને સ્નેહ એટલે આ એક એવી મૂર્ચ્છા છે કે પોતાનું બેભાન સ્વરૂપ જાણવા ન દે. સ્વરૂપ ન જણાય માટે અકાર્યને કાર્ય સમજે છે, અને સમજીને કરું છું એમ માને છે. સ્ત્રી ઉપદ્રવ વિનાનો મહાપ્લેગ છે. એ પ્લેગમાંથી જે છૂટ્યા તે

નીરોગી થશે !

એ તો નિરાંતે વિચારાય ત્યારે ખબર પડે કે

**કોની પાછળ આપણે ધર્મ ભૂલ્યા ?**

**કોની ખાતર પહેલાંના પુણ્યના સ્ટોક ખાલી કર્યા ?**

**કોની ખાતર પાપના સ્ટોક ઉપાર્જન કર્યા ?**

જેની પાછળ આ બધી નુકસાની હોય તેને રોગ પ્લેગ, મૃત્યુ, ન કહે તો શું કહે ! તેને ફાંસો ન કહેવાય તો શું કહેવાય ? કેદખાનું ન કહેવાય તો બીજું શું કહેવાય ? તે પ્લેગ, ફાંસો, ને કેદખાનું જ છે. વાત આટલી છે કે એ રૂપે હૂબહૂ દર્શન થવું જોઈએ. સુરેન્દ્રદત્ત રાજા આ દર્શન કરી રહ્યો છે. સ્ત્રીને એ વગર બંધનનું કેદખાનું દેખે છે. જનાવર છે એ પ્રત્યક્ષ જુએ કે આ સાંકળ છે, આમાં બંધાઈ જઈશું ને આ બારણું બંધ થશે તો ફસાઈ જવાના. **આટલી પશુને ગમ પડે છે. આપણે માણસ એટલે વધુ ગમ પડવી જોઈએ.** જ્યાં દોરીનો બંધ નથી દેખાતો અને બારણાં બંધ નથી થતાં, છતાં મહાબંધ થાય છે એ બંધ ઓળખવો જોઈએ; નહિતર ખોળિયે માનવ પણ પશુ સમાન જ છીએ. દોરડાંના બંધ અને કમાડની અટકાયત જે ફાંસો અને કેદ નથી, એથી કેઈગુણા ફાંસા ને કેદ વિષયાંધ સ્ત્રી છે, સ્નેહીઓ છે ! એ શું કરે છે ! હવે એ બંધમાં પડેલાએ ફસાયેલા પંખીની જેમ સ્વૈરવિહાર કરવાના નહિ; તેમ તેણે એકલા ધર્મના માટે પુરુષાર્થ કરવાના નહિ, જાણે જોતરામાં જકડાયેલો બળદિયો !

ગાય બંધનમાં ફસાયેલી છે, ગમે તેવું છે છતાં, આ બધું દશ શેરેય દૂધ મારા વાછરડાને પાઈ દેવું છે, એમ ધારે તો શું તે ધારણા સફળ થાય ! ના. એને વાછરડું વળગાડે ય ખરા, પણ તે તો ફક્ત દૂધ કઢાડવા માટે જ. માંહીથી દૂધ નીકળતું થયું પછી તો વાછરાને તાણી લેવાનું અને છેલ્લા ટીપાં સુધી દૂધ આંચકી લેવાનું કરાય છે ! ગાય કેદમાં છે, માટે આ દશા છે તેવી જ રીતે વિષયાંધ સ્નેહીઓના પ્રેમમાં ફસાયેલા જીવને છે. વિષયાંધ અને મોહાંધ સ્નેહીઓનો સંસર્ગ એટલે ધર્મના પુરુષાર્થને તાળાં લગાડવાનાં અને મોહના સોટાનો માર ખાવાનો ! સાથે ક્રોધ અને લોભના સોટા ! કેમ ? તમે અમારા કેદખાનામાં છો માટે.

જગતના મોહાંધ સ્નેહીઓની કેદ એટલે ? બહારની જુલ્મી કેદમાં બધું જ એનું જપ્ત થાય એમ તમારો આત્મા કેદ એટલે બધું જપ્ત. એટલે ? તમારું કશું ચાલે નહિ. પેલા કહે છે ખાવાનું, સૂવાનું પણ અમારી આજ્ઞા મુજબ ! ઘરમાં આજ્ઞા મુજબ આવી જવાનું.

સ્ત્રી વગર નિમિત્તનું મોત. પેલા મોતમાં સાધુ-મહારાજને બોલાવી લેવાય,



આમાં કાંઈ મોત જ દેખાય નહિ, ત્યાં શું બોલાવે ? આ મહામોતમાં કાંઈ નિમિત્ત નહિ ? એટલે સાધુ પાસે જવાય પણ શી રીતે ? એવું કોઈ વાર બન્યું કે ઘરે સ્નેહીઓએ બહુ આગ્રહ કરી પકવાન્ન જમાડ્યાં, ને તેથી દુઃખિત થઈ ગયા મહારાજ પાસે ને કહ્યું, 'સાહેબ, અમારા સંબંધીઓરૂપી જમમાં ફસાઈ ગયેલો. આજે મારે મીઠું ખાવું નહોતું. પરંતુ બહુ આગ્રહથી ખવરાવ્યું દાઢ લચપચ થઈ ગઈ. ભગવાન, નવકાર સંભળાવો ! મને કંઈક ધર્મ સંભળાવો !' પૂછો, સગાંવહાલાંના રાગમાં રાચીમાચીને બેઠાં, તેમાં તમે મોત શાને કહો છો ? ત્યારે જ્ઞાનીઓ કહે છે એકલો શ્વાસ પ્રાણ નથી પરંતુ તેના કરતાં ભાવ પ્રાણ જે જ્ઞાન, દર્શન ને ચારિત્ર છે, તેનો નાશ કરનાર આ સ્નેહીઓ થાય છે. અહીં એવી ભૂમિકા પર આવી ગયો છે કે જ્યાં જ્ઞાનક્રિયાની લીલી વાડીમાં સ્વેચ્છાએ વિહરી શકે તેમ છે, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર, ત્યાગ અને તપસ્યા, એ રૂપી લીલીવાડીમાં વિહરવાની અનુપમ તક કોણે ગુમાવડાવી ? સ્ત્રીઆદિ વિષયાંધ અને મોહમૂઢ સ્નેહીઓએ ! એ બધા મોહાંધ સ્નેહીઓએ એવો નવરાવી નાખ્યો કે પેલા જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી ભાવ પ્રાણનો નાશ થઈ ભાવમૃત્યુને શરણ થયો !

હવે સુરેન્દ્રદત્ત રાજાએ મન મનાવ્યું કે 'સ્ત્રી આવી છે તેવી છે, એવું તારે જોવાની શી જરૂર છે ? સંસાર જ એવો છે. તેમાં એવું જ હોય. જેનું નામ સંસાર તેમાં એવું જ હોય. જેનું નામ સંસાર તેમાં અજુગતું જ હોય. દંભ-દગો-વિશ્વાસઘાત, ક્ષુદ્રતા-કૃતઘ્નતા-અપકાર, ચંચળતા-વિનશ્વરતા-અકસ્માત્ આવું બધું સંસારમાં ભર્યું પડ્યું છે. ત્યાં એક સ્ત્રીનો વિચાર કર, કરી કરીને શું કરીશ ? સર્યું એવી ચિંતાથી. હવે તો હું એટલા જ માટે ચારિત્ર-માર્ગને ગ્રહણ કરી લઉં.'

**ઉપેક્ષા-ભાવનાનું મહત્ત્વ :-**

રાજાએ સ્ત્રીની વિચારણા પર પડદો પાડી દીધો, શું કરીને ? ઉપેક્ષા ભાવના કરીને. પરચિંતામાં જ્યારે આત્મા પડી જતો દેખાય છે ત્યારે એની બહુ જરૂર પડે છે; કેમ કે આત્મા પરની ચિંતા કરતાં કરતાં સ્વાત્મ ચિંતા ભૂલી જાય છે. 'આ આવો છે, પાપી છે, અધર્મી છે,'' એમ વિચાર કરતાં કરતાં એના કોઈ દોષ ઉખેળે છે. વળી ત્યાંથી પાછી દૃષ્ટિ બીજે દોડે છે. 'ત્યારે પેલોય ક્યાં ઓછો છે ? એનામાં આ દુર્ગુણ છે, આ દુર્ગુણ છે ! ને વળી એનો ભાઈ એનાથી સવાયો ચઢે એવો છે ! કેવાં એનાં અપલક્ષણ !...! બસ, ચાલ્યું પરની પોથીઓ ખોલવાનું. હવે કહો આમાં પોતાની જાત જોવાનું રહ્યું ?

રાજાએ નજરોનજર રાણી અને કૂબડાનો દુરાચાર જોયો, ગુસ્સો ચઢ્યો, પરંતુ હવે જો એની ઉપેક્ષા ન કરે અને મારવા જાય, તો ધર્મભાવનાને ટકવાનો

અવકાશ ક્યાં ? ગુનો સામાન્ય નથી ભયંકર છે. પોતે મહા રાજવી-સ્થાને છે, મનમાની સજા કરી શકે તેમ છે, પણ આત્મચિંતાથી એની પર ઉપેક્ષા કરે છે. ઉપેક્ષા કરે તો જ વૈરાગ્ય ભાવના ટકાવી શકે, નહીંતર પારકી ચિંતામાં પડવાથી વર્ષોનો પ્રેમ ! મેં એની ખાતર આટલો ભોગ આપ્યો !' આમ વલોપાત કર્યે કંઈ ઠેકાણું પડે નહિ. ચિત્ત એટલું બધું કલેશમાં પડે કે જગત પ્રત્યે ઉદાસીન ભાવની જે મહાન અવસ્થા તે સગી ન થાય, ઊલટું આવેશ ચઢે.

**આવેશ :-**

ડાહ્યા માણસોએ આવેશમાં નહીં આવવું જોઈએ એમ નીતિશાસ્ત્ર કહે છે. ધર્મજ્ઞો તો કહે છે લેશ્યા ઉગ્ર બન્યે પાપ ઉગ્ર બંધાય. પરલોકમાં દુઃખ આવે માટે અહીં આવેશ ન કરો. નીતિશાસ્ત્ર શા માટે એમ કહે છે ? વર્તમાનજીવન સુખી જીવવું હોય તો મન સ્વસ્થ રાખવું પડે છે. જેનું મન સ્વસ્થ નથી, પછી કરોડોની મિલકત ધન-માલ હોય છતાં, એને કંઈ સુખ નથી. કોઈના પર ગુસ્સો કરવો હોય તો એની પહેલાં મોટો વિચાર જોઈએ. કદાચ એકાએક ક્રોધ આવી જાય, અભિમાનની આંધી ચઢી જાય, તૃષ્ણા કોઈ વળગી પડે, માયાનો ભારી વિચાર સ્ફુરી ઊઠે. પરંતુ સમજી રાખજો કે આ બધા આવેશ છે, અસ્વસ્થતા છે. અનાદિના અભ્યાસ છે, એટલે કદાચ ઊઠી આવે, પણ એને બહાર પ્રગટ કરવા મોટો વિચાર કરવો પડે.

જોરદાર ગુસ્સો આવ્યો ત્યાં વિચારવું પડે 'ઊભો રહે' જો, મન કાબૂમાં રહેશે ? ના, અસ્વસ્થ મન શું કરી બેસશે, કોને ખબર ? ઊકળી ગયેલી ધાતુઓ હવે શું સારું કરવું એ સ્વીકારવા તૈયાર નહીં હોય. શરીર કાંપતું હશે, ગુસ્સાનું કામ પતી ગયું, સામાએ માફી માગી પણ કેમ ? 'બેસ, બેસ, જોઈ તારી માફી.' આ શાંત કરવા કેટલો સમય જોઈશે ?

આવેશનું ફળ અહીં પણ સારું નથી તો ભવિષ્યમાં પૂછવું જ શું ? ગુસ્સાનો આવેશ તો દેખાવમાં આવે; અભિમાનનો આવેશ દેખાતો નથી. ખુમારી ચઢી ગઈ છે. મન પર આબરૂ, કુટુંબ, ધન વગેરેનો, આ બધો ચઢ્યો આવેશ બહાર દેખાશે નહીં, કિંતુ આવેશથી ત્યાં પણ ચિત્ત અસ્વસ્થ છે. એની પાસે કોઈ ગુણિયલ આત્મા કહેતો આવશે, એને ધ્યાનમાં નહીં લે. બીજાના અવગુણ જોશે, 'હું સારો છું, એનામાં કયા દોષો છે ? એમ શોધશે.'

ચાર જણાની વચમાં સારા દેખાવા માયાનો આવેશ થાય છે. એમ બીજી બીજી માયા એ ખોટી. લોભના-રાગના આવેશ પણ ખોટા. માતા-પિતા રાગના બહુ આવેશમાં દીકરાનું ભલું નથી કરી શકતા. પૈસાના લોભમાં આવેશ જાગતાં ઊંધા વેપલા કરી માણસ ખુવાર થાય છે.



આપણી વાત એ ચાલે છે કે દોષિત પર ઉપેક્ષા ભાવના ન આવડી તો આવેશ ચઢે છે. રાજાએ ત્યાંય ઉપેક્ષા કરી, અને અહીં પણ સ્ત્રીની જાત પર વિચાર કરતાં અંતે ઉપેક્ષા કરી. જોઈ લીધું, 'શા સારું ચિંતા કરવી ? અને કરીશ તો મારો વૈરાગ્ય ક્યાં રહેશે ?' વૈરાગ્ય એટલું શું રાગ નહીં, દ્વેષની છૂટ ? 'આ સ્ત્રી આવી નાલાયક-દુરાચારિણી ? મારી નાખવી જોઈએ,' વૈરાગ્યમાં આ દ્વેષ પણ ન જોઈએ. ઉચિત ભાવના મૈત્ર્યાદિ ભાવના છે. એ ન આવડે તો ઘણું ઘણું ગુમાવી નાખે. બીજા પર દ્વેષ ચઢે ત્યાં મૈત્રીભાવના લાવો; પરદોષ દેખાય ત્યાં ઉપેક્ષા ભાવના સેવો; નહિતર પોતાની આત્મ-ચિંતા ભુલાશે. મન વિહ્વળ બનશે. પોતાનું મન વિહ્વળ એટલે હાથે કરી પોતાની સુખશાંતિનો નાશ ! આપણી સુખ-શાંતિ આપણી મુઠ્ઠીમાં છે. મનને કાબૂમાં રાખવાનું. એ માટે ઉપેક્ષા રાખવાની. બીજાનું કાંઈ નરસું નજરે ચઢે ત્યાં કહી દેવાનું, 'મારે શું ?' કોઈ રાજ્યની દેશની વાત આવી ત્યાં આપણે શું ? દુનિયા છે, બધું હોય. બધાના ઉપર વિચાર કરવાનો આપણે કાંઈ ઠેકો રાખ્યો છે ? એમ વિચારી ઉપેક્ષા કરવાની. જોવા-સાંભળવા મળે તો જ વિચાર આવે છે ને ? નહિતર તો દુનિયામાં ઘણુંય બને છે, એનો ક્યાં વિચાર કરો છો ? માટે પહેલું તો જોવું-સાંભળવું જ નહિ. કદાચ નજરે કે કાને ચઢ્યું તો, એના પર વિચાર નહિ કરવાનો. 'ચીનમાં આમ ને જાપાનમાં આમ, નથુભાઈ આમ, અને પેથાભાઈ આમ.' તેમાં કશું કાંઈ વળે નહિ.

જમાલીએ મહાવૈરાગ્યથી દીક્ષા લીધી; સ્થવિર પાસે અગિયાર અંગ ભણ્યા. પ્રભુનો ભાણેજ છે, જમાઈ છે અને શિષ્ય છે. પ્રભુ સામે ઊલટો સિદ્ધાંત સ્થાપ્યો. ત્યારે પ્રભુએ જરાય વિહ્વળતા ન કરી. પ્રભુ પાસે શી કમી છે ? 'તારી પાસે બહુ ડહાપણ ? 'લે'. એમ કરી એક વાગ્ધારા છોડે, ડંડો નહિ તો ય ઊઠીને ચાલતો થાય. દૈવી ચમત્કાર બતાવ્યો ? ઈન્દ્રદેવને જરા સીધો દોર કરવા કહ્યું ? પ્રભુમાં શી કમીના છે ? અસંખ્ય દેવસેવક છે, વળી અનંતવીર્ય છે, સાથે કેવળજ્ઞાન છે. સુખે જીવવું હોય તો બીજાની લપ પહેલી તકે હેઠે મૂકવી પડશે. પ્રભુ પાસે અનંત શક્તિ ને જ્ઞાન છે. સામે પોતાનો ગણાતો ઉપકાર નીચે આવેલો માણસ સામો થઈ બેસે છે, એની સામે પ્રભુએ કાંઈ ન કર્યું; એક ઉપેક્ષા કરી, ત્યારે વિચારો આપણી પાસે એમની અપેક્ષાએ શું છે ? કેટલું જ્ઞાન ? કેટલી શક્તિ ? તો પછી પરની લપ શા સારું ? શા સારુ એવા ઠેકા રાખવા કે સામાને હું સુધારી નાખું ? સીધો દોર કરી નાખું ? શું કામ 'આ મૂરખ છે, એ મિજાજી છે, પેલો ગઠિયો છે...' એવી એવી પરચિંતા કરવી ? એની ઉપેક્ષા કરીએ તો જાતનો વિચાર કરવા માટે અવસર મળે, અવકાશ રહે.

**પરચિંતાથી ભરેલા ચિત્તમાં આત્મચિંતા કરવાને જગા નથી હોતી.**

પરચિંતા તો ભઠ્ઠી છે. એની શેકામણમાં સુખ ગુમાવાય છે. સુખની નદી તો પાસે જ વહે છે, પણ પરચિંતા એની આડે કિલ્લો છે, તેથી એમાં અવગાહન ક્યાંથી થાય ?

**દુઃખ પરચિંતાને લીધે છે :-**

કેટલાકને પૂછો, 'દુઃખી કેમ ?' તો કહેશે, 'પાપનો ઉદય.' સાચી વાત છે આ ? નરકનો જીવ તો પાપના ઉદયથી દુઃખી છે, પરંતુ અહીં તો **એની અપેક્ષાએ ઢગલો પુણ્ય છે, છતાં દુઃખી કેમ ? પાપથી નહિ, પણ પરચિંતાની અવળચંડાઈથી.** પૈસા ઓછા હોય એનું દુઃખ નથી, પણ આજુબાજુ જોવાય છે, કે 'આની પાસે વધારે છે, પેલા પાસે ઠીક છે; મારી પાસે કેમ ઓછા ?' **આમ પરના સામું જોવાથી દુઃખ લાગે છે.** જોવું હોય તો અતિદુઃખીના સામે જુઓ. બાકી અધિક સુખી છે. પરનું જોવાનું માંડી વાળો, એની ઉપેક્ષા કરો, તો મેરુ જેવી અચલ શાંતિ મળશે. ઈન્દ્રના સુખને આંજી નાખે એવું સુખ ઉપેક્ષાભાવ મજબૂત કરવાથી મળી શકે છે. પણ કાજી ક્યોં દૂબળે ? તો કે સારા શહરની ફિકર.

**ઉદ્વેગ ટાળવા વિવિધ વિચારણા :-**

અરે ! ૨૦-૨૦ વર્ષ સુધી કષ્ટ વેઠીને છોકરાને તૈયાર કર્યો, ભણાવ્યો, પરણાવ્યો, દુકાને બેસાડ્યો. પણ હવે એ સામું નથી જોતો તો શું કરવું ? 'અક્કર્મી ! મારું કર્યું-કરાવ્યું બધું ધૂળ કરે છે ?' એમ શું બળવું ? ના. ઉપેક્ષા કરવી.

એ માટે એમ વિચારવું, કે **'મેં એનું કર્યું તેમાં એનું પુણ્ય પહોંચતું હતું. હવે એણે મારું કરવાનો અવસર આવ્યો છે, પરંતુ મારું પુણ્ય પહોંચતું નથી, તો એ શાનો કરે ?** આ દુનિયામાં ઠામ ઠામ દેખાય છે કે પુણ્ય પહોંચે ત્યાં સુધી વાહ વાહ છે, પુણ્ય ખૂટ્યું એટલે બસ, પૂર્ણ વિરામ !

ગામડાના માણસને કોઈએ મદદ કરી ઊંચે ચઢાવ્યો, ધંધો જમાવરાવ્યો; પણ હવે પોતાને દુઃખ આવ્યું ત્યારે પેલો સહાય નથી કરતો તો શું એથી શેકાવું ? ના જરાય નહિ. 'હેં મેં એનું આટઆટલું કર્યું ! દુનિયામાં ક્યાં એને ઊભવા જગ્યા હતી ? એ તો મેં એને આટલા સુખ સુધી પહોંચાડ્યો. હવે એ હરામી મારા સામુંય નથી જોતો' આવો ખેદ શા સારું કરવો ? મનને સમજાવવું, કે

'તેં જે સારું કર્યું, પરોપકાર કર્યો, તે કદી નિષ્ફળ નહિ જાય.'

છોકરાને વીસ વર્ષ સુધી પાળ્યો-પોષ્યો, **એ જો સોદો હતો તો સમજી લે કે વ્યવહારમાં એવું થોડું જ નક્કી છે કે માલનાં નાણાં પાછાં સીધાં ઘર ભેગાં થઈ**



**જ જાય ?** ના, કોઈવાર ભાવ બહુ બેસી જાય તો કશુંય પાછું ન વળે. એવું અહીં તેં નાખેલા માલનાં નાણાં છોકરો ન ય પાછાં વાળે. એ તો વેપાર છે, વેપારમાં શો ભરોસો ?

**ત્યારે જો ખરેખર પરોપકાર બુદ્ધિથી જ છોકરાને ઉછેર્યો હતો, તો તો એ પરભવના ચોપડે અંકિત થઈ ગયો; હવે એનું ફળ અહીં છોકરા પાસેથી શું ઈચ્છે છે ?** પરોપકારનું ફળ છોકરો શું આપી શકશે ?

**કેવળ ભલું કરવાની બુદ્ધિથી કરેલા ઉપકારનો જે બદલો આપવાનું ગજું એ ઉપકૃત વ્યક્તિમાં નથી, તે જબરદસ્ત બદલો આપવાનું ગજુ પુણ્યમાં છે.** તો ફળ તો પુણ્ય દેશે. પરોપકારથી નીપજેલું પુણ્ય ખજાને છે, ફિકર શી ?

બાકી છોકરાની તો દયા ખા, કે એ બિચારો **કૃતજ્ઞતા ભૂલી, કૃતઘ્ન બની, ઉપકાર પર અપકાર કરી દુઃખી થશે !** પાપ બાંધશે ! તેં તો પરોપકાર કર્યો હતો ને ? તો આટલી દયા વધારે કર, કે 'બિચારાના આત્માનું શું થશે ?' અહીં કરેલી સેવાના બદલા આપણા પુણ્યની કમીએ પ્રત્યક્ષમાં ન ય પાછા વળે એવું બને પરંતુ પરભવના ચોપડે તો અહીં સારું કરેલું રજ-રજ જમે થઈ ગયું છે, ચિંતા શી ? આવા બધા હિસાબ પ્રસન્નતા ટકાવી રાખે છે.

ખરી રીતે તો છોકરાને ઉછેરતાં જો પહેલેથી જ શુદ્ધ પરોપકાર બુદ્ધિ હોય, કે 'મારે તો મારા પુણ્ય મુજબ જ થવાનું છે, મારે આની કોઈ આશા નથી રાખવી; પણ આ બિચારાની ગાડી અથડાતી-કુટાતી અહીં મારે ત્યાં માનવજીવન સુધી આવી પહોંચી છે, તો હું એને હવે સીધી મોક્ષમાર્ગે ચડાવી દઉં;' તો શુદ્ધ પરોપકાર માટે કરેલી એની કાળજી પછી કદાચ એ બગડ્યો, તો બળતરા નહીં થાય કે 'હાય ! મારો વૈરી પાક્યો !, સ્વાર્થ ભરી રમત ચાલે છે માટે પાછળથી શોક ને પોક ઊભી થાય છે.

**ભવિતવ્યતાનું પ્રબળ આશ્વાસન :-**

એમ છતાંય ત્યાં ઉપેક્ષા કરાય કે 'ભાવી ભાવ ! ભવિતવ્યતા એમ જ હશે તે એ મારું ક્યાંથી કરે ? કંઈ નહિ, જગતના ભાવોને ભવિતવ્યતાના યોગે જેમ બનવું હોય તેમ બનવા દો, એને કોણ મિટાવી શકે ? આપણે આપણું સંભાળો' તો સ્વસ્થતા મળે. આ બહુ જોરદાર આશ્વાસન છે, ઘણીવાર પોતાના જીવનની વિવિધ ઘટનાઓ પર અને જગતમાં બનતા તેવા તેવા પ્રસંગો પર હૈયાને સંતાપ થઈ જાય છે; હૈયું દુર્ધ્યાનમાં ચઢે છે, કષાયો અને કુવિકલ્પો કરે છે, સમાધિ ગુમાવે છે, તત્ત્વ વિચારણા ગુમાવે છે..., આ બધાથી બચવા માટે પેલું આશ્વાસન છે એ વિચારવાનું, કે, 'ભવિતવ્યતા એવી જ હશે તેથી આમ બન્યું. એમ જ બને, કેમ કે ભવિતવ્યતા

બળવાન છે, ત્યાં આપણું કાંઈ ચાલે નહિ; અને જ્યાં કાંઈ ચાલે નહિ એવા ઠેકાણે ચિંતા-સંતાપ નકામા છે, નિષ્ફળ છે; લાખ મનોરથ પ્રયત્ન અને સાવધાની બધી એળે જાય. એટલે 'આમ કર્યું હોત તો બગડત નહીં,...આ મેં નકામી ભલાઈ કરી,...આહાહા ! કેટલું બધું બગડી ગયું...' વગેરે નકામો-નકામો ઉદ્વેગ શા સારું કરું ? ભવિતવ્યતા જ કોક એવી હશે. ચાલવા દો જેમ એ ચલાવે તેમ. આપણે આપણા આત્માનું હિત સંભાળો ! ઉપેક્ષા ભાવના અહીં બહુ ઉપયોગી થાય.

**ઉપેક્ષા ભાવનાનું ક્ષેત્ર વિશાળ છે.**

એમાં અસાધ્ય દોષવાળા ઘોર પાપી જીવો કે જે આપણી દયા ઝીલી શકે એમ નથી, એના પ્રત્યે ઉપેક્ષા કરવાની આવે. આ ન કરીએ તો જીવ આર્ત અને રૌદ્ર ધ્યાન સુધી ચઢે. એવી રીતે,

(૨) વારેવારે મનને પરના દોષ જોવા તરફ દોડવાનું થાય છે, ત્યાં પણ એ દોષો પ્રત્યે ઉપેક્ષા કરવાની આવે. આ ઉપેક્ષા ન કરીએ તો એના થોડા પણ સારા ગુણ જોવાનું રહી જાય, એની અનુમોદના ગુમાવવાનું થાય; અને ઊલટું દોષ જોઈ જોઈને દ્વેષ થાય, હૈયું છીછરું બને, ક્ષુદ્ર બને. પછી વાણી પણ એવી નીકળે.

(૩) પરદર્શન એ પરચિંતા કર્યા કરવાની જે જુગજૂની લત છે તે છોડવાનું આવે, અર્થાત્ પર પ્રત્યે ઉપેક્ષાભાવ, ઉદાસીનભાવ રાખવાનું આવે. આ ન રખાય તો પછી જીવ ઘેલો પરનું જ જોયા કરશે, પરની વિચારણા કર્યા કરશે. એમાં આત્મચિંતાનું દેવાળું નીકળવાનું; અને ઊલટું પરદર્શન પરચિંતામાં તણાયો, મનમાં કોઈ લોચા વાળશે, કેટલાય કષાયોનો અને મલિન લાગણીઓનો ભોગ બનશે.

આ બહુ ધ્યાનમાં રાખવાનું છે; કેમ કે જોશો તો દેખાશે ભલભલા માણસો આમાં ફસાય છે. 'પેલું કોણ આવ્યું ? કોણ ગયું ? ફલાણું શું થવાનું છે ? આ મકાન આવું કેમ છે ?...' ઇત્યાદિ ઊર્મિઓ સહેજ નડી જાય છે. પછી પરને જોવાનું, પર અંગે જાણવા સાંભળવાનું બહુ મન રહે છે, અને જાણો છો આનું શું પરિણામ ?

**'પરનું જુઓ કે રુઓ.'**

પરનાં દર્શન ભૂંડાં ! જમવા બેઠાં, બહાર નજર ન નાખી અને બીજું કોઈ ન દીઠું તો સીધું જમાય, પણ બહાર જરા બીજું સારું જોયું કે ભાણામાં આવેલું ઓછું લાગશે-મન વિહ્વળ થશે, સામા ઉપર અરુચિ થશે...આજે જુઓ સીધું જીવનસુખ મળેલું હોય છતાં માણસો દુઃખી છે. શાથી ? બહારનું જોવામાં પડ્યો, 'પેલાને આમ, મને કેમ નહિ ? પછી નવનવી જમાનાની રીતરસમમાં ખેંચાયો, ફેશનો અને ઉદ્ભટ વિલાસ સાધનોમાં તણાયો, પોતાની પાસે નથી તો કાંઈ નહિ,



શાંતિ હતી પણ ના, આ તો બીજા પાસેનું એ બધું જોવામાં પડ્યો. અને જોયું એટલે પેટ ચોળીને પીડા ઊભી કરી ! હવે એમ થયું કે 'અમારે પણ આ બધું જોઈએ.' સાદું ભોજન સાદી રહેણીકરણી, એથી સુખી હતો, પણ આ પરદર્શનથી તૃષ્ણા વધી, દોડધામ વધી, ખર્ચા વધ્યા, વધુ કમાવાનો લોભ વધ્યો ! સાથે જૂઠ-અનીતિનો અરેકારો ઊડ્યો ! અને 'એ ચલાવો, આજે જમાનો બદલાયો છે ત્યાં બીજું ન જોવાય,' એમ કરીને ચલાવ્યું એનું તૂત !

કહો પરદર્શને ક્યાં સુધી પહોંચાડ્યો ? પરદર્શન, પરચિંતા, એ દાટ વાળે છે ! માટે એ ટાળવાની અને પરની ઉપેક્ષા કરવાની ખાસ જરૂર છે. અનાદિના બાહ્ય રસીલા જીવને પર તરફનો તરંગ ઊઠે એ બનવાજોગ છે, પરંતુ ત્યાં ઉપેક્ષા ભાવનાના બળે ઉપેક્ષા કરવાની. 'જેમ હશે તેમ હશે, મારે એ જોવા-વિચારવાનું શું કામ ?, એમ કહી એની ઉપેક્ષા કરવાની.

આ ઉપેક્ષાભાવના એ ધર્મ ઈમારતનો મહાસ્તંભ છે, એ જો તૂટ્યો, અને પરદર્શન, પરચિંતા પેઠી, તો ધર્મ ઈમારતને ખખડતાં વાર નહિ ! મોટી ચારિત્રની ઈમારતમાં પણ ગરબડ પેસે ! ભલે સાધુવેશ કાયમ, સાધુક્રિયા ચાલુ, શાસ્ત્રવાંચન પણ હોય, ત્યાગ અને તપે થતાં હોય છતાં,

**પરદર્શન અને પરચિંતા સંયમનો-સાધુતાનો અને સ્વાધ્યાયનો નક્કર સ્વાદ નથી આવવા પામતો; ચિત્ત બહારમાં ફરે છે.**

**પરચિંતાની લતમાં નુકસાન કેવાં ?**

'કોણ આવ્યું ? કોણ ગયું ? શાનો અવાજ થયો, પેલાનું શું થયું, ઓલ્યાનું શું થયું...' એવી કંઈ ને કંઈ જિજ્ઞાસા અને એ તરફ લક્ષ ચાલ્યા કરે છે, એથી ચિત્ત ડહોળાયેલું રહે છે, અસ્થિર બને છે ! વિપરીત દેખાતાં અનિષ્ઠ દેખાતાં, ક્લેશમાં પડે છે ! ત્યાં શાસ્ત્ર પદાર્થોની એકતાન વિચારણા ક્યાંથી ચાલે ? અખંડ એકધ્યાન ક્રિયા શી રીતે ચાલી શકે ? આત્મરમણતાનું પ્રવાહબદ્ધ ચારિત્ર ક્યાંથી આવે, અગર ટકી શકે ?

**કપડું શી રીતે વણાય છે ?** તાણોવાણો એક સરખો મિલાતો આવે તો પણ એના બદલે જો એ હમણાં મેળમાં આવ્યો, અને પછી આડોઅવળો જાય, પછી પાછો મેળમાં આવે તો કપડું વણાય ? ના, બસ એ જ રીતે શું પ્રતિક્રમણ-ચૈત્યવંદનાદિ ક્રિયા, કે શું સ્વાધ્યાય, ચિત્તે એકસરખા ઉપયોગપ્રવાહથી એમાં ચાલ્યા આવવાનું. પરદર્શન-પરચિંતા ટાળી ચિત્તનો એકધારાબદ્ધ ઉપયોગ, એ તાણો અને ક્રિયા કે સ્વાધ્યાયાદિ એ વાણો. એ બે ભેગા થાય, એકસરખા મિલાન ચાલ્યા આવે ત્યારે આત્મસ્થિરતા. સંયમપરિણતિ અને સહજ આંતરભાવરૂપી કપડું તૈયાર થાય

છે, પણ એ માટે પરની પાકી ઉપેક્ષા જોઈએ.

**પરિણતિ-ઉપયોગનું માપક યંત્ર :-**

આત્મામાં સંયમ કેટલું પરિણમ્યું, તત્ત્વનો સહજ સતત ઉપયોગ કેટલો પ્રવર્તે છે, એનું માપ આ પર ઉપેક્ષાથી નીકળે છે. એ ન હોય, ને એના બદલે જો પરદર્શન ને પરચિંતા ચાલતી હોય તો આત્મરમણતાનો સ્વાદ આવવો મુશ્કેલ છે. 'આ કેમ ઊભા છે ? પેલા કેમ આવ્યા છે ? પેલું બનવાનું હતું તેને શું થયું ? પંચની મીટિંગ ક્યારે મળવાની છે ? શેઠને ત્યાં કોણ માંદું છે ?...' આવી કાંઈ ને કાંઈ પરદૃષ્ટિ કે પરચિંતા મનને સતાવ્યા જ કરતી હોય ત્યાં પછી ઠેઠ જીવનપર્યંત એની આદત રહે છે. ત્યાં નીતરતા નફાવાળું લાંબું સરવૈયું ખેંચી કાઢવામાં જેવી એકરસ એકતાનતા હોય, તેવી શાસ્ત્ર-વાંચન-અધ્યયનમાં ક્યાંથી આવે ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૯,અંક-૧૬,તા.૩૧-૧૨-૧૯૬૦

**પરચિંતા-પરદર્શનની આદત ભૂંડી છે.** એ સંયમસ્વાદનું ગળું ટૂંપે છે, ઘેલા જીવને ભાન નથી કે, **બાહ્યના રસમાં અંદરના રસાંકુર ઊગી શકતા નથી.** શી જરૂર છે એવા બહારના દર્શન કે ચિંતનની ? શું આપે છે એ ? કોઈ નક્કર લાભ છે ખરો ? માનો કે,

કદાચ ચોપડીમાંથી માથું ન ઊંચક્યું અને 'મણિભાઈ આવ્યા' એ જોવાનું રહી ગયું, તો નુકસાન કેટલું ?

અને જોવા ગયા અને સ્વાધ્યાયધારા તોડી એનું નુકસાન કેટલું ?

એથી ઊલટું વિચારો કે મણિભાઈ આવ્યાની ખબર પડી એનો લાભ કેટલો ?

અને એના બદલે સ્વાધ્યાય કે ક્રિયાના ઉપયોગની ધારા ચાલુ રાખી એનો મહાલાભ કેટલો ?

ધર્મક્રિયા-ધર્મસાધનામાંથી પછી ભલે એક નવકારવાળીમાંથી ચિત્ત જ્યારે બહાર જવાનું કરે ત્યારે આ વિચારવું જોઈએ કે 'બહાર જવાથી લાભ કેટલા ટકા ? અને એના બદલે ચાલુ ધર્મધારા, નવકાર-ધારા અખંડ ચલાવાય એનો લાભ કેટલો ?'

પોતાના આત્માની ચિંતા કરવાનું ક્યાં ઓછું છે ? મન પર લે તો દેખાય કે,

'અહો ! કેવાં કેવાં અનંત કર્મ-દળિયાંનો ભાર મારા માથે છે ! કેટકેટલા નાના-મોટા દોષ-દુર્ગુણોની મલિનતામાં મારો આત્મા મેલો દાટ છે ! કેવા કેવા ગજબનાક કુસંસ્કારોએ મને કબજે કર્યો છે ! આ બધી લોથ હટાવવા માટે તો મને



આ સુંદર માનવભવ મળ્યો છે ત્યાં આત્મચિંતા કરવાને બદલે પરદર્શન-પરચિંતામાં ક્યાં પડું ? એથી તો ઊલટું એ બધી લોથમાં વધારો થવાનો, ઘટાડો નહિ ! હવે તો એથી હું થાક્યો છું, એટલે મારે વધુ રિબાવાનો મોખ નથી. તેથી જ્યાં પરનો તરંગ ઊઠે ત્યાં એ વિચારું કે પરચિંતા કરવાનું મારું ગજું નથી; પર તરફ દૃષ્ટિ નાખવાનું મારામાં કૌવત નથી. એ તો જેને સંસારની કારમી વિટંબણાઓ, કર્મના માર અને કુસંસ્કારની ગુલામીઓ તથા દોષ-દુર્ગુણની પરંપરા વેઠવાનું ગજું હોય એને એ પાલવે. મારે તો હવે મારા આત્માને દોષરહિત, ઉજ્જ્વળ, અને કર્મમુક્ત કરવો છે, ત્યાં દુનિયાની ઘટમાળની લપ હું ક્યાં કરું ?'

મનમાં આવું વારંવાર સ્ફુર્યા કરે તો પરચિંતા ઓછી થાય, પરની ઉપેક્ષા વધે.

યશોધર મુનિ કહે છે, 'રાણીના દુષ્ચારિત્ર પર મેં ઉપેક્ષા કરી, અને આવીને પલંગ પર સૂતો-સૂતો વિચાર કરું છું કે અહો ! જેને મેં તન-મન સોંપ્યાં હતાં તે આ સ્ત્રીનાં કેવાં ચરિત્ર ! પણ એનો બહુ વિચાર કરતાં અટકી ગયો. મને થયું કે આમાં શું આશ્ચર્ય છે ? આ સંસાર જ એવો છે.'

**સંસાર કેવો ?** એવો કે જે જીવને મનમાન્યાં વિષયસુખો મળ્યાં છતાં વિષયોનો ભુખાળવો ને ભુખાળવો જ રાખ્યા કરે એ ભૂખનું કોઈ માપ ? ના. 'લાવો, બધું ખપે છે ! દેવલોકમાં કંઈ સુખો જોઈ નાખ્યાં છે, છતાં અહીં પાટલા પર જમવા બેઠો તો કેમ ? બધું મૂકો, પણ ચટણી કેમ નથી ?' ભૂતકાળમાં કેટલું જમે થયું એ જોવું નથી, કશું જમે જ નથી એવી વૃત્તિમાં તણાવું છે, અને ધન-માલ-માન-પાન મળે એટલું ખપે છે ! પાછું મળે તેમાંય પોણી સોળ આની ગમતું નથી, સવાસોળ આની જોઈએ છે ! ઘણું જોઈએ છે !' જાણે દુકાળમાંથી આવ્યો ! દુકાળિયાને એમ થાય કે જાણે કેટલુંય બધું ખાઈ જઉં ! એવી રીતે દેવાળિયાની ખાસિયત એવી કે કશું જમે નહિ બતાવવાનું, 'નવું લાવો, ખપે છે' ત્યારે આપણા જીવનની દશા વિચારો કેવી છે. અનંતકાળનો દેવાળિયો જ ને ? અને ભૂખ કેવી ? દુકાળિયા જેવી ને ? ભૂતકાળ જોવાનો નહીં, સોના જેવું કેટલું ભોગવ્યું એનો વિચાર નહિ, 'બસ, લાવો જ લાવો, હજુ ઓછું છે,' જાણે દુકાળમાંથી આવ્યો ! સંસાર એનું નામ ! એ હંમેશાં જીવને દેવાળિયો અને દુકાળિયો બનાવ્યે રાખે ! સંસાર આત્માને નીચમાં નીચ બનાવે છે. રંગરાગનો સાધનભૂત સંસાર સામે ન આવે ત્યાં સુધી જીવ શાણો, સખણો.

**રાવણ જ્ઞાની ગુરુને પૂછે છે,** 'મારું મોત શી રીતે ?' ગુરુ કહે છે, 'પરસ્ત્રીના કારણે'

તેણે પચ્ચક્ખાણ લીધું, 'જેને ઈચ્છા નહીં હોય એ સ્ત્રીને ભોગવું નહિ'

પરિમિત પણ પરસ્ત્રી-ત્યાગનો દઢ નિયમ કર્યો. આવો રાવણ પણ સીતાનું સૌંદર્ય સાંભળ્યા પછી એ પરસ્ત્રીની ચિંતામાં પાગલ થઈ ગયો ! અને સામે જોઈ એટલે તો મહાપાગલ ! પછી કેમ ? વિષયભૂખ અને પરદર્શન નીચમાં નીચ કૃત્ય કરાવનાર છે. સીતાની ઝૂંપડી આગળ આવ્યો; જોઈ ખુશ થાય છે, બરાબર છે વર્ણન. શૂર્પણખાએ કર્યું તેવું છે, પણ રામ જોડે છે, શી રીતે લઈ જવાય ? ઇલમ કરું રામને દૂર ભગાડું-' 'લક્ષ્મણ લડવા ગયો છે તે રામ સાથે મંત્રણા કરીને કે 'જરૂર પડશે તો હું સિંહનાદ કરીશ. ત્યારે આવજો મદદે.' રાવણે દૂર થઈ કર્યો સિંહનાદ ! તો ય રામ શંકા કરે છે, 'લક્ષ્મણ પાછો પડે નહિ; પરંતુ સીતાએ એમને ધકેલ્યા. હવે રાવણ ઝૂંપડી આગળ આવી ભોળી સીતાને 'મૈયા ભિક્ષા દે !' કહી બહાર ખેંચે છે. ભોળી-બિચારી દેવા આવી ! ઉપાડી ! સીતા ચીસ પાડે છે, 'પણ આવું સૌંદર્ય-રૂપનો ખજાનો ! મુકાય ?' સારામાં સારો રાવણ ભાવીમાં તીર્થંકર થનારો, કેઈ ઊંચા ગુણોવાળો છતાં વિષયની ગૃદ્ધિમાં સુંદર રૂપ દૃષ્ટિ સામે આવ્યું એટલે નીચ બન્યો; રાતી પાઈની ચોરી કર્યે અધમ ગણાય. આણે આખી કોઈની બાયડી ઉપાડી ! હવે નયનાવલિનાં શાં ગજાં ? સંસાર જ એવો છે. સુરેન્દ્રદત્ત રાજા વિચાર કરે છે એટલામાં રાણી આવી. પલંગ પર સૂતો હતો, ઢોંગ કરી આંખ મીંચી, નથી જણાવવું કે તારું ચરિત્ર હું જાણું છું. રાણી જુએ છે, 'જાગે છે ? ના, ના, ઊંઘે છે.' જીવની મૂઢતા કેવી છે ? પોતાની જાતે જ ઊંધી કલ્પના કરી લે છે.

યશોધર મુનિ કહે છે, 'હું સુરેન્દ્રદત્ત જાણું છું એમ જ પડી રહ્યો, જાણે ગાઢ નિદ્રામાં ! એટલે રાણી વધારે નિશ્ચિંત બને છે, 'પતિને મારા કૃત્યની ગંધ નથી.' થોડીવાર પછી મને યાદ કરે છે. મેં પણ અંતરમાં ભારોભાર અરુચિ છતાં બહાર તે ન બતાવી. પણ પૂર્વના જેવી વર્તણૂક બહારથી રાખી.

**સુરેન્દ્રદત્ત મંત્રીઓને દીક્ષાનું કહે છે :-**

ધનકુમારને યશોધર મુનિ કહે છે, 'રાત્રિ પૂરી થવા આવી, મંગળપાઠકે ગાથા ભણી એમાં એમ જણાવ્યું કે 'આ રાત્રિ કે જેણે પોતાના અંધકારરૂપી કેશને વિશ્વ ઉપર પાથરી દીધા હતા તે હવે પરલોક ગયેલા સૂર્યને જળની અંજલિ આપવા ચાલી રહી છે.' એ સાંભળીને સવાર પડ્યું જાણી હું ઊઠ્યો. આવશ્યક કાર્ય પતાવી હું સભામંડપમાં ગયો. ત્યાં મંત્રીઓ, અમલદારો, સામંત રાજાઓ આવી ગયા છે. મંત્રીઓને મેં વહેલામાં વહેલી તકે ચારિત્ર લેવાનો મારો અભિપ્રાય જણાવ્યો.

મંત્રીઓ કહે છે, 'મહારાજ ! આપને અમે બીજું શું કહીએ ? કુમાર હજી



અપકવ અવસ્થામાં છે, તો પ્રજાનું રક્ષણ કોણ કરશે ?'

મંત્રીઓએ એકદમ મારી વાત વધાવી ન લીધી, પણ વિરક્ત બનેલું મારું મન પાકું હતું, તેથી મેં એમને કહ્યું,

'જુઓ, તમારી વાત સાચી છે, પણ અમારો કુલધર્મ છે કે ધર્મદૂત આવે એટલે અમારે સંસારમાં ઊભું રહેવાનું નહિ.'

કયા કુળમાં આ રિવાજ ચાલી આવે છે કે માથામાં એક પળિયો આવે ત્યાં સંસાર ત્યાગ કરી દેવાનો ? એના તરફ જરા ધ્યાન દોરો. સમૃદ્ધ વૈભવ અને સામ્રાજ્ય ભોગવતા રાજવીઓની એ કુળપરંપરા ! ત્યારે એથી ઓછા, ઘણા ઓછા વૈભવવાળા, ઓછી કે નહિવત્ સત્તાવાળા માટે કેવી કુળપરંપરા હોય ? **સોનાના હિંડોળે હીંચનારને મહાત્યાગના પંથે સિધાવવાનું, ને માંકડભર્યા ખાટલે બેસનારને સામાન્ય ત્યાગની સાધનાય નહિ ?**

ત્યારે તમે કહેવાના કે એ તો ચોથા આરાની વાત, પણ એટલું વિચારજો કે કુળપરંપરાની ખાનદાની અને આત્મજાગૃતિ હોય ત્યાં તો પાંચમાને પણ ચોથો આરો બનાવાય, ને જ્યાં ખાનદાનીનો વિચાર નથી કે મોહની નિદ્રામાં ઘોરવું છે, ત્યાં તો પાંચમાને પાંચમો ય આરો ન રહેવા દેતાં છઠ્ઠો આરો બનાવવાનું થાય છે !

આજના કાળે પણ એ જ ચોથા આરાના જેવું અણીશુદ્ધ જૈનશાસન, એ જ નવકારમહામંત્ર, એ જ નવપદ અને નવ તત્ત્વ, સામાયિક, ચારિત્ર, વ્રતો, પવિત્ર-પંચાચાર, જિનમૂર્તિ, તીર્થો, જિનાગમ, વગેરે મળ્યાં એ ઓછું સદ્ભાગ્ય છે ? શું ચોથા આરા જેવો આ સોનેરી કાળ નથી ? મહાપુરુષ તો કહે છે,

**'મારે તો સુષમાંથી દુષમો અવસર પુણ્યનિધાન.'**

ચોથામાં ધર્મ ખરો, પણ મને મળ્યો નહિ, પાંચમામાં મળ્યો તેથી આ વધુ સારો.

ત્યાં શાસ્ત્રોની વાત આવે, પવિત્ર ધર્માચાર ને પવિત્ર મર્યાદાઓનાં સમર્થન થાય, ત્યાં કહેવું કે આ તો વીસમી સદીમાં ચૌદમી સદીની વાત કરો છો,' એ મળેલી ઉત્તમ તારકસામગ્રીની કેવી ક્રૂર મશ્કરી છે ! કદાચ એવું બોલે નહિ પણ પૂર્વે કહી તેવી રાજવીઓની સંસારત્યાગની કુળપંરપરાને ધ્યાનમાં ન લે અને મોહ માયા તથા ભોગવિલાસમાં રચ્યોપચ્યો રહે એ પણ ઉત્તમ તારક સામગ્રી પ્રત્યે કેવાં આંખમિચામણાં ! વીતરાગનાં મહામૂલાં શાસનમાં વિશ્વદુર્લભ રહસ્યો અને વિશેષતાઓના ગુંજારવ ભૂલી ગયા, મૂલ્યાંકન નથી, એટલે મૂઢતા પીડી રહી છે.

**ખોટાં દર્શન, ખોટાં ચિંતન પડતાં મૂકો :-**

**આસપાસનાં દર્શન ખોટાં છે,** લગભગ સૌ માયામોહિનીમાં ફસ્યું દેખાય છે, વિષય-વિલાસ કરતું જોવા મળે છે, એટલે પોતાને અનંત પુણ્યરાશિએ મળેલ

સર્વશ્રેષ્ઠ અને સર્વતારક ધર્મશાસનની કદર નથી. બસ એક લગની છે, 'રૂપિયા ઘરભેગા કરો, સાચવો, ભોગવો અને વટદાર થઈ ફરો ! જીવનના પ્રારંભે જે, તે જ મધ્યમાં, તે જ અંતસુધી ! સઈનો દીકરો જીવે ત્યાં સુધી સીવે. એમ નીતરતી જડગુલામી, અને જડતા ઠેઠ મૃત્યુ સુધી ! કોણ સાવચેત કરે કે 'અલ્યા ! જરા તો આંખ ઊંચી કર; આ તો ઢેડ, ભંગી ને વસવાયા પણ કરે છે એમાં તારી શી વિશેષતા ? માનવજીવનનો ઉદ્દેશ જૈન દર્શનના રહસ્યના હિસાબે તો આત્માને ઊજળો કરવાનો છે. વર્ષોના કાટ ખાધા જેવા ચાંદીના લોટાને સાફ કરવા વિધિ કરવી પડે છે, ખાણના રત્નને ચકચકિત બનાવવા ખાર-પુટપાક અને ઘસારા દેવા પડે છે, એમ આત્માના અનાદિના કાટ ઉતારવા દીર્ઘ વિધિ અજમાવવી જોઈશે. એ માટે પહેલી વાત પરચિંતા-કે જે ફજૂલ ચાલ્યા કરે છે એમાંથી બહાર નીકળી, પરની ઉપેક્ષાને અપનાવવી જોઈશે. બહુ પરચિંતાનો રસ છે, તો ખરી પરચિંતા તો એ લાવવાની છે કે પરની હિતચિંતા કરીએ, પરની દયાની ભાવના કરીએ. ના, આ તો પરની હલકાઈના જ વિચારો કરવા છે, જડના સારા ખોટાના જ વિચારો કરવા છે, એ પરચિંતા આત્મઘાતક છે. એને બદલે એની ઉપેક્ષાનો પ્રખર અભ્યાસ જોઈએ. આત્માને ઊજળો કરવા બીજું તો ઘણું ઘણું જોઈશે. રાજા સુરેન્દ્રદત્તને એની લગની લાગી છે, એટલે મંત્રીઓને કહે છે,

'ધર્મદૂત આવ્યો એટલે તો અમારો એ કુળધર્મ, કે સંસારમાં રહેવાય નહિ. પવિત્ર ત્યાગમાર્ગને સ્વીકારવો જ પડે. એવા એ પૂર્વજોના મહાન કુળધર્મને હું બજાવીશ. **વિનશ્વર જિંદગાનીમાં કોણ વિશ્વાસે રહે ?'**

**સુરેન્દ્રદત્તને સ્વપ્ન :-**

મહાત્મા યશોધર કહે છે, 'મંત્રીઓ સમજુ હતા એટલે હાથ જોડી સ્વીકારી લે છે, 'જેમ આપને ઠીક લાગે તેમ.' પછી ત્યાંથી હું ઊઠ્યો, દિવસ વૈરાગ્યની વિચારણામાં પસાર થઈ ગયો. રાત્રિ આવી. પત્ની પરથી સ્નેહ ઓસરી ગયો છે, સ્નેહની પરવશતા ઊંઘ નહોતી આવવા દેતી; તે હવે છે નહિ, સૂતો કે ઊંઘ આવી ગઈ. એમાં છેલ્લા પહોરમાં છેડે મેં એક સ્વપ્ન દીઠું. સ્વપ્ન કેવું ભયંકર ! પણ ભાવીની મહાન આગાહી કરનારું એ હતું. સ્વપ્નમાં મેં જોયું કે હું મોટા મહેલની આગાશીમાં સિંહાસન ઉપર આરૂઢ થયો છું. ત્યાં માતા આવી, અને મને પ્રતિકૂળ બોલી નીચે એવો તાણ્યો કે હું ગબડતો ઠેઠ નીચે પટકાયો ! મારી પાછળ એ પણ ગબડી, પણ પછી હું બેઠો થઈ ચઢ્યો મેરુશિખર પર. સ્વપ્ન જતાં જાગ્યો અને ચોંક્યો કે આ શું ? માતા જ ગબડાવનારી ?

મંત્રીઓને સમજાવ્યા, માતાને સમજાવવાની બાકી હતી. રખે એને વૈરાગ્યની



વાત કરતાં કાંઈ ઊંધું કરી બેસે ! એથી ભય લાગ્યો. સ્વપ્નનો વિપાક ખરાબ ભાસ્યો. અલબત્ત પાછું મેરુ પર ચઢવાનું હતું એ શુભ ચિહ્ન હતું, પણ આ શી જાતની ચડતી-પડતી હશે ! કાંઈ ખબર ન પડી. એક બાજુ માતા પર મને અથાગ સ્નેહ હતો, અને માતાને મારા ઉપર પણ એમ જ હતું. સ્નેહાળ માતા જ ગબડાવનારી ? છતાં મને થયું, 'હશે ! મારે તો મારો પરલોક સુધારવાનું કરવાનું છે. એમાં કાંઈ ફેરફાર નથી. ક્યાં એ ખોટું કામ છે ? સારા કામમાં શુકન સારું ન મળ્યું, શબ્દ અપશુકનિયા સાંભળ્યા, તો એનું નિવારણ પણ ધર્મથી જ થાય; બીજાથી નહિ.'

વસ્તુનો સાર બરાબર ખેંચે છે, 'માતા અને ગબડાવનારી ! ચડતી-પડતીના આ જગતમાં શા વિશ્વાસ ? પણ પરલોક-હિત સાધવું તે નિશ્ચિત.' માતા પર સ્નેહ અથાગ છે, છતાં ઢીલા પડવાની વાત નથી. મંત્રીઓએ લાવીને પુત્ર ગુણધર પુખ્ત અવસ્થાનો ન હોવાની વાત મૂકી, હમણાં ખમી જવાનો અભિપ્રાય દર્શાવ્યો, તો તેમને સમજાવ્યા. કર્તવ્યપરાયણ છે, પક્વ વૈરાગ્યવાળો છે, તેથી એમ શાના ડગી જાય ? તો માતા સંબંધી ખરાબ સ્વપ્ન આવ્યું તો પણ ડગવાની વાત નથી. ધર્મથી જ અશુભ મીટશે, એવો વિશ્વાસ તાજો કર્યો.

**મધપુડા આગળ ભમરીઓ હોય :-**

ધર્મની જાગૃતિ પાકી થઈ છે, તેથી ભારે ખરાબ નિમિત્ત સામે દેખાય છતાં ધર્મનું શરણું મૂકી દેવાની વાત નથી. ઠીક છે સારા કામમાં સો વિઘન ! પણ તેથી ધર્મનું સારું કામ છોડી દેવાની વાત નહિ. ગુલાબ લેવા જઈએ ત્યાં સમજી જ રાખવું પડે કે ત્યાં કાંટા હશે, પણ તેથી એમ પાછા ફરવું નથી. મધપૂડામાં મધ હશે તો ભમરીઓ પણ કાટી ખાય એવી હશે જ, પરંતુ તેથી મધ લેવા જનારો પાછો નથી આવતો.

**પાછા ન પડો, વિચારો :-**

શુભ ભાવનાની મહત્તા અને એની દુર્લભતા બરાબર ખ્યાલમાં હોય તો માણસ જરાક શું વિઘ્ન આવતાં ભાગવાની વાત ન કરે, મહત્તા-દુર્લભતાની ખબર નથી તેથી જરા પૂજા કરવા ગયા, ઉપાશ્રયે ગયા, કોઈ વાંકું બોલ્યું તો પછી કેમ ? 'બસ, હવે મંદિર-ઉપાશ્રયે જવું જ નથી.' એ વિચારતો નથી કે 'અરે ! તારે તે પરમાત્મા અને ગુરુ સાથે સંબંધ છે કે બીજા-ત્રીજા સાથે ? બીજા-ત્રીજા ગમે તેમ બોલે એટલે તરણતારણ, ભવોદ્ધારક દેવગુરુને છોડી દેવાના ? એ છોડી દીધા પછી સંસારમાં કોણ તારો ઉદ્ધાર કરનાર બેઠો છે ? સંસારી સગાં તો પડવામાં સહાયભૂત છે. એકલે પંડે પાંચ પગથિયાં પડવાનું થતું હોય તો સંસારી સગાના ધક્કે પંદર

પડવાનું થાય. કેવળ પરોપકારી, નિઃસ્પૃહ અને જગતદયાળુ, એમનો સંબંધ છોડે છે ? કોઈ વાંકુ બોલ્યો તો ઊલટું દેવ-ગુરુનો સંબંધ તારે વધુ ગાઢ કરવો જોઈએ ત્યાં ઊંધી વેતરણ કાં કરે ?'

મુનિ કહે છે, 'સ્વપ્ન જોઈ જાગ્યો. એમાં ખરાબ અંશ હતો પરંતુ છેવટે સારું પરિણામ હતું તેથી જાગીને ધર્મધ્યાનમાં બેઠો. સારાં સ્વપ્ન પાછળ એ વિધિ છે. શેષ રાત્રિ ધર્મ-ધ્યાનમાં વિતાવી.

સવાર પડી. ઊઠીને પ્રાભાતિક કાર્ય પતાવ્યું, પછી સભામંડપમાં બેઠો છું ત્યાં માતા આવી. મેં વિનયથી ઊભા થઈ પ્રણામ કર્યા. માતા શરીર સુખાકારી પૂછે છે. મેં માથું નમાવી, 'ઠીક છે' એમ કહ્યું; અને માતાને ત્યાં બિછાવેવા સફેદ રેશમી પાથરણા પર બેસાડી.

**મથામણઃ કાળ અરહટ્ટ :-**

મારા મનને થયું કે 'માતા ઠીક આવી ગઈ. હવે એને મારો અભિપ્રાય જણાવું. પણ દીક્ષાની વાત ન કરું. બાકી તો હવે યોજનાપૂર્વક એને કાંઈક કહેવાની ખાસ જરૂર છે, જેથી મારો માર્ગ ચોખ્ખો બની જાય.'

ધર્મદૂત આવ્યો છે, સંસારની વિચિત્ર સ્થિતિ છે, પુદ્‌ગલની વિચિત્રતા, મહામોહનો પ્રભાવ, કાળનું આક્રમણ; આટલું બધું છતાં જીવ પ્રમાદમાં રહે છે ! સૂર્ય-ચંદ્રરૂપી બેલ આત્મારૂપી કૂવામાંથી આયુષ્યનું પાણી ખાલી કર્યે જાય છે. કૂવો સુકાઈ જવાનો છે, છતાં જીવ અહાહા ! પ્રમાદ કરે છે !

ના, હવે તો આ ઘરવાસથી છૂટું. પણ સીધી ચારિત્રની વાત નહિ કરાય. માતાનો મારા પર અથાગ સ્નેહ છે, સ્વપ્ન પણ માઠું આવ્યું છે, કદાચ માતા રોકી દે.

તો શું મારામાં શક્તિ નથી ? છે, પરંતુ માતાને એકદમ જ પ્રતિકૂળ વર્તવું ઠીક નથી. કેમ કે **જગતમાં માતાપિતાનો ઉપકાર દુષ્પ્રતિકાર્ય છે, એનો બદલો વાળવો જ મુશ્કેલ છે;** ત્યાં ઉપરથી દુઃખ કાં કરું ?

ત્યારે બીજી બાજુ મારે સંસારમાં હવે રહી શકાય એમ નથી, તો આ તો વિરોધાભાસ થાય છે. શું કરું ? પણ ના, માતાને યુક્તિપૂર્વક સ્વપ્નની વાત એવી રીતે કહું કે એને એમ લાગે કે દીકરા ઉપર કોઈ મોટા અનિષ્ટની સંભાવના છે, તેથી ડરીને એ કુસ્વપ્નના પ્રતિઘાત માટે મને વેશ માત્ર ધરવા હિસાબે થોડો વખત ચારિત્રની રજા આપે, પછી તો હું દીક્ષિત જ રહીશ.





યશોધર મુનિ કહે છે, 'આવો વિચાર કરીને મેં માતાને સભા સમક્ષ જ કહ્યું 'માતાજી ! આજ મને રાત્રિના છેલ્લા પહોરમાં એક સ્વપ્ન આવ્યું તે તું સાંભળ.

મા કહે છે, 'કહે દીકરા ! એ કેવું હતું ?'

મેં કહ્યું, 'જાણે ગુણધરકુમારને રાજ્ય આપી મેં માથું અને દાઢી-મૂછ મુંડાવીને સર્વ સંગનો ત્યાગ કરી સાધુપણું લીધું. પછી એક સફેદ ઘર ઉપર હું બેઠો છું. ત્યાં એકાએક ત્યાંથી પડ્યો ! અને એકદમ આવું જોયા પછી જાગી ગયો.'

માતાને આ સાંભળી લાગ્યું કે 'અરે ! કેવુંક આ અશુભ સ્વપ્ન !' સ્વપ્નના અર્થને સમજી લેવામાં એ ચતુર હતી, તેથી મારા પર કોઈ અનિષ્ટની સંભાવના જાણી એનું હૃદય ભયના ઉછાળાથી થરથરવા લાગ્યું. તરત એણે ડાબા પગથી ભૂમિને ઠબકારી 'થુ થુ' કરતાં મને કહ્યું,

'પુત્ર ! તારું અપમંગળ દૂર થાઓ, તું ચિરંજીવ રહો, અને કોઈપણ ઉપદ્રવ વિના આ પૃથ્વીનું પાલન કરો. આ સ્વપ્નના પ્રતિકાર માટે એમ કર, તું ગુણધરને રાજ્ય સોંપી ઘરમાં જ રહીને, થોડા વખત માટે એકાંતમાં સાધુવેશ લઈ બેસી રહે. જેથી કોઈ આપત્તિ તને નડે નહિ !

મેં કહ્યું 'મા ! જેવી તારી આજ્ઞા.'

મનમાં મને થયું કે બસ ! ધાર્યું સફળ થયું. પણ મને ક્યાં ખબર હતી કે આટલેથી પતે એમ નથી. આ માતા તો સંસારની માતા છે. પુત્રમોહમાં ફસેલી એ મને ક્યાંનો ક્યાંય ઘસડશે !

**માતાનો ભયંકર આદેશ :-**

માતા કહે છે, 'અને જો ભાઈ ! આ તું સ્વપ્નમાં પડ્યો છે એટલે તારે એના પ્રતિઘાત માટે જલચર-થલચર જીવોને વેદવિધિથી મારી કુળદેવતાને એ ભોગ ચડાવવારૂપ શાન્તિકર્મ કરવું પડશે.'

આ સાંભળીને હું ક્યાં ઊભો રહું ? હું ચારિત્ર લેવાની તૈયારીવાળો, એણે આ પંચેન્દ્રિયઘાત કરવાનો ? એ સાંભળવા પણ મારા કાન તૈયાર નહોતા, સાંભળતાં મેં કાન ઢાંકી દીધા. મા આ શું કહી રહી છે ! જેના પતિએ દીક્ષા લીધી છે. દીકરો ચારિત્રનો જિજ્ઞાસુ છે, એને આ વાત ! 'જલચર-સ્થલચરનો ભોગ આપવો એથી અવમંગલ દૂર થાય.' સાંભળી શકાય એમ નથી. જેને અનંત જીવોને અભયદાન દેવા છે, તેને પંચેન્દ્રિયની ઘોરકતલ સંભળાય નહીં. ફડફડી ઊઠે છે. માતા જૈન નથી લાગતી એટલે વૈદિક વિધિએ હિંસા કરી દેવીને તૃપ્ત કરવાનું કહે છે.

**આજની હિંસા :-**

**આજે કેટલાક જૈન ગણાતાની કઈ દશા વર્તે છે !**

પંચેન્દ્રિય નિરાધાર પ્રાણીઓને રિબાવીને એના શરીરમાંથી બનાવેલા લિવર એક્સટ્રેક્ટ વગેરે ઈંજેક્શનો એને ખપે છે ! જીવતા ગાય, ભેંસ, પાડા વગેરેની ક્રૂર કતલ કરી ઉઝરડી નાખેલા ચામડાના મુલાયમ જોડા-પાકિટ વગેરે વહાલા-મીઠા લાગે છે ! કોક જૈનોના છોકરાને વળી ઈંડાં અને આમલેટ ખપે છે ! દાક્તરી વિદ્યા ભણાવામાં વાંદા, દેડકાના જીવતાં-જીવતાં એના પર સોયા ભોંકી ચામડી ઉખેડી અંદરની હિલચાલ જોવાનું ખપે છે !

કઈ દશા ! બુદ્ધિ ક્યાં સુધી ભ્રષ્ટ થઈ ગઈ ! જેને ત્યાં એકેન્દ્રિય જીવોનો આરંભ કરવો પડે છતાં દયા માટે જતના રાખવાનું કહ્યું છે, એને ત્યાં પંચેન્દ્રિયની કતલ ? કતલમાંથી બનેલ ચીજનો ઉપયોગ ? એના વિના કયું ભૂખે મરી જવાય છે, કે જીવન અટકી પડે છે ? એક જીવનની પાશવી લીલામાંથી કેવા ભયંકર ભવોનાં સર્જન કરવાનાં ? નજરે દેખાય છે કે આ જીવો ક્રૂર રીતે રેંસાઈ રહ્યા છે, તો શું પોતાનો વારો નહિ આવે ? ને આવશે તો શું એ સહન થશે ? કેવી ઘોર ત્યાં વેદનાઓ !

**અજોડ ભવ્ય જિનશાસન :-**

વિચાર તો એ કરવો જોઈએ કે જ્યારે જગત દયાળુ અરિહંત પરમાત્માનું શાસન આપણને વિશ્વના નાના મોટા જીવોની ઓળખ આપે છે, હિંસાના વિવિધ પ્રકારો સમજાવે છે, ને એ બતાવે છે કે દુનિયાના બીજા માણસો જેને જીવ તરીકે માનતા નથી, તેમ જે ક્રિયામાં હિંસા હોવાનું સમજતા નથી, ત્યાં પણ જીવત્વ હોઈ શકે છે. એના ઉપરની પ્રવૃત્તિમાં હિંસા સંભવી શકે છે, અને હિંસાના પાપમાંથી બચવા માટે ઠેઠ પ્રાથમિક કક્ષાથી માંડી ઉત્તરોત્તર ચઢિયાતી અનેક કક્ષાના પવિત્ર જીવનમાર્ગ વિદ્યમાન છે. આ ભવ્ય તત્ત્વજ્ઞાન આખા જગતમાં બીજે મળી શકે એવું નથી. એ તો જૈનશાસન જ આપે છે; અને તે માનવ જીવનમાં આદરી શકાય છે. તો અહીં મળ્યા પછી એના આદર નહિ થાય, પછી ક્યાં થશે ? હૈયું એમ દૃઢપણે બોલે કે આવો ભવ્ય તત્ત્વજ્ઞાનનો વારસો મળ્યો છે તો તો હું એનો અવશ્ય આદર કરીશ. કરોડો-અબજોની કિંમતનું રત્નનિધાન ક્યાંકથી મળી જાય, તો એની કેટલી ખુમારી, હૂંફ અને હોંશ હોય ? એ મળ્યા પછી ઠકુરાઈ ભોગવવા માટે એનો ઉપયોગ કરવામાં કોણ કમીના રાખે ?

**કાંકરા સાથે રમતનું ભયંકર પરિણામ :-**

આવું કશું ન દેખાય તો સમજવું પડે કે 'નિધાનની ઓળખ નથી,



મહામૂર્ખતાના યોગે નિધાન પડ્યું રાખી કાંકરા સાથે રમત કરી રહ્યો છે ! જૈનતત્ત્વજ્ઞાનના આદર છોડી કાંકરાની રમતતુલ્ય બીજા હિંસામય, પાપારંભોભર્યા અને પરિગ્રહ તથા કષાયોથી ખદબદતા જીવન તો અનંત જીવી નાખ્યા. આ પણ એવું જિવાશે તો શી વિશેષતા થશે ? કશી જ નહિ. આખું જગત એવું જીવીને અંતે નિરાધારપણે રોતાં રોતાં મૃત્યુને ભેટી દુઃખદ દુર્દશાભર્યા દીર્ઘ પરલોકના પંથે હડસેલાઈ જાય છે, એમ તું પણ હડસેલાઈ જઈશ !'

આવો વિચાર નથી, એટલે આજના વિજ્ઞાનવાદ, ભૌતિકવાદ, વિલાસવાદ, ઉદ્યોગવાદ, હિંસાવાદ ઈત્યાદિના પલ્લે પડી એની સરાસર ગુલામી અપનાવી લેવાય છે ! નહિતર જૈન અને પંચેન્દ્રિયહિંસા કે એ હિંસાથી નિષ્પન્ન ચીજોના ઉપભોગ હોય ? જૈન અને નીતરતા સ્વાર્થભર્યા જીવન હોય ? જૈન અને બીજાની નિંદા, તિરસ્કાર, ઈર્ષ્યાદિમાં મહાલતો હોય ? ધર્મને વિસારે મૂકી કેવળ રંગરાગ અને જડવાદી પ્રવૃત્તિઓમાં તરબોળ રહેતો હોય ?

યશોધર મુનિ કહે છે. 'હે ભવ્યાત્મન્ ! તું જો, કે હું જ્યારે ઊંચી મહાઅહિંસાનું જીવન લેવા તત્પર થયો છું ત્યારે માતા પંચેન્દ્રિય જીવ મારવાનું કહે છે. ખબર નથી કે આ મા મને સપડાવી દેશે ! કહે છે સાધુવેશ લે' ખુશ ! પણ તરત જ કહે છે, 'શાંતિકર્મ કરે' તે બીજું કાંઈ નહિ, પણ જલચર-સ્થલચરનો વધ કરી કુળદેવીને ધરવાનું !'

માનવનો અવતાર હોય, પણ પરલોકનો વિચાર નહીં ! કોઈ પૂર્વના કર્મનો વિચાર નહીં ! અજ્ઞાન દશાથી માને છે, વેદશાસ્ત્ર શું ખોટાં ? અશાંતિની શાંતિ થશે.' આ કહેનારી સગી માતા જ ! આ બધી વસ્તુ એમ સૂચવે છે કે વિચાર કરી પગ મૂકવો જોઈએ. દીર્ઘદૃષ્ટિપૂર્વક કાર્ય માથે લેવું જોઈએ. દુનિયાદારીમાં ખ્યાલ છે કે સડક વચ્ચે ચાલીએ તો મોટર-લોરીના ભોગ થઈ જવાય. એમ અહીં આત્મહિત ખાતર ખ્યાલ જોઈએ.

સુરેન્દ્રદત્ત કહે છે, 'અરે મા, શું કહે છે ? શાંતિ માટે આ ? ધર્મ તો અહિંસાલક્ષણ છે અને તારા આ કર્મમાં ઘોર હિંસા છે ! એવી જીવહિંસાથી વળી શાંતિકર્મ કેવું ? બીજાને અકાળ મૃત્યુ પર્યન્તની ઘોર રિબામણ કરાવી અશાંતિ દેનારા કર્મથી આપણને તે શાંતિ મળતી હશે ? એવી જીવહિંસાની તું ધર્મના નામે વાત કરે છે પણ એને ધર્મ ન કહેવાય **ધર્મ તો અહિંસાના સ્વરૂપવાળો હોય** સાંભળ કહ્યું છે,

**'मणमेत्तेण वि इहइं परस्स एक्कं पि मरणभीरुस्स ।**
**मरणं भूयाणं कयं बहुभवमरणुब्भवं होइ ॥'**

અર્થાત્ જીવોને મૃત્યુનો મોટો ભય લાગે છે. ત્યાં બીજા જીવનું મનમાત્રથી પણ એક પણ મરણ વિચારનારા પ્રાણીઓને પોતાને અનેક જન્મનાં મૃત્યુ ઊભાં થાય છે. ત્યાં મોત પમાડવાની કાયિક પ્રવૃત્તિથી ભયંકર પરિણામનું પૂછવું જ શું ? વળી,

**'जो इह परस्स दुक्खं करेइ सो अप्पणो विसेसेणं ।**
**न पमायकयं कम्मं जं विहलं होइ जीवाणं ॥'**

અર્થાત્ જે અહીં બીજાને દુઃખ પમાડે છે, તે ખરું જોતાં પોતાને જે વિશેષ પ્રકારે દુઃખ પમાડે છે, કારણ એ છે કે પ્રમાદથી કરેલું કોઈ પણ કર્મ નિષ્ફળ જતું નથી. રાગ-દ્વેષ કે મૂઢતાથી બીજાને દુઃખ દેનારું કર્મ પોતાનું બૂરું ફળ અવશ્ય આપે છે.

**એક હિંસામાંથી અનેક મોત કેમ ? :-**

સુરેન્દ્રદત્ત માતાને શું સમજાવી રહ્યો છે ? એ જ કે **મારવાથી તો અનેક મોત મળે,** પણ મનથી ય એક પણ જીવનાં મરણને કરીએ, મનથી ધારીએ 'હું આને મારી નાખું.' તો પણ એવા માનસિક વિચારમાંથી ભાવિમાં પોતાને અનેક મરણ ઉત્પન્ન થાય છે. કેમ ? કહો જન્મનારને મરણ નથી ગમતું, મરણના નામથી ત્રાસે છે, એને મારી નાખવાનો વિચાર કરવો એ પોતાના અનેકશઃ મરણ કરવાનો ઉપાય છે. ડહાપણ હોય તો સમજાય તેવું છે.

**જે બીજાને દુઃખ આપે છે તે ખરી રીતે પોતાના આત્માને દુઃખ આપી રહ્યો છે.** તે ય પોતાને થોડું નહીં, પેલા કરતાં વિશેષ દુઃખ કહે છે ! ધરતીમાં પાંચ ડાંગરનાં બીજ ઘાલ્યાં એમાંથી એ પાંચસો કરી દે છે. એવી રીતે ધતૂરાનાં ઝેરનાં બીજ નાંખો, એમાંથી એ થોકબંધ પેદા થાય છે. ઝેરનાં બી વાવ્યા પછી ડાંગરની આશા રખાય નહીં. ચૂલા પર કોદરી ચડાવ્યા પછી મલાઈ-માવાની આશા રાખે એ ગમાર કહેવાય. ઘાસની ગંજીમાં એક નાનો અગ્નિનો કણ મૂકવાનું શું પરિણામ આવે ? મોટી ભડભડતી આગ જ ને ? તો એકનું મૃત્યુ કરવામાંથી અનેક મૃત્યુ કેમ ન સર્જાય ?

**બીજ તેવું ફળ :-**

બીજાને મોત પમાડી દેવું અને પછી અમરપણાની આશા ? ઝેર વાવ્યા પછી એની જ આશા હોય, એમ બીજાના મરણની વાતમાં તમારી જાતે જ મરવું પડશે, અનેકાનેક મરણની દુર્દશા થશે. કુદરતમાં દેખાય છે. બીજાને ગાળો દીધા પછી ફૂલના હાર મળે ? ઠીક છે, સજ્જન કાંઈ ન કહે, બાકી તો ખબર પડી જાય. પડોશી આવે વાટકી તેલ માંગે, તમે ના કહો, પછી અવસરે એની પાસે તમે લેવા જાઓ, આપે ? બીજાને મોત સુધીનાં દુઃખ આપવાં છે, ને જાતે સુખી થવું છે,



એ ઝેર વાવી અમૃતના પાકની આશા રાખવા જેવું છે. પ્રમાદથી જે કોઈ કાર્ય થાય છે એ કદી વિફલ જતું નથી. પ્રમાદ-વિષય-કષાયની લાગણી, કામ, ક્રોધ, રાગ, દ્વેષ, ખાર, ઈર્ષ્યા વગેરેથી થતાં કાર્ય કદી નિષ્ફળ જતાં નથી. એનો કેઈ ગુણો વિપાક આત્માને ભોગવવો પડે છે. નાનામાં નાનું પ્રમાદથી કરાયેલું દુષ્કૃત્ય એ કર્મના ચોપડે પાકું અંકિત, તો પછી મોટાની તો શી વાત ?

આ વસ્તુના વિચાર ઉપર મોટા ચક્રવર્તી રાજવીઓ ઊભા થયા ! ઝીણાં ઝીણાં પાપોય કર્મ ચોપડે લખાય છે, તો પછી આ જીવનમાં કેટલાંય નાનેથી મોટાં પાપો થઈ ગયાં, હજીય ચાલુ છે, અને જો મરણ સુધી ચાલુ રહેશે, તો એનો મોટો જે હિસાબ મંડાશે, એનાં દુઃખદ કેટલાંય ગુણાં ફળ શે ભોગવાશે ? એક સારા ભવમાંથી કેટલાં ભયંકર ભવોનાં દુઃખ ! એ ભોગવીએ શી રીતે ?' એમ વિચારી સંસારમાંથી ઊભા થઈ ગયા !

**દુષ્કૃત્યનો બદલો ગુણાકાર સાથે, એ મોંઘી વાત છે; માટે સસ્તી વાત આ છે કે પહેલી તકે એ પ્રમાદને દુષ્કૃત્યને દૂર કરી દઈએ.'** ઉછીના લીધેલા વર્ષ દહાડે પણ પઠાણી વ્યાજે ભરવા પડે, માટે કહી દો. 'નથી જોઈતા, ભલે ભૂખે મરીશ.' અસૂયા રાગ, મત્સર થાય છે, લાલસા ઊઠે છે, જીવ ! ઊભો રહેજે, ભાવિમાં એનો બદલો ગુણાકાર સાથે ચૂકવવો ન પડે !' આટલો વિચાર આવે તો માણસ કેઈ પાપોમાંથી ફારેગ થઈ જાય. જો પ્રમાદ છે, તો એ ખરાબ ચીજ છે, આપણું કાંઈ ખરાબ થવાની આગાહી છે. માટે જીવોના ભોગ આપવાનું શાંતિકર્મ, બીજાના મરણની ચાહના, એ આપણા અનેક વારના મરણોની આગાહી છે, એ માટે તૈયાર રહેવાનું ? અને એ વધાવી લેવાનું ? ના, તત્ત્વની સમજ એ કે 'જેવાં દાન, તેવાં ફળ.' મોતના દાન આપનારને પછી અમરપણાનું નિર્ભયતાનું, ઈનામ ન મળે. દાન મોતનું તો તેનું ઈનામ પણ તેવું જ મળે, એટલું જ નહિ, પણ એના કરતાં ફળનો ગુણાકારે ય થઈને આવે. સારું હોય તો સારું અને ખરાબ હોય તો ખરાબ. એનો અર્થ, બીજાને જેટલા દુઃખનું દાન એના કરતાં કેઈ ગુણું દુઃખનું ઈનામ આવે. પોલિસ ઊભો છે એના દેખતાં એક માણસ બીજાના ખિસ્સામાંથી રૂપિયા કાઢે છે, પોલિસના દેખતાં નફરત કરી ઉપાડે છે રૂપિયા, તેથી એ બદલામાં જેલની કોટડીમાં બેસવાની તૈયારી કરી રહ્યો છે. રૂપિયા તો હમણાં મુકાઈ જશે, પણ 'જાઓ જેલમાં ત્રણ માસની સજા.' એમ અહીં પણ છે. બીજા જીવને દુઃખ આપવું એટલે આપણા આત્મા માટે કેઈ ગુણા દુઃખની તૈયારી કરીએ છીએ. માણસ છીએ, તે શું બીજાને દુઃખ આપીએ ?

સુખ કેમ મળે ?

**આપણે દુઃખી તો છીએ. આપણે સુખી થવું છે, તો બીજાને સુખ આપવું પડશે.** નકામાં બીજાં ફાંફાં શાં મારવાં ? અહીં દુઃખી કેમ ? બીજાને દુઃખનાં પોટલાં આપ્યાં છે તેથી ! તેના બદલે હવે બીજાઓને સુખ આપવા માંડ, જીવોને અભયદાન, ભૂખ્યાંને અન્નદાન, રોગ વગેરેથી પીડાતાને સેવાદાન કર તો સુખ મળશે. જીવનમાં ધર્મ વધાર, સર્વને અભયદાન દેનારા, દેવાનો ડિંડિમ પીટનારા તીર્થંકર ભગવાનની પૂજા-ભક્તિ, જપ-તપ બહુ કર તો દુઃખ ટળશે. સુખની પ્રભાવના કરવી જોઈએ એ માટે યોગ્ય હૃદય અહીં છે. પશુના દિલથી, નારકના હૃદયથી મુશ્કેલ, અરે દેવના હૃદયથી પણ મુશ્કેલ.

**મનુષ્ય ભવ કિંમતી છે !** શાથી ? એરંડા બજારમાં જઈ શકે છે માટે ? સારું ખાવા-પીવાનું બનાવી શકે માટે ? કપડાનો ઠઠારો માટે ? ના, **એટલા માટે કે બીજાનાં સુખ આપણા હૃદયમાં વસાવી શકાય છે માટે !** નરકમાં નહીં કેમ ? પરમાધામી ગયા પછી ય બીજાને કાપવાની વાત, ત્યાં બીજાનું સુખ વિચારવાનું ક્યાં ? મોટા માછલાને એક જ લેશ્યા. નાના શિકારને કેમ ઝાલું ? ધરતી પર ચાલતા કૂતરાઓ બિલાડીનો શિકાર શોધે ! ગાય, ભેંસ ભલે માંસાહારી નહિ પણ એક જ લેશ્યા 'ખાઉં'. ઘાસ તો ચરે, પણ વિષ્ઠા દેખે છતાં 'ખાઉં', કચરાપટી છતાં ખાઉં !' ત્યારે દેવતા એને કોઈનો માર ખાવો ન પડે, ગુલામી નથી. નોકરી નથી; ભોજન પણ બનાવવાની ખટપટ નહીં ! એકલી ભોગ-વૈભવ-વિલાસની અંજામણ એટલી છે, સમૃદ્ધિ ઘણી છે, કે જોઈને ખુશ ખુશ થાય ! એ તેમાં તેને લીન કરી દે એટલે ઊંચો જ ન આવે. નાટક ચેટક-દેવાંગના ! સરોવરમાં એની સાથે સ્નાન ક્રીડા કરી મસ્ત રહે છે ! મઝા આવે છે ! પાણીમાં ડૂબ્યા એને શું ખબર પડે કે ઊંચે શું ? નીચે શું ? ના, એમ અહીં દેવભવની મસ્તીમાં સુખ કેમ મળ્યું, દુઃખ કેમ આવે છે, એ દેખાતું નથી, દેખી શકાય પણ દેખવા ફુરસદ નથી, ભારે સુખનો નશો ચઢ્યો છે, દેવતાઈ રંગરાગમાં ડૂબ્યો છે, તેથી ત્યાં દાન દેવા માટે બીજાને સુખી કરવા માટે, હૃદય બનાવવાની વાત ક્યાં ? તો શું માખી દાન કરે ? ના, માખી મધ બનાવીને તૈયાર કરે, તે દાન કરવા નથી કરતી. એ તો માણસ પડાવી લે છે...બાકી એમ ને એમ ત્યાં જાય તો ફફડાવી નાંખે ! એક દરમાંથી અઢળક કીડી ઊભરાય છે, ત્યાં કેટલું ય ભેગું કર્યું છે, પણ કોઈ દાન માટે તે નહીં ! નદી અઢળક પાણી લઈ જાય છે, પણ દાન માટે નહિ. ઘર આગળ આંબો ઉગાડ્યો, તે આંબાએ કેરીનું દાન કર્યું કે નહીં ? આંગણે કેરી આવી, ભૂખ લાગી છે, શું કહે 'લ્યો શેઠ કેરી ?' ના, એ ન કહે !



**સુખનાં દાન કરવાનું દિલ મનુષ્યપણામાં કરી શકાય છે, માટે મનુષ્યભવ કિંમતી છે, સુખના દાન પછી સુખની વણઝાર-પોઠ આત્મામાં ઊતરી આવે છે.** પુણ્ય જોરદાર બને એટલે સુખની પોઠની પોઠો ઊતરે, કરિયાણામાં જેમ કાબુલી અંજીર ઊતરે તેમ ! ક્યારે ? સુખનાં દાન કર્યાં હોય તો.

મારે મારું નથી જોવું, મારે બીજાને સુખ આપવાની વાત. જીવો બિચારા જગતમાં કેટલા દુઃખી છે ! દુઃખની કેટલી પોંકો મૂકે છે ! મારાં દુઃખ મેં બહુ રોયાં, હવે તો હું પરનાં દુઃખ રોઈશ. માનવભવના હૈયે પરનાં દુઃખ વિચારવાનાં છે, માનવ-ભવના કાને પણ પરનાં દુઃખ સાંભળવાનાં છે. બીજાના આર્તનાદ સાંભળી એના માટે દિલમાં હમદર્દી ઊભી કરીશ. એનાં દુઃખ દૂર કરવા ઉદ્યમ કરીશ.'

આવું કાંઈ જાગે તો પોતાનાં દુઃખ ભૂલી બીજાની સેવા કરવાનું, દયા કરવાનું ઊભું થાય. પછી ત્યાં બીજાને દુઃખ આપીને પોતાને સુખ લેવાની વિચારણા ય શાની હોય ? જીવનનું મહાન કર્તવ્ય તો આ છે કે આપણાં સુખ-સગવડને એવાં ગૌણ કરી દઈએ ને બીજાનાં મુખ્ય કરી દઈએ કે આપણાં સુખના ભોગે બીજાને સુખી કરીએ; પછી ત્યાં બીજાના ભોગે, બીજાને દુઃખી કરીને સુખી થવાની વાત જ શાની હોય ?

સુરેન્દ્રદત્ત આ ફિલોસોફી સમજાવે છે, એ કહે છે, 'મા ! તું શાંતિકર્મની વાત કરે છે, પણ તને ખબર છે કે સાચું શાંતિકર્મ શાને કહેવાય ? સાંભળ શાંતિકર્મ આ છે.

**'तं सुणसु सन्तिकम्मं नरस्स सव्वत्थसाहणसमत्थं ।**
**जं पयणुयं पि निच्चं परस्स पावं न चिन्तेइ ॥'**

અર્થાત્ શાંતિકર્મ તો મનુષ્યના સર્વ ઈષ્ટને સાધી આપવા સમર્થ છે. શાંતિકર્મ કરીએ અને ઈષ્ટ સિદ્ધ ન થાય એ બને નહિ. પરંતુ શાંતિકર્મ સાચું તે છે કે જ્યાં બીજાનું લેશ પણ બૂરું ચિંતવાતું નથી. વળી,

**इहलोए परलोए य सन्तिकम्मं अणुत्तरं तस्स ।**
**जह पेच्छइ अप्पाणं तह जो सव्वे सया जीवे ॥**

જેવી રીતે પોતાની જાતને જુએ છે, તેવી રીતે જે હંમેશાં સર્વજીવો તરફ દૃષ્ટિ રાખે છે, તેને જ આ લોક અને પરલોકમાં શ્રેષ્ઠ શાંતિ આપે એવું કર્મ થાય છે.'

સુરેન્દ્રદત્તે સાચા શાંતિકર્મની વાત કરી અને તે માણસના સમસ્ત પ્રયોજન પૂરવા સમર્થ છે એમ કહ્યું. માણસને ઈચ્છિત તો અનેક છે, પણ એ સિદ્ધ કરવા બહાર ખોટાં ફાંફાં મારે છે. જાણે પૈસા વેપાર જ આવશે એટલે રાત ને દિ' એની

જ લેશ્યા, એની જ લગન ! તેય ગમે તેવા કૂડ-કપટ, કાળાં-ધોળાં, ને આડાં-અવળાં કરીને વેપાર ધંધામાં મચે છે. સરવાળે ધાર્યું મળતું તો છે નહિ, અને હાથમાં રહેલું શાંતિકાર્ય કરવું ગુમાવે છે ! એમ, જાણે રોગ દવાથી મટશે, દેવી-દેવલાંને ભોગ દેવાથી મટશે, તે ગમે તેવી અભક્ષ્ય દવાઓ પણ અને દહાડે ને રાતે ખાયે રાખે છે ! કે દેવી-દેવલાંને ભોગ આપે છે ! જાણે સુખ સગવડ પ્રપંચ પોલિસી કરવાથી મળશે, તે એને એ કરવામાં જરાય આંચકો આવતો નથી. આ બધાં ફાંફાં છે. **પૈસા મળે, રોગ ટળે, સુખ-સગવડ પ્રાપ્ત થાય, બધું બને, પણ તે સાચા શાંતિકર્મથી.** તો શા સારુ એને જ ન વળગવું ? પશુ હોત તો આવી કોઈ સમજ જ ન હોત. માનવ છીએ તો આ સમજણ પડે છે, પછી એને ચુકાય ?

**શાંતિકર્મ સાચું કયું ?**

સુરેન્દ્રદત્તે સાચા શાંતિકર્મમાં બે વસ્તુ કહી :- એક, જેવી રીતે પોતાની જાતને માટે જુએ છે કે મને દુઃખ ન પાલવે, મારું કોઈ અપમાન ન કરે, તિરસ્કાર ન કરે, મને પ્રતિકૂળ ન વર્તે, એમ એણે બીજાને માટે સમજવું જોઈએ કે કોઈપણ જીવને દુઃખ નથી પાલવતું, અપમાન-તિરસ્કાર એને નથી ગમતાં, કોઈ એનું પ્રતિકૂળ કરે એ એને નથી રુચતું, સર્વ જીવો મારા જેવા જ છે, મારી જેમ જ દુઃખના દ્વેષી અને સુખના પ્રેમી છે. આ ગણત્રી પહેલી જોઈએ.

બીજું એ કે કોઈનું લેશમાત્ર બૂરું ચિંતવવું પણ નહિ. ખોટું કરવું તો નહિ, બોલવું ય નહિ, ને વિચારવું ય નહિ. મનમાં પણ કોઈને દુઃખી કરવાનો અપમાન-તિરસ્કાર કરવાનો વિચાર લાવવો નહિ. ને વિચાર જ બંધ થઈ ગયો, પછી અમલ તો શાનો જ બને ? મનમાં લોચા વળે છે પછી તે અમલમાં આવે છે. આપણે સ્વાર્થની, માનપાનાદિ સગવડની કે પ્રતિકૂળ હટાવવાની ભાવના હોય પણ એ માટે બીજાને ઉતારી પાડવાની, તિરસ્કાર કરવાની, ડાંટવાની, કે કોઈ પણ જાતનું એને અણગમતું કરવાની વિચારણા સરખી નહિ કરવાની. શા માટે ? મને એ બધું નથી ગમતું, તેમ બીજાને પણ એમાંનું કાંઈ જ નથી ગમતું, એ એને હું કરું તો કુદરત મને બદલામાં એથી ઊલટું સુખ સગવડ ક્યાંથી આપે ?

વળી, આટલી સ્વાર્થની જ વિચારણા નહિ, પણ એ વિચાર કે માનવતા જો પશુતાથી ઊંચી હોય તો તે આના લીધે છે કે બીજાનું ભલું ચિંતવો, કોઈનુંય બૂરું ચિંતવો નહિ. પશુને આ આવડે ? ના, મનુષ્યને આવડે, તો એ આવડતનો ઉપયોગ કર્યા વિના માનવતા શાની રહે ?





**ઉત્થાન-પુણ્ય-ગુણ-મોક્ષનો ધોરી પંથ :-**

બીજાનું બૂરું જરાય મનમાં પણ નહિ લાવવું, અને સૌ કોઈનું ભલું થાઓ એવી સતત ભાવના કરવી, એ સ્વાત્માના ઉત્થાનનો જબરદસ્ત ઉપાય છે, પુણ્યનો મહાન ઝરો છે, ગુણોની અનુપમ ખાણ છે, કર્મકાષ્ઠનો દાવાનળ છે, ને મોક્ષનો ધોરી પંથ છે. એથી ઊલટું,

બીજાનું બગાડવાની, બીજાનો તિરસ્કાર-અપમાન કરવાની, પરને દુઃખ, પ્રતિકૂળતા દેવાની લેશ્યા એ સ્વાત્માના અધઃપતનનું કારણ છે, પાપનો ઝરો છે, દોષોની ખાણ છે, કર્મવનને માટે વરસાદ છે, ને સંસારનો ધોરીમાર્ગ છે.

શાસ્ત્ર કહે છે,

**परोपकारः पुण्याय, पापाय परपीऽनम् ।**
**श्रूयतां धर्मसर्वस्वं, श्रुत्वा चैवावधार्यताम् ।**
**आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ॥**

**સર્વ ધર્મનો ઉપદેશ :-**

અર્થાત્ પરનું ભલું કરવું એ પુણ્યનો ઉપાય, અને પરને પીડવું એ પાપનો ઉપાય છે.

હે ભવ્યાત્માઓ ! તમે ધર્મનું આ રહસ્ય સાંભળો, અને સાંભળીને હૃદયમાં સ્થિર વસાવો, કે ‘પોતાને જે જે પ્રતિકૂળ લાગે, તે કોઈની ય પ્રત્યે આચરવું નહિ.’

**આજનાં તોફાન :-**

કોઈ ધર્મ એમ નહિ કહે કે બીજાને દુઃખી કરીને સુખી થવાય. આજનાં તોફાન જુદાં છે. એ કહે છે પ્રાણીઓને મારીને જ પ્રજા સુખી થઈ શકશે. એટલે ‘તીડ આવ્યાં તો બસ મારી નાખો,’ એક જ પ્રવૃત્તિ. પણ એ જોયું નહિ કે મારવા ગયા છતાં બીજે વધુ ઊભરાયાં ! તો તો તીડથી બચવાનો આ ઉપાય શાનો ગણાય ? ઉપાય તો એ હોય કે ઉપદ્રવ આવ્યો તો બીજા જીવોની દયા વધારો, પુણ્ય વધારો, પ્રભુપ્રાર્થના કરવા માંડો, તીડનું ય ભલું ઇચ્છો, અને સદ્‌બુદ્ધિ મળવાનું પ્રાર્થો.

**કુદરતને રીઝવવાનો આ ઉપાય છે, એ રીઝે તો બધું શાંત.**

પણ ના, આ સૂઝતું નથી, બીજાને માર માર કરીને જીવવાનું, સુખી થવાનું સૂઝે છે !

**પણ કાળમાં આ વાત બનવાની નથી કે બીજાને દુઃખ દેવાથી આપણને સુખ**

મળે.

આપણે બીજાને ધુતકારવા છે, ને આપણને બીજા સન્માનશે ? આપણે સાધર્મિકની કે ગુરુની અવગણનાઓ કરવી છે, એમનાં દિલ દુભાવવાં છે, તે આપણને પછી સાધર્મિક સન્માનશે ? આપણને આપણા શિષ્યો આદરથી રાખશે ? જગતમાં દેખાય છે કે બાપની અવગણના કરનારને એના છોકરા એ રીતે નવાજે છે. માતાને વિડંબનારને અંતે છોકરા અને છોકરાની વહુઓથી વિડંબાવુ પડે છે. **કોઈ પણ જીવને દુભાવવાનું ફળ જાતને દુભામણ સિવાય બીજું નહિ મળે, સુખ નહિ મળે.**

**માંકડમારુનું દૃષ્ટાંત :-**

એક માણસ એક વાર રાતે પાડોશીનાં બારણાં ખોલી ઘરમાં ગયો. તો ત્યાં જોયું કે એ પાડોશી સળગતી મીણબત્તી લઈ ભીંતોના ખૂણામાં ફેરવતો હતો. ચોંકીને પૂછે છે,

'કેમ ભાઈ ! આ શું માંડ્યું છે ?'

પેલો કહે છે, 'ભાઈસાબ ! આ માંકડ રાતના ઊંઘવા દેતા નથી.'

'અરે ! તમારું ભલું થાય, તમને જરાક કરડે એની સજા એને જીવતા બાળી નાખવાની ? શ્રાવક થઈને આ ઘોર કૃત્ય કરો છો ?'

પેલો જડ હતો, માન્યું નહિ. પછી તો વર્ષો પછી એ દેશમાં ગયેલો, ત્યાં આ દયાળુ ભાઈને જવાનું થયું, મળવાનું થયું, પણ જોયું તો હાથ મોં બળીને કદરૂપાં થઈ ગયાં હતાં ! પૂછે છે.

'આ શું ?'

પેલો રોતાં રોતાં કહે છે, 'અરે ચમનભાઈ ! શું કહું ? આ સ્ટવ સળગાવી માથે તપેલી મૂકવા ગયો ત્યાં મોટો ભડકો ઊઠ્યો ! અને આ હાથ મોં બળી ગયાં !'

ચમનભાઈ શિખામણ દે છે, 'મહાનુભાવ ! પેલું મીણબત્તીથી માંકડ બાળવાનું યાદ આવે છે ? હજી તો એનાં દુષ્ટ ફળમાં આ તો પાશેરામાં પહેલી પૂણી ગણાય. માટે ચેતી જાઓ, એ પાપ ધોવા માટે હવે બધીય લક્ષ્મી જીવદયામાં અને બીજાના ભલામાં વહેવડાવી દો, તો સુખી થશો !'

યશોધર મુનિ કહે છે, બે વાત શાંતિકર્મની મેં કહી;-

એક, 'आत्मवत् सर्वभूतेषु;'

બીજું, પરનું લેશ પણ બૂરું ચિંતવવું સરખું નહિ.

આ સ્થિતિમાં 'મા ! જીવનો વધ કરી શાંતિકર્મ શી રીતે થાય ? જીવ



મારીને પુણ્ય નહિ, પાપ થાય.'

**માતાનું વિચિત્ર શાસ્ત્ર :-**

**ત્યારે માતા મને કહે છે,** ભાઈલા ! શાસ્ત્ર તો કહે છે પુણ્ય અને પાપ તો તેવા તેવા મનના પરિણામ હિસાબે બંધાય છે, ક્રિયાના આધારે નહિ. ક્રિયા તો દેખાવમાં સારી પણ હોય, પરંતુ મન બગડેલું હોય તો મહેનત માથે પડે, ને પાપ જ બંધાય. શાસ્ત્રમાં લખ્યું છે કે,

**जस्स न लिप्पइ बुद्धि हन्तूणं इमं जगं निरवसेसं ।**
**पावेण सो न लिप्पइ पङ्कयकोसोव्व सलिलेणं ॥**

જેની બુદ્ધિ આખું જગત હણી નાખીને પણ લેપાતી નથી, તે પાપથી લેપાતો નથી; દા.ત. કમળનો ડોડો પાણીથી લેપાતો નથી.

જુઓ શાસ્ત્ર કાઢ્યું ! જગતમાં આવાં પણ શાસ્ત્ર છે ! અગડંબગડં બકનારાં ! અને જીવોને મિથ્યાત્વનો એવો કેફ હોય છે કે એને સાચાં માની લે છે ! શું કામ ન માને ? કેમ કે એમાં સ્વાર્થ સરે છે. અરે ! કાંઈ સ્વાર્થ પણ ન હોય, ઘર છોડીને જંગલમાં જઈ વસ્યા હોય, મહાવિરાગી હોય, ત્યાગી હોય, છતાં મિથ્યાત્વનો નશો ભયંકર હોય છે, દૃષ્ટિરાગનો અંધાપો જબરો હોય છે, તે એને અજ્ઞાનીઓની અસર્વજ્ઞની વાણી યથાર્થ મનાવે છે, માટે જ એવાને પણ ગ્રંથિભેદ નથી થતા, સમ્યગ્દર્શન નથી લાધતું.

**ગ્રંથિભેદ કેટલું દુર્લભ :-**

જીવો પર દયાભાવ પણ હોય, વસુધૈવ કુટુંબકમ્ માન્યું હોય, તેમ ઇન્દ્રિયોના વિષયોને ખતરનાક સમજ્યા હોય, શમ-દમ-તિતિક્ષા કેળવી હોય, છતાં ગ્રંથિભેદ થવો અને સમ્યગ્દર્શન પામવું દોહિલું છે ! કેમ વારુ ? એટલા જ માટે કે અજ્ઞાનીના શાસ્ત્રને અજ્ઞાનીનાં તત્ત્વને મિથ્યા માનવાની વૃત્તિ નથી; એ અગડંબગડં હોય છતાં સાચાં માનવાં છે, માટે સમ્યક્ત્વના વાંધા !

તો કહો, **સમ્યગ્દર્શન ક્યારે લાધે ?**

એ પામવા માટે મુખ્ય શું જોઈએ ? એ જ કે અસર્વજ્ઞોનાં શાસ્ત્ર અને તત્ત્વ, મિથ્યાત્વનાં રચેલાં શાસ્ત્ર અને તત્ત્વ જૂઠાં માની એનો જરાય પક્ષપાત, બહુમાન નહિ રાખવાના, તેમ જ સર્વજ્ઞકથિત શાસ્ત્રો અને તત્ત્વોને અણીશુદ્ધ સાચાં માનવાનાં. એ હોય તો જ પછી વૈરાગ્ય, દયા, મૈત્રીભાવ શમ-દમ-તિતિક્ષા બધું સફળ થાય, ભવનાં બંધન કાપી મોક્ષમુખ મળે.

**'દાનાદિક કિરિયા નવિ દીએ,**
**સમકિત વિણ શિવ શર્મ.'**

સમ્યક્ત્વ વિનાની દાન, દયા, શીલ, તપસ્યાનાં અનુષ્ઠાન મોક્ષસુખ ન આપે.

આનાં બે તાત્પર્ય છે,-

**એક મોક્ષસુખ તો દાન-દયાદિનાં અનુષ્ઠાન તેમ જ શમ-દમ-તિતિક્ષાથી જ મળે, તે વિના નહિ; પણ**

**બીજું, સમ્યક્ત્વ વિના મોક્ષમુખ ન જ મળે.**

સર્વજ્ઞની આજ્ઞા તો સર્વાંશે પ્રમાણભૂત માનવી જ પડે. માટે તો એ વિના ભર્તૃહરિ પતંજલિ, જેવાને મહાવૈરાગ્યાદિથી ચરમાવર્ત અને યોગપૂર્વસેવા પ્રાપ્ત થયેલાં છતાં ઊંચા ગુણસ્થાનકે ચઢવાનું બની શક્યું નહિ. એટલે મોક્ષરુચિ, વૈરાગ્ય, શમ, દમ વગેરેની સાથે સમ્યગ્દર્શન પણ ઘણું જરૂરી છે; વીતરાગ-સર્વજ્ઞનાં વચન અને તત્ત્વ પર અથાગ શ્રદ્ધા-બહુમાન આવશ્યક છે. એ વિના સાચો મોક્ષમાર્ગ પ્રાપ્ત થતો નથી. અલબત્ત વૈરાગ્યાદિ એ મોક્ષમાર્ગ તરફ લઈ જનારા છે, એને માર્ગસાધનયોગ કહેવાય, અને એ પણ જરૂરી છે, પરંતુ સમ્યગ્દર્શન વિના માર્ગ પ્રાપ્તિ નહિ.

વીતરાગ-સર્વજ્ઞ ભગવાન અને એમનાં કહેલાં તત્ત્વ પર રુચિ ધરવાથી મનનો મૌલિક મેલ ધોવાય છે. એ ધોયા વિના વાસ્તવિક વિરતિનાં પરિણામ ન આવી શકે; તો એ વિના અપ્રમત્તભાવ તથા શુક્લધ્યાન આવવાની આશાય શી?

માટે, (૧) વીતરાગ પ્રભુ પર અથાગ પ્રીતિ-ભક્તિ અને અનન્ય શ્રદ્ધા, તથા

(૨) એમનાં વચન પર એકાંત પક્ષપાત, તથા

(૩) એમનાં કહેલાં તત્ત્વની પ્રત્યે અનુરૂપ માનસિક વલણ કેળવવાં બહુ જરૂરી છે.

પછી એ લાવવા માટે ખૂબ સત્સંગ, જિનવાણી-શ્રવણ, દેવદર્શન-પૂજા, સાધુસેવા, મૈત્રી આદિ ભાવનાઓ ભવવૈરાગ્ય, વ્રતનિયમો, ઇન્દ્રિય નિગ્રહ, દાનાદિ પ્રવૃત્તિઓ વગેરે ઘણું ઘણું કરવું પડે; યાવત્ સંભવ છે, ચારિત્ર પાલન સુધી ય જવું પડે.

તત્ત્વને અનુરૂપ માનસિક વલણ ઘડવું સહેલું નથી; કેમ કે એમાં આખો મનનો ઝોક પલટી નાખવાનો હોય છે.

**તત્ત્વને અનુરૂપ વલણ એટલે ?**

દા.ત.,

**આશ્રવ** તત્ત્વ તરીકે ઇન્દ્રિયો, કષાયો, અવ્રત, અને પાપક્રિયાઓ બતાવી. એ તત્ત્વ હેય-ત્યાજ્ય તત્ત્વ છે, તો એને અનુરૂપ વલણ એટલે એના પ્રત્યે મન ઘૃણાવાળું, સૂગવાળું, તિરસ્કાર-અરુચિવાળું બને. એ આશ્રવો ભવવર્ધક છે,



દુર્ગતિકારક છે, તો એના પ્રત્યે ભય, અકળામણ, નિરાશા, નિસાસાનું વલણ બતાવવું જોઈએ.

જ્યાં એનું નામ આવે ત્યાં પરલોક બગડવાનો **ભય** લાગે,

જ્યાં એ જીવનમાં પ્રવર્તતા દેખાય ત્યાં ઊંડે ઊંડે કંપારો થાય, 'શું થશે,'

**વિમાસણ** થાય 'આ ક્યાં જઈ રહ્યો છું !'

**આર્તનાદ** પ્રગટે કેટલો અભાગિયો કે અરિહંત મળ્યા પછીય હજી આમાં ફસ્યો છું !'

તાલાવેલી રહે 'ક્યારે આનાથી બચું !'

આશ્રવની રમતમાં **અકળામણ** રહે. ગોઠે નહિ, ચેન ન પડે, પારકા ઘરની વેઠ લાગે ! એમ,

**સંવર તત્ત્વ તરીકે** ઉપયોગ-આત્મજાગૃતિ, સમિતિ-ગુપ્તિ, પરીષહ,-ક્ષમાદિ, સામાયિક, વ્રતો, ભાવનાઓ, તથા એ બધાને લાવનાર અર્હદ્-ભક્તિ, ધર્મ-શ્રવણ, દાન, શીલ, તપ તથા સમ્યક્ત્વાદિ ભાવો આવે. એને અનુરૂપ વલણ એટલે એના પર અથાગ શ્રદ્ધા-પ્રીતિ-બહુમાન, એમાં જ સમૃદ્ધિ-આબાદીનાં દર્શન એમાં જ હૂંફ-હોંશ અને હોશિયારી, નિરાંત અને નિશ્ચિન્તતા, ચાહના અને ચેન-આવું બધું કેળવવું પડે.

**તત્ત્વ વલણ કેમ ઘડાય ? :-**

હજી તો આ આશ્રવ-સંવર પ્રત્યે હૈયું બનાવવાની વાત છે હોં, અમલની વાત તો તે પછી છે.

**અનુરૂપ હૈયું એ સમ્યગ્દર્શન અને વર્તાવ એ ચારિત્ર.** ગમે તેવા ચારિત્રના અશક્ત આત્માને પણ આવું હૃદય બનાવવામાં અડચણ નથી. તરણતારણ અને એકમાત્ર શરણભૂત વીતરાગ-સર્વજ્ઞ-તીર્થંકર ભગવાન ઉપર હૈયું ઓવારી જાય, એમનો જ ઉપદેશ એકમાત્ર હિતકારી લાગે તો પછી એમનાં કહેલાં તત્ત્વ પ્રત્યે તેવું તેવું હૃદય બનાવવું શું કઠિન છે ? અશક્ત અને અભણ પણ બનાવી શકે છે. જ્યારે બે અક્ષર ભણેલો હોય અને સશક્ત હોય છતાં અરિહંત-શરણ વિના આ હૈયું બનાવી શકતો નથી.

સુરેન્દ્રદત્તની માતા ભણેલી છે, પણ સર્વજ્ઞોક્ત તત્ત્વની શ્રદ્ધા નથી, એટલે એણે આ મિથ્યાશાસ્ત્ર ખોલ્યું કે 'આખા જગતની હિંસા કરી નાખવા છતાં જો મન તેમાં ન લેપાય તો પાપ લાગતું નથી. પાપ તો મનના તેવા પરિણામ પર આધાર રાખે છે.'

કેવું કહી રહી છે આ ? 'છરી તો કસાઈ પણ ભોંકે ને દાક્તર પણ ભોંકે,

પરંતુ દાક્તર પાપી ન કહેવાય, કેમ ? એના પરિણામ મારી નાખવાના નથી; એને તો સુખ-શાતા નિપજાવવાના ભાવ છે. પરિણામ પર મોટો આધાર છે. પારકાની વાડીનું ચૂંટી ખાય તો ચોર કહેવાય. પરંતુ પોતાની વાડીમાંનું તોડી લે તેમાં ચોરી ન કહેવાય. કેમ કે ત્યાં તો પોતાનો હક છે, તેમ દેવતાનો આ સૃષ્ટિ પર અધિકાર છે. એ સંહાર કરે તેમાં એ નિર્લેપ રહે છે. આપણે પણ દેવને જીવનો ભોગ ધરીએ તેમાં દેવની ભક્તિ છે. બધો આધાર પરિણામ પર છે.' આવું જ અગડંબગડં ને ?

**મનના પરિણામ સારા હોય તો અકાર્યમાં પાપ ન લાગે ? :-**

ત્યાં સુરેન્દ્રદત્ત કહે છે, 'મા ! તું કહે છે મનના પરિણામ સારા હોય તો હિંસા કરવા છતાં પાપ નથી લાગતું; પરંતુ પ્રશ્ન તો એ છે કે અકાર્ય આચરવામાં તે વળી પરિણામ કેવા સારા રહેતા હશે ? દાક્તર છરી ભોંકે છે ત્યાં તો સામે દરદી ખુશીથી ભોંકવા માટે પોતાનું શરીર સોંપી દે છે; તે પણ દરદ મટે છે એ ઈચ્છાથી. એટલે એ અકાર્ય નથી ગણાતું. બાકી જ્યાં આખા જગતને એટલે કે નિરપરાધી મહાદુઃખી અનંતા જીવોને રહેંસી નાખે, ત્યાં માનસિક પરિણામ સારા હોઈ જ કેમ શકે ? એવા ઘાતની બુદ્ધિ કરે ત્યાં જ ક્રૂરતા છે, નિર્દયતા છે, ક્રોધ ધમધમે છે, દ્વેષ સળગી રહ્યો છે ! એ બધાં મલિન પરિણામનાં પ્રતીક છે ત્યારે તું પૂછશે,

**પ્ર.**- પણ સર્વ જીવોને અનેક દુઃખ-રિબામણમાંથી છોડાવવા માટે આ હિંસા કરે ત્યાં તો પરિણામ સારા ને ?

ઉ.- ના, એ અજ્ઞાનતાનો ઉદ્દેશ છે, માટે મનના પરિણામ સારા નહિ. અજ્ઞાનતા એ, કે બધાંય દુઃખ કરતાં મૃત્યુનું દુઃખ વધુ ભયંકર છે; વળી એવા મૃત્યુ પછી પણ દુઃખમાંથી છુટકારો નથી; તેમ પોતે મારી નાખવાની બુદ્ધિ કરે, પ્રયત્ન કરે, ત્યાં કઠોરતા-નિર્દયતા તરવરી રહી હોય છે. તો એ સરાસર પાપક્રિયા છે. પાપક્રિયાને પુણ્યક્રિયા માનીને કરે તેથી કાંઈ એ પુણ્ય ન બને, પુણ્યનાં ફળ ન ચાખે. હળાહળ ઝેરને અમૃત માનીને આરોગી જાય તેથી અમૃતબુદ્ધિ છે માટે કાંઈ જીવતો ન રહી શકે. એ તો ટાંટિયા ઘસતાં અને નસો ખેંચાઈ જતાં કરુણ હાલે રિબાઈને મરવું પડે.

**એમ, પાપક્રિયાને ઉપકારની ક્રિયાનો સિક્કો લગાડવાથી એ કાંઈ સારી ન બને; તેમ જ એમાં મનના પરિણામ સારા ન રહે.**

દુરાચારિણી સ્ત્રી પ્રાર્થે છે ત્યાં મન ચોખ્ખું છે માની કહે 'બિચારીને શાંતિ આપું,' અરે મૂર્ખા ! કાર્ય જ એ ખરાબ છે તો તેમાં પરિણામ ક્યાંથી સારા ?

જગતનાં ઘણાં કાર્યો સ્વરૂપે એવાં ખરાબ છે કે ત્યાં કોઈ કહે છે 'હું



પરિણામ સારા રાખું,' ન રહી શકે. હિંસા દુરાચાર, ચોરી, ઠગાઈનાં કાર્ય એ બધાં જ ખોટાં છે.

ચોખ્ખી ભાવના કરી શાહુકારને લૂંટી ગરીબને આપવું છે; પણ તે પરિણામ સારાં નથી. કાર્ય જ ખરાબ છે, આ અકાર્ય છે, એમાં તારો ખોટો ભાવ છે.

માલ બીજાનો ઉપાડી લે, ને કહે 'આપણે કોઈને દુઃખી કરવાનો ઈરાદો નથી. એનો ભાર ઓછો કરીએ છીએ,'-એ મેલો આશય છે. આજના ચોર કહે છે, 'શેઠિયાઓનો ભાર ઓછો કરીએ છીએ.'

એમ સુધારક કહે છે, 'વિધવાને સંતોષ આપવા, વેશ્યાગીરીથી બચાવવા પુનર્વિવાહની હિમાયત કરીએ છીએ.'

કસાઈ કહે છે, 'માંસાહારનો ખોરાક જોઈએ તે પૂરો પાડીએ છીએ.'

જે કાર્ય સ્વરૂપે ખરાબ, એમાં મારું મન ચોખ્ખું કહેવું, એ ઢોંગ છે, અજ્ઞાનદશા છે.

દુરાચારિણીને શાંતિ તો બાજુએ, પણ વધુ કામાગ્નિ પ્રદીપ્ત રહેવાની ઘોર અશાંતિ થશે; અહીં વિકરાળ બનશે, ને પરભવે નરકાદિની દુઃખની ભઠ્ઠીમાં શેકાશે. તેમ એના દુરાચારને પોષનારની પણ એ દશા. આમાં ક્યાં સારાપણું રહ્યું ? જરાય નહિ; પછી એમાં મન ચોખ્ખું શાનું હોય જ ? શાસ્ત્ર કહે છે, મૈથુનસેવન માત્રમાં ચાહ્ય સ્વસ્ત્રી ના હોય છતાં, ત્યાં રાગદશા છે, મન મેલું છે. એ ક્રિયા જ સ્વરૂપે ખરાબ. એને ધર્મ કહેવાય જ નહિ. ધર્મ કહેનારા અજ્ઞાન છે, મૂઢ છે. તો પૂછો,

**પ્ર.- શ્રાવકને સ્વદાર સંતોષ ધર્મ નથી કહ્યો ?**

ઉ.- કહ્યો છે, પણ એનો મર્મ સમજશો ? સ્વદાર સંતોષ એટલે કે સ્વસ્ત્રી ભોગવવી એ ધર્મ નહિ, પરંતુ એમાં અતિ આસક્ત ન બનવું, પશુભોગ-અનંગક્રીડા વારંવાર ભોગ-દિવસભોગ વગેરેથી નિવૃત્ત રહેવું એ ધર્મ. એટલે ધર્મ તો ભોગની નિવૃત્તિમાં છે. ભોગમાં નહિ. શ્રાવક લગ્ન પણ એટલા માટે કરે છે કે બીજી સ્ત્રીઓમાં પોતાનું મન પણ ન જાય, કાયાની તો વાતેય શી ? આ રહસ્ય જો સમજાય તો દુરાચારમાં મન ચોખ્ખાની વાત નહિ રહે.

એમ, સુખીને લૂંટી ગરીબને દેવા માટેની બુદ્ધિમાં પણ પડેલી સુખી જીવોને લૂંટવાની મતિ જ ખરાબ છે; એને દુઃખી કરવાનાં ક્રૂર પરિણામ છે. એ અશુભ અપવિત્ર મેલા ભાવ છે. ધનને તો અગિયારમો પ્રાણ કહ્યો છે, એ હરી લેતાં કદાચ સામાના દસેય પ્રાણ ખત્મ થઈ જાય, હૃદયાઘાતથી મોત જ પામી જાય ત્યાં બુદ્ધિ ભલી શાની જ હોઈ શકે ? એ કાર્ય સારું કેમ જ કહેવાય ?

એમ, કસાઈ કહે, 'હું પ્રજાને માંસ પૂરું પાડવાની ભલી બુદ્ધિથી બકરાં કાપું

છું.' એ પણ ભૂંડી જ બુદ્ધિ છે. કેમ કે, પહેલું તો પોતાનામાં નિર્દયતા આવે છે, તેમ બકરાંને મારવામાં એને ભયંકર વેદના છે. સાથે સંભવ છે કે એમ રેંસાઈ જતાં એ જીવની લેશ્યા ભારે ખરાબ થવાથી નરકાદિમાં ચાલ્યો જાય. હવે કહો, આવું કરનાર કસાઈ શું સારું કરે છે ? કે કઈ રીતે સારા પરિણામવાળો હોઈ શકે ? ત્યાં ભલી બુદ્ધિનો ઢોંગ માત્ર છે.

એમ, આજે કેટલાક દંભીઓ કહે છે, 'અમે દુકાન, કારખાનું, વેપાર વગેરે કરીએ છીએ, તે નોકરોના ભલા માટે, એને આજીવિકા આપવા માટે.' 'માલનું ઉત્પાદન કરીએ છીએ, તે પ્રજાના ભલા માટે.' આ પણ ભલાની ભાવના દંભભરી છે. સાચી ભાવના હોય તો નફો કેમ લે છે ? કમાઈ કેમ ખિસ્સા ભેગી કરે છે ? નોકરોમાં વહેંચી ન દે ? પોતાને ખાવા જોઈએ તો ખાવા પૂરતું રાખી બાકીનું વહેંચી દે ને ? પ્રજાના ભલા માટે હોય તો પડતર ભાવે વેચે ને ? ના, પોતાના તો પટારા ભરવા છે, મોટર-બંગલાના ઠઠારા રાખવા છે, અવસર આવે માલના ખેલા (Corner) કરવા છે. અને કહેવું કે બીજાના ભલા માટે હું કરું છું, ત્યાં મનમાં પરિણામ કેટલાં બધાં મલિન ?

એથી પણ આગળ વધો, કદાચ નફોય ન લે, પરંતુ પોતાને આરંભ-સમારંભભર્યા ધંધા કરવાની બુદ્ધિ થઈ, પરિગ્રહની રસભર્યા દિલે લેવડદેવડ કરી, એમાં કેઈ ગુસ્સા, મદ, માયાદિ કર્યા, ત્યાં જ મનના ભાવ ક્લુષિત છે, પછી પરિણામ ચોખ્ખાની કે એ કાર્ય સુકૃત હોવાની વાત જ ક્યાં રહી ?

તો હવે પૂછો,

**પ્ર.- શ્રાવકને કેમ અર્થોપાર્જનનું શાસ્ત્રે વિધાન કર્યું ?**

ઉ.- એટલા માટે નહિ, કે અર્થોપાર્જન અર્થાત્ ધંધાધાપા એ ધર્મ છે. જ્યાં ષટ્કાય જીવોના સંહાર છે, રાગાદિના તાંડવ છે, લેશપણ પરિગ્રહની મમતા છે. ત્યાં પાપ છે. છતાં શ્રાવકને અર્થોપાર્જનના વિધાનમાં શાસ્ત્રકારોનો આશય એ છે કે ગૃહસ્થ ભીખ માગીને જીવન ન નભાવે; કેમ કે એમાં ધર્મને લાંછન લાગે. લોક ધર્મને વગોવે 'જોયું ? આમનો ધર્મ જ આવો હલકો છે કે ભીખ માગો, મફતનું ખાઓ' આવી ધર્મનિંદાકારી ભીખથી બચવાનો ઉદ્દેશ અને પ્રયત્ન એ ધર્મ-એમ શાસ્ત્રે અર્થોપાર્જન પણ પટારા ભરવા નથી કર્યું, આજીવિકા પૂરતી જ ચિંતા શ્રાવક કરે એમ કહ્યું છે. તો અધિકની નિઃપૃહા એ ધર્મ છે. સમાધિપૂર્વક ધર્મસાધના થાય એ મુખ્ય ઉદ્દેશ છે. બાકી અર્થવ્યવસાય ને ધંધાધાપા એ કાંઈ ધર્મનો અંશ નહિ. વિવેક કરવો જોઈએ કે પાપનો અંશ કેટલો, ને ધર્મનો કેટલો ? પરિગ્રહ ને હિંસા-રાગાદિ જો ધર્મ હોય તો સાંજ પડે પ્રતિક્રમણમાં મિચ્છા મિ દુક્કડં શાનો ?



અસ્તુ. પાપક્રિયા અજ્ઞાનદશાથી પુણ્યબુદ્ધિએ કરી, છતાં એ પાપ જ રહે, ત્યાં પરિણામ મેલાં, અને પાપનાં કૂડાં ફળ ભોગવવાં જ પડે.

સુરેન્દ્રદત્ત કહે છે, 'હે મા ! તું જો, કે

**'नय तिहुयणे वि पावं अन्नं पाणाइवायओ अत्थि ।**
**जं सव्वे वि य जीवा सुहलवतण्हालुया इहइं ॥'**

ત્રણે ભુવનમાં જીવહિંસાથી વધીને બીજું કોઈ પાપ નથી; કેમ કે આ જગતમાં સર્વેય જીવો થોડા પણ સુખની તૃષ્ણાવાળા હોય છે.'

અર્થાત્ જીવનમાં દુઃખ કષ્ટ ભોગવતાં પણ જરા જેટલું સુખ મળતું હોય તો તે રીતે લેવા તૈયાર હોય છે; થોડું ખાઈને અગર ભૂખ્યા રહીનેય જીવવાનું સુખ ઈચ્છે છે, પણ મોતનું દુઃખ પસંદ નથી કરતા, એવા જીવને મૃત્યુ પમાડવું એ એને મહાદુઃખી કરવા જેવું છે, ત્યાં મહાપાપ કેમ ન લાગે ? આપણા પોતાની જ સ્થિતિ વિચારો ને; આપણને કોઈ મારી નાખવા તૈયાર થાય તો તે શું વધાવી લઈએ ? ત્યાં તો ઝટ કહીએ 'અલ્યા ! ઘોર પાપ લાગશે,' પણ પેલો કહે 'પણ હું જૂઠ-ચોરી-છિનારી વગેરે કરનાર જેટલો તો પાપી નહિ ને ?' તો શું કહીએ ? એ જ કે 'એ બધાં કરતાં મહાપાપી.' આપણા માટે એ મહાપાપીમાં ખપે, તો આપણે બીજાની હિંસા કરતાં શામાં ખપીએ ? તાત્પર્ય, હિંસા એ ભયંકર પાપ છે.

માતા સુરેન્દ્રદત્તના સમજાવવાથી સમજે એમ નથી; તરત દલીલ કરે છે, 'ભલે હિંસા પાપ છે, તો પણ દેહના આરોગ્ય માટે એ કરાઓ. બુદ્ધિમાન પુરુષે તો હેતુનો વિચાર કરીને અવસરે પાપ પણ કરવું પડે ને એવા પ્રબલ હેતુની દૃષ્ટિએ પછી એ કર્તવ્ય બની જાય છે. તું કહીશ પાપ તે પાપ, એ વળી કર્તવ્ય બનતું હશે ? ઝેર તે ઝેર, એ થોડું જ અમૃત બને ? પરંતુ જો દીકરા ! સોમલ પણ તેવા રોગ માટે ઔષધ બનાવાય છે. તો એ ખાવું જ જોઈએ છે. એમ શરીરના આરોગ્ય માટે આ કર્તવ્ય બની જાય છે.'

માતાની દલીલ શરીરશાસ્ત્રીઓ અને શરીરના પૂજારીઓના ઘરની છે. શરીર હશે તો ધર્મસાધના થશે માટે શરીરને સાચવો, શરીર પોષો, વધારો, એ જ એક દૃષ્ટિ હોય છે. પછી એમાં પાપ પણ કર્તવ્ય બનાવી દે છે.

પછી એમાં જરૂર પડ્યે સાધુનું ય દૃષ્ટાંત લઈ આવે છે.' શું સાધુ શરીર નથી સાચવતા ? એ તો બધો આધાર નીરોગી શરીર પર છે. એ હોય તો ધર્મકર્મ થાય. માટે એને સાચવવા બધું કરવું પડે.' શું બધું, એની મર્યાદા નહિ. આ માતા ઠેઠ દેવીના આગળ જીવનો ભોગ ધરવા સુધી પહોંચી જાય છે ! એવી ઘોર હિંસાના પાપ પર પાછું ખોટું કરવું પડે છે,' એમ નથી માનવું ! એના પર

કર્તવ્યનો સિક્કો મારવો છે.

પરંતુ એ નથી જોવું કે નકરા પાપનું જ કાર્ય એ કાંઈ પુણ્યકાર્ય કે સત્ કર્તવ્ય બનતું હશે ? લૂણના ડબા પર ખાંડનું લેબલ મારવા માત્રથી અર્થાત્ એનું ખાંડ એવું નામ પાડવાથી એ ખરેખર ખાંડ બને ? દૂધમાં એ નાખવાથી દૂધ ગળ્યું બને કે ફોદા થાય ? નામ બદલવા માત્રથી વસ્તુના ગુણદોષ ફરી જતાં નથી. નકરા પાપને કર્તવ્યનું નામ આપવાથી એ પોતાનો મારકતા ગુણ ન છોડી દે. દુન્યવી સ્વાર્થ ખાતર આપણે બીજાના પ્રાણ રેંસી નાખીએ તો આપણને ઘોર પાપ જ લાગે. એના વળતાં ફળ તેવાં જ બદલામાં જોવાં પડે. એ ફળ કેવાં ? મહારોગ, મહાકદર્થના, મહારિબામણા, અલ્પ આયુષ્ય, કદ્રૂપાપણું વગેરે વગેરે.

પણ શરીરના પૂજારીઓને આ જોવું નથી, વિચારવું નથી. મિથ્યામતિઓનેય હિંસા ધર્મમાં ખપાવવી છે. બધા જીવોને પોતાના પ્રાણ અપરંપાર વ્હાલા છે. એને લૂંટવા એ ઘોર પાપ છે. વેદ વચન પણ શાસ્ત્ર નહીં કે જે આવી હિંસાનું પ્રતિપાદન કરે. આ તો સર્વજ્ઞનું શાસન બતાવી શકે કે ગૃહસ્થને સ્થાવર હિંસા કરવી પડે છે, પણ એ ધર્મ નહીં. ચૂલો એ ધર્મ નહીં, પણ એનાથી રસોઈ થઈ તેમાંથી સાધર્મિક-સાધુની ભક્તિ કરો એ ધર્મ. શક્ય હિંસાથી ગૃહસ્થને બચાવવો છે માટે કહ્યું, 'તું ત્રસ જીવની હિંસા કરીશ નહીં.' આ શાસ્ત્ર એવું નથી કે જે કહે કે જેના વિના ચાલે નહીં તેને ધર્મ માની કરજે. પાપ વિના ન ચાલે માટે એ ધર્મ ? ગૃહસ્થાઈમાં પૈસા વિના ન ચાલે માટે તે ધર્મ ? ક્યાંનો ન્યાય ? પછી તો કસાઈને હિંસા, પારધીને શિકાર, એ એને માટે ધર્મ ? લુચ્ચાને લુચ્ચાઈ તે તેનો ધર્મ ! કદી ન બને. લક્ષ્મી સત્યાનાશ કરનારી છે, તો એ ધર્મ ન બને. પૈસા વિના ચાલે છે ?' એ પ્રશ્ન કરતાં વિચારવું જોઈએ કે જેના વિના ન ચાલે તે પાપ કર્તવ્ય કોટીમાં ન મુકાય. મૂકો એટલે મિથ્યાત્વમાં જાઓ.

એવાં ઘણાં કાર્યો છે કે જેના વિના ચાલતું નથી છતાં એ કરવાની હોંશ નથી હોતી. બાળક નાનું હગે-મૂતરે, તે સાફ કરવું પડે કરે, પણ ઉલ્લાસ હોય ? 'પણ આ કર્યા વિના શું ચાલે છે ? એ ન જોવાય. કાર્યનું સ્વરૂપ જોવાય, ગૃહસ્થને સ્થાવર હિંસા વિના ચાલતું નથી, છતાં એ પાપ એટલે પાપ; વહેલી તકે છોડવા જેવું પાપ. ગૃહસ્થપણું સાચું ત્યારે કે જ્યારે સાધુપણું લેવાની પૂરેપૂરી ભાવના હોય, જીવહિંસાને સર્વજ્ઞ ભગવાને પાપ કહ્યું છે માટે અમારે એવું ગૃહસ્થ જીવન ન જોઈએ.' બીમારી આવી, કડવી દવા પીવી જોઈએ. જીભ ના કહે છે, છતાં પીધા વિના છૂટકો નથી. ગૂમડું પાકી ગયું, છરી મુકાવવી નથી છતાં ફૂટતું નથી ત્યારે કપાવવું પડે છે. વારે વારે દાઢી ઊગે તે ગમે છે ? શું કરો ? ઊગે



એટલે મુંડાવવું પડે છે. અમારા જ્ઞાનીઓએ પૃથ્વી-અગ્નિ-વાયુના કણે કણે પાણીના ટીપે ટીપે અસંખ્ય જીવો કહ્યા છે, માટે એની હિંસાવાળું ગૃહસ્થ જીવન અંતરથી જોઈતું નથી. બહારથી વર્તાવ એવો કે કુંવારા, પછી લગ્ન થાય, પછી ઠીક, છોકરો જોઈએ, હવે ઘર જોઈએ, પૈસા જોઈએ, બહારથી આ દેખાય છે. અંતર ના કહે છે, કેમ ? જ્ઞાનીઓએ એમાં પાપ કહ્યું છે, મારે પાપ વિના ચાલતું નથી, પણ પાપ કર્તવ્ય નથી માટે પાપ વિનાનું જીવન જોઈએ છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૯,અંક-૧૯,તા.૨૧-૧-૧૯૬૧

**પાકિસ્તાનમાં ફસેલાના દૃષ્ટાન્તે સમકિતી...**

**પાપમાં નિર્ભીક ખરડાયેલા રહેવાથી સારું ઓછું સૂઝે છે.** દુકાન છે એટલે ઉપાશ્રયે એટલો ઓછો આવે છે, બૈરી છે એટલે ગુરુ પછી રખાય છે, પૈસા છે એટલે ત્યાગ ધર્મની વાત નહીં ! આ જ કારણ છે ને ? તાકાત આવે એટલે પાપ ફેંકી દેવાનું, ન આવે ત્યાં સુધી તે પાપથી ભડકતા રહેવાનું છે. અંતરથી એ ગૃહસ્થ-જીવન સમકિતી જીવને જોઈતું નથી; કેમ ? એ જીવનમાં જ્ઞાનીઓએ ભરચક પાપ કહ્યાં છે, એ કર્યા વિના ચાલતું નથી. છતાં હૃદયથી પસંદ કરવા જેવાં નથી. ધારો કે પાકિસ્તાનીમાં ફસાયા, પેલો કહે છે 'કાફર ! મારી નાખું,'

'ભાઈ-બચાવને'

'નહીં બચાવું'

'કોઈ રસ્તો છે ?'

'બધું ધન બતાવ તો બચાવું'

'હેં ?'

શું કર્યું એ વખતે ? હોંશપૂર્વક બતાવવાનું ! દાનનો લાભ મળ્યો ? ના, જરાય પસંદ નથી પણ તે કરવું પડે છે. લાગે છે, 'પહેલાં અલોપ થઈ ગયા હોત તો કહેવું ન પડત.' એમ, સમકિતીને થાય કે 'આઠ વરસે કે પછી પણ ચારિત્ર લઈ લીધું હોત તો આ આરંભ-પરિગ્રહાદિનાં પાપ કરવાં ન પડત.'

**નીતરતું, નકરું પાપ કરવાનું કહેનારું વચન શાસ્ત્રનું કહેવાય નહીં, ધર્મ-વચન કહેવાય નહીં.** એ તો અજ્ઞાનીઓએ ઊભાં કરેલાં બનાવટી ધર્મનાં વચન છે.

સુરેન્દ્રદત્ત માતાને કહે છે,

'માતા ! શરીરના આરોગ્ય માટે જીવહિંસા કરવી જોઈએ એવી વાત કાં કરે ? શું જીવહિંસાથી આરોગ્ય મળતાં હશે ? જો,

**दीहाउओ सुरूवो, नीरोगो होइ अभयदाणेणं ।**
**जन्मन्तरेवि जीवो सयलजणसलाहणिज्जो ॥**

"દીર્ઘ આયુષ્ય, સારું રૂપ ને નીરોગીપણું, એ તો અભયદાનથી મળે છે." એનાથી ભવાંતરે પણ જીવ સકલ લોકમાં પ્રશંસનીય બને છે.'

**અભયદાનથી દીર્ઘ આયુષ્ય કેવી રીતે ? :-**

શું કહ્યું ? અભયદાનથી દીર્ઘ આયુષ્ય વગેરે મળે. પૂછો ને,

**પ્ર.**- આયુષ્ય તો જેવું બાંધી આવ્યા તેવું ભોગવવાનું એમાં વધારો થોડો જ થાય ?

**ઉ.**- વધારો ન થાય એ વાત સાચી, પણ અકાળે તૂટી જઈ જીવન ટૂંકું થતું હોય તેને અભયદાન અટકાવે; એટલે કહેવાય કે અભયદાનથી દીર્ઘ આયુષ્ય ભોગવાય. ઉત્કૃષ્ટ ભાવથી કરેલો ધર્મ તે જ ભવમાં પણ ફળે છે. એવું અભયદાન આપત્તિ-અકસ્માત્‌ને નિવારે છે; તેથી જે સોપક્રમ આયુષ્યને ઉપક્રમ લાગતાં એ અકાળે તૂટત ને બાકીનાં આયુષ્યનાં દળિયાં એકીકલમે ભોગવાઈ જાત, તે ઉપક્રમ કે ઉપક્રમના કારણ અટકવાથી અટકે છે; આયુષ્ય લાંબું ભોગવાય છે. એમ, અભયદાનથી તેજ, કાંતિ વધે છે. અભયદાન દોદરાં અશાતા કર્મને તોડે છે, તેથી એના ઉદયે રોગ આવત તે અટકી નીરોગીપણું રહે છે.

**દીર્ઘ આયુષ્યાદિનાં સાધનમાં ગેરસમજ :-**

કેવી ચાવી બતાવી ? ધર્મ પર અટલ વિશ્વાસ હોય તો આ મગજમાં બેસે કે દીર્ઘ આયુષ્ય, કાંતિ અને નીરોગીપણાનો ઉપાય અભયદાન છે. જો આ શ્રદ્ધા નથી તો એમ લાગે છે કે દીર્ઘ આયુષ્યનો ઉપાય રસાયણ-વસાણાં ! તેજ-કાંતિ અભક્ષ્યભક્ષણથી મળે ! રોગ દૂર કરવા દવા લેવી જોઈએ. દવાથી રોગ મટી જાય નીરોગીપણું આવે; ને પથ્ય પરિમિત આહારથી આરોગ્ય ટકે !'

ધર્મશ્રદ્ધા અંતરમાં કેટલી છે, જ્ઞાનીઓનાં વચન કેટલાં વહાલાં છે, એનું માપ કાઢો. શું હૈયું એમ બોલ્યા કરે છે કે 'આ રોગથી પીડાઉં છું તે ભવાંતરમાં જીવદયા નથી પાળી, જીવોને અભયદાન નથી કર્યા, તેથી પીડાઉં છું; તો હવે દયા કરું. રોગ દવાથી શું મટતા'તા ? અભયદાન દેવાથી મટશે. માટે રોગના બહાને અભક્ષ્ય ખાઈ જીવહિંસા ન કરું, તેથી તો ઊલટું રોગનાં કર્મ વધે. હવે તો વધુ ત્યાગ ને વધુ જીવદયા કરું. કસાઈના હાથમાંથી જીવોને છોડાવું. એની દુઆ મને આરોગ્ય દેશે,'

આવું કંઈ મનમાં તરવરે છે ? તો શ્રદ્ધા ઝગમગતી ગણાશે. એમ, અભયદાનનો વ્યાપક અમલ કરવાથી ધર્મશ્રદ્ધા મજબૂત અને નિર્મળ થશે.

**અમલથી શ્રદ્ધાની મજબૂતાઈ થાય છે, બેપરવાઈથી શ્રદ્ધા હોય તો ય મંદ**



પડી જાય.

**ધર્મક્રિયાના ત્રણ ઉદ્દેશ :-**

આટલું ધ્યાનમાં રહે કે અભયદાન દેવાનો મુખ્ય ઉદ્દેશ આ નથી. અભયદાન તો ધર્મ સાધનાના શ્રદ્ધા-સફલતાના અને અભક્ષ્યાદિ પાપથી બચવાના તત્કાળ ઉદ્દેશથી, જીવને શાતા આપવાના તત્કાળ ઉદ્દેશથી તથા પરંપરાએ સર્વને અભયદાન મળ્યું, સંયમજીવન-પામવાના ઉદ્દેશથી કરવાનું છે, જેથી ક્રમે કરીને ભવથી નિસ્તાર થાય. **ઉદ્દેશની આ શુદ્ધિ બહુ કામ કરે છે; ધર્મસાધનાનું બળ વધારી દે છે, ફળના આંક વિસ્તારી દે છે, આત્મપ્રગતિ કરાવે છે.**

**૧. ધર્મ સાધનાનો ઉદ્દેશ :-**

કોઈપણ ધર્મક્રિયા કરીએ તે અંતરમાં ધર્મને જ એકમાત્ર ઝગમગતો કરવા, કહો કે, નીતરતા ધર્માત્મા બનવા કરીએ; જેથી એ ધર્મી હૃદયના પ્રતાપે બાકીના સમયમાં પણ ધર્મીને છાજતું જીવન જિવાય, ને અનુચિતતા, કૃતઘ્નતા, નિર્દયતા, ક્ષુદ્રતા, ઈર્ષ્યા વગેરે મૌલિક દોષો જીવનમાં ઊભા ન રહે; તેમ કેટલાંય પાપો ને કષાયો દૂર થઈ જાય. વળી દિનપ્રતિદિન ધર્મનું શરણ વધતું રહે, ધર્મભાવના વધતી રહે, ધર્મપરિણતિ વિકસતી જાય. અનંતી ધર્મક્રિયાઓ કેમ નિષ્ફળ ગઈ ? આ જીવનની પણ ધર્મક્રિયાઓ કેટલીય થઈ જવા છતાં આત્મામાં ઊજળામણ, સ્ફૂર્તિ અને શુદ્ધ પરિણતિ આવી કેમ નથી દેખાતી ? આ ઉદ્દેશ જાગ્રત નથી રાખ્યો માટે. ત્યારે ધર્મક્રિયાઓ કરીએ ને સુસ્ત રહીએ, ધર્મપરિણતિ ન વધે, પાપો ઓછાં ન થતાં જાય, દોષો ઘટતા ન આવે, એ ઓછી કમનસીબી છે ? લાગે છે કે આમ ભવ ટૂંકા નહિ થાય ? ઉદ્દેશની શુદ્ધિ વહેલી જોઈએ. એ વિનાની ઠેઠ ચારિત્રની ક્રિયાઓ પણ એળે જાય છે !

**(૨) શ્રદ્ધાની સફલતાનો ઉદ્દેશ :-**

**ધર્મક્રિયા કરવામાં બીજો ઉદ્દેશ એ છે કે 'હું મારી ધર્મશ્રદ્ધાને સફલ કરું,** એ લક્ષ રાખવાનું છે. બણગાં ફૂંકીએ કે મારામાં ધર્મશ્રદ્ધા છે, અને ધર્મ માટે કશું જોખવાની વાત ન હોય, કાયા કસવાનું પાલવતું નથી, થોડો પણ ભોગ આપવો નથી એ ધર્મશ્રદ્ધા કેવી ?

મનને એમ થવું જોઈએ કે, **મારું મન ચોર ન બને, મને જ ન ઠગે, એટલા માટે મારી ધર્મ શ્રદ્ધાને ધર્મક્રિયાની સરાણ પર ચકાસું. ધર્મ-શ્રદ્ધાને ધર્મ સાધનાદ્વારા સફળ કરું.** વાંઝણી ધર્મશ્રદ્ધા રાખ્યે શું વળશે ?' સામાને તમારા પર પ્રેમ હોય, શ્રદ્ધા હોય, તો એનું રચનાત્મક કોઈ ફળ માગો છો, ત્યારે ધર્મ પર પ્રેમ-શ્રદ્ધા તમે રાખતા હો તો શું ધર્મ તમારી પાસેથી કાંઈ અપેક્ષા ન રાખે ? વૈદ રોગ કાઢી

આરોગ્ય આપ્યાનું કહે, તો એને ચકાસવાનું, સફળ કરવાનું, મન થાય છે, 'લાવ, હવે આ પૌષ્ટિક આહાર લઉં, પચે છે ને ?' એમ અહીં ધર્મશ્રદ્ધાનું આરોગ્ય મળ્યા પછી 'લાવ, હવે ધર્મસાધનારૂપી પૌષ્ટિક આહારનું સેવન કરું.'

શું એવું ન થાય ?

દુન્યવી જીવનમાં દુકાન, વ્યવહાર, વગેરે પર પ્રેમ છે તો એને કષ્ટ વેઠીને ય સફળ કરો છો ત્યારે ધર્મમાં અખાડા કેમ ?

બે ડિગ્રી જેટલો તાવ હોય તો દુકાને જવાય, પણ ચાહીને પૌષધ ન લેવાય ! કેમ ? પૈસાની તંગી છતાં ઘરમાં વધારાનો ખર્ચ ઊભો થાય એને પહોંચી વળાય પણ દાન-જિનભક્તિ વગેરે ન થાય ! કલ્યાણ સામે બહાનાથી છટકવાની દીવાલ ઊભી કરવાની, કેમ ? શરીર માંદું છે માટે હમણાં કાંઈ ધર્મસાધના બરાબર નહીં થાય. પણ શરીર બરાબર ન હોય તો દુનિયાદારી ન થાય એમ લખ્યું નથી. એ તો ગમે તે રીતે થાય. વહાલામાં વહાલી ઊંઘ આવતી હોય, પણ પરગામથી માલ વહેલો આવ્યો તો ઊંઘ તોડીનેય બચ્ચા લેવા તૈયાર, પરંતુ પ્રતિક્રમણ કરવા માટે તિથિએ ય ઊઠાતું નથી ! બહાનાં કાઢતાં આવડે છે ! અહીં સંસારમાં કેઈ કાર્યો મન મારીને કરો છો, એ ધર્મ માટે કરવાં નથી ફાવતાં, શાનું આ તોફાન છે ? કહો, ધર્મશ્રદ્ધા તેવી જોરદાર નથી. હોત તો ડગલે ને પગલે એને અમલમાં મૂકી એનાં નાણાં ઉપજાવવાનું કરત; કષ્ટ વેઠીને પણ ધર્મશ્રદ્ધાનો અમલ કરત.

વિચાર નથી કે કોનું સંભાળેલું મને બચાવશે ?

ધર્મનું કે સંસારનું ?

અંદરનું કે ખોળિયાનું ?

માલિકનું કે નોકરનું ?

કિંમત કોની વધારે ?

વધારે વહાલું શું ?

વધારે સાચવવાનું કોનું ? જીવનનું કે ખોળિયાનું ? સંસારમાં આટઆટલી તકલીફ છતાં પહોંચી વળવા તૈયાર છો, તો પછી ધર્મ કરવામાં શી મુશ્કેલી ? ધર્મમાં મન ગલ્લાં તલ્લાં કરે છે. સંસારની મોજ માટે મન મક્કમ ? એકાદ વિગઈ ત્યાગ કેમ નહિ ? ને બીમારીમાં ? 'પણ સાજા હોઈએ તો મોઘું પડે છે.' જીવને કહો 'અરે અકર્મી ! માન કે બીમારી રહી છે, તો ચલાવવું પડે ને ? તો ધર્મ માટે નહીં ?'

આવું પરમાત્માનું શાસન સમજાવનાર ગુરુ મળ્યા છે, ધર્મ ખાતર બધું ચલાવીશ. સંસાર માટે કાંઈ ન થયું, કાંઈ નહીં, બધું સહન કરવાનું આવડે છે,'



આ શ્રદ્ધા જોઈએ.

ધર્મનું કામ કરવા મન આના-કાની કરે છે ત્યાં ઝટ સંસારનો દાખલો લ્યો.

જ્યાં ધર્મમાં મન ઊભા થવાનું ના કહે છે. ત્યાં ભાવી કર્મડંડો વિચારો.

**કર્મ સામે આત્માનો કેસ લડો :-**

ધર્મની વાત આવે ત્યારે મન ગળચિયાં ખાય છે ત્યાં એને સમજાવો કે 'આ ઉત્તમ જન્મ એટલે તો ધર્મ પુરુષાર્થનો સોનેરી કાળ છે, બીજી વેઠ તો બહુ જન્મો કરી, આ કરવાનું ઝટ નથી મળતું; તે અહીં મળ્યા પછી શા સારું પાછું હટે ? ધર્મના પુરુષાર્થથી તો ધર્મશ્રદ્ધા સફળ થાય છે. બી કોઠીમાં પડી રહ્યે શું કામનું ? એનું વાવેતર થઈ ક્રમશઃ ઊગે, વધે ને પાક થાય, તો જ ખુશી થવા જેવું; એવી રીતે શ્રદ્ધા પર પુરુષાર્થ થાય તો એની કિંમત છે. બેરિસ્ટરી જ્ઞાન મેળવ્યું, પણ એ કોરટના કેસ લડવાનું મળે, તો સફળ થયાનો આનંદ આપે છે; નહિતર એ બેકાર જતું લાગે છે. એમ અહીં શ્રદ્ધાભર્યું ધર્મજ્ઞાન મળ્યું, એ કર્મ ને મોહ સામે આત્માનો કેસ લડવા મળે, અર્થાત્ ધર્મપુરુષાર્થ મળે, ત્યારે લેખે લાગી લાગે છે. માટે ધર્મક્રિયા કરતા હોઈએ ત્યાં આ ભાવ રહે, કે 'મારી શ્રદ્ધા બેકાર નથી રહી, સફળ થઈ રહી છે.'

**(૩) ધર્મપ્રવૃત્તિનું ત્રીજું પ્રયોજન આ છે કે એટલો સમય પાપથી બચાય છે.** તમે નવકાર મહામંત્રમાં મન પરોવો એટલે મનમાં એટલો વખત પાપ નહીં પેસે. મનમાં શુભ વિચાર દાખલ કરો એટલે મલિન વિચારણા અટકશે. ક્ષમાદિભાવ રમતા કરો ત્યાં ક્રોધાદિ કષાયો અટકી જશે.

ત્યારે એ તો સમજો છો ને, કે હિંસાદી પાપના વિચારો, કે મોહમાયાની ચિંતા, અગર ક્રોધાદિ કાષાયિક ભાવો, આત્માને કેવાં થોક અશુભ કર્મ બંધાવે છે ! અનાદિના કુસંસ્કારોને કેવા દૃઢ કરે છે ! આત્માને કેવો નિઃસત્ત્વ અને તામસી બનાવે છે ! તથા અવસરે માનપ્રતિષ્ઠા કેવી હલકી કરે છે ! એના બદલે શુભ ચિંતા, શુભ વિચારો, શુભ ભાવના અને શુભ ભાવોમાં રમીએ તો એ બધાં ખતરનાક નુકસાનથી બચવાનું કેવુંક મળે ! તેમ વિશેષમાં પુણ્યોપાર્જન, સુસંસ્કરણ, સત્ત્વ વિકાસ, અને માન-પ્રતિષ્ઠા મળે ! તો પછી શી જરૂર છે ભાઈ ! મનથી અશુભ લોચા વાળવાની ? મનને શું સમજાવી ન દઈએ ? કે,

**મનનો સારો ખોરાક :-**

**બહારમાં તો ભવિતવ્યતા, કર્મ કે કાલાનુસાર જે બનવાનું હશે તે તો બનવાનું જ છે, તો ફોગટ મન શા માટે બગાડું ?**

**વિવિધ શુભ ચિંતન :-**

લાવ બીજું કાંઈ ન જડે તો મહામૂલો નવકાર તો છે જ, એને મનમાં રટ્યા કરું. અથવા,

ઉત્તમ શુભ ભાવનાઓ, સંસારની અનિત્યતા, સંસારમાં આત્માની અશરણતા, સંસારની મહાવિચિત્રતા, આત્માની કર્મબંધ-કર્મફલભોગ,-પરલોકગમન વગેરેમાં એકાકિતા, કાયા-માયાદિની આત્માથી જુદાઈ, કાયાની અશુચિતા તથા પાપપ્રેરકતા, ઇન્દ્રિયો વગેરે આશ્રવોનાં ભયાનક પરિણામ, ધર્મનાં મહારૂડાં ફળ, ધર્મની દુર્લભતા, જિનેન્દ્રદેવની અનંત ઉપકારતા, લોકસ્થિતિ વગેરેની સુંદર ભાવના ન ભાવું ?

મહાકલ્યાણકારી ક્ષમા, નમ્રતા, નિર્લોભતા, ગુણાનુરાગ, વિશ્વમૈત્રી, દુઃખી પર કરુણા વગેરે શુભ ભાવોનો તારક પ્રયોગ ન કર્યા કરું ? અથવા,

જીવ-અજીવ વગેરે તત્ત્વો, કર્મસિદ્ધાંત, સ્યાદ્વાદ-નય-નિક્ષેપ-પ્રમાણ-સાતભંગી વગેરે પર ચિંતન કરી કરી મનને એનું જ રટણ અને ગડમથલ કરવાની સારી ટેવ ન પાડું ?

આ તો થઈ માનસિક ધર્મપ્રવૃત્તિની વાત.

**એ પ્રમાણે વાચિક ધર્મપ્રવૃત્તિમાં રમીએ** તો પણ કેટલાંય પાપ અટકે છે. મફતનાં ગપ્પાં માર્યા કરતાં ધર્મપુસ્તક બોલીને વાંચીએ, અથવા પ્રભુનાં સ્તોત્ર સ્તવન, કે સજ્ઝાયો ગાઈએ-બોલીએ, એ પાપના સોદાને કેવુંક ધર્મના વેપારમાં પલટાવી દેવાનું થાય ! એમ સારી ધર્મની જ વાત કરીએ તો એટલો સમય પાપની વાતો કરવાનું સહેજે અટકે. મનમાં નિર્ધાર કરી બીજાને શુદ્ધ હિતની જ સલાહ આપવાનું કરીએ ત્યાં પાપસલાહ દેવાનું અટકે. સત્ય જ બોલવાનો દઢ સંકલ્પ રાખી સાચું બોલો એટલે જૂઠથી બચાય. એમ પ્રિય જ બોલો તો સામાના હૃદયને ભેદનારા અપ્રિયભાષણના પાપથી બચાય. બહુ પરિમિત જ બોલો તો વિકથા, કુથલી, અસત્ય વગેરે કેટલાંય પાપોથી બચી જવાનું મળે !

આ થઈ વાચિક ધર્મપ્રવૃત્તિની વાત.

**કાયિક ધર્મ પ્રવૃત્તિમાં** પણ લાભ ઓછો નથી ! અરે ! બીજી કશી વધારે કષ્ટી નથી ઉઠાવતા, માત્ર જિનમંદિરે કે ઉપાશ્રયે જઈ બેઠાં, એટલા માત્રથી પણ સંસારના આરંભ-સમારંભ-વિષય-પરિગ્રહના કેઈ પાપોથી બચવાનું થાય છે ! એ ભલે ત્યાં બેઠા એટલો વખત, પણ એટલું ય બચવાનું તો મળ્યું જ ને ? બાકી સામાયિકમાં બેઠા એટલે ઘરસંસારનાં કેટલાંય પાપોથી બચ્યા; અવિરતિનો થોક કર્મપ્રવાહ અટક્યો; લાજ-શરમ દાક્ષિણ્યવશ કરવા પડતા પાપમાં હુંકારા ભણવા



પડત વગેરે, તે બધાથી બચવાનું મળ્યું. એમ, પ્રભુની ભક્તિમાં બેઠા, ત્યાં મોહાંધોની ગુલામી કે મોહ પોષણથી બચ્યા. દાનની પ્રવૃત્તિ વખતે પરિગ્રહની પ્રવૃત્તિ અટકી; દયા વખતે હિંસા અટકી, શીલ-સદાચારની આચરણા કરતાં વિષય-દુરાચારથી બચ્યા, સેવા-પરોપકારની પ્રવૃત્તિ વખતે સ્વાર્થની રમતથી બચવાનું મળે. આ તો સાક્ષાત્ તેના તેના વિરોધી પાપોથી બચવાની વાત થઈ, પરંતુ સાથે સાથે બીજી પણ પાપવૃત્તિઓથી બચવાનું મળે, તે જુદું.

**ધર્મપ્રવૃત્તિની જીવન પર અસર :-**

તાત્પર્ય, ધર્મસાધના, ધર્મપ્રવૃત્તિ વખતે કેટલાંય પાપોથી બચવાનું મળે છે, એટલું જ નહિ, પણ એ ધર્મસાધનાની હૃદય પર સારી અસરથી જીવનના બીજા વખતે પણ દુર્ગુણોમાં, પાપોમાં, પાપ વિચારોમાં, ને પાપના બોલમાં મંદતા આવવાથી સારો બચાવ મળે છે.

**ધર્મપ્રવૃત્તિના મહાન લાભો :-**

એટલે મનને રહે, કે 'હું ધર્મસાધનામાં વિશેષ જોડાયેલો એટલા માટે રહું કે પાપથી બચવાનું પણ મળે છે; તેમ મારી ધર્મશ્રદ્ધા, ધર્મસમજ સક્રિય બને છે, સફળ બને છે; એટલું જ નહિ પણ ધર્મના વધુ ને વધુ સહવાસમાં મારી ધર્મશ્રદ્ધા મજબૂત થતી જાય છે, ત્યારે કર્મક્ષય અને પુણ્યના થોક લાભ, સદ્ગતિ, મોક્ષનિકટતા વગેરેના મહાલાભ પણ ભરપૂર મળે છે.' આ ઉદ્દેશશુદ્ધિ છે.

વાત એ ચાલતી હતી કે 'જીવોને અભયદાન દેવાથી દીર્ઘઆયુષ્ય, સુરૂપ અને આરોગ્ય, ચારિત્ર, સદ્ગતિ યાવત્ મોક્ષ મળે છે,' આ શ્રદ્ધા અભયદાનના ધર્મની ખૂબ ખૂબ પ્રવૃત્તિથી મજબૂત થાય છે; અને તે વિશેષ અભયદાનમાં પ્રેરે છે. શ્રદ્ધાથી અમલ, અને અમલથી શ્રદ્ધાની વૃદ્ધિ, વળી એથી વિશેષ પ્રવૃત્તિ અને તેથી અધિકતર શ્રદ્ધાવિકાસ, એમ પ્રગતિ થાય છે.'

**સાચી શ્રદ્ધાના કોડ :-**

પણ વાત આ છે કે પહેલાં તો એ તપાસો કે શું શ્રદ્ધા છે કે 'એ બધું અભયદાનથી મળે ? કહો, આરોગ્ય શું અભયદાનથી મળે કે દવાદારૂથી મળે ? કે કસરત-અખાડાથી મળે ? સહેજ માંદા પડ્યા કે ઝટ દવાખાને દોડવાનું યા દવાની બાટલી ખોલવાનું મન થાય છે ! જરા અશક્તિ લાગી કે ટોનિક દવા, દૂધ-ઘી લેવાનું સૂઝે છે ! તગડા રહેવું છે, માટે સારાં પૌષ્ટિક ખાનપાન-રસાયણ-વસાણાં સેવવાનું મન થાય છે ! ક્યાંક અભયદાન દેવાની, વધારવાની તરફ દૃષ્ટિ દોડે છે ? 'લાવ, જીવનમાં જીવોની જતના વધારું, ઘર-દુકાનમાંથી મફતની જીવવિરાધના થતી અટકાવું, કસાઈ પાસે જતા જીવોને છોડાવું, પાંજરાપોળનાં

ઢોરોની દયા માટે ઘાસ વગેરેમાં પૈસા દઈ આવું, અભક્ષ્ય ખોરાક દવા વગેરે બંધ કરું-કરાવું, જીવદયા માટે ઘરમાં સુંવાળી સાવરણી, પૂંજણીઓ વસાવું, એવું મંદિર-ઉપાશ્રયમાં એવાં જીવ જતનાનાં સાધન મૂકી આવું; ભૂખ્યાંને અન્ન, રોગીને ઔષધ-પથ્ય આપું, સીદાતા સાધર્મિક બંધુ-બેનોની વ્હારે ધાઉં,...' આવા કોઈ કોડ થાય છે ખરા ? આ વિના નક્કર અને હિતકારી આરોગ્ય નહિ મળે. દવા વગેરે તો આજના કાળની બનેલી કેટલીય તામસી આવે છે, એ કદાચ તત્કાળ આરોગ્ય દેખાડશે, પણ બીજી બાજુ બુદ્ધિ ભ્રષ્ટ કરશે ! પૈસાના પૈસા જશે, ને ભ્રષ્ટતા બુદ્ધિમાં પેસશે ! એના કરતાં આ અભયદાનની દવા શું ખોટી ? કે જે નક્કર પવિત્ર આરોગ્ય આપે, જેના પર સારી ભાવના અને આગળ સ્વ-પર હિતકારી સુકૃત્યો કરવાનું જોમ-જિગર રહે ?' આવું કાંઈ હૈયામાં તરવરે છે ?

**હૃદયનો નક્કર અવાજ :-**

ધર્મશ્રદ્ધાનું પારખું કરજો; દુનિયામાં દુઃખ તો આવવાનાં, અને સુખ-સગવડની ઈચ્છાઓ પણ રહેવાની, પરંતુ ત્યાં અંતરમાંથી એક જ અવાજ નીકળ્યા કરે, 'આ, ધર્મ નથી કર્યો માટે દુઃખ આવે છે; સારું મળે છે તે ધર્મના પ્રભાવે; દુઃખનો નાશ ધર્મથી થશે, સુખ ધર્મથી જ મળશે. માટે બીજાં બહું ફાંફાં મારવાને બદલે ધર્મનો આશરો લઉં. ધર્મ જ મારો તારણહાર છે, બાકી બધું આળપંપાળ છે.

સુરેન્દ્રદત્તને માતા દેહના આરોગ્ય ખાતર જીવનો વધ કરવાનું કહે છે. કેટલું ઊલટું ?

સુરેન્દ્રદત્ત માતાને કહે છે,'

'આરોગ્ય માટે હિંસાનું પાપ ? તું કેમ ભૂલી પડી ?'

એટલે બીજાને હિંસાનું દાન ! અને પોતાને શાતાનું ઇનામ ! મળે ? દાન કરતાં ઊંધું ફળ ? રસ્તે ચાલતાં ધોલ લગાવી કોઈને, અને પછી પેલો હાથ પંપાળે તે બને ? બીજાને અશાતા આપી શાતાનાં દાન લેવાં છે, તે નહીં મળે. અભયદાન દેવાથી જ સુંદરરૂપ અને નીરોગીપણું મળે. ટૂંકા આયુષ્યમાં મરી ગયો, આશ્ચર્ય થાય છે. હેં ૨૫ વરસની ઉંમરમાં ખલાસ ? પૂર્વે અભયદાન નહીં દીધું હોય ત્યારે આ બન્યું એ વિચાર આવે તો આશ્ચર્ય નહિ થાય. અભયદાન નહીં એટલે આયુષ્ય દીર્ઘ નહીં, સારું રૂપ નહીં, તેમ નીરોગીપણું પણ મળે નહીં. વારે વારે બીમારી કેમ ? તો કે અભયદાન નહીં માટે. અભયદાન દેતાં શીખો તો દીર્ઘ આયુષ્ય, સુંદરરૂપ, પૂર્ણ પંચેન્દ્રિય મળે, હાથ-પગ અખંડ મળે, જેથી ધર્મસાધના સારી થાય.

**સુરૂપની શી જરૂર ? :-**

સુરૂપ એ ગુણ છે. એટલે ? ચામડી કાળી ચાલે પણ પંચેન્દ્રિય પરિપૂર્ણ



જોઈએ. વિકલાંગ હોય, આંખે કાણો કે આંધળો, પગે લંગડો, હાથે લૂલો, ભલે નીરોગી અને ભાવનાવાળો, છતાં ચારિત્ર માટે યોગ્ય નહિ. એમ તેવો રોગિષ્ઠ પણ ભાવનાવાળો છતાં ચારિત્ર માટે લાયક નહિ. ત્યારે ઘરમાં રહીનેય તેવી તેવી ધર્મસાધના કરવા માટે તેવું તેવું નીરોગીપણું જોઈએ છે.

**આરોગ્યની પ્રાર્થના શા માટે ?**

અભયદાનથી કે પ્રભુપ્રાર્થનાથી આરોગ્ય જે ઇચ્છાય, તે આ માટે કે ધર્મસાધના સારી કરી શકીએ; પણ ષટ્કાય જીવોના કૂટામય ઘર-દુકાનના ધંધા, સારી રીતે કરી શકીએ એ માટે નહિ, સંસારસુખ સારાં ભોગવી શકીએ એ સારું નહિ. એવી બધી તીવ્ર આશંસાઓ તો મિથ્યાત્વમાં તાણી જાય, અસમાધિમાં ડૂબાડૂબ રાખે. પ્રાર્થનાસૂત્ર વિચારો, શું માગો છો પ્રભુની આગળ ?

**'આરુગ્ગ, બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ'**

'મને આરોગ્ય, સમ્યક્ત્વ અને શ્રેષ્ઠ ભાવસમાધિ આપો.'

આરોગ્ય શા માટે ? સમ્યક્ત્વ માટે. ત્યાં સમ્યક્ત્વમાં આરંભ-વિષય-પરિગ્રહના તીવ્ર રાગ, એટલે કે અનંતાનુબંધીના રાગ ન હોય, તેમ સમ્યક્ત્વ શા માટે ? ઉત્તમ ભાવ સમાધિ માટે.

**બેની વચ્ચે કુસંપ થયો છે, એનું સમાધાન થયું એ દ્રવ્યસમાધિ.**

**ત્યારે હર્ષ-શોક, આનંદ-ઉદ્વેગના ઊભરા શમે એ ભાવસમાધિ.** જેટલા એ ઓછા કર્યા એટલી સમાધિ આવી, જેટલા એ વધ્યાં એટલી અસમાધિ વધી. સમાધિના વધતાં વધતાં ક્રમશઃ ચારિત્ર, અપ્રમત્ત ભાવ અને ઠેઠ વીતરાગતા મળે છે.

**સમ્યગ્દર્શન પામ્યા તે હવે આ ભાવસમાધિ વધારવા માટે વાપરવાનું છે,** પરંતુ તે અરિહંત પ્રભુના પ્રભાવે થશે, માટે પ્રાર્થના કરીએ છીએ. આરોગ્ય આ બે માટે જોઈએ, એ બેને લાવનારી ધર્મસાધનાઓ માટે જોઈએ.

અભયદાનથી આરોગ્ય મળે. દીર્ઘ આયુષ્ય મળે, પંચેન્દ્રિયપટુતા મળે, એમ સુરેન્દ્રદત્ત માતાને કહી રહ્યો છે.

દીર્ઘ આયુષ્ય અને આરોગ્ય કોને કોને નથી જોઈતું ? તમારે નથી જોઈતું ? જોઈએ છે; કેમ કે જાણો છો કે મરવાનું દુઃખ મોટું છે, તેમ મર્યા એટલે અહીંનું બધું ખતમ ! વળી જીવતાં છતાં માંદા પડ્યા તો બધું અટકી પડશે. વેપાર રોજગાર-ખાનપાન-ધર્મક્રિયા કાંઈ નહિ થાય, ને રોગની પીડામાં પીડાવું પડશે, એ જુદું; દવા દારુના ખર્ચા થશે એ વધારામાં ! માટે આરોગ્ય પણ જોઈએ છે. કહો છો પહેલું સુખ તે જાતે નર્યા. તેમ દીર્ઘ આયુષ્ય પણ ચાહો છો. પરંતુ એ બે શાથી મળશે ? આ શ્રદ્ધાથી કે 'અભયદાન દેવાથી એ મળે,' ને એ શ્રદ્ધાનો અમલ

કરવાથી એ મળે. બીજાને પીડવાથી, દુઃખ દેવાથી, એ ન મળે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૯,અંક-૨૦,તા.૨૮-૧-૧૯૬૧

**ખોળિયાની ખુશામત ખાતર આત્માને ન વેચો : દેહ ખાતર બધું કરાય ? : પરિણામ નિષ્ઠુર ન કરો : ખપે છે તેથી શોષ નહિ ? : પાપની વાત આવે ત્યાં હૈયામાં ફફડાટ : એનાં દૃષ્ટાંત**

**સુખ શી રીતે મળે ?**

જીવોના ઉપર દયાભાવ ન હોય ? **'આત્મવત્ સર્વભૂતેષુ'** બીજા જીવોને આપણા જેવા જ સમજવાથી સહેજે દયાભાવ, સહાનુભૂતિભાવ આવે. મનને એમ થાય કે **'બીજાને દુઃખ દેવાથી સુખ મળતું હોય એવા સુખની કશી જ કિંમત નથી.** એવું સુખ જહન્નમમાં જાઓ, મારે ન જોઈએ. અને એમ સુખ મળે જ એવો ક્યાં નિયમ છે ? ઘણાય અભક્ષ્ય ખાનારા ને જીવોની હિંસા કરનારા દુઃખમાં પીડાય છે. સુખ તો પુણ્યને આધીન છે. એવા પુણ્ય-પરાધીન સુખને કાંઈ પરપીડ નથી, નહિ આંચકી શકાય.'

**જૂઠ-અનીતિથી સુખ મળવાની ભ્રમણા :-**

માણસ અનીતિ-અન્યાય કરી માને છે કે સુખ મળશે, જૂઠ બોલી સુખ મેળવવા ઝંખે છે પણ ખબર નથી કે સુખનો એ ઉપાય જ નથી. 'કાગનું બેસવું ને તાડનું પડવું' એ ન્યાયે જૂઠ-અનીતિ કરી અને સુખ મળ્યું કદાચ દેખાય, છતાં ત્યાં સમજવા જેવું છે કે સુખ તો પૂર્વનું પુણ્ય હતું તો મળ્યું. બાકી હિંસા-જૂઠ-અનીતિથી સુખ મળે નહિ. એમાં લલચાતાં પહેલાં એ વિચારવું જોઈએ કે 'જરા ખમ, આ હિંસાદિ કરવા છતાં રોગ ન ગયો તો ? જૂઠ-અનીતિ કરવા છતાં પૈસા ન મળ્યા કે મળવા છતાં બીજે રસ્તે પૈસા ગયા તો ? માનવતાને લજવે એવાં પાપ ને પરલોક ભયંકર કરે એવાં દુષ્કૃત્ય, માથે જ પડશે ને ? માટે, નિર્ધાર કર કે અસત્ય બોલીને, અનીતિ કરીને દુઃખ નથી ટાળવાં, સુખ નથી ખપતાં, પરને પીડા આપીને રોગ કે પ્રતિકૂલતા નથી મિટાવવાં. રોગ સહી લઈશ, પ્રતિકૂલતા વેઠી લઈશ, ઓછે પૈસે ચલાવીશ, પણ મારું પોતાનું જ હૃદય કાળું નહિ કરું. **ચંચળ ખોળિયાની ખુશામત ખાતર મારા સનાતન આત્માને નહિ વેચું,** દુર્ગતિના હવાલે નહિ કરું, કુવાસનાઓ, મલિન લેશ્યાઓ અને બેસુમાર પાપોથી ખરાબખસ્ત નહિ કરું.'

**દેહને ખાતર બધું કરવું પડે ? :-**

જૈનત્વનાં ગૌરવ નથી, જૈનશાસન પામ્યાની કિંમત નથી, અરે ! આર્યત્વ



પામ્યાની કદર નહિ, તેથી સિદ્ધાંત બંધાય છે કે દેહને ખાતર બધું થાય. આ તો પિશાચી સિદ્ધાંત છે, દિવ્ય નહિ, માનવતાનો ન કહેવાય. જમાનો કેવો આવ્યો છે ! કહે છે 'માણસ માટે જંતુને મારો, જનાવરને મારો ! કોડલિવર ઓઇલ લિવર એક્સટ્રેક્ટ,...એ આજની દવા ! ઈંડાં-માછલી શક્તિદાતા હોવાની આજની કેળવણી ! આજના રાક્ષસી કાળને ઓળખો તો પણ સાવધાની-જાગૃતિ વધી જાય એવું છે. ભૂલેચૂકે આજના ખતરામાં તણાતા નહિ. અભક્ષ્ય દવાઓ ખાઓ ને માનો, કે આપણે ક્યાં હિંસા કરી છે ? આ તો બજારમાં તૈયાર મળે જ છે, તે લઈ આવ્યા ને ખાધું,' પણ એ ભ્રાન્તિ છે. જીવોને મારનારા, મારવાનું કહેનારા, માંસ વેચનારા, માંસ ખાનારા, એ પીરસનારા, બધા જ હિંસક છે. ત્યાં લેશ્યા ક્રૂર થાય છે, પરિણામ નિષ્ઠુર બને છે.

**ત્યારે જીવન જીવતાં આ સાચવવાનું મુખ્ય છે પરિણામ નિષ્ઠુર ન બનાવીએ.** એક ફલની છાલ છોલતાં પણ જો એમ થયું કે 'ઓહ ! કેવી સરસ છોલાય છે !' તો એ પણ નિષ્ઠુર પરિણામ છે. શ્રાવક છો, આ ખ્યાલ રહેવો ઘટે કે 'એ એકેન્દ્રિય જીવ છે. કમભાગ્યે એનો હું આરંભ-સમારંભ કર્યા વિના નથી રહેતો, પરંતુ એમાં કશું ખુશી થવા જેવું કે બહાદુરી મારવા જેવું નથી. પાકિસ્તાનમાં કોઈ હિન્દુ ફસાઈ ગયો ને પેલા દુષ્ટો કહે 'આ મરઘી માર, નહિતર તારી કતલ કરીશું, 'આ કહે નહિ મારું,' પેલા બળાત્કારે આના હાથમાં છરી પકડાવી મરાવે, તો આને શું લાગે ? બહાદુરી લાગે ? ખુશી થાય ? ના, એમ થાય કે 'આ ક્યાં ફસાયો ? હિંસા કરવાનું મારે હૃદય નથી છતાં હિંસા કરાવવાનો આ કેવો બળાત્કાર ? પ્રભુ, કેવી આ ફસામણી !' બસ, શ્રાવકને સ્થાવરની હિંસા કરવી પડે એમાં પણ આ થાય કે 'ક્યાં આ સંસારમાં ફસાયો ? સંસાર મારા પર આવા આરંભ-સમારંભ કરાવવાના કેવા બળાત્કાર કરે છે ? હે પ્રભુ ! આ કેવી ફસામણી ? ક્યારે આમાંથી છૂટીશ ! ક્યારે મારા બંધુતુલ્ય સમસ્ત જીવોને અભયદાન દઈશ !'

**ખપ એનો શોષ નહિ ? :-**

શ્રાવકનું આ હૃદય જોઈએ ત્યાં 'ખપ એનો શોષ (અફસોસ) નહિ' કેમ કરાય ? મનમનામણી કેમ ચાલે ? 'દેહને અને કુટુંબને સારું બધું કરાય' આમ ખોટું ખોટું મનામણું કરી લેવાથી પાપથી બચાતું નથી. 'આપણે નથી મારતા, એ તો તૈયાર દવા આવે છે તે વાપરીએ છીએ, એટલે એમાં પાપ નહિ' આ ખોટું મનમનામણું છે. હૃદય એમાં નિષ્ઠુર બને છે. દિલ તો એવું બનાવવું જોઈએ કે થોડી પણ હિંસા કરી હોય, થોડું પણ પાપ કર્યું હોય ત્યાં બહુ લાગે. 'કેવો હું પાપી ! કેવાં ઘોર પાપ કરું છું !' એમ થાય. તો જ એમાંથી છૂટવાને અવકાશ

રહે છે. ઉપદેશ એવાને ફળે છે; કેમ કે પાપ કરવા છતાં કોમળતા છે. બાકી તો ઉપદેશ સાંભળવાની લાયકાત નથી. સાંભળીને ઊલટું કહેશે, 'જોયું ? આમાં પાપ, આમાં પાપ, બસ ! બધે જ પાપ, પાપ ને પાપ !' આ કોણ બોલાવે છે ? 'જેનો ખપ એનો સોસ-અફસોસ નહિ' એ માન્યતા.

પરંતુ જો જો કે આ તો શાસ્ત્રની વાત આવે બાકી દુન્યવી તો કેટલીય બાબતોમાં એવું રાખ્યું હોય છે કે ખપ છે છતાં અફસોસ ચાલુ છે. રોજના માંદાને રોજ દવાનો ખપ પડે છે, છતાં એક પણ દિવસ દવા લેવામાં આનંદ નથી; રોજ અફસોસી થાય છે કે 'આ પંચાતી ક્યાં સુધી ? કેવો અભાગિયો કે દવાથી જ જીવવું પડે !' એમ શું સમકિતીને ન થયા કરે અફસોસી કે 'આ આરંભ-પરિગ્રહની પંચાતી ક્યાં સુધી કે પાપથી જ જીવવું પડે !'

નોકરિયાતને જિંદગી સુધી નોકરીનો ખપ રહે છે છતાં એની અફસોસી રહ્યા કરે છે. જુએ છે 'મારી હોશિયારી પર શેઠ કમાય છે, ને મને ૧૦-૨૦ મા ભાગનું નથી મળતું ! કેવી આ નીચ નોકરી !' નોકરી વિના ચાલવાનું છે ? ના, છતાં દિલની દુભામણ રોજ ચાલુ છે.

પતિની નિંદા કરનારી કે કર્કશા સ્ત્રીને કાઢી નથી મુકાતી, કે બેસાડી નથી રખાતી, રોજ એની સેવાનો ખપ પડે છે, છતાં પતિને રોજ અફસોસી રહે છે ને ?

બસ, શાસ્ત્રની બાબતમાં ખપ એનો સોસ નહિ એ સિદ્ધાંત કાઢી નાખો તો શાસ્ત્રનાં મહાકિંમતી તત્ત્વો ઝિલાય, નહિતર તો શાસ્ત્ર કહે કે 'આ પાપ છે,' ત્યાં શાસ્ત્ર પર અભાવ થશે. ઉપદેશની ને ઉપદેશકની ઠેકડી ઉડાવશો.

**દિલની કઠોરતા અને નિષ્ઠુરતા મહાકલ્યાણકારી શાસ્ત્રો અને કલ્યાણમાર્ગને નહિવત્ લેખાવે છે ! જમાના-બાહ્ય મનાવે છે ! કલ્યાણગુરુઓને અણસમજુ કે દુશ્મન તરીકે જોવરાવે છે !**

શ્રાવકનો એક મહાન ગુણ 'પ્રજ્ઞાપનીયતા, એટલે કે સમજાવો તો સમજવાની ને સ્વીકારવાની યોગ્યતા એ ગુણનું દેવાળું નીકળે છે. કારણ ? પાપમાં કઠોરતા અને નિષ્ઠુરતા.

**હૈયામાં ફફડાટ :-**

વીતરાગની તારક વાણીના અને પવિત્ર સાધુપુરુષોના સમાગમના ઊંચા લાભ લેવા હોય તો આ કઠોરતા, નિષ્ઠુરતાને પહેલાં રવાના કરી દેવી જોઈએ. પાપની વાતમાં હૈયું ફફડતું રહેવું જોઈએ, ફફડાટ હશે તો પાપ બહુ કર્યું લાગશે. પાપમાં હૈયાનો ફફડાટ હશે તો પાપ પર કર્તવ્યનો સિક્કો મારવાનું નહિ કરાય, એ રાચીમાચીને કરવાનું નહિ થાય. ગભરાશો નહિ. હૈયાનો ફફડાટ રાખવાથી



સંસાર, દુકાન, ઘર, આરોગ્ય બધું અટકી નહિ પડે; ઊલટું એ બધામાં આત્મા જાગતો રહેશે; બિનજરૂરી પાપોથી બચશે. તો આ તો કરવું જ છે ને ? જાગતા રહેવું છે કે ઊંઘતા ? પાપો ઓછાં કરવાં છે કે ભરચક રાખવાં છે ? કહોને 'જાગતા જ છીએ.' ખરું ?

**'પાપ કરતાં જ નથી'-આવું કહેવું છે ?** તો પછી એ સંસારમાં રાગદ્વેષ નથી થતા ને ? જૂઠ નથી બોલતા ને ? ઈર્ષ્યા, વેરઝેર, ક્લેશ, કંકાસ નથી કરતા ? સ્વાર્થલીલામાં બીજાનું ઉખેડી નથી નાખતા ? સીદાતા સાધર્મીને છતી શક્તિએ ઉવેખો છો ? પૈસા-પરિવાર-પ્રતિષ્ઠા ઉપર સાધર્મિકના અપમાન-તિરસ્કાર કરો છો ? નિંદા વિનાનો, બીજાનું ઘસાતું બોલ્યા સિવાયનો, એક પણ દહાડો પસાર થાય છે ? નિંદામાં આગળ વધીને ક્યારેક સાધુ-સાધ્વીજીનું હલકું બોલવા-સાંભળવાનું રસપૂર્વક નથી કરતા ?

તપાસો ! તપાસો ! રોજીંદા જીવનમાં પણ કેટકેટલાં પાપો સેવી રહ્યા છો ? જાગતા છો કે મોહની ઘોર નિદ્રામાં ઊંઘતા ? જીવનમાંથી પાપો ઓછાં કરવાનાં લક્ષણ છે કે બેફિકર ચાલુ રાખવાનાં ? પાપનો ફફડાટ હૈયે નહિ વસે તો બચવું મુશ્કેલ છે. ફફડાટ રાખો તો ઘણો બચાવ મળે એમ છે. એથી જીવનમાં કેટલાંય પાપો ઓછાં થઈ જાય, કેટલીય મલિનતા, મલિન વાસના-વિકારો શાંત થઈ જાય; ને જે પાપો કરવાં પડતાં હશે, એમાં કર્મ બંધનમાં મોટો ફરક પડી જશે !

જૈન શાસનની આ બલિહારી છે કે પાપમાં ફસાયેલાને પણ એમાં કર્મની ફસામણ ઓછી કરી આપે છે. પાપથી ક્રમેક્રમે પાછા હટવાનું કરી આપે છે, ધર્મમાં ઉત્તરોત્તર પ્રગતિ કરાવે છે, મોક્ષની નજીક નજીક લઈ જાય છે. પણ શાસન પહેલું આ માગે છે કે પાપની વાત આવે ત્યાં હૈયામાં ફફડાટ રાખો.

**ફફડાટનાં દૃષ્ટાંત :-**

બજાર બેસતો દેખાય ત્યાં હજી સોદો નથી કાપ્યો છતાં ખોટની આગાહી માત્રથી હૈયું ફફડે છે ! પરીક્ષાનો પેપર અઘરો દેખાતાં છોકરાનું કલેજું ફફડાટ અનુભવે છે 'કેવું લખાશે ! પાસ થવાશે કે નહિ ?' ટી.બી.-કેન્સરની આગાહી કોઈ દાક્તર કરે ત્યાં હૃદયમાં ફફડાટ થાય છે. છોકરો સામું બોલતો થાય ત્યાં ફફડાટ થાય છે. ક્યાં ક્યાં ફફડાટનો અનુભવ નથી ? પણ પાપ વધી રહ્યાં છે, કષાય સેવાઈ રહ્યા છે, લેશ્યા બગડી રહી છે, જૂઠ બોલાઈ ગયું. અનીતિનું મન થઈ ગયું, મૂર્ચ્છા ચોંટી પડી છે, ત્યાં ફફડાટ નહિ ! 'છતે શરીરે ત્યાગ, તપ નથી કરતો, છતે ધને દાન કે પ્રભુભક્તિ નથી કરતો, છતે સમયે સામાયિક-સ્વાધ્યાયાદિ નથી કરતો, શું થશે મારું ?' આવો કોઈ ફફડાટ ખરો ? ઇન્દ્રિયોરૂપી ભાવદુશ્મનોને

હજીય પોષી રહ્યો છું મહાલાવી રહ્યો છું, શી દશા થશે મારી ?' આનો કોઈ કંપારો કલેજે ?

**ધર્મ ચોથા આરાને કેમ સોંપાય છે ? :-**

ત્યારે સમજી રાખો કે હૈયે ફફડાટ નથી, કલેજું કંપતું નથી, ને પાપ ચલાવ્યે રાખવા છે, મન-મનામણું કર્યે રાખવું છે કે 'ચાલે, પંડની ખાતર બધું કરાય,' ત્યાં પછી પાપ છૂટવાં, ઓછાં થવાં કે એનો રસ ઘટવો બહુ કઠિન છે. ઊલટું પાપ પર 'કરાય' નો સિક્કો મારવાથી પાપ વધે છે, ને એની અસરરૂપે બીજી બાજુ ધર્મ ચોથા આરાને સોંપાય છે. પાછું મન માની લે છે કે 'ધર્મ કરનાર ઢોંગી કરતાં અમે સારા છીએ; ને અમે કાંઈ કસાઈગીરી કે બદમાશી નથી કરતાં, તેથી અમે ખરાબ નથી !'

નહિ ચાલે આ. પાપનો કંપારો અને ધર્મનો ખૂબ પ્રેમ બંને જોઈશે. છોકરાનાં હિતૈષી માબાપ હો, તો એને પણ પાપ ઓછા કરાવો, ધર્મ બહુ કરાવો.

એક ગામમાં એક વાણિયાનો છોકરો દુકાને જતો થયેલો. બાપ મરી ગયા. છોકરાએ દુકાન સમાલી. શ્રાવિકા મા જુએ છે, કે એના દિલમાં ધર્મની કાળજી નથી દેખાતી. માને થયા કરે છે, 'છોકરાનું શું થશે ! મારા જેવી માતા છતાં છોકરો એકલો દુકાન ને પૈસાનો જંજાળી ?' માને આ ચિંતા થઈ એટલે ઉપાયથી યુક્તિથી ધર્મમાં જોડાવા ખૂબ ચીવટ કરે છે. મન ન મનાવ્યું કે 'એકલાને સંભાળવાનું બધું છે તો પ્રતિક્રમણ-સામાયિક-વખાણ સાંભળવાનું કેવી રીતે બને ?' કદાચ પૂજાય કરે, એટલા પર પણ માએ એમ માની લીધું નહીં કે છોકરો બધું કરે છે.

સંસાર તો આખી દુનિયા કરે છે. એનાથી જો બચાવ મળવાનો હોત તો આખી દુનિયા બચી જાય ! એના પર માંડવાળ વાળીએ કે કપડાની દુકાન, ક્યાં મોટું પાપ છે ? ગળા રેંસવાનું પાપ નથી. મન વાળવાનું આવડે, પણ વિચારવું જોઈએ કે 'આ મોહમાયામાંથી ઉદ્ધાર શી રીતે ?'

કેટલાકને કહીએ 'કેમ ? આત્માની સાધના, વીતરાગ ભક્તિ, સૂત્ર-પાઠ, ધાર્મિક વાંચન, દાન-શીલ-તપ શું કરો છો ?'

એ કહે છે, એ સાહેબ ! અમે લાંબું સમજતા નથી. એક વાત, કાળું-ધોળું કરતા નથી એવાં જૂઠ-ડફાણ હાંકતા નથી. ચોરી-ઉઠાવગીરી કરતા નથી, પૈસાની બહુ મમતા રાખી નથી. સીધા ઘરેથી બજારે, બજારેથી ઘરે. સીધી વાત. બાકી અમે તમારા ધર્મ કરનારને ઓળખીએ છીએ. એ કેવા છે.'

**સીધા-સાદા કબૂતરાનો મોક્ષ કેમ નહિ ? :-**

આને કહીએ, 'કબૂતરાનો જે ધંધો છે એમાં જૂઠ-કપટ ક્યાં છે ? એને



વહેલો મોક્ષ થવાનો ? તેને ચણ નાખો, તે જીવાતવાળું લે નહિ. કપટ-પ્રપંચ નહીં, જીવ રેંસવાનું નહીં, તો ત્યાં એનો ઝટ મોક્ષ થાય ને ?' એમ પૂછવાનું મન થાય ને ? ભૂલા ન પડતા. અલબત જીવનમાં આ જરૂરી છે કે, કપટ વગેરે નહીં કરવાનાં પણ સાથે માયા-મમતા દૂર કરવા ત્યાગ, તપ ને દેવ-ગુરુની ભક્તિની જરૂર છે. આગળ વધીને સંસાર-ત્યાગની પણ જરૂર છે. મન મનામણું થતું હોય તો કબૂતરને સામે રાખવું.

શ્રાવિકા મા સમજતી 'હું મારા પુત્ર માટે આટલું વિચારી બેસું તે ઠીક નહીં.' તમે તો તરત બચાવ કરો 'કરશે, મોટો થશે બધો ધર્મ કરશે.' પરવા નથી વીતરાગને ઓળખવાની. દર્શન તો ઘણાં કર્યા પણ અંતરમાં પૂછો, ક્યારે વીતરાગને જોયા પછી ધક્કો લાગ્યો ? હૈયું કહે ? શું ? 'આ વીતરાગ આવા અને હું અકર્મી આવો પાક્યો ? હજી આવો લક્ષ્મી-લાડી-વાડીનો ગુલામ ? હજીય મને ધર્મની કકડીને ભૂખ નથી લાગી ?'

**રાગદ્વેષને ધક્કો એટલે ? :-**

**વીતરાગની ઓળખ થાય તો વીતરાગ પ્રભુને જોતાં કે યાદ કરતાં અંતરના રાગદ્વેષ અને મોહમૂઢતાને ધક્કો લાગે.** મનને એમ થાય કે 'આ મને કઈ વિભૂતિ મળી ! આ વિરાટ વિશ્વમાં ક્યાં મળે આ ? ત્યારે મારામાં હજી એવા ને એવા રાગ, દ્વેષ અને મૂઢતા ?' આ શું થયું ? જે રાગાદિ આંતર શત્રુઓ તરફ કોઈ અણગમો જ નહોતો, વિરોધ અંજપો નહોતો તે હવે અરુચિ, વ્યાકુલતા વિરોધ અંજપો ઊભા થયા. એજ એને ધક્કો લાગ્યો કહેવાય. રાગાદિ તરફ નિશ્ચિંતતા હતી, નિશ્ચિન્તપણે એનું સેવન હતું, કોઈ ભય, અજુગતાપણું ને વ્યાકુલતા થતી નહોતી, એ એની સ્થિર, દઢમૂળ, જમાવટ હતી; હવે એના પ્રત્યે ચિન્તા ઊભી થઈ, ભય લાગ્યો, વ્યાકુળતા-વિરોધ થયા તે એને ધક્કો લાગ્યો કહેવાય; એના પાયા હચમચ્યા !, હજી એ જતા રહ્યા નથી, કદાચ ઓછા પણ નથી થયા, પરંતુ એની સાચી ઓળખ થઈ, એના તરફ વસવસો ઊભો થયો એ એની ઈમારત હવે કંપી કહેવાય. વીતરાગનાં દર્શને કમમાં કમ આટલું તો થવું જ જોઈએ. આટલું પણ જો થાય તો મનને લાગે,

**સંસારપારગામીના ભક્તની ભાવના :-**

'અરે ! આવા સંસારથી મુક્ત મહાન દેવાધિદેવની સંગત હું પામ્યો, તે હવે સંસારને બહુ ગણું ? તે એટલે સુધી કે નાથની ભક્તિમાં થોડો ય સંસારનો ભોગ આપવા મને તલસાટ ન થાય ? સંસારપારગામીને ભજવનારો હું, અને સંસારમગ્ન ? શું સંસાર મને એટલો બધો પકડી રાખે કે એમાંનું કશું, રાતી પાઈ

જેવુંય નાથના ચરણે ન ધરું ? હે નાથ ! તારા કરતાં આ ધનમાલને બહુ કિંમતી લેખુ છું ત્યાંસુધી મને તારા પર રાગ શાનો ? ક્યારે એવો ધન્ય દિવસ આવે કે બધું તારી ભક્તિમાં ન્યોછાવર કરી દઉં. એટલી હદ સુધી એ બધું મને તારી આગળ તુચ્છ લાગે ?'

**રેડીમેઈડ ભગવાન :-**

આવું કાંક સ્ફૂરે પછી બધું તો શું પણ થોડું તો જરૂર વીતરાગના ચરણે ધરવાનું રોજ બને. એના વિના ચેન ન પડે, ખાવું ન ભાવે, ઊંઘ ન આવે. કહો જો મંદિરે જાઓ છો, છેવટે અગરબત્તીનો નાનો ટુકડો ય ખીસામાં લઈને જ જાઓ છો ને ? 'કંઈ નહિ ભાઈ ! વધું કાંઈ નથી કરતો પણ પ્રભુની આગળ જરા વાતાવરણ તો આનાથી સુગંધિત કરું. એટલો તો પ્રભુભક્તિમાં ભોગ આપું ! આવા સુરાસુરેન્દ્રોને પણ પૂજ્ય અને આપણા અનંત ઉપકારક પરમ દયાળુ ભગવાન મળ્યા પછી એમના પર એવા ઓવારી જવાનું મન ન થાય ? જરા અગરબત્તીનો ટુકડો ય ન લઈ જવાય ? ના, આ તો દેરાસરમાં છે ને ? એટલે દેરાનું ને દેરાના ભગવાનને ! પૂજા કરવી છે, પણ દૂધ-પાણી, કેસર-સુખડ, કેશરપોથાનું કે અંગલૂછણનો નાનો ટુકડો પણ દેરાનો ! દેરાના ભગવાન આપણા નહિ, માટે પૂજા સારુ દેરાનો માલ, દેરાનો પૂજારી ! ને મોરપીંછ, કેશરઉતાર, પખાળ, અંગલૂછણ બધું પૂજારી કરે ! અમારે તો ભગવાનને પૂજારી તૈયાર કરી રાખે, પછી કેશરની વાટકી ઉઠાવતાંક ને ટીલાં કરી દેવાનાં !' કારકુને તૈયાર કરી રાખેલા કાગળ પર મેનેજર સાહેબ સહી કરી નાખે ! બધું રેડીમેઈડ જોઈએ ! રેડીમેઈડ કપડાં લાવી પહેરતાં તો હજીય શરમ લાગે છે, પણ અહીં રેડીમેઈડ ભગવાન લઈ બેસતાં કાંઈ શરમસંકોચ નથી !

**વાળાકૂંચીનો ઉપયોગ કેવો :-**

શું મનને એમ ન થાય કે 'અરે ! હું આ નાથનો સેવક છું ? સારાં સુંવાળાં ને સફાઈદાર કપડાં, ને મારા ભગવાનને જાડાં ખદ્દર ખરબચડાં ને ઝાંખાં અંગલૂછણાં ! મારા મોઢે લગાડવાનું ય મન ન થાય એવો કેશરપોથો ? મારા તરણતારણ ભગવાનને આ પૂજારીઓ વાળાકુંચીના ગોદા મારે ? કૂચડાથી ખચખચ કરી ઓટલો મંજાય, એમ વાળાકુંચીથી ખચખચ કરી મારા નાથને માંજે ? આ હું શું જોઈ રહ્યો છું ? શું ચલાવી રહ્યો છું ?' સવાર પડે ત્યાં મંદિરોમાં ખચોખચ ચાલુ ! ગિરિરાજ પર નવ ટૂંકોમાં દર્શન કરવા જઈએ ત્યાં આ ખચોખચના ધૂમ અવાજથી કલેજું કંપે છે ! ઘેર નાના બાબાને આમ સાફ કરો છો ? ના, ત્યાં તો પોતાના હાથે પહેલો સાબુ લગાડી પછી એ હાથ મુલાયમ રીતે બાબા પર ફેરવવાનો. નાક-કાનમાં મેલ



ભરાઈ ગયો હોય તો તે સાચવીને આંગળી ઘાલી કાઢવાનો ! કૂચડો લઈને ખચોખચ નહિ કરવાનું. કેમ એમ ? એ જીવતો છે, સુકોમળ છે, વહાલો છે માટે અને અહીં ભગવાન ? પાષાણના ? ભૂલા ન પડતા,

**'જિનપડિમા જિનસારિખી.' અંજનશલાકા** વિધિ પૂર્વે પણ જિનમૂર્તિની આશાતના ન કરાય. ને વિધિ થયા પછી તો એ મૂર્તિ સાક્ષાત્ જીવંત-સુકોમળ અને પ્રાણપ્યારા ભગવાન બની ગઈ ! **એવા ભગવાન સાથે હવે તો મોટા સમ્રાટ રાજાની પ્રત્યે, તેમ બહુ બહુમાનભર્યો કોમળ અને ઉચ્ચ કોટિનો વ્યવહાર જોઈએ.**

આજે તો એ પૂજારીઓ કેશરપોથો ય નહિ, સીધી વાળાકૂંચીથી ઘસાઘસ કરતા દેખાય છે ! અને અબૂઝ શ્રાવક પણ એ જોઈ એમ જ કરે છે ! જાણે વિધિ સમજ્યા કે આવી રીતે વાળાકૂંચી ભગવાન પર ઘસડવી જોઈએ ! ક્યાંથી લાવ્યા આ ? મુલાયમ મલમલનો મોટો ટુકડો લઈ પાણી ભરી કુંડીમાં ઝબોળી મૂર્તિના કેશર પર છબછબ કરો તો કેશર સાફ થઈ જાય. કેશર કાંઈ ગુંદર થોડો જ છે ? બહુ મહેનત કરવા છતાં કેશર કાંક ખૂણામાં ભરાઈ રહ્યું તો શાસ્ત્ર કહે છે **वासकूंपिका यत्नतो व्यापार्या ।** એટલે ? એ જ કે **વાળાકૂંચી જતનાથી વાપરવી.**

જતનાથી શેને કહેવાય ? એને કે જરાય ઘસારો-ગોદો ન લાગે, તેમ, જરાય અવાજ ન થાય. દાંતમાં કણ ભરાઈ ગયું હોય તો સળીથી કેવી રીતે કાઢો ? ખચોખચ કરીને નહિ, ગોદા મારીને નહિ. સહેજ છેડો અડાડી ઊંચકી લેવાનો. એ રીતે વાળાકૂંચીનો ન છૂટકે ઉપયોગ. ભગવાનની પૂજામાં નિર્માલ્ય ઉતારવાની વિધિ છે, પણ વાળાકૂંચીના ગોદા મારવાની, કે ઘસાઘસ કરીને માંજવા ઊટકવાની નહિ ! એમાં તો પ્રત્યક્ષ અવગણના ઉપરાંત જતે દહાડે મૂર્તિનાં અંગ ઘસાઈ નાશ પામવાની મોટી આશાતના છે.

શું પૂજા, કે શું કોઈ પણ ધર્મક્રિયા, બધે જ વિવેકની બહુ જરૂર છે. જે મોરપીંછી ભગવાન પર વાપરવાની હોય તેને પબાસણ કે ભીંત પર ન લગાડાય. જે વાળાકૂંચી ભગવાનને અડાડવાની હોય તેનાથી પબાસણ સાફ ન થાય. અંગલૂછણા પણ પબાસણની ઉપર ન મુકાય, થાળમાં મૂકેલા રખાય, કેમ કે ભગવાનને અડાડવાના છે. શું પબાસણ પર પડી ગયેલું ફૂલ પ્રભુને ચડાવો છો ? ના, કેમ કે એ ભગવાનને અડવા માટે અયોગ્ય બની ગયું. તો પછી પબાસણને અડેલાં અંગલૂછણાં, મોરપીંછ, આંગી, મુગટ, પ્રભુને કેમ અડાડી શકાય ?

કેટલી વાતો કરીએ ? ઘણું સાચવવાનું છે. **ભગવાનને અંગલૂછણા કરતાં કે પખાળ, પૂજા કરતાં મોટેથી દોહા, છંદ, કે સ્તોત્ર ન બોલાય;** કેમ કે પાતળા મુખ વસ્ત્રમાંથી થૂંકના કણ પ્રભુ પર પડવા સંભવ છે. વિવેકચક્ષુ વાપરો તો આવું

કેટલુંય દેખાશે !

**આત્મ ઘરે પ્રભુજી પધાર્યા :-**

વાત એ ચાલે છે કે અરિહંત પ્રભુની ઓળખ હોય તો એમની ભક્તિ અને એમના શાસનની ઉપાસના એ જ જીવનનું મુખ્ય કર્તવ્ય લાગે; સંસારસેવા તો ગૌણ બની જાય. હજારો કમાવી આપનારો શેઠ તમારા ઘર આંગણે આવ્યો હોય તો શું પત્ની, પરિવાર, દુકાન વગેરેની સેવા મુખ્ય રાખો કે શેઠની સેવા ? શેઠની સેવામાં જ રચ્યાં-પચ્યાં રહો ને ? જે દસ-પંદર દહાડા એ રહેવાનો હોય એમાં એ જ ને ? બસ, એ રીતે 'આ ટૂંકાશા માનવ જીવનમાં આપણા આત્મઘરે પ્રભુજી પધાર્યા છે, એમના ધર્મની પધરામણી થઈ છે, તો સંસાર સેવા નહિવત્ થઈને પ્રભુસેવા, ધર્મ સેવા જ મુખ્ય બની જવી જોઈએ.'

**શ્રાવિકા મા શું વિચારે ?**

**શ્રાવિકા માતા** દીકરાને દુકાનમાં રચ્યોપચ્યો જોઈ ખિન્ન થાય છે, ચિંતાતુર બને છે કે 'આ ધર્મ સેવા નહિ કરે તો આનું થશે શું ? ધર્મયોગ્ય જીવન તો જોતજોતામાં ઊડી જશે !'

❖ ❖ ❖



# વાચના-પ્રબોધ

- પૂ. મુનિરાજશ્રી કલ્પરત્નવિજય મ.

માનવ જીવનની પ્રાપ્તિ દુર્લભ છે. માનવજીવન મળ્યા પછી પણ મુનિજીવન મળવું અત્યંત દુષ્કર છે. મુનિજીવન મળ્યા પછી પણ મસ્તજીવન બનવું તે તો તેથી પણ વધુ દુષ્કર છે. સંયમની શુદ્ધિ, ભાવોની વૃદ્ધિ અને વધતી જતી પ્રસન્નતાની સમૃદ્ધિ પ્રાપ્ત થાય ત્યારે મુનિજીવનમાં અદ્ભુત મસ્તીનો અનુભવ થાય છે. મુનિજીવન એક એવો ઢાળ છે કે જ્યાં ઉપર ચડવાનો પ્રયાસ સતત ચાલુ ન રહે તો સ્થિરતાની તો વાત જ જવા દો, નીચે ગબડવાનું ચાલુ થઈ જાય. માનવીના મનનો સ્વભાવ પાણીની જેમ અધોગમનનો છે. તેને ગમે તેટલે ઊંચે ચડાવવામાં આવે છતાં જલદી પાછું અધોગામી બની જાય છે. પાણીને જેમ ઊંચી ઊંચી ટાંકીઓમાં ચઢાવવા માટે સતત પમ્પીંગની જરૂર હોય છે તેમ આધ્યાત્મિક માર્ગમાં સાધનામાં સતત પ્રગતિ કરવા માટે નિત્ય મધુર પ્રેરણાઓ અને ઉત્સાહવર્ધક હિતશિક્ષાઓ બહુ જ જરૂરી છે. વાચનાઓ પડતા પરિણામોને સ્થિર કરે, સ્થિર પરિણામોને વધારે, વર્ધમાન પરિણામોને વેગ આપે.

સુવિહિત-સુવિશાલ ગચ્છાધિપતિ સ્વ. પરમગુરુદેવ **પ.પૂ.શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.** શિષ્ય પરિવારમાં સંયમ અંગેની જાગૃતિને ટકાવી રાખવા અત્યંત સજાગ રહેતા અને વારંવાર પ્રેરણાઓ અને હિતશિક્ષાનું અમીપાન કરાવતા જ રહેતા. તેઓશ્રીનો આ બહુમૂલ્ય વારસો પૂજ્યપાદ વૈરાગ્યરસમહોદધિ ગચ્છાધિપતિ આચાર્યવર્ય ગુરુદેવશ્રી **વિજયભુવનભાનુસૂરીશ્વરજી** મ.સાહેબે ટકાવી રાખીને શિષ્યવર્ગ ઉપર ઘણો જ ઉપકાર કર્યો છે. આજ સુધીમાં પોતાના બહોળા શિષ્ય-સમુદાયને તેઓએ જે પ્રેરણારૂપે ચિનગારીઓ આપી છે એનાથી અનેક ભવ્યાત્માઓના જીવનમાં નવીન રોશની પ્રગટી છે અને ભાવોલ્લાસ પથરાયા છે.

વૈરાગ્ય પમાડીને સંસારના કીચડમાંથી બહાર કાઢી શ્રમણ બનાવી દેવા માત્રથી ગુરુનું કામ પતતું નથી. સતત તેના પરિણામ વધતા રહે, પ્રત્યેક યોગમાં ભાવોલ્લાસ વધતો જાય અને આત્મિક પ્રસન્નતાથી તે તરબતર રહે તે જોવાની જવાબદારી ગુરુની છે. આવી જવાબદારીના ભારવાળા ગુરુદેવ શ્રમણોને વાચના આપવા સતત તત્પર રહેતા. જુદા જુદા ગ્રન્થને કેન્દ્રમાં રાખીને પૂજ્યશ્રીની વાચના શ્રેણી દિવસોના દિવસો સુધી ચાલતી, યતિદિનચર્યા, પંચસૂત્ર, ઉપદેશમાલા-પુષ્પમાલા, ધર્મપરીક્ષા, શ્રી દશવૈકાલિક સૂત્ર, લલિત વિસ્તરા, આવશ્ય નિર્યુક્તિ,

જ્ઞાનસાર, યતિશિક્ષા, વિંશતિ વિંશિકા, ષોડશક, શ્રી નિશીથસૂત્ર, શ્રી મહાનિશીથ સૂત્ર, પ્રવચન સારોદ્ધાર, પાક્ષિકસૂત્ર, ટીકા વગેરે વિવિધ ગ્રન્થો ઉપર પૂજ્યશ્રીની વૈરાગ્યવર્ધક અને સંયમવિશોધક વાચનાઓ થઈ છે જેણે શ્રમણોના જીવન ક્યારાને પ્રેરણાઓથી સિંચીને સંયમવૃક્ષને વિકસ્વર બનાવ્યા છે. અન્ય સમુદાયના શ્રમણો પર મોકો મળે ત્યારે તેઓશ્રીની વાચનાઓના અમીપાન કરવાનો અવસર ચુકતા નહિ. વડીલ પૂજ્યો પણ વિશાળ સમુદાય એકત્રિત થયો હોય ત્યારે આ પૂજ્યશ્રીને વાચના આપવા ખાસ આજ્ઞા કરતા. અહમદનગરમાં પૂજ્યપાદ પરમ ગુરુદેવ શ્રીમદ્‌વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજએ તેમને શ્રીમહાનિશીથ સૂત્ર ઉપર શ્રમણોને વાચના આપવા ફરમાવ્યું હતું. તે વાચનાઓએ શ્રમણોના હૃદય ધ્રુજાવી દીધા અને રડતા રડતાં સૌ શ્રમણોએ સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષોની હાર્દિક આલોચના કરી. છેલ્લે અમદાવાદ પધાર્યા ત્યારે પણ સંઘસ્થવિર પૂ.આ.દે.શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજએ સાધુ-સાધ્વી સમક્ષ નવપદજીની ઢાળો ઉપર વાચના આપવા ફરમાવ્યું હતું. શ્રમણના આધ્યાત્મિક આરોગ્યની તોઓશ્રીને એટલી બધી ચિંતા હતી કે જીવનના છેલ્લા દિવસો સુધી વાચના-ઔષધની પડીકીઓ શ્રમણોને આપતા જ રહ્યા. વિહાર આદિના કારણે કોઈ ગ્રંથ પર સળંગ વાચનાશ્રેણી ન ચાલતી હોય ત્યારે પણ રોજ સવારે અને સાંજે શ્રમણો સામુદાયિક રાઈમુહપત્તિ-વંદન કરે ત્યારે છેવટે ૧૫/૨૦ મિનિટની વાચના તો ફરમાવે જ. તેઓશ્રી જાણતા હતા. કે વાચના તો શ્રમણોનું પાથેય છે. અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ ચાલતા હોય કે શિબિરો ચાલતી હોય, શ્રમણો પ્રત્યેની પોતાની જવાબદારીને તેઓશ્રી ક્યારેય ગૌણ કરતા નહિ. અત્યંત વ્યસ્તતા અને અથાગ પરિશ્રમ વચ્ચે પણ વાચના માટે તેઓશ્રી સમય અવશય કાઢતા.

પૂજ્યપાદશ્રીની અનુપ્રેક્ષા અદ્‌ભુત હતી. એકની એક વાતને નવા નવા દ્રષ્ટિકોણથી મૂલવવાની અને પ્રસિદ્ધ જણાતી વાતમાંથી પણ નવા-નવા જીવનરહસ્યો શોધી કાઢવાની તેઓશ્રી પાસે આગવી અને અનોખી કળા હતી. વાચનામાં કયારેય સ્તવનોની પંક્તિઓના રહસ્યો સમજાવે, કયારેક મહાપુરુષોનાં ચરિત્રોમાંથી રહસ્યો ખેંચે, કયારેક શાસ્ત્રપંક્તિઓના અર્થોદ્ઘાટન કરે, કયારેક સૂત્રોનાં મર્મ સમજાવે, તો કયારેક સંયમયોગોનો મહિમા બતાવે. વિષયનું વૈવિધ્ય પૂજ્યશ્રીની એક આગવી વિશેષતા હતી. તેઓશ્રીને વિષય કયારેક ખૂટતા નહિ, નવું ને નવું ચિંતન ચાલ્યા જ કરતું. તેથી રોજ વાચનામાં નવી નવી વાનગી પીરસાતી. પ્રભુશાસન પ્રત્યેનો, શાસ્ત્રો પ્રત્યેનો, પંચ પરમેષ્ઠી પ્રત્યેનો, સંયમયોગો પ્રત્યેનો તથા સહવર્તી મુનિઓ પ્રત્યેનો ઉછળતો અહોભાવ અંતરમાં કેમ પેદા થાય તેની જાત-જાતની તરકીબો પૂજ્યશ્રી વાચનામાં બતાવતા. કોઈપણ બાબતને અત્યંત વેધક રીતે રજૂ કરવાની પૂજ્યશ્રી પાસે જબરી હથોટી હતી. વ્યાખ્યાન કેવી રીતે કરવું તે અંગે પણ એક આખી વાચના આપીને પૂજ્યશ્રીને શ્રમણનો વ્યાખ્યાનના યોગને બોધ આપ્યો હતો. અહર્નિશ આત્મસાધનામાં અનંતરાયરૂપ બનતાં નાના નાના દોષ અને આત્મસાધનાને જ્વલંત બનાવનારી ઝીણી ઝીણી ચિવટ ઉપર તેઓશ્રીના મનમાં ખૂબ જ મનન ચાલતું. તેથી વાચનામાં રોજિંદા જીવનમાં ઊભી થતી નાની-મોટી મૂંઝવણો, ક્રિયામાં થતી ભૂલો અને પ્રમાદ, રાબેતા મુજબની રોજ થતી બેદરકારી, આરાધનામાં શુષ્કતા, સાધનામાં નીરસતા ઇત્યાદિ બાબતો ઉપર સચોટ માર્ગદર્શન આપી શ્રમણોને ખૂબ ઉત્સાહિત કરતા. ત્યાગ, સ્વાધ્યાય, ઉપયોગ આદિમાં વૃદ્ધિ કરવાના અભિગ્રહો પણ વાચનામાં આપતા.

વહી ગયેલી વાચનાઓ હજુય શ્રમણોને કાયમ પ્રેરણા સીંચતી રહે તે આશયથી વાચનાઓના સંગ્રહને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યા છે. આજ સુધીમાં વાચનાના અર્ધો ડઝન પુસ્તકો તો પ્રસિદ્ધ થઈ ચુકયા છે અને હજુ તો કેટલીય વાચનાઓ અપ્રગટ છે જે ક્રમશઃ પ્રકાશિત થશે. પ્રકાશિત થઈ ચુકેલા પૂજ્યશ્રીના વાચના-સંગ્રહોના નામ :

**(૧) યતિ - હિતોપદેશ (૨) સ્વાધ્યાયનો સ્વાધ્યાય પ્રગટાવે શુભ ધ્યાન (૩) વાચના - પ્રસાદી (૪) ભવ અનંતમાં દર્શન દીઠું (૫) વાચનાનો ધોધ કરે આત્મપ્રબોધ (૬) વાચના વૈભવ.**

જેમને પૂજ્યપાદશ્રીની પ્રેરક વાચનાઓ સાક્ષાત્ સાંભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું નહોતું તેવા સાધુ-સાધ્વીજી ભગવંતો આ વચનામૃતોને પુસ્તક સ્વરૂપે પામીને ખૂબ જ આનંદિત બની ગયા. પૂજ્યશ્રીના વાચના-સંગ્રહોએ અત્યંત લોકપ્રિયતાને પ્રાપ્ત કરી છે. પૂજ્યશ્રીનો પ્રથમ વાચના સંગ્રહ 'યતિહિતશિક્ષા' પ્રગટ થયો તેની નકલો ચપોચપ ઉપડી જતા વારંવાર છપાવવો પડ્યો. દરેક પુસ્તકે આવી વ્યાપક ચાહના પ્રાપ્ત કરી છે.

સંયમીવર્ગમાં આત્મજાગૃતિનો નવસંચાર કરનારી પૂજ્યશ્રીની અપ્રગટ વાચનાઓ પણ પ્રગટ થતી રહે અને અનેકોના જીવનમાં દિવાદાંડી બનીને સૌમ્ય પ્રકાશ પાથરતી રહે તેવી હાર્દિક શુભ ભાવના.

– **"ભુવનભાનુનાં અજવાળાં"** પુસ્તકમાંથી સાભાર

❖ ❖ ❖